નવાં પુસ્તકો નીકળ્યાની તથા બીજી ખાસ સૂચનાઓ

૧—'વિવિધ ગ્રંથમાળા'ના આ ૧૬૭–૬૮ મા અંકની સાથે ટેનું ચોથું વર્ષ સમાપ્ત થાય છે. આ સં० ૧૯૮૦ ના વર્ષનો પુસ્તકો નીચેની વિગતે ૧૫૦૦ ને બદલે ૧૬૦૮ નો થયો છે. ઉપરાંત ૬ ચિત્રો પણ અપાયાં.

અંક	પુસ્તકનું નામ	ફરમા	પૃષ્ઠ	ચિત્ર
૧૫૭ થી ૧૬૦	સ્વામી રામતીર્થ–ખંડ ૬ ઠ્ઠો	૩૨॥	૫૨૦	×
૧૬૧ થી ૧૬૬	મહાન નેપોલિયન	૫૨॥	૮૪૦	૬
૧૬૭ થી ૧૬૮	ધર્મતત્ત્વ	૧૫॥	૨૪૮	×
		કુલ–૧૦૦॥	૧૬૦૮	૬

૨—ચાલુ ધોરણને અનુસરીને આ પુસ્તક સં० ૧૯૮૧ ના લવાજમ ભરનાર ગ્રાહકો તરફ વી. પી. થી મોકલાશે. આ વી. પી. સ્વીકારી લઈ ગ્રાહકોમાં ચાલુ રહેવાની ઇચ્છા છતાં પણ કોઈ ખાસ કારણથી યા ગફલતથી જેમનું વી. પી. પાછું વળે તેઓ જો પોતાનું વાર્ષિક લવાજમ તથા રદ થયેલા પોસ્ટેજ ૯૦ બદલના પાંચ આના મોકલી આપશે, તો આ પુસ્તક તેમને તરતજ મોકલી અપાશે. લવાજમ રૂબરૂમાં ભરીને પુસ્તક લઈ જનાર પાસેથી માત્ર નામનો એકજ આનો વધુ લેવાશે.

૩—નીચેનાં પુસ્તકોની નવી આવૃત્તિઓ છપાઇને તૈયાર થઈ ચુકી છે.

નામ	કદ ઈંચ	પૃષ્ઠ	પૂંઠું	મૂલ્ય
ગિરધરકૃત રામાયણ–કવિના ચરિત્ર સાથે ...	૫॥×૯ ...	૭૫૦	પાકું	૨।
અખાની વાણી–મનહરપદસહિત............	૫×૮ ...	૫૦૦	પાકું	૧॥
સુબોધક નીતિકથા–ગિરધરકૃત.	૫॥×૭ ...	૧૮૪	સાદું	०।=
બંકિમ નિબંધમાળા–ધર્મતત્ત્વસાથે,	૫॥×૮ ...	૫૮૦	પાકું	૧॥।

એ પુસ્તક વિષે વધુ માહિતિ આ પુસ્તકની છેવટે જાહેર ખબરમાં આપી છે.

ભારતનાં સ્ત્રીરત્નો–ગ્રંથ પહેલો.......	૫॥×૮......	૭૧૨	પાકું	મૂલ્ય હજી નક્કી નથી
ભારતનાં સ્ત્રીરત્નો–ગ્રંથ બીજો.........	,, ...	૬૪૦...	,,	
ભારતનાં સ્ત્રીરત્નો–ગ્રંથ ત્રીજો.........	,, ...	૬૫૦	,,	

ઉપલા પૈકી સ્ત્રીરત્નોના બે ગ્રંથ તૈયાર હોઇ ગ્રાહકને તરતજ અપાશે અને મૂલ્ય ત્રણે ગ્રંથનું લેવાશે. ત્રીજો ગ્રંથ એકાદ બે માસમાં તૈયાર થતાં પ્રથમ ખબર આપીને પોસ્ટેજ જેટલી રકમનું વી. પી. કરીને મોકલી અપાશે.

૪—ઉપલાં સર્વ પુસ્તકોનું મૂલ્ય આવતી હોળી સુધી ૧૦ થી ૧૨ ટકા ઓછું લેવાશે.

૫—ઉપલું મૂલ્ય અમદાવાદનુંજ હોઈને મુંબઇ માટે સહજ વધુ હોય છે.

૬—પરીવારકૃત સ્વર્ગના કેટલાક પુસ્તકો હોળી સુધીમાં છપાઇ જશે.

૭—સં० ૧૯૮૧ થી વિવિધ ગ્રંથમાળામાં નીચે પ્રમાણેનો એક નવીન વર્ગ ઉમેરી તેદ્વારા મહાન સ્ત્રીપુરૂષોનાં જીવન ચરિત્ર તથા સંતમહાત્માઓની બોધપ્રદ વાણીને લગતાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું રાખ્યું છે, તે તરફ પ્રત્યેક વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ.

વિવિધ ગ્રંથમાળામાં નવા વર્ષથી ઉમેરાનાર નવીન વર્ગ

આગલાં વરસોમાં 'વિવિધ ગ્રંથમાળા' ની સાથે સાથે 'ચરિત્ર માળા' પણ આ સંસ્થા તરફથી ચાલતી હતી, અને સં૦ ૧૯૭૨ સુધીનાં પાંચ વર્ષ ચાલુ રહ્યા પછી છપાવવાની અગવડ વગેરેને લઈને તે બંધ કરવી પડી હતી. એ પછી ગઈ સાલથી વિવિધ ગ્રંથમાળાના પેટામાં એકાદ જીવન ચરિત્રનું પુસ્તક પણ અપાતું રહે છે; પરંતુ તેને બદલે અન્ય પુસ્તકો ઓછાં અપાય છે. વળી સંત મહાત્માઓની વાણી પ્રસિદ્ધ કરવાની ધારણા અનેક વર્ષોથી ચાલી આવે છે તેનો તો એમાં વારોજ આવવો મુશ્કેલ છે.

ઉપર પ્રમાણે હકીકત હોવાથી તેમજ સંસ્થાનું પોતાનું પ્રેસ થતાં છપાવવાની મુશ્કેલી દૂર થવાથી નવા–૧૯૮૧–ના વર્ષથી વિવિધ ગ્રંથમાળાના પેટામાં નીચે મુજબનો એક નવો વર્ગ અથવા વિભાગ જારી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. અર્થાત્ સં૦ ૧૯૮૧ ના કાર્તિકથી 'વિવિધ ગ્રંથમાળા' માં નીચેના બે વર્ગ રહેશે.

ચાલુ વર્ગ:–આ વર્ગ '**પહેલો વિભાગ**' ના નામથી પણ ઓળખાશે. વિવિધ ગ્રંથમાળામાં હાલ જે ગ્રાહકો ચાલુ છે; તેઓ સર્વ આ 'ચાલુ વર્ગ'માં એટલે કે 'પહેલા વિભાગ' ના ગ્રાહક ગણાશે. એમાં વિવિધ વિષયનાં પુસ્તકો અપાતાં આવ્યાં છે, તેજ પ્રમાણે અપાતાં રહેશે. વળી સં૦ ૧૯૮૦ ના વર્ષથી મોટા-કદનાં પૃષ્ઠો આપવાનું જારી થયું છે, તે પણ જારી રહીને ઈંચ પાા×૮ તથા ૫×૯ ના કદનાં મળીને ૧૫૦૦ પૃષ્ઠનાં પુસ્તકો એક વર્ષમાં અપાતાં રહેશે.

નવીન વર્ગ–આ વર્ગ '**બીજો વિભાગ**' એવા નામથી પણ ઓળખાશે. આ વર્ગમાં દેશવિદેશનાં મહાન સ્ત્રી પુરૂષોનાં જીવનચરિત્ર, સંતમહાત્માઓની ઉપકારક વાણી, અને બની શકશે ત્યારે ત્યારે ચાલુ જમાનાના કવિઓની શ્રેષ્ઠ કવિતાઓ પણ અપાશે. વળી કોઈ કોઈ વખત સાત્વિક કોટીની નાની મોટી ઉપકારક વાર્તાઓ આપવાનો યોગ હશે ત્યારે તે પણ અપાશે. આ બીજા વર્ગનાં ગ્રાહકોને પણ પહેલા વર્ગની પેઠેજ દર વર્ષે (પાા×૮ અને ૫×૯ ના કદનાં મળીને) ૧૫૦૦ પૃષ્ઠનાં પુસ્તકો અપાતાં રહેશે; તેમજ વાર્ષિક મૂલ્ય પણ પહેલા વર્ગ પ્રમાણેજ–એટલે કે સાદાં પૂઠાં માટે રૂ. ૪) અને પાકાં પૂઠાં માટે રૂ. ૫) તથા પોસ્ટેજ માફ રહેશે.

બન્ને વર્ગમાં ગ્રાહક થનાર પાસે કુલ રૂ. આઠ ને બદલે સાત અને પાકાં પૂંઠાં સાથે દશ ને બદલે નવ રૂપીયા લેવાશે. પોસ્ટેજ માફ.

સુચના પહેલી—ઉપર જણાવેલી બીજા વર્ગ માટેની યોજના, તેમજ બન્ને વર્ગમાં ગ્રાહક થનાર માટે ઓછું લવાજમ લેવાની યોજના માત્ર એક વર્ષ માટે અજમાયશીજ સમજવાની છે. ગ્રાહકોની સંતોષકારક સંખ્યા એ સમય દરમીઆન થયેલી જણાશે, તોજ તે યોજના તથા ધોરણ ચાલુ રહેવા સંભવ છે.

સૂચના બીજી—આ નવીન વર્ષમાં ગ્રાહક થતા બંધુઓએ જે વર્ષનું ઉપર જણાવ્યા મુજબનું વાર્ષિક મૂલ્ય રોકડું અથવા મનીઓર્ડરથી મોકલાવવું; અથવા તો એ વિભાગનું પહેલું પુસ્તક "ગૌતમની વાણી" કે જે એપ્રીલ માસમાં તૈયાર થનાર છે, તે વી. પી. થી મોકલવા લખવું. નવીન વિભાગમાં ગ્રાહક થનાર જો આગલા વિભાગમાં પણ ગ્રાહક હોય તો તેને પોતાનો રજીસ્ટર નંબર લખી જણાવવો. એટલે તેની પાસે બન્ને વિભાગમાં ગ્રાહક થવા બદલ રૂ ૧) ઓછો લેવાશે.

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩	૬	દોષ	દોષ
૪	૧૧	અધમની	અધર્મની
૩૯	૨૯	નિર્હરમાંથી	નિર્વાણમાંથી
૪૭	૨૧	પરકાજે	પરકાજ
૪૮	૧૭	સ્વાંગીન	સર્વાંગીન
૫૫	૧૩	સ	સૌ
૭૧	૧૫	શન	દેશના
૭૭	૨૯	બાદ્ધના	બૌદ્ધના
૮૮	૧૪	કરશે	કરશો
૯૪	૨૧	મ	એમ
૧૧૨	૧૩	એટનાજ	એટલાજ
૧૧૫	૪	ભક્તિવાન્	ભક્તિવાદ
૧૨૮	૧૬	પછીની ત્રણ બાળબોધી પંક્તિઓજ માત્ર ટીપણીરૂપે છે, માટે તેનેજ પૃષ્ઠને છેડે મૂકીને ટીપણી તરીકે વાંચવી, અને એની નીચે જે ગુજરાતી લીટીઓ છે તે ચાલુ લખાણ તરીકે સમજવી.	
૧૩૨	૧૪	કહેવાથી	કરવાથી
૧૪૬	૧૭	વના	વિના
૧૫૫	૨૫	પોતાની	પોતાની

પ્રકાશકનું નિવેદન

આ સંસ્થા તરફથી જે મહાન સાહિત્યસેવકની કૃતિઓ અગાઉ (સં. ૧૯૭૩ માં 'બંકિમ નિબંધમાળા' રૂપે પ્રસિદ્ધ થએલી, તેઓજ આ 'ધર્મતત્ત્વ' ના મૂળ લેખક છે. તેમનું સરકારી ઉપાધિસહિત નામ "રાય બહાદુર બંકિમચંદ્ર છત્રજી (ચેટરજી) સી. આઈ. ઈ." હતું. અસામાન્ય સાહિત્ય સેવાને લીધે જનસમૂહમાં તેઓ 'બંગ સાહિત્ય સમ્રાટ્' ના નામથી વિશેષ વિખ્યાત છે. તેમની વિદ્વત્તા જેમ અસામાન્ય અને બહુદેશી હતી; તેમ તેમનામાં લેખનશક્તિ અને ચારિત્ર્ય બળ પણ અસામાન્ય હતાં. સામાજિક બાબતોના તેઓ જેટલા ઉંડા અભ્યાસી અને વિચારક હતા, તેટલોજ તેમનો ધાર્મિક અભ્યાસ અને વિશ્વાસ પણ ઉંડો હતો. દેશના સામાન્ય જનવર્ગની અનેકવિધ અવદશા અને અજ્ઞાન તેઓને ખ્યાલમાં ચૂક્યાં હતાં; તેમ શિક્ષિત લોકો પણ વિદેશી અને વિધર્મી સત્તાના શિક્ષણ અને સંસ્કૃતિથી અંજાઇ જઇને નાજુક, તેમજ આર્યધર્મથી અજ્ઞાત અને વિમુખ થતા ચાલે છે; એ પણ તેઓ જોઇ શક્યા હતા. બંકિમનું દેશાભિમાની હૃદય આવી સ્થિતિ જોઇને દ્રવીભૂત થાય અને ઉંડા અભ્યાસ તથા લાંબા અનુભવના ફળરૂપે પોતાને પ્રાપ્ત થયેલા કલ્યાણકારી ધાર્મિક વિચારો પોતાના દેશબંધુઓને પહોંચાડવાને તેઓ પ્રેરાય એ સ્વાભાવિકજ છે.

'કૃષ્ણચરિત્ર' અને 'ધર્મતત્ત્વ' નામક તેમના બન્ને ગ્રંથો એવી ઉચ્ચ પ્રેરણા અને ઉંડા ધાર્મિક અભ્યાસનું પરિણામ છે. 'કૃષ્ણચરિત્ર' માં તેમણે ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા જે અપૂર્વ રીતે દર્શાવી આપ્યો છે; તેવો આજ સુધી બીજા કોઇએ દર્શાવેલો જાણ્યો નથી. 'ધર્મતત્ત્વ' માં તેમણે વિશુદ્ધ પ્રભુભક્તિ તેમજ નિષ્કામ કર્મનાં ઉંડાં રહસ્યો ઉકેલી બતાવવા પ્રયત્ન કર્યો છે; અને [illegible] અસામાન્ય શ્રદ્ધા, આત્મસંયમ, સ્વાર્થત્યાગ, તેમજ લોકહિતાવહતા કરતાં [illegible] ભારતીય પ્રજાની ભાવના એ સર્વ ગ્રન્થોમાં કેવી અનુપમ છે; તે [illegible] તેમજ અસરકારક રીતે તેમણે સમજાવ્યું છે.

બંકિમબાબુનું 'કૃષ્ણચરિત્ર' આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ કરીને વિશેષ પ્રચલિત થાય તેમ કરવાને [illegible] છે; પરંતુ તેનો શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ [illegible]

[illegible] નથી.

આ 'ધર્મતત્ત્વ' નો અનુવાદ [illegible] જે [illegible] તૈયાર કર્યો છે [illegible]

[illegible] છે.

[illegible]

પ્રિયતા, દયાળુતા, સત્ય પ્રત્યેનો પ્રેમ, વડીલો પ્રત્યેનો પૂજ્યભાવ, વગેરે દર્શાવનારા અનેક બોધપ્રદ બનાવો વર્ણવેલા હોવાથી એ વૃત્તાંત આ ધર્મતત્ત્વની સાથે પણ જોડવામાં આવ્યું છે.

'ધર્મતત્ત્વ ' અથવા તો કોઇ પણ ગ્રંથમાંનો એકે એક વિચાર તો સર્વ કોઇને સંમત નજ થાય, પરંતુ બંકિમ બાબુ જેવા સમર્થ વિદ્વાને આ ગ્રંથમાં જે ઉદ્દેશથી, જે ઢબથી અને જે બુદ્ધિમત્તાથી ધાર્મિક વિચારો ગુંથ્યા છે; તે જોતાં આજે તે લખાયાને ૩૬ વર્ષ થઈ જવા છતાં પણ હિંદુધર્મના અનુયાયીઓને માટે તેમજ શિક્ષિત યુવકવર્ગને માટે તેની એકંદરે ઉપકારકતા તો પ્રત્યેક વિચારકને સ્વીકારવીજ પડશે.

આવું ઉપયોગી પુસ્તક ભેટ તેમજ લ્હાણીતરીકે પુષ્કળ ફેલાય તેમ હોવાથી તેની એક એક હજાર પ્રત વધુ છપાવી છે, અને સામટી પ્રત લેનારને તે પોણી કિંમતે અપાશે.

શરદ્‌પૂર્ણિમા. સં. ૧૯૮૦

આ સાથેના શુદ્ધિપત્ર મુજબ સુધારી લીધા પછીજ પુસ્તક વાંચવું.

बंकिम बाबुनी धर्मतत्त्वनी भूमिकानो अनुवाद

પ્રસ્તાવનામાં પુસ્તક સંબંધી જે બે બોલ કહેવામાં આવે છે, તે મેં પુસ્તકની અંદર કહેલા છે. જેઓ માત્ર પ્રસ્તાવના જોઈનેજ પુસ્તક વાંચવા કે ન વાંચવાના નિર્ણય ઉપર આવે છે, તેઓ આ પુસ્તક વાંચે એવો સંભવ ઘણોજ ઓછો રખાય. તેટલા સારૂ ભૂમિકામાં મારે વિશેષ લખવાનું પ્રયોજન નથી.

પહેલા દશ અધ્યાયજ એક પ્રકારની ભૂમિકારૂપે છે. અનુશીલન તત્ત્વ સંબંધમાં મુખ્ય વાત જે લખવાની છે, તે અગિયારમા પ્રકરણથી શરૂ થાય છે. પહેલા દશ અધ્યાય નીરસ અને વચ્ચે વચ્ચે કંટાળો આપે તેવા છે. એ દોષનો સ્વીકાર કરવો એજ આટલી ટુંકી ભૂમિકા લખવાનો હેતુ છે. સાતમો અધ્યાય સૌથી વધારે નીરસ છે, તેથી જે વાચકોને તે અધ્યાયમાં કંટાળો આવે તેઓ તેને છોડી દેશે તો ચાલશે.

મુખ્યત્વે આ ગ્રંથ કેળવાયેલા વાચકવર્ગને સારૂ લખવામાં આવ્યો છે. તેટલા સારૂ સઘળી બાબત દરેક સ્થળે ખુલાસાવાર સમજાવી નથી.

अनुक्रमणिका

અધ્યાય	વિષય	પૃષ્ઠ
	[illegible] … … …	૧ થી ૪૮
૧	[illegible]—દુઃખ એટલે શું ? … … …	૧
૨	[illegible]—સુખ એટલે શું ? … … …	૫
૩	[illegible] એટલે શું ? … … …	૧૧
૪	[illegible] એટલે શું ? … … …	૧૭
૫	[illegible] … … …	૨૮
૬	[illegible] … … …	૩૨
૭	[illegible] અને સુખ … … …	૩૭
૮	[illegible] … … …	૫૫
૯	[illegible] … … …	૬૬
૧૦	[illegible] … … …	૭૨
૧૧	[illegible] … … …	૮૨
૧૨	[illegible] … … …	૯૦
૧૩	[illegible] … … …	૯૪
૧૪	[illegible] … … …	૯૬
૧૫	[illegible] … … …	૧૦૦
૧૬	[illegible] … … …	૧૦૪
૧૭	[illegible] … … …	૧૦૮
૧૮	[illegible] … … …	૧૧૨
૧૯	[illegible] … … …	૧૧૫
૨૦	[illegible] … … …	૧૨૯
૨૧	[illegible] … … …	૧૩૭
૨૨	[illegible] … … …	૧૪૨
૨૩	[illegible] … … …	૧૫૬
૨૪	[illegible] … … …	૧૬૪
૨૫	[illegible] … … …	[illegible]
૨૬	[illegible] … … …	૧૭૦
૨૭	[illegible] … … …	[illegible]
૨૮	[illegible] … … …	[illegible]

बाबु बंकिमचंद्रनुं संक्षिप्त वृत्तांत*

બંગાળાના ચોવીસ પરગણા જીલ્લામાં ગંગાકિનારે આવેલા 'કાંટાલપાડા' નામે ગામમાં અનેક ગ્રંથરત્નોના લેખક બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ ઈ૦ સ૦ ૧૮૩૮ ના જુનની ૨૭ મીએ થયો હતો. બંકિમનાં માતાજી શરીરે બહુજ સ્થૂળ, રંગે કાળાં, મધુરભાષી, દયાળુ અને શાંત સ્વભાવનાં હતાં. બંકિમના પિતા યાદવચંદ્ર તપાવેલા સુવર્ણના જેવા રંગના, ઉંચા, પ્રતિભાશાળી, તીક્ષ્ણ બુદ્ધિવાળા, ઉદાર અને તેજસ્વી પુરુષ હતા.

બાલ્ય વયમાં બંકિમ બાબુનું શરીર ઘણે ભાગે બિમાર રહેતું હતું; પરંતુ તેમની બુદ્ધિ તો પહેલેથીજ બહુ તીક્ષ્ણ હતી. પાંચ વર્ષની ઉંમરે તેમને વિદ્યાભ્યાસનો પ્રારંભ કરાવાયો, અને બાલક બંકિમે પહેલેજ દહાડે કક્કાના બધા અક્ષરો શીખી લીધા! સાતમે વર્ષે તેમને મેદિનીપુરની જીલ્લા સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. તે સમયે તેમના પિતા ત્યાંના ડેપ્યુટી કલેકટર થયા હતા. એ વર્ગમાં બંકિમ હમેશાં પહેલે નંબરે રહેતા. તેમના અનુપમ ગુણો જોઈ શિક્ષકોને સાનંદાશ્ચર્ય થતું.

બાર વર્ષની ઉંમરે બંકિમ બાબુએ હુગલી કૉલેજમાં પ્રવેશ કર્યો. ત્યાં પણ તે હમેશાં પોતાના વર્ગમાં ઉંચે નંબરેજ રહેતા. વિદ્યાર્થી અવસ્થાથીજ તેમનામાં જ્ઞાન-તૃષા એટલી બલવાન હતી કે માત્ર શાળામાં ચાલતાં પુસ્તકોના વાચનથીજ તેમને તૃપ્તિ થતી નહિ. કૉલેજના પુસ્તકાલયમાંથી તે વિવિધ વિષયનાં પુસ્તકો લાવીને વાંચ્યા કરતા. પરીક્ષાનો સમય નજીક આવે ત્યારેજ માત્ર શાળામાં ચાલતાં પુસ્તકો લક્ષ્ય દઈને વાંચી જતા, કે જેથી પોતાનો ઉપરનો નંબર ખોવો પડે નહિ. હુગલી કૉલેજમાંથી તેમણે સિનિયર સ્કોલરશીપની પરીક્ષા પસાર કરી અને પછી કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાં કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. એ સમયે એટલે કે ઈ. સ. ૧૮૫૨ માં બી. એ. ની પરીક્ષા લેવાનું ધોરણ નીકળ્યું. આથી બંકિમ બાબુએ કાયદાનો અભ્યાસ ઉંચો મૂકી બી. એ. બનવાની તૈયારી કરવા માંડી. માત્ર ૨૦ વર્ષની ઉમ્મરે અને બેજ મહિનાના પરિશ્રમે તેઓ બી. એ. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં પાસ થયા. તે સમયના બંગાળાના લેફ્ટેનન્ટ ગવર્નર મિ. હૅલીડેએ બંકિમ બાબુના ગુણો જોઈ તેમને તરતજ ડે૦ માજીસ્ટ્રેટના હોદ્દા ઉપર નિમ્યા.

વિદ્યાર્થી અવસ્થાથીજ બંકિમચંદ્રના હૃદયમાં સાહિત્યસેવાનો પવિત્ર ભાવ અંકુ-

* સુવિખ્યાત 'સરસ્વતી'માં આવેલા પંડિત બાલદત્ત પાંડેયના લેખ ઉપરથી તેમજ કવિરત્ન રૂપનારાયણ પાંડેયરચિત ગંગા પુસ્તકમાળાના ૧૫ મા પુષ્પ "બંકિમચંદ્ર ચટર્જી" ઉપરથી આ ચરિત્ર યોજવામાં આવ્યું છે.

સંપાદક

રિત થયો હતો. તે સમયે નીકળતાં "સંવાદ પ્રભાકર" અને "સાધુરંજન" નામનાં પત્રોમાં તે પોતાના લેખો તથા કવિતાઓ મોકલતા; અને તેમાં તે પ્રકટ થતાં. તેમને પત્રના સંપાદક બનવાની ઘણીજ અભિલાષા હતી; પરંતુ સરકારી હોદ્દો અનાયાસે પ્રાપ્ત થયો એટલે તેનો અસ્વીકાર કરવો એ યોગ્ય લાગ્યું નહિ. આ પ્રમાણે કેવળ વીસ વર્ષની કાચી ઉંમરમાંજ બંકિમચંદ્ર કર્મક્ષેત્રમાં દાખલ થયા. સરકારી કામમાં નિરંતર જોડાઇ રહેવા છતાં પણ તેમનો વિદ્યાભ્યાસંગ તો દિનપ્રતિદિન વૃદ્ધિજ પામતો હતો. સરકારી કામકાજમાંથી તેમને જે કાંઇ અવકાશ મળતો તેમાં તે સાહિત્યસેવા કરતા. જ્યારે તે અંગ્રેજી સ્કૂલમાં ભણતા હતા ત્યારે પણ કોલેજના અભ્યાસ સાથે સાથે તેમણે મુગ્ધાવબોધવ્યાકરણ તથા કેટલાક કાવ્યગ્રંથોનો અભ્યાસ કરેલો હતો.

બંકિમની કિશોરાવસ્થા બહુ સુખમાં ગઇ હતી. સવારે, બપોરે, સાંજે, રાત્રે, બધો વખત તે પુસ્તકો વાંચવામાંજ મગ્ન રહેતા. તેમણે ભરયુવાવસ્થામાં તેમના એક સહાધ્યાયીને કહ્યું હતું કે **"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આ જગતમાં બીજા કોઈપણ કામથી નથી મળતો."** એ પછી જુવાનીના અંતિમ ભાગમાં, બહેરામપુરમાં રહેતી વખતે, એક વાર બંકિમે મુનસફ નફ્રરબાબુને કહ્યું હતું કે **"મને પુસ્તક લખવામાં જેટલો આનંદ મળે છે, તેટલો બીજા કોઈ પણ કામથી નથી મળતો"**

તેમનો પહેલો વિવાહ અગિયાર વર્ષની ઉંમરે થયો હતો; પરંતુ પાંચ છ વર્ષ પછી તેમનાં પહેલાંનાં પત્નીનો સ્વર્ગવાસ થયો હતો. બહુજ તપાસ કર્યા પછી એકવીશ વર્ષની ઉંમરે તેમણે પોતાનો બીજો વિવાહ એક રૂપલાવણ્યવાળી વિદુષી કન્યાની સાથે કર્યો હતો. તેનાપર તેમને ઘણો પ્રેમ હતો; અને તેને પોતાનો 'નીતિગુરુ' તથા 'ધર્મગુરુ' માનતા. એ પત્નીથી તેમને પોતાનું ચારિત્ર્ય ખીલવવામાં તથા ઉચ્ચ કર્તવ્યો બજાવવામાં સહાય મળી હતી; અને ત્યારથી તે સ્ત્રીજાતિના ભક્ત બન્યા હતા. તેમનાં પુસ્તકોમાં એ વાતો સ્પષ્ટ જોઇ શકાય છે. એક સ્થળે તેમણે લખ્યું છે કે, "સ્ત્રીઓ એ સાક્ષાત્ ક્ષમા, દયા અને સ્નેહની દૈવી મૂર્તિઓ છે."

બંકિમે અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ દેશપ્રસિદ્ધ શિક્ષક ઇશાનચંદ્ર બંદોપાધ્યાય પાસે હુગલી કોલેજમાં કર્યો હતો અને સંસ્કૃતનું શિક્ષણ કોઇ ભટપલ્લીનિવાસી પંડિત પાસેથી લીધું હતું. સન ૧૮૫૩ થી ચાર વર્ષ સુધી તેમની પાસે બંકિમ બાબુ વ્યાકરણ અને સાહિત્ય શીખ્યા હતા, તથા એટલાજ સમયમાં દશ વર્ષનો અભ્યાસ સમાપ્ત કર્યો હતો.

બંકિમે સોળ વર્ષની ઉંમર પછી કવિતા લખવાનું છોડી દીધું હતું. ત્યાર બાદ સાંભળ્યું છે કે કવિવર ઇશ્વરચંદ્ર ગુપ્તે (જેમના પ્રભાકર પત્રમાં ઘણે ભાગે બંકિમચંદ્ર

લખતા હતા) એક દિવસ બંકિમ બાબુને કહ્યું હતું કે "તમારામાં લેખનશક્તિ સારી છે; પણ તમે કવિતા ન લખતાં ગદ્યજ લખ્યા કરો."

ઇશ્વરચંદ્રે બંકિમને ક્યારે એવો ઉપદેશ આપ્યો હતો તેની ખબર નથી. ગમે તે વખતે આપ્યો હોય, પરંતુ બંકિમે તે માથે ચઢાવ્યો હતો. બંકિમચંદ્ર હમેશાં ઇશ્વરચંદ્ર ગુપ્તને ગુરુતુલ્ય ગણતા હતા. પોતાના મૃત્યુ પહેલાં બે ત્રણ વર્ષ ઉપર બંકિમ બાબુ 'કાંચરા પાડા' ગામમાં ઇશ્વરબાબુને ઘેર ગયા હતા. ત્યાં ઇશ્વરચંદ્રનાં સગાંવહાલાં પાસે બેસીને તેમણે બહુ વાર સુધી આંસુ વહાવ્યાં હતાં. બંકિમ બાબુ બીજી વાર પણ કવિનો તે આશ્રમ જોવા ગયા હતા. તે વખતે તેઓ ઇશ્વરચંદ્ર ગુપ્તનું જીવનચરિત્ર લખતા હતા.

હુગલીમાં ઉંચી પરીક્ષા આપ્યા પછી પણ બંકિમે હુગલી કૉલેજ છોડી ન હતી. એ સમયે તેમની ઉંમર ૧૯ વર્ષની હતી. સમસ્ત ભારતવર્ષમાં એ સમયે અશાંતિ ફેલાઇ ચૂકી હતી. ૧૮૫૭ ના બળવાની આગ બારકપુર અને બહેરામપુરમાં પણ સળગી ઉઠી હતી. મદ્રાસ અને અવધ એ આગમાં લાકડાં નાખતાં હતાં. દિલ્હી અને કાનપુર પણ એ આગથી બચ્યાં ન હતાં.

બંગાળીઓ એ આગ સળગાવીને દૂર ખસી ગયા હતા—આઘે ઉભા રહીને પશ્ચિમ-આકાશમાં અગ્નિનું ભયાનક રક્તવર્ણું ચિત્ર જોઇ રહ્યા હતા. મોગલોની આશા પુનઃ તાજી થઇ હતી; અને મરાઠા વેર વાળવાને મથી રહ્યા હતા.

સિપાઇઓના બળવાની આગ આ પ્રમાણે ચારે બાજુ સળગી ઉઠી તે વખતે હુગલી પાસેના 'ચંચુડા' સ્થાનમાં માર્શલ લૉ ચાલુ કરવામાં આવ્યો. તે વખતે ચંચુડામાં એક 'હાઇલેંડર'—ગોરાઓની પલટણ રહેતી હતી. ત્યાં એક ઘાટ પણ છે. તેને બારિકનો ઘાટ કહે છે.

બંકિમચંદ્ર એક દિવસે સંધ્યાકાળ પહેલાં તેમના નાના ભાઈ પૂર્ણચંદ્રને લઇને એજ ઘાટમાં ઉતર્યા. તેઓ નાટક જોવા જતા હતા. ચંચુડાના એક ધનવાન પુરુષે એક નાટકશાળા ઉભી કરી હતી. બંકિમચંદ્ર સિવાય કાંટાલપાડાનાં અનેક માણસોને પણ નાટક જોવા જવાનું આમંત્રણ મળ્યું હતું. બધાય ભલા અને શિક્ષિત પુરુષો હતા.

બંકિમ બાબુ તેમના નાના ભાઇને લઇને એક નાનકડી હોડીમાં ગયા હતા. પૂર્ણબાબુ બંકિમ બાબુથી ત્રણચાર વર્ષ નાના હતા. બારિકના ઘાટથી તે ધનવાન પુરુષનું ઘર પાસે ન હતું. બીજા ઘાટ-ઘંટા ઘાટથી પાસે હતું. બંકિમચંદ્ર જરા ફરવાના ઇરાદાથી બારિકના ઘાટેજ ઉતર્યા. નજીકના 'કાંટાલપાડા'થી આવેલા બીજા લોકો બીજી હોડીમાં હતા. તેમની હોડી ઘંટાઘાટ પાસે જઇને ઉભી રહી.

બારિકના ઘાટથી તે ધનવાન પુરુષના ઘર સુધી જે રસ્તો ગંગાને કિનારે કિનારે જતો હતો તેજ રમણીય માર્ગે બંકિમ બાબુ હોડીમાંથી ઉતરીને ચાલ્યા.

રસ્તાને કિનારે–ગંગાની તરફ વાંસનો કઠેરો બનાવેલો હતો. વચ્ચે વચ્ચે થાંભલા પણ હતા. થોડે દૂર ગયા પછી તેમણે જોયું કે કેટલાક લશ્કરી અમલદારો રસ્તાને કિનારે ઘાસપર બેઠા હતા. તેમની સાથે બે એક કૂતરા પણ હતા. એક કૂતરાએ પૂર્ણચંદ્રનો પીછો પકડયો. કૂતરાની ટેવ હોય છે કે જે ડરે છે તેનાપર તે વધારે હુમલો કરે છે. કૂતરાને જોઈ પૂર્ણ બાબુ બીન્યા અને તેથી કૂતરો વધારે પાછળ પડયો.

કૂતરાનો ગોરો માલિક એ બનાવથી રાજી થઇને ઉલટો તે કૂતરાને ઉત્સાહિત કરવા લાગ્યો ! કૂતરો વધારે ઉત્સાહિત થઇને દોડયો અને પૂર્ણ બાબુની લગોલગ પહોંચી ગયો. પૂર્ણ બાબુ બીજો ઉપાય ન હોવાથી રસ્તાના થાંભલા ઉપર ચઢવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

બંકિમચંદ્રનું ધ્યાન પ્રથમ આ બાબત તરફ ખેંચાયું ન હતું. તેઓ બીજી બાજુ ગંગાની શોભા જોતા જોતા ચાલ્યા જતા હતા. એકાએક તેમણે પાછળ ફરીને જોયું તો કૂતરાને પૂર્ણબાબુ પર હુમલો કરવાને ઉદ્યત થયેલો જોયો. બંકિમ બાબુનો ચહેરો લાલચોળ થઇ ગયો. તેમણે ક્રોધપૂર્વક સાહેબો તરફ જોઇને કહ્યું "સાચેજ ગમ્મત તો સારી કરી ! તમને શરમ નથી આવતી ?" બંકિમે એટલા તેજપૂર્વક આ વાકયો કહ્યાં કે સાહેબે શરમાઈ જઇને તરતજ કૂતરાને બોલાવી લીધો.

રાત્રે નાટક પૂરું થતાં મોડું થઈ ગયું. કાંટાલપાડાથી જે લોકો ગયા હતા તેઓ બધા સાથે ત્યાંથી પાછા ફર્યા. તે ટોળામાં બંકિમબાબુ પણ હતા. પહેલાં કહી ગયા છીએ કે તે વખતે ચંચુડામાં માર્શલલૉ ચાલુ હતો. આ યુદ્ધના કાયદા અનુસાર ચંચુડાની હદની અંદર રાતના નવ વાગ્યા બાદ જો કોઇ બહાર રસ્તાપર નીકળે તો પહેરાપર ઉભેલો ગોરો તેને ગોળી મારી શકતો હતો. ઘંટાઘાટ ઉપરના પહેરા પર બે ગોરા ઉભા રહ્યા હતા. કાંટલપાડાના લોકનું ટોળું જેવું ઘંટાઘાટ પાસે પહોંચ્યું કે તરતજ અધકારમાંથી બહાર આવીને એક ગોરાએ આગલા ગૃહસ્થની છાતી ઉપર સંગીન ધરી. બધા ગૃહસ્થો આનંદપૂર્વક નાટકની વાતો કરતા કરતા ઘેર જતા હતા. સામે આ વિપત્તિ આવેલી જોઇને તેઓ ગભરાઇ ઉઠયા. બંકિમચંદ્ર થોડા પાછળ હતા. બધાને ઉભા રહેલા જોઇને તેઓ આગળ ગયા. જોયું તો એક ગોરો હાથમાં બંદુક લઇને રસ્તો રોકીને ઉભો છે અને બીજો ગોરો આગળના ભલા માણસની છાતીપર સંગીન રાખીને અંગ્રેજીમાં કંઇક પૂછી રહ્યો છે ! તે વખતે બંકિમ બાબુને માર્શલલૉનો ખ્યાલ આવી ગયો. તેમણે વિચાર્યું કે આ વિધાન અનુસાર ગોરો તે બધાની પણ હત્યા કરી શકે તેમ છે. એટલે આગળ ઉભેલા ધ્રૂજતા ગૃહસ્થને દૂર કાઢીને ખુદ બંકિમ તે ગોરાની સામે ઉભા રહ્યા અને શાંત સંયમ-પૂર્ણ ભાષામાં ગોરાને સમજાવી દીધું કે અમે બધા માણસો ગંગાને પેલે પારથી અહીં નાટક જોવા આવ્યા હતા. ગોરાએ કહ્યું– "હું તે કેવી રીતે જાણું ?" બંકિમે જવાબ આપ્યો "તમે જીલ્લામાજીસ્ટ્રેટને પૂછજો. તે પણ ત્યાં હાજર હતા."

ગોરાએ કહ્યું—"હું તમારૂં કહેવું સાચું માનું છું. તમે તરતજ ચાલ્યા જાઓ."

ગોરો સ્ટરો છોડીને ચાલ્યો ખસી ગયો. ધ્રૂજી રહેલા ગામના બધા માણસો વરોળીઆની પેઠે ગંગાતટ તરફ દોડ્યા; પરંતુ ઘાટપર પણ મહા વિપત્તિ દેખાઈ! ત્યાં હોડી મળે નહિ! ગોરો તો "ચાલ્યા જાઓ" કહીને છૂટો થયો; પણ બધા હવે જાય કેવી રીતે? તરીને જવા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. જમીન ઉપર ગોરાઓનો ડર, અને પાણીમાં જળજંતુઓનો ભય! કોઈ કોઈએ તો જળનેજ વધારે સલામતીભર્યું ગણીને કપડાં સંકેલવા માંડ્યાં. ત્યારે બંકિમ તેમને એમ કરતા રોકીને પાસેના દેવીજ ઘાટમાં લઈ ગયા. બંકિમે તે ઘાટ ઉપરથી ચાંદની-માં જોયું કે સામે રેતીમાં બે હોડીઓ બંધેલી છે. બૂમ પાડીને માછીઓને બોલાવવાની પણ કોઈનામાં હિંમત રહી નહોતી. બંકિમે માછીઓને બૂમ મારી. તેઓ આવ્યા અને બીવેલા તથા થાકેલા માણસોને હોડીમાં બેસાડીને પેલે પાર લઈ ગયા.

બંકિમચંદ્ર કિશોર અવસ્થામાં અને જુવાનીની શરૂઆતમાં શરીરે દુર્બળ હતા; પરંતુ મનોબળમાં સાહસિક હતા. નદીકિનારાના જંગલી રસ્તાઓમાં સંધ્યા કાળ પછી જવાનું કોઈ સાહસ કરી શકતું ન હતું; કેમકે ત્યાં સાપ, શિયાળ, વાઘ વગેરે બહુ હતાં; પણ કોઈ કોઈ દિવસ બંકિમચંદ્ર સંધ્યાકાળ થઈ ગયા પછી એકલાજ આ રસ્તેથી ઘેર આવતા. તે વખતે તેમના હૃદયમાં ભયનું નામનિશાન પણ નહોતું જણાતું.

મોટી અવસ્થામાં બહેરામપુરમાં રહેતા ત્યારે પણ બંકિમે પોતાના અપૂર્વ તેજનો પરિચય કરાવ્યો હતો. તેની હકીકત પણ નીચે પ્રમાણે છે. બંકિમને અને એક સાહેબને ઝગડો થયો હતો. સાહેબ પણ કોઈ રેંજીપેંજી જેવો ન હતો. તેનું નામ કર્નલ ડફિન હતું. તે વખતે બહેરામપુરમાં લશ્કરની છાવણી હોવાને લીધે અનેક ગોરાઓ ત્યાં રહેતા હતા. કર્નલ સાહેબ તે સેનાના સંચાલક અર્થાત્ કમાન્ડીંગ ઓફિસર હતા.

ઝગડો શા માટે થયો તેનું કારણ એટલું જ હતું. બંકિમ જે મકાનો-માં રહેતા હતા તેની સામે એક મેદાન હતું. તે મેદાન વચ્ચે થઈને એક નાનકડી પગદંડી જતી હતી. બંકિમ બાબુ એજ રસ્તે થઈને કચેરીમાં જતા આવતા હતા. કોઈ વાર ચાલતા જતા તો કોઈ વાર પાલખીમાં જતા હતા. બીજા લોકો પણ આ રસ્તેથી અવરજવર કરતા હતા. બીજો પણ એક રસ્તો [illegible] હતો; પણ ત્યાંથી બહુ ફરીને જવું પડતું તેથી તે [illegible] [illegible] [illegible] આવજા કરતા હતા. આથી એ તરફની ગોરા લોકોને [illegible] થતી હતી.

એક દિવસ બીજે પહોરે બંકિમચંદ્ર પાલખીમાં બેસીને કચેરીથી આ રસ્તે થઈને ઘેર આવતા હતા. [illegible] આ રસ્તો [illegible]. [illegible] એક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રસ્તે પહોંચી ત્યારે તેના [illegible] [illegible] ઉપર કોઈએ જોરથી હાક મારી. બંકિમ તરતજ [illegible] [illegible] ઉતરીને બહાર [illegible]

રસ્તાને કિનારે–ગંગાની તરફ વાંસનો કઠેરો બનાવેલો હતો. વચ્ચે વચ્ચે થાંભલા પણ હતા. થોડે દૂર ગયા પછી તેમણે જોયું કે કેટલાક લશ્કરી અમલદારો રસ્તાને કિનારે ઘાસપર બેઠા હતા. તેમની સાથે બે એક કૂતરા પણ હતા. એક કૂતરાએ પૂર્ણચંદ્રનો પીછો પકડ્યો. કૂતરાની ટેવ હોય છે કે જે ડરે છે તેનાપર તે વધારે હુમલો કરે છે. કૂતરાને જોઈ પૂર્ણ બાબુ બીન્યા અને તેથી કૂતરો વધારે પાછળ પડ્યો.

કૂતરાનો ગોરો માલિક એ બનાવથી રાજી થઇને ઉલટો તે કૂતરાને ઉત્સાહિત કરવા લાગ્યો ! કૂતરો વધારે ઉત્સાહિત થઇને દોડ્યો અને પૂર્ણ બાબુની લગોલગ પહોંચી ગયો. પૂર્ણ બાબુ બીજો ઉપાય ન હોવાથી રસ્તાના થાંભલા ઉપર ચઢવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

બંકિમચંદ્રનું ધ્યાન પ્રથમ આ બાબત તરફ ખેંચાયું ન હતું. તેઓ બીજી બાજુ ગંગાની શોભા જોતા જોતા ચાલ્યા જતા હતા. એકાએક તેમણે પાછળ ફરીને જોયું તો કૂતરાને પૂર્ણબાબુ પર હુમલો કરવાને ઉદ્યત થયેલો જોયો. બંકિમ બાબુનો ચહેરો લાલચોળ થઇ ગયો. તેમણે ક્રોધપૂર્વક સાહેબો તરફ જોઇને કહ્યું "સાચેજ ગમ્મત તો સારી કરી ! તમને શરમ નથી આવતી ?" બંકિમે એટલા તેજપૂર્વક આ વાક્યો કહ્યાં કે સાહેબે શરમાઈ જઇને તરતજ કૂતરાને બોલાવી લીધો.

રાત્રે નાટક પૂરું થતાં મોડું થઈ ગયું. કાંટાલપાડાથી જે લોકો ગયા હતા તેઓ બધા સાથે ત્યાંથી પાછા ફર્યા. તે ટોળામાં બંકિમબાબુ પણ હતા. પહેલાં કહી ગયા છીએ કે તે વખતે ચંચુડામાં માર્શલ લૉ ચાલુ હતો. આ યુદ્ધના કાયદા અનુસાર ચંચુડાની હદની અંદર રાતના નવ વાગ્યા બાદ જો કોઇ બહાર રસ્તાપર નીકળે તો પહેરાપર ઉભેલો ગોરો તેને ગોળી મારી શકતો હતો. ઘંટાઘાટ ઉપરના પહેરા પર બે ગોરા ઉભા રહ્યા હતા. કાંટલપાડાના લોકનું ટોળું જેવું ઘંટાઘાટ પાસે પહોંચ્યું કે તરતજ અંધકારમાંથી બહાર આવીને એક ગોરાએ આગલા ગૃહસ્થની છાતી ઉપર સંગીન ધરી. બધા ગૃહસ્થો આનંદપૂર્વક નાટકની વાતો કરતા કરતા ઘેર જતા હતા. સામે આ વિપત્તિ આવેલી જોઇને તેઓ ગભરાઇ ઉઠ્યા. બંકિમચંદ્ર થોડા પાછળ હતા. બધાને ઉભા રહેલા જોઇને તેઓ આગળ ગયા. જોયું તો એક ગોરો હાથમાં બંદુક લઇને રસ્તો રોકીને ઉભો છે અને બીજો ગોરો આગળના ભલા માણસની છાતીપર સંગીન રાખીને અંગ્રેજીમાં કંઇક પૂછી રહ્યો છે ! તે વખતે બંકિમ બાબુને માર્શલ લૉનો ખ્યાલ આવી ગયો. તેમણે વિચાર્યું કે આ વિધાન અનુસાર ગોરો આ બધાની પણ હત્યા કરી શકે તેમ છે. એટલે આગળ ઉભેલા ધ્રૂજતા ગૃહસ્થને દૂર કરીને ખુદ બંકિમ તે ગોરાની સામે ઉભા રહ્યા અને શાંત સંયમપૂર્ણ ભાષામાં ગોરાને સમજાવી દીધું કે અમે બધા માણસો ગંગાને પેલે પારથી અહીં નાટક જોવા આવ્યા હતા. ગોરાએ કહ્યું– "હું તે કેવી રીતે જાણું ?" બંકિમે જવાબ આપ્યો "તમે જૉઇન્ટ મૅજિસ્ટ્રેટને પૂછજો. તે પણ ત્યાં હાજર હતા."

ગોરાએ કહ્યું—"હું તમારું કહેવું સાચું માનું છું. તમે તરતજ ચાલ્યા જાઓ."

ગોરો રસ્તો રોકીને આવ્યો અટકી ગયો. મૂર્ખ રહેલા ગામના ભલા માણસો વરાગીઆની પેઠે ગંગાતટ તરફ દોડયા; પરંતુ ઘાટપર પણ મહા વિપત્તિ દેખાઇ! ત્યાં હોડી મળે નહિ! ગોરો તો "ચાલ્યા જાઓ" કહીને છૂટો થયો; પણ બધા હવે જાય કેવી રીતે? તરીને જવા સિવાય બીજો કોઇ ઉપાય ન હતો. જમીન ઉપર ગોરાઓનો ડર, અને પાણીમાં જળજંતુઓનો ભય! કોઇ કોઇએ તો જળનેજ વધારે સલામતીભર્યું ગણીને કપડાં સંકેલવા માંડયાં. ત્યારે બંકિમ તેમને એમ કરતા રોકીને પાસેના કૉલેજ ઘાટમાં લઇ ગયા. બંકિમે તે ઘાટ ઉપરથી ચાંદની-માં જોયું કે સામે રેતીમાં બે હોડીઓ બંધેલી છે. બૂમ પાડીને માછીઓને બોલાવવાની પણ કોઇનામાં હિંમત રહી નહોતી. બંકિમે માછીઓને બૂમ મારી. તેઓ આવ્યા અને બીધેલા તથા થાકેલા માણસોને હોડીમાં બેસાડીને પેલે પાર લઇ ગયા.

બંકિમચંદ્ર કિશોર અવસ્થામાં અને જુવાનીની શરૂઆતમાં શરીરે દુર્બળ હતા; પરંતુ મનોબળમાં સાહસિક હતા. નહેરકિનારાના જોખમી રસ્તાઓમાં સંધ્યા કાળ પછી જવાનું કોઇ સાહસ કરી શકતું ન હતું; કેમકે ત્યાં સાપ, શિયાળ, વરૂ વગેરે બહુ હતાં; પણ કોઇ કોઇ દિવસ બંકિમચંદ્ર સંધ્યાકાળ થઇ ગયા પછી એકલાજ આ રસ્તેથી ઘેર આવતા. તે વખતે તેમના હૃદયમાં ભયનું નામનિશાન પણ નહોતું જણાતું.

પ્રૌઢાવસ્થામાં બહેરામપુરમાં રહેતા ત્યારે પણ બંકિમે પોતાના અપૂર્વ તેજનો પરિચય કરાવ્યો હતો. તેની હકીકત પણ નીચે પ્રમાણે છે. બંકિમને અને એક સાહેબને ઝગડો થયો હતો. સાહેબ પણ કોઇ રૅંજીપૅંજી જેવો ન હતો. તેનું નામ કર્નલ ડફિન હતું. તે વખતે બહેરામપુરમાં લશ્કરની છાવણી હોઇને અનેક ગોરાઓ ત્યાં રહેતા હતા. કર્નલ સાહેબ તે સેનાના સંચાલક અર્થાત્ કમાન્ડીંગ ઑફિસર હતા.

ઝગડો ભારે હોવા છતાં તેનું કારણ એટલું ભારે ન હતું. ગોરાઓ જે બરાકો-માં રહેતા હતા તેની સામે એક મેદાન હતું. તે મેદાન વચ્ચે થઇને એક નાનીશી પગદંડી જતી હતી. બંકિમ બાબુ એજ રસ્તે થઇને રોજ કચેરીમાં જતા આવતા હતા. કોઇ વાર ચાલતા જતા તો કોઈ વાર પાલખીમાં જતા હતા. બીજા લોકો પણ આ રસ્તેથી આવજા કરતા હતા. બીજો પણ એક રસ્તો શહેરમાં જતો હતો; પણ ત્યાંથી બહુ ફરીને જવું પડતું તેથી તે બરાકો આગળ થઇનેજ બધા લોકો આવજા કરતા હતા. આથી એ તરફની ગોરા લોકોને ચીડ થતી હતી.

એક દિવસ ત્રીજે પહોરે બંકિમચંદ્ર પાલખીમાં બેસીને કચેરીમાંથી આ રસ્તે થઇને ઘેર આવતા હતા. ભોઇઓ આ રસ્તેથી ચાલ્યા. પાલખીનું એક બારણું બંધ હતું. પાલખી જ્યારે અરધે રસ્તે પહોંચી ત્યારે તેના બંધ બારણા ઉપર કોઇએ જોરથી હાથ માર્યો. બંકિમ તરતજ પાલખીનું બારણું ઉઘાડીને બહાર કૂદી

પડયા. જોયું તો સામે એક ઉંચા શરીરવાળો સાહેબ બહાદૂર ઉભો છે અને થોડે દૂર કેટલાક સાહેબલોકો ક્રિકેટ રમતા હતા. બંકિમ જાણી ગયા કે પાસે ઉભેલા સાહેબેજ પાલખીના બારણાપર હાથ માર્યો છે. બંકિમચંદ્ર કર્નલ સાહેબને ઓળખતા હતા કે નહિ તેની ખબર નથી. બંકિમે પાલખીની બહાર આવતાંજ ક્રોધપૂર્વક સાહેબને કહ્યું–"હુ ધ ડેવીલ યુ આર ?" અર્થાત્ હે દુષ્ટ તું કોણ છે ?

સાહેબે કંઈ જવાબ ન આપતાં બંકિમનો હાથ પકડીને જોરથી તેમને ધક્કો માર્યો. પછી બંકિમ બાબુ બીજા જે સાહેબો રમતા હતા તેમના તરફ ગયા. તેમની પાસે જઇને જોયું તો બે ત્રણ સાહેબ તો તેમના ઓળખીતાજ હતા. તેઓમાં એક ન્યાયાધીશ બેનબ્રિજ સાહેબ પણ હતા. બંકિમે ન્યાયાધીશ સાહેબને પૂછ્યું–પેલો માણસ મારી સાથે કેવી રીતે વર્ત્યો છે તે તમે જોયું ?

સાહેબે કહ્યું:—બાબુજી ! હું ટુંકી દૃષ્ટિવાળો છું; મેં કશુંજ જોયું નથી.

તે સાચેજ ઓછું જોઇ શકતા હતા. ભગવાન જાણે તે બંકિમને ઓળખી શકયા હતા કે નહિ; પણ પાછળથી તેમણે અને કર્નલ ડફિને કહ્યું હતું કે તેઓ તે વખતે બંકિમચંદ્રને ઓળખી શકયા ન હતા.

બંકિમ બાબુ ન્યાયાધીશ બેનબ્રિજ સાહેબ પાસેથી બીજા સાહેબો પાસે ગયા અને પૂછયું કે આપ લોકોએ કંઇ જોયું છે કે નહિ ?

તેમણે પણ કહ્યું–"અમે કશુંયે જોયું નથી."

ત્યારે "ઠીક છે, અદાલતમાં આ પ્રમાણેજ કહેજો." એમ કહીને ક્રોધ અને ક્ષોભથી અધીર થયેલા બંકિમચંદ્ર ઘેર આવ્યા.

બીજે દિવસે ફોજદારી અદાલતમાં બંકિમે કર્નલ સાહેબના નામ ઉપર ફરિયાદ નોંધાવી. વિચારક મેજીસ્ટ્રેટ ન્યાયનિષ્ઠ અને બંકિમના ગુણોને જાણવાવાળા હતા. કર્નલ સાહેબ ઉપર કોર્ટનો સમન નીકળ્યો.

ગામના લોકો ઉપલા બનાવથી કર્નલ વિરુદ્ધ એટલા ઉશ્કેરાઇ ગયા હતા કે સાહેબને પોતાની ગાડીનાં બારણાં બંધ રાખી સંતાઇને અદાલતમાં જવું પડયું હતું. સાંભળ્યું છે કે તેમ છતાં પણ સાહેબની ગાડી ઉપર કાંકરા ફેંકવામાં આવ્યા હતા.

સાહેબ આવીને આરોપીના પાંજરામાં ઉભા રહ્યા. મુકદ્દમો જોવાને માટે આખા શહેરના લોકો તૂટી પડયા હતા. એક બંગાળીએ સાહેબ ઉપર ફરિયાદ કરી હતી, તે પણ ગમે તેવા સાહેબ ઉપર નહિ પણ એક લશ્કરી અમલદાર–કર્નલના ઉપર ! તે જમાનામાં આવું દશ્ય વિચિત્ર હતું–અદ્ભુત હતું. આશ્ચર્યથી ચકિત થયેલા નગરવાસીઓ આ અશ્રુતપૂર્વ મુકદ્દમાનો ફેંસલો જોવાને માટે અદાલતમાં એકઠા થયા હતા. કોઈ ડેપ્યુટી બંકિમચંદ્રને, કોઇ કર્નલ સાહેબને અને કોઇ ન્યાયાધીશને જોવા આવ્યા હતા. વકીલ, મુખ્ત્યાર અધિકારીઓ વગેરે બધાય પોતપોતાનું કામ છોડીને મુકદ્દમો જોવા આવ્યા

હતા, અને અદાલતનું મકાન ખિચોખીચ ભરાઇ ગયું હતું.

આ મુકદ્દમામાં બીજી પણ એક વિશેષતા હતી. બહેરામપુરમાં તે વખતે લગભગ દોઢસો વકીલ અને મુખત્યાર હતા. એ બધા વકીલ અને મુખત્યાર આપોઆપજ બંકિમચંદ્રના પક્ષમાં ઉભા રહ્યા! બધાએજ બંકિમચંદ્રના વકિલાતનામા ઉપર સહી કરી મોકલી! આથી કર્નલ સાહેબ ભારે મુશ્કેલીમાં આવી પડ્યા. તેઓ જે વકીલ પાસે જતા તે કહેતો કે—"હું બંકિમ બાબુનો પક્ષ લઇ ચૂક્યો છું." અંતે તે વકીલોને રહેવા દઇને મુખત્યારો પાસે ગયા તો ત્યાં પણ તેમને નિરાશ થવું પડ્યું. કોઇ પણ મુખત્યાર બંકિમવિરુદ્ધ ઉભો રહેવાને રાજી ન જણાયો.

હવે તો કર્નલ સાહેબ બહુજ ડર્યા. સરકારની પણ આંખ ઉઘડી. કમિશ્નર સાહેબ સુદ્ધાંનું આસન ડોલવા લાગ્યું. સાહેબ લોકોની મંડળીમાં ગભરાટ જણાઇ ગયો. તે વખતે બહેરામપુરમાં અનેક અંગ્રેજ રહેતા હતા. મુકદ્દમો ખેંચી લેવા માટે કમિશ્નર સાહેબ પણ બંકિમ બાબુને વિનતિ ન કરી શક્યા. તેમણે અને બીજા સાહેબોએ બેનબ્રિજ સાહેબ દ્વારાજ તેમ કરવાને કહ્યું.

બેનબ્રિજ સાહેબ એક સારા ન્યાયાધીશ અને ઉદાર અંગ્રેજ હતા. જે વખતની આ વાત છે તે વખતે બેનબ્રિજ સાહેબ બહેરામપુરમાંજ રહેતા હતા. તેઓ બંકિમના ગુણો ઉપર મુગ્ધ હતા. સાહેબોએ જઇને જ્યારે તેમને ઘેરી લીધા, ત્યારે તેમણે કહ્યું—"કર્નલ ડફિને બંકિમ બાબુનું અપમાન કર્યું છે; માટે જો તેઓ બંકિમ બાબુની માફી માગવાનું કબુલ કરે તોજ હું વચ્ચે પડીને રાજીનામું અપાવવાની કોશિશ કરી શકું."

ડફિને તેજ વખતે માફી માગવાનું કબુલ કરી દીધું. બેનબ્રિજ સાહેબે બહુ પ્રયત્નપૂર્વક, બંકિમને મનાવીને મુકદ્દમો પાછો ખેંચાવી લીધો. કર્નલ સાહેબે ખુલી અદાલતમાં બંકિમબાબુની માફી માગતાં કહ્યું કે—"બંકિમ બાબુ! તમારો જે હાથ પકડીને મેં તમને બળજોરીથી પાછા હટાવ્યા હતા, તેજ હાથ પકડીને હું અત્યારે તમારી પાસે ક્ષમા માગું છું."

૧૮૬૦ ના નવેમ્બરમાં બંકિમ બાબુની બદલી પાંચમી શ્રેણીના મેજીસ્ટ્રેટતરીકે 'ખુલના'માં થઇ હતી. ખુલના શહેર તે સમયે યશોહર જીલ્લાના તાબાનો એક કસ્બો ગણાતું હતું. બેનબ્રિજ સાહેબ તે વખતે યશોહરના જોઇંટમેજીસ્ટ્રેટ હતા. મી. બેનબ્રિજ સાથે અહીંજ પહેલવહેલો બંકિમચંદ્રને પરિચય થયો હતો અને એ પરિચય બહેરામપુરમાં થયેલી ઉપલી કર્નલ ડફિનવાળી ઘટના પછી મિત્રતાના રૂપમાં ફેરવાઇ ગયો હતો.

ખુલનામાં આવીને પણ બંકિમને ઘોર અરાજકતા સામે થવું પડ્યું હતું. એક બાજુ ગળીની ખેતી કરાવનાર સાહેબોનો અત્યાચાર હતો અને બીજી બાજુ ચોરલુંટારાઓનો ભયંકર ઉપદ્રવ હતો. ગળીવાળા સાહેબોને રાજી રાખતાં રાખતાં સરકાર પણ હેરાન થઇ ગઇ હતી. એ ગળીવાળા સાહેબો જમીનદાર પણ જેવા તેવા ન હતા.

કૃષ્ણનગરના હિલ્સ સાહેબને ત્રણ લાખ વીઘાં જમીન હતી !

બંકિમચંદ્ર સાથેનો ગળીવાળા સાહેબોનો ઝગડો સમજાવવા માટે અહીં કેટલીક અપ્રાસંગિક વાતોનો ઉલ્લેખ જરૂર કરવો પડશે. ગળીવાળા સાહેબોનું જોર કેટલું વધ્યું હતું તે જાણ્યા સિવાય વાચકવર્ગ આ વાત નહિ જાણી શકે કે તે સાહેબોને દબાવવામાં–તેમના અત્યાચાર મટાડવામાં–બંકિમબાબુને કેટલું હેરાન થવું પડયું હતું.

આ બધા જમીનદાર ગળીવાળા સાહેબોએ સન ૧૮૬૧ ની આખરમાં સરકાર પાસે મુકર્દમો રજુ કર્યો કે જૈસોર અને નદિયા જીલ્લાની પ્રજાએ મહેસુલ આપવાનું બંધ કરી દીધું છે. સાથે સરકારને તે મહેસુલ વસુલ કરવાનો ઉપાય કરવા માટે પણ અરજ કરવામાં આવી. હિંદી સરકારનું આસન ડોલવા લાગ્યું. તેણે ન્યાયાધીશ મોરિસ અને માંગ્રેસરને ખાસ કમિશ્નરતરીકે નીમીને તપાસ કરવા મોકલ્યા.

કમિશ્નર સાહેબોએ તપાસ કરીને તારણ કાઢયું કે " ગળીવાળા સાહેબો સીધા, સાદા ભલા માણસો છે. તેમણે કદી પણ પ્રજાના શરીરે હાથ અડકાડયો નથી. કોઇ-પણ પ્રકારનો અત્યાચાર તેમણે કર્યો નથી. બધો દોષ બંગાળી પ્રજાનોજ છે તેઓ કોઇ પણ રીતે મહેસુલ આપતા નથી." આ બધા નિસ્પૃહી (!) સાહેબોના ટોળામાં મૉરેલ નામનો એક બેડખાં ગળીવાળો અને જમીનદાર હતો. તની નિંદા કરવી એ ઠીક નથી. કારણ કે તે સમયનાં અંગ્રેજ વર્તમાનપત્રોમાં તેના પ્રશંસાના પૂલ બાંધવામાં આવ્યા હતા. અને તે વખતના ગવર્નર સર. જે. પી. ગ્રાન્ટ સાહેબે પોતાની ઈન્ડીગો મિનીટ (ગળીની નોંધ)માં મોરેલ સાહેબને આદર્શ ગળીવાળા તરીકે દર્શાવ્યા હતા (!)

પણ એજ આદર્શ જમીનદારે સન ૧૮૬૧ ના નવેંબર મહીનામાં એક દંગો જમાવ્યો હતો. તેની વિગત આગળ લખીશું. પહેલાં તો મોરેલ સાહેબના બળ અને ઐશ્વર્યનો પરિચય આપવો જરૂરનો છે. મૉરેલ સાહેબે એક નગર વસાવીને તેનું નામ મૉરેલગંજ પાડયું હતું. સાહેબ આ નગરના રાજા હતા. તેમની પાસે જે લઠધારી સેના હતી, તેની સંખ્યા લગભગ પાંચસો છસોની હશે. એમાંના કોઇ કોઇ પાસે બંદુક, કુહાડી વગેરે પણ હતું.

આ લશ્કરના કપ્તાન ડેનિસ હેલી સાહેબ હતા. હેલી સાહેબ પહેલાં યોમનરી કેવેલરીમાં હતા; પરંતુ ત્યાં માણસોની હત્યા કરવાની અને ઘર સળગાવવાની આવી સગવડ ન હતી ! વળી પગાર પણ સાધારણ હતો એટલે હેલી સાહેબે તે નોકરી છોડીને મૉરેલ સાહેબના લઠધારીઓની સરદારી સ્વીકારી હતી.

મૉરેલ સાહેબની સંપત્તિનો ઘણો ભાગ જૈસોર જીલ્લામાંજ હતો. મૉરેલગંજ બંકિમચંદ્રના ઇલાકામાં હતું. બંકિમે ખુલનામાં આવીને જોયું કે–મોરેલ સાહેબનું જોર બહુ જામ્યું છે. તેઓ આદર્શ પ્લેન્ટર (!) તરીકે દેશનું રાજ્ય ચલાવી રહ્યા છે. બંકિમચંદ્રે ખુલનામાં ચાર્જ લીધા પછી એક વર્ષે મૉરેલ સાહેબે દંગો કર્યો. તેના

સંબંધમાં 'ફ્રેન્ડ ઑફ ઇન્ડિયા'એ જરાએ સંકોચ સિવાય લખ્યું કે—" મૉરેલ સાહેબના પોલીસે રક્ષા નહિ કરી; તેથી તેઓને આત્મરક્ષણ કરવાની ફરજ પડી." કેટલાક વખત પછી તેને પણ એ વિચાર બદલવો પડ્યો હતો. કાગળપત્રોથી આ વિષયમાં જે કંઇ માહમ પડ્યું છે તે નીચે લખીએ છીએ.

૨૬ મી નવેંબર સન ૧૮૬૧ માં માણસોથી ભરેલી કેટલીક હોડીઓ બડખાલી ગામના કિનારાની આસપાસમાં ગોઠવાઇ ગઇ. તે વખતે તદ્દન સવાર પણ નહોતું થયું. ઝાંખુ ઝાંખુ અંધારૂં હતું. હોડીના માણસોએ છાનામાના જઇને ગામને ઘેરી લીધું. તે માણસો લગભગ ત્રણસો હતા. કોઇના હાથમાં લઠ, કોઇના હાથમાં ભાલા અને કોઇના હાથમાં બંદુક હતી. તેઓ બધા મૉરેલ સાહેબના માણસો હતા. હેલી સાહેબ તેમના નેતા તથા જમીનદારીના સુપરિન્ટેન્ડન્ટ હતા; તેથી જમીનદારીના હિતનું રક્ષણ કરવા માટે આ પ્રમાણે લઠવાળાઓને લઇને પ્રજાનો બળવો સમાવવા આવ્યા હતા!

બડખાલીની પ્રજા બહુજ બદમાસ છે! તે વધારાનું મહેસુલ ભરવા નથી ઇચ્છતી! ગળીની ખેતી કરવામાં પણ તેને અણગમો છે, તેથી તેને શિક્ષા કરવાની જરૂર પડી; પણ મૉરેલ સહેજમાં તેમને દબાવી શક્યા નહિ પ્રજાની સંખ્યા વધારે હતી. તેમનામાં ઐક્ય પણ ખૂબ હતું. અંતે સાહેબે તે લોકોને સખ્ત શિક્ષા કરવા માટે હેલી સાહેબની સરદારી નીચે ૧૨ હોડીઓમાં ઉપર જણાવ્યું તેમ ૩૨૦ લઠધારીઓને મોકલ્યા હતા.

બંકિમચંદ્ર અને પોલીસે પહેલેથીજ સાંભળ્યું હતું કે હેલી સાહેબ એક દંગો કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે; પણ દંગો ક્યાં થશે તે કોઇ જાણતું નહતું. સાહેબોની હીલચાલ જોઇને સાહલીઆ ગામપર હુમલો થશે એમ લાગ્યું. એટલે પોલિસ ત્યાં જઇ પહોંચી, પણ સાહેબો તો રાત્રે છુપાઇને બડખાલી જતા રહ્યા હતા.

સવારે બડખાલી ઉપર હુમલો થયો ત્યારે ગામના લોકો ઉઠી ગયા હતા. તેઓ પણ લઠ વગેરે હથિયાર લઇને 'મારો મારો' કરતા દોડ્યા. ગામ બહાર આવ્યા પછી તેમને માલમ પડ્યું કે આ વખતે સાહેબના માણસો બહુ છે. ગામવાળાઓનું હૃદય ધડકવા લાગ્યું. તેઓ બહુ ભયભીત થયા પણ તેમનામાંથી કોઈ પણ પાછો તો ફર્યોજ નહિ રહીમ ઉલ્લા નામનો એ ગામનો એક બળવાન પહાણ લાઠી લઇને આગળ વધ્યો. તેની લાઠીથી કેટલાય હથિયારબંધ સિપાઈ ધરતીપર ઢળી પડ્યા. ઉલટું હેલી સાહેબે તેનાપર બંદુકનો બાર કર્યો અને રહીમ ઘાયલ થઇને નીચે પડ્યો.

રહીમ એક હિંમતવાળો માણસ હતો. તે ઘાયલ થયા છતાં પણ ત્યાંથી ચાલીને તેને ઘેર ગયો. ઘરના આંગણામાં બેસીને તે પોતાના ઘા જોવા લાગ્યો અને તેને પાટા બાંધવા લાગ્યો. ઘરની સીમા નાની હતી, ચારે બાજુએ ઝાડ હતાં. રહીમ જે વખતે બેઠો બેઠો પાટા બાંધતો હતો તેજ વખતે બીજી એક ગોળી આવીને તેની છાતીમાં લાગી! રહીમ તેજ વખતે મરી ગયો. મુકર્દમામાં સાક્ષીઓએ કહ્યું હતું કે તે ગોળી પણ પહેલી ગોળીની પેઠે હેલી સાહેબેજ મારી હતી.

રહીમ તેના ગામનો એક મુખ્ય માણસ હતો. લોકો તેનું બહુ સન્માન કરતા. તે જ્યારે મરી ગયો ત્યારે ગામના લોકો ડરી જઇને પાસેના જંગલ તરફ નાસવા લાગ્યા. તે વખતના દૃશ્યનું વર્ણન કરવું અશક્ય છે. લાઠીબંધ લોકો ઉલ્લાસપૂર્વક ગામને લૂંટવા અને સળગાવવા લાગ્યા. જેટલું લૂંટી શકાયું તેટલું લૂંટી ગયા. જે લઇ જવાય તેવું ન હતું તેને આગમાં ફેંક્યું અને જે સળગી શકે નહિ તેને પાણીમાં ફેંકી દીધું. જે વસ્તુ સામી આવી તેનો નાશ કરી દીધો, જે માણસ સામો આવ્યો તેને માર્યો, સ્ત્રીઓ સુદ્ધાં બચવા ન પામી. જે જુવાન હતી તેમને કેદ કરવામાં આવી. રહીમની તો સ્ત્રી, બહેન વગેરે કોઇને ન છોડયાં. આ પ્રમાણે વિજય મેળવનાર મૉરેલ સાહેબના માણસો લૂંટેલી ચીજોને, સ્ત્રીઓને અને રહીમની લાશને પોતાની સાથે લઇ ગયા. જે ગામ અરુણોદય વખતે શાંતિપૂર્ણ, સુખી અને સમૃદ્ધ હતું તેજ બપોર સુધીમાં શ્મશાનથી પણ વધારે ખરાબ થઇ ગયું ! આખા ગામમાં સ્ત્રીઓના હાહાકાર અને આર્ત્તનાદ છવાઇ ગયા. કેટલાય કોસ દૂરથી સળગતાં ઘરોનો ધૂમાડો દેખાતો હતો. આ ઉત્પાતની ખબર બંકિમચંદ્ર પાસે પહોંચતાંજ તેઓ અસ્થિર થઇ ગયા.

બંકિમ બાબુ પોલીસને સાથે લઇને તેજ વખતે પંચક્યાસ કરવા ગયા. મૉરેલગંજમાં જઇને જોયું તો લોકો નાસી ગયા છે. એક વાત પહેલી લખવાની રહી ગઇ. લાઇટફુટ નામના એક બીજા સાહેબ મૉરેલ સાહેબના ભાગીદાર હતા. બંકિમચંદ્રના પહોંચતા પહેલાંજ મૉરેલ, હેલી અને લાઇટફુટ બધા નાસી ગયા. બંગાળી કારભારીઓ પકડાયા. તેઓમાં દેસન ચોકીદારનું નામ ખાસ ઉલ્લેખ કરવા જેવું છે. બંકિમચંદ્રે હેલી સાહેબના નામનું વારંટ કાઢીને ગુન્હેગારોને તપાસ માટે જેસોર મોકલી દીધા—પોતે કેસ ન ચલાવ્યો; કેમકે કાયદા પ્રમાણે પંચક્યાસ કરનાર કેસ ચલાવી શકે નહિ.

આરોપીઓ સેસન સુપરદ થઇ ગયા. ત્યાંના કેસમાં દેસનને ફાંસીનો હુકમ થયો; અને બાકીના ૨૪ માણસોને જન્મભર દેશનિકાલની સજા થઇ. સાહેબ લોક તો, ફરાર થઇ ગયા હતા. સન ૧૮૬૨ ના [illegible] મૉરેલ અને લાઇટફુટ સાહેબ [illegible] હતા. કેવળ હેલી સાહેબ વેશ બદલીને, પોતાનું બીજું નામ પ્રસિદ્ધ કરીને નાસી છૂટવાના પ્રયત્નમાં હતા, પણ પોલીસે [illegible] પકડી લીધા. તેમણે બહુ દિવસ સુધી કેદખાનાની હવા ખાધી. અને સન ૧૮૬૩ ના ફેબ્રુઆરી માસમાં હાઇકોર્ટમાંથી હેલી સાહેબ છુટી ગયા. કેમકે તેને કોઇ સજા થઇ શકતી નહિ. વળી રહીમની લાશનો પણ પત્તો લાગ્યો ન હતો.

[illegible] જ્યારે [illegible] હતા ત્યારે [illegible] એવી [illegible] હતી કે બંકિમચંદ્રને મારી નાખવા માટે [illegible] છે. જો બંકિમને મારી નાખશે

તેને એક લાખ રૂપિયા આપવામાં આવશે. ખબર નથી કે આવું કોણે જાહેર કર્યું હતું અને કોણ એટલા રૂપિયા આપનાર છે. મજાની એવી પણ હતી કે કોઇ અંગ્રેજ એક ખિસ્સામાં એક લાખની નોટ અને બીજા ખિસ્સામાં રિવૉલ્વર લઇને બંકિમને મળવા ગયો હતો. તેણે રિવૉલ્વર અને નોટોનું બંડલ બંકિમ સમક્ષ ટેબલ ઉપર મૂકીને કહ્યું હતું–" તમે શું ઇચ્છો છો ? જો આ ધન લેવા રાજી ન હો તો હું હમણાંજ તમને મારી નાખીશ."

બંકિમે શ્વાસ ખાઇને વિચારીને કહ્યું " હું મારી સહધર્મિણીની સલાહ લઇને જવાબ આપું છું." એમ કહીને બંકિમચંદ્ર ઉઠીને બીજી ઓરડીમાં ગયા, અને અંદરથી બારણું બંધ કરીને નોકરોને હાક મારી. પેલો અંગ્રેજ તો તરતજ ગભરાઇને નાસીભાગી ગયો.

ઉપલા બનાવ પછીજ પૂર્વોક્ત જાહેરાતનો પ્રચાર થયો હતો પણ બંકિમને કોઇ મારી ન શક્યું. ભગવાન તેમના રક્ષક હતા. બંકિમ બાબુનો એક હજુરિયો મૅારેલગંજના બદમાસોના હાથમાં પકડાઇ ગયો હતો. તેના છૂટકારા માટે બંકિમે બહુજ પ્રયત્ન કર્યો અને અંતે તેને છોડાવી પણ લાવ્યા.

પણ આ કામમાં તેમને બહુ હેરાન થવું પડયું. જેસોર જીલ્લાના બીજા કસ્બાઓમાં પણ આવાજ ઉત્પાત થતા રહ્યા; પણ બંકિમના પ્રતાપે ખુલના શાંત રહ્યું હતું. એનર્બ્રિજ સાહેબે બંકિમનાં કામોથી બહુ ખુશ થઇને સરકારમાં તેમનાં વખાણ લખી મોકલ્યાં. લેફ્ટેનંટ ગવર્નર બીડન સાહેબે ૧૮૬૩ ની શરૂઆતમાં બંકિમના પગારમાં રૂ. ૧૦૦) નો વધારો કર્યો. આ રીતે ચાર વર્ષ અને પાંચ મહીનામાં બંકિમે બેવાર પ્રમોશન મેળવ્યું; હવે સાડીચોવીશ વર્ષની ઉંમરમાં બંકિમ બાબુ ચતુર્થ શ્રેણીના મેજીસ્ટ્રેટ થયા.

ચાંચીઆઓને ઠેકાણે લાવવામાં પણ બંકિમ બાબુએ પોતાના સાહસ અને તેજસ્વિતાનો યથેષ્ટ પરિચય આપ્યો છે; પણ મૅારેલગંજના મામલા આગળ એ બધાં કામ સાધારણ છે. બંગાળની અનઑફિશિયલ પાર્લામેન્ટ કહીને જે ગળીવાળા સાહેબોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે; જે ગળીવાળા સાહેબોએ લેફ્ટેનંટ ગવર્નર ગ્રાન્ટ સાહેબ ઉપર પણ લાઇબલ કેસ ચલાવવામાં બાકી રાખ્યું ન હતું; તે વેપારી સાહેબો સહેજમાં દબાઇ જાય તેવા ન હતા. બંકિમ બાબુએ તેમને કબજામાં રાખીને અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી છે; તેથીજ આ ઘટનાનું વર્ણન આટલા થોડા વિસ્તારપૂર્વક કર્યું છે.

આ પ્રમાણે જ્યારે બંકિમચંદ્રની ચારે બાજુએ ચાંચીઆ અને બદમાસો ફરતા હતા; જ્યારે પ્રબળ ગળીવાળા સાહેબો સાથે તેમને ઝગડો ચાલતો હતો; તે વખતે પણ તેઓ સ્થિરચિત્તે દુર્ગેશનંદિની નામની નવલકથા લખ્યેજ જતા હતા.

બંકિમ બાબુની બી. એલ. ની કાયદાની પરીક્ષા પસાર કર્યા પછી સને ૧૮૬૯ ની

૨૯મી નવેમ્બરે બહેરામપુરમાં બદલી થઈ. પ્હેલાં તો તેઓ કોઇની સાથે બહુ હળતા ભળતા ન હતા અને લોક પણ તેમની પાસે ઓછા આવતા જતા હતા; પણ અંતે તેમ નહોતું રહ્યું. બંકિમચંદ્ર સ્વભાવથીજ જરા આત્માભિમાની હતા તેથી તેમજ તેમનું તેજ જોઇને પણ લોક તેમનાથી દૂર રહેતા હતા. તેઓ પણ લોકોની પ્રીતિના ભૂખ્યા ન હતા; પણ બેએક વર્ષ ત્યાં રહ્યા બાદ તેઓ એવા તો લોકપ્રિય થયા, કે સામાન્યરીતે એવી લોકપ્રીતિ કોઇકનાજ નસીબમાં હોય છે. બંકિમચંદ્ર જ્યારે ૧૮૭૪ માં રજા લઇને બહેરામપુરથી વિદાય થયા ત્યારે તેમને ત્યાંજ રહેવા માટે લોકોએ બહુજ આગ્રહ કર્યો હતો. લગભગ દોઢસો વિનતિપત્ર તેમની પાસે આવ્યાં હતાં; પણ તેમનું સ્વાસ્થ્ય ખરાબ થઇ ગયુ હતું તેથી તેઓ ત્યાં ન રહી શક્યા. તેમની વિદાય પ્રસંગે દાન કરવા માટે ત્યાંના રહેવાસીઓએ લગભગ ૫૦૦૦ રૂપીઆ એકઠા કર્યા હતા અને સાત દિવસ સુધી કંગાળ અને દુઃખીઓને અન્નવસ્ત્ર વહેંચવામાં આવ્યાં હતાં.

માત્ર દેશબંધુઓએજ તેમને રોકવાની ઇચ્છા નહોતી બતાવી; પણ મેજીસ્ટ્રેટ, કમિશ્નર વગેરે હાકેમોએ પણ તેમને બહેરામપુરમાં રાખવાનો ભારે પ્રયત્ન કર્યો હતો સન ૧૮૭૩ માં બંકિમે રજા માટે અરજી કરી. મેજીસ્ટ્રેટે કહ્યું " હું તમને કોઇ પણ રીતે છોડી શકું તેમ નથી." ત્યારે બંકિમે કમિશ્નર સાહેબને અરજી કરી અને કહ્યું–" સાહેબ ! મારી તબીયત ખરાબ થઇ ગઇ છે. મને ત્રણ માસની રજા આપો." કમિશ્નરે હસીને કહ્યું–" તમને હું તેમજ મેજીસ્ટ્રેટ છોડી શકીએ તેમ નથી. હા, તમારી ઇચ્છા હોય તો હું એટલી શરતે રજા આપું કે રજા પૂરી થયા પછી અહીંયાજ આવો. " બંકિમે કહ્યું–"મારી ઇચ્છા હવે અહીં આવવાની નથી. આપ જાણો છો કે અહીંની આબોહવા ખરાબ છે." કમિશ્નરે કહ્યું–" તો એક કામ કરો. તમે ખાસ રજા લો. " બંકિમે કહ્યું 'ખાસ રજા લેવાથી શું ? બે ચાર દિવસની રજા તો રસ્તામાંજ પૂરી થશે." કમિશ્નરે કહ્યું–" તમે ચાહો તેટલીવાર તેવી રજા માગો; હું કંઈપણ અડચણ સિવાય મંજુર કરી દઇશ.

બંકિમબાબુ સાહેબની કૃપા જોઇને મુગ્ધ થઇ ગયા અને જ્યાંસુધી બની શક્યું ત્યાંસુધી એક દિવસની પણ રજા લીધા સિવાય કામ કરતા રહ્યા; પણ જ્યારે અશક્ત થઇ ગયા ત્યારે ડૉક્ટરના પ્રમાણપત્ર સાથે તેમને રજા માગવી પડી. આ રજા ન આપવી એ કમિશ્નરના અધિકાર બહારની વાત હતી; તોપણ તેમણે અરજી દબાવી રાખી. અંતે બંકિમે ડેંપિયર સાહેબને પત્ર લખ્યો. ડેંપિયર સાહેબ તે વખતે લેફ્ટેનંટ ગવર્નરના સેક્રેટરી હતા. તેઓ બંકિમના ગુણ ઉપર મોહિત હોઇને તેમના પરમ મિત્ર હતા. ડેંપિયર સાહેબે બંકિમની રજા તરતજ મંજુર કરાવી આપી

બહેરામપુરમાં બંકિમ બાબુ બહુ સુખી હતા. ધન, જન, માન, પ્રતિષ્ઠા સર્વ

ોઈ પ્રાપ્ત હતું. અહીં આવ્યા પહેલાં તેમનીત્રણ નવલકથાઓ પ્રગટ થઇ ચૂકી ને તેમનો યશ પણ ઠીક ફેલાયો હતો. બહેરામપુરમાં બદલી થવા પહેલાં છ માસની રજા લઈને એકવાર દેશની મુસાફરી કરવા નીકળ્યા હતા. બનારસમાં જઈને લગભગ દોઢ માસ રહ્યા હતા. ત્યાં કોઈ બીજું કામ ન હતું. ફક્ત પોતાનાં છપાતાં પુસ્તકોના પ્રૂફ જોતા હતા. તે પછી પાછા બંકિમબાબુ બહેરામપુર ગયા હતા. ત્યાં બહુ દિવસ સુધી રહ્યા. ત્યાં એક બે ઘટનાઓથી બંકિમબાબુને જે કેટલુંક કષ્ટ ઉઠાવવું પડ્યું હતું: તેમાંની એક ઘટના કર્નલ ડફિનવાળી આગળ લખવામાં આવી છે. બીજી ઘટના નીચે પ્રમાણે હતી.

એ પ્રસંગે બંકિમની માતા સ્વર્ગવાસી થયાં હોવાથી તેઓ ખુલ્લે પગે અને ખુલ્લે શરીરે માત્ર ખેસજ નાખીને બે એક દિવસ કચેરીમાં ગયા અને તે પછી રજા લઇને ઘેર ગયા. તે વખતે ઇ. આઇ. આરની લુપ લાઇન ખુલી ચૂકી હતી; પણ આજમગંજ યા લાલ ગોલાની લાઇન નહોતી થઇ. આથી બંકિમને નલહાટી સ્ટેશને જઇને ગાડીએ બેસવું પડ્યું. આ પ્રસંગે તેમને એક મુશ્કેલી સામે થવું પડ્યું. બંકિમે ગાડીમાં પેસતાંજ જોયું કે બે અંગ્રેજ દારૂ પીતા હતા. પાછા ઉતરીને બીજે બેસવાનો વખત ન હતો, અને વળી બીજા વર્ગનો બીજો ડબ્બો પણ ન હતો. આથી લાચાર થઇને તેઓ તેજ ડબ્બામાં બેસી રહ્યા.

સાહેબોએ જોયું કે એક ખુલ્લા પગવાળો અને ખુલ્લા શરીરવાળો બંગાળી ગાડીમાં ચઢી બેઠો છે! તેઓ સમજ્યા કે આ દેશી માણસ ભૂલથી આ ડબ્બામાં ચઢી બેઠો હશે. તેઓ "ઉતર, ઉતર" કહીને બૂમ મારવા લાગ્યા. આગગાડી તે વખતે પૂર જોસમાં ચાલતી હતી. બંકિમે જાણ્યું કે સાહેબો બેમદભ છે. તેમની સાથે એક નોકર હતો, તે પણ ત્રીજા વર્ગના ડબ્બામાં હતો. બે દારૂના નિશામાં ચકચૂર અંગ્રેજોના મુકાબલામાં ક્ષીણકાય, દુર્બળ બંકિમચંદ્ર એકલાજ હતા; છતાં તેઓ બિલકુલ દબાયા નહિ. દબાવું એ તો તેમના સ્વભાવથીજ વિરુદ્ધ હતું. સ્પષ્ટ અને શુદ્ધ અંગ્રેજીમાં બંકિમે અંગ્રેજોને કહ્યું—"ચાલતી ગાડીએ કેવી રીતે ઉતરાય, તે તો તમેજ પહેલા ઉતરીને બતાવો." સાહેબોએ જોયું કે આ દેશી તો બહુ અંગ્રેજી જાણે છે. બંકિમ તેમના તરફ કટાક્ષપૂર્ણ આંખે જોઇને તીવ્ર ભાષામાં તેમની ઝટકણી કાઢવા લાગ્યા; ત્યારેજ એ સાહેબ લોક ચૂપ થયા. એટલામાં આગળનું સ્ટેશન આવી પહોંચતાં બંકિમ બાબુ પ્રથમ વર્ગના ડબ્બામાં જઇને બેઠા. ત્યારથી તેઓ બીજા વર્ગમાં મુસાફરી નહોતા કરતા. તેઓ કહેતા કે 'બીજા વર્ગમાં હલકી કોટિના અંગ્રેજો મુસાફરી કરે છે. માટે આપણા લોકોએ પોતાની મર્યાદા અને પ્રતિષ્ઠા જાળવવામાટે પ્રથમ વર્ગમાં અથવા તો ઇન્ટર વર્ગમાં મુસાફરી કરવી જોઇએ.'

ઇ. ૧૮૭૨ ના વૈશાખ મહીનામાં બંકિમે 'બંગદર્શન' માસિકપત્ર કાઢ્યું.

૨૯મી નવેમ્બરે બહેરામપુરમાં બદલી થઈ. પહેલાં તો તેઓ કોઇની સાથે બહુ હળતા ભળતા ન હતા અને લોક પણ તેમની પાસે ઓછા આવતા જતા હતા; પણ અંતે તેમ નહોતું રહ્યું. બંકિમચંદ્ર સ્વભાવથીજ જરા આત્માભિમાની હતા તેથી તેમજ તેમનું તેજ જોઇને પણ લોક તેમનાથી દૂર રહેતા હતા. તેઓ પણ લોકોની પ્રીતિના ભૂખ્યા ન હતા; પણ બેએક વર્ષ ત્યાં રહ્યા બાદ તેઓ એવા તો લોકપ્રિય થયા, કે સામાન્યરીતે એવી લોકપ્રીતિ કોઇકનાજ નસીબમાં હોય છે. બંકિમચંદ્ર જ્યારે ૧૮૭૪ માં રજા લઇને બહેરામપુરથી વિદાય થયા ત્યારે તેમને ત્યાંજ રહેવા માટે લોકોએ બહુજ આગ્રહ કર્યો હતો. લગભગ દોઢસો વિનતિપત્ર તેમની પાસે આવ્યાં હતાં; પણ તેમનું સ્વાસ્થ્ય ખરાબ થઇ ગયું હતું તેથી તેઓ ત્યાં ન રહી શક્યા. તેમની વિદાય પ્રસંગે દાન કરવા માટે ત્યાંના રહેવાસીઓએ લગભગ ૫૦૦૦ રૂપીઆ એકઠા કર્યા હતા અને સાત દિવસ સુધી કંગાળ અને દુઃખીઓને અન્નવસ્ત્ર વહેંચવામાં આવ્યાં હતાં.

માત્ર દેશબંધુઓએજ તેમને રોકવાની ઇચ્છા નહોતી બતાવી; પણ મેજીસ્ટ્રેટ, કમિશ્નર વગેરે હાકેમોએ પણ તેમને બહેરામપુરમાં રાખવાનો ભારે પ્રયત્ન કર્યો હતો. સન ૧૮૭૩ માં બંકિમે રજા માટે અરજી કરી. મેજીસ્ટ્રેટે કહ્યું "હું તમને કોઇ પણ રીતે છોડી શકું તેમ નથી." ત્યારે બંકિમે કમિશ્નર સાહેબને અરજી કરી અને કહ્યું—"સાહેબ! મારી તબીયત ખરાબ થઇ ગઇ છે. મને ત્રણ માસની રજા આપો." કમિશ્નરે હસીને કહ્યું—"તમને હું તેમજ મેજીસ્ટ્રેટ છોડી શકીએ તેમ નથી. હા, તમારી ઇચ્છા હોય તો હું એટલી શરતે રજા આપું કે રજા પૂરી થયા પછી અહીંયાજ આવો." બંકિમે કહ્યું—"મારી ઇચ્છા હવે અહીં આવવાની નથી. આપ જાણો છો કે અહીંની આબોહવા ખરાબ છે." કમિશ્નરે કહ્યું—"તો એક કામ કરો. તમે ખાસ રજા લો." બંકિમે કહ્યું 'ખાસ રજા લેવાથી શું? બે ચાર દિવસની રજા તો રસ્તામાંજ પૂરી થશે." કમિશ્નરે કહ્યું—"તમે ચાહો તેટલીવાર તેવી રજા માગો; હું કંઈપણ અડચણ સિવાય મંજુર કરી દઇશ.

બંકિમબાબુ સાહેબની કૃપા જોઇને મુગ્ધ થઇ ગયા અને જ્યાંસુધી બની શક્યું ત્યાંસુધી એક દિવસની પણ રજા લીધા સિવાય કામ કરતા રહ્યા; પણ જ્યારે અશક્ત થઇ ગયા ત્યારે ડૉક્ટરના પ્રમાણપત્ર સાથે તેમને રજા માગવી પડી. આ રજા ન આપવી એ કમિશ્નરના અધિકાર બહારની વાત હતી; તોપણ તેમણે અરજી દબાવી રાખી. અંતે બંકિમે ડેંપિયર સાહેબને પત્ર લખ્યો. ડેંપિયર સાહેબ તે વખતે લેફ્ટેનંટ ગવર્નરના સેક્રેટરી હતા. તેઓ બંકિમના ગુણ ઉપર મોહિત હોઇને તેમના પરમ મિત્ર હતા. ડેંપિયર સાહેબે બંકિમની રજા તરતજ મંજુર કરાવી આપી

બહેરામપુરમાં બંકિમ બાબુ બહુ સુખી હતા. ધન, જન, માન, પ્રતિષ્ઠા સર્વ

પ્રાપ્ત હતું. અહીં આવ્યા પછી તેમનાં [illegible] પ્રકટ થયું નહિ કે
ની સાથ પણ ઠીક ફેલાયો હતો. બહેરામપુરમાં આવી ત્યાં પછી [illegible] કેમ
ને એકવાર દેશની મુસાફરી કરવા નીકળ્યા હતા. [illegible] માર્ગે [illegible]
માસ રહ્યા હતા. ત્યાં કોઇ બીજું કામ ન હતું. [illegible]
જોના હતા. તે પછી બાબા બંકિમબાબુ મહેશપુર ગયા હતા. ત્યાં [illegible]
રહ્યા. ત્યાં એક બે ઘટનાઓથી બંકિમબાબુને [illegible]
: તેમાંની એક ઘટના [illegible] ઉલ્લેખ કરવામાં આવે છે. [illegible]
ના નીચે પ્રમાણે હતી.

એ પ્રસંગે બંકિમની માતા સ્વર્ગવાસી થયાં હોવાથી તેઓ ખુલ્લે પગે અને
ને શરીરે માત્ર પેશગી નાખીને એક દિવસ કચેરીમાં ગયા અને તે પછી
લઇને ઘેર ગયા. તે વખતે ઇ. આઇ. આરની લૂપ લાઇન ખુલી મૂકી હતી; પણ
જમગંજ યા લાલગોલાની લાઇન નહોતી થઇ. આથી બંકિમને નલહાટી સ્ટેશને
ઇને ગાડીએ બેસવું પડ્યું. આ પ્રસંગે તેમને એક મુશ્કેલી સામે થવું પડ્યું. બંકિમે
ડીમાં પેસતાંજ જોયું કે બે અંગ્રેજ દારૂ પીતા હતા. પાછા ઉતરીને બીજે બેસ-
નો વખત ન હતો, અને વળી બીજા વર્ગનો બીજો ડબ્બો પણ ન હતો. લાચારી
થઇને તેઓ તેજ ડબ્બામાં બેસી રહ્યા.

સાહેબોએ જોયું કે એક ખુલ્લા પગવાળો અને ખુલ્લા શરીરવાળો બંગાળી
ડીમાં ચઢી બેઠો છે! તેઓ સમજ્યા કે આ દેશી ભૂલથી [illegible]
બામાં ચઢી બેઠો હશે. તેઓ "ઉતર, ઉતર" કહીને બૂમ મારવા લાગ્યા.
અંગ્રેજી તે વખતે પૂર જોસમાં ચાલતી હતી. બંકિમે જાણ્યું કે સાહેબો બે જાણે છે.
ની સાથે એક નોકર હતો, તે પણ ત્રીજા વર્ગના ડબ્બામાં હતો. બે ઘાના
ડામાં ચકચૂર અંગ્રેજોના મુકાબલામાં ક્ષીણકાય, દુર્બળ બંકિમચંદ્ર એકલાજ હતા;
ાં તેઓ બિલકુલ દબાયા નહિ. દબાવું એ તો તેમના સ્વભાવથીજ વિરુદ્ધ હતું.
ટ અને સુંદર અંગ્રેજીમાં બંકિમે અંગ્રેજોને કહ્યું—"ચાલતી ગાડીએ કેવી રીતે
રાય, તે તો તમેજ પહેલા ઉતરીને બતાવો." સાહેબોએ જોયું કે આ દેશી તો
ઠ અંગ્રેજી જાણે છે. બંકિમ તેમના તરફ કટાક્ષપૂર્ણ આંખે જોઇને તીવ્ર ભાષામાં
ની ઝાટકણી કાઢવા લાગ્યા; ત્યારેજ એ સાહેબ લોક ચૂપ થયા. એટલામાં આગલુ
ટેશન આવી પહોંચતાં બંકિમ બાબુ પ્રથમ વર્ગના ડબ્બામાં જઇને બેઠા. ત્યારથી
ઓ બીજા વર્ગમાં મુસાફરી નહોતા કરતા. તેઓ કહેતા કે 'બીજા વર્ગમાં હલકી
ટિના અંગ્રેજો મુસાફરી કરે છે. માટે આપણા લોકોએ પોતાની મર્યાદા અને પ્રતિષ્ઠા
ળવવામાટે પ્રથમ વર્ગમાં અથવા તો ઇન્ટર વર્ગમાં મુસાફરી કરવી જોઇએ."

ઇ. ૧૮૭૨ ના વૈશાખ મહીનામાં બંકિમે 'બંગદર્શન' માસિકપત્ર કાઢ્યું.

બંગદર્શન નીકળ્યા બાદ એકવાર બંકિમ બાબુને સ્વર્ગસ્થ રમેશચંદ્ર દત્ત મળ્યા હતા. તેઓ કદાચ બહેરામપુરમાંજ મળ્યા હતા. રમેશ બાબુએ બંગદર્શન અને કપાલકુંડલા વાંચીને ખુશ થઈને કહ્યું હતું કે–"મને પહેલાં આવી ખબર ન હતી કે બંગાળી ભાષા આટલી ખુબીપૂર્વક લખી શકાય છે." તેના જવાબમાં બંકિમે કહ્યું હતું કે "બંગાળી ભાષાના સાહિત્ય ઉપર તમને આટલો બધો પ્રેમ છે તો તમે પણ બંગાળીમાં શામાટે લખતા નથી?" રમેશ બાબુએ કહ્યું–"હું તે બંગાળીમાં શું લખીશ! મેં જીવનભરમાં કદિ પણ બંગાળી લખ્યું નથી. લખવાની રીત પણ હું જાણતો નથી." બંકિમે કહ્યું–"લખવાની રીત વળી કેવી? તમારા જેવા શિક્ષિત પુરુષ જે પ્રમાણે લખશે તેજ રીત બની જશે."

થોડા દિવસ પછી બંકિમ બાબુએ ફરીથી એક પ્રસંગે રમેશબાબુને કહ્યું હતું "તમારી અંગ્રેજી રચના કદી સ્થાયી નહિ થઇ શકે. બીજા લોકો તરફ જુઓ. તમારો કાશ ગોવિંદચંદ્ર, શશીચંદ્ર અને મધુસૂદન દત્તની બંગાળીમાં લખેલી કવિતાઓ કદી નાશ પામશે નહિ. જ્યાંસુધી બંગાળી સાહિત્ય રહેશે ત્યાંસુધી તે અમર રહેશે."

આ વાતચીતને બે વર્ષ થયા પછી રમેશ બાબુની 'બંગવિજેતા' નામની નવલકથા પ્રગટ થઇ. ત્યાર બાદ માધવીકંકણ, સમાજ, સંસાર, રાજપૂત–જીવનસંધ્યા વગેરે જે ઉત્તમોત્તમ પુસ્તકો તેમણે પ્રગટ કર્યાં છે, તે સહજમાં નાશ થાય તેવાં નથી, ત્યારે તેમની 'લેઝ ઓફ એન્શિયંટ ઇન્ડિયા' (પ્રાચીન ભારતનાં પદો) ભૂલાતી જાય છે. 'ચેરી બ્લોસમ' અને શશીદત્તની 'વીઝન ઓફ સુમેરુ' (સુમેરુનું દશ્ય) તો લુપ્ત પણ થઇ ગયાં છે. મધુસૂદન દત્તની 'કેપ્ટીવ લેડી'નું પણ હવે કોઇ નામ નથી લેતું, પણ 'મેઘનાદ વધ' વાળી તેમની કૃતિ અમ્મર થઇ ચુકી છે.

બંકિમે પણ 'રાજમોહનની પત્ની' નામની એક વાર્તા અંગ્રેજીમાં લખી હતી; પણ તે પૂર્ણ કરવા પહેલાંજ તેમને પોતાની ભૂલ સમજાઇ જવાથી તેમણે તે પડતી મૂકી હતી અને દુર્ગેશનંદિની લખવી શરૂ કરી હતી.

'બંગદર્શન' ઇ૦ સ૦ ૧૮૭૫ સુધી પૂર્ણ તેજથી ચાલતું હતું. બંગદર્શનનો ડિક્લેરેશન બંકિમના પિતા યાદવચંદ્ર રાખતા હતા. તેમના ભાઇ સંજીવચંદ્ર છાપખાના ઉપર દેખરેખ રાખતા હતા; અને બંકિમ બાબુ સંપાદનનું કામ કરતા હતા. સન ૧૮૭૬ ના માર્ચ મહીનામાં બંકિમ બાબુની હુગલીમાં બદલી થઇ. કાંટાલપાડાથી હુગલી બહુ પાસે છે. એક દહાડો પણ રજા નહિ હોય. બંકિમબાબુ દર રવિવારે ત્યાં કામ કરવા જવા લાગ્યા, પણ આ ક્રમ થોડા દિવસ સુધીજ રહ્યો. ત્યાર બાદ ઇ૦ સ૦ ૧૮૮૩ ની શરૂઆતમાંજ કોઈ કારણથી બંકિમચંદ્રે બંગદર્શન બંધ કરી દીધું અને તેઓ સપરિવાર ચુંચડામાં રહેવા ગયા.

બંકિમ બાબુનું ધાર્મિક અને તત્ત્વજ્ઞાન સંબંધી વાંચન વિશાળ હતું. તેમની વય

વધતી ગઇ તેમ તેમ તેમના હૃદયમાં ધર્મભાવ પણ વધતો ચાલ્યો હતો. એક સમયે તેમની મોટી પુત્રી પ્રસવવેદનાથી અત્યંત દુઃખી થઇ રહી હતી; ત્યારે બંકિમ બાબુએ ઠાકુરમંદિરમાં પદ્માસનથી બેસીને ઉંડા હૃદયથી પ્રભુ પાસે તે દુઃખ ટાળવાની પ્રાર્થના કરી હતી. એકપ્રસંગે તેમના ઘરમાં એક બાળક એક કઠિન રોગથી પીડાઇને અત્યંત દુઃખી થતું હતું ત્યારે પણ બંકિમબાબુએ મોડી રાત સુધી જાગીને ભગવાનની આગળ પ્રાર્થના કરી હતી અને છેક પાછલી રાત્રે સુતા હતા. એ પછી સવારે ઉઠતાંજ તેમણે ભગવાનની મૂર્તિનું ચરણોદક લાવીને બાળકના મસ્તકપર લગાવ્યું હતું; અને બાળકનો રોગ જલદી મટી ગયો હતો. આ બનાવ પછી બંકિમબાબુના હૃદયમાં ધર્મભાવની જડ પાકી જામી ગઇ અને ભક્તિનું ઝરણું ખુલી ગયું. પ્રૌઢાવસ્થામાં એ ઝરણાએ એક નાની સરખી નદીનું રૂપ લીધું હતું; અને તે પાછલા જીવનમાં તે નાની નદી વિશાળ તરંગમયી ગંગારૂપે બની ગઇ હતી. એક ઘટનાનું વર્ણન કરવાથી પાઠકગણને એ બાબતનો પરિચય થશે.

દેહ છુટવા પહેલાં ત્રણ ચાર વર્ષ અગાઉ એકવાર બંકિમ બાબુ બહુજ બિમાર પડી ગયા હતા. વ્યાધિ એવો વિચિત્ર હતો કે તેમાં જ્વર યા બીજી કોઇ પીડા ન હતી; પણ દાંતોમાંથી લોહી વહ્યા કરતું હતું. થોડું નહિ પરંતુ પાશેર પાશેર સુધી લોહી કેટલીક વાર વહી જતું હતું. ઘરનાં માણસોએ એક જાણીતા યૂરોપીઅન ડૉક્ટરને તેડાવ્યા. સાહેબ આવ્યા. તેમની જાણમાં આવ્યું કે બંકિમબાબુ દરરોજ બહુ વાર સુધી ગીતાનો પાઠ કરતા રહે છે. ડૉક્ટરે કહ્યું કે ગીતાપાઠ બંધ કરવો પડશે અને વાતચીત પણ બહુજ ઓછી કરવી જોઇએ. બંકિમ બાબુ એ સાંભળીને હસી પડ્યા. તેમનું એ હસવું વ્યંગનું અથવા અહંકારનું ન હતું; પરંતુ ધર્મભાવજન્ય વિશુદ્ધ આનંદનું હતું. તેમના અડગ ધર્મવિશ્વાસનું એ હસવું હતું.

સાહેબ દવાનો નુસખો લખી આપીને ચાલ્યા ગયા. ઘરનો નોકર તે પ્રમાણે દવા લઇ આવ્યો. દવાની શીશી બંકિમબાબુની આગળ મૂકવામાં આવી; પરંતુ તેમણે તો શીશી ખોલીને બધી દવા પીકદાનમાં નાખી દીધી, અને ખૂબ હસી લઇને પછી ઉચ્ચ સ્વરથી ગીતાપાઠ ચાલુ કરી દીધો! ઘરનાં માણસોને તેમના માટે વધારે ચિંતા થવા લાગી અને બીજા લોકોએ પણ તેમનો ગીતાપાઠ છોડાવવાની બહુ કોશિશ કરી; પરંતુ તેમણે છેવટ સુધી ગીતાનો પાઠ બંધ કર્યો નહિ. એક દિવસે ડૉક્ટર મહેન્દ્રલાલ સરકાર તેમને જોવા આવેલા તેમણે પણ બહુજ સમજાવ્યા; પરંતુ બંકિમ બાબુ એ વિષયમાં તેમને કંઇ પણ ન કહેતાં કેવળ હસતાજ રહ્યા! છેવટે ડૉક્ટરે ખીજાઇને કહ્યું "તમે આત્મહત્યા કરી રહ્યા છો." બંકિમે કહ્યું "કેવી રીતે?"

ડૉ૦ સરકાર:—જો દવા ખાશ નહિ તો વૃથા પોતાનો જીવ ગુમાવે છે.

બંકિમ—કોણ કહે છે કે હું દવા નથી ખાતો?

બંગદર્શન નીકળ્યા બાદ એકવાર બંકિમ બાબુને સ્વર્ગસ્થ રમેશચંદ્ર દત્ત મળ્યા હતા. તેઓ કદાચ બહેરામપુરમાંજ મળ્યા હતા. રમેશ બાબુએ બંગદર્શન અને કપાલકુંડલા વાંચીને ખુશ થઈને કહ્યું હતું કે–"મને પહેલાં આવી ખબર ન હતી કે બંગાળી ભાષા આટલી ખુબીપૂર્વક લખી શકાય છે." તેના જવાબમાં બંકિમે કહ્યું હતું કે "બંગાળી ભાષાના સાહિત્ય ઉપર તમને આટલો બધો પ્રેમ છે તો તમે પણ બંગાળીમાં શામાટે લખતા નથી?" રમેશબાબુએ કહ્યું–"હું તે બંગાળીમાં શું લખીશ! મેં જીવનભરમાં કદિ પણ બંગાળી લખ્યું નથી. લખવાની રીત પણ હું જાણતો નથી." બંકિમે કહ્યું–"લખવાની રીત વળી કેવી? તમારા જેવા શિક્ષિત પુરૂષ જે પ્રમાણે લખશે તેજ રીત બની જશે."

થોડા દિવસ પછી બંકિમ બાબુએ ફરીથી એક પ્રસંગે રમેશબાબુને કહ્યું હતું "તમારી અંગ્રેજી રચના કદી સ્થાયી નહિ થઇ શકે. બીજા લોકો તરફ જુઓ. તમારાં કાકા ગોવિંદચંદ્ર, શશીચંદ્ર અને મધુસૂદન દત્તની બંગાળીમાં લખેલી કવિતાઓ કદી નાશ પામશે નહિ. જ્યાંસુધી બંગાળી સાહિત્ય રહેશે ત્યાંસુધી તે અમર રહેશે."

આ વાતચીતને બે વર્ષ થયા પછી રમેશ બાબુની 'બંગવિજેતા' નામની નવલકથા પ્રગટ થઇ. ત્યાર બાદ માધવીકંકણ, સમાજ, સંસાર, રાજપૂત–જીવનસંધ્યા વગેરે જે ઉત્તમોત્તમ પુસ્તકો તેમણે પ્રગટ કર્યાં છે, તે સહજમાં નાશ થાય તેવાં નથી, ત્યારે તેમની 'લેઝ ઓફ એન્શિયંટ ઇન્ડિયા' (પ્રાચીન ભારતનાં પદો) ભૂલાતી જાય છે. 'ચેરી બ્લૉસમ" અને શશીદત્તની 'વીઝન ઓફ સુમેરુ' (સુમેરુનું દૃશ્ય) તો લુપ્ત પણ થઇ ગયાં છે. મધુસૂદન દત્તની 'કેપ્ટીવ લેડી'નું પણ હવે કોઇ નામ નથી લેતું, પણ 'મેઘનાથ વધ' વાળી તેમની કૃતિ અમ્મર થઇ ચુકી છે.

બંકિમે પણ 'રાજમોહનની પત્ની' નામની એક વાર્તા અંગ્રેજીમાં લખી હતી; પણ તે પૂર્ણ કરવા પહેલાંજ તેમને પોતાની ભૂલ સમજાઇ જવાથી તેમણે તે પડતી મૂકી હતી અને દુર્ગેશનંદિની લખવી શરૂ કરી હતી.

'બંગદર્શન' ઇ૦ સ૦ ૧૮૭૫ સુધી પૂર્ણ તેજથી ચાલતું હતું. બંગદર્શનનો હિસાબકિતાબ બંકિમના પિતા યાદવચંદ્ર રાખતા હતા. તેમના ભાઇ સંજીવચંદ્ર છપાઇના કામપર દેખરેખ રાખતા હતા; અને બંકિમ બાબુ સંપાદનનું કામ કરતા હતા. સન ૧૮૭૬ ના માર્ચ મહીનામાં બંકિમ બાબુની હુગલીમાં બદલી થઇ. કાંટાલપાડાથી હુગલી બહુ પાસે છે. એક કલાકનો પણ રસ્તો નહિ હોય. બંકિમબાબુ ઘેર રહીનેજ ત્યાં કામ કરવા જવા લાગ્યા, પણ આ ક્રમ થોડા દિવસ સુધીજ રહ્યો. ત્યાર બાદ ઇ૦ સ૦ ૧૮૮૩ ની શરૂઆતમાંજ કોઈ કારણથી બંકિમચંદ્રે બંગદર્શન બંધ કરી દીધું અને તેઓ સપરિવાર ચંચુડામાં રહેવા ગયા.

બંકિમ બાબુનું ધાર્મિક અને તત્ત્વજ્ઞાન સંબંધી વાંચન વિશાળ હતું. તેમની વય

વધતી ગઈ તેમ તેમ તેમના હૃદયમાં ધર્મભાવ પણ વધતો જાતો હતો. એક સમયે તેમની મોટી પુત્રી પ્રસવવેદનાથી અત્યંત દુઃખી થઈ રહી હતી; ત્યારે બંકિમ બાબુએ ઠાકુરમંદિરમાં પદ્માસનથી બેસીને ઊંડા હૃદયથી પ્રભુ પાસે તે દુઃખ ટાળવાની પ્રાર્થના કરી હતી. બીજે પ્રસંગે તેમના ઘરમાં એક બાળક એક કઠિન રોગથી પીડાઈને અત્યંત દુઃખી થતું હતું ત્યારે પણ બંકિમબાબુએ મોડી રાત સુધી જાગીને ભગવાનની આગળ પ્રાર્થના કરી હતી અને ઊંઘ પાછલી રાત્રે સુતા હતા. એ પછી સવારે ઉઠતાંજ તેમણે ભગવાનની મૂર્તિનું ચરણોદક લાવીને બાળકના મસ્તકપર લગાવ્યું હતું; અને બાળકનો રોગ જલદી મટી ગયો હતો. આ બનાવ પછી બંકિમબાબુના હૃદયમાં ધર્મભાવના જડ પાકી જામી ગઈ અને ભક્તિનું ઝરણું ખુલી ગયું. પ્રૌઢાવસ્થામાં એ ઝરણાએ એક નાની સરખી નદીનું રૂપ લીધું હતું; અને તે પછીના જીવનમાં તે નાની નદી વિશાળ તરંગમયી ગંગારૂપે બની ગઈ હતી. એક ઘટનાનું વર્ણન કરવાથી પાઠકગણને એ બાબતનો પરિચય થશે.

દેહ છૂટવા પહેલાં ત્રણ ચાર વર્ષ અગાઉ એકવાર બંકિમ બાબુ બહુજ બિમાર પડી ગયા હતા. વ્યાધિ એવો વિચિત્ર હતો કે તેમાં જ્વર યા બીજી કોઈ પીડા ન હતી; પણ દાંતોમાંથી લોહી વહ્યા કરતું હતું. થોડું નહિ પરંતુ પાશેર પાશેર સુધી લોહી કેટલીક વાર વહી જતું હતું. ઘરનાં માણસોએ એક જાણીતા યૂરોપીઅન ડૉકટરને તેડાવ્યા. સાહેબ આવ્યા. તેમની જાણમાં આવ્યું કે બંકિમબાબુ દરરોજ બહુ વાર સુધી ગીતાનો પાઠ કરતા રહે છે. ડૉકટરે કહ્યું કે ગીતાપાઠ બંધ કરવો પડશે અને વાતચીત પણ બહુજ ઓછી કરવી જોઈએ. બંકિમ બાબુ એ સાંભળીને હસી પડ્યા. તેમનું એ હસવું વ્યંગનું અથવા અહંકારનું ન હતું; પરંતુ ધર્મભાવજન્ય વિશુદ્ધ આનંદનું હતું. તેમના અડગ ધર્મવિશ્વાસનું એ હસવું હતું.

સાહેબ દવાનો નુસખો લખી આપીને ચાલ્યા ગયા. ઘરનો નોકર તે પ્રમાણે દવા લઈ આવ્યો. દવાની શીશી બંકિમબાબુની આગળ મૂકવામાં આવી; પરંતુ તેમણે તો શીશી ખોલીને બધી દવા પીકદાનમાં નાખી દીધી, અને ખૂબ હસી લઈને પછી ઉચ્ચ સ્વરથી ગીતાપાઠ ચાલુ કરી દીધો! ઘરનાં માણસોને તેમના માટે વધારે ચિંતા થવા લાગી અને બીજા લોકોએ પણ તેમનો ગીતાપાઠ છોડાવવાની બહુ કોશિશ કરી; પરંતુ તેમણે છેવટ સુધી ગીતાનો પાઠ બંધ કર્યો નહિ. એક દિવસે ડૉકટર મહેન્દ્રલાલ સરકાર તેમને જોવા આવેલા તેમણે પણ બહુજ સમજાવ્યા; પરંતુ બંકિમ બાબુ એ વિષયમાં તેમને કંઈ પણ ન કહેતાં કેવળ હસતાજ રહ્યા! છેવટે ડૉકટરે ખીજાઈને કહ્યું "તમે આત્મહત્યા કરી રહ્યા છો." બંકિમે કહ્યું "કેવી રીતે?"

ડૉ૦ સરકાર:—જે દવા ખાય નહિ તે વૃથા પોતાનો જીવ ગુમાવે છે.

બંકિમ:—કોણ કહે છે કે હું દવા નથી ખાતો?

ડૉ૦ સરકારઃ—બાએ છો ? તમારી દવા ક્યાં છે ?

બંકિમે આંગળીવડે ગીતાનું પુસ્તક બતાવ્યું.

"તમને સમજાવવાનો પ્રયત્ન વૃથા છે." એમ કહીને ડૉક્ટર ચાલ્યા ગયા.

એ પછી બંકિમ બાબુનો રોગ થોડા દિવસ સુધી તો એટલો વધ્યો કે જીવવાની આશા પણ રહી ન હતી; પરંતુ પછી ધીરે ધીરે ગીતાપાઠથીજ× સાજા થઇ ગયા ! આવા બનાવો ઉપરથી કહી શકાય છે કે તેમના હૃદયમાં ભક્તિભાવરૂપી નદી મહાન વેગવાળી ગંભીર ગંગારૂપ બની ગઇ હતી. એ ભક્તિ ગંગાની લહેરોમાંથીજ આપણને કૃષ્ણચરિત્ર અને ધર્મતત્ત્વ જેવાં ગ્રંથરત્ન વાંચવા મળ્યાં છે. સાથે એવા બનાવો ઉપરથી એવું પણ શિક્ષણ મળે છે કે જ્યાંસુધી માણસનું ધર્મ જ્ઞાન સ્વલ્પ અથવા અધુરૂં હોય છે ત્યાંસુધી તો તે અહંકાર ને નાસ્તિકતાજ ઉત્પન્ન કરે છે; અને પછી જેમ જેમ એ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ માનવહૃદય નિરભિમાન અને આસ્તિક બનતું ચાલે છે.

બંકિમ બાબુ હુગલીમાં પાંચ વર્ષ રહ્યા એ દરમીયાન તેમને પ્રતિષ્ઠા અને ધન પૂરતાં પ્રાપ્ત થયાં. હુગલીના કલેક્ટર સાહેબ આખા જીલ્લાનું કામ બંકિમ બાબુ ઉપર નિશ્ચિંતપણે મૂકતા હતા. ડિવીઝન કમિશ્નરે બંકિમચંદ્રના કામથી ખુશ થઇ તેમને પોતાના ખાસ મદદગાર (પર્સનલ એસિસ્ટંટ) બનાવ્યા હતા. લેફ્ટેનંટ ગર્વનર એડન સાહેબે બંકિમ બાબુની ભલામણથી તેમના નાનાભાઇ પૂર્ણચંદ્રને ડેપ્યુટી કલેક્ટરનું પદ આપ્યું હતું. પુસ્તકોના વેચાણની પણ ઠીક આવક થતી હતી. તેમનું વહાલું બંગ-દર્શન પાછું ફરીથી નીકળવા માંડયું હતું. કમલાકાંતના પત્ર, રાજસિંહ, મુચીરામ ગૌડનું જીવનચરિત્ર, કમલાકાંતની જુબાની, આનંદમઠ, વગેરે ગ્રંથો એક પછી એક લખાતા ગયા અને બંગદર્શનમાં પ્રગટ થતા ગયા. બંગદર્શનમાં 'આનંદમઠ' પ્રગટ થયા પહેલાં થોડા દિવસે બંકિમ બાબુ હુગલી છોડીને આવ્યા હતા.

બંકિમ બાબુ સરકારી નોકરતરીકે પણ કેવા નિડર અને મજબૂત મનના હતા તે નીચલો બનાવ દર્શાવી આપે છે.

ઇ૦ સ૦ ૧૮૮૧ માં બંકિમ બાબુની નોકરી હાવરામાં હતી. એ સમયે મિ. બકલેંડ કરીને કલેક્ટર હતા. એ સાહેબ બંકિમ બાબુ ઉપર બહુ નાખુશ રહેતા; કેમકે બંકિમ બાબુ પોલીસે ચલાવેલા કેસોમાં આરોપીઓને મોટે ભાગે છોડી દેતા હતા. આવી એક ઘટનાની હકીકત નીચે આપવામાં આવે છે.

એક પ્રસંગે હાવરા મ્યુનિસિપાલિટીએ અંગ્રેજીમાં નોટીસ કાઢી કે કોઇએ પણ કામ્બ્યુસ્ટીબલ પદાર્થોથી પોતાનું ઘર છાવવું નહિ, નહિ તો સજા કરવામાં આવશે. આ

× શ્રદ્ધાવાન ભક્ત હૃદય આવી રીતે પણ આરોગ્ય પ્રાપ્ત કરી શકે, એમાં કંઇજ સંશય નથી. સંપાદક

નોટીસનું ભાષાન્તર મ્યુનિસિપાલીટીના એક અંગ્રેજ સેક્રેટરીને હાથે તૈયાર થઇ આખા શહેરમાં વહેંચવામાં આવ્યું હતું. તે અંગ્રેજે ઇન્ફ્લેમેબલ શબ્દનો અર્થ બંગાળીમાં જ્વલીય (સળગી ઉઠે એવું) લખવાને બદલે ''જલીય'' (પ.ણીવાળું) એવો લખ્યો હતો.

આ 'જલીય' શબ્દે એક વૃદ્ધ બાઇને પોતાના સપાટામાં લીધી. તે ભિખારીની એક નાની સરખી ઝુંપડી ઘાસ પાંદડાંથી છાવેલી હતી. લખવા વાંચવાનું તો એ ડોશી જાણતી જ નહતી. નોટીસ નીકળ્યાનું સાંભળીને એક બહેધા માણસને પૂછ્યાં તે વેઠીયા ઢોર જેવા માણસે તેને સમજાવ્યું હતું કે પાણીવાળા પદાર્થોથી ઝુંપડી છાવવી જોઇએ નહિ. ડોશીમાને એથી શાંતિ વળી હતી. કેમકે તેમની ઝુંપડી ઘાસ પાનથીજ છાવેલી હતી.

થોડા દિવસમાં મ્યુનિસિપાલીટીના માણસોએ તે ડોશી ઉપર ફરીઆદ માંડી. ચેરમેન સાહેબે તે એંશી પંચાશી વર્ષની ડોશીને ફોજદારી કોર્ટમાં મોકલી આપી. જીલ્લા મેજીસ્ટ્રેટે મુકદ્દમો બંકિમબાબુની કોર્ટમાં મોકલી આપ્યો. બંકિમ બાબુને જણાઇ ગયું કે ડોશીને વ્યર્થ સતાવવામાં આવી છે. જે નોટીસનો અર્થ મ્યુનિસિપાલીટીના સેક્રેટરીની સમજમાં ન આવ્યો તેનો અર્થ ભિખારી આ ડોશી કેવી રીતે સમજી શકે! બંકિમ બાબુએ ડોશીને છોડી દઇ ફેંસલામાં લખ્યું કે નોટીસની મતલબ સમજાતી નથી; તેથી નોટીસને અપૂર્ણ સમજીને આરોપીને છોડી દઉં છું. ડોશી બંકિમ બાબુને આશીર્વાદ દેતી દેતી પોતાને ઘેર ગઇ.

ડોશીને છોડી મૂકવાની ખબર સાંભળીને જીલ્લા મેજીસ્ટ્રેટ બકલેંડ સાહેબના ગુસ્સાનો પાર રહ્યો નહિ. બંકિમ બાબુના જજમેંટ ઉપર તેણે લખ્યું કે ''બંકિમ બાબુના બંગાળી ભાષાના અભિમાને ફેંસલાને ફેરવી નાખ્યો છે.''

ઉપલો શેરો વાંચીને બંકિમ બાબુને પણ ક્રોધ ચડ્યો. તેમણે સ.હેબને લખ્યું કે '' તમે મારા ઉપરિ નથી, માટે મારા ફેંસલાપર ચર્ચા કરવાનો તમને કાંઇજ અધિકાર નથી, માટે એ વિષે કાંતો તમારે એક મહિનાની અંદર મારી ક્ષમા માગવી અથવા તો કેસના સર્વ કાગળો કમિશ્નર તરફ મોકલી આપવા.''

મહીનો વીતી ગયો પણ બકલેંડ સાહેબે ક્ષમા પણ માગી નહિ તેમ કેસના કાગળ પણ કમિશનર તરફ મોકલ્યા નહિ. પછી કમિશનરનું હાવરામાં આવવું થતાં બંકિમ બાબુએ તેની મુલાકાત લઇને સર્વ હકીકત કહી સંભળાવી.

આ તરફ જીલ્લા મેજીસ્ટ્રેટને ઉપલી બીના તેના એક માણસદ્વારા મળી ગઇ. જીલ્લા મેજીસ્ટ્રેટ હજી નવોસવો અને કામચલાઉ તરીકેજ નિમાયલો હતો. તેને સમજાઇ ચૂક્યું હતું કે જજમેન્ટ ઉપર અભિપ્રાય લખવામાં તેણે અનુચિત કર્યું છે; પરંતુ આ વાતની તો તેને કલ્પના પણ નહોતી આવી કે એક દેશી ડેપ્યુટી આટલી હદ સુધી જશે! બંકિમને મળીને નિકાલ લાવવાના હેતુથી સાહેબે પોતાના શિરસ્તેદારને કહ્યું, કે

ડૉ૦ સરકારઃ—ખાઓ છો ? તમારી દવા કયાં છે ?

બંકિમે આંગળીવડે ગીતાનું પુસ્તક બતાવ્યું.

"તમને સમજાવવાનો પ્રયત્ન વૃથા છે." એમ કહીને ડૉક્ટર ચાલ્યા ગયા.

એ પછી બંકિમ બાબુનો રોગ થોડા દિવસ સુધી તો એટલો વધ્યો કે જીવવાની આશા પણ રહી ન હતી; પરંતુ પછી ધીરે ધીરે ગીતાપાઠથીજ× સાજા થઇ ગયા! આવા બનાવો ઉપરથી કહી શકાય છે કે તેમના હૃદયમાં ભક્તિભાવરૂપી નદી મહાન વેગવાળી ગંભીર ગંગારૂપ બની ગઇ હતી. એ ભક્તિ ગંગાની લહેરોમાંથીજ આપણને કૃષ્ણચરિત્ર અને ધર્મતત્ત્વ જેવાં ગ્રંથરત્ન વાંચવા મળ્યાં છે. સાથે એવા બનાવો ઉપરથી એવું પણ શિક્ષણ મળે છે કે જ્યાંસુધી માણસનું ધર્મ જ્ઞાન સ્વલ્પ અથવા અધુરૂં હોય છે ત્યાંસુધી તો તે અહંકાર ને નાસ્તિકતાજ ઉત્પન્ન કરે છે; અને પછી જેમ જેમ એ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ માનવહૃદય નિરભિમાન અને આસ્તિક બનતું ચાલે છે.

બંકિમ બાબુ હુગલીમાં પાંચ વર્ષ રહ્યા એ દરમીયાન તેમને પ્રતિષ્ઠા અને ધન પૂરતાં પ્રાપ્ત થયાં. હુગલીના કલેક્ટર સાહેબ આખા જીલ્લાનું કામ બંકિમ બાબુ ઉપર નિશ્ચિંતપણે મૂકતા હતા. ડિવીઝન કમિશ્નરે બંકિમચંદ્રના કામથી ખુશ થઇ તેમને પોતાના ખાસ મદદગાર (પર્સનલ એસિસ્ટંટ) બનાવ્યા હતા. લેફ્ટેનંટ ગર્વનર એડન સાહેબે બંકિમ બાબુની ભલામણથી તેમના નાનાભાઇ પૂર્ણચંદ્રને ડેપ્યુટી કલેક્ટરનું પદ આપ્યું હતું. પુસ્તકોના વેચાણની પણ ઠીક આવક થતી હતી. તેમનું વહાલું બંગદર્શન પાછું ફરીથી નીકળવા માંડયું હતું. કમલાકાંતના પત્ર, રાજસિંહ, મુચીરામ ગૌડનું જીવનચરિત્ર, કમલાકાંતની જુબાની, આનંદમઠ, વગેરે ગ્રંથો એક પછી એક લખાતા ગયા અને બંગદર્શનમાં પ્રગટ થતા ગયા. બંગદર્શનમાં 'આનંદમઠ' પ્રગટ થયા પહેલાં થોડા દિવસે બંકિમ બાબુ હુગલી છોડીને આવ્યા હતા.

બંકિમ બાબુ સરકારી નોકરતરીકે પણ કેવા નિડર અને મજબૂત મનના હતા તે નીચલો બનાવ દર્શાવી આપે છે.

ઇ૦ સ૦ ૧૮૮૧ માં બંકિમ બાબુની નોકરી હાવરામાં હતી. એ સમયે મિ. બકલેંડ કરીને કલેક્ટર હતા. એ સાહેબ બંકિમ બાબુ ઉપર બહુ નાખુશ રહેતા; કેમકે બંકિમ બાબુ પોલીસે ચલાવેલા કેસોમાં આરોપીઓને મોટે ભાગે છોડી દેતા હતા. આવી એક ઘટનાની હકીકત નીચે આપવામાં આવે છે.

એક પ્રસંગે હાવરા મ્યુનિસિપાલિટીએ અંગ્રેજીમાં નોટીસ કાઢી કે કોઇએ પણ કામ્બ્યુસ્ટીબલ પદાર્થોથી પોતાનું ઘર છાવવું નહિ, નહિ તો સજા કરવામાં આવશે. આ

× શ્રદ્ધાવાન ભક્ત હૃદય આવી રીતે પણ આરોગ્ય પ્રાપ્ત કરી શકે, એમાં કંઇજ સંશય નથી. સંપાદક

નોટીસનું ભાષાંતર મ્યુનિસિપાલીટીના એક અંગ્રેજ સેક્રેટરીને હાથે તૈયાર થઇ આખા શહેરમાં વહેંચવામાં આવ્યું હતું. તે અંગ્રેજે કોમ્બ્યુસ્ટીબલ શબ્દનો અર્થ બંગાળીમાં જ્વલીય (સળગી ઉઠે એવું) લખવાને બદલે "જલીય" (પાણીવાળું) એવો કર્યો હતો.

આ 'જલીય' શબ્દે એક વૃદ્ધ સ્ત્રીને પોતાના સપાટામાં લીધી. તે બિચારીની એક નાની સરખી ઝુંપડી સુકાં પાંદડાંથી છાવેલી હતી. લખવા વાંચવાનું તો એ ડોશી જાણતીજ ન હતી. નોટીસ નીકળ્યાનું સાંભળીને એક ભણેલા માણસને પૂછતાં તે વેદીયા ઢોર જેવા માણસે તેને સમજાવ્યું હતું કે પાણીવાળા પદાર્થોથી ઝુંપડી છાવવી જોઇએ નહિ. ડોશીમાને એથી શાંતિ વળી હતી. કેમકે તેમની ઝુંપડી સુકાં પાનથીજ છાવેલી હતી.

થોડા દિવસમાં મ્યુનિસિપાલીટીના માણસોએ તે ડોશી ઉપર ફરીઆદ માંડી. ચેરમેન સાહેબે તે એંશી પંચાશી વર્ષની ડોશીને ફોજદારી કોર્ટમાં મોકલી આપી. જીલ્લા મેજીસ્ટ્રેટે મુકર્દમો બંકિમબાબુની કોર્ટમાં મોકલી આપ્યો. બંકિમ બાબુને જણાઇ ગયું કે ડોશીને વ્યર્થ સતાવવામાં આવી છે. જે નોટીસનો અર્થ મ્યુનિસિપાલીટીના સેક્રેટરીની સમજમાં ન આવ્યો તેનો અર્થ બિચારી આ ડોશી કેવી રીતે સમજી શકે! બંકિમ બાબુએ ડોશીને છોડી દઇ ફેંસલામાં લખ્યું કે નોટીસનો મતલબ સમજાતી નથી; તેથી નોટીસને અપૂર્ણ સમજીને આરોપીને છોડી દઉં છું. ડોશી બંકિમ બાબુને આશીર્વાદ દેતી દેતી પોતાને ઘેર ગઇ.

ડોશીને છોડી મૂકવાની ખબર સાંભળીને જીલ્લા મેજીસ્ટ્રેટ બકલેંડ સાહેબના ગુસ્સાનો પાર રહ્યો નહિ. બંકિમ બાબુના જજમેંટ ઉપર તેણે લખ્યું કે "બંકિમ બાબુના બંગાળી ભાષાના અભિમાને ફેંસલાને ફેરવી નાખ્યો છે."

ઉપલો શેરો વાંચીને બંકિમ બાબુને પણ ક્રોધ ચડ્યો. તેમણે સાહેબને લખ્યું કે "તમે મારા ઉપરિ નથી, માટે મારા ફેંસલાપર ચર્ચા કરવાનો તમને કાંઇજ અધિકાર નથી, માટે એ વિષે કાંતો તમારે એક મહિનાની અંદર મારી ક્ષમા માગવી અથવા તો કેસના સર્વ કાગળો કમિશ્નર તરફ મોકલી આપવા."

મહીનો વીતી ગયો પણ બકલેંડ સાહેબે ક્ષમા પણ માગી નહિ તેમ કેસના કાગળ પણ કમિશનર તરફ મોકલ્યા નહિ. પછી કમિશનરનું હાવરામાં આવવું થતાં બંકિમ બાબુએ તેની મુલાકાત લઇને સર્વ હકીકત કહી સંભળાવી.

આ તરફ જીલ્લા મેજીસ્ટ્રેટને ઉપલી બીના દેના એક માણસદ્વારા મળી ગઇ. જીલ્લા મેજીસ્ટ્રેટ હજી નવોસવો અને કામચલાઉ તરીકેજ નિમાયલો હતો. તેને સમજાઇ ચૂક્યું હતું કે જજમેન્ટ ઉપર અભિપ્રાય લખવામાં તેણે અનુચિત કર્યું છે; પરંતુ આ વાતની તો તેને કલ્પના પણ નહોતી આવી કે એક રેંથી ડેપ્યુટી આટલી હદ સુધી જશે! બંકિમને મનાવે નિષ્ફલ લાવવાના હેતુથી સાહેબે પોતાના શિરસ્તેદારને કહ્યું, કે

ડૉ૦ સરકારઃ—બાઓ છો ? તમારી દવા ક્યાં છે ?

બંકિમે આંગળીવડે ગીતાનું પુસ્તક બતાવ્યું.

" તમને સમજાવવાનો પ્રયત્ન વૃથા છે. " એમ કહીને ડૉક્ટર ચાલ્યા ગયા.

એ પછી બંકિમ બાબુનો રોગ થોડા દિવસ સુધી તો એટલો વધ્યો કે જીવવાની આશા પણ રહી ન હતી; પરંતુ પછી ધીરે ધીરે ગીતાપાઠથીજ× સાજા થઇ ગયા! આવા બનાવો ઉપરથી કહી શકાય છે કે તેમના હૃદયમાં ભક્તિભાવરૂપી નદી મહાન વેગવાળી ગંભીર ગંગારૂપ બની ગઇ હતી. એ ભક્તિ ગંગાની લહેરોમાંથીજ આપણને કૃષ્ણચરિત્ર અને ધર્મતત્ત્વ જેવાં ગ્રંથરત્ન વાંચવા મળ્યાં છે. સાથે એવા બનાવો ઉપરથી એવું પણ શિક્ષણ મળે છે કે જ્યાંસુધી માણસનું ધર્મ જ્ઞાન સ્વલ્પ અથવા અધુરૂં હોય છે ત્યાંસુધી તો તે અહંકાર ને નાસ્તિકતાજ ઉત્પન્ન કરે છે; અને પછી જેમ જેમ એ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ માનવહૃદય નિરભિમાન અને આસ્તિક બનતું ચાલે છે.

બંકિમ બાબુ હુગલીમાં પાંચ વર્ષ રહ્યા એ દરમીયાન તેમને પ્રતિષ્ઠા અને ધન પૂરતાં પ્રાપ્ત થયાં. હુગલીના કલેક્ટર સાહેબ આખા જીલ્લાનું કામ બંકિમ બાબુ ઉપર નિશ્ચિંતપણે મૂકતા હતા. ડિવીઝન કમિશ્નરે બંકિમચંદ્રના કામથી ખુશ થઇ તેમને પોતાના ખાસ મદદગાર (પર્સનલ એસિસ્ટંટ) બનાવ્યા હતા. લેફ્ટેનંટ ગવર્નર એડન સાહેબે બંકિમ બાબુની ભલામણથી તેમના નાનાભાઇ પૂર્ણચંદ્રને ડેપ્યુટી કલેક્ટરનું પદ આપ્યું હતું. પુસ્તકોના વેચાણની પણ ઠીક આવક થતી હતી. તેમનું વહાલું બંગદર્શન પણ ફરીથી નીકળવા માંડ્યું હતું. કમલાકાંતના પત્ર, રાજસિંહ, મુચીરામ ગૌડનું જીવનચરિત્ર, કમલાકાંતની જુબાની, આનંદમઠ, વગેરે ગ્રંથો એક પછી એક લખાતા ગયા અને બંગદર્શનમાં પ્રગટ થતા ગયા. બંગદર્શનમાં 'આનંદમઠ' પ્રગટ થયા પહેલાં થોડા દિવસે બંકિમ બાબુ હુગલી છોડીને આવ્યા હતા.

બંકિમ બાબુ સરકારી નોકરતરીકે પણ કેવા નિડર અને મજબૂત મનના હતા તે નીચેનો બનાવ દર્શાવી આપે છે.

ઈ૦ સ૦ ૧૮૮૧ માં બંકિમ બાબુની નોકરી હાવરામાં હતી. એ સમયે મિ. બકલેંડ કરીને કલેક્ટર હતા. એ સાહેબ બંકિમ બાબુ ઉપર બહુ નાખુશ રહેતા; કેમકે બંકિમ બાબુ પોલીસે ચલાવેલા કેસોમાં આરોપીઓને મોટે ભાગે છોડી દેતા હતા. આવી એક બનાવની હકીકત નીચે આપવામાં આવે છે.

એક પ્રસંગે હાવરા મ્યુનિસિપાલિટીએ અંગ્રેજીમાં નોટીસ કાઢી કે કોઇએ પણ કમ્પુરીન્સ રહાશેથી પોતાનું ઘર બાંધવું નહિ, નહિ તો જપ્ત કરવામાં આવશે. આ

× ભક્તિવાન સાચા હૃદય આવી રીતે પણ આરોગ્ય પ્રાપ્ત કરી શકે, એમાં કોઇજ સંદેહ નથી. સંપાદક

નોટીસનું ભાષાંતર મ્યુનિસિપાલીટીના એક અંગ્રેજ સેક્રેટરીને હાથે તૈયાર થઇ આવ્યું કોર્ટમાં રજુ કરવામાં આવ્યું હતું. તે અંગ્રેજે ઇન્ક્વીઝીશન શબ્દનો અર્થ બંગાળીમાં જરીપ (માપણી કરે એવું) સમજીને બદલે "જરીપ" (માપણીનું) એવો શબ્દ મૂક્યો.

આ 'જરીપ' શબ્દે એક જૂઠ ઓરીને પોતાના સપાટામાં લીધી. તે ભિખારીની એક નાની સરખી ઝુંપડી સુધાં બાંધકામ કાવેલી હતી. લખવા વાંચવાનું તો એ ડોશી જાણતીજ ન હતી. નોટીસ નીકળ્યાનું સાંભળીને એક ભલા માણસને પૂછતાં તે વેરીયા દેર જોવા માણસે તેને સમજાવ્યું હતું કે પાલિકાના પટાવાળા ઝુંપડી ભાંગી નાખશે નહિ. ડોશીમાને એથી શાંતિ વળી હતી. તેમજ તેમની ઝુંપડી સુધાં બાંધીજ કાવેલી હતી.

થોડા દિવસમાં મ્યુનિસિપાલીટીના માણસોએ તે ડોશી ઉપર ફરીયાદ માંડી. ચેરમેન સાહેબે તે એંશી પંચાશી વર્ષની ડોશીને ફોજદારી કોર્ટમાં મોકલી આપી. જીલ્લા મેજીસ્ટ્રેટે મુકદ્દમો બંકિમબાબુની કોર્ટમાં મોકલી આપ્યો. બંકિમ બાબુને જણાઈ ગયું કે ડોશીને વ્યર્થ સતાવવામાં આવી છે. જે નોટીસનો અર્થ મ્યુનિસિપાલીટીના સેક્રેટરીની સમજમાં ન આવ્યો તેનો અર્થ ભિખારી આ ડોશી કેવી રીતે સમજી શકે! બંકિમ બાબુએ ડોશીને છોડી દઇ ફેંસલામાં લખ્યું કે નોટીસની મતલબ સમજાતી નથી; તેથી નોટીસને અપૂર્ણ સમજીને આરોપીને છોડી દઉં છું. ડોશી બંકિમ બાબુને આશીર્વાદ દેતી દેતી પોતાને ઘેર ગઇ.

ડોશીને છોડી મૂકવાની ખબર સાંભળીને જીલ્લા મેજીસ્ટ્રેટ બકલેંડ સાહેબના ગુસ્સાનો પાર રહ્યો નહિ. બંકિમ બાબુના જજમેંટ ઉપર તેણે લખ્યું કે "બંકિમ બાબુના બંગાળી ભાષાના અભિમાને ફેંસલાને ફેરવી નાખ્યો છે."

ઉપલો શેરો વાંચીને બંકિમ બાબુને પણ ક્રોધ ચડ્યો. તેમણે સાહેબને લખ્યું કે "તમે મારા ઉપરિ નથી, માટે મારા ફેંસલાપર ચર્ચા કરવાનો તમને કાંઇજ અધિકાર નથી, માટે એ વિષે કાંતો તમારે એક મહિનાની અંદર મારી ક્ષમા માગવી અથવા તો કેસના સર્વ કાગળો કમિશ્નર તરફ મોકલી આપવા."

મહીનો વીતી ગયો પણ બકલેંડ સાહેબે ક્ષમા પણ માગી નહિ તેમ કેસના કાગળ પણ કમિશનર તરફ મોકલ્યા નહિ. પછી કમિશનરનું હાવરામાં આવવું થતાં બંકિમ બાબુએ તેની મુલાકાત લઇને સર્વ હકીકત કહી સંભળાવી.

આ તરફ જીલ્લા મેજીસ્ટ્રેટને ઉપલી બીના તેના એક માણસદ્વારા મળી ગઇ. જીલ્લા મેજીસ્ટ્રેટ હજી નવોસવો અને કામચલાઉ તરીકેજ નિમાયલો હતો. તેને સમજાઇ ચૂક્યું હતું કે જજમેન્ટ ઉપર અભિપ્રાય લખવામાં તેણે અનુચિત કર્યું છે; પરંતુ આ વાતની તો તેને કલ્પના પણ નહોતી આવી કે એક દેશી ડેપ્યુટી આટલી હદ સુધી જશે! બંકિમને મળીને નિકાલ લાવવાના હેતુથી સાહેબે પોતાના શિરસ્તેદારને કહ્યું, કે

બપોર પછી બંકિમ બાબુ ઘેર જવા નીકળે ત્યારે મને ખબર આપજે. શિરસ્તેદારે તે પ્રમાણે કર્યું અને બંકિમ બાબુના ઘર તરફ જવાના સમયે સાહેબ તેમની પાસે પહોંચી ગયા. બંકિમ સાથે તેમણે નીચે પ્રમાણે વાતચીત કરી.

બકલેંડ:—બંકિમ બાબુ! તમે જાણો છો કે વાર્ષિક રિપોર્ટમાં મેં તમારે માટે શું લખ્યું છે?

બંકિમ:—જીલ્લા મેજીસ્ટ્રેટ પોતાના રિપોર્ટમાં મારે માટે શું લખે છે તે જોવાની મને અગત્ય નથી.

બકલેંડ:—મેં તમારી બહુ પ્રશંસા કરી છે.

બંકિમ:—તે જાણવાની મને પરવા નથી.

સાહેબ જરા મુંઝાયા. આવા આકરા જવાબોની તેમણે આશા રાખી ન હતી. બંકિમના કહેવામાં ધન્યવાદ અથવા કોમળતાનો ભાવ જરા પણ તેમણે જોયો નહિ.

બીજો ઉપાય ન જણાવાથી સાહેબે સ્પષ્ટ ભાષામાં કહ્યું કે બંકિમ બાબુ! જજમેંટ ઉપરના મારા અભિપ્રાયથી નારાજ થઈને તમે કેસના કાગળ કમિશ્નર તરફ મોકલવાનું લખ્યું હતું; તે બાબતમાં મારૂં એમ કહેવું છે કે તમારો તે પત્ર તમે પાછો ખેંચી લો તો સારૂં.

બંકિમ:—તમે ક્ષમા નહિ માગો ત્યાંસુધી કદી પણ તે પત્ર ખેંચી નહિ લઉં.

બકલેંડ:—એટલું તો તમે સ્વીકારશો જ કે જીલ્લા મેજીસ્ટ્રેટનો અમુક મોભો હોય છે.

બંકિમ:—મોભો જરૂર હોય છે; પરંતુ સર્વ કોઈ તે જાળવવા નથી માગતા.

બકલેંડ:—ઠીક, બંકિમ બાબુ એક કામ કરો, હું મારો અભિપ્રાય પાછો ખેંચું અને તમે તમારો પત્ર પાછો ખેંચી લો.

બંકિમ બાબુ એથી રાજી થયા. સાહેબે પોતાના અભિપ્રાય નીચે લખ્યું કે હું ઉપર લખેલા શબ્દો માટે દીલગીર છું અને તે પાછા ખેંચી લઉં છું.

બંકિમ બાબુએ પણ પોતાનો પત્ર ખેંચી લીધો. આ સમયથી બંને વચ્ચે મૈત્રી બંધાઈ. બકલેંડ સાહેબ બંકિમ બાબુ તરફ સદા શ્રદ્ધાની દૃષ્ટિથી જોતા, અને છેવટ સુધી તેમના હિતૈષી થઈ રહ્યા. તેમણે પોતાના પ્રસિદ્ધ ગ્રંથ "બેંગાલ અંડર ધી લેફ્ટેનંટ ગવર્નર્સ"માં બંકિમ બાબુનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે.

ઉપલા બનાવને લગતી હકીકત તે સમયના લેફ્ટેનંટ ગર્વનર સર એશલી ઈડનના કાન સુધી પણ પહોંચી હતી. તે ઉચ્ચ હૃદયના ગવર્નર એથી જરા પણ નારાજ ન થતાં ઉલટા બંકિમ બાબુ ઉપર ખુશ થયા હતા.

બંકિમ બાબુના દેવતુલ્ય પિતા યાદવચંદ્ર ઈ૦ સ૦ ૧૮૮૧ માં સ્વર્ગવાસી થયા. યાદવચંદ્ર દિવસનો ઘણો ભાગ પોતાની પૂજાના ઓરડામાં જ બાજઠ ઉપર બેસીને ગાળતા હતા. બંકિમ બાબુના 'બંગદર્શન' માસિકની વ્યવસ્થાનું કાર્ય પણ ત્યાં જ

ઓ!! બેઠા તેઓ બાળવતા. બાબ ધોતીના અંદર અંદરના કબજા પણ તેઓ એમ ઝબ્બો ભેગાને ભૂકતા હતા. તેમના જમણા હાથ તરફ એક પાટ અને તેના ઉપર એક ગાદીયો બીછાવેલો રહેતો. જે કોઇ સાધુ બાવળ આવતા તે તેનાપર બેસતા હતા. ડાબી બાજુએ એક બીજી પાટ બિછાવેલી રહેતી. તેના ઉપર અન્ય સારા માણસોને બેસાડવાનું ગોઠવ્યું હતું. યાદવચંદ્ર પોતાના બિછાના ઉપર ઘરનાં રમતિયાળ નાનાં બાળકો સિવાય બીજું કોઇ બેસતું નહિ. તેમના દીકરાઓ જ્યારે તેમની પાસે આવતા ત્યારે તેઓ ઘણે ભાગે ઉભાજ રહેતા અને પિતાની રજા થાય તોપણ કોઇક સંકોચની સાથે જુદા આસન ઉપરજ બેસતા હતા. બંકિમ બાબુને કદિ પણ કોઇએ તેમના પિતાની સામે ખુરશી ઉપર અથવા તો તેમની સાથે એક આસનપર બેઠેલા જોયા નથી.

એક વખત યાદવચંદ્રની તબીયત બહુ ખરાબ થઇ ગઇ હતી. તેઓ પલંગ-પર સુતા હતા. બંકિમે પોતાના પિતાની નાડી જોવાનો વિચાર કર્યો. યાદવચંદ્રની એક બાજુ ભીંત હતી. ભીંતને અડીને તેમનો પલંગ પાથર્યો હતો. પલંગ ઉપર પગ મૂક્યા વિના યાદવચંદ્રના શરીરને અડકવું અસંભવિત હતું. બંકિમબાબુ વિચાર-માં પડ્યા. પલંગપર પગ મુકાય તેમ ન હતું અને તકલીફ થાય એટલા માટે પિતાને પણ કહી શકતા ન હતા. અંતે એક બાજુનું બિછાનું વાળી લઇને પગ પલંગ ઉપર રાખીને તેમણે પિતાની નાડી જોઇ. પિતાના પલંગને, અને પિતાની વપરાશની ચીજોને તે પવિત્ર સમજતા હતા. પિતાના ઓરડામાં કોઇ દિવસ જોડા પહેરીને જતા ન હતા. પિતાના ઉપયોગની ચીજોને પોતે કદી વાપરતા નહિ.

બંકિમ માતા-પિતાના કેવા અનન્ય ભક્ત હતા તે બતાવવા માટે અહિં બીજી બે એક ઘટનાઓનો ઉલ્લેખ કરીએ છીએ. એક દિવસ બંકિમ પિતાજીને મળવા આવ્યા. આવીને ઓરડામાં ઉભા રહ્યા, યાદવચંદ્ર આ વખતે માથું નમાવીને બંગ-દર્શનનો હિસાબ લખતા હોવાથી બંકિમચંદ્રના આવ્યાની તેમને ખબર ન પડી. મરતા પહેલાં કેટલાંક વર્ષોથી તેઓ ઓછું સાંભળતા હતા. પગનો અવાજ સાંભળવો તો દૂર રહ્યો પણ પાસે ઉભા રહીને ધીરેથી બોલાવે તો તે પણ સાંભળી શકતા ન હતા. પિતૃભક્ત પુત્ર પિતાના કામમાં અડચણ કરતો નહિ. શિક્ષિત બંકિમ પિતાને જોરથી બોલાવવાની અસભ્યતા પણ નહોતા કરી શકતા. પિતાને મળવા આવીને એમને એમ પાછા જવું તે પણ બંકિમને ઠીક ન લાગ્યું; કેમકે એથી તો પિતા તરફ કંઇક અવજ્ઞાનો ભાવ દેખાય, કંઇક અધૈર્ય અને વિરક્તિનો ભાવ પ્રગટ થાય. બંકિમચંદ્ર એમને એમ ચૂપચાપ ઉભા રહ્યા. બહુ વાર થઇ ગઇ. એટલામાં યાદવ-ચંદ્રની એક વૃદ્ધ દાસી ત્યાં આવી. બંકિમને આમ વિચારમાં ગરક થયેલા જોઇને તે હસી પડી. તેણે જોરથી બૂમ પાડીને યાદવચંદ્રને બંકિમ આવ્યાની ખબર આપી ત્યારેજ

બપોર પછી બંકિમ બાબુ ઘેર જવા નીકળે ત્યારે મને ખબર આપજે. શિરસ્તેદારે તે પ્રમાણે કર્યું અને બંકિમ બાબુના ઘર તરફ જવાના સમયે સાહેબ તેમની પાસે પહોંચી ગયા. બંકિમ સાથે તેમણે નીચે પ્રમાણે વાતચીત કરી.

બકલેંડઃ—બંકિમ બાબુ! તમે જાણો છો કે વાર્ષિક રિપોર્ટમાં મેં તમારે માટે શું લખ્યું છે?

બંકિમઃ—જીલ્લા મેજીસ્ટ્રેટ પોતાના રિપોર્ટમાં મારે માટે શું લખે છે તે જોવાની મને અગત્ય નથી.

બકલેંડઃ—મેં તમારી બહુ પ્રશંસા કરી છે.

બંકિમઃ—તે જાણવાની મને પરવા નથી.

સાહેબ જરા મુંઝાયા. આવા આકરા જવાબોની તેમણે આશા રાખી ન હતી. બંકિમના કહેવામાં ધન્યવાદ અથવા કોમળતાનો ભાવ જરા પણ તેમણે જોયો નહિ.

બીજો ઉપાય ન જણાવાથી સાહેબે સ્પષ્ટ ભાષામાં કહ્યું કે બંકિમ બાબુ! જજમેંટ ઉપરના મારા અભિપ્રાયથી નારાજ થઇને તમે કેસના કાગળ કમિશ્નર તરફ મોકલવાનું લખ્યું હતું; તે બાબતમાં મારૂં એમ કહેવું છે કે તમારો તે પત્ર તમે પાછો ખેંચી લો તો સારૂં.

બંકિમઃ—તમે ક્ષમા નહિ માગો ત્યાંસુધી કદી પણ તે પત્ર ખેંચી નહિ લઉં.

બકલેંડઃ—એટલું તો તમે સ્વીકારશોજ કે જીલ્લા મેજીસ્ટ્રેટનો અમુક મોભો હોય છે.

બંકિમઃ—મોભો જરૂર હોય છે; પરંતુ સર્વ કોઇ તે જાળવવા નથી માગતા.

બકલેંડઃ—ઠીક, બંકિમ બાબુ એક કામ કરો, હું મારો અભિપ્રાય પાછો ખેંચું અને તમે તમારો પત્ર પાછો ખેંચી લો.

બંકિમ બાબુ એથી રાજી થયા. સાહેબે પોતાના અભિપ્રાય નીચે લખ્યું કે હું ઉપર લખેલા શબ્દો માટે દીલગીર છું અને તે પાછા ખેંચી લઉં છું.

બંકિમ બાબુએ પણ પોતાનો પત્ર ખેંચી લીધો. આ સમયથી બંને વચ્ચે મૈત્રી બંધાઇ. બકલેંડ સાહેબ બંકિમ બાબુ તરફ સદા શ્રદ્ધાની દૃષ્ટિથી જોતા, અને છેવટ સુધી તેમના હિતૈષી થઇ રહ્યા. તેમણે પોતાના પ્રસિદ્ધ ગ્રંથ "બેંગાલ અંડર ધી લેફ્ટેનંટ ગવર્નર્સ"માં બંકિમ બાબુનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે.

ઉપલા બનાવને લગતી હકીકત તે સમયના લેફ્ટેનંટ ગવર્નર સર એશ્લી ઇડનના કાન સુધી પણ પહોંચી હતી. તે ઉચ્ચ હૃદયના ગવર્નર એથી જરા પણ નારાજ ન થતાં ઉલટા બંકિમ બાબુ ઉપર ખુશ થયા હતા.

બંકિમ બાબુના દેવતુલ્ય પિતા યાદવચંદ્ર ઇ૦ સ૦ ૧૮૮૧ માં સ્વર્ગવાસી થયા. યાદવચંદ્ર દિવસનો ઘણો ભાગ પોતાની પૂજાના ઓરડામાંજ બાજઠ ઉપર બેસીને ગાળતા હતા. બંકિમ બાબુના 'બંગદર્શન' માસિકની વ્યવસ્થાનું કાર્ય પણ ત્યાંજ

બેઠા બેઠા તેઓ બજાવતા. ગામ લોકોના અંદર અંદરના કજીયા પણ તેઓ એજ સ્થળે બેસીને ચૂકવતા હતા. તેમના જમણા હાથ તરફ એક પાટ અને તેના ઉપર એક ગાલીચો બીછાવેલો રહેતો. જે કોઇ સાધુ બ્રાહ્મણ આવતા તે તેનાપર બેસતા હતા. ડાબી બાજુએ એક બીજી પાટ બિછાવેલી રહેતી. તેના ઉપર અન્ય સારા માણસોને બેસાડવાનું રાખ્યું હતું. યાદવચંદ્રના પોતાના બિછાના ઉપર ઘરનાં રમતિયાળ નાનાં બાળકો સિવાય બીજું કોઇ બેસતું નહિ. તેમના દીકરાઓ જ્યારે તેમની પાસે આવતા ત્યારે તેઓ ઘણે ભાગે ઉભાજ રહેતા અને પિતાની આજ્ઞા થાય તોપણ કંઇક સંકોચની સાથે જૂદા આસન ઉપરજ બેસતા હતા. બંકિમ બાબુને કદિ પણ કોઇએ તેમના પિતાની સામે ખુરસી ઉપર અથવા તો તેમની સાથે એક આસનપર બેઠેલા જોયા નથી.

એક વખત યાદવચંદ્રની તબીયત બહુ ખરાબ થઇ ગઇ હતી. તેઓ પલંગ-પર સુતા હતા. બંકિમે પોતાના પિતાની નાડી જોવાનો વિચાર કર્યો. યાદવચંદ્રની એક બાજુ ભીંત હતી. ભીંતને અડીને તેમનો પલંગ પાથર્યો હતો. પલંગ ઉપર પગ મૂક્યા વિના યાદવચંદ્રના શરીરને અડકવું અસંભવિત હતું. બંકિમબાબુ વિચાર-માં પડ્યા. પલંગપર પગ મુકાય તેમ ન હતું અને તકલીફ થાય એટલા માટે પિતાને પણ કહી શકતા ન હતા. અંતે એક બાજુનું બિછાનું વાળી લઇને પગ પલંગ ઉપર રાખીને તેમણે પિતાની નાડી જોઈ. પિતાના પલંગને, અને પિતાની વપરાશની ચીજોને તે પવિત્ર સમજતા હતા. પિતાના ઓરડામાં કોઇ દિવસ જોડા પહેરીને જતા ન હતા. પિતાના ઉપયોગની ચીજોને પોતે કદી વાપરતા નહિ.

બંકિમ માતા-પિતાના કેવા અનન્ય ભક્ત હતા તે બતાવવા માટે અમે બીજી બે એક ઘટનાઓનો ઉલ્લેખ કરીએ છીએ. એક દિવસ બંકિમ પિતાજીને મળવા આવ્યા. આવીને ઓરડામાં ઉભા રહ્યા, યાદવચંદ્ર આ વખતે માથું નમાવીને પંચ-દર્શનનો હિસાબ લખતા હોવાથી બંકિમચંદ્રના આવ્યાની તેમને ખબર ન પડી. મરતા પહેલાં કેટલાંક વર્ષોથી તેઓ ઓછું સાંભળતા હતા. પગનો અવાજ સાંભળવો તો દૂર રહ્યો પણ પાસે ઉભા રહીને ધીરેથી બોલાવે તો તે પણ સાંભળી શકતા ન હતા. પિતૃભક્ત પુત્ર પિતાના કામમાં અડચણ કરતો નહિ. શિક્ષિત બંકિમ પિતાને જોરથી બોલાવવાની અસભ્યતા પણ નહોતા કરી શકતા. પિતાને મળવા આવીને એમને એમ પાછા જવું તે પણ બંકિમને ઠીક ન લાગ્યું; કેમકે એથી તો પિતા તરફ કંઇક અવજ્ઞાનો ભાવ દેખાય, કંઇક અધૈર્ય અને વિરક્તિનો ભાવ પ્રગટ થાય. બંકિમચંદ્ર એમને એમ ચૂપચાપ ઉભા રહ્યા. બહુ વાર થઇ ગઇ. એટલામાં યાદવ-ચંદ્રની એક ૧૯ દાસી ત્યાં આવી. બંકિમને આમ વિચારમાં ગરક થયેલો જોઇને તે હસી પડી. તેણે જોરથી બૂમ પાડીને યાદવચંદ્રને બંકિમ આવ્યાની ખબર આપી ત્યારેજ

યાદવચંદ્રે માથું ઉચું કરીને જોયું અને બંકિમને સ્નેહપૂર્વક બેસવાની આજ્ઞા કરી.

બંકિમબાબુ જ્યારે પહેલ વહેલા નોકરી કરવા જેસોર ગયા, ત્યારે માતા અને પિતાના પગ ધોઇને ચરણોદક બે શીશીઓમાં ભરીને પોતાની સાથે લઇ ગયા હતા. બંકિમચંદ્ર યુવક છતાં પણ માતપિતાના આવા ભક્ત હતા.

સન ૧૮૮૨ માં જાજપુરમાં બંકિમબાબુ ૬ મહીના રહ્યા. જ્યારે તેઓ ત્યાંથી પાછા ફર્યા ત્યારે તેમની સાથે તેમના વચટ જમાઇ પણ હતા. તે વખતે ત્યાં રેલ્વે નહોતી થઇ. રસ્તો બહુજ ખરાબ હતો. વળી રસ્તામાં ચોર ડાકુનો પણ બહુ ડર હતો. એવે ભયવાળે રસ્તે બંકિમબાબુ પાલખીમાં બેસીને જતા હતા. તેમના જમાઈ બીજી પાલખીમાં બેઠા હતા. નોકર–ચાકર સરસામાન લઇને બીજે રસ્તેથી ગયા હતા. સાથે માત્ર બે માણસ હતા. તેઓ મશાલ લઇને પાલખીઓની સાથે ચાલતા હતા. રાત્રીનો સમય હતો. ચારે બાજુ શાંતિ હતી. ચંદ્ર પણ વાદળોમાં સંતાકુકડી ખેલતો ખેલતો જતો હતો. દિવસે ખૂબ વરસાદ વરસ્યો હતો.

રસ્તાની બન્ને બાજુ જંગલ હતું. તે વિશાળ વનની વચમાં બે મશાલના પ્રકાશમાં ભોઇ પાલખી ઉંચકીને જતા હતા. ટાઢ પણ ખુબ હતી. બંકિમ બાબુની પાલખી આગળ અને તેમના જમાઇની પાલખી પાછળ હતી.

બે પાલખીના સોળ ભોઇ હતા. પણ તેઓ ઉડીયા (ઉડીસા પ્રાંતના) હતા એટલે માટીનાં પુતળાંથીયે વધારે નકામા હતા. ભોઇ તેમની ધૂનમાં જાત જાતની વાતો કરતા ચાલતા હતા, તેવામાં એકાએક તેઓ ભડકી ઉઠયા. તેઓને તેમની સામે અને આજુબાજુ બહુજ માણસો દેખાયા. તેમણે ધાર્યું કે તેઓ લૂંટારા છે. ધીમે ધીમે અંદર અંદર વાત કરીને તેઓ અટકી પડયા; અને તરતજ પાલખી નીચે ઉતારી. તે વખતે બંકિમ બાબુની આંખમાં જરા ઉંઘ આવી હતી. પાલખી પૃથ્વીપર ટપકાતાંજ તેઓ જાગી ઉઠયા. તેમણે મોટા અવાજે કહ્યું–" શું થયું છે ? "

જવાબ કોણ આપે ? બીકણ ભોઈ લોકો તો નાસવા લાગ્યા હતા.

ભોઇઓ નાસી ગયા. મશાલવાળા બે માણસો પણ નાસી ગયા હતા. લૂંટારાઓએ આવીને તેમને ઘેરી લીધા. તેમના હાથમાં લાકડી સિવાય બીજું હથિયાર ન હતું.

બંકિમચંદ્રની પાલખીનું એક બાજુનું બારણું બંધ હતું. બીજી બાજુનું ખુલ્લું હતું. બંકિમે ડોકું બહાર કાઢીને જોયું તો દશ પંદર ડાકુઓએ બન્ને પાલખીને ઘેરી લીધી છે. તેઓ પાલખીમાંથી ઉતરીને રસ્તામાં ઉભા રહ્યા. સાંભળ્યું છે કે તેમના હાથમાં પણ એક લાકડી હતી. તેમણે લાકડી ઉઠાવીને સામેના ડાકુને સ્પષ્ટ ઉડિયા ભાષામાં કહ્યું–" જે આગળ આવશે તેને ઠાર મારીશ. " લૂંટારૂઓ ઉભા રહ્યા. બંકિમચંદ્ર તદ્દન નિર્ભય હતા. તે નિર્જન વનમાં વીસ લૂંટારાની સામે દુર્બળ નિઃસહાય બંકિમચંદ્ર સ્થિર વિકારશૂન્ય ભાવથી ઉભા રહ્યા હતા. ફરી પાછું તેમણે

નિર્ભયતાથી લૂટારાઓને કહ્યું–"તાકાત હોય તો આવી જાઓ" ડાકુ તેમનાથી બીધા, અને દૂર જઇને ઉભા રહ્યા.

આ વખતે મી. હૅસ્ટી સાથે બંકિમબાબુને ઘેર લેખિની-યુદ્ધ સ્ટેટ્સમેન પત્રમાં ચાલતું હતું. બન્નેના લખાણો લોકો આતુરતાથી વાંચતા હતા. એ લેખમાળાને લીધે સ્ટેટ્સમેનની એટલી ખપત વધી હતી કે કોઇ કોઇ દિવસે તો તે બે વાર છાપવું પડતું હતું. આ ઝગડો ઉભો થવાનું કારણ બહુજ સાધારણ હતું. તે દિવસોમાં હેસ્ટી સાહેબના હાથમાં કંઇ ખાસ કામકાજ ન હતું. તેથી તેમણે હિન્દુઓને અને તેમના ધર્મને ભલું બૂરું કહેવાનું શરૂ કર્યું. શોભા બજારના રાજભવનમાં એક માણસનું શ્રાદ્ધ હતું, એ તેમાં કારણભૂત થયું. મહારાજ કાલીકૃષ્ણ બહાદુરની માતાનું શ્રાદ્ધ ખૂબ ધામધૂમથી થયું હતું. તેને લગતા સભામંડપમાં બંગાળાના પ્રસિદ્ધ અને શ્રેષ્ઠ પુરુષો એકત્ર થયા હતા. આ સભામાં ૪૦૦૦ અધ્યાપક પંડિતો હતા. તે સભામંડપમાં રાજભવનના ઇષ્ટદેવ ગોપીનાથજીની મૂર્તિ ચાંદીના સિંહાસન ઉપર પધરાવવામાં આવી હતી. તે જોઇને હેસ્ટી સાહેબનો ક્રોધાગ્નિ સળગી ઉઠયો. ક્રોધને ન રોકી શકવાથી તેઓ હિંદુ ધર્મ ઉપર તીવ્ર વાગ્બાણ છોડવા લાગ્યા. તેમણે હિંદુધર્મવિરુદ્ધ લેખ પણ લખવા શરૂ કર્યા. બંકિમચંદ્ર જેવો વિદ્વાન અને ધાર્મિક પુરુષ આ કેમ કરીને સહન કરી શકે ? તેમણે રામચંદ્રના નામથી તેમના લેખોના સચોટ જવાબ આપવા શરૂ કર્યા. તેમની આ લેખમાળાથી તેમનું અગાધ પાંડિત્ય જણાઇ આવે છે. પોતાના લેખોના સચોટ જવાબ મળતા હૅસ્ટી સાહેબ તેના લેખકનું અસલ નામ જાણવાને આતુર થઇ રહ્યા હતા.

બંકિમચંદ્રની જાજપુરથી હાવરા બદલી થઇ. તે વખતે ઈ. વી. વેસ્ટ મૅકોટ સાહેબ હાવરામાં મેજીસ્ટ્રેટ હતા. થોડાજ દિવસમાં ઉક્ત સાહેબ સાથે બંકિમ બાબુને તકરાર થઇ. એક રેલ્વે સંબંધી મુકર્દમો બંકિમચંદ્રની કચેરીમાં મોકલવામાં આવ્યો. તે મુકર્દમાનું પરિણામ જાણવા માટે મેજીસ્ટ્રેટ સાહેબ અત્યંત ઉત્કંઠિત હતા. એક દિવસ તેમણે સાંભળ્યું, કે બંકિમચંદ્રે આરોપીને છોડી દીધો છે સાહેબને તે અસહ્ય થઇ પડયું. તેઓ બહુજ નારાજ થઇને બંકિમ બાબુની કચેરીમાં ગયા.

બંકિમબાબુ પાસે તે વખતે એક બીજો મુકર્દમો ચાલતો હતો. સાહેબને જોઇને બંકિમચંદ્ર ઉભા થયા નહિ તેમજ તેમની સાથે કંઇ બોલ્યા પણ નહિ. સાહેબે કોર્ટના માનની ખાતર ટોપી ઉતારી. ત્યાર બાદ પ્લૅટફૉર્મની નીચે ઉભા રહીને બંકિમચંદ્રને સંબોધીને કહ્યું:–

"બંકિમ બાબુ! રેલ્વેવાળા મુકર્દમામાં આપે આરોપીને છોડી દીધો ?"

બંકિમે એમને એમજ ખુરશી ઉપર બેઠા બેઠા કહ્યું "હા, તો—"

સાહેબ:—આપે આરોપીને સજા કરવી જોઇતી હતી.

બંકિમ:—આપ આવા શબ્દો ઉચ્ચારીને કોર્ટનું અપમાન કરી રહ્યા છો. અત્યારે હું મહારાણીનો પ્રતિનિધિ છું.

સાહેબ:—આપે ભૂલ કરી છે; તે આપને બતાવવી જોઇએ.

બંકિમચંદ્ર વધારે વાદવિવાદમાં ન ઉતરતાં સાહેબ વિરુદ્ધ તુમાર લખવા લાગ્યા. સાહેબે જાણ્યું કે આ તો ભારે આફત આવી ! જે કદી સાંભળ્યું નથી, જોયું નથી, તેજ કરવા એક હિંદુસ્તાની મેજીસ્ટ્રેટ તૈયાર થયો છે ! બુદ્ધિમાન અને કાયદો જાણનાર સાહેબ સમજી ગયા કે તેનું આ કામ નિયમવિરુદ્ધ થયું છે. તેમણે તરતજ માફી માગી લીધી. બંકિમે પણ તેમને માફી આપી.

બંકિમે પોતાના મનમાં ધાર્યું હતું કે સાહેબો સાથે ઝગડો કરતાં કરતાં સંભવ છે કે કોઈ દિવસ નોકરી છોડવી પડશે. તેથીજ કાયદાની પરીક્ષા આપીને વકિલાત કરવાનો રસ્તો તેમણે પોતાને માટે કરી રાખ્યો હતો.

ઝગડા બાદ બે ત્રણ મહીનામાંજ વેસ્ટમેકોટ સાહેબની બદલી થઇ. તેઓ જો વધારે દહાડા હાવરામાં રહ્યા હોત તો જરૂર બંકિમ બાબુને થોડું ઘણું હેરાન થવું પડત. સાહેબે થોડા હેરાન કર્યા પણ હતા. તે વખતે બંકિમચંદ્ર કલકત્તામાં રહેતા હતા. તેઓ હમેશાં કલકત્તાથી હાવરા જતા હતા. સાહેબે હુકમ કર્યો કે તેમણે હાવરામાંજ રહેવું. બંકિમચંદ્ર તેમાં સગવડ ન હોવા છતાંયે કંઇ બોલ્યા નહિ અને હાવરામાંજ રહેવા લાગ્યા.

બંકિમચંદ્રના હૃદયમાં કર્તવ્યજ્ઞાન બહુ પ્રબળ હતું. પોતાના પરિવારના પ્રસંગોનાં અથવા નોકરીનાં કામોમાં કોઇએ કદી પણ તેમને કર્તવ્યવિમુખ જોયા નથી. ઉદાહરણતરીકે અહીં એક વાત લખવામાં આવે છે. તેઓ પોતાના કોઇ સગાને દર મહીને કંઇક ધનની મદદ કરતા હતા. આવી મદદ તેમના તરફથી બહુ લોકોને મળતી હતી. જેને ખાવાપીવાની તંગી હોય, જેઓ અનાથ હોય, તેમને થોડા રૂપીઆ માસિક આપવા એ તેઓ પોતાનું કર્તવ્ય સમજતા હતા. જે સગાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેની તરફ બંકિમચંદ્રને બહુ તિરસ્કાર હતો. તેઓ તેને ઝેરથીયે ખરાબ સમજીને તેનાથી છેટા રહેતા હતા; તોપણ દર મહીને થોડી ધનની મદદ તો આપ્યાજ કરતા હતા. તે સગા તરફ બંકિમચંદ્રને એટલી ઘૃણા હતી કે કદી તેનું નામ પણ જીભથી નહોતા લેતા અને તેમની કલમથી પણ લખતા ન હતા. તેને જે ધન તેઓ આપતા હતા તેને માટે પણ હિસાબમાં તે સગાના નામને બદલે 'ફિઝુલ ખર્ચ' એવું લખતા હતા.

હાવરામાં બંકિમચંદ્રની ફરીથી બદલી થઇ. હવે તેઓ ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ થયા. માસિક પગાર રૂ. ૮૦૦) થયો. તે વખતે પુસ્તકોના વેચાણમાંથી પણ પૂરતી આવક થતી હતી. જીવનભરમાં તેમને પૈસાની તંગી નથી ભોગવવી પડી.

આગળ જતાં અલીપુરમાં બદલી થયા પછી એક વખત બંકિમચંદ્રની અદાલતમાં એક મુકર્દમો ચાલતો હતો. મુકર્દમો નજીવો—આબકારી કેસ—હતો. આબકારી-ખાતાએ મોકલેલો હતો. બંકિમચંદ્રે આરોપીને ગુનેગાર ઠરાવીને થોડો દંડ કર્યો. થોડા વખત પછી જીલ્લા મેજીસ્ટ્રેટ બેકર સાહેબે " દંડ ઓછો થયો છે. " એવો અભિપ્રાય જજમેંટ ઉપર લખ્યો. બંકિમે કહ્યું " બરાબર દંડ કરવામાં આવ્યો છે. એમ મને ખાત્રી છે. આસામી ગરીબ છે. એટલા રૂપીઆ આપતાં પણ તે હેરાન હેરાન થઇ જશે."

સાહેબે કહ્યું " પરંતુ ગુન્હા પ્રમાણેજ દંડ તો થવો જોઇએ."

બંકિમે કહ્યું "જનાબ, જ્યારે હું ન્યાયાધીશ થયો હતો ત્યારે આપતો પારણામાં હતા.

સાહેબ વચ્ચેથીજ અટકાવીને હસી પડયા અને ત્યાંથી ચાલ્યા ગયા. બીજો કોઈ અંગ્રેજ હોત તો બહુજ નારાજ થાત, પણ ઉદારહૃદય બેકર સાહેબે જરા પણ ખોટું ન લગાડયું.

એકવાર બીજી એક ઘટના થઈ હતી. ચોવીસપરગણાનાં રેવન્યુખાતાનું વાર્ષિક-સ્ટેટમેંટ નંબર ૧૦ આપવાનો વખત થઇ ગયો હતો. તે વખતે મહેસુલ ખાતું બંકિમચંદ્રના હાથમાં હતું. સ્ટેટમેંટ વખતસર તૈયાર ન થઇ શક્યું. અતે તાકીદનો હુકમ આવ્યો. બંકિમચંદ્રે તેની કંઇ પરવા ન કરી. તે માત્ર એટલુંજ જોતા હતા કે કામકરનારાઓ તૈયાર કરવાની બનતી મહેનત કરે છે કે નહિ. તે લોકોને તનતોડ મહેનત કરતા જોઇને બંકિમચંદ્ર નિશ્ચિંત રહ્યા. ક્રમશઃ બોર્ડ તરફથી, સરકાર તરફથી, એમ ચારે બાજુથી તાકીદ ઉપર તાકીદ થવા લાગી. બંકિમચંદ્રે જરા પણ નહિ ગભરાતાં કંઇ પણ જવાબ ન આપ્યો. અતે મેજીસ્ટ્રેટ સાહેબનું આસન ડોલ્યું. કહેવાય છે કે સરકાર તરફથી તેમના ઉપર તાકીદની ચિટ્ઠી આવી હતી. છેવટે બેકર સાહેબ બંકિમચંદ્રની કચેરીમાં ગયા અને પૂછ્યું "સ્ટેટમેંટ તૈયાર થઇ ગયું ? "

બંકિમ:— ના જી.

સાહેબ:— કેમ નથી થયું ?

બંકિમ:—અધિકારીઓ ખૂબ મહેનત કરીને કામ કરે છે. હું તેમને મારી નજ નાખી શકું.

સાહેબ ઉઠીને કામકરનારાઓની પાસે ગયા, અને આમ તેમ ફરતાં ફરતાં કામ જોવા લાગ્યા. જોઇને સંતુષ્ટ થયા અને કોઇને કંઇ પણ ન કહેતાં સરકારમાં લખી દીધું. બેકર સાહેબની દયા અને ન્યાયપરાયણતા બતાવવા માટેજ અહીં આ ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. સાથે સાથે એ પણ ઉદ્દેશ છે કે વાચક સમજી શકે કે બંકિમ બાબુ ડરપોક દેશી અમલદાર ન હતા, કે જેથી ઉપરિ અમલદારોથી દબાઈ જઈ પોતાના ભાઇઓ ઉપર જુલમ કરે.

અહીં બંકિમચંદ્રની ન્યાયાધીશતરીકેની રીતભાત વિષે થોડો ઉલ્લેખ કરવામાં આવે છે. બંકિમચંદ્રના એક સગાએ આ સંબંધમાં જે લખ્યું છે તેજ અહીં આપવામાં આવે છે. તે લખે છે કેઃ—

"બંકિમ બાબુ અલીપુરમાં હતા ત્યારે હું પણ કોઇ કોઇવાર તેમની કોર્ટનું કાર્ય જોવા જતો હતો. એક વખત હાઇકોર્ટમાંથી એક યૂરોપીઅનબેરિસ્ટર સાહેબ આવ્યા હતા, અને આરોપીના પક્ષનું સમર્થન કરતા હતા. બીજી બાજુના વકીલ તારકનાથ પાલિત હતા. તારક બાબુ બંકિમચંદ્રને સારી રીતે ઓળખતા હતા; પણ સાહેબ બહાદુર તદ્દન અજાણ્યા હતા. તેમણે ધાર્યું હશે કે એક દેશી ન્યાયાધીશ આગળ સાવધાનતાપૂર્વક બોલવાની કંઇ જરૂર નથી. તેઓ ટેબલપર હાથ પછાડીને, હાથથી જૂદી જૂદી રીતે ચાળા કરીને તથા મોંના હાવભાવ કરીને સાક્ષીને ગભરાવવા લાગ્યા. મેં જોયું કે બંકિમચદ્રનાં ભવાં ચઢી ગયાં હતાં, આંખોમાંથી અગ્નિ વરસતો હતો, હોઠ દાંતનીચે દબાવેલો હતો. હું સમજી ગયો કે મેઘ ગાજ્યા વિના નહિ રહે. તરતજ વજ્રપાત થયો. સાહેબે સાક્ષીને એક પ્રશ્ન પૂછ્યો. સાક્ષીના જવાબ આપતા પહેલાંજ બંકિમચંદ્ર એકદમ બોલી ઉઠયા— " સવાલ નકામો છે. "

સાહેબે આશ્ચર્યચકિત થઇને પૂછ્યું " નકામો ? "

બંકિમબાબુએ કહ્યું " બેશક નકામો ! "

બંકિમે તારક બાબુ તરફ જોઇને કહ્યું—"તારક બાબુ ! આપ તેની સાથે આપનો વખત નકામો ગુમાવશો નહિ."

આટલી નાની વાતથીજ સાહેબનું મોં લાલચોળ થઈ ગયું; પણ તેમણે વધારે વાદવિવાદ ન કર્યો. કદાચ તેઓ પોતાની ભૂલ સમજી ગયા હશે.

બંકિમ બાબુ થોડાજ શબ્દોમાં જેવો સખ્ત તિરસ્કાર કરતા હતા—થોડાજ શબ્દોમાં મહાન ઉપદેશ આપી દેતા હતા—એવો તિરસ્કાર અને ઉપદેશ બહુ ઓછા લોક કરી શકે છે. તેઓ નાનાં નાનાં કામ ઉપરથી દરેક માણસના વિષે અભિપ્રાય બાંધતા હતા. કોઇ કોઇવાર નાની નાની વાતોના આધારે મુકર્દમાનો પણ ફેંસલો આપતા હતા. તેમને એવો વિશ્વાસ હતો કે **નાનાં નાનાં કામોમાંથીજ માણસનો સાચો પરિચય મળી શકે છે.** કોઇ માણસની મોટી મોટી વાતો સાંભળીને અથવા તેને અમુક મોટા મંડળ કે કામમાં ભળેલો જોઇનેજ તેને મોટો ધારી લેવો ન જોઇએ.

આ વાતના ઉદાહરણતરીકે એક મુકર્દમાનો ઉલ્લેખ કરીએ છીએ. તેમની કચેરીમાં એક દિવસ એક સાધારણ મુકર્દમો રજુ થયો. એમાં પ્રતિવાદીના વકીલના પૂછવાથી સાક્ષીએ કહ્યું કે " મેં ચેક આપતાં જોયો હતો. " સાક્ષી નિરક્ષર અને નીચ જાતિનો હતો; પણ તે મુકર્દમો તેનીજ સાહેદી ઉપર આધાર રાખતો હતો. વકીલે બંકિમ બાબુને બહુ ચાલાકીપૂર્વક કહ્યું " હજુર, લખી લ્યો, સાક્ષીએ

ક આપતાં જોયો હતો. ”

હાકેમે વાત બરાબર સ્પષ્ટ કરવા માટે સાક્ષીને ફરીથી પૂછ્યું—“ તમે શું
પતાં જોયું હતું ? ”

સાક્ષી:—હજૂર, ચેક.

બંકિમ:—તમને કોઇએ આ વાત શીખવીને મોકલ્યા છે કે શું ?

સાક્ષી:—કોઇએ નહિ, હજૂર !

બંકિમ:—ચેક કોને કહે છે તે જાણો છો ?

સાક્ષી કંઇ જવાબ ન આપતાં વકીલ તરફ જોવા લાગ્યો.

હાકેમે ફરીથી પૂછ્યું—ચેક કોને કહે છે તે જાણો છો ?

સાક્ષી:—હજૂર, હું એટલું જાણું છું કે મહેસુલ ભર્યા પછી જમીનદાર ચેક આપે છે.

એટલે બંકિમ બાબુએ કહ્યું “ સમજ્યો. તમે પોતે મુકર્દમાવિષે કશુયે જાણ્
વી અને બીજાઓની શીખવણી પ્રમાણેજ સાક્ષી આપો છો. તમારા મુખમાંથી ચેક
બ્દ ન નીકળી શકે. તમે તો ચિક બોલો છો. હવે સાચું કહી દો, તમને કોણે
ખવ્યું છે ? નહિ તો હું હમણાંજ તમારા ઉપર ફોજદારી કરીશ.”

એટલે સાક્ષીએ રડતાં રડતાં કહ્યું, વકીલ સાહેબે મને જે શિખવ્યુ હતું તે પ્રમાણે
કહ્યું છે. વકીલ સાહેબે ધ્રુજતાં ધ્રુજતાં પોતાનો મુકર્દમો પાછો ખેંચી લીધો. આ
તે એક નાની શી વાત ઉપરથી બંકિમ બાબુએ મુકર્દમાનું તત્ત્વ જાણી લીધું હતું.

બંકિમ બાબુ બહુ હોશિયારીથી તેમનું કામ કરતા હતા. પછીથી પણ ઉક્ત મેજીસ્ટ્રેટ
હેબ જોડે તેમને ન બન્યું. અંતે બંકિમ બાબુએ નોકરી છોડીને પેન્શન લેવાનો
ચાર કર્યો. સન ૧૮૯૦ માં તેમણે પેન્શન માટે અરજી કરી, પણ અરજી નામંજુર
ઈ. નામંજુર થાય એવુંજ હતું. તે વખતે એમની ઉંમર ત્રેપન વર્ષની હતી. પંચા-
ન વર્ષની ઉંમર પહેલાં પેન્શન મળતું નથી. હા, જો કોઇ રોગ થયો હોય તો જૂદી
ત. બંકિમચંદ્રને બહુમૂત્રના રોગ સિવાય બીજો કોઇ રોગ ન હતો. વળી તો તેમનુ
રીર તંદુરસ્ત અને બળવાન હતું. એથી સરકારે બંકિમ બાબુની અરજી નામંજુર કરી.
ણ એથી તો તેમની જીદ વધારે થઇ. કોઇ તેમની ઇચ્છા વિરુદ્ધ પડતું તો તેઓ
ડા જેવા થઇ જતા હતા. એ તેમની ટેવ હતી. જ્યાંસુધી તે અડચણને તેઓ દૂર
તા નહિ, ત્યાંસુધી તેમની જીદ અને શક્તિ ક્રમેક્રમે વધ્યાજ કરતી.

સરકારે જ્યારે તેમની અરજી નામંજુર કરી ત્યારે તો તેમણે નોકરી છોડવાની દૃઢ
તિજ્ઞા લીધી. રોગનું બહાનું કાઢવાથી તેઓ સહેજમાંજ છુટા થઇ શકે શકે
મ હતું; પણ જુઠું બોલવું એ તેમને તદ્દન નાપસંદ હતું. બંકિમ બાબુ સદાયે સત્યના
પાસક હતા. કોઇએ તેમને કોઈ વાર મીઠું મરચું ભભરાવીને વાત કરતા જોયા
થી કે એક અક્ષર જુઠું બોલતાં સાંભળ્યા નથી. બંકિમ બાબુના ભત્રીજા શચીશચંદ્રે

એક વાર રમેશચંદ્ર દત્તને એક સાધારણ જૂઠી વાત કહી હતી; તેટલા માટે તેમણે તેને કહ્યું હતું કે–" તું અત્યારથીજ જુઠું બોલતાં શીખ્યો તો આગળ જતાં શું શું નહિ શીખે ! "

બંકિમ બાબુએ નોકરીની બાબતમાં લેફ્ટેનંટ ગવર્નરની મુલાકાત લીધી. તે વખતે ઇલિયટ સાહેબ બંગાળાના ગવર્નર હતા. તેઓ અને તેમની પત્ની બંકિમ બાબુ ઉપર બહુ વિશ્વાસ રાખતાં. લેડી ઇલિયટના ખાસ આગ્રહથી બંકિમ બાબુએ જાતેજ "વિષવૃક્ષ" નવલકથાનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો, અને તે તેમને અર્પણ કર્યો હતો.

એક દિવસ ત્રીજે પહોરે બંકિમ બાબુએ ગવર્નર સાહેબની મુલાકાત લીધી. સાહે-
બને સુખસમાચાર પૂછ્યા પછી તેમણે ગવર્નર સાહેબને પોતાની વિનતિ કરી. બધી
વાતો સાંભળ્યા પછી સાહેબે હસીને પૂછ્યું " તમારી ઉંમર કેટલી છે બંકિમ બાબુ
બંકિમે કહ્યું "ત્રેપન વર્ષ." સાહેબે કહ્યું–" આટલી ઉંમરે તમે પેન્શન લેવા
ઇચ્છો છો ? " બંકિમે કહ્યું—" તેત્રીશ વર્ષથી નોકરી કરું છું. હવે કામ નથી
થઇ શકતું." સાહેબે પૂછ્યું "તમારા શરીરમાં કંઇ રોગ છે ?" બંકિમે કહ્યું-
" ખાસ કંઇ રોગ નથી."

સાહેબે જરા બીજી બાજુનો વિચાર કરીને પૂછ્યું–" તમે શું પુસ્તકો લખવાનો
વખત કાઢવા માગો છો ? " બંકિમે કહ્યું–" થોડું થોડું એમ પણ ખરું. " ગવર્નર
સાહેબે કહ્યું–" બહુ સારું, હું તમારી અરજી મંજુર કરીશ. "

બંકિમ બાબુ ધન્યવાદ આપીને સાહેબ પાસેથી જવાને તૈયાર થતા હતા, એટ-
લામાં સાહેબે પૂછ્યું–" બંકિમ બાબુ ! તમે તેત્રીશ વર્ષથી હોશિયારીપૂર્વક કામ
કર્યું છે. સરકાર તમારા ઉપર બહુ રાજી છે. તમારી કંઇ વિનતિ નથી ? "

બંકિમે ધન્યવાદ આપીને કહ્યું " નાજી. "

સાહેબઃ—તમારે તમારા કોઇ સગાવહાલા માટે ભલામણ કરવી છે ?

બંકિમઃ—જો આપ કૃપા કરવા ઇચ્છતા હો તો મારા નાના ભાઇ પૂર્ણચંદ્રની ડાયમંડ હારબરથી મારી પાસેની કોઈ જગાએ બદલી કરી આપો.

સાહેબઃ—આ તો બહુ સાધારણ વાત છે. તમારી બીજી કંઇ વિનતિ નથી ?

બંકિમઃ—હાલ તો નથી હજૂર.

એમ કહીને બંકિમ બાબુ ચાલ્યા ગયા. એ પછી પૂર્ણ બાબુની બદલી અલીપુરમાં થઇ હતી.

બંકિમ બાબુએ પોતાને માટે કદી સરકારને પ્રાર્થના નથી કરી. સગાંવહાલાં માટે માત્ર ત્રણવાર તેમને વિનતિ કરવી પડી હતી. એકવાર મોટા જમાઇને માટે બીજી વાર ભત્રીજા બિપીનચંદ્ર માટે અને ત્રીજી વાર ભત્રીજા શચીશચંદ્ર માટે [illegible] વિનતિ કરતાં તેમને બહુ સંકોચ થતો હતો.

અંતે બંકિમચંદ્રની પેન્શનની અરજી મંજૂર થઈ ગઈ. તેત્રીશ વર્ષ અને એક મહીનો નોકરી કરીને સન ૧૮૯૧ માં બંકિમ બાબુએ પેન્શન લીધું. મહીને રૂા. ૪૦૦) નું પેન્શન મંજુર થયું. બે વર્ષ ત્રણ મહીના અને તેત્રીશ દિવસ સુધી એ પેન્શન તેમણે ભોગવ્યું.

બંકિમચંદ્રના પેન્શન લેવા પહેલાં એકવાર એવી વાત ઉડી હતી કે તેમને જીલ્લા મેજીસ્ટ્રેટ બનાવવામાં આવશે; પણ સિવિલિયનોએ અડચણો નાખવાથી લેફ્ટેનંટ ગવર્નર સાહેબે આ પ્રસ્તાવ ઉડાવી દીધો હતો.

બંકિમ બાબુ કલકત્તાની વિશ્વવિદ્યાલય સભા (સેનેટ) ના સભ્ય હતા; પણ તે સભામાં બહુજ ઓછું જતા હતા. જ્યારે જતા હતા ત્યારે કોઈ પણ પક્ષમાં સામેલ ન થતાં પોતાનો સ્વતંત્ર અભિપ્રાય આપતા હતા. ખુશામતનું તો તેઓ નામ પણ જાણતા ન હતા. જીવનપર્યંત તેમણે કોઈની ખુશામત કરી નથી. જીવનના વચલા ભાગમાં ઈશ્વરની થોડી થોડી ખુશામત કરી હતી. પછીના જીવનમાં તો તેમણે ભગવાનના ચરણોમાં પોતાનું તન-મન અને જીવન સર્વસ્વ અર્પણ કર્યું હતું.

બંકિમચંદ્ર કેટલાક દિવસ સુધી માછલી અને માંસ ખાવાનું છોડી દઈને હવિષ્યાન્ન જમતા; રામનામી દુપટ્ટો ઓઢતા; શુદ્ધ આચારથી રહેતા; અને નિત્ય ગીતા-પાઠ કરતા હતા. પણ જેમણે પચાસ વર્ષ સુધી માંસમચ્છી ખાધું હતું તેમનું શરીર હવિષ્યાન્નથી તંદુરસ્ત ન રહી શક્યું. તેઓ માંદા પડી ગયા. છતાં પણ તેમણે કેટલાક વખત સુધી ટેક ન છોડી, પણ ટેક ટકી ન શકી. વૈદ્યના કહેવાથી તેમને છેવટે માંસ-ભોજન ચાલુજ કરવું પડ્યું.

પાદરી હેસ્ટી સાહેબે ઉપનામથી પત્ર લખનાર બંકિમ બાબુના લેખ અને તર્કકૌશલ્યથી વિસ્મિત થઈને તેમનો પરિચય કરવા ઇચ્છયું હતું. યુરોપીય પંડિતોની મંડળી આગળ તેઓ તેમને ઓળખાવવા માગતા હતા. તે વખતે બંકિમ બાબુએ અભિમાનપૂર્વક કહ્યું હતું કે તેઓ અંગત માનના ભુખ્યા નથી પોતાની જાતિની પ્રશંસાજ તેમને માટે બસ છે.

બંકિમ બાબુને સન ૧૮૯૨ માં નવા વર્ષની ખુશાલીમાં 'રાયબહાદુર' નો ખિતાબ સરકાર તરફથી મળ્યો હતો; પણ આ ખિતાબ બંકિમચંદ્રની યોગ્યતાના પ્રમાણમાં બહુજ નજીવો હતો. જે ખિતાબ પોલિસ ઇન્સ્પેક્ટર કે થાણાના હિસાબી પણ મેળવતા હતા તે ખિતાબ બંકિમચંદ્ર જેવા ગુણવાન અને યશસ્વી પુરુષને યોગ્ય કહી ન શકાય. તે વખતે આ વિષે થોડી ચર્ચા પણ ચાલી હતી.

પૂર્વોક્ત ઉપાધિ મળ્યા બાદ સન ૧૮૯૪ માં નવા વર્ષની ખુશાલીમાં બંકિમ બાબુને સી. આઈ. ઇ. નો ખિતાબ મળ્યો હતો. ૨૧ મી માર્ચને દિવસે યુનિવર્સી-

અર દરબાર ભરાયો; પરંતુ તે વખતે બંકિમ બાબુ મરણપથારીએ હોવાથી તેઓ તે દરબારમાં જઇ શક્યા ન હતા.

ખરેખર, બંકિમચંદ્ર ભારતમાં જન્મ્યા હતા, તેથીજ તેઓ ડેપ્યુટી કલેક્ટર થઇને અટકી ગયા. તેમણે નવલકથાઓ દેશી ભાષામાં લખી છે તેથીજ તેઓ માત્ર સી. આઇ. ઈ. થઇને રહી ગયા. આ બધો ભારતની માટીનોજ દોષ !

શ્રીમતી મિરિયમ નાઇટે બંકિમકૃત કૃષ્ણકાંતના વિલનો અનુવાદ કર્યો હતો. ઑક્સફર્ડ યુનિવર્સિટીના મહા યશસ્વી બ્લુમહાર્ટ સાહેબે તે અનુવાદની જે ભૂમિકા લખી હતી. તેનો કંઇક ભાગ નીચે ઉતારવામાં આવે છે.

"બંકિમચંદ્ર ચટર્જી ભારતના નિઃસંદેહ સર્વોત્તમ નવલકથાકાર હતા. બંગાળી લેખનશૈલીને ઉન્નત અને બંગાળી સાહિત્યને રોચક બનાવવામાં તેમણે જે કામ કર્યું છે તે બીજો કોઇ લેખક કરી શક્યો નથી. તેમના અનેક દેશબંધુઓનાં નકામાં અને જલદી નાશ પામે એવાં પુસ્તકો ઉપર તેમણે કરેલી સખ્ત સમાલોચનાઓએ અને હિંદુ સામાજિક જીવનના દોષો અને ન્યૂનતાઓના તથા મલિન અને ફોગટિયા હિંદુધર્મથી થતાં અનિષ્ટોના તેમના નિર્ભય દિગ્દર્શને બંગાળી સાહિત્યના ઇતિહાસમાં સખ્ત પરિવર્તન કરી નાખ્યું છે."

"તેઓ પોતે એક સમર્થ લેખક હતા. તેમના ગ્રંથો ઉપરથી જોઇ શકાય છે કે તેમનામાં વર્ણન કરવાની, તેમજ માનવજીવનનાં સ્વાભાવિક ચિત્ર આંકવાની કેટલી અદ્ભુત શક્તિ હતી. એજ કારણથી તેમનાં પુસ્તકો આટલાં બધાં મનોરંજક અને શિક્ષાપ્રદ થયાં છે."

"જીવનના અંતિમ કાળમાં બંકિમચંદ્ર હિન્દુધર્મની સંશોધિત પદ્ધતિના પ્રતિપાદક અને ભગવદ્‌ગીતાના શ્રેષ્ઠ જ્ઞાનના ઉપદેશકના રૂપમાં દેખાતા હતા."

"બંકિમચંદ્ર માનસિક અને વૈજ્ઞાનિક શોધખોળના સુયોગ્ય પ્રકાશક હતા. અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ ઉપર પણ તેમનો સંપૂર્ણ કાબૂ હતો."

[illegible]—રિપ્રેઝેન્ટેટિવ ઇન્ડિયન્સમાં લખ્યું છે કે—"ગદ્યરચનાના રાજમાર્ગને છોડીને નવે માર્ગે વળવા માટે બંગાળામાં મધુસૂદન દત્તની જેમ, બંકિમચંદ્રની પણ મશ્કરીઓ થતી હતી. છિદ્ર શોધનારાઓ ઊભા થતાં કંઇ વાર લાગી નહિ. તેમના બધાએ તેમની લેખનશૈલી, રચના, વસ્તુસંકલના અને વિવિધ કલ્પનાઓની સખ્ત સમાલોચના કરી તેમને ભલા-બુરા કહ્યા; પણ બંકિમચંદ્ર આ બધી ટીકા સમાલોચનાઓને પી ગયા. તેમણે તેની કંઇ પણ પરવા ન કરી અને બંગાળમાં એક સાહિત્યનો નવો યુગ સ્થાપવામાં સફળ થયા."

સ્વર્ગસ્થ રમેશચંદ્ર દત્તે તેમના "બંગ સાહિત્ય" નામના હિંદી પુસ્તકમાં [illegible] લખ્યું છે કે:—

"મધુસૂદન દત્તનું પદ્યમાં જે સ્થાન છે તેજ સ્થાન ગદ્યમાં નવી લેખનશૈલીના પ્રવર્તક અને નવા ભાવના પ્રકાશક બંકિમચંદ્રનું છે. કલ્પનામાં, ઉજ્જ્વળ વર્ણનમાં, વિચારશક્તિમાં અને વર્ણનચાતુર્યમાં મધુસૂદન દત્ત અને બંકિમચંદ્ર ચટર્જી આ સદીના બીજા લેખકો કરતાં કેટલાય ઉચ્ચતર કોટિના છે. કવિ મધુસૂદનદત્તની કલ્પનાઓ વધારે ઉંચી અને શ્રેષ્ઠ છે તો નવલકથાલેખક બંકિમની કલ્પનાઓ વધારે જુદી, વધારે મનોરંજક અને આપણા કોમળ ભાવોપર વધારે અસર કરે તેવી છે."

'પ્રદીપ' માસિકના પહેલા અંકમાં સ્વર્ગસ્થ ચંદ્રનાથ વસુએ લખ્યું હતું કે-- "પણ ત્યાંસુધી મેં બંકિમબાબુને જોયા ન હતા. જોયા વિના બધા લોકો સામાન્ય રીતે જે પ્રમાણે કરે છે તે પ્રમાણે હું પણ મનોમન તેમના સ્વરૂપ અને મૂર્તિની કલ્પના કરતો હતો. બંકિમ બાબુને જેમણે જોયા હતા તેઓમાંથી કોઇ કોઇ મને કહેતા કે:-"બંકિમના ચહેરામાંથી બુદ્ધિ વરસે છે." પણ જ્યારે મેં તેમને જોયા તો તે પેલી કલ્પિત મૂર્તિ શરમાઇને કોણ જાણે ક્યાંય સંતાઇ ગઇ! આજથી ૨૨-૨૩ વર્ષ ઉપર એક વખત કલકત્તામાં બંકિમજી ભણેલા પુરુષોના કૉલેજ રિયુનિયન (સ્નેહસંમેલન) નામક વાર્ષિક ઉત્સવમાં હું ગયો હતો. કૃષ્ણચંદ્ર બેનરજી, રાજેંદ્રલાલ મિત્ર, પ્યારીચરણ, પ્યારીચંદ્ર, રામશંકર, ઇશ્વરચંદ્ર, બંકિમચંદ્ર વગેરેની પેઠે "હું પણ એક કૉલેજનો ગ્રેજ્યુએટ છું. હું પણ તેમના જેવો છું." એવી આત્મશ્લાઘાના ભાવથી હું ત્યાં ગયો હતો. મને વિશ્વાસ છે કે મારી માફક એવાજ અભિમાનપૂર્વક ઘણા ખરા માણસો ત્યાં જતા હતા. પરસ્પર સદ્‌ભાવ પેદા કરવાનો અને બંધુભાવનો પ્રચાર કરવાનો ઉદ્દેશ તો બહુ થોડાજ માણસોનો હતો. હું તે સમયના કૉલેજ રિયુનિયન ઉત્સવનો સહાયક મંત્રી હતો અને રાજા સૌરીંદ્રમોહન ઠાકુર મંત્રી હતા. મંત્રી મહાશયના મોટાભાઇના મરકત-કુંજ નામના પ્રસિદ્ધ બાગમાં ઉત્સવસ્થાન હતું. હું મહેમાનોનું સ્વાગત કરતો હતો તેટલામાં એક વિજળી જેવા માણસે સભામાં પ્રવેશ કર્યો. હું બીજાઓનું જેવી રીતે સ્વાગત કરતો હતો તેજ પ્રમાણે તેમનું પણ સ્વાગત કર્યું. પણ તેજ વખતે કંઇક ગભરાવા લાગ્યો. એક મિત્રને મેં પૂછ્યું કે એ કોણ છે? જવાબ મળ્યો-બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય. હું તરતજ તેમના તરફ દોડતો દોડતો ગયો અને કહ્યું:-હું જાણતો ન હતો કે આપ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય છો. એકવાર પુનઃ હું આપ સાથે હસ્તમિલન કરી શકું? મધુર હાસ્ય કરતાં કરતાં બંકિમ બાબુએ હાથ લાંબો કર્યો. જોયું તો હાથ ગરમ હતો. તે ગરમી હજુસુધી જાણે મારા હાથમાં રહી હોય એમ મને લાગે છે."

જગપ્રસિદ્ધ શ્રીયુત રવિન્દ્રનાથ ઠાકુરે 'સાધના' પત્રમાં લખ્યું હતું કે:-"એક દિવસે મારા સગા પૂજ્યપાદ શ્રીયુત સૌરીંદ્ર મોહન ઠાકુર મહાશયના નિમંત્રણથી તેમના મરકત-કુંજ બાગમાં કૉલેજ રિયુનિયન નામનું એક સંમેલન થયું હતું.

કેટલા દિવસની વાત છે તે બરાબર યાદ નથી. હું તે વખતે બાળકજ હતો. તે દિવસે ત્યાં મારે અનેક યશસ્વી લોકો સાથે સમાગમ થયો હતો. તે પંડિત મંડળીની વચ્ચે એક સીધા ઉંચા શરીરના, ગોરા, કૌતુકથી પ્રફુલ્લ મુખવાળા, ચંપલ પહેરેલા અને બન્ને હાથ બગલમાં ઘાલેલા પ્રૌઢ પુરુષ ઉભા હતા. દેખતાંજ મને તેઓ બધાથી જૂદા પડતા આત્મનિમગ્ન જેવા લાગ્યા. બીજા બધા સામાન્ય માણસો લાગતા હતા; ત્યારે તેઓ એકલાજ શ્રેષ્ઠ માણસ જેવા લાગતા હતા. તે દિવસે બીજા કોઇને ઓળખવાનું મને કોતુહલ ન થયું; પણ તેમને જોઇને તો હું, મારો સાથી અને બીજો એક બાળક બહુ આતુર થયા. ખબર કાઢતાં માલમ પડ્યું કે તેઓજ અમે જેનાં દર્શનની ઘણા દિવસથી ઇચ્છા કરતા હતા તે લોકવિશ્રુત બંકિમચંદ્ર ચટર્જી છે.”

બંકિમ બાબુની લખવાની રીત જરા વિચિત્ર હતી. તેઓ પાકા પૂંઠાની ચોપડીમાં વાર્તાનું ખોખું તૈયાર કરીને લખવા બેસતા દરેક પ્રકરણની મોટી મોટી વાતો સવારે નક્કી કરી લેતા; જેમકે–કયા કયા બનાવોનો સમાવેશ થશે–ક્યાં ક્યાં સ્ત્રી પુરુષ પાત્રો આવશે વગેરે. પણ તે નક્કી કરેલો નિયમ વારંવાર ફરતો હતો. એટલે સુધી કે એક બે પ્રકરણ કાઢી નાખવામાં આવતાં, તો બે એક પ્રકરણ ફેરવાઇને નવું રૂપ પણ ધારણ કરતાં. બીજો કોઈ પણ ગ્રંથકાર કદાચ આટલી કાપકુપ અને આટલું પરિવર્તન નહિ કરતો હોય–આવી રીતે સંપૂર્ણ લખેલાં આખાંના આખાં પ્રકરણ ઉડાવી દેતો નહિ હોય. શચીશબાબુ આ સંબંધમાં લખે છે કે–“મેં કેટલાય ખાસ ગ્રંથકારોની હસ્તલિખિત પ્રતો જોઇ છે. મારા સસરા બાબુ દામોદર મુખોપાધ્યાય કદી એક લીટી પણ ફેરવતા ન હતા; રમેશ બાબુ લખેલું ઓછું નહોતા કરતા પણ વધારતા હત; હેમચંદ્ર બેનરજી બહુજ ઝડપથી લખતા હતા અને છેવટે થોડો ઘણો ફેરફાર કરતા હતા; અને માત્ર બંકિમચંદ્રજ સારી પેઠે ફેરફાર કરતા હતા. લખતી વખતે પણ તેઓ ફેરફાર કરતા, બીજે દિવસે પણ કરતા, અને છ મહીના, વર્ષ તથા બે વર્ષ પછી પણ કરતા હતા. જ્યાંસુધી લેખ તેમની રુચિ અનુસાર નહોતો બની રહેતો ત્યાંસુધી તેમને સંતોષ નહોતો વળતો; અને ત્યાંસુધી તેઓ યોગ્ય ફેરફાર કર્યેજ જતા. એકાદ બાબત અથવા તો ભાવને ખાતર આટલો વખત ગાળતાં મેં બીજા કોઇને નથી જોયા.”

“જ્યાંસુધી તેઓ સરકારી કામ કરતા હતા ત્યાંસુધી તો તેઓ અમુક સમયેજ લખતા હતા; પરંતુ સરકારી નોકરીમાંથી પેન્શન લીધા પછી તો બંકિમબાબુ બધો વખત થોડું ઘણું લખ્યા કરતા. રાત્રે જાગીને લખવાની ટેવ ધીમે ધીમે તેમણે છોડી દીધી હતી. સવારે, બપોરે, ત્રીજે પહોરે, સાંજે–જ્યારે પણ વખત મળતો ત્યારે કંઇ ને કંઇ તેઓ લખતા. થોડો પણ વખત નકામો જવા દેતા નહિ.”

"લખતી વખત તેઓ કોઇવાર વરસાદની તૈયારીવાળા વાદળની પેઠે ગંભીર તો કોઇવાર બાળકના જેવા ચંચળ દેખાતા હતા. કોઇવાર તેઓ એકાદજ લીટી લખીને તેને છેકી નાખતા; વળી કંઇ વિચાર કરતા અને પાછા લખવાનો પ્રયત્ન કરતા; અને પાછા કલમ આઘી મૂકીને ઉભા થઇ જતા હતા. ઉઠીને કોઇવાર આમ તેમ ફરતા તો કોઇવાર બારી પાસે ઉભા રહીને આઘેના મકાનો જોતા; અને કોઇવાર કોઇ પુસ્તક યા ચીજ ઉપર હાથ ઘસતા હતા. તે વખતે તેઓ બાહ્યજ્ઞાનરહિત થઈ જઇને અંતર જગતમાંજ તલ્લીન થઇ જતા હોય એવું મને નથી લાગ્યું. લખતી વખતે અમારામાંથી કોઇ બાળક તેમની પાસે જતું તો તેઓ કદી નાખુશ થતા નહિ. તે એટલે સુધી કે વાતચીત પણ કરતા હતા. ઘણા દિવસ એવા પણ જતા કે પ્રયત્ન કરવા છતાં તેઓ એક લીટી પણ લખી શકતા નહિ; અને જો લખતા તો તેને છેકી નાખતા. વળી બીજી હાથ પર એવા દિવસો પણ જતા કે જ્યારે તેમની કલમ પૂરવાળી નદીની પેઠે ઝડપથી ચાલ્યા કરતી; અને તેઓ બાહ્યજ્ઞાન-રહિત થઇને પોતાના લેખન કાર્યમાં તન્મય બની જતા હતા."

સાનકીભાંગાવાળા મકાનમાં બંકિમચંદ્રને એક દિવસ તેમના જમાઈ સ્વર્ગસ્થ કૃષ્ણધન મુકરજીએ પૂછ્યું કે "આપ આપની કૃતિઓમાંથી કયા પુસ્તકને શ્રેષ્ઠ માનો છો ?" બંકિમે કહ્યું–" પહેલા તમેજ કહો." કૃષ્ણધન બાબુએ હસીને કહ્યું–" હું મુખથી નહિ કહું–લખી રાખું છું. હું માત્ર એટલુંજ જાણવા ઇચ્છું છું કે મારા મત સાથે આપનો મત મળે છે કે નહિ." ત્યાર બાદ જરા વિચાર કરીને બંકિમચંદ્રે કહ્યું–" કમલાકાંતનું દફતર." કૃષ્ણધન બાબુએ પણ કાગળ ફેરવીને બતાવ્યું. તેમાં પણ લખ્યું હતું કે–કમલાકાંતનું દફતર.

બંકિમના મૃત્યુ પહેલાં બે ચાર વર્ષ ઉપર એક દિવસ તેમની મોટી કન્યા શરત્ કુમારી દેવીએ તેમને કહ્યું હતું–"પિતાજી ! તમારા "વંદે માતરમ્" ગીતને લોકો બહુ પસંદ નથી કરતા. બંકિમે પૂછ્યું:–" શું તું પણ પસંદ નથી કરતી ?" કન્યાએ કહ્યું:–" હા, એ તો મને પણ બહુ પસંદ નથી એ મહાપુરૂષે ગંભીર વાણીથી કહ્યું:– "એક દિવસ–વીસ ત્રીસ વર્ષ પછી–એક દિવસ એવો આવશે કે એજ ગીત આખા બંગાળાને નવીન ભાવમાં તરબોળ કરી દેશે–બંગાળીઓની આંખો ખોલી નાખશે." આ ભવિષ્યવાણી કેટલી સાચી પડી છે, તે આખો દેશ જાણે છે. હવે તો બંગાળામાંજ નહિ પણ સમસ્ત ભારતવર્ષમાં આ ગીતના સૂર ગાજી રહ્યા છે.

બંકિમબાબુ છેલ્લા દિવસોમાં જ્યારે સાનકી ભાંગાવાળા ઘરમાં રહેતા હતા ત્યારે દર રવિવારે નીચેના સાહિત્યસેવો તેમને ત્યાં આવતા હતાઃ–ચંદ્રનાથ બસુ, હેમ-ચંદ્ર બેનરજી, રામકૃષ્ણ મુકરજી, યોગેન્દ્રનાથ ઘોષ, અક્ષયચંદ્ર સરકાર, કૃષ્ણવિહારી સેન, મુરલીધર સેન, નીલકંઠ મજમુદાર, દામોદર મુકરજી. કેટલીકવાર તારાપ્રસાદ

ચટર્જી, ઇન્દ્રનાથ બેનરજી, કાલીપ્રસન્ન ઘોષ, ગોવિંદચંદ્ર દાસ વગેરે મહાશયો પણ આવતા હતા. એ બધા ઉચ્ચ કોટીના લેખક ગણાતા હતા.

એક દિવસ એક માણસે મહાત્મા ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર સમક્ષ બંકિમબાબુની બહુ નિંદા કરી. વિદ્યાસાગર સ્વાભાવિક મંદ હાસ્યપૂર્વક આખર સુધી બધી વાત સાંભળી રહ્યા. સાંભળી રહ્યા પછી તેમણે કહ્યું–"તમારી વાતો સાંભળીને બંકિમચંદ્ર ઉપર મને બમણી શ્રદ્ધા બેઠી છે. જે માણસ આખો દિવસ સરકારના કામમાં મશગુલ રહેવાની સાથે રાતદિવસ ખરાબ કામોમાં પણ રોકાયલો રહે તે માણસ પુસ્તકો લખવાનો વખત ક્યાંથી કાઢી શકે ? બંકિમ બાબુની ચોપડીઓથી તો મારા કબાટનું એક ખાનું ભરાઇ ગયું છે." નિંદા કરનાર તો નીચું જ ઘાલી રહ્યો !

એક દિવસ સ્વર્ગસ્થ સર ગુરુદાસ બેનરજી બંકિમચંદ્રને મળવા ગયા હતા–બન્ને વચ્ચે તે વખતે બંગાળી ભાષાની તે સમયની સ્થિતિ સંબંધી થોડો વાદવિવાદ થયો હતો. ગુરુદાસ બાબુએ તે વખતે કહ્યું હતું "બંગાળી ભાષાને આટલી સરળ બનાવી દેવાથી કામ નહિ ચાલે. તેના ગાંભીર્યનું પણ રક્ષણ અવસ્ય કરવું જોઇએ." બંકિમચંદ્ર આનો કંઇ પણ જવાબ નહિ આપતાં ફક્ત થોડું હસ્યા. ત્યારબાદ બન્ને જણ ગાડીમાં બેસીને ફરવા ગયા. કલકત્તાની સડક હતી–આસપાસ અનેક દુકાનો હતી. બંકિમચંદ્રે તે બતાવીને કહ્યું–" બન્ને પડખે દુકાનોની હાર છે." ગુરુદાસ બાબુ જરા આશ્ચર્યચકિત થઇને બંકિમબાબુના મુખ તરફ જોવા લાગ્યા. જોયું તો બંકિમબાબુના હોઠપર હાસ્યરેખા હતી. એટલે ગુરુદાસ બાબુ સમજી ગયા કે બંગાળી ભાષામાં ગાંભીર્યનું રક્ષણ કરવાના ઉપદેશનો આ માર્મિક ઉત્તર છે.

બંકિમચંદ્રના એક પિતરાઇ ભાઈ હતા. તેમનું નામ રાખાલચંદ્ર હતું. તેમણે છીટગઢમાં વિવાહ કર્યો હતો. ત્યાં તેમનો એક સંબંધી હતો. તેનું નામ દ્વારકાદાસ ચક્રવર્તી હતું. તેઓ અકસર કાંટાલપાડામાં આવતા જતા હતા. બંકિમબાબુ સાથે પણ તેમને ગાઢ પરિચય હતો. બંકિમબાબુ જ્યારે હુગલીમાં ડેપ્યુટી મેજીસ્ટ્રેટ હતા અને નિત્ય હોડીમાં બેસીને ઘેરથી હુગલી જતા હતા, તે વખતે એક દિવસ દ્વારકાદાસે પણ બંકિમની સાથે હુગલી જવાની ઇચ્છા દર્શાવી. બંકિમે સહર્ષ કહ્યું–"બહુ સારૂં. બન્ને જણ હોડીમાં બેઠા. રસ્તામાં દ્વારકાદાસ એક મુકર્દમાની વિગત કહેવા લાગ્યા. મુકર્દમો ફોજદારી હતો. બધી વિગત કહ્યા બાદ દ્વારકાદાસે કહ્યું:–" બંકિમબાબુ, મારા એક મિત્રે આ મુકર્દમો ચલાવ્યો છે. આપની કચેરીમાં તે મુકર્દમો છે. આસામીને શિક્ષા કર્યા વિના ન છોડશો."

બંકિમબાબુ આવો અયોગ્ય આગ્રહ સાંભળીને તપી ઉઠયા. જ્ઞાનશૂન્ય જેવા થઇ જઇને તેઓ પોકારી ઉઠયા.–" હોડી બીડાવી દો." પાસેજ રેતી હતી તેમાં માછીએ હોડી બીડાવી દીધી. બંકિમે માછીને કહ્યું–" આ માણસને હોડીમાંથી ઉતારી કાઢો."

દ્વારકાદાસ તરતજ હોડીમાંથી કૂદી પડયા; અને પછી કાંટાલપાડામાં દેખાજ ન દીધી. !

ચંચુડામાં પ્રતિવર્ષ ચૈત્ર મહીનાના અંતમાં બહુ ધામધૂમથી એક મેળો ભરાય છે. આજથી ચાળીશ વર્ષ પહેલાં બંકિમબાબુ હુગલીમાં ડેપ્યુટી મેજીસ્ટ્રેટ હતા. તે વર્ષે એ મેળામાં બહુ ભીડ થઈ હતી. ચંચુડાની સામે પારથી બહુ લોકો મેળો જોવા આવ્યા હતા. એક દિવસ ત્રીજે પહોરે બંકિમચંદ્રે જોયું કે એક નાનીશી હોડીમાં બહુ લોકો ચઢી બેઠા છે; અને તેમાં હવે તલ જેટલીયે જગ્યા નહિ છતાં માછી લોકો બીજા ઉતારૂઓને ચઢાવ્યે જાય છે!

બંકિમે માછીને મના કરી કાયદાની બીક બતાવી પણ તેણે કંઇ સાંભળ્યું નહિ. તેની મરજીમાં આવે તેટલા માણસો ભરીને તેણે હોડી હંકારી. થોડે દૂર જતાંજ હોડી ઉંધી વળી ગઈ. હોડી બહુ ઉંડા પાણીમાં ગઈ નહોતી એટલે કોઇ મર્યું નહિ. બંકિમે તેજ ઘડીએ માછીને પોલિસને સોંપી દીધો. પોલિસે તેના ઉપર મુકર્દમો ચલાવ્યો. માછીનું નામ ગોવિંદ હતું, લોકો તેને ગોબો કહેતા હતા. તેનું ઘર કાંટાલપાડાની પાસે મલ્લાહપાડા (માછીવાડા) માં હતું. તેને સ્ત્રી અને બે છોકરીઓ હતી. મેજીસ્ટ્રેટે તેને ગુનેગાર ઠરાવીને ત્રણ મહીનાની સજા કરી. તે અભાગીઆના ભાગ્યમાં જેલમાંથી બહાર આવવાનું ન હતું. ત્યાંજ તેનું મૃત્યુ થયું. મૃત્યુના સમાચાર સાંભળીને બંકિમ સ્તબ્ધ થઇ ગયા. આ ઘટનાથી બંકિમના મનપર શી અસર થઇ હશે, તે તો પ્રભુ જાણે; પરંતુ એ પછીથી જ્યાંસુધી તે માછીની સ્ત્રી જીવતી રહી ત્યાંસુધી બંકિમબાબુ તેને માસિક મદદ આપતા રહ્યા.

"બંગલક્ષ્મી" નામનું શ્રેષ્ઠ પુસ્તક લખનાર બાબુ અનુકુળચંદ્ર મુકરજીનું એક સાપ્તાહિક પત્ર હતું. તેનું નામ 'પ્રકૃતિ' હતું. અનુકુળ બાબુજ તેના માલિક અને સંપાદક હતા. સ્વર્ગસ્થ કવિ ગોવિંદચંદ્ર દાસે આ પત્રમાં એક કવિતા લખી હતી. તે કવિતા ભાવલના રાજા અને સ્વ૦ કાલીપ્રસન્ન ઘોષપર કટાક્ષના રૂપમાં લખેલી હતી. કવિતા વાંચતાંજ કાલી બાબુ સળગી ઉઠયા. તેમણે ઢાકાના મેજીસ્ટ્રેટની અદાલતમાં દાવો નોંધાવ્યો. સ્થાનિક વકીલ મુખ્તાર બધા કાલી બાબુના પક્ષમાં ભળ્યા. ખર્ચ કદાચ રાજા સાહેબનું હશે. દરિદ્ર સાહિત્યસેવક અનુકુલ બાબુ ઉપર ભારે દુઃખ આવી પડ્યું. તેમણે ફરી જવાને ડેપ્યુટી મેજીસ્ટ્રેટ બાબુ રામશંકર સેનનો આશરો લીધો. સેનબાબુએ રાજીનામા માટે બહુ પ્રયત્ન કર્યો પણ તેમનું કાંઇ વળ્યું નહિ.

અંતે અનુકુલ બાબુ બંકિમચંદ્રને શરણે ગયા. બંને વચ્ચે પહેલેથી કંઇ ઓળખાણ ન હતું. વળી પરિચયનું કંઇ કામ પણ ન હતું. સાહિત્યસેવક કે સાહિત્યચર્ચામાં આનંદ લેનાર કોઇ પણ હોય, તો તે બંકિમને મન પોતાનો સંબંધી હતો. અનુકુલ બાબુના દુઃખની કહાણી સાંભળીને બંકિમ બાબુનું હૃદય પીગળી ગયું. તેમણે તેજ વખતે કાલીપ્રસન્ન બાબુને લખ્યું "સાહિત્યસેવાને લીધે અનુકુલચંદ્રપર વિપત્તિ આવી

છે. તેમના વિરુદ્ધનો મુકર્દમો ઉઠાવી લેશો તો મારા ઉપર તમારો આભાર થશે."

કાલી બાબુ બંકિમ બાબુનો બોલ પાછો ન વાળી શકયા. તેમણે તરતજ મુક-દમો પાછો ખેંચી લીધો. અનુકુલ બાબુએ પોતાના પત્રમાં માફી માગી લીધી.

બંકિમ બાબુ પોતાની દીકરી શ્રીમતી શરત્‌કુમારીને બહુ ચાહતા હતા. એટલો સ્નેહ કદાચ તેમને દુનિયામાં બીજા કોઈ ઉપર નહિ હોય. ઉદાહરણરૂપે એ વિષેની થોડી વિગત નીચે આપવામાં આવે છેઃ—

બંકિમ બાબુને બે રસોઇઆ હતા, પણ તેઓ થાળી પીરસીને લાવતા ન હતા. આ કામ પોતાની ઇચ્છાથી શરત્‌કુમારી કરતી હતી. તેને પિતાની સેવા કરવામાં આનંદ આવતો હતો અને પિતાને પણ તે સેવા ગ્રહણ કરવામાં આનંદ થતો. એક દિવસ રાત્રે કન્યાએ પિતાનું ભાણું પીરસીને બૂમ પાડી કે "પિતાજી! થાળી પીરસી છે, જમવા ચાલો." પિતાએ કંઇ જવાબ ન આપ્યો. તેઓ તે વખતે ઓરડામાં આંખો બંધ કરીને ખુરશીપર બેઠા હતા અને કન્યા ઓસરીમાં ઉભી હતી. પિતાનો જવાબ ન મળતાં કન્યાએ ફરી બૂમ મારીઃ—"પિતાજી ચાલો." પિતા શાંતજ રહ્યા. અંતે બંકિમની ભાભીએ પાસે જઇને કહ્યુંઃ—"ઉંઘી ગયા કે શું?" બંકિમે કોમળ સ્વરે કહ્યુંઃ—"જરા ચૂપ રહો–શરત્ બૂમ પાડે છે, મને સાંભળવા દો." એક નવલ-કથા લખીને જે ભાવ ન સમજાવી શકાય તે ભાવ બંકિમે આ પ્રમાણે બે ચાર શબ્દોમાં પ્રગટ કરી દીધો!

બંકિમચંદ્રના પાછલા જીવનમાં એક દિવસ તેમનો કોઈ અંતરનો મિત્ર કલ-કત્તાના પાટલડાંગાવાળાને ઘેર આવ્યો હતો. મુલાકાત ઘણા વખતે થઇ હતી. મિત્રે આવતાંજ 'ગુડ મોર્નિંગ" (સલામ) કરી અને શેકહેન્ડ (હસ્તધુનન) કરવાના ઇરાદાથી હાથ લંબાવ્યો. બંકિમચંદ્રે તેના હાથને પોતાના હાથમાં ન લેતાં કહ્યું "આહ! એ સમય હવે જતો રહ્યો છે. મિત્ર મહાશયે કહ્યું—" ના, વખત બદલાયો હોય એમ લાગે છે." બંકિમચંદ્રે હસીને કહ્યું:— 'તમે કાયસ્થ છો, હું બ્રાહ્મણ છું. તમે સલામ કરો, હું આશીર્વાદ આપું. એવોજ નિયમ છે. શેકહેંડની શી જરૂર છે?"

બંકિમચંદ્ર જે રીતે ઉપદેશ આપતા હતા તેમાં પણ એક વિશેષતા હતી. ચટર્જી વંશમાં કોઇ માણસ બહારના કોઇ માણસ પાસેથી મંત્ર નહોતા લેતા. બંકિમચંદ્રના [illegible] છે કે પોતાનાજ વંશના કોઇ વૃદ્ધ અને યોગ્ય પુરુષ પાસેથી મંત્ર [illegible] અનુસાર બંકિમના વંશના કોઈ પુરુષે બંકિમ પાસેથી મંત્ર લીધો હતો. બંકિમે મંત્ર [illegible] નવદીક્ષિત શિષ્યને કેવળ એટલોજ ઉપદેશ આપ્યો હતો કે "[illegible] કે હું બ્રાહ્મણ છું." ઉપદેશ ટુંકો [illegible] કેટલા થોડા શબ્દોમાં કેવો મહાન ઉપદેશ!

બંકિમચંદ્ર જ્યારે [illegible] હતા, ત્યારે કોઇ વર્તમાનપત્રના સંપાદક મહા-

-થય પૈસા લેવા માટે કલકત્તાથી બંકિમ બાબુ પાસે ગયા. પૈસા શાને માટે જોઈતા હતા તેની ખબર નથી. સંપાદક મહાશય પહેલાં જાતે પ્રયત્ન કરતાં ફળીભૂત ન થયા એટલે તેમણે બંકિમને પકડયા. બંકિમે રાણી સ્વર્ણમયીને આગ્રહ કર્યો. રાણીએ તેજ ઘડીએ રૂ. ૪૦૦) આપ્યા. ત્યારબાદ બંકિમચંદ્રના મનમાં શંકા થઈ કે આ પૈસા યોગ્ય રસ્તે વપરાયા નથી. પોતાના પ્રયત્નથીજ એ રકમ અપાયલી હોવાથી તેઓ બહુ ક્ષોભ પામ્યા. તેમણે તે રકમ દાતાને પાછી ભરી જવા આગ્રહ કર્યો. સંપાદકજી પચાવેલી રકમ પાછી આપવા કબુલ ન થયા. એટલે બન્ને વચ્ચે સખ્ત વાતચીત શરૂ થઈ અને અંતે બન્નેનો સંબંધ છૂટી ગયો.

સંપાદકજીએ બદલો વાળવાનો પ્રયત્ન કર્યો. તેમના હાથમાં જે વર્તમાનપત્ર હતું તેનાં કોલમોમાં બંકિમવિરુદ્ધ જોરદાર ભાષામાં લેખ આવવા લાગ્યા. તે વર્તમાનપત્ર બંગાળી હતું. બંગાળના ગૌરવરૂપ બંકિમે કર્તવ્યજ્ઞાનથી માતૃભાષામાં અનેક ગાળો ખાઈને પચાવી દીધી અને કંઈ પણ જવાબ ન આપ્યો. માત્ર 'રજની'માં હીરાલાલને લાવીને 'સંપાદક-ચરિત્ર' લખ્યું.

બંકિમચંદ્રને એકજ હૃદયના ચાર મિત્રો હતા. તેમાં એકનું નામ ક્ષેત્રનાથ ભટ્ટાચાર્ય હતું. વચ્ચે બંકિમ બાબુ સાથે તેમને જરા જુદું મન થયું હતું; પણ જ્યારે ક્ષેત્રબાબુ મરવા પડ્યા ત્યારે બન્ને મિત્રોનો પુનઃ મેળ થયો હતો અને બન્ને મિત્રો ખૂબ રડ્યા હતા.

બીજા મિત્રનું નામ રાધામાધવ વસુ હતું. તેઓ ભવાનીપુરના રહેવાસી હતા. તેમના સદ્‌ગુણો ઉપર બંકિમ બાબુ એટલા મુગ્ધ હતા કે કદાચ બીજા કોઈના ઉપર એટલા નહિ હોય. બંકિમના જીવનનો એક ભાગ રાધા માધવ બાબુ સાથે એવો જોડાયલો છે કે તેનો ઉલ્લેખ કરવાથી બહુ લોકોને માનસિક કષ્ટ ભોગવવું પડે. રાધા માધવ બાબુને એક વાર એક રાયબહાદુર સાથે ઝઘડો થયો, ત્યારે બંકિમે રાધા માધવ બાબુનો પક્ષ લીધો. તેથી તેમનો એક ભયંકર શત્રુ ઉત્પન્ન થયો હતો. તે શત્રુએ જીવનપર્યંત બંકિમ બાબુને હેરાન કર્યા હતા, પણ રાધામાધવનો છૂટકારો થયો હતો. તેઓ પણ અકાળેજ બંકિમ બાબુને રડતા મૂકીને સ્વર્ગવાસી થયા. તેમનો શોક બંકિમ જીવનપર્યંત ભૂલ્યા નહિ.

ત્રીજા મિત્ર બાબુ દીનબંધુ મિત્ર અને ચોથા મિત્ર બાબુ જગદીશનાથ રાય હતા. બન્ને બંકિમચંદ્ર કરતાં વયમાં મોટા હતા અને નિષ્કપટી હતા. એવા મિત્રો આજકાલ બહુ થોડા જોવામાં આવે છે. આપણે સ્વાર્થ અને અભિમાનથી ભરેલા છીએ. [illegible] મૈત્રીમાં કેવું અને કેટલું સુખ છે તે આપણે બરાબર જાણતા નથી [illegible]. તે [illegible] હતા અને તેવા તેઓ એવે [illegible] હતા તેની [illegible] કદી પણ [illegible] નહિ [illegible].

બંકિમચંદ્રને વિદ્યાભ્યાસનો બહુ શોખ હતો. કલકત્તાના સુવિખ્યાત જ્યોતિષી સ્વર્ગસ્થ ક્ષેત્રમોહન બાબુ પાસેથી તેઓ થોડાજ દિવસમાં જ્યોતિષશાસ્ત્ર શીખ્યા હતા. અરબીનું નજુમ શીખવા માટે મોલવી પાસેથી અરબી પણ શીખ્યા હતા. સંગીતમાં પણ તેઓ પાછળ ન હતા. કાંટાલપાડામાં એક દેશપ્રસિદ્ધ ગવૈયો રહેતો હતો. તેનું નામ યદુભટ્ટ તાનરાજ હતું. બંકિમ બાબુ તેને માસિક ૭૦) રૂપીઆ આપતા હતા. ગાયનવિદ્યા તેઓ એજ ભટ્ટ પાસેથી શીખ્યા હતા. બંકિમનું ગળું સારૂં નહોતું પણ તેમને તાલ વગેરેનું જ્ઞાન બહુ સારૂં હતું. હારમોનિયમ વગાડવામાં તેઓ સિદ્ધહસ્ત હતા. એક દિવસ તેઓ નાટકશાળામાં મૃણાલિની (નાટકના આકારમાં ફેરવાયેલી બંકિમ બાબુની નવલકથા)નો અભિનય જોવા ગયા હતા. તેમાં ગવાતા એક ગાયનનો તાલસૂર તેમને પસંદ નહિ પડવાથી તેઓ અત્યંત અસંતોષ પામીને નાટકશાળામાંથી ચાલ્યા ગયા હતા; અને પછી બીજેજ દિવસે પોતાના ભાણેજ શ્રીદિવ્યેન્દુ સુંદરને આ ગાયનનો તાલ–સૂર વગેરે શીખવ્યું હતું.

બંકિમબાબુ ચિકિત્સાશાસ્ત્રમાં પણ અસાધારણ યોગ્યતાવાળા હતા. અલીપુરમાં નોકરી કરતાં થોડા દિવસ સુધી મેડિકલ કોલેજમાં એનેટોમી (શરીરશાસ્ત્ર) પણ શીખ્યા હતા. બંકિમ જેવા તીક્ષ્ણ બુદ્ધિવાળા માણસ માટે થોડા વખતમાં શરીરશાસ્ત્ર શીખી લેવું એ કંઇ અઘરૂં ન હતું. તેઓ શરીરશાસ્ત્રમાં નિષ્ણાત થયા પછી ઘેર બેઠા બેઠા, બીજાની સહાયતા સિવાય જાતેજ ચિકિત્સાશાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યા; અને પૂરેપૂરૂં શીખ્યા પછીજ અટક્યા. તેમને જ્યારે કોઈ નવો વિષય શીખવાની ઇચ્છા થતી હતી ત્યારે તેઓ તે વિષય સંપૂર્ણ શીખી લેવા માટે અધીરા થઇ જતા હતા; અને જ્યાંસુધી તે વિષય સારી રીતે શીખી લેતા નહિ ત્યાંસુધી તેમને શાંતિ વળતી નહિ. ચિકિત્સાશાસ્ત્ર શીખ્યા પછી તેમણે વૈદ્યકશાસ્ત્રના ઢગબંધ ગ્રંથો મંગાવ્યા હતા.

બંકિમચંદ્ર કેવા સહૃદય અને ઉદાર હતા, તે બતાવવા માટે અત્રે એક ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવે છે. કાંટાલપાડા પાસે ગારીફા નામનું એક ગામ હતું. ત્યાંના એક ગૃહસ્થનો છોકરો ભણવા માટે સમુદ્રપાર પરદેશ ગયો હતો. પાછો આવ્યા પછી તેને સમાજે નાતબહાર મૂકવાનો ઠરાવ કર્યો છે એમ તેમણે જાણ્યું. તે વખતે બાબુ શ્યામચરણ અને બાબુ સંજીવચંદ્ર સમાજના નેતા હતા. તે ભલા છોકરાએ બાબુ શ્યામચરણનો આશરો લીધો. શ્યામચરણે આશ્રય નહિ દેતાં કહ્યું કે–"મારી પોતાની ઇચ્છા પ્રમાણે કરીને સમાજ ઉપર હું અત્યાચાર કરી શકતો નથી. તમે તમારી નાતવાળા પાસે જાઓ, અને જો તેઓ તમને નાતમાં લે તો મને કંઇ અડચણ નથી."

અંતે તે ભલા માણસે સમુદ્રયાત્રાનું પ્રાયશ્ચિત્ત પણ કર્યું; પણ નાત કે

સમાજે તેને દાખલ કર્યો નહિ. છેવટે તે નિરુપાય થઇને બંકિમને શરણે આવ્યો. બંકિમને તેના ઉપર દયા આવી. તેમણે વિચાર કરીને એક ઉપાય કાઢ્યો. તે ભલા માણસને કહ્યું "તમે કોઇ રવિવારે મને આમંત્રણ આપો, હું તમારે ત્યાં આવીને ભોજન કરી જઇશ. તે ભલા માણસે તે પ્રમાણે કર્યું અને બંકિમ બાબુ રવિવારે તેમને ઘેર ગયા. કાંટાલપાડાના કોઇ પણ માણસને આ વાતની ખબર ન પડી. તે ભલા માણસને ઘેર ભોજન કરી આવીને તેઓ પોતાના ભાઇને મળ્યા. બંકિમે પ્રથમ આડી અવળી બે એક વાતો કરીને પછી હસતાં હસતાં કહ્યું–" મોટાભાઇ! હું એક કામ કરી આવ્યો છું."

: શ્યામચરણે પૂછ્યું "શું કરી આવ્યો છે?"

બંકિમે ખૂબ હસતાં હસતાં કહ્યું "રાય–કુટુંબમાં ભોજન કરી આવ્યો છું."

શ્યામચરણ સ્તબ્ધ થઇ ગયા. રાય મહાશય પડદા પાછળ ઉભા હતા. અવસર જોઇને તેઓ પણ આવ્યા. એટલે શ્યામચરણ બાબુ બીજું શું કહે! તરતજ તે ભલા માણસને સમાજમાં લેવામાં આવ્યો. તે ભદ્ર પુરુષ જીવનપર્યંત બંકિમબાબુનો કૃતજ્ઞ રહ્યો.

બંકિમબાબુની પ્રતિભા વિષે તેમના એક ચરિત્રમાં લખ્યું છે કે:—

"બંકિમબાબુની સાધારણ વાતચીત સાંભળીને કોઇ પણ તેમની પ્રતિભાને જાણી શકતું ન હતું; પણ જ્યારે તેઓ કોઇ વિષયની ચર્ચામાં ઉતરતા ત્યારે તેમનું રૂપજ બદલાઇ જતું. તેમની ચળકતી આંખો વધુ ચળકવા લાગતી, અને વખતો વખત હાથપગ વગેરે અંગ પણ થોડાં થોડાં હાલતાં હતાં. પ્રતિભાની કોઇ ઓરજ છટા તેમના મુખ-મંડળ ઉપર પ્રકાશી ઉઠતી. તે વખતે આંખોની ચંચળતા, વાક્યોનો અસંબદ્ધ ભાવ, તેમજ મનની અસ્થિરતા કોણ જાણે ક્યાંય જતાં રહેતાં. જાણે પાંચ વર્ષનો કોઇ છોકરો એકાએક પ્રૌઢ બની જઇને રંગભૂમિ ઉપર આવ્યો હોય ને! એમ લાગતું હતું."

બંકિમચંદ્ર બહુ ક્રોધી હતા. તેઓ ક્રોધના આવેશમાં આવતા ત્યારે ધ્રૂજી ઉઠતા, પણ કોઇને મારતા કરતા નહિ. બંકિમબાબુથી ઘરનાં નાનાં મોટાં બધાંય ડરતાં હતાં. પરંતુ તેમનો ક્રોધ બહુ વાર રહેતો નહિ. ઘડીભરમાં તેમનો ક્રોધ શાંત થઇ જતો; પણ ક્રોધની શરૂઆત બહુ આકરી થતી. તે વખતે તેઓ આત્મસંયમ અને શિક્ષણ બધુંય ભૂલી જતા હતા.

બંકિમે કલકત્તામાં એક ઘર ખરીદીને જીવનની આખરનાં કેટલાક વર્ષ તેમાંજ ગાળ્યાં હતાં. સન ૧૮૮૭ માં તે ઘરમાં તેઓ રહેવા આવ્યા હતા. તે ઘર પાટલ-ડાંગામાં મેડિકલ કૉલેજની સામે છે. હાલ બંકિમ–આશ્રમના નામથી તે પ્રસિદ્ધ છે. વાઇસરૉય લૉર્ડ કર્ઝનના અમલમાં સરકાર તરફથી ત્યાં એક પથ્થર કોતરાવીને ચોડવામાં આવ્યો છે. તેમાં લખ્યું છે કે:—" આ જગ્યામાં નવલકથાકાર બંકિમચંદ્ર રહેતા હતા. જન્મ ઇ૦ સ૦ ૧૮૩૮; મૃત્યુ ઇ૦ સ૦ ૧૮૯૪."

બંગદર્શનમાં બંકિમબાબુએ સામ્યવાદ ઉપર તેમજ વિધવાવિવાહ ઉપર જે લેખો લખ્યા હતા, તેનો થોડો થોડો ભાગ અત્રે આપવામાં આવે છે.

"રામ મોટો માણુસ કહેવાય છે, અને જીવો નાનો માણુસ. આમ શામાટે છે? જીવો ચોરી નથી જાણુતો, છેતરપંડી નથી જાણુતો, બીજાનું સર્વસ્વ ધૂતી લેવાનું નથી જાણુતો, તેથીજ જીવો નાનો માણુસ છે! રામે ચોરી કરીને, છેતરપંડી કરીને, ઠગબાજી કરીને પૈસા એકઠા કર્યા છે, તેથી રામ મોટો માણુસ છે. અથવા રામ પોતે સ્વભાવથીજ ભલો માણુસ છે, પણુ તેના વડદાદા ચોરી, છેતરપંડી વગેરેમાં અત્યંત નિપુણુ હતા; તેઓ પોતાના શેઠનું સર્વસ્વ હરી લઇને જમીન અને પૈસા એકઠા કરી ગયા છે. અર્થાત્ રામ જુગારી અને ચોરનો પુત્ર છે, તેથી તે મોટો માણુસ છે; અને જીવાના દાદાએ જાતે કમાઇને ખાધું છે માટે તે નાનો માણુસ છે. અથવા રામે કોઇ ઠગારાની કન્યા સાથે વિવાહ કર્યો છે, તેથી તે મોટો માણુસ છે. બસ! રામના માહાત્મ્ય ઉપર ફૂલના વરસાદ વરસાવો."

"વિષમતા સંસારનો નિયમ છે. જગત્‌ના સઘળા પદાર્થોમાં વિષમતા છે; પરંતુ બ્રાહ્મણુ અને શૂદ્રમાં તો બહુજ અસ્વાભાવિક વિષમતા દેખાય છે. જેમ કે બ્રાહ્મણુનો વધ કરવો એ મહા પાપ છે, ત્યારે શૂદ્રનો વધ કરવો એ નાનું પાપ છે; પરંતુ આ વાત કુદરતી નિયમાનુસાર બરાબર તો નથીજ. બ્રાહ્મણુ શામાટે અવધ્ય છે? શૂદ્ર શામાટે વધ્ય છે? ખેડુત દાતા છે, તો પછી બ્રાહ્મણુ શામાટે દાતા નથી? તેને બદલે એવોજ નિયમ શામાટે ન થયો કે જેને આપવાની શક્તિ છે તેજ દાતા છે, અને જેને લેવાની જરૂર છે તે લેનાર છે?"

"બધાના કરતાં ધનની વિષમતા બહુ ભારે છે. એ વિષમતાના પ્રતાપે કોઇ કોઇ માણુસોને રૂપીઆ ખુટાડયા ખુટતા નથી; ત્યારે બીજી બાજુ લાખો માણુસો અન્નના અભાવે મરણુ અને રોગના શિકાર થઇ પડે છે!"

"**બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે.** પશુઆદિના જેવી ઇંદ્રિય તૃપ્તિ સિવાયનું બીજું કોઇ પણુ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. છતાં પણુ શૂદ્ર જ્ઞાનચર્ચાનો અધિકારી નથી. બસ જ્ઞાનનો તો અધિકાર માત્ર બ્રાહ્મણુનેજ! અને ભારતના ઘણા ખરા લોકો બ્રાહ્મણેતર જાતિના હોવાથી ને ઘણા ખરા લોકોએ તો બસ મૂર્ખજ રહેવું જોઇયે!"

"વિધવાવિવાહ" ના આ સૌથી મોટા અને વિચારણીય તથા ગહન વિષય ઉપર બંગદર્શનના ચોથા અંકમાં બંકિમચંદ્રે નીચે પ્રમાણે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો હતો:–

"વિધવા–વિવાહ સારો પણુ નથી ને નઠારો પણુ નથી. બધી વિધવાઓનો વિવાહ કરવો એ કદાપિ સારૂં નથી. પણુ હા, વિધવાની ઇચ્છાનુસાર તેને વિવાહની છૂટ આપવી એ તો સારીજ વાત છે. જે સ્ત્રી સાધ્વી છે, જે પોતાના પ્રથમ પતિ

કામપૂર્વક રાખે છે, તે કદિ પુનર્લગ્ન કરશે નહિ. જે નાતોમાં વિધવા-વિવાહનો ચાલ છે તેમાં પણ પવિત્ર સ્વભાવવાળી, સ્નેહાળ અને સાચી વિધવાઓ પુનર્લગ્ન કરતી નથી; પણ જો કોઇ વિધવા-ભલે તો તે હિંદુ હોય કે ભલે તે ગમે તે જાતની હોય-તોપણ પતિના સ્વર્ગવાસ પછી જો તે પુનર્લગ્ન કરવા ઇચ્છે તો તેને જરૂર તેવો અધિકાર છે. જો પુરુષને પત્નીના મરણ પછી વિવાહ કરવાનો અધિકારી ગણી શકાય છે, તો સામ્યવાદ પ્રમાણે સ્ત્રી પણ પતિના મરણ પછી ઇચ્છા થતાં પુનર્લગ્નની અધિકારિણી છે. મનુષ્યમાત્રનો અધિકાર છે કે જેમાં બીજાઓનું અનિષ્ટ ન થતું હોય એવું દરેક કાર્ય તે કરી શકે છે. તેથી પત્નીવિયોગી પતિ, અથવા પતિવિયોગિની પત્ની બન્ને ઇચ્છા થતાં પુનર્લગ્નના અધિકારી છે. આ પ્રમાણે જોતાં વિધવાને પુનઃ વિવાહ કરવાનો જરૂર અધિકાર છે, પણ આ નૈતિક તત્ત્વનો હજુસુધી આ દેશમાં સામાન્ય જનતાએ સ્વીકાર કર્યો નથી. જે લોકો અંગ્રેજી શિક્ષણને લીધે, અથવા વિદ્યાસાગર મહાશયના કે બ્રહ્મસમાજના કહેવા પ્રમાણે આ નીતિનો સ્વીકાર કરે છે તેઓ પણ તેને વર્તનમાં ઉતારી શકતા નથી. જે મહાશયો સ્વીકાર કરે છે કે વિધવાને વિવાહનો અધિકાર છે, તેમનાજ ઘરની વિધવાઓ વિવાહ કરવાને આતુર હોય છે છતાં પણ તેઓ એવા વિવાહ કરવાનું સાહસ કરતા નથી. એનું કારણ સમાજનો ભય છે. એજ ભયના કારણે આ સામ્યવાદ જનસમાજમાં પ્રવેશ કરી શક્યો નથી. અન્યાન્ય પ્રકારનો સામ્યવાદ જનસમાજમાં દાખલ થઇ શક્યો નથી તેનું કારણ તો એમ સમજાય છે કે પુરુષવર્ગ તે પ્રકારના પ્રચારમાં પોતાનું અનિષ્ટ સમજે છે; પણ આ વાત જરા પણ સમજાતી નથી કે આ પુનર્લગ્નનો સામ્યવાદ સમાજમાં કેમ દાખલ થતો નથી? એ કાંઇ કષ્ટસાધ્ય પણ નથી; કોઇનું અનિષ્ટ કરનાર પણ નથી; બલ્કે અનેકોને માટે સુખ-સમૃદ્ધિના કારણરૂપ થઇ શકે તેમ છે. છતાંયે સમાજમાં તેનો સ્વીકાર થવાનાં ચિન્હ જણાતાં નથી; તેનું કારણ એજ છે કે સમાજમાં લોકાચારની ઉપરવટ થવું એ તદ્દન અશક્યજ થઇ પડ્યું છે."

"બીજી એક વાત છે. ઘણાં માણસો એમ માને છે કે ચિર વૈધવ્યના રિવાજને લીધે હિન્દુ-લલનાઓનું પાતિવ્રત્ય એવું દૃઢ બંધાયલું છે કે તેને માટે બીજી જાતનો વિચાર કરવો પણ ઠીક નથી. અર્થાત્ બધી હિંદુ સ્ત્રીઓ જાણે છે કે તેના એક પતિની સાથેજ તેનું સઘળું સુખ ચાલ્યું જશે, તેથી તે પતિ ઉપર અનન્ય ભક્તિભાવ રાખે છે. આ સંપ્રદાયના લોકોની સમજણ પ્રમાણે એજ કારણથી હિંદુઓનાં ઘરોમાં દાંપત્યસુખ આટલું વધારે છે; તો ભલે એ વાતને આપણે સત્યજ માનીએ. પણ જો એમજ છે તો પછી જેની સ્ત્રી મરી ગઇ હોય તે પુરુષને પણ આજીવન વિધુર રહેવાનું વિધાન શામાટે નથી? તમારા મરણ પછી તમારી સ્ત્રીને માટે

બીજો માર્ગજ નથી તેથી તમારી સ્ત્રી તમારા ઉપર વધારે પ્રેમ રાખે છે; તો પછી તમારી પણ સ્ત્રીના મરણ પછી બીજી ગતિ ન થવા પામે એવો જો નિયમ રાખ્યો હોય, તો તમે પણ સ્ત્રી તરફ અધિક પ્રેમ રાખશો એ વાત ખુલ્લીજ છે, અને તેમ છે તો પછી તમારી–પુરુષોની–બાબતમાં પણ તે નિયમ કેમ લાગુ નથી પડતો? માત્ર કેવળ અબળા સ્ત્રીઓને માટેજ એવો નિયમ શામાટે છે? તમે કાયદાના કર્તા છો, તેથી તમારે લહેર છે. તમારામાં બાહુબળ છે તેથી તમે અત્યાચાર કરી શકો છો; પણ યાદ રાખજો કે તે અન્યાયી કામ છે, મહા ધર્મવિરુદ્ધ કાર્ય છે "

બંકિમ બાબુ શ્રેષ્ઠ સમાલોચક હતા. તેઓ રદ્દી સાહિત્યની જેવી તીવ્ર વ્યંગપૂર્ણ સમાલોચના કરતા હતા, તેજ પ્રમાણે ઉપયોગી સાહિત્યની સુવિસ્તૃત અને મર્મસ્પર્શી સમાલોચના કરવામાં પણ પાછા પડતા ન હતા. સમાલોચના કરતાં તેઓ પોતાના પારકાનો વિચાર નહોતા કરતા. છેલ્લાં એક સો વર્ષમાં તો બંગાળામાં બંકિમચંદ્ર જેવો વિદ્વાન સમાલોચક કોઇ પેદા થયો નથી. તેમનું સમાલોચક પદ હજુયે ખાલી જોઇને શ્રીયુત રવીન્દ્રનાથે બહુ ખેદપૂર્વક " સાધના " પત્રમાં લખ્યું હતું કે–

" જ્યારથી બંકિમબાબુ સમાલોચક પદથી દૂર થયા, તે દિવસથી આજપર્યંત કોઇ તે પદનો અધિકારી પેદા થયો નથી. તે સમયની સાહિત્ય જગતની અરાજકતાનું ચિત્ર હૃદયમાં અંકિત કરવાથી વાચક વર્ગ સમજી શકશે કે અમારો સાહિત્ય-સમ્રાટ્ કોણ હતો? અને તેના ગયા પછી રાજ્યભાર ગ્રહણ કરવા યોગ્ય કોઇ પણ વ્યક્તિ હાજર નથી."

બંકિમચંદ્રને તીવ્ર સમાલોચક તરીકે લોકોના અપ્રીતિપાત્ર બનીને કેવી ગાળો ખાવી પડતી હતી તેનું એક દૃષ્ટાંત આપીશું.

એક નાટક બંગદર્શનમાં સમાલોચના માટે કોઇએ મોકલ્યું. બંકિમે બંગદર્શનમાં તે નાટકની જરા તીવ્ર સમાલોચના કરી. જેણે નાટક લખ્યું હતું તે ખાત્રીપૂર્વક માનતો હતો કે તેનું નાટક અત્યંત સુંદર છે, તેથી બંકિમે કરેલી સમાલોચનાથી તે નાખુશ થયો. બંકિમબાબુને ગાળો દેવાના ઇરાદાથી તે પોતાના એક સગાને શરણે ગયો. તે સગાનું એક માસિક પત્ર ચાલતું હતું, અને તેણે જરા ઠીક પ્રસિદ્ધિ મેળવી હતી. તેમાં વિલાયતના ' પંચ ' જેવાં વ્યંગપૂર્ણ ચિત્રો પણ આવતાં હતાં. વસંતકના સંપાદકે રડતા સગાનાં આંસુ લુછવા માટે વસંતકમાં એક ચિત્ર છાપ્યું. તેનું નામ " સાહિત્યક્ષેત્ર " રાખ્યું હતું. તે સાહિત્યક્ષેત્રમાં એક જબરા શરીરવાળો સાંઢ અને થોડાં ઘેટાં ચીતર્યાં હતાં. સાંઢની નીચે બંકિમચંદ્રનું નામ લખ્યું અને તે સાંઢે એકના ઘેટાની છાતીમાં ખોસેલા શીંગડા ઉપર ' બંગદર્શન ' લખ્યું હતું. આ રીતે શ્રેષ્ઠ સમાલોચક બંકિમને કર્તવ્ય બજાવતાં ગાળો ખાવી પડતી હતી.

સૂક્ષ્મદર્શી કવિવર રવીન્દ્રનાથે સાધના પત્રમાં લખ્યું હતું કે–" બંકિમચંદ્રના

ઉપર એક પક્ષનો ખાસ રોષ હતો. તે પક્ષ તેમના પર ખુબ દ્વેષ રાખતો હતો. જે ક્ષુદ્ર લેખકો તેમના અનુકરણનો વૃથા પ્રયત્ન કરતા હતા તેઓજ પોતાનું ઋણ છુપાવવા માટે તેમને સૌથી વધારે ગાળો આપતા હતા. મને યાદ છે કે જ્યારે બંકિમ બાબુ બંગદર્શનમાં સમાલોચના કરતા હતા, ત્યારે તેમના એવા ક્ષુદ્ર શત્રુઓની સંખ્યા ઓછી નહોતી. સેંકડો અયોગ્ય માણસો તેમની ઇર્ષ્યા કરતા હતા. તેમના ક્ષુદ્ર દંશો બંકિમને જરૂર દુઃખ દેતા હતા; પણ તેઓ કોઈ પણ રીતે કર્તવ્યવિમુખ થયા નથી. તેઓમાં અજેય બળ, કર્તવ્યનિષ્ઠા અને સંપૂર્ણ આત્મવિશ્વાસ હતો.".

બંગદર્શનમાં તત્કાલીન સાહિત્યની કેવી તીવ્ર સમાલોચના થતી હતી, તે દર્શાવવા માટે અત્રે તેમની થોડીક સમાલોચનાઓનો ભાવાર્થ આપવામાં આવે છેઃ—

"પહેલાંના સમયમાં અગ્નિદેવતા મહાન પરીક્ષક હતા, મનુષ્યના ચરિત્રની એ પરીક્ષા અગ્નિદ્વારા થતી હતી. જેના સ્વભાવ કે ચરિત્રમાં જરા પણ મલિનતા હોય તો તે અગ્નિપરીક્ષામાં જણાઇ જતી. વાનર-પતિ રામચંદ્રે અગ્નિદ્વારા સીતાની પરીક્ષા કરી હતી. અત્યારસુધી અનેક અરણ્યવાસીઓ એજ રીતે સાધુત્વની પરીક્ષા કર્યા કરે છે. બધા લોકો હમેશાં જુએ છે કે સોનાની પરીક્ષા અગ્નિદ્વારાજ બહુ સારી થાય છે. તેથી અમારે પણ કેટલાક બંગાળી ગ્રંથોની પરીક્ષા અગ્નિદ્વારા કરવી એજ યોગ્ય છે. ઓછામાં ઓછી નાટક, પ્રહસન, ઉપહસન વગેરે આધુનિક રસિક-રંજક ગ્રંથોની તો એવીજ રીતે પરીક્ષા કરવામાં આવે તે ઠીક છે. ગ્રંથોની આવી પરીક્ષા નવી પણ નથી. સાંભળ્યું છે કે રાજા વિક્રમાદિત્યના સમયમાં આ પરીક્ષા પ્રજાકીયે પ્રચલિત હતી. ગ્રંથને અગ્નિમાં નાખતાં જો તે સળગી જતો તો રાજ્યાધિકારીઓ માનતા કે ગ્રંથ જરૂર નકામો હતો; નહિ તો તે સળગી શામાટે જાય ? અમે પણ તેજ દૃષ્ટાંતનું અનુકરણ કરીને એ પ્રહસનની પરીક્ષા કરી. પરિણામે ગ્રંથ સળગી ગયો. અમે શું કરીએ. લેખક જરાયે ખોટું ન લગાડે. લેખકનું નામ હરિહરનંદી છે."

"માધવિકા નાટક—આ નાટકની પણ એવીજ પરીક્ષા કરવાની અમારી બહુ ઇચ્છા હતી; પણ કોઇ ખાસ મિત્રના આગ્રહથી અમે અમારો વિચાર પડતો મૂક્યો. હાલનાં નાટકમાત્રની જો આવી રીતેજ પરીક્ષા થાય તો કંઈ બહુ નુકસાન નહિ થાય. જેટલાં નાટક જોવામાં આવે છે તે બધામાં લગભગ એકજ જાતના કારીગરોનો હાથ છે. બધા નાટક-લેખકોની એવી ધારણા છે કે નાટકમાં આવનાં પાત્રોની વાતચીત લખી સહ-વાર્તાજ નાટક રચવાનું કામ પૂર્ણ થાય છે. કદાચ વાચકોમાં પણ એવોજ સંસ્કાર છે કે એવા સવાલ-જવાબ વાંચી લેવાથી નાટકનું વાચન પૂરું થઇ જાય છે. અમે તેમ કહી પણ શકેથી અમે તો એવા ગ્રંથો માટે અગ્નિ-પરીક્ષાજ કરવાનું ઠરાવ્યું છે."

"બંગાળી શિક્ષણ—બાબુ સિદ્ધેશ્વર રાયે અમારા ઉપર ઉપકાર કરીને

તેમના લખેલા બંગાળી–શિક્ષણ નામના પુસ્તકનો પ્રથમ ભાગ સમાલોચના માટે મોકલ્યો છે. પહેલા પૃષ્ઠમાં કથી ક્ષ સુધીના બધા અક્ષરો ડબલ ગ્રેટ ટાઇપમાં છાપેલા છે. બીજા પાનામાં ય અને ત્રીજા પાનમાં વ ના જોડાક્ષરો વગેરે છે. જરા પણ ભૂલ નથી. લેખકની કુશળતા અદ્‌ભુત છે. બાબુએ વિજ્ઞાપનમાં લખ્યું છે કે "આવાં પુસ્તકોના અભાવથી ઘણા માણસોએ મને આ ખોટ પૂરી પાડવાનો આગ્રહ કર્યો." અને તેમણે એમ પણ જણાવ્યું છે કે એ ખોટ પૂરી પાડવા માટે "શ્રીયુત મીયાંજાન રહેમાન મહાશયે બધી સામગ્રીનો સંગ્રહ કર્યો છે." હિન્દુ મુસલમાનના એકઠા થવાથી ભારતની કેટલી ઉન્નતિ થઇ શકે છે તેનું આ એક અદ્‌ભુત ઉદાહરણ છે."

"એક પુરાતન ગ્રંથ—૭ વર્ષ થયાં કોઇ દેશપ્રેમી ગ્રંથકારે જ્ઞાન–દીપથી બંગાળી ભાષાને પ્રજ્વલિત કરવા માટે એક ચાર આનાની કિંમતનું પુસ્તક છપાવ્યું હતું. બંગાળને કમનસીબે કોઇએ આ પુસ્તક ખરીદ્યું નહિ એટલે હવે જાહેરખબરની જરૂર પડી છે. અમારા જાણવામાં આવ્યું છે કે તેનું ખર્ચ બચાવવા માટે તે મહાશયે તે પુસ્તક અમારી પાસે સમાલોચના માટે મોકલ્યું છે. ઘણા લોકો જાણે છે કે સમાલોચનાથી જાહેરાતનું કામ થાય છે; તેથી ગ્રંથકારને અમે એવી તક આપવા ઇચ્છતા નથી. આથી કરીને બહુ માણસો બળી ઉઠ્યા છે. બંગદર્શનના પૂર્વ સંપાદક જરા વધારે બુદ્ધિમાન હોવાથી તેમણે બંગદર્શનમાં સમાલોચના કરવાનું બંધ કરી દીધું હતું. જે દિવસે તેમણે કહ્યું કે હવે અમે પુસ્તકોની સમાલોચના નથી કરવાના, તેજ દિવસથી બંગદર્શન કાર્યાલયમાં પેલી લાલ, લીલાં, પીળાં, વાદળી, ભુરાં પૂઠાંવાળી, સુશોભિત, નાની, મોટી, જાડી, પાતળી, હલકટ ચોપડીઓની આવક બંધ થઈ ગઇ! × × × ભોજન કરી રહ્યા પછી ભોજનગૃહની જેવી સ્થિતિ થઈ જાય છે એવી સ્થિતિ બંગદર્શન પુસ્તકાલયની થઇ ગઈ! બ્રહ્મભોજન સમાપ્ત થઇ ગયેલું જાણીને–એએક નિમિંત્રિત ભલા માણસો સિવાયના–બીજા ભિખારીઓ તો ઝાડુનો અવાજ સાંભળીનેજ ચાલ્યા ગયા. ફક્ત બે એક ચુસ્ત ફકીરોએ દરવાજો છોડયો નહિ. સાહિત્ય સંસારના કાગડાઓ છેવટે ભીંત ઉપર બેસીને એઠું મળતું બંધ થવાને લીધે–કા, કા, કરવા લાગ્યા; અને કેટલાક કૂતરાઓએ પણ ભસવાનું જારી રાખ્યું, અંતે શાંતિ ફેલાઇ."

"ભાગ્ય–વિડંબનામાં પડીને વર્તમાન સંપાદકે સમાલોચના પુનઃ શરૂ કરી. બંગ–સાહિત્ય સમાજમાં પુનઃ ઘોષણા થઇ કે પેલે ઘેર પાછું બ્રહ્મભોજન શરૂ થઇ ગયું છે! એટલે ન્યાયાલંકાર, તર્કાલંકાર, વિદ્યારત્ન, વિદ્યાવાગીશ, વિદ્યાનવીસ, વિદ્યાખવીશ, વિદ્યાકપીશ, વગેરે બધા ચોટલી ઉપર બેલપત્ર બાંધીને સમાલોચનાના બ્રહ્મભોજનમાં પહોંચી ગયા! જોયું તો તેજ ભિખારીઓ આપવડાઇના જળમાં

આશારૂપી કેળના પાનને ચીરીને વહાલી મિત્રની આશાથી દરવાજા આગળ ઉભા છે! એથીજ અમે કહ્યું છે કે બહુ માણસો ભૂખ્યા ઉભા છે."

"અંત જતા અમે કહી શકીએ કે ગ્રંથકારોની સમાલોચના કરતાં વધુ સુખ બીજું નથી; પણ જે દયાળુના દયા કરી પુસ્તકો ટપાલ મારફતે અમારા કાર્યાલયમાં આવે છે તેમની સમાલોચના તો અમારે માટે બહુજ દુઃખદાયક છે. તેમને વાંચવા કરતાં વધારે દુઃખપ્રદ બીજું કંઈજ નથી."

સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ કરી જે સમયે બંકિમચંદ્રે ગ્રંથો લખવાનો પ્રારંભ કર્યો તે સમયે અંગ્રેજી કેળવણીનો પ્રચાર બહુ જોરથી થતો હતો. કલકત્તામાં યુનિવર્સિટી સ્થપાઈ હતી, અને નગરે નગર અંગ્રેજી સ્કૂલો ઉઘડી હતી. ધનોપાર્જન માટે તથા રાજકીય સન્માન માટે પ્રજાનો સામાન્ય વર્ગ અંગ્રેજી ભાષા ભણવા તરફ દોરાયો હતો, અને ધનવાન વર્ગ પણ ઉપાધિધારી બનવા તથા રાજપુરુષોથી સંમાનિત થવા અંગ્રેજી ભાષા ભણવા લાગ્યો હતો. એ રીતે સૌ લોકોનું અંગ્રેજી ભાષા તરફ પુષ્કળ લક્ષ્ય હતું અને અંગ્રેજી ભાષા ન જાણનાર માણસ શિક્ષિતજ ગણાતો નહિ! અંગ્રેજી ભાષાની પ્રબળતાને લીધે માતૃભાષા તો ઢંકાઈજ ગઈ હતી. જે અંગ્રેજી ભાષા જાણતો તેને માટે સાહિત્યનું વિશાળ ક્ષેત્ર ખુલ્લું હતું. સાહિત્ય, વિજ્ઞાન, દર્શન, ઇતિહાસ ઇત્યાદિ જે વિષયો જાણવાની તેને ઇચ્છા થાય તે વિષયો અંગ્રેજી ભાષામાં મળી શકતા હોવાથી અંગ્રેજી જાણનાર વર્ગ તેના નિશામાં ચકચુર રહેતો અને માતૃભાષાની કંગાલ દશા ઉપર દુઃખી થવાને બદલે હાસ્ય કરતો. આવી સ્થિતિમાં પોતાની માતૃભાષાની ઉત્કૃષ્ટતા તથા સ્વદેશહિતૈષિતાની મહત્તા દેખાડી અંગ્રેજીના અભિમાને અંધ બનેલા બંગાળીઓને વાસ્તવિક રસ્તે દોરવાને માટે બંકિમબાબુએ કમર કસી.

જણાય છે કે બંકિમચંદ્રનો જન્મ જાણે બંગાળી ભાષાની સેવાને માટેજ થયો હતો! આખા જીવનપર્યંત તેમણે અનંત આગ્રહપૂર્વક બંગાળીભાષાની સેવા કરી. તેમની અસાધારણ શક્તિથી બંગાળીભાષાની અસાધારણ ઉન્નતિ થઈ. એમનો એ મહામંત્ર હતો કે "માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઈ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય-ભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી." આ મહામંત્રનો સતત જાપ જપી તેમણે બંગાળીભાષાના ભંડારમાં ગ્રંથરત્નોનો વધારો કરવા પુષ્કળ શ્રમ કર્યો. એમનાં અસાધારણ ઉત્સાહ તથા અસાધારણ વિદ્વત્તાથી બંગાળા-માં જાણે યુગજ ફેરવાઈ ગયો! બંકિમચંદ્રમાં સ્વજાતિપ્રેમ અને સ્વદેશભક્તિ અપાર હતાં. એ ગુણોને લીધેજ આજે લાખો સ્ત્રીપુરુષો તેમનાપર શ્રદ્ધા અને ભક્તિ ધરાવે છે. બંકિમચન્દ્ર કહેતા કે, "પુસ્તકો લખવાનો ઉદ્દેશ સ્વદેશવાસીઓનો

[illegible] અને [illegible] આપવા એજ છે. જે લખાણ દેશબંધુઓ સમજી [illegible] દેશને કશો ઉપકાર થાય તેમ ન હોય તે [illegible]"

[illegible] શરૂ કરી તે સમયે બંગાળી ભાષાની દશા તદ્દન [illegible] અને ઉત્સાહનું પરિણામ એ થયું કે [illegible] બંગાળી ભાષા સર્વોત્કૃષ્ટ પદ પામી! બંકિમ [illegible] અને મર્મને સ્પર્શ કરનારી હતી. તેઓ પોતાના [illegible] ભરી દેતા. બંકિમચંદ્ર [illegible] ભાવસૌન્દર્ય તથા ભાવસૌન્દર્ય [illegible] ઉત્તમતાથી અંકિત કરતા.

[illegible] 'દુર્ગેશનંદિની' નામની નવલકથા પ્રકટ થઈ. [illegible] અને વિચારશીલતાનો સારી રીતે [illegible] ભારતવર્ષની તે સમયની પ્રચલિત [illegible] નહોતી. જો કે તે વખતે એ પુસ્તક [illegible] તે સમયના સમાજની [illegible] મળી આવશે [illegible]

[illegible] કરીને પ્રાપ્ત થયું કે [illegible] સુંદર ભાગે છે. આ [illegible] રચના કરતા. [illegible]

[illegible]

બંકિમે પોતાની નવલકથાઓની ગુંથણી ઐતિહાસિક બનાવોપર કરેલી હોવા છતાં. તેમાં સ્વતંત્ર કલ્પનાનું પ્રાધાન્ય છે. તેમનામાં કલ્પનાશક્તિ પ્રબલ હોવાથીજ નવલકથાનાં પાત્રોનાં વિવિધ ચિત્રો ચીતરવામાં તેઓ સફળ થયા છે. ઉત્તમ નવલકથાકાર પોતાની કલ્પનાશક્તિના બળે સત્યનું મહત્ત્વનું સરસ રીતે દર્શાવી શકે છે, અને તેવુંજ બંકિમચંદ્રની નવલકથાઓ વાંચતાં આપણે આબેહુબ અનુભવીએ છીએ. કોઈ ચતુર ચિત્રકાર જેમ પોતાની કુશળતાને લીધે નિર્જીવ ચિત્રને આબેહુબ; સજીવ જેવું દર્શાવે છે, તેમ ઉત્તમ નવલકથાકાર પણ જનસ્વભાવનું ખરેખરૂં ચિત્ર પાડી ઉત્તમ શિક્ષકની ગરજ સારે છે. ઉત્તમ નવલકથાકારનું દરેક માનવચરિત્ર સ્વાભાવિકતાથી પરિપૂર્ણ હોય છે, એટલુંજ નહિ પણ તે પવિત્રતા તરફ દોરનારૂં હોય છે. જે વાર્તાલેખક આ ઉદ્દેશ ભૂલી જાય છે તે સમાજનો શિક્ષક બની શકતો નથી. માણસોનો મોટો ભાગ વાર્તા અને નવલકથાના વાચન તરફ પ્રીતિવાળો હોવાથી વાર્તા અને નવલકથાના લેખકે હમેશાં એટલું સ્મરણમાં રાખવું જોઇએ કે " આપણે દૃષ્ટાંતદ્વારા શુભ કાર્યોનો ઉત્કર્ષ પ્રદર્શિત કરવો છે." બસ, આટલું સ્મરણમાં રાખી તે વાર્તાલેખનનું પવિત્ર કાર્ય ઉત્તમતાથી કરશે તો તેનો શ્રમ સફળ થશે. કદિ ભૂલેચૂકે પણ બંકિમચન્દ્રે પોતાની નવલકથાઓનું ઉચ્ચ લક્ષ્યસ્થાન વિસ્મૃત કરેલું નથી; અને તેથીજ તેમનો લેખકતરીકેનો શ્રમ સફળ થઈ તેઓ હાલ બંગાળામાં 'સાહિત્યસમ્રાટ્' ને નામે અમર થયા છે.

તેમનું હૃદય સહૃદયતા, સત્યવાદિતા, તેજસ્વિતા અને નિર્ભયતાથી ભરપૂર હતું. આથીજ તેમનો ઉપદેશ અસરકારક અને મર્મસ્પર્શી થઇ રહેતો.

બંકિમચંદ્રને હિંદુધર્મપર સંપૂર્ણ વિશ્વાસ હતો. ધાર્મિક કાર્યોમાં તે બહુજ ઉત્સાહ દર્શાવતા. ભગવાન્ કૃષ્ણચંદ્રના તે મહાન ભક્ત હતા અને તેમને તે પોતાના ઇષ્ટદેવ માનતા. ગોપીઓની પ્રેમવાર્તાને તે માત્ર કવિકલ્પના માનતા. છેલ્લી અવસ્થામાં તેમનો ધર્મભાવ બહુજ વધ્યો હતો, અને મોટે ભાગે ધાર્મિક ગ્રંથોના પઠનપાઠનમાંજ સમય ગાળતા.

તેમનું હૃદય અત્યંત કોમળ અને સરળ હતું. તે હમેશાં પ્રસન્ન મુખે રહેતા. સરળતા, સહૃદયતા અને હૃદયની પવિત્રતાને લીધે તે સૌને પ્રિય લાગતા. તેમના પાસે અનેક દીન અને દુઃખી માણસો આવી પોતાની રામકહાણી ગાઇ બતાવતા. બંકિમચંદ્ર ધ્યાનપૂર્વક તે સાંભળતા, કંઠ ગદગદ બનતા અને પછી તેનું દુઃખ દૂર કરવા આશ્વાસનથી તેમજ ધનાદિથી યત્ન કરતા. તેમણે અનેક ઉત્સાહભંગ થએલા નવયુવાનોને રસ્તો દર્શાવ્યો છે, તથા અનેક નિરાશ્રિતોને આશ્રય આપેલો છે.

બંગાળી લોકો આધુનિક સાહિત્યની બંગાળી ભાષાના જન્મદાતા બંકિમ બાબુને ગણીને તેમના તરફ બહુજ માન રાખે છે. બંગાળી ભાષા બંકિમના પહેલાંથી લખાય

[illegible] અને શુભ વિચારો આપવા એજ છે. જે લખાણ દેશબંધુઓ [illegible] તેવું ન હોય અથવા જે લખાણથી દેશને કશો ઉપકાર થાય તેમ ન હોય તે [illegible] છે."

[illegible] પ્રવૃત્તિ શરૂ કરી તે સમયે બંગાળી ભાષાની દશા [illegible] [illegible] તેમના [illegible] પ્રયત્ન અને ઉત્સાહનું પરિણામ એ થયું કે [illegible] બંગાળી ભાષા સર્વોત્કૃષ્ટ પદ પામી ! બંકિમ[illegible] અને મર્મને સ્પર્શ કરનારી હતી. તેઓ પોતાના [illegible] અને સ્વદેશપ્રેમ છલોછલ ભરી દેતા. બંકિમચં[illegible] [illegible] ગ્રંથોમાં ભાષાસૌન્દર્ય તથા ભાવસૌન્દર્ય [illegible] [illegible] સૌંદર્ય પણ બહુ ઉત્તમતાથી અંકિત કરતા.

[illegible] તેમની 'દુર્ગેશનંદિની' નામની નવલકથા પ્રકટ થઈ. [illegible] તેમની [illegible] અને વિચારશીલતાનો સારી રીતે [illegible] [illegible] ભારતવર્ષની તે સમયની પ્રચલિત [illegible] [illegible] નહોતી. જો કે તે વખતે એ પુસ્તક [illegible] પણ તેનું કારણ તે સમયના સમાજની [illegible] નવલકથાઓ ગણી ગાંઠીજ મળી આવશે કે જે [illegible] હોય !

[illegible] જોને પ્રાપ્ત થયું છે [illegible] [illegible]

[illegible]

[illegible]

બંકિમે પોતાની નવલકથાઓની ગુંથણી ઐતિહાસિક બનાવોપર કરેલી હોવા છતાં તેમાં સ્વતંત્ર કલ્પનાનું પ્રાધાન્ય છે. તેમનામાં કલ્પનાશક્તિ પ્રબલ હોવાથીજ નવલકથાના પાત્રોનાં વિવિધ ચિત્રો ચીતરવામાં તેઓ સફળ થયા છે. ઉત્તમ નવલકથાકાર પોતાની કલ્પનાશક્તિના બળે સત્યનું મહત્ત્વનું સરસ રીતે દર્શાવી શકે છે, અને તેવુંજ બંકિમચંદ્રની નવલકથાઓ વાંચતાં આપણે આબેહુબ અનુભવીએ છીએ. કોઈ ચતુર ચિત્રકાર જેમ પોતાની કુશળતાને લીધે નિર્જીવ ચિત્રને આબેહુબ સજીવ જેવું દર્શાવે છે, તેમ ઉત્તમ નવલકથાકાર પણ જનસ્વભાવનું ખરેખરૂં ચિત્ર પાડી ઉત્તમ શિક્ષકની ગરજ સારે છે. ઉત્તમ નવલકથાકારનું દરેક માનવચરિત્ર સ્વાભાવિકતાથી પરિપૂર્ણ હોય છે, એટલુંજ નહિ પણ તે પવિત્રતા તરફ દોરનારૂં હોય છે. જે વાર્તાલેખક આ ઉદ્દેશ ભૂલી જાય છે તે સમાજનો શિક્ષક બની શકતો નથી. માણસોનો મોટો ભાગ વાર્તા અને નવલકથાના વાચન તરફ પ્રીતિવાળો હોવાથી વાર્તા અને નવલકથાના લેખકે હમેશાં એટલું સ્મરણમાં રાખવું જોઈએ કે " આપણે-દૃષ્ટાંતદ્વારા શુભ કાર્યોનો ઉત્કર્ષ પ્રદર્શિત કરવો છે." બસ, આટલું સ્મરણમાં રાખી તે વાર્તાલેખનનું પવિત્ર કાર્ય ઉત્તમતાથી કરશે તો તેનો શ્રમ સફળ થશે. કદિ ભૂલેચૂકે પણ બંકિમચન્દ્રે પોતાની નવલકથાઓનું ઉચ્ચ લક્ષ્યસ્થાન વિસ્મૃત કરેલું નથી; અને તેથીજ તેમનો લેખકતરીકેનો શ્રમ સફળ થઈ તેઓ હાલ બંગાળામાં 'સાહિત્યસમ્રાટ્' ને નામે અમર થયા છે.

તેમનું હૃદય સહૃદયતા, સત્યવાદિતા, તેજસ્વિતા અને નિર્ભયતાથી ભરપૂર હતું. આથીજ તેમનો ઉપદેશ અસરકારક અને મર્મસ્પર્શી થઈ રહેતો.

બંકિમચંદ્રને હિંદુધર્મપર સંપૂર્ણ વિશ્વાસ હતો. ધાર્મિક કાર્યોમાં તે બહુજ ઉત્સાહ દર્શાવતા. ભગવાન્ કૃષ્ણચંદ્રના તે મહાન ભક્ત હતા અને તેમને તે પોતાના ઇષ્ટદેવ માનતા. ગોપીઓની પ્રેમવાર્તાને તે માત્ર કવિકલ્પના માનતા. છેલ્લી અવસ્થામાં તેમનો ધર્મભાવ બહુજ વધ્યો હતો, અને મોટે ભાગે ધાર્મિક ગ્રંથોના પઠનપાઠનમાંજ સમય ગાળતા.

તેમનું હૃદય અત્યંત કોમળ અને સરળ હતું. તે હમેશાં પ્રસન્ન મુખે રહેતા. સરળતા, સહૃદયતા અને હૃદયની પવિત્રતાને લીધે તે સૌને પ્રિય લાગતા. તેમના પાસે અનેક દીન અને દુઃખી માણસો આવી પોતાની રામકહાણી ગાઈ બતાવતા. બંકિમચંદ્ર ધ્યાનપૂર્વક તે સાંભળતા, કોઈ ગદ્‌ગદ બનતા અને પછી તેનું દુઃખ દૂર કરવા આશ્વાસનથી તેમજ ધનાદિથી યત્ન કરતા. તેમણે અનેક ઉત્સાહભંગ થએલા નવયુવકોને રસ્તો દર્શાવ્યો છે, તથા અનેક નિરાશ્રિતોને આશ્રય આપેલો છે.

બંગાળી લોકો આધુનિક સાહિત્યની બંગાળી ભાષાના જન્મદાતા બંકિમ બાબુને ગણીને તેમના તરફ બહુજ માન રાખે છે. બંગાળી ભાષા બંકિમના પહેલાથી લખાય

છે; પણ તેને સુંદર રૂપ આપનાર, તેને સ્વચ્છ કરીને તેમાં ઉચ્ચ સાહિત્ય લખી તેને લોકપ્રિય બનાવનાર તો મહાત્મા બંકિમચંદ્રજ છે; જેથી બંગાળી લોકો બંગાળી સાહિત્યમાં બંકિમને સૌથી ઉંચું સ્થાન આપે છે. બંકિમના હાથમાં પડીને બંગાળી ભાષાએ નવુંજ રૂપ ધારણ કર્યું છે. જે સુંદર ભાષામાં હાલ બંગાળીઓ પોતાનું સાહિત્ય વધારી રહ્યા છે; અને બંગાળી લેખકો જેમનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરે છે; તે ભાષા બંકિમેજ રચેલી છે. આવિષે જગપ્રસિદ્ધ કવિવર રવીંદ્રનાથ ઠાકુર 'સાધના' પત્રમાં લખે છે કેઃ—

"અમારી બંગાળી ભાષા માત્ર એકતારાની પેઠે એક તારથી બંધાયલી હતી. ફક્ત સહજ 'સૂર'માં ધર્મસંકીર્તન કરવાના ઉપયોગમાંજ તે આવતી. બંકિમે પોતાના હાથે તેમાં એક એક તાર ચઢાવીને આજ તેને વીણાનું રૂપ આપી દીધું તેથી પહેલાં જેમાંથી માત્ર સ્થાનિક ગ્રામ્ય સૂરજ વાગતો હતો, તેમાંથી આજ વિશ્વસભામાં સંભળાવવાયોગ્ય ધ્રુપદની કલાવતી રાગિણી ગાઈ શકાય છે. × × × માતૃભાષાનું વંધ્યત્વ ટાળીને જેમણે તેને એવી ગૌરવશાળી બનાવી છે, તેમણે બંગાળીઓ ઉપર કેટલો મહાન અને ચિરસ્થાયી ઉપકાર કર્યો છે, એ વાત પણ જો કોઇને સમજાવવાની જરૂર હોય તો તેનાથી વધારે દુર્ભાગ્ય બીજું હોઈ શકે નહિ."

બંકિમ બાબુના લગભગ બધા બંગાળી ગ્રંથોના અનુવાદ ગુજરાતી, હિન્દી તેમજ મરાઠીમાં થઈ ચુકયા છે; અને તેથી તે તે ભાષાનો વાચકવર્ગ બંકિમ બાબુના પ્રગાઢ પાંડિત્ય, ગંભીર સંશોધન શકિત, અપ્રતિમ કલ્પના અને લેખનપદ્ધતિથી પરિચિત થયેલો છે. એટલે વિશેષરૂપે બતાવવાની જરૂર નથી કે સાહિત્યસમ્રાટ્ બંકિમ બાબુનું સ્થાન સમગ્ર ભારતમાં પણ કેટલું ઉંચું છે.

બંકિમ બાબુના સમકાલીન, સહયોગી, ઉત્તમ લેખકોમાં મેઘનાદવધ કાવ્યના રચનાર બાબુ મધુસૂદન દત્ત; નીલદર્પણ નાટકના લેખક સુકવિ બાબુ દીનબંધુ મિત્ર; પ્લાસીનું યુદ્ધ, પ્રભાસ, રેવતક, કુરુક્ષેત્ર, બુદ્ધ વગેરે ગ્રન્થરત્નોના લેખક પ્રતિભાશાળી કવિ બાબુ નવીનચંદ્ર સેન; શ્રેષ્ઠ લેખક બાબુ હેમચંદ્ર બેનરજી, શ્રેષ્ઠ સમાલોચક ચંદ્રનાથ વસુ અને અક્ષયકુમાર દત્ત; એ મુખ્ય હતા. એ વિદ્વાનોએ પણ પોતાની માતૃભાષાને જે શ્રેષ્ઠ ગ્રંથરત્નો ભેટ કર્યાં છે તે પણ બંગાળી સાહિત્યની અમૂલ્ય અને ચિરસ્થાયી સંપત્તિ છે.

બંકિમ બાબુ પછી તેમનું સ્થાન તો નજ પૂરાયું પણ બાબુ રવીન્દ્રનાથ ઠાકુર ને દ્વિજેન્દ્રલાલ રોયે તેમની ઘણી ખરી ખોટ પૂરી પાડી છે.

બંકિમચંદ્રનો કયો ગ્રંથ કયારે પ્રગટ થયો તેનું નીચે એક સૂચીપત્ર આપવામાં આવે છે, જેથી વાચકોને તેમના ગ્રંથોની પ્રથમાવૃત્તિનો વખત અને બંકિમના જીવનપર્યંત તેની કેટલી આવૃત્તિ નીકળી હતી તેની સંખ્યા માલૂમ પડશે.

નામ	ઈ૦ સ૦	આવૃત્તિ
૧ દુર્ગેશનન્દિની	૧૮૬૫	૧૧
૨ કપાલ કુંડલા	૧૮૬૭	૭
૩ મૃણાલિની	૧૮૬૯	૭
૪ વિષવૃક્ષ	૧૮૭૩	૭
૫ ઈંદિરા	૧૮૭૩	૫
૬ લોકરહસ્ય	૧૮૭૪	૧
૭ યુગલાંગુરીય	૧૮૭૪	૫
૮ વિજ્ઞાન રહસ્ય	૧૮૭૫	૧
૯ રાધારાણી	૧૮૭૫	૪
૧૦ ચંદ્રશેખર	૧૮૭૫	૨
૧૧ કમલાકાંતનું દફતર	૧૮૭૬	૨
૧૨ વિવિધ સમાલોચના	૧૮૭૬	૧
૧૩ રજની	૧૮૭૭	૨
૧૪ ઉપકથા	૧૮૭૭	૨
૧૫ કવિતા પુસ્તક	૧૮૭૮	૨
૧૬ કૃષ્ણકાંતનું વીલ	૧૮૭૮	૪
૧૭ પ્રબંધ પુસ્તક	૧૮૭૯	૧
૧૮ રાજસિંહ	૧૮૮૨	૪
૧૯ આનંદમઠ	૧૮૮૨	૫
૨૦ દેવી ચૌધરાણી	૧૮૮૪	૫
૨૧ મોચીરામ ગૌડનું જીવનચરિત્ર	૧૮૮૪	૧
૨૨ કૃષ્ણચરિત્ર	૧૮૮૬	૨
૨૩ સીતારામ	૧૮૮૭	૨
૨૪ વિવિધ પ્રબંધ	૧૮૮૭	૨
૨૫ ધર્મતત્ત્વ	૧૮૮૮	૧
૨૬ બંગાળી સિલેકશન્સ.	૧૮૯૨	૧
૨૭ સંજીવની સુધા.	૧૮૯૩	૧

બંકિમકૃત ધાર્મિક ગ્રંથ "કૃષ્ણચરિત્ર" તેમની અક્ષય કીર્તિરૂપ છે. આ ગ્રંથ વાંચતાં વાંચતાં મેંકડો વાર એવો વિચાર આવે છે કે જેણે ત્રેણુંમિમાના વિલાસ-મંદિરનું ચિત્ર દોર્યું છે; અને કમલમણિના ગાલની શાહી શ્રીશચંદ્રના મોં ઉપર લગાવી દીધી છે, તેમણે મહાભારત, પુરાણ આદિનું મંથન કરીને કેવી રીતે આવો ગંભીર સંશોધનપૂર્ણ ગ્રંથ લખ્યો હશે ?

"ધર્મતત્ત્વ" પુસ્તક બંકિમચંદ્રનો બીજો કીર્તિસ્થંભ છે, અને ત્રીજો ભગવદ્ગીતાની ટીકા; પણ આ ટીકા તેઓ સંપૂર્ણ ન કરી શકયા. આને અમે આપણું દુર્ભાગ્ય માનીએ છીએ. ચોથા અધ્યાય સુધી લખી શકયા હતા. સંપૂર્ણ ગ્રંથ હોત તો આજ તે પણ બંકિમના સર્વોત્તમ કીર્તિસ્થંભરૂપ ગણાત.

આ રીતે માતૃભાષા તથા માતૃભૂમિની સેવા કરતાં કરતાં ઈ૦ સ૦ ૧૮૯૪ માં ૫૬ વર્ષની ઉંમરે બંગાળી સાહિત્ય-સેવકોના સમ્રાટ્ બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે પોતાની માનવલીલા સમાપ્ત કરી હતી.

મહારાજ વિક્રમાદિત્યનો રાજ્યવૈભવ અત્યારે ભૂંસાઇ ગયો છે તો પણ હજુ જેમ કાલિદાસનાં 'અભિજ્ઞાન શાકુંતલ' 'રઘુવંશ' ઇત્યાદિ પુસ્તકો અમર છે; અને તે નિત્ય નવા નવા ભાવોથી વાચકોનાં મન રંજન કરે છે, તેજ પ્રમાણે વિદેહ થએલા મહાત્મા બંકિમચંદ્રના ગ્રંથો અને લેખો પણ ચિરકાલ રહેશે; અને વાચકોનાં મનને આનંદ આપી ઉન્નતિના માર્ગે પ્રેરશે.



धर्मतत्त्व

अध्याय १ लो—दुःख एटले शुं?

ગુરુ:—વાચસ્પતિ મહાશયના શું સમાચાર છે? તેમની વેદના કાંઇ શાંત થઇ કે નહિ?

શિષ્ય:—તેઓ તો કાશી તરફ ગયા.

ગુરુ:—પાછા ક્યારે આવશે?

શિષ્ય:—હવે આવે એમ લાગતું નથી. ઘણું કરીને કાયમને માટેજ ગયા છે.

ગુરુ:—એમ કરવાનું કારણ?

શિષ્ય:—એવું તે શું સુખ છે કે અહીંઆ રહેવાને તેઓ રાજી થાય?

ગુરુ:—તેમને શું દુઃખ હતું?

શિષ્ય:—એમને બિચારાને ઓતઃકનું દુઃખ હતું. દુઃખમાં કાંઇ બાકી નહોતું એમ કહું તોપણ ખોટું નથી. આપ ઘણીવાર કહ્યા કરો છો કે ધર્મમાંજ સુખ છે. તોપછી વાચસ્પતિ મહારાજ જેવા પરમ ધાર્મિક મનુષ્યો આવાં દુઃખોથી કેમ રીબાતા હશે? જગતમાં વાચસ્પતિ મહાશય જેવા ધાર્મિક મનુષ્ય થોડાજ હશે, ત્યાં તેમના જેવો દુઃખી મનુષ્ય પણ બીજો કોઇ નહિ હોય?

ગુરુ:—તેઓ કાં તો દુઃખી નહિ હોય અને કાં તો ધાર્મિક નહિ હોય.

શિષ્ય:—તેમને કાંઇ દુઃખજ નહિ હોય એમ શું આપ કહેવા માગો છો? વસ્તુતઃ તેઓ એટલા બધા કંગાલ અને દરિદ્ર છે કે પૂરું ખાવાનું પણ મળતું નથી. તે ઉપરાંત શરીર ઉપર પણ રહેણું નહિ. સર્વદા કોઇને કોઇક રોગ તો હોયજ! અધુરામાં પૂરું તેમનું ઘર પણ સળગી ગયું! આને જો દુઃખ ન કહેવાય તો પછી દુઃખ બીજું કેવું હોય?

ગુરુ:—ત્યારે તેઓ ધાર્મિક નહિ હોય.

શિષ્ય:—એમ કેમ કહેવાય? શું આપ એમ કહેવા માગો છો કે દારિદ્ર્ય-કંગાળપણું, રોગ અને ઘર બળવું, એ સર્વ અધર્મનાં ફળ છે?

ગુરુ:—હા. હું એમજ કહેવા માગું છું.

શિષ્ય:—પૂર્વજન્મના અધર્મનું ફળ?

ગુરુ:—પૂર્વજન્મને વચમાં શામાટે નાખે છે? આજ જન્મના અધર્મનું ફળ!

શિષ્ય:—આપ શું એમ માનો છો કે આ જન્મમાં અધર્મ કર્યો હોય તેના ફળરૂપેજ રોગશોકાદિ પ્રાપ્ત થાય છે?

ગુરુ:—હુંજ નહિ, પરંતુ તારે પણ માનવું પડશે. વધારે ઠંડી લાગે તો શરદી થાય અને ભારે ભોજન વધારે પ્રમાણમાં લેવાય તો અજીર્ણ થાય તેમ તું નથી માનતો?

શિષ્ય:—ઠંડી લાગવી એ શું અધર્મ છે?

ગુરુ:—બીજા અનેક ધર્મો પૈકી શારીરિક ધર્મ પણ એક ધર્મ છે. નુકશાનકારક ઠંડી લાગવા દેવી એ ધર્મથી વિરુદ્ધ છે, અને તેથી તે અધર્મ છે.

શિષ્ય:—આપે તો અહિંસા ધર્મને શારીરિક અર્થમાં લઇ લીધો.

ગુરુ:—જે શરીરસંબંધી નિયમોથી વિરુદ્ધ હોય તે શારીરિક અધર્મ લેખાય.

શિષ્ય:—ત્યારે શું સ્વાભાવિક નિયમોને અનુસરવું એનું નામ ધર્મ, અને એ નિયમોનો ભંગ કરી અવળા ચાલવું તેનું નામ અધર્મ?

ગુરુ:—ધર્મ અને અધર્મને લગતો વિષય એવો છે કે એટલી બધી સરળતાથી તેનો નિર્ણય થઇ શકે નહિ. જો તેમ હોત તો ધર્મતત્ત્વ ભૌતિક પદાર્થવેત્તાઓનાજ હાથમાં રહેવા પામત. એમ છતાં ઠંડી લાગવા સંબંધે ઉપર જે કહ્યું છે તે ખોટું નથી.

શિષ્ય:—ધારો કે એ વાત માની લીધી. પણ મારો પ્રશ્ન એજ છે કે વાચસ્પતિ મહાશયનું દારિદ્ર્ય-દુઃખ એ કયા પાપનું ફળ?

ગુરુ:—દારિદ્ર્ય-દુઃખ એટલે શું? એ વાત પ્રથમ બરાબર સમજી લે. ભલા, તેમને શું દુઃખ હતું?

શિષ્ય:—પહેલું તો એજ કે પૂરું ખાવાનું પણ તેમને મળતું નહોતું.

ગુરુ:—વાચસ્પતિ મહાશયને તે દુઃખ તો નહિજ હોય એમ હું ખાત્રીપૂર્વક કહી શકું છું; કારણ કે જો તેમને ખાવાનુંજ મળતું ન હોત, તો તેઓ ક્યારના મરી ગયા હોત.

શિષ્ય:—કોઈ વખત માત્ર ભાત કે કોઈ વખત માત્ર જાર ઉપર આખા કુટું-બને નિભાવવું પડે એ શું દુઃખ ન ગણાય?

ગુરુઃ—શરીરરક્ષામાટે અને પોષણમાટે જે તે પૂરતું ન હોય તો તેને દુઃખ કહી શકાય. શારીરિક અને માનસિક પુષ્ટિને માટે યોગ્ય પ્રમાણમાં અન્ન મળવા છતાં વધારે સારા અન્નમાટે બળાપો કર્યા કરવો, એ ધાર્મિક મનુષ્યનું લક્ષણ નથી. સ્વાદિષ્ટ ખોરાક મેળવવા પાછળ તો પેટભરાઓજ હાય હોય કરે; અને એવા-પોતાનું પેટજ ભરવાની લાલસાવાળાઓ ધાર્મિક નથી.

શિષ્યઃ—ફાટ્યાં-તૂટ્યાં કપડાં મળે તેનું કેમ ?

ગુરુઃ—જે વસ્ત્રોવડે લજ્જાનું નિવારણ થઇ શકે તેવાં વસ્ત્રો મળવાથી ધાર્મિક પુરુષો હમેશાં સંતોષજ માને છે. શીતકાળમાં શરદીનું નિવારણ કરવું એ વસ્ત્રોનો ખાસ ઉદ્દેશ છે, અને તે ઉદ્દેશ ગમે તેવી જાડી-પાતળી કે ફાટી-તૂટી કામળથી પણ સિદ્ધ થઇ શકે છે. એવું એકકે વસ્ત્ર શું વાચસ્પતિ મહાશયને નથી મળતું ?

શિષ્યઃ—એ તો મળે. પણ બિચારા જીવને પોતાનેજ પાણી ભરવું પડે, હાથેજ વાસણ માંજવાં પડે તથા ઘરમાંથી ઝાડું પણ હાથેજ કાઢવું પડે એ આપદા શું ઓછી કહેવાય ?

ગુરુઃ—શારીરિક પરિશ્રમ કરવો એ ઈશ્વરી નિયમ છે. જે કોઇ મનુષ્ય એવો પરિશ્રમ કરવા નથી ચાહતો તે અધાર્મિક છે. હું એમ નથી કહેવા માગતો કે ધનનું કાંઇજ પ્રયોજન નથી. મારા કહેવાનો સારાંશ એ છે કે જગતમાં જેઓ પોતાને દીન-દુઃખી અને દરિદ્ર માને છે તે તેઓની પોતાની કુશિક્ષા અને કુવાસનાનુંજ ફળ ભોગવે છે. અર્થાત્ અધર્મના સંસ્કારોજ તેમને માટે કષ્ટના કારણભૂત બને છે. અનુચિત ભોગ-લાલસાજ અનેકોને માટે દુઃખનું કારણ હોય છે.

શિષ્યઃ—ત્યારે શું જેને માટે દારિદ્ર્ય એ યથાર્થરીતે દુઃખમય નિવડે એવું કોઇ પૃથ્વીમાં નહિ હોય ?

ગુરુઃ—કરોડો છે. જેમને શરીરરક્ષા પૂરતાં વસ્ત્રો મળી શકે નહિ, અને રહેવાને માટે આશ્રય પણ મળે નહિ તેઓ ખરેખર દરિદ્ર હોવાં ઘટે છે. તેમને માટે દારિદ્ર્ય એ દુઃખના કારણભૂત છે, એમ કહી શકાય.

શિષ્યઃ—ત્યારે એ દારિદ્ર્યને પણ શું તેમણે આ જન્મમાંજ કરેલાં અધર્મના ફળરૂપ લેખાય ?

ગુરુઃ×—હાજ તો.

× મનુષ્યો જે સુખ-દુઃખ ભોગવે છે તેમાં પોતે કરેલાં કર્મોજ ઘણેખરે અંશે કારણભૂત હોય છે; પરંતુ તે સિવાય બીજાં કારણો પણ હોય છે, એ વિષય બીજા કોઇ સ્થાનમાટે મુલતવી રાખીએ છીએ.

શિષ્યઃ—એમ કેમ કહેવાય ? શું આપ એમ કહેવા માગો છો કે દારિદ્ર્ય-કંગાળપણું, રોગ અને ઘર બળવું, એ સર્વ અધર્મના ફળ છે ?

ગુરુઃ—હા. હું એમજ કહેવા માગું છું.

શિષ્યઃ—પૂર્વજન્મના અધર્મનું ફળ ?

ગુરુઃ—પૂર્વજન્મને વચમાં શામાટે નાખે છે ? આજ જન્મના અધર્મનું ફળ!

શિષ્યઃ—આપ શું એમ માનો છો કે આ જન્મમાં અધર્મ કર્યો હોય તેના ફળરૂપેજ રોગશોકાદિ પ્રાપ્ત થાય છે ?

ગુરુઃ—હુંજ નહિ, પરંતુ તારે પણ માનવું પડશે. વધારે ટંડી લાગે તો શરદી થાય અને ભારે ભોજન વધારે પ્રમાણમાં લેવાય તો અજીર્ણ થાય તેમ તું નથી માનતો ?

શિષ્યઃ—ટંડી લાગવી એ શું અધર્મ છે ?

ગુરુઃ—બીજા અનેક ધર્મો પૈકી શારીરિક ધર્મ પણ એક ધર્મ છે. નુકશાનકારક ટંડી લાગવા દેવી એ ધર્મથી વિરુદ્ધ છે, અને તેથી તે અધર્મ છે.

શિષ્યઃ—આપે તો અહિંસા ધર્મને શારીરિક અર્થમાં લઇ લીધો.

ગુરુઃ—જે શરીરસંબંધી નિયમોથી વિરુદ્ધ હોય તે શારીરિક અધર્મ લેખાય.

શિષ્યઃ—ત્યારે શું સ્વાભાવિક નિયમોને અનુસરવું એનું નામ ધર્મ, અને એ નિયમોનો ભંગ કરી અવળા ચાલવું તેનું નામ અધર્મ ?

ગુરુઃ—ધર્મ અને અધર્મને લગતો વિષય એવો છે કે એટલી બધી સરળતાથી તેનો નિર્ણય થઇ શકે નહિ. જો તેમ હોત તો ધર્મતત્ત્વ ભૌતિક પદાર્થવેત્તાઓનાજ હાથમાં રહેવા પામત. એમ છતાં ટંડી લાગવા સંબંધે ઉપર જે કહ્યું છે તે ખોટું નથી.

શિષ્યઃ—ધારો કે એ વાત માની લીધી. પણ મારો પ્રશ્ન એજ છે કે વાચસ્પતિ મહાશયનું દારિદ્ર્ય-દુઃખ એ કયા પાપનું ફળ ?

ગુરુઃ—દારિદ્ર્ય-દુઃખ એટલે શું ? એ વાત પ્રથમ બરાબર સમજી લે. ભલા, તેમને શું દુઃખ હતું ?

શિષ્યઃ—પહેલું તો એજ કે પૂરૂં ખાવાનું પણ તેમને મળતું નહોતું.

ગુરુઃ—વાચસ્પતિ મહાશયને તે દુઃખ તો નહિજ હોય એમ હું ખાત્રીપૂર્વક કહી શકું છું; કારણ કે જો તેમને ખાવાનુંજ મળતું ન હોત, તો તેઓ ક્યારનાયે મરી ગયા હોત.

શિષ્યઃ—કોઇ વખત માત્ર ભાત કે કોઈ વખત માત્ર જાર ઉપર આખા કુંટુંબને નિભાવવું પડે એ શું સુખ ગણાય ?

ગુરુઃ—શરીરરક્ષામાટે અને પોષણમાટે જો તે પૂરતું ન હોય તો તેને દુઃખ કહી શકાય. શારીરિક અને માનસિક પુષ્ટિને માટે યોગ્ય પ્રમાણમાં અન્ન મળવા છતાં વધારે સારા અન્નમાટે બળાપો કર્યા કરવો, એ ધાર્મિક મનુષ્યનું લક્ષણ નથી. સ્વાદિષ્ટ ખોરાક મેળવવા પાછળ તો પેટભરાઓજ હાય હોય કરે; અને એવા–પોતાનું પેટજ ભરવાની લાલસાવાળાઓ ધાર્મિક નથી.

શિષ્યઃ—ફાટ્યાં–તૂટ્યાં કપડાં મળે તેનું કેમ ?

ગુરુઃ—જે વસ્ત્રોવડે લજ્જાનું નિવારણ થઇ શકે તેવાં વસ્ત્રો મળવાથી ધાર્મિક પુરુષો હમેશાં સંતોષજ માને છે. શીતકાળમાં શરદીનું નિવારણ કરવું એ વસ્ત્રોનો ખાસ ઉદ્દેશ છે, અને તે ઉદ્દેશ ગમે તેવી જાડી–પાતળી કે ફાટી–તૂટી કામળથી પણ સિદ્ધ થઇ શકે છે. એવું એકકે વસ્ત્ર શું વાચસ્પતિ મહાશયને નથી મળતું ?

શિષ્યઃ—એ તો મળે. પણ બિચારા જીવને પોતાનેજ પાણી ભરવું પડે, હાથેજ વાસણ માંજવાં પડે તથા ઘરમાંથી ઝાડું પણ હાથેજ કાઢવું પડે એ આપદા શું ઓછી કહેવાય ?

ગુરુઃ—શારીરિક પરિશ્રમ કરવો એ ઈશ્વરી નિયમ છે. જે કોઇ મનુષ્ય એવો પરિશ્રમ કરવા નથી ચાહતો તે અધાર્મિક છે. હું એમ નથી કહેવા માગતો કે ધનનું કાંઇજ પ્રયોજન નથી. મારા કહેવાનો સારાંશ એ છે કે જગતમાં જેઓ પોતાને દીન–દુઃખી અને દરિદ્ર માને છે તે તેઓની પોતાની કુશિક્ષા અને કુવાસનાનુંજ ફળ ભોગવે છે. અર્થાત્ અધર્મના સંસ્કારોજ તેમને માટે કષ્ટના કારણભૂત બને છે. અનુચિત ભોગ–લાલસાજ અનેકોને માટે દુઃખનું કારણ હોય છે.

શિષ્યઃ—ત્યારે શું જેને માટે દારિદ્રય એ યથાર્થરીતે દુઃખમય નિવડે એવું કોઇ પૃથ્વીમાં નહિ હોય ?

ગુરુઃ—કરોડો છે. જેમને શરીરરક્ષા પૂરતાં વસ્ત્રો મળી શકે નહિ, અને રહેવાને માટે આશ્રય પણ મળે નહિ તેઓ ખરેખર દરિદ્ર હોવા ઘટે છે. તેમને માટે દારિદ્રય એ દુઃખના કારણભૂત છે, એમ કહી શકાય.

શિષ્યઃ—ત્યારે એ દારિદ્રયને પણ શું તેમણે આ જન્મમાંજ કરેલા અધર્મના ફળરૂપ લેખાય ?

ગુરુઃ×—હાજ તો.

× મનુષ્યો જે સુખ–દુઃખ ભોગવે છે તેમાં પોતે કરેલાં કર્મોજ ઘણેખરે અંશે કારણભૂત હોય છે; પરંતુ તે સિવાય બીજાં કારણો પણ હોય છે, એ વિષય બીજા કોઇ સ્થાનમાટે મુલતવી રાખીએ છીએ.

શિષ્ય:—કયા અધર્મનું એ ફળ ?

ગુરુ:-ધન ઉપાર્જન કરવામાટે તેમજ અન્ન-વસ્ત્ર વિગેરે પ્રાપ્ત કરવામાટે જે કેટલીક શારીરિક તથા માનસિક શક્તિઓ આપણામાં રહેલી છે, તેને જેઓ યથાર્થ રીતે કેળવતા નથી અથવા તો ખીલવતા નથી તેઓ દરિદ્ર રહે એ સ્વાભાવિક છે.

શિષ્ય:—હું ધારૂં છું કે આપણે આપણી સમસ્ત શારીરિક તથા માનસિક શક્તિઓને કેળવવી તથા ખીલવવી એજ ધર્મ, અને તેનાથી વિરુદ્ધ વર્તવું એ અધર્મ, એમજ આપ કહેવા માગો છો.

ગુરુ:—હું કહી ચૂકયો છું કે ધર્મનો વિષય બીજા સર્વ વિષયો કરતાં બહુજ ગહન અને કઠિન છે. તે આખો વિષય કાંઇ એક-બે વાતો ઉપરથીજ સમજી શકાય નહિ. છતાં માની લે કે મેં ધર્મ-અધમની જે વ્યાખ્યા કરી તેજ જો સંપૂર્ણ હોય તો તેમાં શું દોષ છે ?

શિષ્ય:—એ તો વિલાયતના 'ડૉક્ટ્રીન ઑફ કલ્ચર' (અનુશીલનવાદ) જેવું થયું!

ગુરુ:—અનુશીલન વસ્તુ એ કોઈ વિદેશી નથી. હિન્દુધર્મનો સારાંશ પણ તેજ છે.

શિષ્ય:—વાહ ! 'કલ્ચર' શબ્દનો અર્થ દર્શાવે એવો ગુજરાતી ભાષામાં પ્રતિશબ્દજ નથી. હું ધારૂં છું કે આપણા દેશની કોઈ પણ ભાષામાં એના અર્થને સૂચવે એવો કોઇ શબ્દજ નહિ હોય.

ગુરુ:—આપણે ખાલી વાતોજ કરીએ છીએ. મૂળ વાતની તો કોઈ તપાસે કરતું નથી. એને લીધેજ આજે આપણી આટલી બધી અધોગતિ થઇ છે. આપણામાં જે ચાર આશ્રમો કહ્યા છે તેનો હેતુ તું જાણે છે ?

શિષ્ય:—'સીસ્ટમ ઑફ કલ્ચર' ? (અનુશીલનવાદ ?)

ગુરુ:—એ તત્ત્વ તમારા મેથ્યુ આરનોલ્ડ જેવા પાશ્ચાત્ય અનુશીલનવાદીઓ પણ સંપૂર્ણ રીતે સમજ્યા હોય તે વિષેજ મને તો શક છે. સધવાઓની પતિભક્તિ, વિધવાઓનું બ્રહ્મચર્ય, અને તે સિવાયનાં સમસ્ત વ્રત-નિયમોમાં માત્ર અનુશીલન તત્ત્વજ એક માત્ર સમાએલું છે. જ્યારે આ તત્ત્વ હું તને બરાબર સમજાવીશ ત્યારે તારી ખાત્રી થશે કે શ્રીમદ્ ભગવદ્ગીતામાં જે પરમ પવિત્ર અમૃતમય ધર્મ પ્રબોધવામાં આવ્યો છે તે પણ આ અનુશીલનતત્ત્વ ઉપરજ નિર્ભર રહેલો છે.

શિષ્ય:—આપની આવી વાતો સાંભળ્યા પછી આપની પાસેથી અનુશીલનતત્ત્વ સંબંધી કાંઇક સાંભળવાની ઇચ્છા થાય છે. અનુશીલનવાદ એ કેવળ પાશ્ચાત્ય નાસ્તિકનોજ મત છે, એમ હું અત્યાર સુધી માનતો હતો, એટલુંજ નહિ પણ કોમ્ટના સિદ્ધાંતો અનુશીલનની એક પ્રકારની અનુષ્ઠાનપદ્ધતિ સિવાય બીજું કંઇ સૂચવતા નથી એવીજ મારી માન્યતા હતી.

ગુરુ:—એ તારી વાત ખોટી નથી. વિલાયતી અનુશીલનવાદ નિરીશ્વર હોવાથી

તે અસંપૂર્ણ અથવા પરિણામવિનાનો છે; કે પછી તે અસંપૂર્ણ અથવા પરિણામ રહિત છે એટલાજ માટે તે નિરીશ્વર છે; એ બેમાંથી શું કહેવું તે હું સમજી શકતો નથી. હિન્દુઓ પરમ ભક્ત છે, અને તેથી તેમનો અનુશીલનવાદ જગદીશ્વરના ચરણકમળમાંજ સમાપ્ત થાય છે.

શિષ્ય:—સમજ્યો. પણ તેનું કારણ ખુલ્લુંજ છે. આપણો ઉદ્દેશ મુક્તિ મેળવવાનો હોય છે, જ્યારે વિલાયતી અનુશીલનવાદીઓનો સિદ્ધાંત સુખપ્રાપ્તિનો હોય છે. એમજ કે નહિ ?

ગુરુ:—સુખ અને મુક્તિને પૃથક્ પૃથક્ શામાટે લેખવાં, એનોજ આપણે પ્રથમ વિચાર કરવો જોઇએ. મુક્તિ એ શું સુખ નથી ?

શિષ્ય:—પ્રથમ તો મુક્તિ એ સુખ નથી-મુક્તિમાં સુખ-દુઃખ માત્રનો અભાવ હોય છે, એમ કહીએ તોપણ ચાલી શકે. બીજી વાત એ કે મુક્તિને એક પ્રકારની સુખયુક્ત અવસ્થા માનો તોપણ માત્ર સુખી થવું એને કાંઇ મુક્તિ કહી શકાય નહિ. મીઠાઇના એક-બે કકડા ખાવાથી મને સુખ થાય તેથી કાંઇ મને મુક્તિ મળી ગઇ એમ કહી શકાય ?

ગુરુ:—તેં વાતને ગોટાળે ચડાવી દીધી. સુખ અને મુક્તિ એ બે વાતો સૌ પહેલાં બરાબર સમજી લે. નહિતર અનુશીલનવાદમાં તને બરાબર સમજણ પડશે નહિ. આજે હવે વખત નથી. સાંજ પડી ગઈ છે. ચાલ, જરા આ ફૂલના રોપાઓને પાણી સીંચીએ. આવતી કાલે એ વિષે ચર્ચા કરીશું.

अध्याय २ जो—सुख-एटले शुं ?

શિષ્ય:—કાલે આપે કહ્યું હતું કે આપણી શારીરિક અને માનસિક સર્વ શક્તિઓનું બરાબર અનુશીલન ન થાય તો દુઃખ ભોગવવું પડે એ સ્વાભાવિક છે. મતલબ કે શક્તિઓના અનુશીલનનો અભાવ એજ આપણા દુઃખમાં કારણભૂત છે. એમજ ને ?

ગુરુ:—ત્યાર પછી ?

શિષ્ય:—મેં કહ્યું હતું કે વાચસ્પતિ મહાશય દેશત્યાગ કરી ગયા તેનું એક કારણ આ પણ હતું કે તેમનું ઘર અગ્નિ લાગવાથી સળગી ગયું હતું. હવે એ આગ કોની ભૂલથી લાગવા પામી અને કેવી રીતે લાગી તે કોઇના જાણવામાં નથી. છતાં વાચસ્પતિ મહાશયના દોષથી તો નથીજ લાગી, એ વાતની અમને સર્વને ખાત્રી છે. પ્રશ્ન એ છે કે તેમની એવી તે કઇ શક્તિનું અનુશીલન નહોતું કે જેથી એ આગ લાગવા પામી ?

ગુરુ:—અનુશીલન એ શું વસ્તુ છે તે સમજ્યા વિના મારો ઉત્તર તું ક
સમજી શકશે? સુખ અને દુઃખ એ બન્ને માત્ર માનસિક અવસ્થા વિ
બીજું કશું નથી. સુખ-દુઃખ એ કોઈ ખાસ બાહ્ય વસ્તુ નથી; અને મ
અવસ્થા, એ તો કેવળ અનુશીલનનેજ આધીન હોય છે, એ વાત સ્વીકારવા
તને કાંઈ હરકત નહિ હોય. આગળની વાત જો તું બરાબર સમજી શકશે તો
માનસિક શક્તિઓનું યથાયોગ્ય અનુશીલન થયું હોય તો ઘરનું બળવું પણ
રૂપ ન લાગે, એ વાત તારા લક્ષમાં આવી જશે.

શિષ્ય:—અર્થાત્ વૈરાગ્ય હોય તો દુઃખ ન થાય એજ આપને કહેવાનું
બીજું કાંઈ? કેવી ભયંકર વાત!

ગુરુ:—આજકાલ જેને વૈરાગ્ય કહેવામાં આવે છે તેને તારે ભયંક
હોય તો કહે; પરંતુ હું તો તે વિષે કશી વાતજ કરવા માગતો નથી.

શિષ્ય:—તે સિવાય આપને બીજું કહેવા જેવુંજ શું છે? આપ તો
સમગ્ર હિંદુધર્મનો ઝોક એ દિશામાં છે. સાંખ્યકાર કહે છે કે ત્રણ પ્ર
દુઃખોની નિવૃત્તિ-અત્યંત નિવૃત્તિ તેનું નામજ પરમ પુરુષાર્થ. ત્યારબાદ
વધતાં તે કહે છે કે સુખ એટલું બધું અલ્પ છે કે તેને દુઃખમાંજ ગણી લઈ
પણ ખોટું નથી. મતલબ કે સુખ-દુઃખનો ત્યાગ કરી જડ-પૂતળા જેવા બના
એજ એક વાત હિંદુધર્મ નિરંતર કહ્યા કરે છે. આપનો ગીતાધર્મ પણ તે
બીજું શું પ્રબોધે છે! ટાઢ-તડકામાં તથા સુખ-દુઃખાદિ દ્વંદ્વોમાં સમાન
રાખવી એજ એક વાત ગીતાકારને કહેવાની છે કે બીજું કાંઈ? હું કહું છું
સુખથી આપણે સુખી ન બનીએ તો પછી જીવવાની જરૂરજ શું છે? સુખનો
કરી દેવો એજ જો ધર્મનો ઉદ્દેશ હોય તો હું તો એ ધર્મને દૂરથીજ નમસ્કા
છું. આપના અનુશીલનવાદનો પણ જો એવોજ કંઈક ઉદ્દેશ હોય તો હું તે
સાંભળવા માગતો નથી.

ગુરુ:—એટલા બધા ઉશ્કેરાઈ જવાની જરૂર નથી. અમારો અનુશીલનવાદ
મીઠાઈના એક-બે કકડા ખાવા દેવામાં કોઈ જાતનો વાંધો નહિ લે-ઉલટો એ
મીઠાઈ ખાવાની વિધિજ બતાવશે. સાંખ્યદર્શનને ધર્મરૂપે સિદ્ધ કરી તેનો સ્વી
કરવાનું હું તને કદાપિ કહીશ નહિ, એ વાતની ખાત્રી રાખજે. શીત-ઉષ્ણ
સુખ-દુઃખનાં દ્વંદ્વોમાં તુલ્યબુદ્ધિ રાખવા સંબંધી જે ઉપદેશ ગીતા વિગેરેમાં
છે તેનો એવો અર્થ બીલકુલ નથી કે મનુષ્યોએ મુદ્દલ સુખ ભોગવવુંજ નહિ.
સાચો અર્થ કરવા જેટલો અત્યારે સમય નથી. તેં ગઈ કાલ કહ્યું હતું કે વિ
યતી અનુશીલનનો ઉદ્દેશ સુખ અને ભારતવર્ષીય અનુશીલનનો ઉદ્દેશ મુ
પ્રાપ્ત કરવાનો હોય છે. હું તેના ઉત્તરમાં કહું છું કે મુક્તિ પણ એ સુખની

અવસ્થા વિશેષજ છે. સુખની સંપૂર્ણ માત્રા અથવા સુખની છેલ્લી ઉત્કૃષ્ટતા એનુંજ નામ મુક્તિ. જો આ વાત ખરી હોય તો પછી ભારતવર્ષીય અનુશીલનનો ઉદ્દેશ પણ સુખજ છે એમ કહીએ તો તેમાં શું દોષ છે ?

શિષ્યઃ—અર્થાત્ આ કાળે દુઃખ અને પરકાળે સુખ ?

ગુરુઃ—નહિ. આ કાળે પણ સુખ અને પરકાળે પણ સુખ.

શિષ્યઃ—પરંતુ મારા પ્રશ્નનો ઉત્તર ન મળ્યો. મારા ધારવા પ્રમાણે જીવ મુક્ત થયા પછી સુખ-દુઃખાદિ દ્વંદ્વોને ઓળંગીને દૂર ચાલ્યો જાય છે; અને જો તેમજ હોય તો પછી એવી સુખરહિત અવસ્થાને સુખ કેમ કહી શકાય ?

ગુરુઃ—તેનો ઉત્તર આપું તે પહેલાં તારે સુખ એટલે શું અને મુક્તિ એટલે શું એ વાત બરાબર સમજી લેવી જોઇએ. હમણાં મુક્તિની વાતને એક બાજુ રહેવા દઇને પ્રથમ સુખ એટલે શું તેજ વાતનો નિર્ણય કરી લે.

શિષ્યઃ—કહો, ત્યારે.

ગુરુઃ—તેં કાલે કહ્યું હતું કે મીઠાઇના એક-બે કકડા તને મળે તો તેથી તું સુખી થાય; પરંતુ શામાટે સુખી થાય, તે કાંઈ સમજી શકે છે ?

શિષ્યઃ—મારી ક્ષુધાની નિવૃત્તિ થાય, તેથી.

ગુરુઃ—એક મુઠી મમરા ખાવાથી પણ ભૂખની તો નિવૃત્તિ થઇ શકે. તો તેનાથી અને મીઠાઇના એક ટુકડાથી શું તને સમાન સુખ થશે ?

શિષ્યઃ—ના, મીઠાઇ ખાવા મળે તો વધારે સુખી થાઉં, એ વાત નક્કી છે.

ગુરુઃ—તેનું શું કારણ ?

શિષ્યઃ—મીઠાઈમાં રહેલા પદાર્થો સાથે મનુષ્યોની જીભને એવો કોઇ નિત્ય સંબંધ છે કે તેથી તે મિષ્ટ લાગવીજ જોઇએ.

ગુરુઃ—મિષ્ટ લાગે તે તો હું સમજ્યો. પણ મારો પ્રશ્ન એ નથી. હું એમ પૂછું છું કે મીઠાઇ ખાવાથી તને સુખ થાય છે તે શાથી ? મિષ્ટતાથી કાંઇ સર્વને સુખ થતું નથી. તું એક અસલ વિલાયતી માણસને તારા કંદોઇની મીઠાઇ તારા જેટલી સરળતાથી ખવરાવી નહિ શકે. તેમજ તું પણ રોષ્ટ કે બીફનો એકાદ ટુકડો ખાઇશ તો સુખી નહિ થઇ શકે. " રોબીન્સન ક્રુસો " નામના ગ્રંથમાં ફ્રાઇડે નામક જે જંગલીનું વર્ણન છે તે યાદ છે કે ? કહે છે કે તેને કાચું માંસજ ભક્ષણ કરવામાં આનંદ મળતો. જો કોઇ મીઠું વગેરે નાખીને પકાવેલું માંસ તેને આપતું તો તેને તે બીલકુલ ગમતું નહિ. આટલાં વૈચિત્ર્યો ઉપરથી તું સમજી શકશે કે તને મીઠાઇ ખાવાથી જે સુખ થાય છે તે તારી જીભને ઘી-સાકર સાથે અમુક પ્રકારનો નિત્ય સંબંધ હોવાથી નહિ, પણ તે સિવાય બીજું કોઇ કારણ છે. તુંજ કહે કે તે શું કારણ ?

શિષ્યઃ—અભ્યાસને લીધે.

ગુરુઃ—અભ્યાસને બદલે અનુશીલન કહે.

શિષ્યઃ—અભ્યાસ અને અનુશીલન એ બન્ને શું પૃથક્ પૃથક્ છે ?

ગુરુઃ—એટલાજ માટે તો કહું છું કે તેને અભ્યાસ કહેવાને બદલે અનુશીલન કહે.

શિષ્યઃ—એ બેમાં શું ભેદ છે, તે જરા બતાવશો ?

ગુરુઃ—અત્યારે તે સમજાવવા જેટલો વખત નથી. અનુશીલનનો આખો વિષય જ્યાંસુધી તારી બુદ્ધિમાં નહિ ઉતરે ત્યાંસુધી તેમાંની એકકે વાત તારાથી યથાયોગ્ય સમજી શકાશે નહિ. છતાં હાલ તુર્તમાં આટલું કહુંછું કે જે રોજ ક્વીનાઇન ખાય તેને ક્વીનાઇન કેવું લાગે ?

શિષ્યઃ—હું ધારૂં છું કે ક્વીનાઈન મિષ્ટ તો નજ લાગે. હા, વખત જતાં તેની કડવાશ અસહ્ય ન લાગે.

ગુરુઃ—એ પ્રકારે સહન થવું એ અભ્યાસનું ફળ છે. ટુંકામાં અનુશીલન એ શક્તિને અનુકૂળ હોય છે; અને અભ્યાસ એ શક્તિને પ્રતિકૂળ હોય છે. અનુશીલનથી શક્તિઓનો વિકાસ થાય છે, ત્યારે અભ્યાસથી શક્તિઓનો વિકાર થાય છે. અનુશીલનથી પરિણામે સુખ પ્રાપ્ત થાય છે, અને અભ્યાસથી પરિણામે સહિષ્ણુતા (સહનશીલતા) પ્રાપ્ત થાય છે. હવે પેલી મીઠાઇવાળી વાત યાદ કર. ત્યાં તારો પ્રયત્ન તારી રસ ચાખવાની સ્વાભાવિક વૃત્તિને અનુકૂળ હોય છે, તેથી તારી તે શક્તિ અનુશીલિત થાય છે અને એને લીધે તેમાં તને સુખ લાગે એ પણ તદ્દન બનવા યોગ્ય છે. આ રીતે અનુશીલનના બળથી વખત જતાં તને ‘ રોષ્ટ ’ વિગેરે પાશ્ચાત્ય ખાણામાં પણ આનંદ મળી શકે. બીજા ખાણા–પીણાના સંબંધમાં પણ તેમજ સમજી લેવું.

એ ઉપરાંત બીજી ઇંદ્રિયોના અનુશીલનથી પણ સુખની ઉત્પત્તિ થઇ શકે છે. સંગીતના શ્રવણથી જે આનંદ થાય છે તે પણ આપણા શરીરની અમુક ઇંદ્રિયના એટલે કે અમુક શારીરિક શક્તિના અનુશીલનથીજ થાય છે. યૂરોપીય પંડિતોએ તેને ‘મસ્કયુલર સેન્સ’ એવું નામ આપ્યું છે. એજ પ્રમાણે બીજી અનેક શારીરિક શક્તિઓ માણસમાં રહેલી છે, અને તે સર્વના અનુશીલનથી સુખનો અનુભવ થાય છે.

શરીર સંબંધી વાતને બાજુએ મૂકીને હવે આપણે આગળ વિચાર કરીએ. આપણામાં કેટલીક માનસિક શક્તિઓ પણ રહેલી છે, અને તે શક્તિઓના અનુશીલનથી જે ફળ પ્રાપ્ત થાય તેને પણ સુખની પંક્તિમાંજ મૂકી શકાય. શક્તિઓના અનુશીલનમાં ખરૂં જોતાં જે સુખ છે, તેવું સુખ બીજા કશામાં નથી. અનુશીલનનો અભાવ એજ દુઃખ. દુઃખ એ કોઇ જૂદો પદાર્થ નથી. સમજ્યો કે ?

શિષ્યઃ—ના. પ્રથમ તો શક્તિ એટલે શું એજ હું જોઇયે તેવું સમજતો

નથી. ધારો કે દયા એ આપણા મનની એક અવસ્થા છે. તેના અનુશીલનથી સુખ થાય એ પણ હું સ્વીકારું છું, છતાં "આપણે સર્વેએ દયાશક્તિનું અનુશીલન કરવું જોઈએ" એમ કહી શકાય ખરું?

ગુરુ:—"શક્તિ" શબ્દમાં જરા ગુંચવણ જેવું છે, એ વાત ખરી છે. તેને બદલે તારે બીજો કોઈ શબ્દ મૂકવો હોય તો તે સંબંધે મારે કશો વાંધો નથી. તું પહેલાં મૂળ વસ્તુને સમજી લે, ત્યાર પછી સમજવાની ખાતર તેને ગમે તે નામ આપીશ તે ચાલ્યું જશે. માણસને શરીર પણ એક હોય છે અને મન પણ એકજ હોય છે; પરંતુ તે એક છતાં પણ તે દરેકમાં જૂદા જૂદા પ્રકારની અનેક ક્રિયાઓ જોવામાં આવે છે, અને તેથી કરીને તે સર્વ જૂદી જૂદી ક્રિયાઓ કરનારી શક્તિઓને જૂદાં જૂદાં નામ આપવાં અયોગ્ય નથી. એ પ્રત્યેક શક્તિનું મૂળ વસ્તુતઃ એકજ હોવા છતાં ક્રિયાઓમાં તેનું જૂદાપણું સ્પષ્ટ રીતે જોવામાં આવે છે. અંધ મનુષ્ય જોઈ શકતો નથી, પરંતુ સાંભળી શકે છે ખરો; બહેરો માણસ કાને સાંભળી શકતો નથી, પણ જોઈ તો શકે છે ખરો. યાદશક્તિ વિનાનો માણસ ઘણીવાર સુંદર કલ્પના કરનારો સુકવિ હોય છે. વળી કોઈ માણસ કલ્પના કરવામાં બહુ અશક્ત હોય છે, પણ બુદ્ધિમાં બહુ પ્રખર હોય છે. કોઈ ઈશ્વરમાં ભક્તિશૂન્ય હોય છે, પણ લોકો ઉપર ઘણી દયા રાખનારો હોય છે. કેટલાક નિર્દય હોવા છતાં પણ ઈશ્વરમાં સહેજસાજ ભક્તિભાવ ધરાવતા હોય છે. મતલબ કે દેહ અને મનની ભિન્ન ભિન્ન શક્તિઓનો સ્વીકાર કરવામાં કાંઈ દોષ જેવું નથી. છતાં એટલું પણ અત્ર કહી દેવું જોઈએ કે સ્નેહ-દયા વિગેરે કેટલીક એવી શક્તિઓ છે કે જેને "શક્તિ" નામ આપવું યોગ્ય નથી લાગતું; પરંતુ તેને બદલે બીજો કયો શબ્દ મૂક્યો હોય તો ઠીક?

શિષ્ય:—અંગ્રેજી શબ્દ-'ફેકલ્ટી'નો અર્થ અનેક લેખકો વૃત્તિ શબ્દથી કરે છે તે શબ્દનો વ્યવહાર કર્યો હોય તો?

ગુરુ:—પાતંજલ વગેરે દર્શનશાસ્ત્રમાં વૃત્તિ શબ્દ છેકજ ભિન્ન અર્થમાં વપરાયો છે.

શિષ્ય:—પરંતુ, આપણી ભાષામાં તે શબ્દનો તેવો અર્થ પ્રચલિત નથી. ઘણેખરે સ્થાને સામાન્ય અર્થમાંજ 'વૃત્તિ' શબ્દને નીભાવી લેવામાં આવે છે.

ગુરુ:—તો પછી 'વૃત્તિ' જ કહે. માત્ર સમજવાનુંજ કામ છે ને? તમે લોકો જ્યારે 'મોરલ્સ'નો અર્થ "નીતિ" અને 'સાયન્સ'નો અર્થ "વિજ્ઞાન" કરો છો તો પછી 'ફેકલ્ટી'નો અર્થ "વૃત્તિ" શબ્દથી કરો તો તેમાં કાંઈ ખોટું નથી. અસ્તુ.

શિષ્ય:—હવે મારો બીજો એક વાંધો આપને જણાવું છું. આપે કહ્યું હતું કે વૃત્તિના અનુશીલનમાં સુખ છે, પરંતુ [illegible] અનુશીલન કરવું એમાં

તો દુઃખનોજ અનુભવ થાય છે.

ગુરુઃ—એક વાત બરાબર લક્ષમાં રાખજે કે, વૃત્તિના અનુશીલનનું ફળ સૌથી પ્રથમ સ્ફુર્તિરૂપે પ્રકટ થવું જોઇએ અને છેવટે તૃપ્તિની અવસ્થામાં સમાપ્ત થવું જોઇએ. ધારેલી વસ્તુની પ્રાપ્તિ થવાથી જે સુખ થાય, તે એ પરિતૃપ્તિનુંજ સુખ લેખાય. ઉક્ત સ્ફુર્ત્તિ તથા પરિતૃપ્તિ એ બન્ને સુખને માટે આવશ્યક છે.

શિષ્યઃ—એનેજ જો સુખ કહેતા હો તો હું ધારૂં છું કે એ પ્રકારનું સુખ પ્રાપ્ત કરવું એ મનુષ્યોનો પવિત્ર ઉદ્દેશ નજ હોવો જોઇએ; કેમકે વિષયી માણસ પોતાની વિષયી વૃત્તિઓના અનુશીલનથી પરિતૃપ્તિનું સુખ પ્રાપ્ત કરી શકે છે. એવું સુખ પ્રાપ્ત કરવાનો દરેકે ઉદ્દેશ રાખવો એ શું ઠીક ગણાય?

ગુરુઃ—નહિજ; કારણ કે તેથી ઇંદ્રિયવૃત્તિઓ એટલી બધી પ્રબળ થઇ જાય કે માનસિક વૃત્તિઓ દબાઇજ જાય અને ધીમે ધીમે વિલુપ્ત પણ થઇ જાય. એટલા માટે દરેક મનુષ્યે એક સ્થૂળ નિયમ પાળવો જોઇએ અને તેનું નામ છે ‘સામંજસ્ય’! અર્થાત્ જ્યારે જેટલી જરૂર હોય તેટલેજ અંશે વૃત્તિઓને પરિતૃપ્ત કરવી અને તેને બેકાબી દેવા જેટલી હદે ન લઇ જતાં યોગ્ય પ્રમાણમાંજ શાંત કરવી, તેનુંજ નામ ‘સામંજસ્ય’નું પાલન. ઇંદ્રિયવૃત્તિઓનો સર્વથા વિલોપ કરી નાખવો એ સિદ્ધાંત ધર્મને અનુકૂળ નથી. તેમનું સામંજસ્ય સાચવવું, અર્થાત **ઇન્દ્રિયોને યોગ્ય પ્રમાણમાંજ અંકુશમાં રાખવી અને યોગ્ય પ્રમાણમાંજ તૃપ્ત કરવી એજ પણ ધર્મનો સિદ્ધાંત** છે. વિલોપમાં અને સંયમમાં મહાન ભેદ રહેલો છે; પણ એ વાત હવે પછી સમજાવીશ. હાલ તુર્તમાં તો આ એક સ્થૂળ વાતનેજ સમજી લે કે વૃત્તિઓના અનુશીલન સમયે એક બીજી વૃત્તિ સાથેનું તેમનું પરસ્પરનું સામંજસ્ય બરાબર સચવાવું જોઇએ. આ સામંજસ્ય એટલે શું? એ વાત હું તને હવે પછી સમજાવીશ. અત્યારે તો આપણે સુખના ઉપાદાન સંબંધીજ થોડોક વિચાર કરીશું.

પ્રથમઃ—શારીરિક અને માનસિક વૃત્તિઓનું અનુશીલન એ સુખના હેતુભૂત છે, એમ કહેવાની જરૂર નથી. અનુશીલનદ્વારા પ્રકટતી સ્ફુર્ત્તિ, તે સમયની અવસ્થાને માટે ઉપયોગી પ્રયોજનસિદ્ધ અને છેવટે પરિણતિ એ પણ સુખમાં કારણભૂતજ છે.

બીજું:—તે સર્વ વૃત્તિઓનું પરસ્પર ઉપયોગી સામંજસ્ય.

ત્રીજું:—કાર્યસાધનદ્વારા ઉક્ત વૃત્તિઓની પરિતૃપ્તિ.

મેં ઉપર કહ્યું તે સિવાય બીજી કોઇ જાતનું સુખ હોય એમ સંભવતું નથી. યોગીઓને યોગદ્વારા જે સુખ મળે છે તે સુખ પણ ઉપલા નિયમોમાં આવી જાય છે, એ વાત હું તને બીજે કોઈ પ્રસંગે સમજાવીશ. તે સુખનો અભાવ એજ

દુઃખ.x વાચસ્પતિ મહાશયનું ઘર સળગી ગયું અને તેથી તેમને જે દુઃખ થ
તથા એમના કરતાં પણ વધારે કમનસીબ માણસને પુત્રમૃત્યુથી જે દુઃખ થાય
પણ ઉક્ત નિયમમાંજ આવી જાય છે, એ વિષે હું તને બીજે કોઈ પ્રસંગે
સમજણ પાડીશ. મારે જે કાંઈ કહેવાનું છે તે તું બરાબર લક્ષપૂર્વક સાંભળશે
તો તો મારા કહ્યા વિના પણ તું સમજી જઈશ.

શિષ્યઃ—ધારો કે એ તો સમજી ગયો. તથાપિ મૂળ વાત તો રહીજ ગઈ.
આપણે જે વાત ચાલતી હતી તે એજ હતી કે વાચસ્પતિ મહાશય પોતે ધાર્મિક
વ્યક્તિ છે, છતાં દુઃખી છે. આપે કહ્યું હતું કે જે મનુષ્ય દુઃખી હોય તે ધાર્મિક
હોય નહિ. આપે આપની વાત સિદ્ધ કરવા સુખ એટલે શું એ વાત સમજાવી, અને
સુખની સાથે દુઃખ શું એ સમજાવ્યું. અસ્તુ. આટલી વાત ઉપરથી હું જે કાંઈ
સમજી શક્યો છું તે માત્ર એટલુંજ કે વાચસ્પતિ મહાશય વસ્તુતઃ દુઃખી
નહોતા અથવા તેમને દુઃખી ગણવામાં આવે તોપણ તેઓ પોતાનાજ દોષથી
અર્થાત્ પોતાની શારીરિક અને માનસિક વૃત્તિઓનું અનુશીલન બરાબર રીતે ન
કરી શક્યા તેથીજ દુઃખી થયા; પરંતુ એથી કરીને તેઓ અધાર્મિક છે એમ તો
કહી શકાય નહિ. આપના અનુશીલન તત્ત્વ સાથે ધર્મને શું સંબંધ છે તે કાંઈ
બુદ્ધિમાં ઉતરતું નથી. અનુશીલન એજ ધર્મ, તે સિવાય વધુ કાંઈ મને સમજાયું નથી.

ગુરુઃ—અત્યારે તો એટલું પણ બસ છે. જો કે તે સિવાય બીજી એક ગંભીર
વાત પણ સમજવા યોગ્ય છે; કારણ કે જ્યાંસુધી એ વાત તારા સમજવામાં
નહિ આવે ત્યાંસુધી અનુશીલનની સાથે ધર્મને શું સંબંધ છે, એ વિષય તું
બરાબર સમજી શકશે નહિ; પરંતુ એ વિષયસંબંધી ચર્ચા સૌ પછી કરીશું;
કારણ કે અનુશીલન એટલે શું એજ વાત તારે પ્રથમ તો સમજવાની જરૂર છે.
જ્યાંસુધી તે સમજાય નહિ ત્યાંસુધી વધારે કહેવું નિરર્થક થાય તેમ છે.

શિષ્યઃ—અનુશીલનને વળી ધર્મ સાથે સંબંધ ! બહુ નવાઈ જેવી વાત છે !

ગુરુઃ—નવાઈ જેવું તેમાં કશુંજ નથી. પ્રાચીન શાસ્ત્રોનું કહેવુંજ માત્ર સમજાવું છું.

अध्याय ३ जो–धर्म एटले शुं ?

શિષ્યઃ—અનુશીલનને ધર્મ કેવી રીતે કહી શકાય એ મારાથી સમજાતું નથી.
[illegible]શીલનનું ફળ તો સુખરૂપે મળે છે પણ શું ધર્મનું ફળ પણ સુખ હોય !
[illegible] કર્મના ફળાફળ સંબંધી વાતને એક બાજુએ મૂકી દઈનેજ આ વાત
[illegible] પડે છે; કારણ કે તેમ કરવા જતાં આ વિષય બહુ ગુંચવણભર્યો [illegible]
[illegible]રૂપ રહે છે.

તો દુ:ખનોજ અનુભવ થાય છે.

ગુરુ:—એક વાત બરાબર લક્ષમાં રાખજે કે, વૃત્તિના અનુશીલનનું ફળ સૌથી પ્રથમ સ્ફુર્તિરૂપે પ્રકટ થવું જોઇએ અને છેવટે તૃપ્તિની અવસ્થામાં સમાપ્ત થવું જોઇએ. ધારેલી વસ્તુની પ્રાપ્તિ થવાથી જે સુખ થાય, તે એ પરિતૃપ્તિનુંજ સુખ લેખાય. ઉક્ત સ્ફુર્ત્તિ તથા પરિતૃપ્તિ એ બન્ને સુખને માટે આવશ્યક છે.

શિષ્ય:—એનેજ જો સુખ કહેતા હો તો હું ધારૂં છું કે એ પ્રકારનું સુખ પ્રાપ્ત કરવું એ મનુષ્યોનો પવિત્ર ઉદ્દેશ નજ હોવો જોઇએ; કેમકે વિષયી માણસ પોતાની વિષયી વૃત્તિઓના અનુશીલનથી પરિતૃપ્તિનું સુખ પ્રાપ્ત કરી શકે છે. એવું સુખ પ્રાપ્ત કરવાનો દરેકે ઉદ્દેશ રાખવો એ શું ઠીક ગણાય?

ગુરુ:—નહિજ; કારણ કે તેથી ઇંદ્રિયવૃત્તિઓ એટલી બધી પ્રબળ થઇ જાય કે માનસિક વૃત્તિઓ દબાઇજ જાય અને ધીમે ધીમે વિલુપ્ત પણ થઇ જાય. એટલા માટે દરેક મનુષ્યે એક સ્થૂળ નિયમ પાળવો જોઇએ અને તેનું નામ છે 'સામંજસ્ય'! અર્થાત્ જ્યારે જેટલી જરૂર હોય તેટલેજ અંશે વૃત્તિઓને પરિતૃપ્ત કરવી અને તેને બેકાબી દેવા જેટલી હદે ન લઇ જતાં યોગ્ય પ્રમાણમાંજ શાંત કરવી, તેનુંજ નામ 'સામંજસ્ય' નું પાલન. ઇંદ્રિયવૃત્તિઓનો સર્વથા વિલોપ કરી નાખવો એ સિદ્ધાંત ધર્મને અનુકૂળ નથી. તેમનું સામંજસ્ય સાચવવું, અર્થાત **ઇન્દ્રિયોને યોગ્ય પ્રમાણમાંજ અંકુશમાં રાખવી અને યોગ્ય પ્રમાણમાંજ તૃપ્ત કરવી એજ પણ ધર્મનો સિદ્ધાંત** છે. વિલોપમાં અને સંયમમાં મહાન ભેદ રહેલો છે; પણ એ વાત હવે પછી સમજાવીશ. હાલ તુર્તમાં તો આ એક સ્થૂળ વાતનેજ સમજી લે કે વૃત્તિઓના અનુશીલન સમયે એક બીજી વૃત્તિ સાથેનું તેમનું પરસ્પરનું સામંજસ્ય બરાબર સચવાવું જોઇએ. આ સામંજસ્ય એટલે શું? એ વાત હું તને હવે પછી સમજાવીશ. અત્યારે તો આપણે સુખના ઉપાદાન સંબંધીજ થોડોક વિચાર કરીશું.

પ્રથમ:—શારીરિક અને માનસિક વૃત્તિઓનું અનુશીલન એ સુખના હેતુભૂત છે, એમ કહેવાની જરૂર નથી. અનુશીલનદ્વારા પ્રકટતી સ્ફુર્ત્તિ, તે સમયની અવસ્થાને માટે ઉપયોગી પ્રયોજનસિદ્ધ અને છેવટે પરિણુતિ એ પણ સુખમાં કારણભૂતજ છે.

બીજું:—તે સર્વ વૃત્તિઓનું પરસ્પર ઉપયોગી સામંજસ્ય.

ત્રીજું:—કાર્યસાધનદ્વારા ઉક્ત વૃત્તિઓની પરિતૃપ્તિ.

મેં ઉપર કહ્યું તે સિવાય બીજી કોઇ જાતનું સુખ હોય એમ સંભવતું નથી. યોગીઓને યોગદ્વારા જે સુખ મળે છે તે સુખ પણ ઉપલા નિયમોમાં આવી જાય છે, એ વાત હું તને બીજે કોઈ પ્રસંગે સમજાવીશ. તે સુખનો અભાવ એજ

દુઃખ× વાચસ્પતિ મહાશયનું ઘર બળી ગયું અને તેથી તેમને જે દુઃખ થયું તથા એમના કરતાં પણ વધારે કમનસીબ માણસને પુત્રમૃત્યુથી જે દુઃખ થાય તે પણ ઉક્ત નિયમમાંજ આવી જાય છે, એ વિષે હું તને બીજે કોઈ પ્રસંગે સમજણ પાડીશ. મારે જે કાંઈ કહેવાનું છે તે તું બરાબર લક્ષપૂર્વક સાંભળીશ તો તો મારા કહ્યા વિના પણ તું સમજી જઈશ.

શિષ્યઃ—ધારો કે એ તો સમજી ગયો. તથાપિ મૂળ વાત તો રહીજ ગઈ. આપણી જે વાત ચાલતી હતી તે એજ હતી કે વાચસ્પતિ મહાશય પોતે ધાર્મિક વ્યક્તિ છે, છતાં દુઃખી છે. આપે કહ્યું હતું કે જે મનુષ્ય દુઃખી હોય તે ધાર્મિક હોય નહિ. આપે આપની વાત સિદ્ધ કરવા સુખ એટલે શું એ વાત સમજાવી, અને સુખની સાથે દુઃખ શું એ સમજાવ્યું. અસ્તુ. આટલી વાત ઉપરથી હું જે કાંઈ સમજી શક્યો છું તે માત્ર એટલુંજ કે વાચસ્પતિ મહાશય વસ્તુતઃ દુઃખી નહોતા અથવા તેમને દુઃખી ગણવામાં આવે તોપણ તેઓ પોતાનાજ દોષથી અર્થાત્ પોતાની શારીરિક અને માનસિક વૃત્તિઓનું અનુશીલન બરાબર રીતે ન કરી શક્યા તેથીજ દુઃખી થયા; પરંતુ એથી કરીને તેઓ અધાર્મિક છે એમ તો કહી શકાય નહિ. આપના અનુશીલન તત્ત્વ સાથે ધર્મને શું સંબંધ છે તે કાંઈ બુદ્ધિમાં ઉતરતું નથી. અનુશીલન એજ ધર્મ, તે સિવાય વધુ કાંઈ મને સમજાયું નથી.

ગુરુઃ—અત્યારે તો એટલું પણ બસ છે. જો કે તે સિવાય બીજી એક ગંભીર વાત પણ સમજવા યોગ્ય છે; કારણ કે જ્યાંસુધી એ વાત તારા સમજવામાં નહિ આવે ત્યાંસુધી અનુશીલનની સાથે ધર્મને શું સંબંધ છે, એ વિષય તું બરાબર સમજી શકશે નહિ; પરંતુ એ વિષયસંબંધી ચર્ચા સૌ પછી કરીશું; કારણ કે અનુશીલન એટલે શું એજ વાત તારે પ્રથમ તો સમજવાની જરૂર છે. જ્યાંસુધી તે સમજાય નહિ ત્યાંસુધી વધારે કહેવું નિરર્થક થાય તેમ છે.

શિષ્યઃ—અનુશીલનને વળી ધર્મ સાથે સંબંધ ? બહુ નવાઈ જેવી વાત છે !

ગુરુઃ—નવાઈ જેવું તેમાં કશુંજ નથી. પ્રાચીન શાસ્ત્રોનું કહેલુંજ માત્ર સમજાવું છું.

अध्याय ३ जो-धर्म एटले शुं ?

શિષ્યઃ—અનુશીલનને ધર્મ કેવી રીતે કહી શકાય એ મારાથી સમજાતું નથી. અનુશીલનનું ફળ તો સુખરૂપે મળે છે પણ શું ધર્મનું ફળ પણ સુખ હોય ?

× કર્મના ફળાફળ સંબંધી વાતને એક બાજુએ મૂકી દઈનેજ આ વાત ચર્ચવી પડે છે; કારણ કે તેમ કરવા જતાં આ વિષય બહુ ગુંચવણભર્યો થઈ પડવાનો ભય રહે છે.

ગુરુ:—નહિ તો ધર્મનું ફળ શું દુઃખરૂપ હોત ? જો તેમ હોત તો હું પોતે જગતનાં સર્વ મનુષ્યોને ધર્મનો પરિત્યાગ કરવાનીજ ભલામણ કરત.

શિષ્ય:—ધર્મનું ફળ પરકાળે સુખ હોઇ શકે, પરન્તુ આ કાળે પણ શું સુખ સંભવે ?

ગુરુ:—ત્યારે અત્યાર સુધી મેં શું સમજાવ્યું ? ધર્મનું ફળ આ કાળે તો સુખ છેજ, પરંતુ જો પરકાળ હોય તો પરકાળે પણ સુખજ હોય. 'ધર્મ' એજ સુખનો એક માત્ર અદ્વિતીય ઉપાય છે. આ કાળે કે પરકાળે ધર્મ સિવાય સુખનો બીજો એકે ઉપાય નથી.

શિષ્ય:—તથાપિ કાંઇ સમાધાન થતું નથી. આપણે જેને ક્રિશ્ચિયન ધર્મ, બૌદ્ધ ધર્મ અને વૈષ્ણવધર્મ કહીએ છીએ તેને બદલે તેમને ક્રિશ્ચિયન અનુશીલન, બૌદ્ધ અનુશીલન અને વૈષ્ણવ અનુશીલન એમ કહી શકાય ખરું ?

ગુરુ:—ધર્મ શબ્દનો અર્થજ તેં અહીંઆં તો ઉલટાવી નાખ્યો. ધર્મ શબ્દ વિવિધ અર્થોમાં વપરાય છે. પણ આપણે તે સર્વ અર્થો સાથે આજે કંઇ સંબંધ નથી. + તેં અત્યારે ધર્મ શબ્દનો જે અર્થ કર્યો તે અંગ્રેજી 'રીલીજીઅન' શબ્દનો તરજુમો માત્ર છે. અને એ શબ્દ વિદેશી હોઇ તેમાં આપણો દેશીય ભાવ નથી.

+ધર્મ શબ્દના આધુનિક વ્યવહારથી ઉદ્ભવેલા કેટલાક ભિન્ન ભિન્ન અર્થો તેના અંગ્રેજી પ્રતિશબ્દદ્વારા બંકિમ બાબુના "ધર્મજિજ્ઞાસા" ગ્રંથમાંથી નીચે આપ્યા છે.

૧ અંગ્રેજીમાં જેને 'રિલિજીઅન' કહે છે, તેને આપણે ધર્મ કહીએ છીએ. જેમકે:—'હિંદુધર્મ,' 'બૌદ્ધધર્મ' અને 'ખ્રિસ્તીધર્મ.' ૨ જેને 'મૉરેલીટી' કહે છે, તેને પણ આપણે ધર્મ કહીએ છીએ. જેમકે અમુક કાર્ય 'ધર્મ–વિરુદ્ધ' 'માનવધર્મશાસ્ત્ર' 'ધર્મસૂત્ર' ઇત્યાદિ. વળી, 'નીતિ,' આ શબ્દ પણ 'ધર્મ' શબ્દને ઠેકાણે કેટલીકવાર વપરાય છે. ૩ 'ધર્મ' શબ્દથી 'વરચ્યુ'નો બોધ પણ થાય છે. 'વરચ્યુ' એટલે સદાચાર. વળી આપણે કહીએ છીએ કે અમુક વ્યક્તિ 'ધાર્મિક' છે અને અમુક વ્યક્તિ 'અધાર્મિક' છે. અહીં અધર્મને અંગ્રેજીમાં 'વાઇસ' કહે છે. ૪ રિલિજીઅન અથવા નીતિને અનુમોદિત જે કાર્ય, તેને પણ ધર્મ કહે છે, અને તેનાથી વિપરીતને અધર્મ કહે છે. જેમકે:—'દાન પરમ ધર્મ છે.' 'અહિંસા પરમધર્મ છે.' 'પરનિંદા મહાન્ અધર્મ છે.' આનેજ સર્વ લોક પાપ પુણ્ય પણ કહે છે. અંગ્રેજીમાં આ અધર્મનું નામ 'સીન' કહેવામાં આવે છે. એકજ વાતમાં પુણ્ય શબ્દનો વ્યવહાર પણ અનેક નામથી થાય છે. ૫ ધર્મ શબ્દવડે ગુણનો પણ બોધ થાય છે. જેમકે 'લોહચુંબકનો ધર્મ લોહાકર્ષણ છે' બીજા અર્થમાં અધર્મનો પણ ધર્મ શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે. જેમકે 'પરનિંદા ક્ષુદ્ર ચિત્તવાળાઓનો ધર્મ છે.' ભગવાન મનુએ પણ તે આ અર્થેજ પાખંડ ધર્મની વાત કહેલી છે. જેમકે:—" હિંસ્રાહિંસ્રે મૃદુક્રૂરે ધર્માધર્મા-

શિષ્ય:—ત્યારે 'રીલીજીઅન' એટલે શું ? તેજ સમજાવો.

ગુરુ:—" રીલીજીઅન " શબ્દ પાશ્ચાત્ય પ્રજા ત્યાંના પંડિતો પણ તેનો વિવિધ અર્થોમાં વ્યવહાર કરે છે અને તેના અર્થ સંબંધે એકમત નથી.*

ગૃતાનૃતે । यद्यस्य सोऽदधात् सर्गे तत्तस्य स्वयमाविशत् ॥ અર્થાત્—સૃષ્ટિમાં હિંસક અને અહિંસક, મૃદુ અને ક્રૂર, ધર્મ અને અધર્મ, સત્ય અને અસત્ય, આમાંનાં જે કોઈ કર્મ જેને જે પુરુષ કરે છે તે તે કર્મો પોતાની મેળે તે તે કર્તામાં પ્રવેશ કરે છે. વળી પણ " पाखण्डगणधर्मांश्च शास्त्रेऽस्मिन्नुक्तवान्मनुः " ભગવાન્ મનુએ આ શાસ્ત્રમાં પાખંડીઓના ધર્મ-ગુણ-સ્વભાવો-કહેલા છે. ૬ ધર્મ શબ્દ ક્યારેક ક્યારેક આચરણ અથવા વ્યવહારના અર્થમાં પણ વપરાય છે. ભગવાન્ મનુએ આજ અર્થમાં કહ્યું છે કે—

' देशधर्मान् जातिधर्मान् कुलधर्मांश्च शाश्वतान् ।'

ધર્મશબ્દના આ ૭ અર્થ થતા હોઈને આપણા લોકો તેના ઉપયોગમાં ગડબડ અવ્યવસ્થા કરી દે છે. તેઓ ધર્મ શબ્દનો એક અર્થમાં ઉપયોગ કરીને બીજી સાથેજ તેનો બીજા અર્થમાં ઉપયોગ કરે છે; અને તેથી પોતાના સિદ્ધાંતમાંથી ચ્યુત થાય છે. આ પ્રમાણે અનિયમિત પ્રયોગો કરાતા હોવાથી ધર્મસંબંધી કોઈ પણ તત્ત્વની સુંદર રીતે મીમાંસા થઈ શકતી નથી. એ અવ્યવસ્થા આજ નવીન નથી. જે ગ્રંથોને હિંદુશાસ્ત્રના નામથી કહેવામાં આવે છે તેમાં પણ એ અવ્યવસ્થા મોટા પ્રમાણમાં છે. મનુ સંહિતાના પ્રથમાધ્યાયના છેલ્લા ૭ શ્લોકો આના ઉત્તમ ઉદાહરણરૂપ છે. ધર્મ શબ્દનો ક્યારેક રિલિજીઅનના અર્થમાં, ક્યારેક નીતિના અર્થમાં, ક્યારેક સદ્‌ગુણના અર્થમાં, ક્યારેક અવગુણના અર્થમાં અને ક્યારેક પુણ્યકર્મના અર્થમાં પ્રયોગ થવાથી નીતિનું લક્ષણ રિલિજીઅનમાં અને રિલિજીઅનનું લક્ષણ નીતિમાં; સદ્‌ગુણનું લક્ષણ કર્મમાં અને કર્મનું લક્ષણ સદ્‌ગુણમાં આવી જવાને લીધે એક મહાન્ અવ્યવસ્થા ઉભી થાય છે. તેનું એ પરિણામ આવ્યું છે કે ધર્મ (રિલિજીઅન) ગૌણધર્મોથી મિશ્રિત, નીતિ ભ્રાંતિયુક્ત, અભ્યાસ કઠિન અને પુણ્ય દુઃખજનક થઈ પડેલ છે. હિંદુધર્મની અને હિંદુ નીતિની આધુનિક અવનતિ અને ધર્મનીતિપ્રતિ આધુનિક અનાસ્થાનું મહાન્ કારણ ઉપર વર્ણવેલી અવ્યવસ્થા પણ છે.

* ગુરુ:—રિલિજીઅન શું છે ?

શિષ્ય:—તે તો જાણીતી વાત છે. પારલૌકિક વ્યવહારમાં વિશ્વાસ ?

ગુરુ:—પ્રાચીન યહૂદીઓ પરલોકને માનતા નહિ. તો યહૂદીઓનો પ્રાચીન ધર્મ તે શું ધર્મ નહિ ?

શિષ્ય:—ત્યારે દેવદેવીમાં વિશ્વાસ ?

ગુરુ:—ઇસ્લામ, ખ્રિસ્તી અને યહૂદી આદિ ધર્મમાં દેવી નથી. તે સર્વ ધર્મોમાં

શિષ્ય:—પરંતુ એ "રીલીજીઅન" શબ્દમાં કોઈ નિત્ય વસ્તુ નથી સમાઈ જતી કે જે દરેક ધર્મમાં મળી આવે ?

ગુરુ:—છે; પરંતુ તે નિત્ય પદાર્થને રીલીજીઅન શબ્દથી સંબોધવાની કશી જરૂર નથી. તેને આપણે ધર્મ શબ્દથીજ વ્યવહરીશું તો તે યોગ્ય થઈ પડશે.

શિષ્ય:—તે કેવી રીતે ?

કેમ પણ એક ઈશ્વરજ છે, તો તેથી શું તે સઘળા ધર્મો નહિ ?

શિષ્ય:—ત્યારે શું ઈશ્વરમાં વિશ્વાસ એજ ધર્મ ?

ગુરુ:—એવા અનેક સુંદર ધર્મો છે કે જેઓ ઈશ્વરને પણ માનતા નથી. ઋગ્વેદસંહિતાના અત્યંત પ્રાચીન મંત્રોની સમાલોચના કરતાં સમજી શકાય છે કે તે મંત્રોની રચનાના કાળમાં અનેક દેવદેવીઓ મનાતાં હતાં; પરંતુ તે વેળા ઈશ્વરને માનતા નહોતા. વિશ્વકર્મા, પ્રજાપતિ, બ્રહ્મ, ઇત્યાદિ ઈશ્વરવાચક શબ્દો [illegible] તે પ્રાચીન મંત્રોમાં નથી, પણ જે મંત્રો પ્રાચીન મંત્રોની અપેક્ષાએ આધુનિક કહી શકાય તેમાંજ છે. પ્રાચીન સાંખ્યો પણ અનીશ્વરવાદી હતા અને તે છતાં પણ તેઓ ધર્મહીન નહોતા; કેમકે તેઓ કર્મોનાં ફલને માનતા હતા, અને નિઃશ્રેયસને પણ [illegible] હતા. બૌદ્ધધર્મ પણ નિરીશ્વરવાદી છે. આથી ઈશ્વરવાદ એજ ધર્મનું લક્ષણ છે એમ કેમ કહી શકાય? માટે તારા કહેવા પ્રમાણે તો કાંઈ સ્પષ્ટીકરણ થતું નથી.

શિષ્ય:—ત્યારે પાશ્ચાત્ય તાર્કિકોની ભાષાનું અવલંબન કરીને કહું છું કે 'લોકાતીત ચૈતન્યમાં વિશ્વાસ એજ ધર્મ.'

ગુરુ:—અર્થાત્ તારા કહેવા પ્રમાણે તો 'સુપરનેચરાલિઝમ'—કુદરતથી અતીતપણું [illegible]. પરંતુ તેનો સ્વીકાર કરતાં તું ક્યાં આવી પહોંચ્યો તે જો. [illegible] આધુનિક વિજ્ઞાનવેત્તાઓના મતમાં 'લોકાતીત ચૈતન્ય'નું કાંઈ પણ પ્રમાણ નહીં; એમ તારી રીતે તો ધર્મ પણ નથી અને ધર્મનું પ્રયોજન પણ નહીં [illegible] હું 'રિલિજીઅન'ને ધર્મ કહું છું.

શિષ્ય:—તો તે રીતે પણ વિજ્ઞાનવેત્તાઓમાં પણ ધર્મ તો છેજ. જેમકે—"રિલિજીઅન ઑફ હ્યુમેનિટિ—માનવધર્મ."

ગુરુ:—તો પછી 'લોકાતીત ચૈતન્યમાં વિશ્વાસ' એ ધર્મ નહિ.

શિષ્ય:—ત્યારે આપજ કહો કે ધર્મ કોને કહેવો ?

ગુરુ:—[illegible] "અથાતો ધર્મજિજ્ઞાસા" [illegible]

ગુરુ:—સમસ્ત મનુષ્યજાતિને માટે અર્થાત્ ક્રિશ્ચિયનો-બૌદ્ધો-હિન્દુઓ અને મુસલમાનો એ સર્વને માટે જે ધર્મ હોય તેજ "ધર્મ" નામને યોગ્ય છે.

શિષ્ય:—એવો સમસ્ત મનુષ્યજાતિમાટેનો ધર્મ કેવી રીતે ઓળખી શકાય ?

ગુરુ:—મનુષ્યનો ધર્મ શું એ એકજ વાતનો વિચાર કરવાથી સમસ્ત મનુષ્યજાતિને માટે ધર્મનો નિર્ણય થઇ શકે તેમ છે.

શિષ્ય:—મારી જીજ્ઞાસા પણ એજ છે કે મનુષ્યનો ધર્મ શું હોઇ શકે ?

ગુરુ:—એનો ઉત્તર તદ્દન સરળ અને બુદ્ધિમાં ઉતરી શકે તેવો છે. જેના અસ્તિત્વથી મનુષ્ય "મનુષ્ય" નામને યોગ્ય બને અને જેના અસ્તિત્વના અભાવે મનુષ્ય

છે કે-" नोदना लक्षणो धर्मः" નોદના એટલે ક્રિયામાં પ્રવૃત્તિ કરાવનારૂં વાક્ય. એ પ્રમાણે લક્ષણ માનવામાં તો વિરોધ નથી; પરંતુ જ્યારે તદુપરાંત કહેવામાં આવેલું છે કે " नोदना प्रवर्तको वेदविधिरूपः" આમ 'વેદવિધિરૂપ' એવું વિશેષણ આવવાથી મને મોટો સંશય ઉપજે છે કે તું એને ધર્મ માનીને સ્વીકારીશ કે નહિ.

શિષ્ય:—એ પ્રમાણે તો હું કદારેય ન સ્વીકારૂં. જો તેમ સ્વીકાર કરૂં તો જેટલા ભિન્ન ભિન્ન ગ્રંથો છે તેટલા સઘળા ધર્મ માનવા પડે. ખ્રિસ્તીઓ કહેશે કે 'બાઇબલે કહેલો વિધિ તે ધર્મ' મુસલમાનો પણ એ પ્રમાણે ' કુરાનમાં કહેલો વિધિ તે ધર્મ ' એમ કહેશે. ધર્મની પદ્ધતિ ભલે ભિન્ન ભિન્ન હો; પરંતુ ધર્મ એ એકજ વસ્તુ નથી શું ! ધર્મ એટલે 'રિલિજીઅન' અને તે એક સર્વ સાધારણ વસ્તુ નહિ !

ગુરુ:—હા. એક સંપ્રદાયનો એવો પણ મત છે. 'લૌગાક્ષિભાસ્કર' આદિ આચાર્યોએ કહ્યું છે કે-" वेदप्रतिपाद्यप्रयोजनवदर्थो धर्मः " (વેદવડે પ્રતિપાદન કરવા યોગ્ય પ્રયોજનવાળો વિષય તે ધર્મ.) આ સર્વ વાતનું પરિણામ એ આવેલું છે કે ધર્મ શબ્દવડે યોગાદિ અને સદાચારનોજ બોધ થાય છે. જેમ મહાભારતમાં કહ્યું છે કે-

" श्रद्धाकर्म तपश्चैव सत्यमक्रोध एव च ।
स्वेषु दारेषु संतोषः शौचं विद्यानसूयिता ॥
आत्मज्ञानं तितिक्षा च धर्मः साधारणो नृप ॥

અર્થાત્ હે રાજન્ ! શ્રદ્ધા, કર્મ અને તપ, તથા સત્ય અને અક્રોધ, પોતાની સ્ત્રીમાં સંતોષ, પવિત્રતા, વિદ્યા, ઇર્ષ્યાનો અભાવ, આત્મજ્ઞાન અને તિતિક્ષા-સહનશીલતા-આ સર્વ વિષય સાધારણ ધર્મરૂપ છે.

અથવા કેટલાક કહે છે કે " द्रव्यक्रियागुणादीनां धर्मत्वं । (દ્રવ્ય, ક્રિયા અને ગુણ આદિનું ધર્મપણું છે.) કોઇ કહે છે કે " અદૃષ્ટ વિશેષ તે ધર્મ. " પરિણામે આર્યોનો સાધારણ અભિપ્રાય એવો છે કે ' વેદ અથવા લોકાચારમાં જે

સંમત હોય તે ધર્મ.' એમ વિશ્વામિત્ર ઋષિએ કહ્યું છે કેઃ-

यमार्याः क्रियमाणं हि शंसन्त्यागमवेदिनः ।
स धर्मो यं विगर्हन्ति तमधर्मं प्रचक्षते ॥

વેદવેત્તા આર્ય પુરુષો જે કાર્યની પ્રશંસા કરે છે તે ધર્મ; અને જેની નિંદા કરે છે તે અધર્મ કહેવાય છે.

પરંતુ હિંદુશાસ્ત્રોમાં પણ ભિન્ન ભિન્ન મતો નથી એમ નથી.

" द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद्ब्रह्मविदो वदन्ति परा चैवापरा च ॥"

અર્થાત્ પ્રસિદ્ધ બ્રહ્મવેત્તા પુરુષો પરા અને અપરા એમ બે વિદ્યા જાણવાયોગ્ય છે એમ કહે છે. આ અને આવા અર્થવાળી બીજી શ્રુતિઓપરથી સૂચિત થાયછે કે વૈદિક જ્ઞાન અને તેને અનુસરતા યાગાદિક નિકૃષ્ટ ધર્મ છે, અને બ્રહ્મજ્ઞાનજ પરમશ્રેષ્ઠ ધર્મ છે. ભગવદ્ગીતાનું સ્થૂલ તાત્પર્ય કર્માત્મક વૈદિકાદિ અનુષ્ઠાનોની નિકૃષ્ટતા કહેવામાં છે, અને ગીતામાં કહેલ સૂક્ષ્મ ધર્મની ઉત્કૃષ્ટતા કહેવામાં સૂક્ષ્મ તાત્પર્ય છે. હિંદુધર્મમાં વિશેષે કરીને એક એવો પરમ રમણીય ધર્મ પ્રાપ્ત થાય છે કે જે સાધારણરીતે પૂર્વોક્ત મીમાંસા અને તેમાં કહેલ હિંદુધર્મવાદનો વિરોધી છે. આ ધર્મ ગીતા,મહાભારત અને ભાગવતમાં સર્વત્ર જોવામાં આવે છે. તેના વક્તા શ્રીકૃષ્ણ છે, એટલા માટેજ હિંદુશાસ્ત્રમાં કહેલા ઉત્કૃષ્ટતર ધર્મને આપણે શ્રીકૃષ્ણોક્ત ધર્મ કહીએ છીએ. મહાભારતના કર્ણ પર્વમાંથી એક વાક્ય લઇને એનું ઉદાહરણ આપવામાં આવે છે.

કેટલાક શ્રુતિઓને ધર્મની બાબતમાં પ્રમાણરૂપે કહે છે; તેમાં હું દોષનો આરોપ કરતો નથી; પરંતુ શ્રુતિમાં પણ સમસ્ત ધર્મતત્ત્વ કહેલું નથી, અને એટલા માટે કેટલેક સ્થળે અનુમાનદ્વારાજ ધર્મનો નિર્દેશ કરવો પડે છે. 'પ્રાણીઓની ઉત્પત્તિને નિમિત્તેજ ધર્મનો નિર્દેશ કરવામાં આવે છે.' 'અહિંસાયુક્ત કાર્ય કરવામાં આવે એટલે ધર્માચરણ કર્યું કહેવાય છે.' 'હિંસા કરનારાઓની હિંસાના નિવારણ માટેજ ધર્મની ઉત્પત્તિ થયેલી છે.' 'ધર્મ પ્રાણીઓને ધારણ કરે છે માટેજ તેનું નામ ધર્મ છે.' 'જેનાથી પ્રાણીઓની રક્ષા થાય તેનું નામ ધર્મ છે.' એમ શ્રીકૃષ્ણનાં વચન છે. [illegible] વન પર્વમાંથી ધર્મવ્યાધે કહેલી ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે છે. 'લોકોમાં સર્વ જીવોનું હિત થાય તેજ સત્ય; સત્યજ દેવપ્રાપ્તિ માટે અદ્વિતીય ઉપાય છે. [illegible] જ્ઞાન થાય છે. અને તેથીજ [illegible] હિત [illegible] છે.' અહિં [illegible] ધર્મનો [illegible] વ્યવહાર થયો છે.

શિષ્ય—આ દેશના ઋષિઓએ ધર્મની જે વ્યાખ્યા કરી છે તે [illegible] કે તે હિંદુધર્મની વ્યાખ્યા છે?

શિષ્યઃ—તેનું ખાસ નામ શું ? કાંઈક જુદું નામ તો હશે જ ને !
ગુરુઃ—હા. તેનું નામ 'મનુષ્યત્વ.'

अध्याय ४ थो– मनुष्यत्व एटले शुं ?

શિષ્યઃ—કાલે આપે કહ્યું હતું કે જેના અસ્તિત્વથી મનુષ્ય "મનુષ્ય" ના નામને યોગ્ય લેખાય અને જેના અભાવે મનુષ્ય "મનુષ્ય" નામને યોગ્ય ન

ગુરુઃ—'રિલિજ્યન' શબ્દવડે જે વિષયનો બોધ થાય છે, તે વિષયના ઉપર આપણા દેશના લોકોની સ્વતંત્રતા ક્યારેય થતી નથી. આપણા મનમાં જે વિષયનો વિચાર સરખોય આવતો નથી, તેને આપણે આપણા કયા પરિચિત શબ્દવડે કહી શકીએ?

× × × × ×

× × × × ×

તને ધર્મની જેટલી વ્યાખ્યાઓ સંભળાવી તે સર્વમાં હિંદુધર્મની વ્યાખ્યા સર્વોત્કૃષ્ટ છે; અને જો એ વ્યાખ્યા યથાર્થ હોય તો હું કહું છું કે સર્વ ધર્મોમાં હિંદુધર્મ શ્રેષ્ઠ ધર્મ છે.

શિષ્યઃ—પ્રથમ તો ધર્મ શું છે એ હું સમજી શકું, તોજ પછી હિંદુધર્મને સમજું. આ સર્વ પંડિતોએ કરેલી ધર્મની વ્યાખ્યા સાંભળીને મને તો એમ લાગે છે કે 'મેં સાત કાનવાળો હાથી જોયો.'

ગુરુઃ—તારું કહેવું ખરું છે. એવો કયો મનુષ્ય જન્મ્યો છે કે જેણે ધર્મનું પૂર્ણ સ્વરૂપ અનુભવ્યું હોય? જેમ સમસ્ત વિશ્વને કોઈ મનુષ્ય પોતાની આંખે જોઈ શકતો નથી, તેમ સમગ્ર ધર્મને કોઈ પણ મનુષ્ય અનુભવી શકતો નથી. અન્યની વાત તો બાજુએ મૂકીએ; પણ બુદ્ધદેવ, ઈશુખ્રિસ્ત, મહંમદ અથવા ચૈતન્ય દેવ એમાંના કોઈ પણ ધર્મના પૂર્ણ સ્વરૂપને અનુભવી શક્યા હતા, એમ હું સ્વીકાર કરી શકતો નથી. હા; અન્ય મનુષ્યો કરતાં તો તેમણે સારી રીતે અનુભવ કર્યો હતો, પણ સંપૂર્ણ તો નહોતા અનુભવી શક્યા. જો મનુષ્યદેહ ધારણ કરીને ધર્મના પૂર્ણ સ્વરૂપને કોઈએ પણ હૃદયમાં અનુભવ્યું હોય અને મનુષ્યલોકમાં તેનો પ્રચાર કરી શક્યા હોય, તો તે શ્રીમદ્ ભગવદ્ગીતાના કર્તાજ. ભગવદ્ગીતાનાં વચનો ઈશ્વરાવતાર શ્રીકૃષ્ણનાં છે કે કોઈ મનુષ્યનાં છે તે હું જાણતો નથી; પરંતુ કોઈ પણ સ્થળે જો ધર્મનું સંપૂર્ણ સ્વરૂપ વ્યક્ત અને વિશેષ સ્પષ્ટ થઈ શક્યું હોય તો તે શ્રીમદ્ભગવદ્ગીતામાંજ થયું છે.

(બંકિમકૃત "ધર્મજિજ્ઞાસા" માંથી)

લેખાય, તેનુંજ નામ મનુષ્યનો ધર્મ. આ સિદ્ધાંત સમજવામાં કાંઇક કઠિન જણાય છે, કારણ કે સહુ કોઇ જાણે છે કે મનુષ્યે જન્મ લીધો ત્યારથીજ તે મનુષ્ય ગણાય, અને તે મૃત્યુ પામ્યો એટલે મનુષ્ય નામને યોગ્ય નહિ રહેતાં રાખ કે ધૂળનો ઢગલો બની રહે છે. એટલા માટે એમ કહેવામાં આવે કે જ્યાંસુધી જીવન હોય ત્યાંસુધીજ મનુષ્ય "મનુષ્ય" છે અને જીવન ચાલ્યું ગયું એટલે મનુષ્ય "મનુષ્ય" મટી જાય છે, તો તેમાં શું ભૂલ છે ? આપનો ઉદ્દેશ એથી બીજો છે કે શું ?

ગુરુ:—સ્તનપાન કરનાર એક નાના બાળકમાં પણ જીવન તો છે. તેને શું મનુષ્ય કહેવાય ?

શિષ્ય:—કેમ નહિ ? માત્ર વય નાની એટલુંજ. ભલે તેને નાનો મનુષ્ય કહો.

ગુરુ:—મનુષ્યો જે જે કાર્યો કરી શકે તે તે કાર્યો શું તે બાળક કરી શકે ?

શિષ્ય:—એક મનુષ્ય પણ મનુષ્યજાતિનાં સમસ્ત કાર્યો પોતે એકલો ક્યાં કરી શકે છે ? અનેક માણસો ભારે વજનના બોજાઓ ઉંચકી જાય છે, અનેક મનુષ્યોએ મહાન સમરાંગણોમાં વિજય પ્રાપ્ત કર્યો છે, અને અનેક મનુષ્યો કીંગ લીયર અથવા કુમારસંભવ જેવાં અદ્ભુત નાટકો લખી અમર કીર્તિ પ્રાપ્ત કરી ગયા છે. આપ પોતે પણ મનુષ્ય છો, પરંતુ શું આપ એ સર્વ કાર્યો કરી શકવા સમર્થ છો ! અથવા બીજા એવા કોઇ મનુષ્યનું નામ આપી શકશો કે જે પોતે એકલો ઉક્ત સર્વ કાર્યો કરી શકે ?

ગુરુ:—હું ન કરી શકું તેમજ એવા કોઇ મનુષ્યનું નામ પણ અત્યારે આપી શકું તેમ નથી કે જે પોતે એ સર્વ કાર્યો કરી શકતો હોય. છતાં એક મનુષ્ય કે જેણે ઉક્ત સઘળાં કાર્યો એક કાળે કર્યાં હોય એવો કોઇ મનુષ્ય જન્મ્યોજ નથી, એમ માનવાને તો હું કોઇ રીતે તૈયાર નથી. તેમજ હવે પછી એવો કોઇ મનુષ્ય નહિ જન્મે એમ પણ માની શકતો નથી.

શિષ્ય:—મનુષ્યથી બનવા યોગ્ય સર્વ કાર્યો એક મનુષ્યથી બની શકતાં હોય તો કેમ કોઇ એવાં કાર્યો કરતું જોવામાં આવતું નથી ?

ગુરુ:—પોતાની શક્તિઓની ખીલવણી સંપૂર્ણ રીતે કોઇ કરતું નથી, તેટલાજ માટે એવી શક્તિવાળા પુરુષો જોવામાં આવતા નથી.

શિષ્ય:—પણ મૂળ વાત તો રહીજ ગઇ. કયી વસ્તુના અસ્તિત્વથી મનુષ્ય "મનુષ્ય" નામને યોગ્ય લેખાય એનો તો કશો ખુલાસો થયોજ નહિ. શું આપ એમ કહેવા માગો છો કે પોતાની શક્તિઓની ખીલવણી થાય અર્થાત્ શક્તિઓનું અનુશીલન થવાથીજ મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકાય ? જો એમજ હોય તો [illegible] મનુષ્યો કે જેમની એકે શક્તિ ખીલી નથી તેમને મનુષ્યનું નામ આપી શકાય કે નહિ ?

ગુરુ:—જેની કોઇ પણ શક્તિ ખીલી ન હોય (અનુશીલિત થઇ ન હોય) [illegible]

કોઇ જંગલી માણસ તું જોઇ શકશે નહિ. ઘણા જૂના વખતમાં પણ મનુષ્યોની અમુક શક્તિઓ વિકાસ પામ્યા વિના રહેતી નહિ. જો તેમ ન હોય તો તેઓ પથ્થરની છરીઓ વિગેરે કેવી રીતે બનાવી શકે ? હવે પ્રશ્ન એ છે કે તેમને મનુષ્ય કહી શકાય કે નહિ ? આ પ્રશ્નનો યથાર્થ ઉત્તર મેળવતા પહેલાં વૃક્ષત્વ એટલે શું એ વાત બરાબર સમજી લે. અહીંઆં તું એક ઘાસનું તૃણ જુએ છે અને સામે એક વડવૃક્ષ જુએ છે તે બન્નેને તું એકજાતીય કહી શકશે કે નહિ ?

શિષ્યઃ—હા, એક રીતે તેઓ બન્ને એકજાતીય તો ખરાંજ; કારણ કે બન્ને વનસ્પતિની જાતનાં છે.

ગુરુઃ—પણ બન્નેને વૃક્ષ કહી શકાય ?

શિષ્યઃ—ના. વૃક્ષ તો વડનેજ કહી શકાય. આ તો તૃણમાત્ર છે.

ગુરુઃ—એવો ભેદ શામાટે ?

શિષ્યઃ—ફળ–ફૂલ–શાખા–પાન–વગેરેને લઇને વડ 'વૃક્ષ'ના નામને યોગ્ય છે. તૃણમાં એ સર્વ વિભાગો નથી એટલે તેને વૃક્ષ કહી–શકાય નહિ.

ગુરુઃ—ઘાસમાં પણ એ સર્વ છે. અલબત્ત, તે બહુ ક્ષુદ્ર છે તેથી તેની શાખાઓ કે ફળ–ફૂલ તને દૃષ્ટિગોચર થતાં નથી. મતલબ કે તે અપરિણત એટલે સૂક્ષ્મ અવસ્થામાં છે. તારાજ કહેવા પ્રમાણે જો ઘાસને વૃક્ષ ન કહેવાય તો પછી જે મનુષ્યની સઘળી વૃત્તિઓ અનુશીલિત ન થઈ હોય અને જે ખીલ્યા વિનાની અવસ્થામાં પડી રહી હોય, તેને મનુષ્ય કેમ કહેવાય ? ઘાસ જેમ વનસ્પતિ તરીકે એકજાતીય છે, તેવીજ રીતે જંગલી મનુષ્યોને પણ એકજાતીય કહી શકાય ખરા પણ દરેક વનસ્પતિમાંથી જેમ વૃક્ષત્વ હોઇ શકતું નથી તેવીજ રીતે મનુષ્યોનો ધર્મ જે મનુષ્યત્વ તે જેનામાં ન હોય તેને મનુષ્ય કહી શકાય નહિ.

શિષ્યઃ—વંશ અથવા બીજને કારણભૂત લેખીએ તો ?

ગુરુઃ—તે વિષય હમણાં એક બાજુએ રહેવા દે. જે વાત સરળ અને ગોટાળા વગરની છે તેજ પ્રથમ સમજી લે. ત્યારપછી વંશ અને બીજ વિગેરેની કડાકૂટ પડવું હોય તો પડજે. વૃક્ષત્વનું ઉદાહરણ ભૂલીશ નહિ; કારણ કે સમજવાને માટે બહુ ઉપયોગી છે. અહીંઆં જે વાંસ જુએ છે તેને વૃક્ષ કહીશ કે નહિ ?

શિષ્યઃ—મારા ધારવા પ્રમાણે તેને પણ વૃક્ષ તો કહી શકાય નહિ. અલબત્ત તેને ગાંઠા, શાખા અને પલ્લવ વિગેરે તો છે, પણ ફળફૂલ ક્યાં ! તેનામાં સંપૂર્ણ ખીલવણી (પરિણતિ) થઇ નથી, માટે તેને વૃક્ષ કહી શકાય નહિ.

ગુરુઃ—તને ખબર નથી. પચાસ–સાઠ વર્ષ પછી તેને પણ એક વખત ફળ–ફૂલ આવે છે. તેને જે ફળ આવે છે તે કેટલેક અંશે ચોખાને મળતાં આવે છે.

શિષ્યઃ—તો પછી વાંસને પણ વૃક્ષ કહેવામાં હરકત નથી.

ગુરુઃ—નહિ. તેમ છતાં પણ વાંસ તૃણમાંજ લેખાય છે. તું એક ઘાસનું તૃણ પાસે રાખીને વાંસની સાથે મુકાબલો કરી જો. બંને મુકાબલામાં સરખાં જણાય છે તેથીજ વનસ્પતિશાસ્ત્રના પંડિતોએ વાંસને તૃણની શ્રેણીમાં મૂક્યો છે. આ ઉપરથી તું જોઇ શકશે કે તૃણ જેવા પદાર્થોમાં પણ એક માત્ર સ્ફુર્તિના ગુણને લઇને કેટલો બધો ભેદ પડી જાય છે? ઘાસ જેમ તૃણ છે. તેમ વાંસ પણ તૃણ છે. છતાં સ્ફુર્તિગુણને લીધે વાંસને વૃક્ષ માનવાનું મન થઇ જાય છે. તોપણ એક વાત લક્ષમાં રાખજે કે વાંસની સંપૂર્ણ ખીલવણી, અથવા જેને સર્વાંગીન પરિણતિ કહે છે તે વાંસમાં થઇ નથી. જે અવસ્થામાં મનુષ્યની સર્વાંગીન પરિણતિ (વિકાસ) સંપૂર્ણ થાય તે અવસ્થાને હું 'મનુષ્યત્વ' કહું છું.

શિષ્યઃ—ઉક્ત પરિણતિને ધર્મની સાથે શું સંબંધ છે?

ગુરુઃ—વનસ્પતિની પરિણતિ કિંવા ઉત્કર્ષ કેટલેક અંશે પ્રયત્નસાધ્ય હોય છે. સાધારણ રીતે જેને આપણે ખેતી કહીએ છીએ તે ખેતી કોઇ જગ્યાએ મનુષ્યોદ્વારા થાય છે તો કોઇ જગ્યાએ કુદરતદ્વારા (કુદરતી રીતે) થાય છે. એક સામાન્ય ઉદાહરણ આપું. તને કોઈ દેવતા આવીને એમ કહે કેઃ—" વૃક્ષ અને ઘાસને એક સાથે હું પૃથ્વીમાં રાખવા માગતો નથી. માટે તું કહે તો સર્વ વૃક્ષોનો નાશ કરૂં અને કહે તો સર્વ ઘાસનો નાશ કરૂં. માટે બોલ તને શું પસંદ છે? " તો તું તેનો શું જવાબ દે? વૃક્ષનું રક્ષણ કરવાની પ્રાર્થના કરે કે ઘાસનું રક્ષણ કરવાની પ્રાર્થના કરે?

શિષ્યઃ—વૃક્ષનેજ રાખવાનું કહું તેમાં પૂછવા જેવુંજ શું? ઘાસ ન રહે તો કદાચ ગાય-ભેંસ વિગેરેને કષ્ટ ખમવું પડે, પરંતુ વૃક્ષ ન હોય તો પછી જાત જાતના ફળો-મેવાઓ વિગેર ક્યાંથી મળે? ફળ-ફૂલના અભાવે મનુષ્યોને કેટલું બધું કષ્ટ થાય

ગુરુઃ—મૂર્ખ! તૃણજાતિ જગતમાં ન રહે તો અન્નના અભાવે સૌને મરવું પ... તેની કાંઇ ખબર પડે છે? ધાન પણ તૃણજાતીયજ છે. ખેતી કરવાથી તૃણમાં પ... કેવી જીવનદાયિની શક્તિ આવવા પામે છે, તેનો કાંઇ ખ્યાલ કરી શકે છે? અત્યા... જે વસ્તુઓ તને મિષ્ટ અને મધુર લાગે છે તે વસ્તુઓ એક કાળે ઘણીજ કડ... અને સ્વાદરહિત હતી, એમ વનસ્પતિશાસ્ત્રના વિદ્વાનો સિદ્ધ કરે છે. કૃષિ વિગેર... એજ વસ્તુઓ આજે મિષ્ટ અને ખાવાયોગ્ય બનવા પામી છે. ખેતીથી જેમ વ... સ્પતિમાં ઉત્કૃષ્ટતા આવે છે તેવીજ રીતે મનુષ્યો પોતાની વૃત્તિઓના અનુશીલન... ઉન્નત અથવા યથાર્થ મનુષ્ય બની શકે છે. અંગ્રેજીમાં તો ખેતીને અને અનુશીલન... ઉભયને ' કલ્ચર ' એવુંજ નામ આપવામાં આવે છે. એટલાજ માટે કહેવા... આવ્યું છે કે ' ધી સબ્સ્ટન્સ ઑફ રીલીજીયન ઇઝ કલ્ચર' અર્થાત્ માનવવૃત્તિનો ઉત્... એનુંજ નામ ધર્મ.

શિષ્યઃ—તે ગમે તેમ હો;પણ મૂળ વાતનો તો કશોજ ખુલાસો થયો નહિ. મનુ...

સર્વાંગીન પરિણતિ કોને કહેવાય?

ગુરુ:—એક નાનકડા અંકુરનું પરિણામ અથવા વિકાસ કે ઊતર્યું, તેજ મહાન વૃક્ષરૂપે દષ્ટિગોચર થાય છે; પરંતુ એજ અંકુરને જો હું તેની પ્રાથમિક દશામાં ઉપરથી માટી ખસેડીને જુએ તો તને તે લગભગ અદશ્ય જેવો કિંવા અત્યંત ક્ષુદ્ર જેવો લાગ્યા વિના નહિ રહે. વખત જતાં એ ક્ષુદ્ર અંકુરજ મહાન ઘટાદાર ગંભીર વૃક્ષમાં પરિણત થાય છે. બેશક, તેને માટે ખેતી-પાણી-ખાતર વિગેરે તો જોઈએજ. સરસ માટી, યોગ્ય પ્રમાણમાં પાણી અને નિયમિત સૂર્યનો તાપ, વિગેરે જો એ અંકુરને ન મળે તો અંકુર કોઈ કાળે પરિણત-ઉન્નત અવસ્થાએ પહોંચી શકે નહિ; એટલુંજ નહિ પણ જે તત્ત્વોથી વનસ્પતિને પોષણ મળે એવાં તત્ત્વોવાળું ખાતર પણ આપણે તેને પૂરું પાડવું જોઈએ, અને પશુ કે માણસો નુકશાન ન કરે તેને માટે આસપાસ વાડ પણ બાંધી લેવી જોઈએ. આ પ્રકારની જો સરસંભાળ લેવામાં આવે તોજ તે નાનકડો અંકુર વખત જતાં મહાન વૃક્ષરૂપે પરિણમે; એવીજ રીતે મનુષ્યોના સંબંધમાં પણ સમજી લેવું. જે બાળકના સંબંધમાં તેં આગળ વાત કરી, તે પણ એક પ્રકારનો અંકુરજ છે. યથાયોગ્ય કર્ષણથી અથવા અનુશીલનથી તે બાળક યથાર્થ મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકે, એટલુંજ નહિ પણ તે બાળક અનુશીલનના પ્રતાપે એક વખત સર્વ ગુણોયુક્ત અને સર્વ સુખસંપન્ન મનુષ્ય પણ બની શકે. મનુષ્યોની જે પરિણતિ હું કહેવા માંગું છું તે એજ પ્રકારની.

શિષ્ય:—મગજમાં કાંઈ સમજાતું નહિ. સર્વ પ્રકારે સુખી અને સર્વ પ્રકારે ગુણયુક્ત શું પ્રત્યેક મનુષ્ય બની શકે?

ગુરુ:—સર્વ મનુષ્યો સર્વ ગુણયુક્ત બની શકે કે નહિ અને બને તો ક્યારે બની શકે એ વિષયની ચર્ચા કરવા જતાં બહુ સમય નીકળી જાય તેમ છે; કારણ કે તેમાં બહુ વિસ્તારથી બોલવાની જરૂર છે. તથાપિ હું એટલો સ્વીકાર કરું છું કે હમણાં હમણાં કોઈ એવો મનુષ્ય થઈ ગયો હોય એમ મારા જાણવામાં નથી, તેમજ નજીકના ભવિષ્યમાં કોઈ એવો પુરુષ સહસા નીકળી આવે એવો પણ સંભવ નથી, જ્યાં ધર્મની હું જે વ્યાખ્યા કરવા માગું છું તેના યથાયોગ્ય અવલંબનથી સમસ્ત મનુષ્યો સર્વ ગુણયુક્ત બનવાનો પ્રયત્ન કરે તો ક્રમાક્રમે તેઓ બહુ ગુણયુક્ત તો બની શકેજ એમાં મને જરા પણ શંકા નથી. મનુષ્યો જો સર્વ પ્રકારનાં સુખો પ્રાપ્ત કરવાનો તન-મનથી પ્રયત્ન કરે તો અનેક પ્રકારના સુખો તેઓ મેળવી શકે એ વાત નિ:સંશય છે.

શિષ્ય:—અવિનય થયો હોય તો ક્ષમા કરજો, પણ મનુષ્યોની સર્વાંગીન પરિણતિ કોને કહેવાય તે તો હજી હું સમજી શક્યો નથી.

ગુરુ:—ભલે, ધ્યાન આપ. મનુષ્યને મુખ્ય બે અંગ છે. એક શરીર અને બીજું

મન. શરીરને કેટલાંક પેટા અંગ છે—જેમ કે હાથ-પગ વિગેરે કર્મેંદ્રિયો, આંખ-કાન વિગેરે જ્ઞાનેંદ્રિયો, મસ્તિક-હૃદય-વાયુકોષ વિગેરે જીવનસંચાલક પ્રત્યંગો, અસ્થિ મજ્જા-મેદ-માંસ-રુધિર વિગેરે શારીરિક ઉપાદાનો, અને ક્ષુધા-તૃષા વિગેરે શારીરિક વૃત્તિઓ આ સર્વ પ્રત્યંગોની યથાયોગ્ય પરિણુતિ (ખીલવણી) થવી જોઇએ. શરીરનાં પેટા અંગ જેમ મેં ગણાવ્યાં તેમ મનને પણ કેટલાંક પેટા અંગ છે. જેમ કે—

શિષ્ય:—મનસંબંધી વાત હવે પછીને માટે રહેવા દો. અત્યારે તો શારીરિક પરિણુતિઓના સંબંધમાંજ ચર્ચા થવા દો; કારણ કે પ્રથમ જો તે સમજાય તો પછી આગળ જતાં મનના વિષયમાં કઠિનતા જેવું કાંઇ જણાય નહિ. આપે જે શારીરિક પ્રત્યંગો ગણાવ્યાં તેની કેવી રીતે પરિણુતિ થઇ શકે? બાળકના, શરૂઆતમાં નાના અને દુર્બળ જણાતા બાહુઓ, વય વધવાની સાથે પોતાની મેળેજ બળવાન અને પરિણુત થતા જાય છે. એમાં વળી અન્ય પ્રયત્નનો અવકાશજ કયાં રહે છે?

ગુરુ:—તેં જે સ્વાભાવિક પરિણુતિની વાત કહી તેનાં બે કારણો છે. હું પણ તેજ બે કારણો ઉપર ભાર મૂકવા માગું છું. આ બે કારણોમાં પ્રથમ કારણ પોષણ અને બીજું કારણ ગતિ અથવા હીલચાલ. જો એક બાળકના બાહુને તેના ખભાની સાથે નાનપણથીજ બાંધી રાખવામાં આવે, અને બાહુમાં લોહી હરીફરી શકે નહિ એવી વ્યવસ્થા કરવામાં આવે તો એ બાહુ વધારે પુષ્ટ થઇ શકે નહિ, એટલુંજ નહિ પણ અવશ્ય તે દુર્બળ અને નિરર્થક પણ બની જાય; કારણ કે બાહુની પુષ્ટિ માટે જે લોહી જોઇએ તે બાહુ મેળવી શકે નહિ. બાહુને બાંધવામાં ન આવે તો એક બાળક પોતાનો હાથ કોઇ પણ સમયે હલાવી શકે નહિ એવો બંદોબસ્ત કરવામાં આવે તોપણ હલાવ્યા વિનાનો-નિષ્ક્રિય પડી રહેલો હાથ નિર્બળ અને પાતળો પડી ગયા વિના રહેશે નહિ. કદાચ તે એટલો બધો નિર્બળ ન બનવા પામે તોપણ છેવટે હાથમાં જે ઝડપ આવવી જોઇએ તેવી ઝડપ તો કોઇ કાળે નહિજ આવે. કેટલાએક બાવાઓ હાથને નિરંતર ઉંચા રાખી તપસ્યાનો દેખાવ કરે છે તેમને જોયા છે!

શિષ્ય:—સમજ્યો. અનુશીલનવડે એક બાળકના કોમળ અને નાના બાહુ ધીમે ધીમે પુખ્ત વયના મનુષ્યના બાહુ જેટલા વિસ્તારવાળા-બળવાળા અને ઝડપવાળા બની શકે છે; પરંતુ મારા ધારવા પ્રમાણે એ ક્રિયા તો સહજ રીતે થયા કરે છે. તેને માટે પ્રયત્નની શું જરૂર છે?

ગુરુ:—તું તારા બાહુની સાથે આ બાગવાન-માળીના બાહુની સરખામણી કરી જો. તેં તારા બાહુની આંગળીઓને એવી રીતે કેળવી છે કે અત્યારે તને પાંચ મીનીટમાં એક બે લાંબા કાગળો લખવા હોય તો ખુશીથી તું લખી નાખી શકે; અને આ બાગવાન બિચારો દશ દિવસ સુધી મહેનત કરે તોપણ તો

જેવો "ક" અક્ષર પણ લખી શકે નહિ. તારે જ્યારે અમુક વાત કાગળમાં લખવાની હોય છે ત્યારે વિચાર કર્યા વિના કે યત્ન કર્યા વિના રમતાં રમતાં જે સ્થાને જે આકારવાળા અક્ષરો જોઇએ તે તું લખી નાખી શકે છે; પણ માળીને તો બહુજ નવાઇ જેવું લાગે છે. તે બિચારો તો આ બધું કેવી રીતે બનતું હશે તે કલ્પી પણ શકતો નથી. જગતમાં અનેક માણસો અત્યારે લેખનકળા જાણે છે તેથીજ તેમને તેમાં આશ્ચર્ય જેવું લાગતું નથી. બાકી વસ્તુતઃ તો એ લિપિવિદ્યા એક જાદુઇ કળા કરતાં પણ અધિક આશ્ચર્યકારક છે; કારણ કે તેમાં બહુજ અનુશીલનની જરૂર પડે છે. દાખલાતરીકે તું એક શબ્દ લખવાનો પ્રયત્ન કરે છે. ધાર કે આ "અનુશીલન" શબ્દજ તારે લખવાનો છે. પ્રથમ તો તારે એ શબ્દનું પૃથક્કરણ કરી તેમાં કયા કયા વર્ણો રહેલા છે તેનો નિર્ણય કરવો જોઇએ. "અનુશીલન"નું પૃથક્કરણ કરવાથી "અ, ન્, ઉ, શ્, ઈ, લ્, અ, ન્, અ" આ પ્રમાણે એક ચિત્ર તારા માનસપટ ઉપર અંકિત થાય, પછી એ પ્રત્યેક વર્ણનો આકાર કેવો છે તેનું તારે સ્મરણ કરવું પડે અને તેમાં કયો સ્વર મળે તો ઠીક એ વાતનો પણ નિર્ણય કરવો જોઇએ. આટલું નક્કી થયા પછી જ્યારે એક એક વર્ણને યાદ કરી કરીને કાગળમાં લખે ત્યારેજ માંડ માંડ "અનુશીલન" એ એક શબ્દ લખાય; છતાં તું જ્યારે એ શબ્દ લખવા બેસે છે ત્યારે એટલી બધી ઝડપથી લખી નાખે છે કે તારે તેમાં કોઇ પણ પ્રકારની માનસિક ક્રિયા કરવી પડતી હોય તેમ જણાતું નથી. એક માત્ર અનુશીલનના ગુણને લઇનેજ આવી અસાધારણ કુશળતા અવશ્ય પ્રાપ્ત કરી શકે છે.

અનુશીલનનો એક બીજો ભેદ પણ સમજવાયોગ્ય છે. તું આ માળીના બાહુ સાથે તારા બાહુની સરખામણી કરી જો. જેવી રીતે પાંચ મીનીટમાં એક-બે લાંબા કાગળો તું પોતે લખી નાખી શકે છે, તેવી રીતે આ માળી પાંચ મીનીટમાં બે-ત્રણ ફુટ માટી ખોદી કાઢવી હોય તો ખુશીથી ખોદી શકે. તું બે કલાક સુધી તો શું પણ બે પહોર સુધી મહેનત કર્યા કરે તોપણ તારાથી એ કામ પાર પડે નહિ; કારણ કે તેં તારા બાહુઓને એ વિષયમાં બરાબર કેળવ્યા કે અનુશીલિત કર્યા નથી, અને તેથી બાહુની જે યથાયોગ્ય પરિસ્ફુતિ થવી જોઇએ તે થઇ શકી નથી. એટલા માટે એમ કહેવામાં હવે કોઇ જાતની હરકત નથી કે તારા પોતાના અને આ માળીના ઉભયના ઘણા કેટલાક અંશો અપરિસ્ફુટજ રહી ગયા છે—તમારે બન્નેએ હાથની જે સર્વાંગીન પરિસ્ફુતિ કરવી જોઇએ તે તમે કરી શક્યા નથી. એક બીજો દાખલો આપું. એક શિક્ષિત ગવૈયાની સાથે તારી પોતાની તુલના કરી જો. બાલ્યાવસ્થામાં તારા કંઠમાં ને ગવૈયાના કંઠમાં ઘણું કરીને બહુ તફાવત નહિ હોય; પરંતુ ગવૈયો અનુશીલનના પ્રતાપે પોતાના કંઠને મધુર તથા આકર્ષક

બનાવી શકે છે, અર્થાત્ પોતાના કંઠની સર્વાંગીન પરિણતિ કરી શકે છે, જ્યારે તમે તેવું કશું કરી શકતા નથી અને એને લઇને તમારો કંઠ અનુશીલન વિનાનો રહી જાય છે. ભલા, પગે ચાલીને જવું હોય તો તું કેટલા કોશ સુધી જઈ શકે?

શિષ્યઃ—મારાથી વધારે ચાલી શકાય નહિ. બહુ બહુ તો બે ત્રણ કોસ ચાલી શકું.

ગુરુઃ—એનું કારણ માત્ર એટલુંજ છે કે તારા બન્ને પગોની સર્વાંગીન પરિણતિ થવા પામી નથી. નિઃસંશય તારા હાથની, પગની અને ગળાની સહેજસાજ પુષ્ટિ અને પરિણતિ થઇ છે, તોપણ તેને સર્વાંગીન પરિણતિ તો કોઇ રીતે કહી શકાયજ નહિ. એજ પ્રમાણે અન્ય શારીરિક પ્રત્યંગોના સંબંધમાં પણ સમજી લેવું. જ્યાંસુધી શારીરિક સમસ્ત પ્રત્યંગોની સર્વાંગીન પરિણતિ થાય નહિ ત્યાં સુધી આપણા શરીરની સર્વાંગીન પરિણતિ થઇ છે એમ કહી શકાયજ નહિ; કારણ કે જ્યાંસુધી સોળ આનામાં એક આનો પણ અધુરો હોય ત્યાંસુધી પૂરો રૂપિયો છે એમ કહેવાય નહિ. એક આનામાં એક પાઈ ઘટતી હોય ત્યાંસુધી રૂપિયો પણ અપૂર્ણજ રહે. શરીરના સંબંધમાં જેમ આ વાત લાગુ પડે છે તેજ રીતે મનના સંબંધમાં પણ એજ નિયમ સમજી લેવો. મનનાં પણ અનેક પ્રત્યંગો છે, અને તેને "વૃત્તિ" એવું નામ આપણે આપી ગયા છીએ. મનની કેટલીક વૃત્તિઓ જ્ઞાન મેળવવાનું તથા વિચાર કરવાનું કામ કરે છે. કેટલીક વૃત્તિઓ કાર્યમાં પ્રવૃત્તિ કરાવવાનું કામ કરે છે. જેમકે ભક્તિ–પ્રીતિ–દયા વગેરે. તે સિવાય કેટલીક વૃત્તિઓ આનંદને ઉપભોગ કરાવવાનું કામ કરે છે. દાખલાતરીકે હૃદયને સૌંદર્યમાં જોડી, રસગ્રહણ કરાવવો અને ચિત્તને વિનોદ કરાવવો એ આ વૃત્તિનો મુખ્ય ઉદ્દેશ છે. આ પ્રમાણે ત્રણે પ્રકારની માનસિક વૃત્તિઓની સંપૂર્ણ પુષ્ટિ તથા સંપૂર્ણ વિકાસ એનુંજ ના માનસિક સર્વાંગીન પરિણતિ.

શિષ્યઃ—અર્થાત્ જ્ઞાનમાં પાંડિત્ય, વિચારમાં દક્ષતા, કાર્યમાં તત્પરતા, ચિત્ત ધાર્મિકતા, અને સૌંદર્યમાં રસિકતા એ સર્વ હોય તો જ મનુષ્યના મનની સર્વાંગી પરિણતિ થઇ ગણાય. તે ઉપરાંત, વળી શારીરિક સર્વાંગીન પરિણતિ પણ થ જોઇએ એમ આપનું કહેવું છે. અર્થાત્ મનની સાથે શરીર પણ બળવાન, નીરો અને સર્વ પ્રકારની શારીરિક ક્રિયાઓ કરવામાં યોગ્યતાવાળું બનવું જોઇએ. આ યોગ્યતાવાળા કૃષ્ણ અને અર્જુન અથવા રામ અને લક્ષ્મણ સિવાય બીજા કોઈ થ હોય એમ હું તો ધારતો નથી.

ગુરુઃ—મનુષ્યજાતિમાં ઉત્કૃષ્ટ લેખાતી પ્રજા પ્રયત્ન કરે તો સંપૂર્ણ રીતે મ ષ્યત્વની પ્રાપ્તિ ન કરી શકે એમ હું તો કદાપિ માનતો નથી. યુગાન્તરે જ્યારે મ ષ્યજાતિ યથાર્થ ઉન્નતિ પ્રાપ્ત કરવા તરફ આકર્ષાશે ત્યારે અનેક મનુષ્યો ઉ આદર્શનું અનુકરણ અવશ્ય કરશે; એમ પણ હું ખાત્રીપૂર્વક માનું છું. સંસ

ગ્રંથોમાં પ્રાચીન ભારતવર્ષના જે રાજાઓનું વર્ણન છે, તે વાંચવાથી જણાય છે કે પૂર્વે રાજાઓએ સંપૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત કર્યું હોવું જોઈએ. ભગવાન તે વર્ણનોનો મોટો ભાગ ઇતિહાસ તથા પુરાણકારોની કપોલકલ્પિત છે, પરંતુ એ ઉપરથી આટલી વાત સમજવા જેવી છે કે જે વખતે આવા રાજાઓનું વર્ણન થતું હોય તે વખતે એક કાળે બ્રાહ્મણ અને ક્ષત્રિયોની સન્મુખ એ કંઈ તેવા એક ખાસ આદર્શ રહેતો હોવો જોઈએ, એવું અનુમાન અયોગ્ય નથી. હું પણ આજે તેજ આદર્શ સન્મુખ પ્રગટ કરવા માગું છું. સામાન્ય રીતે એક એવો નિયમ છે કે જે મનુષ્ય પોતે જેવો બનવા માગતો હોય તેની સામે તેવા પ્રકારનો સર્વાંગસંપન્ન એક આદર્શ તો રહેવોજ જોઈએ. ભલે, કદાચ તે સંપૂર્ણરીતે તે આદર્શના જેવો ન થઈ શકે તોપણ તેનું અનુકરણ કરવાથી અનેક અંશે તે આદર્શની પાસે તો પહોંચી શકે. સોળ આનાનું જ્ઞાન હોય તો મનુષ્ય ઉવરટ આઠ આના પણ પ્રાપ્ત કરે; પરંતુ એક બાળક કે જેને રૂપિયાના સોળ આનાનું જ્ઞાન ન હોય તે બાળક રૂપીઆના ચાર પૈસા લઈને પણ સંતોષપૂર્વક પાછો આવે તો આશ્ચર્ય નથી.

શિષ્યઃ—પણ એવો આદર્શ ક્યાં ? આજ કાલ તો કોઈ એવો મનુષ્ય હોય એમ જણાતું નથી.

ગુરુઃ—મનુષ્ય ન હોય તેથી શું થયું ! ઈશ્વર તો છે ને ! ઈશ્વર પોતેજ સર્વ ગુણોની સર્વાંગીત સ્ફુર્તિ તથા ઉત્કૃષ્ટ પરિણતિનું એકમાત્ર ઉદાહરણ છે. વેદાન્તનો નિર્ગુણ ઈશ્વર ધર્મતત્વની પ્રાપ્તિમાં બરાબર સહાયક થઈ શકતો નથી; કારણ કે તે નિર્ગુણ હોવાથી આપણા આદર્શરૂપે આપણી સન્મુખ રહી શકતો નથી. અદ્વૈતવાદીઓનું एकमेवाद्वितीयम् ચૈતન્ય અથવા હર્બર્ટ સ્પેન્સરે જેને "ઇન્સ્ક્રુટેબલ પાવર ઇન નેચર" નું નામ આપ્યું છે, અર્થાત્ જે કેવળ માત્ર દાર્શનિક અથવા વૈજ્ઞાનિક ઈશ્વર છે તેની ઉપાસના કરવાથી સંપૂર્ણ રીતે ધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. આપણાં પુરાણો જેનું વર્ણન કરે છે, ઇતિહાસ જેનો મહિમા ગાય છે તે ઈશ્વર અથવા તો ક્રિશ્ચિયનોના ધર્મપુસ્તકમાંનો સગુણ ઈશ્વર-તેની ઉપાસના કરવી એજ ધર્મનું મૂળ છે; કારણ કે એવો સગુણ ઈશ્વરજ આપણા આદર્શસ્થાનને માટે યોગ્ય છે. જેને 'ઇમ્પર્સનલ ગૉડ' નિર્ગુણ ઈશ્વર-કહેવામાં આવે છે, તેની ઉપાસના નિષ્ફળ છે. જેને 'પર્સનલ ગૉડ'-સગુણ ઈશ્વર-કહેવાય તેનીજ ઉપાસના સાર્થક છે.

શિષ્યઃ—સગુણ ઈશ્વરને આદર્શરૂપે માનવા જોઈએ એ તો જાણે કે ઠીક, પણ તેની ઉપાસના શામાટે કરવી ?

ગુરુઃ—ઈશ્વરને આપણે જોઈ શકતા નથી, તેથી તેમનું વર્તન નીરખીને તે પ્રમાણે આપણે વર્તી શકીએ એવો બીલકુલ સંભવ નથી. આપણે જે કાંઈ કરી શકીએ તે માત્ર એટલુંજ કે મનરૂપે તેનું ધ્યાન કરી શકીએ. એ રીતે ધ્યાન

કરવું તેનુંજ બીજું નામ ઉપાસના છે. બેશક ઉપાસનાને તેઓ બોજો ગણી ઝટપટ પતાવી દેવી તેનો તો કાંઇ અર્થજ નથી. સાંજે સવારે માત્ર સંખ્યાનું રટણ કરી જવું એ તો વિશેષ ફળપ્રદ નથીજ. ઈશ્વરના સર્વગુણસંપન્ન-વિશુદ્ધ-સ્વભાવ ઉપર ચિત્તને સ્થિર-એકાગ્ર કરવું જોઇએ; અને સંપૂર્ણ ભક્તિભાવથી તેનું ધ્યાન કરવું જોઇએ. પ્રીતિપૂર્વક હૃદયને તેના સ્વરૂપચિંતન પ્રત્યે વાળવું જોઇએ. ઇશ્વરના સ્વભાવ અનુસાર આપણો પણ સ્વભાવ બનતો જાય એવી ધ્યાનકાળે દૃઢ ભાવના સેવવી જોઇએ. આ રીતે ઉપાસનાદિ કૃત્યો થાય તોજ ઈશ્વરના મહાન પવિત્ર ગુણોની વિમલ જ્યોતિ આપણા જીવનમાં પડે. માટે પરમાત્માની નિર્મળતા આપણા જીવનમાં પ્રવેશ કરે, અને તેના જેવીજ સર્વત્ર મંગળમય શક્તિ આપણા ચરિત્રમાં સ્ફુરે, તેવી દૃઢ કામના ભક્તે રાખવી જોઇએ; તથા સર્વદા તે આપણી પોતાની પાસે જ રહેલો છે એમ માની તેના સ્વભાવની સાથે તલ્લીન બનવાના નિરંતર સતત પ્રયત્નો ચાલુ રાખવા જોઇએ. ટુંકામાં, તેના સામીપ્યની, સાલોક્યની, સારૂપ્યની, અને સાયુજ્યની ભાવના સેવવી જોઇએ. આમ થાય તોજ આપણે ધીમે ધીમે ઈશ્વરની પાસે પહોંચવા ભાગ્યશાળી બનીએ. આર્યઋષિઓ વિશ્વાસપૂર્વક પ્રબોધી ગયા છે કે ઉપાસનાથી મનુષ્યો ક્રમે ક્રમે ઇશ્વરના સારૂપ્ય અને સાયુજ્યને પ્રાપ્ત કરી શકે છે, ઈશ્વરમાં તલ્લીન થઇ શકે છે, અને ઈશ્વરમાંજ મળી જઇ શકે છે. આમ થવું એનુંજ નામ મોક્ષ. મોક્ષ એ કાંઇ કોઇ જૂદી વસ્તુ નથી. ઇશ્વરી આદર્શને અનુસરી ઈશ્વરી સ્વભાવ પ્રાપ્ત કરવો તેનુંજ નામ મોક્ષ. જેઓ મુક્ત થઇ શકે છે તેઓ સર્વ પ્રકારનાં દુઃખોથી મુક્ત થઇ સર્વ સુખોના અધિકારી બની શકે છે.

શિષ્યઃ—હું આજ સુધી એમ સમજતો હતો કે ઈશ્વર મહાન્ સમુદ્ર સમાન છે, અને તેની તુલનામાં આપણે એક બિંદુમાત્ર પણ નથી.

ગુરુઃ—ઉપાસનાનો મર્મ જેવો હિંદુઓ સમજી શકયા છે તેવો મર્મ કોઈ બીજી પ્રજા સમજી શકી નથી. આજકાલ એ પરમ રમણીય અને તાત્ત્વિક ઉપાસના દુર્દૈવવશાત્ આત્મપીડનરૂપે તથા શૃંગારરૂપે આપણામાં ફેરવાઇ ગઈ છે.

શિષ્યઃ—મને એક વાત સમજાવો. મનુષ્યોમાં યથાર્થ મનુષ્યત્વનો અર્થાત્ સર્વાંગસંપન્ન સ્વભાવનો આદર્શ મળી આવતો નથી તેથી ઈશ્વરનું ધ્યાન કરવું જોઇએ એ વાત હું કબૂલ કરૂં છું; પરંતુ ઈશ્વર તો અનંતપ્રકૃતિમય છે. આપણી ક્ષુદ્ર પ્રકૃતિ તેને કેવી રીતે સ્પર્શી શકે? આપણી અપેક્ષાએ તેના ગુણો પણ અનંત અને વિસ્તાર પણ અનંત છે; તો પછી ક્ષુદ્ર વસ્તુનો આદર્શ અનંતભાવમય ઇશ્વર કેવી રીતે બની શકે? એ તો અનંત સમુદ્રને જોયા પછી તળાવની પાળ તોડી નાખવા જેવું અથવા અનંત આકાશને જોયા પછી ઘરના ચંદરવાને ફાડી નાખવા જેવું સાહસ ગણાય એમ હું ધારૂં છું.

ગુરુઃ—ધર્મના ઇતિહાસની જરૂર દર્શાવવામાં આવે છે તે એટલાજ માટે. ધર્મ

ઈતિહાસમાં-(રીલીજ્યસ હીસ્ટરી)માં યથાર્થ ધાર્મિક પુરુષોનાં જીવનચરિત્રો આપવામાં આવે છે. અનંતપ્રાંતિમય ઇશ્વર, ઉપાસકોની આત્મિક અવસ્થામાં આદર્શરૂપ ન બની શકે એ તારી વાત સત્ય છે, પરંતુ ઇશ્વરને અનુસરનારા મહાત્માઓ અથવા જે મહાપુરુષોના ગુણો જોઇને તેમને ઇશ્વરીઅંશ માનવાનું આપણને મન થઇ આવે તેઓજ પ્રાથમિક અવસ્થામાં આપણા આદર્શરૂપ બનવાને યોગ્ય છે. એટલાજ માટે ઇસુખ્રિસ્ત એક વખત ક્રિશ્ચિયનોના આદર્શસ્થાને બિરાજ્યા હતા, એટલાજ માટે બૌદ્ધોએ શાક્યસિંહને આદર્શ પુરુષનું એક કાળે પવિત્ર સ્થાન અર્પણ કર્યું હતું. એટલું છતાં હિંદુશાસ્ત્રમાં ધર્મપ્રચારક આદર્શ પુરુષોને જેવું ઊંચું માન મળ્યું છે તેવું પૃથ્વીના બીજા કોઇ ધર્મપુસ્તકમાં બીજા કોઇ પુરુષને મળ્યું નથી. જનકાદિ રાજર્ષિ, નારદાદિ દેવર્ષિ, અને વસિષ્ઠાદિ બ્રહ્મર્ષિઓ એક કાળે આર્યપ્રજાના અનુશીલનના જ્વલંત આદર્શરૂપે પ્રકાશી રહ્યા હતા. તે ઉપરાંત શ્રી રામચંદ્રજી, યુધિષ્ઠિર, અર્જુન, લક્ષ્મણ, અને દેવીવ્રત ધારણ કરનાર ભીષ્મ વિગેરે ક્ષત્રિયપુત્રો પણ આદર્શ પુરુષનું સુંદર સ્થાન શોભાવી ગયા છે. ઇસુખ્રિસ્ત તથા શાક્યસિંહ વિગેરે તો માત્ર ઉદાસીન, કૌપીનધારી, સરળ ધર્મવેત્તાઓ હતા એટલુંજ. આપણા હિંદુધર્મના આદર્શ પુરુષો તેથી જુદાજ પ્રકારના હતા. તેઓનામાં કેવળ એક-બે ગુણોજ નહોતા, પણ એકી સાથે ઘણા ગુણો પ્રકટી નીકળ્યા હતા, અને તેમણે પોતાની સર્વ વૃત્તિઓને સર્વાંગીન પરિણત તથા સ્ફૂર્તિવાળી બનાવી હતી. વધારે સ્પષ્ટ રીતે કહું તો હિંદુઓના આદર્શ પુરુષો સિંહાસન ઉપર વિરાજતા છતાં પણ અંતરમાં ઉદાસીન (તટસ્થ-રાગદ્વેષરહિત) હતા, હાથમાં ધનુષ્ય-બાણ ધારણ કરવા છતાં પણ હૃદયથી અહિંસા ધર્મના મર્મને જાણનારા હતા, રાજા હોવા છતાં પંડિત પણ હતા, અને શક્તિમાન હોવા છતાં સર્વ ભૂતમાં પ્રેમભાવ રાખનારા હતા. તથાપિ ઉક્ત સર્વ આદર્શોના શિખરે વિરાજી અગ્રસ્થાન લઇ શકે એવો એક બીજો આદર્શ પણ હિંદુઓને માટે છે. એ આદર્શ એવો છે કે જેની પાસે બીજા આદર્શો ફીકકા પડી જાય. યુધિષ્ઠિરે જેમની પાસેથી ધર્મનું શિક્ષણ લીધું હતું, સ્વયં અર્જુન જેમનો શિષ્ય હતો, રામ અને લક્ષ્મણ જેમના અંશમાત્ર હતા, અને જેમના જીવનચરિત્ર સમાન બીજું મહામહિમામય જીવનચરિત્ર કોઇ કાળે મનુષ્ય-ભાષામાં લખાયું નથી, ચાલ આજે તને તેની ઉપાસનાથી દીક્ષિત કરું.

શિષ્ય:—તે કોણ ? કૃષ્ણ ?

ગુરુ:—તમે લોકો માત્ર* જયદેવના કૃષ્ણને અથવા વૃંદાવનવાળા કૃષ્ણનેજ ઓળખો છો અને તેથીજ કૃષ્ણનું નામ સાંભળતાંની સાથે આમ ચમકી ઉઠો છો. કૃષ્ણનું

* જયદેવે "ગીત-ગોવિંદ" નામનો એક અતિ ઉત્કૃષ્ટ સંસ્કૃત કાવ્ય ગ્રંથ લખ્યો છે. તેમાં મુખ્યત્વે શૃંગારિક કાવ્યો છે. અનુવાદક

જીવન હજી તમે સમજતા નથી. જગદેવવાળા કૃષ્ણની પાછળ સર્વ ઇશ્વરીગુણયુક્ત જે કૃષ્ણચરિત્ર પ્રકાશી રહ્યું છે તેને હજી તમે લોકો જોઇ શકયા નથી. જે કૃષ્ણે-પાસનાથી તને હું આજે દીક્ષિત કરવા માગું છું તે શ્રીકૃષ્ણની શારીરિક વૃત્તિઓ સર્વાંગીનસ્ફુર્તિ પામી, આપણે જેની કલ્પના પણ ન કરી શકીએ તેવા સૌંદર્યમાં એકરસ થઇ, અતુલનીય બળશાળી બની ચૂકી હતી, એટલુંજ નહિ પણ જેની માન-સિક વૃત્તિઓ પણ એજ પ્રકારે સર્વાંગીન સ્ફુર્તિ પામી, ત્રણ જગતમાં પ્રકાશ ફેલાવી શકે એવી વિદ્યા-શિક્ષા અને વીર્યયુક્ત બની ચુકી હતી; તેની સાથે જેની પ્રીતિ-દયા વિગેરે વૃત્તિઓ પણ જગતનું હિત સાધવામાં કોઇ રીતે પછાત પડી નહોતી. એટલા માટે તેને પોતાને પણ કહેવું પડે છે કેઃ—

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे ॥

સારાંશ એજ કે પોતાના બાહુબળથી દુષ્ટોનું દમન કર્યું હતું, બુદ્ધિબળથી ભારતવર્ષને એકતાના સૂત્રવડે બાંધી રાખ્યું હતું, જ્ઞાનબળથી જેણે અપૂર્વ નિષ્કામ ધર્મનો પ્રચાર કર્યો હતો તેને હું નમસ્કાર કરૂં છું. કેવળ પ્રેમમયજ હોવાથી જેણે નિષ્કામપણે સર્વ મનુષ્યોનાં દુષ્કર કાર્યો પણ કરી આપ્યાં હતાં, જેણે બાહુબળથી સર્વત્ર વિજય પ્રાપ્ત કર્યો હતો, એટલુંજ નહિ પણ બીજાને માટે સામ્રાજ્યની સ્થાપના કરવામાં પોતે મુખ્ય આગેવાન હોવા છતાં જેણે સિંહાસન ઉપર વિરાજવાનું યોગ ધાર્યું નહોતું, જેણે શિશુપાળના સેંકડો અપરાધોને ક્ષમા આપી ક્ષમાગુણનો પ્રચાર કર્યો છે, અને કેવળ દંડ આપવાની ખાતર જેણે દંડ આપવામાં પણ જરાય સંકોચ સેવ્યો નથી, જેણે વેદની પ્રબળતાવાળા જમાનામાં નિડરપણે જાહેર કર્યું હતું "વેદમાં ધર્મ નથી, ધર્મ જોઇતો હોય તો લોકહિત કરો" તે પુરુષ ભલે ઇશ્વર હોય યા ન હોય તોપણ હું તેને નમસ્કાર કરૂં છું. જેનામાં એકીસાથે શાકયસિંહ ઇસુખ્રિસ્ત અને રામચન્દ્રના સર્વ ગુણો સ્પષ્ટપણે પ્રકાશી રહ્યા હતા, જે પુરુષ એક કાળે જનસમાજના બળના આધારરૂપ હતો, સમાજના ગુણના આધારરૂપ હતો, સર્વ ધર્મોનો વેત્તા હતો, એટલુંજ નહિ પણ તેની સાથે જે સર્વત્ર પ્રેમમય હતો, આદર્શપુરુષ ભલે ઇશ્વર હોય કે ન હોય; હું તેને નમસ્કાર કરૂં છુંઃ—

नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ।

अध्याय ५ मो--अनुशीलन

શિષ્યઃ—બાકી રહેલી વાત આજે કહો તો સાંભળવાની બહુ ઇચ્છા છે.

ગુરુઃ—હજી ખરેખરી વાત તો રહીજ ગઇ છે. અત્યારસુધીમાં આપણે

બેજ વાતોનો વિચાર કર્યો. (૧) મનુષ્યોનું યથાર્થ સુખ મનુષ્યત્વમાં છે, અને (૨) આ મનુષ્યત્વ તે બીજું કંઇજ નહિ પણ સર્વ વૃત્તિઓની યથાયોગ્ય સ્ફુર્તિ, પરિણુતિ અને સામંજસ્ય થવા દેવું તેનુંજ નામ છે. હવે વૃત્તિઓ કેટલા પ્રકારની છે તે વિષે કંઇક વિચાર કરીએ.

વૃત્તિઓને સાધારણુરીતે બે ભાગોમાં વહેંચી દઇ શકાય. એક તો શારીરિક વૃત્તિ અને બીજી માનસિક વૃત્તિ. માનસિક વૃત્તિઓમાં કેટલીક વૃત્તિઓ જ્ઞાન મેળવવાનું કાર્ય કરે છે, કેટલીક વૃત્તિઓ શરીર પાસે માત્ર કાર્ય અથવા તો પ્રવૃત્તિજ કરાવે છે, અને કેટલીએક વૃત્તિઓ એમાંનું એક નહિ કરતાં માત્ર આનંદનોજ અનુભવ કરાવે છે. હવે જે વૃત્તિઓ જ્ઞાન ઉપાર્જન કરે છે તેને આપણે જ્ઞાનસંપાદક વૃત્તિઓ કહીશું. જે વૃત્તિઓ માત્ર કાર્યમાં પ્રવૃત્ત કરાવીનેજ બેસી રહે છે તેને કાર્યકારિણી વૃત્તિ કહીશું, અને જે વૃત્તિઓ કેવળ આનંદજ આપે છે તેને આનંદદાયિની અથવા ચિત્તરંજિની વૃત્તિ કહીશું. જ્ઞાન, કર્મ અને આનંદ એ પ્રમાણે આ ત્રિવિધ વૃત્તિઓનું ફળ શું હોઇ શકે એમ જો કોઇ પૂછે તો તેનો ઉત્તરઃમાત્ર એટલોજ કે "સચ્ચિદાનંદ" ની પ્રાપ્તિ એજ એ ત્રિવિધ વૃત્તિઓનો ઉદ્દેશ અથવા લક્ષ છે.

શિષ્યઃ—આપે જે ત્રણુ વિભાગો પાડ્યા તે શું નિરર્થ છે ? મારા માનવા પ્રમાણે તો સર્વ વૃત્તિઓની પરિતૃપ્તિમાં આનંદ સિવાય બીજું કંઇ હોઇજ શકે નહિ.

ગુરુઃ—અલબત્ત એ વાત સત્ય છે, પરન્તુ જ્ઞાનસંપાદક વૃત્તિનું મુખ્ય ફળ જ્ઞાનપ્રાપ્તિ હોય છે, અને ગૌણુ ફળ આનંદ હોય છે. કાર્યકારિણી વૃત્તિનું મુખ્ય ફળ કાર્યમાં પ્રવૃત્તિ કરાવવી તે, અને ગૌણુ ફળ આનંદ હોય છે; પરન્તુ કેટલીક વૃત્તિઓનું મુખ્ય ફળ પણુ આનંદ અને ગૌણુ ફળ પણુ આનંદજ હોય છે. પાશ્ચાત્ય પંડિતો તેને 'એસ્થેટિક ફેકલ્ટીઝ' કહે છે.

શિષ્યઃ—પાશ્ચાત્ય વિદ્વાનો તો આ છેલ્લી વૃત્તિનો પણુ 'ઇન્ટેલેક્ચ્યુઅલ' અને 'ઇમોશનલ'માં સમાવેશ કરી દે છે. આપ તો તેને ચિત્તરંજિની વૃત્તિનું નામ આપી જૂદી પાડો છો તેનું કેમ ?

ગુરુઃ—કારણુ કે હું અહીંઆં માત્ર પાશ્ચાત્યનેજ અનુસરતો નથી, તેમજ તેને અનુસરવાને બંધાએલો પણુ નથી. મને વિશ્વાસ છે કે સત્યને અનુસરવાથી મારો ઉદ્દેશ ફળીભૂત થયા વિના રહેશે નહિ. હવે મૂળ વાત ઉપર આવીએ. મનુષ્યોની સઘળી શક્તિઓને ચાર ભાગોમાં વહેંચી નાખીએ તો નીચે પ્રમાણે વિભાગ કરી શકાય:—

(૧) શારીરિક વૃત્તિ. (૨) જ્ઞાનસંપાદક વૃત્તિ. (૩) કાર્યકારિણી વૃત્તિ, અને (૪) ચિત્તરંજિની વૃત્તિ.

આ ચારે પ્રકારની વૃત્તિઓનું યથાયોગ્ય સ્ફુરણુ, પરિણુતિ તથા સામંજસ્ય, એનુંજ નામ મનુષ્યત્વ: એ વાત હવે પુનઃ કહેવાની જરૂર નથી.

જીવન હજી તમે સમજતા નથી. જયદેવવાળા કૃષ્ણની પાછળ સર્વ ઇશ્વરીગુણયુક્ત જે કૃષ્ણચરિત્ર પ્રકાશી રહ્યું છે તેને હજી તમે લોકો જોઈ શકયા નથી. જે કૃષ્ણો-પાસનાથી તને હું આજે દીક્ષિત કરવા માગું છું તે શ્રીકૃષ્ણની શારીરિક વૃત્તિઓ સર્વાંગીનસ્ફુર્તિ પામી, આપણે જેની કલ્પના પણ ન કરી શકીએ તેવા સૌંદર્યમાં એકરસ થઈ, અતુલનીય બળશાળી બની ચૂકી હતી, એટલુંજ નહિ પણ જેની માન-સિક વૃત્તિઓ પણ એજ પ્રકારે સર્વાંગીન સ્ફુર્તિ પામી, ત્રણ જગતમાં પ્રકાશ ફેલાવી શકે એવી વિદ્યા-શિક્ષા અને વીર્યયુકત બની ચુકી હતી; તેની સાથે જેની પ્રીતિ-દયા વિગેરે વૃત્તિઓ પણ જગતનું હિત સાધવામાં કોઈ રીતે પછાત પડી નહોતી. એટલા માટે તેને પોતાને પણ કહેવું પડે છે કેઃ—

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे ॥

સારાંશ એજ કે પોતાના બાહુબળથી દુષ્ટોનું દમન કર્યું હતું, બુદ્ધિબળથી ભારતવર્ષને એકતાના સૂત્રવડે બાંધી રાખ્યું હતું, જ્ઞાનબળથી જેણે અપૂર્વ નિષ્કામ ધર્મનો પ્રચાર કર્યો હતો તેને હું નમસ્કાર કરૂં છું. કેવળ પ્રેમમયજ હોવાથી જેણે નિષ્કામપણે સર્વ મનુષ્યોનાં દુષ્કર કાર્યો પણ કરી આપ્યાં હતાં, જેણે બાહુબળથી સર્વત્ર વિજય પ્રાપ્ત કર્યો હતો, એટલુંજ નહિ પણ બીજાને માટે સામ્રાજ્યની સ્થાપના કરવામાં પોતે મુખ્ય આગેવાન હોવા છતાં જેણે સિંહાસન ઉપર વિરાજવાનું યોગ્ય ધાર્યું નહોતું, જેણે શિશુપાળના સેંકડો અપરાધોને ક્ષમા આપી ક્ષમાગુણનો પ્રચાર કર્યો છે, અને કેવળ દંડ આપવાની ખાતર જેણે દંડ આપવામાં પણ જરાય સંકોચ સેવ્યો નથી, જેણે વેદની પ્રબળતાવાળા જમાનામાં નિડરપણે જાહેર કર્યું હતું કે "વેદમાં ધર્મ નથી, ધર્મ જોઈતા હોય તો લોકહિત કરો" તે પુરુષ ભલે ઇશ્વર હોય યા ન હોય તોપણ હું તેને નમસ્કાર કરૂં છું. જેનામાં એકીસાથે શાકયસિંહ, ઇસુખ્રિસ્ત અને રામચન્દ્રના સર્વ ગુણો સ્પષ્ટપણે પ્રકાશી રહ્યા હતા, જે પુરુષ એ કાળે જનસમાજના બળના આધારરૂપ હતો, સમાજના ગુણના આધારરૂપ હતો, સર્વ ધર્મોનો વેત્તા હતો, એટલુંજ નહિ પણ તેની સાથે જે સર્વત્ર પ્રેમમય હતો, આદર્શપુરુષ ભલે ઇશ્વર હોય કે ન હોય; હું તેને નમસ્કાર કરૂં છુંઃ—

नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ।

अध्याय ५ मो--अनुशीलन

શિષ્યઃ—માડી રહેલી વાત આજે કહો તો સાંભળવાની બહુ ઇચ્છા છે.

ગુરુઃ—હજી ખરેખરી વાત તો રહીજ ગઈ છે. અત્યારસુધીમાં આપણે

થાય છે. આ પ્રમાણે બે પ્રકારની શિક્ષણ-પદ્ધતિનો પ્રચાર કરવામાં હિંદુધર્મશાસ્ત્રે જે મહાન ફાળો આપ્યો છે, તે જગતના સાહિત્યમાં અપૂર્વ છે, એમ કહેવાની જરૂર નથી. હું પણ તેજ આર્યઋષિઓનાં ચરણકમળમાં વંદન કરી તેમણે પ્રદર્શિત કરેલી પદ્ધતિનો તને કાંઇક ખ્યાલ આપવા માગું છું. તેની સાથે એક વાત લક્ષમાં રાખવી જોઇએ અને તે એજ કે આજથી ત્રણ-ચાર હજાર વર્ષો પૂર્વે ભારતવર્ષને માટે જે વિધિ-નિયમો નક્કી કરવામાં આવ્યા હતા તેજ નિયમો અક્ષરે અક્ષર અત્યારના કાળમાં બંધબેસતા થઈ શકે નહિ; અને હું તો એટલે સુધી કહેવાની હિંમત કરૂં છું કે જો તે ઋષિમહાત્માઓ અત્યારે જીવતા હોત તો તેઓ પણ સ્પષ્ટ રીતે કહી દેત કે:—"ના, અમારા તે સમયના નિયમો આ સમયે ચાલી શકે તેમ નથી. જો તે નિયમોને અત્યારે પણ અક્ષરે અક્ષર વળગી રહેશો તો અમારા દર્શાવેલા ધર્મનો તમે ખોટો અર્થ કરો છો એમ અમને લાગ્યા વિના રહેશે નહિ." હિંદુધર્મના બાહ્ય નિયમો અને વિધિઓમાં ગમે તેટલો ફેરફાર થાય તોપણ તેનો મર્મ ભાગ તો સર્વદા અમરજ રહેવા યોગ્ય છે. તે મર્મભાગ સદા-સર્વદા જીવંત રહી મનુષ્યોનું હિત સાધવાને સર્વથા સમર્થ છે; કારણ કે તે નિયમોનો મૂળ પાયોજ માનવ-પ્રકૃતિ ઉપર સ્થપાયેલો છે. કોઇ કોઇ વિધિ દેશ-કાળભેદે રૂપાંતર પામે તો તેથી ગભરાવાનું નથી. જેમ બીજી વસ્તુઓના સંબંધમાં બને છે તેમ નિયમો પણ સમય જતાં ચોક્કસ ફેરફાર પામ્યા વિના રહેતા નથી. હિંદુધર્મમાં પ્રસંગોપાત જે સુધારા-વધારાઓ થતા રહ્યા છે, તેનો એ સંક્ષિપ્ત ઇતિહાસ છે.

શિષ્યઃ—આપ ઘણું કરીને વિલાયતી પદ્ધતિને અનુસરતા હોય એવો મને સંદેહ રહે છે, કારણ કે શિક્ષણ એ ધર્મનો અંશ છે એ વાત કોમ્ટના સિદ્ધાંત સિવાય બીજે ક્યાંઇ સાંભળી નથી.

ગુરુઃ—હિંદુધર્મના કોઇ એકાદ અંશની સાથે કોમ્ટનો સિદ્ધાંત મળતો આવે તેથી શું આપણે આપણો આર્યમત તજી દેવો? ક્રિશ્ચિયનધર્મમાં ઇશ્વરની ઉપાસના કરવાનું કહ્યું છે તેથી શું આપણે હિંદુઓએ ઇશ્વરોપાસનાને તિલાંજલિ આપી દેવી જોઇએ! એક પ્રસંગે "નાઇન્ટીન્થ સેન્ચુરી" પત્રમાં હર્બર્ટસ્પેન્સરે કોમ્ટના સિદ્ધાંતોની સામે વાંધો ઉઠાવતાં ઈશ્વર-સંબંધે પોતાના જે વિચારો જણાવ્યા હતા તે ઘણાખરા આપણા વેદાન્તના અદ્વૈતવાદ તથા માયાવાદ સાથે મળતા આવે છે. સ્પિનોઝાના વિચારો સાથે પણ વેદાન્તમતનું સાદૃશ્ય જોવામાં આવે છે. હવે વેદાન્તની સાથે હર્બર્ટસ્પેન્સર અને સ્પિનોઝાનો મત મળતો થયો એટલાજ માટે આપણે આપણું વેદાન્ત તજી દેવું એ કયાંનો ન્યાય કહેવાય? મારો પોતાનો અભિપ્રાય જાણવા માગતો હોય, તો હું તો વેદાન્ત મતનો ત્યાગ કરવાને બદલે સ્પિનોઝા અથવા સ્પેન્સરનેજ યુરોપીયન હિન્દુ તરીકે ગણી લઉં. હિંદુધર્મના સ્થૂલ અંગોને યુરોપ

શિષ્ય:—ક્રોધ વિગેરે જે કાર્યકારિણી વૃત્તિઓ અને કામ વિગેરે જે શારીરિક વૃત્તિઓ તેની પણ બરાબર સ્ફુર્તિ તથા પરિણતિ, મનુષ્યત્વની પ્રાપ્તિ માટે શું જરૂરની છે!

ગુરુ:—ઉક્ત ચાર પ્રકારની વૃત્તિઓના અનુશીલનસંબંધે મારે એક-બે વાતો કહેવાની છે તે કહી લેવા દે. ત્યારપછી તારી શંકાનું સમાધાન કરીશ.

શિષ્ય:—તેની સાથે એક બીજી પણ શંકા છે. આપે જે કાંઇ કહ્યું તેમાં મને નવું જાણવા જેવું કશું લાગતું નથી. વ્યાયામ અથવા કસરતથી શારીરિક વૃત્તિઓને પરિપુષ્ટ કરવી એમ સૌ કહે છે અને અનેકો તેમ કરે પણ છે. જેઓ સારી સમજ ધરાવે છે તેઓ પોતાના પુત્રો તથા આશ્રિતોને સારી કેળવણી આપી તેમની જ્ઞાન-સંપાદક વૃત્તિઓ ખીલવવાનો બની શકે તેટલો પ્રયત્ન પણ કરે છે. આજકાલ જેટલાં વિદ્યાલયો જુઓ છો ત્યાં જ્ઞાનસંપાદક વૃત્તિઓને ખીલવવા સિવાય બીજું કામજ શું થાય છે? ત્રીજી કાર્યકારિણી વૃત્તિનું જો કે બરાબર અનુશીલન થતું નથી એમ મારે સ્વીકારવું જોઇએ તોપણ તેમ કરવાની પણ આપણી ફરજ છે એમ સૌ કોઇ માને છે. ચોથી–ચિત્તરંજિની વૃત્તિનું સ્ફુરણ ઇચ્છવાયોગ્ય છે એ વાત તો સાહિત્ય લલિતકળા અને સૂક્ષ્મ શિલ્પવિદ્યા ઉપરથી સિદ્ધ થઇ શકે તેમ છે, અને સાહિત્યમ પણ તેનાં સેંકડો પ્રમાણો મળી આવે છે. એમાં આપે નવી વાત શું કહી?

ગુરુ:—આ સંસારમાં ખરૂં પૂછે તો ભાગ્યેજ કોઈ નવી વાત હશે. ખાસ સ્વર્ગમ જઇ ત્યાંથી કોઇ નવો સંદેશો તારે માટે આ પૃથ્વી ઉપર હું લાવ્યો નથી. વસ્તુ મારી સર્વ વાતો પુરાતનીજ છે. મને પોતાને પણ નવી વાતમાં વિશ્વાસ નથ અને તેમાં પણ હું અત્યારે તો ખાસ કરીને ધર્મની વ્યાખ્યા કરવા બેઠો છું. ધ પુરાતન છે તો પછી ધર્મની વાતમાં નવીનતા કેવી રીતે સંભવે? નૂતન ધર્મ ક્યાં લાવવો, એજ હું તો સમજી શકતો નથી.

શિષ્ય:—છતાં આપે વિદ્યા અથવા શિક્ષણને ધર્મના અંગરૂપે માની લીધા એ મને નૂતનતાનો ભાસ થાય છે.

ગુરુ:—નહિ; તે નૂતન સિદ્ધાંત નથી. શિક્ષણને ધર્મના એક અંશતરીકે હિ ધર્મમાં મૂળથીજ યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. એટલા માટે પ્રત્યેક હિંદુધ શાસ્ત્રમાં શિક્ષણ–પદ્ધતિને વિધિ–નિયમોથી બરાબર ગુંથી રાખવામાં આવી છે. દા તરીકે હિન્દુઓનો બ્રહ્મચર્યાશ્રમ એ કેવળ વિદ્યા પ્રાપ્ત કરવાનો વિધિ નથી બીજું શું છે? કેટલાં વર્ષો સુધી અધ્યયન કરવું, કેવી રીતે અધ્યયન કરવું અને કેવા વિષયોનું અધ્યયન કરવું એ સર્વ વિસ્તારપૂર્વક હિંદુધર્મશાસ્ત્રમાં દર્શાવ આવ્યું છે. બ્રહ્મચર્યની પછી ગૃહસ્થાશ્રમ આવે છે તે પણ શિક્ષણનોજ એક વિ છે. બ્રહ્મચર્યાશ્રમમાં જ્ઞાનસંપાદક વૃત્તિઓનું યથાયોગ્ય અનુશીલન થઇ રહે છે. પછી ગૃહસ્થાશ્રમમાં કાર્યકારિણી વૃત્તિઓનું અનુશીલન કરવાનો પ્રસંગ પ્રત્યેકને

તોજ બગીચાની શોભામાં મનોહરતા આવે. એક તાડ અથવા નારીયેળીના વૃક્ષને ખૂબ ઉંચે ચડતું જોઇ ગુલાબ અથવા મલ્લિકાના રોપને પણ તેની પેઠે ઉંચે ને ઉંચે ચડાવતા જઇએ તો બગીચામાં અવ્યવસ્થા કિંવા બેડોળપણું જણાયા વિના રહે નહિ; કારણ કે ત્યાં સામંજસ્યનો નિયમ સચવાતો નથી. મતલબ કે જે વૃક્ષની જેવી સંપ્રસારણ શક્તિ હોય તેટલા પ્રમાણમાં તેને ખીલવા દેવું એજ સુયોગ્ય માળીનું કર્તવ્ય છે. જો એક વૃક્ષની વૃદ્ધિથી બીજા વૃક્ષને બીલકુલ પોષણ મળી શકતું ન હોય, અથવા બીજા શબ્દોમાં કહું તો આંબલી કિંવા નારીયેળીની વૃદ્ધિથી ગુલાબનો રોપો સુકાઇ જતો હોય તો ત્યાં સામંજસ્યનો નિયમ સચવાતો નથી એવો આપણે નિશ્ચય કરવો જોઇએ. વૃક્ષોના સંબંધમાં આ નિયમ જેમ ઉપયોગી છે તેવીજ રીતે મનુષ્યોના સંબંધમાં પણ સમજી લેવું. હું કહી ગયો છું કે ભક્તિ, પ્રીતિ તથા દયા વિગેરે વૃત્તિઓ એવા પ્રકારની છે કે તેને ખૂબ વૃદ્ધિ પામવાનો આપણે અવકાશ આપવોજ જોઇએ, અને જો એમ થાય; એટલે કે બીજી વૃત્તિઓ કરતાં તેને અધિક સ્ફુર્તિ તથા વિસ્તાર મળી શકે તોજ બાકીની સર્વ વૃત્તિઓનું સામંજસ્ય સુરક્ષિત રહે. કેટલીક શારીરિક વૃત્તિઓ એવા પ્રકારની છે કે તેની વિસ્તાર પામવાની શક્તિ મૂળથીજ અધિક હોય છે. હવે જો તે શારીરિક વૃત્તિઓને બને તેટલી છુટથી આગળ વધવા દઇએ તો તેથી બીજી વૃત્તિઓની યોગ્ય સ્ફુર્તિને ઘણી હાનિ પહોંચે એ તદ્દન સંભવિત છે, અને એટલા માટે શારીરિક વૃત્તિઓને સ્વચ્છંદતા પૂર્વક ઉછેરવી એ અયોગ્ય છે. આંબલીના વૃક્ષ પાસે ગુલાબના રોપાઓ વાવ્યા હોય તો ગુલાબનો રસ આંબલી ચૂસી લે એવો એક નિયમ છે; પરંતુ એટલા ઉપરથી એમ સમજી લેવાનું નથી કે એવાં વૃક્ષોનો બગીચામાંથી છેક ઉચ્છેદજ કરી નાખવો જોઇએ; કારણ કે જીવનમાં અનેકવાર ખટાઇની પણ જરૂર તો પડે છેજ. તેવી રીતે નિકૃષ્ટ વૃત્તિઓનો સર્વથા ઉચ્છેદ કરી નાખવો એ પણ અયોગ્ય છે; કારણ કે જીવનમાં તેની પણ જરૂર પડે છે, પરંતુ એ વિષે બીજે કોઇ પ્રસંગે વિસ્તારથી બોલીશ. આંબલીના વૃક્ષનો ઉચ્છેદ તો નજ કરવો, પણ બગીચાના એક ખૂણામાં તેને ઉછરવાનો અવકાશ આપવો જોઇએ. ત્યાં રહીને પણ તે બહુ જોર કરી ન જાય અને બીજા રોપાઓને નુકશાન ન કરે તેની સાવચેતી રાખવી જોઇએ. તેમજ સમગ્ર ઉદ્યાનમાં એવાં વૃક્ષો બે-ત્રણથી વધુ ન ઉગે તે માટે પણ લક્ષ રાખવું જોઇએ; કારણ કે એક બગીચામાં આંબલીનાં બે ત્રણ વૃક્ષો બસ લેખાય. તેજ રીતે નિકૃષ્ટ-વૃત્તિઓદ્વારા સાંસારિક જરૂરિયાતો પૂરી પડે તેટલેજ અંશે તેની ઉપયોગિતા સ્વીકારવી; અને તેને તેટલેજ અંશે ખીલવા દેવી જોઇએ. જરૂર કરતાં વિશેષ જોર કરી જાય એમ બનવા દેવું નહિ યોગ્ય વૃદ્ધિ અને યોગ્ય સામંજસ્ય એમ જે મેં કહ્યું તે એનુંજ નામ.

મહેલસાજ સ્પર્શી શક્યો તે ઉપરથી હિંદુધર્મ કેટલો વ્યાપક તથા શ્રેષ્ઠ જોઇએ, તેનો તું કાંઇ વિચાર કરી શકે છે?

શિષ્યઃ—આપના કહેવા અનુસાર તો એકકે વાત ધર્મની બહાર હોય એમ નથી. ધર્મ એજ જો યથાર્થ સુખનો એક માત્ર ઉપાય હોય તો સમસ્ત મનુષ્ય જીવન ઉપર કેવળ ધર્મનોજ અધિકાર પ્રવર્તવો જોઇએ. હિન્દુધર્મનો પણ એજ ઉંડો આશય છે. અન્ય ધર્મો એટલા બધા ભારપૂર્વક એ વિષયનો ઉપદેશ શકતા નથી, એમ પણ હું જોઇ શકું છું; અને એટલા માટે બીજા ધર્મો અ છે એમ માનવાને કારણો મળી આવે છે. હિન્દુઓની પાસે આ ભવ કે પ મનુષ્ય કે ઇશ્વર, સમસ્ત જીવ કે સમસ્ત જગત્ એ સર્વ ધર્મમયજ બની ગ એવો સર્વવ્યાપી-સર્વસુખમય અને પવિત્ર ધર્મ બીજો કયો હોઇ શકે?

अध्याय ६ ट्ठो—सामंजस्य

શિષ્યઃ—વૃત્તિનું અનુશીલન શું એ તો કાંઇક સમજ્યો. હવે કયે સ્થળે વૃત્તિને ખીલવવી અને કયે સ્થળે કયી વૃત્તિનું દમન કરવું તે સમજાવો; વૃત્તિઓનું સામંજસ્ય કેવી રીતે જાળવવું જોઇએ તે વિષે આપના મુખથી જાણવાની ઇચ્છા છે. હું જાણવા માગું છું કે જે શારીરિક વૃત્તિઓ વિગેરેનું વર્ણન કર્યું તે સર્વ વૃત્તિઓ શું એક સરખી રીતે ખીલવી હોય તો મનુ પ્રાપ્ત કરી શકાય? કામ-ક્રોધ-લોભ આદિ વૃત્તિઓનું જે રીતે અનુશીલન થા તેજ પ્રકારે શું ભક્તિ-પ્રીતિ-દયા વિગેરેનું પણ અનુશીલન કરવું? પૂર્વ પુરુ પ્રાચીન ધર્મવેત્તાઓએ કામક્રોધાદિનું દમન કરવાનો અને ભક્તિ-પ્રીતિ- ખીલવવાનો ઉપદેશ કર્યો છે, તેનો અર્થ શું? જો એ બન્ને પ્રકારની વૃત્તિ એકસરખું અનુશીલન થાય તો પછી સામંજસ્ય ક્યાં રહ્યું?

ગુરુઃ—ધર્મવેત્તા મહાપુરુષો જે કાંઇ કહી ગયા છે તેજ તેને માટે પૂરતું કારણ કે વિચાર કરવાથી તેનું મહત્ત્વ અને ઉપયોગિતા સમજી શકાય તે ભક્તિ-પ્રીતિ વિગેરે એવી વૃત્તિઓ જેની સંપ્રસારણ શક્તિ-અર્થાત્ વિસ્તાર વાની-ખીલવાની શક્તિ સૌ કરતાં અધિક છે તે વૃત્તિઓને અધિક પ્રમ ખીલવા દેવી, તેનો અધિક વિસ્તાર થવા દેવો એજ યોગ્ય છે, અને એમ તેમ વૃત્તિઓનું સામંજસ્ય સચવાઇ રહે છે. મેં સઘળી વૃત્તિઓની સ્ફૂર્તિ સામંજસ્ય માટે જે ઉપદેશ કર્યો છે તેનો અર્થ એવો નથી કે પ્રત્યેક [illegible] ને [illegible] વધાર્યા કરવી. તું જાણે છે કે અ [illegible] પોતપોતાની શક્તિ પ્રમાણે ખીલવા

તેનો ઉદ્દેશ જનસમાજનું કલ્યાણ કરવા સિવાય બીજો કાંઈ સંભવતો નથી. સર્વ લોકોની કલ્યાણ-કામના એજ રાજદંડના પ્રયોજકોનો મુખ્ય સિદ્ધાંત હોય છે.

ગુરુ:—મેં આત્મરક્ષાની વાત તને કહી તેવીજ રીતે ક્રોધ વિષે પણ વિચાર કરી જો. અનિષ્ટકારી મનુષ્યોથી પોતાનો બચાવ કરવાની લાગણી તેનુંજ નામ ક્રોધ. એવો ક્રોધ આપણામાં હોય તોજ હરામખોરોની સામે આપણું ચાલી શકીએ; અને કોઈની સામે થવું એજ આત્મરક્ષાનો પ્રયત્ન, એમ કહેવું અયોગ્ય નથી. તું કદાચ એમ કહેશે કે અનિષ્ટકારીઓથી છુપાતા રહેવાનો પ્રયત્ન તો આપણે આપણા બુદ્ધિબળથી કરી શકીએ તેમ છીએ તો પછી ક્રોધની શું જરૂર છે! પરંતુ તેની સાથે આ એક વાત લક્ષમાં રાખવાની છે કે જો કેવળ બુદ્ધિબળથીજ આપણે આપણો બચાવ કરી શકતા હોઈએ, તો આપણામાં એટલો બધો આવેગ કે જેમ આવી શકે નહિ. દુષ્ટોનું દમન કરવા માટે આપણામાં જે આવેશ, જેમ કે ત્વરા રહેલી છે તે કેવળ ક્રોધનેજ આભારી છે. ધીમે ધીમે જ્યારે મનુષ્યો બીજાને પોતાના જેવાજ—અર્થાત્ આત્મવત્ જોતાં શીખશે ત્યારે તેજ ક્રોધ આત્મરક્ષા તથા પરરક્ષામાં એકસરખો ઉપયોગી બની રહેશે. બીજાઓનું રક્ષણ કરવા માટે નિયમબદ્ધ જે ક્રોધ તેને દંડનીતિ કહેવામાં આવે છે.

શિષ્ય:—અસ્તુ. પરંતુ લોભમાં તો મને ધર્મ જેવું કાંઇ લાગતું નથી.

ગુરુ:—જે મનોવૃત્તિની અનુચિત સ્ફુર્તિને "લોભ" એવું નામ આપવામાં આવ્યું છે તેજ વૃત્તિની ઉચિત કિંવા યોગ્ય સ્ફુર્તિને ધર્મસંગત અર્જનસ્પૃહા (મેળવવાની ઇચ્છા) કહી શકાય. આપણી પોતાની જીવનયાત્રા સહીસલામત રીતે ચલાવવાને માટે, તેમજ જેઓની જીવનયાત્રા નિભાવવાનો ભાર આપણા ઉપર આવી પડ્યો છે તેમને માટે જે જે વસ્તુની જરૂર પડે તે તે વસ્તુ પ્રાપ્ત કરવી એ પણ ફરજ છે. આ પ્રમાણે યોગ્ય સીમામાં રહીને જે કાંઇ કમાવું તેને હું દોષપાત્ર લેખતો નથી; પણ એ ઉપરથી માત્ર ધનજ પ્રાપ્ત કરવું જોઇએ એમ હું કહેવા નથી માગતો. યોગ્ય વસ્તુમાત્રની પ્રાપ્તિ કરવી જોઇએ એવો મારો ઉદ્દેશ છે અને તે ધર્મયુક્ત છે. હવે તેમાં જો યોગ્ય સીમાનું ઉલ્લંઘન થાય તો તે સદ્વૃત્તિ તુરતજ અશુભવૃત્તિમાં–લોભમાં ફેરવાઇ જાય છે. આ પ્રમાણે જે વૃત્તિનું યોગ્ય સ્ફુરણ એક કાળે ધર્મસંગત હતું તેજ વૃત્તિનું અયોગ્ય સ્ફુરણ મહાપાપરૂપ બની જાય છે. મારો કહેવાનો આશય બરાબર સમજી લે. જેને આપણે નિકૃષ્ટવૃત્તિ કહીએ છીએ તે સર્વ વૃત્તિઓને તેની ઉચિત હદમાં ખીલવા દેવી તેનું નામ ધર્મ અને તેનું ઉલ્લંઘન થવા દેવું તેનું નામ અધર્મ. આ સર્વ વૃત્તિઓ એવી તેજસ્વી છે કે જો આપણે સાવચેતી ન રાખીએ તો તે આપોઆપ પણ બળવાન થઈ જાય અને આપણા ઉપર અધિકાર જમાવી બેસે. એટલા માટે તેનું યથાયોગ્ય દમન કરવું એજ અનુશીલન

શિષ્ય:—હવે સમજ્યો કે કેટલીએક એવી વૃત્તિઓ છે, કે જેનું દમન કરવાથીજ બીજી વૃત્તિઓ યોગ્ય પ્રમાણમાં ખીલી શકે.

ગુરુ:—પણ જો "દમન" શબ્દનો અર્થ "ધ્વંસ" એવો કરતો હોય તો તે ઠીક નથી. કામનો ધ્વંસ કરવાથી તો મનુષ્યજાતિનોજ ધ્વંસ થાય. એટલા માટે ગમે તેવી હલકી વૃત્તિનો પણ ધ્વંસ કરવો એ ધર્મવિરુદ્ધ છે—અધર્મ છે. આપણા પરમ રમણીય હિંદુધર્મમાં પણ એજ વાત કહેવામાં આવી છે. હિન્દુશાસ્ત્રકારોએ તેનો ધ્વંસ કરવાનો કદાપિ ઉપદેશ કર્યો નથી, એટલુંજ નહિ પણ ધર્માર્થે તેની આવ-શ્યકતા પણ સ્વીકારી છે. હિંદુશાસ્ત્ર પ્રમાણે પુત્રોત્પત્તિ અથવા વંશરક્ષા એ પણ એક ધર્મનુંજ અંગ મનાય છે; તોપણ એક વાત ભૂલી જવાની નથી અને તે એજ કે ધર્મના પ્રયોજન સિવાય ઉક્ત વૃત્તિઓની સ્ફુર્તિ થવા દેવી એ નિષિદ્ધ વાત છે. હું જે ધર્મવ્યાખ્યા તને આજે સંભળાવવા માગું છું તેમાં પણ મારે એની એજ વાત પુનઃ કહેવાની છે; કારણ કે વંશરક્ષા કિંવા સ્વાસ્થ્યરક્ષા સિવાય એવી નિકૃષ્ટ વૃત્તિને અધિક પ્રમાણમાં ખીલવા દઇએ તો બીજી ઉચ્ચતર વૃત્તિઓની વૃદ્ધિમાં તે આડે આવ્યા વિના રહે નહિ અને તેથી સામંજસ્યનો ભંગ થાય અયોગ્ય અને અનુચિતવૃત્તિઓનો નિરોધ કરવો એનેજ જો દમન કહેવામાં આવે તો મેં ઉપર કહી તેવી સર્વ વૃત્તિઓનું દમન કરવું એને અનુશીલન કહેવામ હરકત નથી, એવા અર્થમાં ઈંદ્રિયોનું દમન કરવું એ પરમ ધર્મ છે, એમ કહે-વાની જરૂર નથી.

શિષ્ય:—વંશરક્ષા અર્થે કામવૃત્તિની સહેજસાજ જરૂર છે, એ વાત ઠી છે, અને એને માટે એની આવશ્યકતા સ્વીકારવી જોઇએ; પણ તે સિવાય એ બીજી અનેક નિકૃષ્ટ વૃત્તિઓ છે, તેની સ્ફુર્તિ માટે આપનું ઉક્ત કથન કેવી રી બંધબેસતું થઇ શકે ?

ગુરુ:—પ્રત્યેક વૃત્તિને માટે મારો ઉપલો ઉપદેશ લાગુ પડી શકે તેમ છે. ઉ કહે કે એવી કયી વૃત્તિ છે કે જેને માટે ઉક્ત ઉપદેશ બંધબેસતો ન થઈ શકે?

શિષ્ય:—દાખલાતરીકે ક્રોધ. ક્રોધવૃત્તિનો જડમૂળથી ઉચ્છેદ કરવામાં આવે તેમાં હું કાંઇ અનિષ્ટ જોતો નથી.

ગુરુ:—આત્મરક્ષા અથવા સમાજરક્ષાને માટે ક્રોધ ઘણો ઉપયોગી છે. કરવાનો અથવા દંડ કરવાનો કાયદો એ વિધિયુક્ત સામાજિક ક્રોધ નથી તો બીજુ છે? ક્રોધનો ઉચ્છેદ થાય તો તેની સાથે કાયદા–કાનુનનો પણ ઉચ્છેદ થઇ જાય, કાયદા–કાનુનનો ઉચ્છેદ થાય તો પછી સમાજનો પણ ઉચ્છેદ થતાં વાર લાગે

શિષ્ય:—દંડનીતિને હું ક્રોધમૂલક ગણી શકતો નથી. તેને તો દયામૂલકજ ગ જોઇએ; કારણ કે દંડનીતિનો પ્રચાર કરનાર અથવા તે પ્રમાણે શિક્ષા કરનાર

એનો ઉદ્દેશ જનસમાજનું કલ્યાણ કરવા સિવાય બીજો કાંઇ સંભવતો નથી. સર્વ લોકોની કલ્યાણ-કામના એજ રાજદંડના પ્રણેતાઓનો મુખ્ય સિદ્ધાંત હોય છે.

ગુરુઃ—મેં આત્મરક્ષાની વાત તને કહી તેવિષે ગંભીરતાથી વિચાર કરી જો. અનિષ્ટકારી મનુષ્યોથી પોતાનો બચાવ કરવાની લાગણી તેનુંજ નામ ક્રોધ. એવો ક્રોધ આપણામાં હોય તોજ હરામખોરોની સામે આપણે થઇ શકીએ; અને કોઇની સામે થવું એજ આત્મરક્ષાનો પ્રયત્ન, એમ કહેવું અયોગ્ય નથી. તું કદાચ એમ કહેશે કે અનિષ્ટકારીઓથી બચતા રહેવાનો પ્રયત્ન તો આપણે આપણા બુદ્ધિબળથી કરી શકીએ તેમ છીએ તો પછી ક્રોધની શું જરૂર છે? પરંતુ તેની સાથે આ એક વાત લક્ષમાં રાખવાની છે કે જો કેવળ બુદ્ધિબળથીજ આપણે આપણો બચાવ કરી શકતા હોઇએ, તો આપણામાં એટલો બધો આગ્રહ કે વેગ આવી શકે નહિ. દુષ્ટોનું દમન કરવા માટે આપણામાં જે આગ્રહ, વેગ કે ત્વરા રહેલી છે તે કેવળ ક્રોધનેજ આભારી છે. ધીમે ધીમે જ્યારે મનુષ્યો બીજાને પોતાના જેવાજ-અર્થાત્ આત્મવત્ જોતાં શીખશે ત્યારે તેજ ક્રોધ આત્મરક્ષા તથા પરરક્ષામાં એકસરખો, ઉપયોગી બની રહેશે. બીજાઓનું રક્ષણ કરવા માટે નિયમબદ્ધ જે ક્રોધ તેને દંડનીતિ કહેવામાં આવે છે.

શિષ્યઃ—અસ્તુ. પરંતુ લોભમાં તો મને ધર્મ જેવું કાંઇ લાગતું નથી.

ગુરુઃ—જે મનોવૃત્તિની અનુચિત સ્ફુર્તિને "લોભ" એવું નામ આપવામાં આવ્યું છે તેજ વૃત્તિની ઉચિત કિંવા યોગ્ય સ્ફુર્તિને ધર્મસંગત અર્જનસ્પૃહા (મેળવવાની ઇચ્છા) કહી શકાય. આપણી પોતાની જીવનયાત્રા સહીસલામત રીતે ચલાવવાને માટે, તેમજ જેઓની જીવનયાત્રા નિભાવવાનો ભાર આપણા ઉપર આવી પડ્યો છે તેમને માટે જે જે વસ્તુની જરૂર પડે તે તે વસ્તુ પ્રાપ્ત કરવી એ પણ ફરજ છે. આ પ્રમાણે યોગ્ય સીમામાં રહીને જો કાંઇ કમાવું તેને હું દોષપાત્ર લેખતો નથી; પણ એ ઉપરથી માત્ર ધનજ પ્રાપ્ત કરવું જોઇએ એમ હું કહેવા નથી માગતો. યોગ્ય વસ્તુમાત્રની પ્રાપ્તિ કરવી જોઇએ એવો મારો ઉદ્દેશ છે અને તે ધર્મયુક્ત છે. હવે તેમાં જો યોગ્ય સીમાનું ઉલ્લંઘન થાય તો તે સદ્દવૃત્તિ તુરતજ અશુભવૃત્તિમાં-લોભમાં ફેરવાઇ જાય છે. આ પ્રમાણે જે વૃત્તિનું યોગ્ય સ્ફુરણ એક કાળે ધર્મસંગત હતું તેજ વૃત્તિનું અયોગ્ય સ્ફુરણ મહાપાપરૂપ બની જાય છે. મારો કહેવાનો આશય બરાબર સમજી લે. જેને આપણે નિકૃષ્ટવૃત્તિ કહીએ છીએ તે સર્વ વૃત્તિઓને તેની ઉચિત હદમાં ખીલવા દેવી તેનું નામ ધર્મ અને તેનું ઉલ્લંઘન થવા દેવું તેનું નામ અધર્મ. આ સર્વ વૃત્તિઓ એવી તેજસ્વી છે કે જો આપણે સાવચેતી ન રાખીએ તો તે આપોઆપ પણ બળવાન્ થઇ જાય અને આપણા ઉપર અધિકાર જમાવી બેસે. એટલા માટે તેનું યથાયોગ્ય દમન કરવું એજ અનુશીલન

માર્ગનો મૂળ ઉદ્દેશ છે.દમન અને ઉચ્છેદ એ બે શબ્દો છેક જૂદા અને ભિન્ન અર્થવાચક છે એ ભૂલી જઇશ નહિ. મહાદેવે મન્મથને હદથી વધારે બળવાન બનતો જોઇ તેનો એક સમયે ઉચ્છેદ કર્યો હતો, પરંતુ લોકહિતાર્થે તેને પાછો જીવિત કર્યા સિવાય ચાલ્યું નહિ. × શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કૃષ્ણે જે ઉપદેશ કર્યો છે તેમાં પણ ઇંદ્રિયોનો ઉચ્છેદ કરવાનું કયાંય કહ્યું નથી. દમન કરવાનુંજ સર્વત્ર પ્રબોધ્યું છે, કેમકે ઇંદ્રિયો સંયમમાં રહે તોજ હૃદયની શાંતિનો ભંગ થાય નહિ. દૃષ્ટાંતરૂપેઃ—

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥

શિષ્યઃ—અસ્તુ. હવે એ બાબત ઉપર વધુ વખત ગાળવાની જરૂર નથી. હવે અધુના ભક્તિ–પ્રીતિ–દયા વિગેરે શ્રેષ્ઠવૃત્તિઓના અનુશીલન સંબંધે કાંઇક ઉપદેશ કરો.

ગુરુઃ—એ વિષય ઉપર મને પણ એટલા બધા વિસ્તારથી બોલવાની ઇચ્છા નહોતી, પરંતુ કેટલાંએક કારણોને લઇને તેમ કરવું પડયું. પ્રથમ તો એ કે તારી શંકાનું નિવારણ કર્યા સિવાય આગળ વધવાનું મને યોગ્ય લાગ્યું નહિ, અને બીજું એ કે આજકાલ **યોગધર્મની જે ઘેલછા લોકોમાં દાખલ થવા પામી** છે તેના પ્રત્યે મને એવો તિરસ્કાર છે કે પ્રસંગોપાત તેવિષે બોલ્યા વિના રહી શકયો નહિ. યોગની પાછળ ઘેલા જેવા બનેલા કેટલાક માણસોનો અભિપ્રાય એવો છે કે કેટલીક વૃત્તિઓનો સમૂળો ઉચ્છેદ કરી નાખવો અને કેટલીક વૃત્તિઓને હદ ઉપરાંત બળવાન બનાવી દેવી. આ અભિપ્રાય બહુ ભૂલભરેલો છે. વૃત્તિઓનું યથાયોગ્ય અનુશીલન થાય નહિ અને એક વૃત્તિની ખીલવણી બીજી વૃત્તિને વિઘ્નરૂપ થાય તો ત્યાં સામંજસ્યનો નિયમ સચવાતો નથી અને એથી કરીને ધર્મ પણ અધર્મરૂપે પરિણમે છે. નિકૃષ્ટવૃત્તિ કે ઉત્કૃષ્ટવૃત્તિ એ ઉભયમાંથી એકકે વૃત્તિનો છેક ઉચ્છેદ કરી નાખવો એ અધર્મ છે. વિષયી અથવા સ્વાર્થી માણસને આપણે અધર્મી કહીએ છીએ, તે શા માટે? કારણ કે તેની તે નિકૃષ્ટવૃત્તિઓ ઉચ્ચવૃત્તિઓને આડે આવી એ ઉચ્ચવૃત્તિઓને જોઇએ તેટલા પ્રમાણમાં ખીલવા દેતી નથી. તેજ પ્રમાણે એક યોગી પણ અધાર્મિક છે, કારણ કે તે બીજી બધી વૃત્તિઓ તરફ ઉપેક્ષા કરી પોતાની ઉચ્ચવૃત્તિઓનેજ હદથી અધિક પ્રમાણમાં કેળવ્યા કરે છે. અલબત્ત એટલું છે કે ઉચ્ચ અને નીચ

× મન્મથનો ઉચ્છેદ થવા છતાં મનુષ્યો રતિથી પોતાનો બચાવ કરી શકયા નહિ; એટલા માટે મન્મથને પુનઃ સજીવન કરવો પડયો. આ ઉપરથી એટલું સમજવાનું છે કે વૃત્તિઓનો ઉચ્છેદ જેમ ઇષ્ટ નથી તેજ પ્રમાણે વૃત્તિઓને બહેકાવી દેવી એ પણ ઇચ્છવાયોગ્ય નથી. પૌરાણિક કથાઓનો આ રીતે અર્થ કરવામાં આવે તોજ તે સાર્થક થાય. એક–બે પૌરાણિક વાર્તાઓનો અર્થ આજ નિબંધમાં હવે પછી અમે આપીશું.

વૃત્તિના ભેદોને જાણીને સ્વાર્થી તથા નિર્દય માણસને દયાળુ કરીને આધ્યાત્મિક અને ભોગી તથા ક્રૂર તપસ્વીને ઉત્તમ યોગીને આત્મિક કહીએ તો કાંઇ ખોટું નથી. આધ્યાત્મિક તો બન્નેય છે. જો મને ખરું પૂછે તો હું તો એટલે સુધી કહું છું કે વસ્તુતઃ એકે વૃત્તિ નિકૃષ્ટ કે અનિષ્ટકર નથી. આપણા પોતાના દોષને લઈને કોઈ વૃત્તિ અનિ-ષ્ટકર થાય તો તેમાં એ વૃત્તિને શામાટે નિંદવી ! નિકૃષ્ટ એવી કોઇ વસ્તુજ પરમાત્માએ આપણને આપી નથી. તેની પાસે નિકૃષ્ટ કે ઉત્કૃષ્ટ એવો કશો ભેદજ નથી. તેણે જે જે કાંઇ કર્યું છે તે કેવળ અમુક ઉપયોગ પૂર્વકજ કર્યું છે, અને જ્યાંસુધી અમુક વસ્તુ ઉપયોગી હોય ત્યાંસુધી તે ઉત્કૃષ્ટજ રહે છે. ખરૂં છે કે જગતમાં કેટલુંક અમંગળ જેવું પણ છે; પરંતુ એ અમંગળ મંગળની સાથે એવા તો ગાઢ સંબંધથી જોડાયલું છે કે તેને મંગળનો એક અંશવિશેષ લેખીએ તો તે કોઇ રીતે અયોગ્ય નથી. આપણી સર્વ વૃત્તિઓ મંગળમયજ છે. જ્યારે તેનાથી કાંઇ અમંગળ થઇ જાય ત્યારે સમજવું કે તે આપણા પોતાના દુરૂપયોગ અથવા દોષનુંજ પરિણામ છે. જગતસંબંધી શાંત રીતે તું વિચારો કરશે તો તને જણાશે કે આપણું મંગળ કરવા સિવાય જગત-રચનાનો બીજો ઉદ્દેશજ નથી. નિખિલ વિશ્વના સર્વ અંશો મનુષ્યોની વૃત્તિને કેવળ અનુકૂળતાજ આપી રહ્યા છે. એટલાજ માટે યુગોના યુગો વીતવાની સાથે મનુષ્ય-જાતિની એકંદરે ઉન્નતિજ થતી રહી છે–એકંદરે અવનતિ તો થઇજ નથી; કારણ કે ધર્મ સિવાય ઉન્નતિનું બીજું એકકે કારણ નથી. જે નાસ્તિક વૈજ્ઞાનિકધર્મનું ઉપહાસ્ય કરી વિજ્ઞાનનેજ જગતની ઉન્નતિના કારણરૂપ માને છે તે બિચારો એટલું સમજી શકતો નથી કે તેનું વિજ્ઞાન એ પણ ધર્મનોજ એક અંશ–ભાગ છે, અને પોતેજ તે અંશનો ધર્માચાર્ય છે. તે વૈજ્ઞાનિક જ્યારે "લૉવ"નો મહિમા ગાય છે, અને આપણે જ્યારે પ્રભુના નામનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે આપણે સર્વ માત્ર એકજ ક્રિયા કરીએ છીએ–એકજ પ્રાર્થના કરીએ છીએ. બન્નેની વાણી કેવળ વિશ્વેશ્વરનુંજ કીર્તન કરે છે. મનુષ્યો ધર્મની પાછળ આવા ઉપહાસ્યો તથા કલેશ-કંકાસો શામાટે કરતાં હશે તેનું કારણજ હું સમજી શકતો નથી.

अध्याय ७ मो–सामंजस्य अने सुख

ગુરુઃ—નિકૃષ્ટ વૃત્તિઓ સંબંધી વાત રહેવા દઈ હવે ઉત્કૃષ્ટ વૃત્તિઓના સંબં-ધમાં જે કાંઇ કહું તે લક્ષપૂર્વક સાંભળ.

શિષ્યઃ—આપ કહી ગયા છો કે ભક્તિ વિગેરે કેટલીક કાર્યકારિણી, વૃત્તિઓ પૂર્ણ આગળ વધી શકે તેવી છે, અને તેથી તેને વિસ્તાર પામવા દઇએ તોજ સર્વ વૃત્તિઓનું સામંજસ્ય જળવાઇ રહે. એથી ઉલટી રીતે કામાદિ વૃત્તિઓ એવી છે કે

તેને જો વિસ્તાર પામતી અટકાવવામાં ન આવે તો સામંજસ્યનો ભંગ થયા વિના
રહે નહિ. બન્ને પ્રકારની વૃત્તિઓ વિસ્તાર પામવાની શક્તિ ધરાવે છે એ વાત તો
આપ પણ કબૂલ કરી ગયા છો. જો ઉભયવિધ વૃત્તિમાં વિસ્તાર પામવાની એક-
સરખી શક્તિ રહેલી છે તો પછી ભક્તિ વિગેરેને આગળ વધવા દેવી અને કામાદિ
વૃત્તિને અમુક સીમાથી આગળ વધવા ન દેવી તેનું શું કારણ ? આપ કહી ગયા છો
કે જો કામાદિ વૃત્તિ બળવાન બની જાય તો ભક્તિ–પ્રીતિ અને દયાદિ વૃત્તિઓ બરા-
બર ખીલી શકે નહિ: પરંતુ ભક્તિ–પ્રીતિ આદિ વૃત્તિ જો બળવાન થઇ જાય તો
કામ–ક્રોધાદિની ઉચિત રીતે ખીલવણી થઇ શકે નહિ, અને તેથી સામંજસ્યનો ભંગ
થાય, તેમ કોઈ કહે તો તેનું સમાધાન આપ કેવી રીતે કરો ?

ગુરુ:—શારીરિક વૃત્તિઓ કે જેને પાશવવૃત્તિ કહેવામાં આવે છે, અર્થાત્ જે
વૃત્તિ પશુઓમાં પણ છે, અને આપણામાં પણ છે તે વૃત્તિ આપણા જીવનની રક્ષાને
માટે અથવા તો વંશની રક્ષાને માટે જરૂરની છે. એમ આગળ કહી ગયો છું; પરંતુ
આ પાશવવૃત્તિ પોતાની મેળેજ સ્ફુરી શકે એવી હોવાથી તેને ખીલવવાને માટે અનુ-
શીલનની કે પ્રયત્નની જરૂર રહેતી નથી. દાખલાતરીકે ક્ષુધા અને તૃષા માટે આપણે
કાંઇ ખાસ પ્રયત્ન કરવો પડતો નથી, તેમજ ઉંઘવાની શક્તિ પ્રાપ્ત કરવાને પણ કોઇ
ખાસ પ્રકારની પ્રવૃત્તિ ક્યાંય જોવામાં આવતી નથી. અહીંઆં એક વાત બહુજ
લક્ષમાં રાખવાની છે. સ્વતઃસ્ફુર્ત વૃત્તિ અને સહજ વૃત્તિ એ બે છેક ભિન્ન ભિન્ન
વસ્તુઓ છે. જે વૃત્તિ જન્મની સાથેજ આપણામાં ઉતરી આવી છે તેને "સહજ"
કહી શકાય, અને સર્વ વૃત્તિ "સહજ"–દેહની સાથેજ ઉત્પન્ન થયેલી છે; પરંતુ
સર્વ વૃત્તિને સ્વતઃસ્ફૂર્ત (પોતાની મેળેજ સ્ફુરવાવાળી) કહી શકાય નહિ. જે સ્વતઃ-
સ્ફુર્તિવાળી વૃત્તિ છે તેને બીજી વૃત્તિનું અનુશીલન કશી હરકત કરી શકતું નથી.

શિષ્ય:—હું સમજ્યો નહિ. જે વૃત્તિ સ્વતઃસ્ફુર્ત નથી તે બીજી વૃત્તિ[illegible]
અનુશીલનથી શામાટે ગુમ થાય ?

ગુરુ:—અનુશીલનને માટે ત્રણ વસ્તુ જરૂરની છે. (૧) સમય (૨) શક્તિ–[illegible]
(૩) અનુશીલનનું ઉપાદાન–અર્થાત્ જે વડે વૃત્તિનું અનુશીલન થાય તે. [illegible]
[illegible] શક્તિ અને સમય અત્યંત પરિમિત છે. મનુષ્યજીવન અમુક [illegible]
[illegible] ઊંઘ–વિશ્રામ આદિ વખતનો જે ભાગ [illegible]
[illegible] ખીલવવાનો સમય આપણને બહુજ અલ્પ [illegible]
[illegible] છે. હવે જો આ અવકાશના સમયનો કોઇ પણ [illegible]
[illegible] ન થાય તો વૃત્તિઓના અનુશીલનને માટે બીજો સમય [illegible]
[illegible] નિયમ કરવો [illegible]
[illegible] અનુશીલનની જરૂર નથી–અર્થાત્ જે સ્વતઃસ્ફુર્ત છે તેને [illegible]

શીલનને માટે હું વધારે વખત આપીશ નહિ; અને જે વૃત્તિને અનુશીલનની જરૂર છે, અર્થાત્ પ્રયત્ન કરવાથીજ જે વૃત્તિ ખીલી શકે તેમ છે તેની પાછળજ હું બાકીના સમયનો ઉપયોગ કરીશ." એવો નિયમ જો ન કરવામાં આવે અને સ્વતઃસ્ફુર્ત વૃત્તિના નિરર્થક અનુશીલન પાછળજ સઘળો સમય વીતાવી દેવામાં આવે, તો સમયના સંકોચને લઈને અન્ય વૃત્તિઓનું આવશ્યક તથા યોગ્ય અનુશીલન ન થાય એ તદ્દન સ્વાભાવિક છે; અને એમ થાય તો બાકીની વૃત્તિઓ અપક્વ અવસ્થામાંજ પડી રહે એમ કહેવાની જરૂર નથી. સમયના સંબંધમાં જેમ ઉપલી વાત સત્ય ઠરે છે તેવીજ રીતે શક્તિના સંબંધમાં પણ એજ વાત લાગુ પાડી શકાય. આપણામાં કાર્ય કરવાની જે શક્તિ રહેલી છે તે મોટે ભાગે પરિમિત છે, અને આજીવિકા ચલાવવા માટે તેનો ઘણો ખરો ભોગ આપવો પડે છે. આથી કરીને સ્વતઃસ્ફુર્ત વૃત્તિઓને કેળવવા માટે જે શક્તિ ખર્ચવી જોઈએ તે આપણાથી ખર્ચી શકાતી નથી. તેમાં પણ પાશવૃત્તિઓને અધિક પોષણ આપવાથી શક્તિનો ઘણો ક્ષય થાય છે એ વાત પણ લક્ષમાં રાખવી જોઈએ. ત્રીજી વાત એ પણ સમજવાયોગ્ય છે કે સ્વતઃસ્ફુર્ત પાશવવૃત્તિના અનુશીલનના ઉપાદાનમાં × અને માનસિક વૃત્તિના અનુશીલનના ઉપાદાનમાં પરસ્પર ભારે વિરોધ રહ્યા કરે છે. વધારે સ્પષ્ટરીતે કહું તો જ્યાં પાશવવૃત્તિ બળવાન હોય ત્યાં માનસિક વૃત્તિ સંપૂર્ણ બળથી ખીલી શકતી નથી. જે મનુષ્ય વેશ્યાઓના મંડળમાં રાતદિવસ વસતો હોય તેના હૃદયમાં ઈશ્વરસંબંધી વિચારો આવવા પ્રાયઃ અસંભવિતજ છે. કોઈ ભયંકર ગુસ્સાવાળા લશ્કરી માણસ પાસે જેમ દીન ભિક્ષુક જતાં થરથરે છે તેમ વિલાસની પાસે જતાં વિશુદ્ધિ પણ કમકમે છે! ટુંકામાં કહેવાનો આશય એટલોજ છે કે પાશવવૃત્તિઓ શરીરની રક્ષાને માટે અથવા જાતિની રક્ષાને માટે ઉપયોગી છે તેને લઈને હો, કે વંશપરંપરાથી તેની ખીલવણી થતી આવે છે તેને લઈને હો કે પછી આહાર, વિહાર, રીતરીવાજના દોષોને લીધે માણસો નબળા બનતા ચાલીને પાશવવૃત્તિઓના દુરુપયોગને રોકી શકતા નથી તેને લઈને હો—ગમે તેમ હો—પણ એ વૃત્તિઓ એટલી બધી બળવાન હોય છે કે તેની ખીલવણી કરતી વખતે સમસ્ત હૃદય ઉપર તેની સત્તા વર્તવા લાગે છે, અને બીજી કોઈ વૃત્તિને ખીલવાનો અવકાશ મળતો નથી.

હવે જે વૃત્તિઓ સ્વતઃસ્ફુર્ત નથી તેને કેળવવાને માટે આપણે આપણા અવકાશના અવસરનો ઉપયોગ કરીએ અથવા આજીવિકાના નિર્વાહમાંથી બચી રહે તેટલી શક્તિનો ઉપયોગ કરીએ તો તેથી સ્વતઃસ્ફુર્ત વૃત્તિને કોઈ પણ પ્રકારનું

× ઉપાદાન એટલે વસ્તુની ઉત્પત્તિમાં અનિવાર્ય સાધન. જેમકે માટી વિના ઘડો બની શકે નહિ. માટે માટી એ ઘડાનું ઉપાદાન કારણ કહેવાય. ઉપાદાનને અંગ્રેજીમાં "મટીરીયલ કોઝ" કહેવામાં આવે છે. અનુવાદક.

[illegible] નથી; કારણ કે તે વૃત્તિઓ પોતેજ સ્વતઃસ્ફુર્ત હોય છે, તેની [illegible] [illegible] પ્રયત્ન કરવો પડતો નથી, એ વાત હું તને આગળ કહી ગયો છું. [illegible] કે જેમ જેમ માનસિક વૃત્તિઓ કેળવાય તેમ તેમ [illegible] ભિન્ન ભિન્ન હોવાથી [illegible] [illegible] ઉપાદાનો ભિન્ન ભિન્ન હોવાથી [illegible] સ્વાભાવિક છે: પરન્તુ વૃત્તિઓનું યથાયોગ્ય દમન એજ [illegible] અનુશીલન છે.

[illegible] વૃત્તિઓને પૂર્ણ કેળવીને અથવા તો બીજી [illegible] કરી નાખે છે તે યોગ્ય કહેવાય કે નહિ?

[illegible] ઉચ્છેદ ન થાય એવું કહ્યુંજ નથી; [illegible] અનુશીલન ધર્મમાં નથી. સંન્યાસ ધર્મને માટેજ [illegible] નિવૃત્તિનો માર્ગ છે, અને અનુશીલન એ પ્રવૃત્તિનો માર્ગ છે.

[illegible] સામાન્ય નિયમ સમજાય તેવો છે. [illegible] વધવા ન દેવી અને જો વૃત્તિ સ્વતઃસ્ફુર્ત [illegible] વાત તો બરાબર સમજાઇ, પરંતુ તેમાં [illegible] "[illegible]" કહેવામાં આવે છે તે શું [illegible] પ્રકારની વૃત્તિ નથી એ વાત [illegible] એવી હોય કે જે પોતાની [illegible] તેને વધવા ન દેવી? હું [illegible] કરવી એજ વધારે યોગ્ય છે.

[illegible]

[illegible] પ્રશ્ન એ છે કે અમુક [illegible] રીતે કરવો? [illegible]

[illegible]

શિષ્યઃ—ત્યારે એ વિષય મારાથી બરાબર સમજાયો નથી. સમસ્ત વૃત્તિઓની એકી સાથે સ્ફુર્તિ અને પરિતૃપ્તિ થવા દેવી તેમાં યથાર્થ સુખ હશે કે પ્રત્યેક ભિન્ન ભિન્ન વૃત્તિની સ્ફુર્તિ તથા પરિતૃપ્તિ થવા દેવી તેમાં યથાર્થ સુખ હશે ?

ગુરુઃ—સમસ્ત વૃત્તિઓની એકીસાથે યથાયોગ્ય સ્ફુર્તિ થવા દેવી તેજ યથાર્થ સુખ. ભિન્ન ભિન્ન વૃત્તિની સ્ફુર્તિ તથા પરિતૃપ્તિ એ તો સુખનો આભાસ અથવા અંશમાત્ર છે.

શિષ્યઃ—ત્યારે કસોટી કેવી રીતે કરવી ? સુખનો અંશમાત્ર પ્રાપ્ત થતો હોય તો તે વૃત્તિને ખીલવા દેવી કે એકીસાથે સમસ્ત વૃત્તિઓને ખીલવા દેવી ?

ગુરુઃ—સમસ્ત વૃત્તિઓને એકીસાથે ખીલવા દેવી અને તેથી જે સુખ પ્રાપ્ત થાય તેનેજ યથાર્થ સુખ લેખવું.

શિષ્યઃ—એ વાત બરાબર સમજાતી નથી. ધારો કે હું ચિત્રવિદ્યામાં કુશળ છું. કેટલીક માનસિકવૃત્તિઓ સારી રીતે કેળવાય ત્યારેજ એવી વિદ્યાઓમાં કુશળ થવાય છે, એમ કહેવાની જરૂર નથી. અહીંઆં સ્વાભાવિકરીતેજ એવો પ્રશ્ન ઉઠે છે કે મારે મારી ચિત્રવિદ્યાસંબંધી વૃત્તિઓની ખીલવણીમાં તલ્લીનતાપૂર્વક લાગ્યા રહેવું કે નહિ ? આપ તેના ઉત્તરમાં એક જ વાત કહેશો કે " સમસ્ત વૃત્તિઓની યથાયોગ્ય સ્ફુર્તિ એકીસાથે થઇ શકે અને કોઇપણ એક વૃત્તિને બીજી વૃત્તિ હાનિ ન કરે એ પ્રમાણે તમારે તમારી વૃત્તિને ખીલવવી." અર્થાત્ હું એક ચિત્ર આંકવાને માટે હાથમાં પીંછી પકડું તે પહેલાં મારે આટલી વાતો ઉપર વિચાર કરી લેવો જોઇએ કે "આ ચિત્ર તો હું આંકું છું, પરંતુ એથી મારી શારીરિક શક્તિઓને કાંઇ વિઘ્ન નડશે કે નહિ ? મારી આંખ અને કાનની શક્તિને કાંઇ સહન કરવું પડશે કે નહિ ? ઇશ્વર પ્રત્યેની મારી ભક્તિ તથા મનુષ્યો પ્રત્યેની મારી પ્રીતિમાં કંઇ અડચણ આવશે કે નહિ ! દીનદરિદ્રો પ્રત્યેની મારી દયામાં, સત્ય પ્રત્યેના અનુરાગમાં પુત્રો પ્રત્યેના સ્નેહમાં, શત્રુ પ્રત્યેના ક્રોધમાં, કિંવા કાવ્યસંબંધી મારી કલ્પનામાં અને સાહિત્યસંબંધી મારી સમાલોચનામાં કાંઇ વિઘ્ન આવશે કે નહિ ? એક સામાન્ય વૃત્તિને કેળવતાં પહેલાં આટલી બધી બાબતો ઉપર વિચાર કરી લેવો એ શું અનવાજોગ છે ?

ગુરુઃ—અલબત એ કામ કઠિન છે, પરંતુ એટલું મોઢામ સમજી રાખજો કે ધર્માચરણ એ કાંઇ નાનાં છોકરાંની રમત નથી. ધર્માચરણ અત્યંત કઠિન વ્યાપાર છે. જગતમાં યથાર્થ ધાર્મિક પુરુષો બહુધા અલ્પ સંખ્યા રહ્યા કરે છે તેનું પણ એ કારણ છે. ધર્મ એજ સુખનો એકમાત્ર ઉપાય છે, પરંતુ જેવું તેવું કોઇ કા સુખ મળી જતું નથી. સુખને પ્રાપ્ત કરવાને માટે ખાસ પ્રયત્ન કરવો જોઇએ. એ પ્રયત્ન કઠિન તો છે, પરંતુ અસાધ્ય તો નથીજ.

શિષ્યઃ—પરંતુ મારા ધારવા પ્રમાણે ધર્મ સમસ્ત જનસમાજને ઉપયોગી થઈ શકે એવો હોય તોજ તે ઉચિત લેખાય.

ગુરુઃ—મારાથી કે તારાથી ધર્મ ઉત્પન્ન કરી શકાતો હોત તો આપણે જનસમાજને ઉપયોગી બની શકે એવી રીતનો ધર્મ તૈયાર કરી આપત—લોકોના "ઓર્ડર" મુજબ તે પ્રમાણે ધર્મને તૈયાર કરી મોકલી આપી શકત; પરંતુ ધર્મ એ વસ્તુ કંઈ એવી નથી કે આપણી ઇચ્છામાં આવે તે પ્રમાણે તેને બદલી નાખી શકીએ. ધર્મ તો ઈશ્વરી નિયમોને સ્વાધીન છે. ધર્મના પ્રણેતાઓએ જે રીતે તેનું નિરૂપણ કર્યું છે તેજ રીતે આપણે તેને સમજવો જોઈએ. છતાં ધર્મ જનસમાજને માટે નિરુપયોગી કિંવા અનુપયોગી છે એમ તો કહી શકાય નહિ. પ્રયત્ન કરવાથી અનુશીલનદ્વારા સર્વ કોઈ ધર્મને માટે અધિકારી થઈ શકે છે. એક વખતે સમસ્ત મનુષ્યજાતિ ધર્મને માટે યોગ્ય બની શકશે, એમ પણ હું દૃઢ વિશ્વાસપૂર્વક કહી શકું છું. જ્યાંસુધી તમે પરમ ધાર્મિક બની શકો નહિ ત્યાંસુધી તમારે તમારા આદર્શનું અનુકરણ કરવામાં કોઈ જાતનો પ્રમાદ કરવો ઘટે નહિ. આદર્શસંબંધે મેં જે કાંઈ કહ્યું છે તે એકવાર પુનઃ યાદ કરી લે. આદર્શ પુરુષો કેવા હોય તેનું બરાબર સ્મરણ કરી શકશે તો તારી શંકાનું સમાધાન તું પોતેજ કરી શકશે.

શિષ્યઃ—પરંતુ જો હું એમ કહું કે મને તમારા એ તત્ત્વજ્ઞાનવાળા કે કૃષ્ણાદિ પુરુષોની જરૂર નથી; મને તો ઇન્દ્રિયોની પરિતૃપ્તિનું સુખ મળે એવી ઇચ્છા છે તો આપ શું કહેશો?

ગુરુઃ—[illegible] શું કહું? મારે એટલુંજ કહેવું કે તેં જે સુખ કહ્યું તે [illegible] માટે [illegible] ધર્મની જરૂર નથી, અધર્મ એજ એક માત્ર એના—ઇન્દ્રિયસુખનો ઉપાય છે.

શિષ્યઃ—ઇન્દ્રિયોની પરિતૃપ્તિમાં શું સુખ નથી? ત્યાં પણ ઇન્દ્રિયતૃપ્તિનું [illegible] ઇન્દ્રિયના વિષયોને નિર્મૂળ કરી નાખી [illegible] આદિ [illegible] ભગવાન્ [illegible] બનાવવાથી તેનું કારણ [illegible] ઇન્દ્રિયના [illegible] પ્રમાણમાં [illegible] આપીએ તો [illegible] [illegible] એમ [illegible] હું [illegible] કે [illegible] થાય, [illegible] રહેશે?

ગુરુઃ—[illegible]

આપું છું કે તને કોઈ ત્યારા વિષયસુખમાં કોઈપણ પ્રકારની દરમ્યાન કરશે નહિ—તારી નિંદા પણ કોઈ કરશે નહિ. છતાં કોઈ દરમ્યાન કરે કે નિંદા કરે તો તેને માટે હું તને નુકશાની આપવાને પણ તૈયાર રહીશ. મારા દસ્તાવેજના જવાબમાં તારે પણ એક દસ્તાવેજ લખી આપવો પડશે, અને તેમાં તારે લખી આપવું પડશે કે— "હવે આમાં કાંઈ સુખ લાગતું નથી, એમ કહીને હું વિષયભોગોથી કોઈ કાળે કંટાળીશ નહિ, વિષયોની પરિતૃપ્તિ અર્થે મારે જેમ તેટલી મહેનત કરવી પડે, જેમ તેટલાં કષ્ટો ખમવા પડે, જેમ તેટલા રોગના હુમલાઓ સહન કરવા પડે, જેમ તેટલો આયુષ્યનો ક્ષય થાય તોપણ વિષયભોગોની નિંદા કરી તેનાથી છુટવાનો સંકલ્પ કદી પણ નહિ કરૂં." કેમ, આવો દસ્તાવેજ લખી આપવાને તું તૈયાર છે!

શિષ્યઃ—મહેરબાની આપની. હું એવા દસ્તાવેજથી બંધાવા રાજી નથી; પરંતુ હું જાણવા માગું છું કે જેમણે સમસ્ત જીવન ઈંદ્રિયોના વિષયો ભોગવવા પાછળજ ગુમાવી દીધું હોય એવા મનુષ્યો પણ શું આ સંસારમાં નહિ હોય? હું ધારૂં છું કે એવા મનુષ્યો એક-બેજ નહિ પણ સંખ્યાબંધ મળી આવે તેમ છે.

ગુરુઃ—એવા મનુષ્યો સંસારમાં અનેક હશે એમ આપણને માની લેવામાં કશો બાધ નથી; પરંતુ આપણે કેવળ બહારનીજ ખબર રાખીએ છીએ, તેમના અંતઃકરણમાં શું શું થતું હશે તેની કલ્પના કોણ કરી શકે તેમ છે? વસ્તુતઃ જો વિષયી મનુષ્યોના અંતઃકરણમાં ઉતરીને આપણે તપાસ કરીએ તો આપણને સ્પષ્ટ રીતે જણાઈ આવે કે તે ઈન્દ્રિયપરાયણ લોકો ઈન્દ્રિયોની પરિતૃપ્તિ અર્થે જે પ્રબળ પ્રયત્ન કરે છે તેના પ્રમાણમાં તેઓ પરિતૃપ્તિનું સુખ લેશ પણ અનુભવી શકતા નથી. વિષયોથી જો તૃપ્તિ થાય તો પછી તેના ઉપર કંટાળો પણ આવવોજ જોઈએ; પરંતુ વાસનાઓની સંપૂર્ણ પરિતૃપ્તિ થતીજ નથી, અને તેટલાજ માટે તે ઈંદ્રિયપરાયણ મનુષ્યોનો પ્રબળ યત્ન સતત ચાલુ રહ્યા કરે છે. તેમના અંતઃકરણમાં રાતદિવસ અશાંતિનો અગ્નિ સળગતો હોય છે. એ અગ્નિ શાંત કરવાને તે બિચારા શાંતિરૂપી પાણીની તપાસમાં ચોતરફ રખડી મરીને અશાંતિમાં ઉલટો વધારોજ કરે છે; પણ એ વાત તેમને કોણ સમજાવે?

શિષ્યઃ—છતાં એવા પણ અનેક મનુષ્યો જોવામાં આવે છે કે જેઓ રાતદિવસ ઇંદ્રિયના વિષયોમાં રચ્યા પચ્યા રહે છે તોપણ તેનાથી તેમને કંટાળો આવતો નથી. દાખલાતરીકે દારૂડીયાઓનેજ લ્યો. કેટલાક દારૂડીયા માણસો મેં એવા જોયા છે કે તેઓ આખો દિવસ દારૂ પીયા કરે છે, અને ઘેનમાં ને ઘેનમાંજ વખત પસાર કરે છે, છતાં તેઓ દારૂથી કંટાળી ગયા હોય એમ કોઈ દિવસ જણાતું નથી. પરિતૃપ્તિના અંતે કંટાળો આવતો હોય તો પછી શામાટે તેઓ દારૂ તજી દેતા નથી—શામાટે દારૂ તજી દેવાની ઇચ્છા પણ કરતા નથી?

ગુરુઃ—"શામાટે તજી દેતા નથી" એનો અર્થ સમજી લે. "તજી દેતા નથી." તેનું કારણમાત્ર એકજ છે અને તે એજ કે તજી શકતા નથી; કારણ કે વખત જતાં દારૂ પીવાની લાલસા એક વ્યાધિ સમાન બની જાય છે. ડૉકટરો તેને 'ડિપ્સોમેનીઆ' કહે છે. તેને માટે દવા અને ચિકિત્સા છે. રોગીની એકલી ઇચ્છા માત્રથી તે રોગ દૂર થઇ જતો નથી. રોગીનો રોગ દૂર કરવો એ વૈદ્યના હાથમાં છે. દવા નિષ્ફળ જાય તો રોગનું અનિવાર્ય પરિણામ રોગીને સહન કર્યા વિના ચાલે નહિ—અર્થાત્ મૃત્યુદેવ પોતે આવીને રોગીનો ઉદ્ધાર કરે. દારૂડીયો માણુસ દારૂ છોડી દેવા માગતો નથી, એમ આપણાથી કહી શકાય નહિ, પણ છોડી દઇ શકતો નથી એમ કહેવું એજ વાજબી છે. લોકો ગમે તેમ કહે, પરંતુ હું તો ખાત્રીપૂર્વક માનું છું કે દારૂડીયાની ટોળીમાંથીજ દારૂ છોડી દેવાની ઉત્કંઠાવાળા અનેક માણુસો તને મળી આવશે. જે દારૂડીયો માણુસ અઠવાડીયામાં એકવાર દારૂ પીએ છે તે આજે એમ કહી શકશે કે—"દારૂ પીવો શામાટે તજી દઉં ?" કારણ કે તે વખતે તેની દારૂ પીવાની ઇચ્છા અત્યંત બળવાનપણે તેનામાં વર્તતી હોય છે. બળવાન બનેલી દારૂની તૃષ્ણાજ તેના મુખમાંથી ઉક્ત શબ્દો બહાર કઢાવે છે. પરંતુ જે મનુષ્યની દારૂ પીવાની તૃષ્ણા પરિતૃપ્ત થાય છે તે મનુષ્ય પોતેજ પોતાને જગતના સર્વ મનુષ્યો કરતાં વિશેષ દુઃખી માનવા લાગે છે. કેવળ દારૂ પીવાના સંબંધમાંજ આ વાત લાગુ પડે છે એમ નથી. વસ્તુતઃ સર્વ પ્રકારની ઇંદ્રિયવાસનાઓનું એ પરિણામ અનિવાર્ય છે. એક વ્યભિચારી મનુષ્ય પોતાની વિષયવાસનાને એકાવી દે તો તેનું ફળ એક ખાસ પ્રકારના રોગરૂપે તેને સહન કરવું પડે. તેને માટે પણ ઔષધ છે અને ઔષધ નિષ્ફળ થાય તો મૃત્યુ પોતે અહીં આવીને તેને રોગમાંથી મુક્ત કરે છે. મને મારા એક ડાકટર મિત્રે એક રોગીના સંબંધમાં એવી વાત કરી હતી કે "અમુક રોગી મનુષ્ય એટલો બધો વ્યભિચારી હતો કે છેવટે તેને હાથ-પગ બાંધીને ઇસ્પીતાલમાં લાવવો પડ્યો અને ત્યાં તેના હાથ-પગ ઉપર તથા બીજા અંગ-પ્રત્યંગ ઉપર છરી અને સોઈ વતી કેટલાક જખ્મો કર્યા ત્યારે તે શાંત થયો." બહુ ભોજન કરનારા પેટભરાઓની વાત તો તેં સાંભળીજ હશે. એક એવા માણુસનો મને થોડા વખત ઉપર પરિચય થયો હતો. તે માણુસ ભોજન વખતે એટલું બધું ઠાંસી ઠાંસીને ખાતો કે છેવટે તેને સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો. ક્ષુધાવૃત્તિને હદ ઉપરાંત પોષણ આપવાથી કેવાં ભયંકર પરિણામો આવે છે તે સર્વને પરિચિત છે. તે માણુસ પોતે મૂર્ખ પણ ન હતો. તે સારી રીતે સમજતો હતો કે વધારે પડતું ભોજન કરવાથી કોઇ રીતે લાભ નથી, અને તે માટે ખાવાના લોભને સંયમમાં રાખવાનો પણ પ્રયત્ન કરતો. પરંતુ ક્ષુધાવૃત્તિનું અનેક અનુશીલન તેનામાં એટલું બધું બળવાન થઇ ગયું હતું

કે તે પોતે પોતાનો સંકલ્પ સિદ્ધ કરી શકતો નહિ. છેવટે તે બિચારો અકાળે મરણને શરણ થયો ! તુંજ કહે કે એને શું "સુખ" કહેવું ઉચિત છે ?

શિષ્યઃ—આપની સુખસંબંધી વ્યાખ્યા હવે સમજાય છે. જે સુખ ક્ષણિક હોય તેને સુખ કહી શકાય નહિ એજ આપના કથનનો આશય છે ને ?

ગુરુઃ—ક્ષણિક સુખ હોય તોપણ તેને સુખ શામાટે ન કહેવાય ? ધારો કે મને એક સુંદર ગુલાબનું ફૂલ મળે છે, અને તેની સુગંધનો આનંદ લઉં છું. આ પુષ્પ તથા તેની સુગંધ ક્ષણિક છે તોપણ તેનાથી સુખપ્રાપ્તિ નથી થતી એમ કેમ કહેવાય ? એક ઉસ્તાદ ગવૈયો આપણને એક સુંદર ગાયન સંભળાવીને ચાલ્યો જાય ત્યારે ગાયનથી મળતો આનંદ પણ બંધ થઇ જાય, એ સ્વાભાવિક છે; પરંતુ એ ક્ષણિક સુખને સુખ નથી એમ કેવી રીતે કહી શકાય ? મતલબ કે ગમે તે સુખ ગમે તેટલું ક્ષણિક હોય તોપણ તેને સુખ તો કહેવુંજ જોઇએ.

શિષ્યઃ—હવે સમજ્યો. જે સુખ ક્ષણિક હોય અને જેના પરિણામે ઘણા લાંબા વખત સુધી દુઃખ ભોગવવું પડે તેને સુખ ન કહેવાય. એવા પ્રકારનું સુખ તે દુઃખની પ્રથમાવસ્થાજ છે, એમ કહીએ તોપણ ખોટું નથી. કેમ ? એમજ ને ?

ગુરુઃ—હવે માર્ગ ઉપર આવ્યો. પરંતુ એ વ્યાખ્યા ન્યાયની દૃષ્ટિએ દૂષિત છે. એટલા માટે સુખના બે ભેદ પાડીએ તો ઠીક. (૧) સ્થાયી અને (૨) ક્ષણિક, તેમાં—

શિષ્યઃ—સ્થાયી સુખ કોને કહેવું ? ધારો કે કોઇ એક વિષયાસક્ત વ્યક્તિ પાંચ વર્ષ સુધી ઈંદ્રિયસુખ ભોગવે છે. પાંચ વર્ષ સુધી સુખ ભોગવવાનો પ્રસંગ મળવો એ આ જગત્માં અસ્વાભાવિક પણ નથી. હવે એટલી મુદતના સુખને ક્ષણિક સુખ કહેવાય કે નહિ ?

ગુરુઃ—પહેલી વાત તો એ કે સમસ્ત જીવનની સરખામણીમાં પાંચ વર્ષ એ એક મુહૂર્ત જેટલા પણ નથી. તું પરકાળ માનતો હો યા ન માનતો હો પણ હું તો માનું છું: અને એટલા માટે કહું છું કે અનંતકાળની સાથે સરખામણી કરતાં પાંચ વર્ષ કશીજ બીસાતમાં લેખાય નહિ. અત્રે પ્રસંગોપાત મારે કહી દેવું જોઇએ કે પરભવનો ભય બતાવી હું તને ધાર્મિક બનાવવા માગતો નથી; કારણ કે અનેક મનુષ્યો પરભવને માનતા નથી–વાણીમાત્રથી ભલે માનતા હોય પણ હૃદયથી પરભવને માનનારાની સંખ્યા બહુ અલ્પ છે. ઘણા મનુષ્યો તો એમજ માની રહ્યા છે કે પરભવનો ભય એ બીજું કશુંજ નથી, પણ લઘુ વયના બાળકોને ડરાવવા માટે જેમ વાઘનો ભય બતાવવામાં આવે છે, તેના જેવોજ એ પ્રકારનો મિથ્યા ભયમાત્ર છે. ઘણા ખરા મનુષ્યો આન્તરિક પરભવને માનતા નથી તેનું પણ એક કારણ છે કે ધર્મનો પાયો "પરભવના ભય" ઉપર મૂકવામાં આવે

છે તે ધર્મ ભાગ્યેજ જનસમાજના હૃદયમાં પ્રવેશ કરી શકશે નથી. જે ભય એક કાળે આપણા દેશમાં પ્રબળપણે વર્તતો હતો અને જે ભયને લીધે એક કાળે યુરોપમાં પણ ધર્મના સંસ્કારો કાયમ થવા પામ્યા હતા તે પરભવનો ભય આ "વીસમી સદી" એ વિજ્ઞાનનું બળ બતાવી દૂર કર્યો છે. ભોગ-વિલાસમાંજ જીવનની સાર્થકતા સમજનારી, કાળા મુખવાળી આ વીશમી શતાબ્દીએ એક હાથમાં તોપ-બંદુક અને બીજા હાથમાં કળ-કારખાનાંઓને ધારણ કરી સેંકડો શિક્ષિત-અર્ધશિક્ષિત તથા અશિક્ષિત હિંદી યુવકોને ધર્મસંસ્કારથી ભ્રષ્ટ કર્યા છે-પરકાળની માનીનતા એ કેવળ ભ્રમ છે એમ માનતા કરી દીધા છે. હું પણ આપણી ધર્મચર્ચામાં પરકાળને એક બાજુએજ મૂકી રાખીશ; કારણ કે જે વસ્તુ તમારા હૃદયક્ષેત્રમાં નથી તે વસ્તુ ઉપર ધર્મનો પાયો નાખવામાં આવે તો તે બીલકુલ ટકી શકે નહિ. પરકાળને બાદ કરવાથી આપણી ધર્મચર્ચામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ઉભી થવા પામે તેમ નથી; કેમકે આ કાળે પણ સુખનો ઉપાય એકમાત્ર ધર્મજ છે, અને પરકાળે પણ સુખનો ઉપાય ધર્મજ છે. ટુંકામાં સુખનો ઉપાય ધર્મ અને દુઃખનો ઉપાય અધર્મ એમ મેં જે કહ્યું તે જેમ આ કાળને માટે સત્ય છે તેવીજ રીતે પરકાળને માટે પણ અબાધિત સત્ય છે. આ કાળે દુઃખના નામમાત્રથી પણ સૌ કોઇ થરથરે છે, અને સુખને માટે તન-મન-ધનથી પ્રયત્ન કરે છે,* એટલા માટે આ કાળનાજ સુખ-દુઃખ ઉપર તારા હૃદયમાં ધર્મની સ્થાપના કરીશ તો તે સંપૂર્ણ દૃઢતાથી ચિરકાળને માટે ટકી રહેશે, એમાં શક નથી. આ બે કારણોને લઇને એટલે કે આ કાળ સર્વસંમત હોવાથી અને બીજું પરકાળ સર્વસંમત નહિ હોવાથી હું કેવળ આ કાળ ઉપરજ ધર્મનો પાયો નાખવા માગું છું. પરંતુ "સ્થાયી સુખ કોને કહેવાય ?" એવો પ્રશ્ન જ્યારે રજુ કરવામાં આવે ત્યારે તો મારે કહેવું જોઇએ કે અનંતકાળપર્યંત ટકી રહેનારૂં જે સુખ-આ કાળ અને પરકાળ (શરીર પડયા પછીનો સમય) એમ ઉભયકાળમાં વ્યાપી રહેનારૂં જે સુખ તેજ "સ્થાયી સુખ" કહેવાય. એ સિવાય એક બીજો ઉત્તર પણ છે.

શિષ્યઃ—આપનો બીજો ઉત્તર પાછળથી સાંભળીશ. અત્યારે એક વાતનો નિર્ણય થઇ જવો જોઇએ. ક્ષણભરને માટે પરકાળનો સ્વીકાર કરવામાં મને હરકત નથી; પરંતુ હું જાણવા માગું છું કે જે સુખ આ કાળે પ્રાપ્ત થાય તેજ સુખ શું પરકાળે પણ પ્રાપ્ત થઇ શકે ખરૂં ? તેવીજ રીતે જે દુઃખ આ કાળે પ્રાપ્ત થાય તેજ દુઃખ શું પરકાળે પણ પ્રાપ્ત થઇ શકે ખરૂં ? આપે કહ્યું કે "જે સુખ આ કાળ અને પરકાળ એમ ઉભયકાળ વ્યાપ્ત હોય તેજ સાચું સુખ કહેવાય." એક

* क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा—શ્રીમદ્ ભગવદ્ગીતા ૪-૧૨.

પ્રકારનું સુખ શું અન્ને કાળમાં પ્રાપ્ત કરી શકાય ?

ગુરુ:—પરકાળનો સ્વીકાર કર્યા વિના એ વિષય કેવી રીતે સમજાય તેની મને સમજણ પડતી નથી; પરંતુ એ તારા પ્રશ્નનો ઉત્તર આપવા પહેલાં મારે એ બાબતો જાણી લેવી જોઈએ; કારણ કે જન્માંતરને માટે જેના હૃદયમાં શ્રદ્ધા હોય તેને સમજાવવાનો માર્ગ જુદો છે, અને જન્માંતરને માટે જેને શ્રદ્ધા ન હોય તેને સમજાવવાનો માર્ગ જુદો છે. બોલ, તું જન્માંતર માને છે ?

શિષ્ય:—ના.

ગુરુ:—ભલે, પરકાળનો જો તું સ્વીકાર કરે છે અને જન્માંતરને માનતો નથી તો તારે બે વાતોનો સ્વીકાર કરવો પડશે. પહેલી વાત તો એજ કે આ શરીર આપણી સાથે કાયમ રહેવાનું નથી, અને તેને લીધે શારીરિક વૃત્તિઓદ્વારા પ્રાપ્ત કરેલું સુખ-દુઃખ એ કાંઈ પરકાળે આપણી સાથે આવી શકે નહિ. બીજી વાત એ કે શારીરિક સુખો કદાચ આપણી સાથે પરકાળમાં ન આવે તોપણ ત્રણ પ્રકારની માનસિક વૃત્તિઓ તો કાયમને માટે સાથે ને સાથેજ રહેવાની અને તેને લીધે માનસિક વૃત્તિઓદ્વારા પ્રાપ્ત થવા યોગ્ય સુખ-દુઃખ તો પરકાળે પણ રહેવાનુંજ. આ પ્રકારનાં માનસિક સુખો જ્યાં અધિક પ્રમાણમાં અનુભવાય તેને સ્વર્ગ કહી શકાય; અને જ્યાં માનસિક દુઃખો અધિક પ્રમાણમાં અનુભવાય તેને નરક કહી શકાય.

શિષ્ય:—પરકાળ જો હોય તો ધર્મવ્યાખ્યામાં તેને એક અગત્યનું સ્થાન આપણે આપવું જોઈએ. બીજી અનેક ધર્મ વ્યાખ્યાઓમાં પરકાળ ઉપર ઘણું ખરું વજન કરવામાં આવ્યું છે. આપ પણ પોતે પરકાળને માનવા છતાં ધર્મવ્યાખ્યામાંથી તેનો બહિષ્કાર કરશો તો આપની વ્યાખ્યા અસંપૂર્ણ તેમજ ભૂલભરેલી થઈ પડશે એમ મને લાગે છે.

ગુરુ:—અસંપૂર્ણ થઈ પડે એમાં તો કશો સંદેહ નથી. પરંતુ ભૂલભરેલી થઈ પડે એમ માનવાને કશું કારણ નથી; કારણ કે સુખનો ઉપાય જો એક માત્ર ધર્મ હોય અને આ કાળનું સુખ પરકાળે પણ ટકી શકે એમ હોય તો પછી આ કાળનો ધર્મ તેજ ધર્મ પરકાળે માટે પણ હોવા યોગ્ય છે, એમ માનવું અસંગત નહિ લેખાય. પરકાળને ન માનતો હોય તે મનુષ્ય પણ આ કાળનેજ સર્વસ્વ માની અસંપૂર્ણરૂપે ધાર્મિક બની શકે. ધર્મ નિત્ય છે, એટલુંજ નહિ પણ ધર્મ આ કાળે જેમ સુખપ્રદ છે તેજ રીતે પરકાળે પણ સુખપ્રદ છે. તું પરકાળને માન યા ન માન તોપણ ધર્મને માન આપી ધર્માચરણ કરવામાં પ્રમાદ કરીશ નહિ, એજ મારી તને પુનઃ પુનઃ ભલામણ છે. ધર્માચરણથી મનુષ્ય આ કાળે પણ સુખી થઈ શકે છે અને પરકાળ હોય તો પરકાળે પણ સુખી થઈ શકે છે.

શિષ્ય:—આપ પોતે પરકાળ માનો છો તે કોઈ પ્રમાણને આધારે કે પરકાળની

છે તે ધર્મ અત્યારે જનસમાજના હૃદયમાં પ્રવેશ કરી શકતો નથી. જે ભય એક કાળે આપણા દેશમાં પ્રબળપણે વર્તતો હતો અને જે ભયને લીધે એક કાળે યૂરોપમાં પણ ધર્મના સંસ્કારો દાખલ થવા પામ્યા હતા તે પરભવનો ભય આ "વીસમી સદી" એ વિજ્ઞાનનું બળ બતાવી દૂર કર્યો છે. **ભોગ–વિલાસમાંજ જીવનની સાર્થકતા સમજાવનારી, કાળા મુખવાળી આ વીશમી શતાબ્દિએ એક હાથમાં તોપ–બંદૂક અને બીજા હાથમાં કળ–કારખાનાંઓને ધારણ કરી સેંકડો શિક્ષિત–અર્ધશિક્ષિત તથા અશિક્ષિત હિંદી યુવકોને ધર્મસંસ્કારથી ભ્રષ્ટ કર્યા** છે–પરકાળની માનીનતા એ કેવળ ભ્રમ છે એમ માનતા કરી દીધા છે. હું પણ આપણી ધર્મચર્ચામાં પરકાળને એક બાજુએજ મૂકી રાખીશ; કારણ કે જે વસ્તુ તમારા હૃદયક્ષેત્રમાં નથી તે વસ્તુ ઉપર ધર્મનો પાયો નાખવામાં આવે તો તે બીલકુલ ટકી શકે નહિ. પરકાળને બાદ કરવાથી આપણી ધર્મચર્ચામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ઉભી થવા પામે તેમ નથી; કેમકે આ કાળે પણ સુખનો ઉપાય એકમાત્ર ધર્મજ છે, અને પરકાળે પણ સુખનો ઉપાય ધર્મજ છે. ટુંકામાં સુખનો ઉપાય ધર્મ અને દુઃખનો ઉપાય અધર્મ એમ મેં જે કહ્યું તે જેમ આ કાળને માટે સત્ય છે તેવીજ રીતે પરકાળને માટે પણ અબાધિત સત્ય છે. આ કાળે દુઃખના નામમાત્રથી પણ સૌ કોઇ થરથરે છે, અને સુખને માટે તન–મન–ધનથી પ્રયત્ન કરે છે,* એટલા માટે આ કાળનાજ સુખ–દુઃખ ઉપર તારા હૃદયમાં ધર્મની સ્થાપના કરીશ તો તે સંપૂર્ણ દૃઢતાથી ચિરકાળને માટે ટકી રહેશે, એમાં શક નથી. આ બે કારણોને લઇને એટલે કે આ કાળ સર્વસંમત હોવાથી અને બીજું પરકાળ સર્વસંમત નહિ હોવાથી હું કેવળ આ કાળ ઉપરજ ધર્મનો પાયો નાખવા માગું છું. પરંતુ "સ્થાયી સુખ કોને કહેવાય ?" એવો પ્રશ્ન જ્યારે રજુ કરવામાં આવે ત્યારે તો મારે કહેવું જોઇએ કે અનંતકાળપર્યંત ટકી રહેનારૂં જે સુખ–આ કાળ અને પરકાળ (શરીર પડયા પછીનો સમય) એમ ઉભયકાળમાં વ્યાપી રહેનારૂં જે સુખ તેજ "સ્થાયી સુખ" કહેવાય. એ સિવાય એક બીજો ઉત્તર પણ છે.

શિષ્યઃ—આપનો બીજો ઉત્તર પાછળથી સાંભળીશ. અત્યારે એક વાતનો નિર્ણય થઇ જવો જોઇએ. ક્ષણભરને માટે પરકાળનો સ્વીકાર કરવામાં મને હરકત નથી; પરંતુ હું જાણવા માગું છું કે જે સુખ આ કાળે પ્રાપ્ત થાય તેજ સુખ શું પરકાળે પણ પ્રાપ્ત થઇ શકે ખરૂં ? તેવીજ રીતે જે દુઃખ આ કાળે પ્રાપ્ત થાય તેજ દુઃખ શું પરકાળે પણ પ્રાપ્ત થઇ શકે ખરૂં ? આપે કહ્યું કે "જે સુખ આ કાળ અને પરકાળ એમ ઉભયકાળ વ્યાપ્ત હોય તેજ સાચું સુખ કહેવાય." એક

* क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा–શ્રીમદ્ ભગવદ્ગીતા ૪–૧૨.

શિષ્ય:—આપે કહ્યું હતું કે આ કાળ અને પરકાળ–ઉભય કાળવ્યાપી જે સુખ તેજ યથાર્થ સુખ છે. જે લોકો જન્માંતર માનતા નથી તેમને માટે આપે એક જાતનું સુખ ઉભય કાળમાં હોઇ શકે એ વાત સિદ્ધ કરી; પરંતુ જે લોકો જન્માંતર માનતા હોય તેમને માટે આપ શું કહી શકશો ?

ગુરુ:—મારા પ્રથમના શબ્દો યાદ કર. મેં કહ્યું છે કે અનુશીલનની સંપૂર્ણતા એજ મોક્ષ. અનુશીલન પૂરેપૂરું થાય તો પછી પુનર્જન્મ લેવો પડતો નથી. ભક્તિતત્ત્વનો વિષય જ્યારે તને સમજાવીશ ત્યારે મારા આ કથનનું રહસ્ય વધારે સ્પષ્ટતાથી તને જણાવીશ.

શિષ્ય:—જગતમાં પ્રત્યેક મનુષ્ય અનુશીલનની સંપૂર્ણતા પ્રાપ્ત કરે એ સહજ નથી અને જેઓ સંપૂર્ણ અનુશીલન કરી ન શકે તેઓને પુનઃ જન્મ લેવો પડે એ તો સ્વાભાવિકજ છે. હવે પ્રશ્ન એ છે કે જેઓએ આ ભવમાં થોડું ઘણું અનુશીલન કર્યું હોય તેઓને તે ગત જન્મના અનુશીલનનું સુખરૂપી ફળ પરજન્મે મળી શકે ખરૂં ?

ગુરુ:—આ જન્મના કર્મનું ફળ પરજન્મમાં મળવુંજ જોઇએ, એવો જન્માંતરવાદનો મુખ્ય સિદ્ધાંત છે. સમસ્ત કર્મોનો સમવાય–એકીકરણ એજ અનુશીલન–આ સિદ્ધાંત પ્રમાણે આ જન્મના અનુશીલનનું શુભ ફળ પરજન્મમાં અવશ્યમેવ મળવું જોઇએ. શ્રી કૃષ્ણે પોતેજ અર્જુનને એ વાત કહી છે:–"तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ॥

શિષ્ય:—મૂળ વાતથી આપણે બહુ દૂર નીકળી ગયા છીએ. "સ્થાયી સુખ" કોને કહેવાય એ વાત તો રહીજ ગઇ. આપે કહ્યું હતું કે જે સુખ આ કાળે અને પરકાળે પણ સ્થાયી રહી શકે તેજ યથાર્થ–સ્થાયી સુખ કહેવાય. તે સિવાય બીજો પણ એક ઉત્તર છે એમ આપે કહ્યું હતું. એ બીજો ઉત્તર શું છે, તે કૃપા કરીને જણાવશો ?

ગુરુ:—મારો બીજો ઉત્તર પરકાળ ન માનનારાઓને માટે છે. "આ જીવન એજ સર્વસ્વ છે, મરણ પામ્યા પછી જીવન જેવું કાંઇજ રહેતું નથી." એમ જેઓ માની બેઠા છે તેમને માટે તો આ જીવનમાં જે સુખ અંતકાળસુધી ટકી રહી શકે એજ સ્થાયી સુખ કહેવાય; કારણ કે જેઓ પરકાળ ન માનતા હોય તેમને તો આખી જીંદગી સુધી જે સુખ ચાલે તેજ સ્થાયી સુખ એમ કહેવા સિવાય બીજો શું ઉપાય છે ? તેં કહ્યું હતું કે અનેક મનુષ્યો પાંચ-પાંચ અને દશ–દશ વર્ષ સુધી ઇન્દ્રિયસુખોમાં નિમગ્ન રહે છે; પરન્તુ પાંચ-સાત કે દશ વર્ષ એ કાંઇ બહુ લાંબુ જીવન ન કહેવાય. ઘણું કરીને અનેક મનુષ્યોનું ઇન્દ્રિયસુખ જીવનના અંત સુધી ટકી શકતું નથી; કારણ કે ઇન્દ્રિય-પરાયણ મનુષ્યોનું સુખસ્વપ્ન ત્રણ પ્રકારે તૂટી જાય છે. પ્રથમ તો અતિભોગોપભોગ ભોગવવાને લીધે જે ગ્લાનિ અથવા વિરાગ ઉપજે તેને

માનીનતા ઠીક લાગે છે એટલાજ ખાતર ?

ગુરુઃ—પ્રમાણુ વિના તો હું કોઇ વાતજ માનતો નથી.

શિષ્યઃ—જો પરકાળને માટે આપની પાસે પૂરતાં પ્રમાણો હોય અને આપ પોતે પરકાળને માનતા હો, તો પછી મને વિશ્વાસ ઉપજાવવા આપ શામાટે ઉપદેશ આપતા નથી ? આપની પાસે જે પ્રમાણો હોય તે મને કેમ સમજાવતા નથી ?

ગુરુઃ—તે પ્રમાણો બહુધા વિવાદાત્મક છે એમ મારે કબૂલ કરવું જોઇએ: છતાં એ સર્વ વિવાદોનો નિર્ણય થયો નથી તેમજ થઇ શકે તેમ નથી એમ હું માનતો નથી. આજકાલ એ વિવાદોનું બરાબર સમાધાન થતું નથી, તેનું એજ કારણ છે કે વૈજ્ઞાનિકોએ કુસંસ્કારથી અનેકનાં ચિત્તોને મલિન બનાવી દીધાં છે. વિવાદવાળા વિષયો ચર્ચવાની મારી મુદ્દલ ઇચ્છા નથી. એટલુંજ નહિ પણ તેમ કરવાની મને જરૂર પણ નથી. "જરૂર નથી" એમ કહુ છું તે એટલાજ માટે કે પવિત્ર બનવાનો, શુદ્ધચિત્ત બનવાનો અને ધર્માત્મા બનવાનો જે ઉપદેશ હું આપું છું તેમાંજ સઘળું રહસ્ય સમાઇ જાય છે, અને તેથી ખાસ જૂદા પ્રકારના વિવાદાત્મક વિષયો ચર્ચવાની મને જરૂર નથી પડતી. આપણે આ ધર્મવ્યાખ્યામાં જેમ જેમ આગળ પ્રવેશ કરતા જઇશું તેમ તેમ ક્રમે ક્રમે સર્વ વાતો સ્પષ્ટ થતી જશે. સમસ્ત ચિત્તવૃત્તિઓની સર્વાંગીન સ્ફુર્તિ અને પરિણુતિવિષે મેં જે ઉપદેશ તને હજી હમણુંજ આપ્યો છે તેનું છેવટનું ફળ ચિત્તશુદ્ધિ–કિંવા પવિત્રતા સિવાય બીજું કાંઇજ નથી, એ વાત પણુ તને હવે પછી સમજાશે. પરકાળને માટે તું શ્રદ્ધા રાખે કે ન રાખે તે માટે મારો બહુ આગ્રહ નથી, તથાપિ જો તુ તારા ચિતને શુદ્ધ કરી શકશે, તારા આત્માને પવિત્ર બનાવી શકશે, તો તું આ કાળે અને પરકાળે પણુ સુખી થઇ શકશે, એમ હું હિમ્મતપૂર્વક કહી શકું છું. ચિત્તની શુદ્ધિ થવાથી આ કાળેજ સ્વર્ગનું સુખ ભોગવી શકાય તેમ છે. જો આ કાળેજ સ્વર્ગ સમાન સુખ મળે, તો પછી પરકાળે સ્વર્ગ મળશે કે નહિ એ શંકાજ નિરર્થક છે. જો મારી આટલી વાત તું બરાબર સમજી શકશે તો પરકાળ માનવા માટે હું તને શામાટે આગ્રહ નથી કરતો તેનું રહસ્ય પણુ તારાથી સહેજે સમજાઇ જશે. મારી આ ધર્મવ્યાખ્યા પરકાળ માનનારાઓને માટે તેમજ પરકાળ ન માનનારાઓને માટે–બન્નેને માટે એક સરખી ઉપયોગી છે. જેઓ પરકાળ નથી માનતા તેમને આ કાળે યથાર્થ સુખી થવું હોય તોપણુ ધર્મનો આશ્રય લેવો જોઇએ, અને જેઓ પરકાળ માનતા હોય તેમણે પણુ ધર્મનો આશ્રય લેવો જોઇએ. જો આમ છે તો પછી આ કાળ કે પરકાળ માટે કોઇને આગ્રહપૂર્વક ઉપદેશ કરવાની શું જરૂર છે ? પરકાળ માનનારાઓનો વિશ્વાસ પ્રતિદિન દ્રઢતર થતો જાય એવી પ્રભુપ્રાર્થના કરી આપણે હવે મૂળ વિષય તરફ જવું જોઇએ.

શિષ્યઃ—આપે કહ્યું હતું કે આ કાળ અને પરકાળ-ઉભય કાળમાંથી જે સુખ તેજ યથાર્થ સુખ છે. જે લોકો જન્માંતર માનતા નથી તેમને માટે આપે એક જાતનું સુખ ઉભય કાળમાં ટકી શકે એ વાત સિદ્ધ કરી; પરંતુ જે લોકો જન્માંતર માનતા હોય તેમને માટે આપ શું કહી શકશો ?

ગુરુઃ—મારા પ્રથમના શબ્દો યાદ કર. મેં કહ્યું છે કે અનુશીલનની સંપૂર્ણતા એજ મોક્ષ. અનુશીલન પૂરેપૂરૂં થાય તો પછી પુનર્જન્મ લેવો પડતો નથી. ભક્તિ-તત્ત્વનો વિષય જ્યારે તને સમજાવીશ ત્યારે મારા આ કથનનું રહસ્ય વધારે સ્પષ્ટ-તાથી તને જણાવીશ.

શિષ્યઃ—જગતમાં પ્રત્યેક મનુષ્ય અનુશીલનની સંપૂર્ણતા પ્રાપ્ત કરે એ સહજ નથી અને જેઓ સંપૂર્ણ અનુશીલન કરી ન શકે તેઓને પુનઃ જન્મ લેવો પડે એ તો સ્વાભાવિકજ છે. હવે પ્રશ્ન એ છે કે જેઓએ આ ભવમાં થોડું ઘણું અનુશીલન કર્યું હોય તેઓને તે ગત જન્મના અનુશીલનનું સુખરૂપી ફળ પરજન્મે મળી શકે ખરૂં ?

ગુરુઃ—આ જન્મના કર્મનું ફળ પરજન્મમાં મળવુંજ જોઈએ, એવો જન્માં-તરવાદનો મુખ્ય સિદ્ધાંત છે. સમસ્ત કર્મોનો સમવાય-એકીકરણ એજ અનુશીલન. અમારા સિદ્ધાંત પ્રમાણે આ જન્મના અનુશીલનનું શુભ ફળ પરજન્મમાં અવશ્ય-મેવ મળવું જોઈએ. શ્રી કૃષ્ણે પોતેજ અર્જુનને એ વાત કહી છેઃ—" तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ॥

શિષ્યઃ—મૂળ વાતથી આપણે બહુ દૂર નીકળી ગયા છીએ. " સ્થાયી સુખ " કોને કહેવાય એ વાત તો રહીજ ગઈ. આપે કહ્યું હતું કે જે સુખ આ કાળે અને પરકાળે પણ સ્થાયી રહી શકે તેજ યથાર્થ-સ્થાયી સુખ કહેવાય. તે સિવાય બીજો પણ એક ઉત્તર છે એમ આપે કહ્યું હતું. એ બીજો ઉત્તર શું છે, તે કૃપા કરી જણાવશો ?

ગુરુઃ—મારો બીજો ઉત્તર પરકાળ ન માનનારાઓને માટે છે. " આ જીવન એજ સર્વસ્વ છે, મૃત્યુ પામ્યા પછી જીવન જેવું કાંઈજ રહેતું નથી " એમ જેઓ માની બેઠા છે તેમને માટે તો આ જીવનમાં જે સુખ અંતકાળસુધી ટકી રહે તે એજ સ્થાયી સુખ કહેવાય; કારણ કે જેઓ પરકાળ ન માનતા હોય તેમને તો આખી જીંદગી સુધી જે સુખ ચાલે તેજ સ્થાયી સુખ એમ કહેવા સિવાય બીજું શું ઉપાય છે ? તેં કહ્યું હતું કે અનેક મનુષ્યો પાંચ-પાંચ અને દશ-દશ વર્ષ સુધી [illegible] સુખોમાં નિમગ્ન રહે છે; પરન્તુ પાંચ-સાત કે દશ વર્ષ એ કાંઈ બહુ [illegible] ઇન્દ્રિ-ન કહેવાય. ઘણું કરીને અનેક મનુષ્યોનું ઇન્દ્રિયસુખ જીવનના અંત [illegible] એવું જીવન નથી; કારણ કે ઇન્દ્રિય-પરાયણ મનુષ્યોનું સુખસ્વપ્ન ત્રણ પ્રકારે [illegible] ટકી શકતું [illegible] જાય છે. પ્રથમ તો અતિભોગોપભોગ ભોગવવાને લીધે જે ગ્લાનિ અથવા [illegible] ઉપજે છે

લઇને, બીજું ઇન્દ્રિયાસક્તિને લીધે જે રોગ કિંવા અસામર્થ્ય અવશ્યમેવ આવવું જ જોઇએ તેને લઇને, અને બીજું વયોવૃદ્ધિને લઇને. એક મનુષ્ય ઇન્દ્રિયસુખોમાં ગમે તેટલો રચીપચી રહે તોપણ ઉક્ત ત્રણ પ્રકારમાંથી કોઇ એક પ્રકારે તેનું સુખ-સ્વપ્ન ઉડી જવાનું, એ વાત ચોક્કસ છે, અને તેથી ઇન્દ્રિયસુખો ક્ષણિક છે એમ કહેવામાં આવ્યું છે તે તદ્દન યથાર્થ છે.

શિષ્ય:—ત્યારે જે વૃત્તિઓને ઉત્કૃષ્ટ વૃત્તિઓ કહેવામાં આવે છે તે વૃત્તિઓના અનુશીલનથી જે સુખ પ્રાપ્ત થાય તે સુખ શું આ જીવનમાં ચિરસ્થાયી રહી શકે

ગુરુ:—એમાં તો અણુમાત્ર સંદેહ નથી. એક સામાન્ય ઉદાહરણથી આ વા તને સમજાવું. પ્રથમ દયાવૃત્તિને લઇએ. પરોપકારથી દયાવૃત્તિ ખીલી શકે છે. આ વૃત્તિમાં માત્ર એકજ દોષ છે, અને તે એજ કે જે મનુષ્ય પરોપકારવડે દયાવૃત્તિ યોગ્ય પ્રમાણમાં ખીલવી શકતો નથી તે મનુષ્ય દયાવૃત્તિના અનુશીલનમાં કેવા પ્રકારનું ખાસ સુખ રહેલું છે તેનો તે પોતે અનુભવ કરી શકતો નથી. જેઓએ દયાવૃત્તિનું અનુશીલન કર્યું છે તેઓ સારી રીતે જાણે છે કે દયાના અનુશીલનમાં અથવા તો પરોપકારમાં એક પ્રકારનું એવું તીવ્ર સુખ રહેલું છે કે નિકૃષ્ટ વર્ગ મનુષ્યો તેની કલ્પના પણ કરી શકે નહિ. **પરોપકાર કરવાથી હૃદયમાં જે સુ થાય છે તે સુખ જગતની સર્વોત્તમ સુંદરીઓના સહવાસમાં પણ મ શકતું નથી.** વળી તેમાં બીજી ખુબી એ છે કે એ દયાવૃત્તિને જેમ વિશે **વિશેષ ખીલવતા જઇએ તેમ તેમ તેની સુખજનકતા વધતી જાય છે.** નિ વૃત્તિઓના અનુશીલનથી ગ્લાનિ ઉપજવાનો જે ભય સ્વાભાવિક રીતે રહેલો હોય તેવો ભય તો આ દયાવૃત્તિના અનુશીલનમાં જરા સરખો પણ રહેતો નથી. તે પ્રમાણે અતિતૃપ્તિથી જે વિરાગ તથા દુર્બળતા ઉત્પન્ન થવાનો ભય હોય છે તે ઉત્કૃષ્ટ વૃત્તિઓના અનુશીલનમાં રહેતો નથી; એટલુંજ નહિ પણ ઉત્કૃષ્ટ વૃત્તિ જેમ જેમ વિશેષરૂપે ખીલતી જાય છે તેમ તેમ તેનું બળ અને સામર્થ્ય વૃ પામતું જાય છે. તે સિવાય તેના નિયમિત અનુશીલનમાં પણ કોઇ દિવસ વિ નડતું નથી. એક પેટભરો મનુષ્ય બહુ બહુ તો દિવસમાં બે વાર, ત્રણ વાર કે વાર ઠાંસી ઠાંસીને ખાઇ શકે. તેજ રીતે બીજા ઇન્દ્રિયલોલુપી મનુષ્યોના ભોગની અમુક હદ હોય છે; પરન્તુ પરોપકારી વૃત્તિ તો એવા પ્રકારની છે કે કલાકે ક કિંવા ક્ષણે ક્ષણે તેનું અનુશીલન કરવામાં આવે તોપણ કોઇ દિવસ કંટાળો-વિ કે રોગ ઉત્પન્ન થવાનો ભય રહે નહિ. જો કોઇ ધારે તો છેવટે જીવનના અં સમયપર્યંત તે વૃત્તિનું અનુશીલન નિભાવી શકે. અનેક મનુષ્યો મરતાં મરતાં અમુક વાક્યોથી કે અમુક ઇસારાથી લોક-કલ્યાણનાં કાર્યો કરતા જાય છે. એડી મરતાં મરતાં એક દુરાચારી યુવકને બોલાવીને કહ્યું હતું કે-" જો ધાર્મિક મ

કેવા આનંદથી ભરી શકે છે ?"

હવે પરકાળવિષે બોલીશ.ભલે, જન્માંતર માનવામાં ન આવે અને પરકાળનોજ સ્વીકાર કરવામાં આવે તોપણ આપણી માનસિક વૃત્તિઓ પરકાળે પણ વિદ્યમાન હોય છે; મતલબ કે દયાવૃત્તિ પણ પરકાળે હોય છે-કારણ કે તે એક પ્રકારની માનસિકવૃત્તિ છે. આપણે આ જીવનમાંથી જે પ્રકારની માનસિક અવસ્થા સાથે સઘને જઇશું તેજ અવસ્થા પરકાળની પ્રાથમિક અવસ્થા લેખાશે. કેમકે જયાં સુધી કોઇ એક ખાસ કારણ નથી મળતું ત્યાંસુધી કોઇ પણ અવસ્થામાં આકસ્મિક ફેરફાર થવા પામતો નથી એવો એક સામાન્ય નિયમ છે. આપણે આપણી માનસિકવૃત્તિને ઉત્તમરૂપે આ અવસ્થામાં ખીલવી શકીએ તો તે આ અવસ્થામાં સુખપ્રદ થાય એટલુંજ નહિ પણ પરકાળે પણ તે સુખપ્રદ થઇ શકે. જે આપણે ધારીએ તો પરકાળે પણ એ પ્રાથમિક અવસ્થાને અધિક પ્રમાણમાં ખીલવી અધિક સુખી બની શકીએ.

શિષ્ય:—એ સર્વ સુખો કેવળ સ્વપ્નવત્ હોય એમ મને લાગે છે, અને તેથી મારા અંતઃકરણમાં તે વાત ઉતરતી નથી. દયાનું અનુશીલન અને સાર્થક્ય કર્મનેજ આભારી છે. આપણે જ્યારે આ દેહનો ત્યાગ કરી જઇશું ત્યારે દેહની સાથે આપણી કર્મેંદ્રિયો પણ અહિંઆંજ રહી જવાની; તો પછી પરકાળમાં કર્મ કેવી રીતે થઇ શકે ?

ગુરુ:—તારો આ પ્રશ્ન બહુજ ક્ષુદ્ર છે. તું એટલું પણ નથી જાણતો કે જે ચૈતન્ય આ દેહમાં વ્યાપી રહ્યું છે તેજ ચૈતન્ય કર્મેન્દ્રિયોદ્વારા પોતાનું કામ કરે જાય છે; પરંતુ જે ચૈતન્ય દેહથી બંધાયલું હોતું નથી તે ચૈતન્યને કામ કરવા માટે કર્મેન્દ્રિયોની જરૂર પડે એમ માનવાનું કશું કારણ નથી, અને તે યુક્તિસંગત પણ નથી.

શિષ્ય—કેમ યુક્તિસંગત નથી ? अन्यथा सिद्धिशून्यस्य नियत पूर्ववर्तिता कारणम् ॥ મતલબ કે કર્મેન્દ્રિયો વિના કર્મ કોઇ કાળે થઇ શકે નહિં. જે મનુષ્ય કર્મેન્દ્રિયરહિત હોય તે મનુષ્ય કર્મ કરી શકતો હોય એવું તો મેં કયાંઇ જોયું નથી.

ગુરુ:—ઇશ્વરમાં નથી જોઇ શકતો ? અગર તું એમ કહેવા માગતો હો કે "હું ઇશ્વરને માનતો નથી" તો આપણી વાત આગળ ચાલી શકશે નહિ. પરકાળને ધર્મથી જુદો પાડી તારી સાથે ધર્મચર્ચા કરવા હું તૈયાર છું, પરંતુ ઇશ્વર વિના ધર્મની વ્યાખ્યા મારાથી કોઇ રીતે થઇ શકે તેમ નથી. અગર તું એમ માનતો હો કે "ઇશ્વર સાકાર છે, અને તેથી તેણે એક કારીગરની માફક આ જગત તૈયાર કર્યું છે" તોપણ હું તારી સાથે આગળ વાત ચલાવવા માગતો નથી. હું આશા રાખું છું કે તું ઇશ્વરને તો માનતો હોઇશ, તેમજ તે નિરાકાર છે એમ પણ સ્વીકારતો હોઇશ. જો આટલી વાત તું સ્વીકારી શકશે તો ઇશ્વર પોતે કર્મેન્દ્રિયરહિત હોવા

છતાં કર્મનો કર્તા બની શકે છે તે વાતનો સ્વીકાર કરવામાં તને કઠિનતા જેવું નહિ જણાય; કારણ કે ઇશ્વર પોતેજ સર્વકર્તા અને સર્વસ્રષ્ટા છે.

પરલોકમાં જીવનની અવસ્થા જૂદાજ પ્રકારની હોય છે, તેથી તેમની જરૂરીઆતો પણ જૂદાજ પ્રકારની હોય છે. ત્યાં તેમને ઇન્દ્રિયોની જરૂર ન પડતી હોય તો તે તદ્દન સ્વાભાવિક છે.

શિષ્યઃ—કદાચ તેમ હોઇ શકે; પરંતુ એ સર્વ વાતો માત્ર અનુમાનવાળી છે. અનુમાન અથવા કપોલકલ્પના ઉપર મને વિશ્વાસ નથી.

ગુરુઃ—કપોલકલ્પના નહિં, પણ અનુમાનવાળી વાત છે, એમ તો હું પણ સ્વીકારૂં છું: પરંતુ તેનો તારે સ્વીકાર કરવો કે નહિ તે તારી ઇચ્છાને આધીન છે. હું પરલોક પ્રત્યક્ષ જોઇ આવ્યો છું અને તને તે સંબંધી વિશ્વાસ કરવાનું કહું છું, એમ તો કાંઇજ નથી. એ સર્વ વાતો એવી છે કે તેને માટે અનુમાન સિવાય બીજું એકકે પ્રમાણ મળી આવતું નથી, તેમ છતાં અનુમાનવાળી વાતોનો પણ કોઇ એક ખાસ પાયો અવશ્ય હોય છે. પાયા વગરનું અનુમાન ટકી શકતું નથી. હવે જો પરકાળ હોય અને તું "લો ઓફ કન્ટીન્યુઇટી"—અર્થાત માનસિક અવસ્થાનો ક્રમાનુગ માનતો હો તો પરકાળસંબંધી મેં જે અનુમાન કર્યું તે સિવાયનું બીજું કોઇપણ પ્રકારનું અનુમાન કરવું યોગ્ય નથી. મેં જે 'લો ઑફ કન્ટીન્યુઇટી'—ક્રમાનુગત ભાવ સંબંધી ઇશારો કર્યો તે ખાસ લક્ષમાં રાખવા જેવો છે. હિન્દુઓનું, ક્રિશ્ચિયનોનું અને ઇસ્લામીઓનું સ્વર્ગ-નરક ઉક્ત નિયમથી વિરુદ્ધ છે.

શિષ્યઃ—પરકાળનો સ્વીકાર કરી ચૂક્યો છું તો પછી આપનો એ નિયમ સ્વીકારવામાં બહુ આનાકાની કરવી એ વ્યર્થ છે. આખું હાથી ગળે ઉતારી જાય તેને એક પૂંછ બીજા ગળે જવું કાંઇજ મુશ્કેલ નથી; પણ હું જાણવા માગું છું કે એ પરકાળની રાજ્યની લગામ કોના હાથમાં હશે?

ગુરુઃ—જેણે સ્વર્ગ-નરકની રચના કરી છે તેણેજ પરકાળરૂપી રાજ્યની લગામ પોતાના હાથમાં રાખી છે, મારા તારા જેવાથી એ રાજ્યની વ્યવસ્થા કે સ્થાપના થઇ શકે નહિ. હું તો માત્ર મનુષ્ય-જીવનની સમાલોચના કર્યા પછી ધર્મનો જે સ્વરૂપ મર્મ સમજી શક્યો છું તેજ તને સમજાવવાનો પ્રયત્ન કરૂં છું; છતાં એ [illegible] કરી કહું છું. વિદ્યાર્થી પાઠશાળામાંથી બહાર પડ્યા પછી તુરતજ [illegible] મહામહોપાધ્યાય બની શકતો નથી; પરંતુ કાળક્રમે તે એક મહાન પંડિત બની [illegible] એવો સંભવ માનીએ તો તે ખોટું નથી. એથી ઉલટી રીતે જોઇએ તો જે વિદ્યાર્થી [illegible] નથી, તેમજ [illegible] મોતની માફક પિતાના [illegible] નથી એવો વિદ્યાર્થી એકદમ [illegible] ધુરંધર પંડિત બની શકે એ [illegible] નહિ. આ [illegible] હું એક પાઠશાળાની ઉપમા આપું છું. જે મ[illegible]

[illegible]

જિજ્ઞાસુ—[illegible]

મુમુક્ષુ—[illegible] સુખને ક્ષણિક સુખ કહી શકાય ?

જિજ્ઞાસુ—[illegible] એ વાત [illegible] નથી. [illegible] એટલું સમજું કે [illegible] અનુભવ કર્યો, અને તેથી મને અલૌકિક આનંદ થયો. હવે એ આનંદને સ્થાયી સુખ કહી શકાય કે ક્ષણિક સુખ કહી શકાય ?

મુમુક્ષુ—મારા સમજવા પ્રમાણે એ તો ક્ષણિક સુખ જ છે. જિજ્ઞાસુ ! ઇન્દ્રિયોનું જો યોગ્ય અનુશીલન થાય અને તેના પરિણામે જે સુખ પ્રાપ્ત થાય, તેટલું જ સુખતરીકે લેખી શકાય એ સ્થાયી સુખના એક અંશ અથવા [illegible] નહીં તો એ ગાન અથવા અભિનયનું સુખ કહ્યું તેને લેખી શકાય નહીં. કેટલીએક ઇન્દ્રિયો એવી છે કે તેના અનુશીલનથી જે સુખ પ્રાપ્ત થાય તેને આસ્વાદી સુખ કહેવામાં આવે છે. આ અવસ્થાએ સુખના હું બે ભેદ પાડું છું:—

(૧) એક સુખ એવા પ્રકારનું છે કે જેનું પરિણામ દુઃખરૂપ હોય, અને (૨) એક સુખ એવા પ્રકારનું કે જે ક્ષણિક હોવા છતાં પરિણામે દુઃખરહિત હોય. ધનિ-આદિ નિકૃષ્ટ વૃત્તિઓના સંબંધે ચર્ચા કરતી વખતે મેં જે કાંઈ કહ્યું છે તે ઉપરથી તું એટલું તો સમજી શક્યો હોઈશ કે નિકૃષ્ટ વૃત્તિઓનું પણ જો યોગ્ય અને પરિમિત અનુશીલન થાય તો દુઃખરહિત સુખ પ્રાપ્ત થાય અને એજ વૃત્તિઓને જો સ્વચ્છંદતાપૂર્વક બહેકાવી દેવામાં આવે તો તેથી દુઃખરૂપી ફળવાળું સુખ પ્રાપ્ત થાય. આ પ્રમાણે એકંદરે સુખના ત્રણ પ્રકાર કહી શકાય.

(૧) સ્થાયી સુખ.

(૨) ક્ષણિક, પરન્તુ પરિણામે દુઃખરહિત સુખ.

(૩) [illegible], પરન્તુ પરિણામે દુઃખના કારણભૂત સુખ.
[illegible] પ્રકારના સુખને તો "સુખ" કહેવું ઘટિતજ નથી. માટે આપણે
[illegible] સુખ માનીશું. એક તો સ્થાયી સુખ અને બીજું અસ્થાયી સુખ
[illegible] "દુઃખના સુખ" એવો કરવાનો છે. સુખનો
[illegible] આગળ કહ્યું હતું ત્યાં આ પ્રકારનુંજ સુખ [illegible]
[illegible] પરિણામ દુઃખમય હોય તેને સુખ કહેવું એ તો શબ્દનો [illegible]
[illegible] છે. કારણ કે દુઃખના પરિણામવાળું સુખ એ વસ્તુતઃ સુખ
નથી, [illegible] દુઃખની [illegible]માત્રજ છે. દુઃખના પરિણામવાળા સુખને તો મૂર્ખ
[illegible] સુખ માની લે છે. જે પ્રાણી પાણીમાં ડૂબી મરે તેને
[illegible] તો આનંદ યા સુખ આપી શકે, પણ પરિણામે
[illegible] "સુખ" એનું નામજ શી રીતે ઘટી શકે? પાણીમાં
[illegible] જે સુખ થાય તે યથાર્થ સુખ નથી; પણ
[illegible] અવસ્થામાત્ર છે; તેવીજ રીતે દુઃખના પરિણામવાળું
[illegible] સુખ નામ આપી શકાય નહિ.

[illegible] તેં પૂછ્યું હતું કે "અમુક નીતિમ[illegible] [illegible] એનો નિર્ણય કેવી રીતે [illegible] નિર્ણય થઈ શકે?" [illegible] ધર્મના અનુશીલનથી [illegible] આપણું કર્તવ્ય છે. [illegible] અનુશીલનથી ક્ષણિક સુખની [illegible] આપણે માટે [illegible] પરિણામ દુઃખમય હોય છે, [illegible] અનુશીલન અમુક પરિમિત [illegible] પ્રમાણમાં [illegible] નથી. [illegible]

[illegible]

अध्याय–८ मो शारीरिक वृत्ति

શિષ્યઃ—આપની આટલી વાત ઉપરથી "અનુશીલન" એટલે શું એ વિષય સમજાયો. "સુખ" એટલે શું એ પણ સમજાયું. તેની સાથે સુખ એ અનુશીલનનો ઉદ્દેશ અને સામંજસ્ય એ તેની સીમા, એ વાત પણ લક્ષમાં આવી ગઇ; પરંતુ વૃત્તિઓના અનુશીલન સંબંધે આપે હજીસુધી કાંઇ કહ્યું નથી. અર્થાત્ વૃત્તિઓને કેવી રીતે કેળવવી તે વિષે આપે કાંઇ ઉપદેશ આપ્યો નથી. કયી વૃત્તિને કેવી રીતે કેળવવી તે વિષે કાંઇ ઉપદેશ આપવાની જરૂર હોય એમ આપને નથી લાગતું ?

ગુરુઃ—એ વિષય શિક્ષણશાસ્ત્રનો છે. શિક્ષણશાસ્ત્ર પણ ધર્મશાસ્ત્રમાં આવી જાય છે; પરંતુ આજની આપણી ચર્ચામાં એને માટે સ્થાન નથી. આપણો ઉદ્દેશ તો માત્ર એટલોજ છે કે ધર્મ, એટલે શું એ વિષય બરાબર સમજી લેવો. વિષયાંતર ન થાય તેટલા માટે શિક્ષણસંબંધે જેટલું કહેવા યોગ્ય હશે તેજ હાલ તો કહીશ.

વૃત્તિ ચાર પ્રકારની છે. (૧) શારીરિકી, (૨) જ્ઞાનાર્જની (૩) કાર્યકારિણી, અને (૪) ચિત્તરંજિની. સ પહેલાં શારીરિક વૃત્તિના સંબંધમાં બોલીશ; કારણ કે જીવનમાં એજ વૃત્તિનું સ્ફુરણ સૌ પ્રથમ અનુભવાય છે. શારીરિક વૃત્તિની સ્ફુર્તિમાં અને પરિતૃપ્તિમાં જે સુખ છે તે વિસ્તારથી સમજાવવાની ભાગ્યેજ જરૂર છે; પરન્તુ ધર્મની સાથે તેનો સંબંધ કેવા પ્રકારનો હોઇ શકે એ વાત બહુ અગત્યની હોવાથી હું તેજ વિષય હાથમાં લઇશ.

શિષ્યઃ—વૃત્તિને કેળવવી અને ખીલવવી એ ધર્મ છે, એમ ઘણાખરા માણસો વિશ્વાસપૂર્વક માનતા નથી; તેટલાજ માટે આપને એ વિષય ચર્ચવાની જરૂર પડી છે ને ?

ગુરુઃ—કોઇ કોઇ યૂરોપીયન અનુશીલનવાદી, વૃત્તિના અનુશીલનને ધર્મ અથવા તો ધર્મનો અંશ માનવાને તૈયાર જણાય છે, પરંતુ શારીરિક વૃત્તિના અનુશીલનની જરૂર હોય એવું તો તેમાંના કોઇએ કહ્યું નથી.

શિષ્યઃ—તો પછી આપનેજ એમ કહેવાની શામાટે જરૂર પડી ?

ગુરુઃ—જો સર્વ પ્રકારની વૃત્તિઓનું અનુશીલન એ ધર્મ હોય તો પછી શારીરિક વૃત્તિઓનું અનુશીલન એ પણ ધર્મમાંજ આવી જવું જોઇએ; પરંતુ અત્યારે એ વાતને એક બાજુએ રહેવા દે. જગતમાં જેને સર્વત્ર ધર્મ કહેવામાં આવે છે તેમાંના તું અમે તે મતવિષે વિચાર કરશે તો તને જણાશે કે શારીરિક વૃત્તિના અનુશીલન માટે ક્યાંઇ ઉપેક્ષા કે બેદરકારી બતાવવામાં આવી નથી. યાગયજ્ઞ, વ્રત–અનુષ્ઠાન, તથા ક્રિયાકલાપ વગેરેને જો તું ધર્મ કહેતો હો; જો દયા–દાક્ષિણ્ય, પરોપકાર વિગેરેને તું ધર્મ લેખતો હો, અગર તો દેવતાની ઉપાસના કિંવા ઇશ્વરોપાસ-

નાનેજ માત્ર ધર્મ કહેતા હો, એટલુંજ નહિ પણ ક્રિશ્ચિયનધર્મ કે ઇસ્લામધર્મ-નેજ ધર્મ કહેતા હો તો તે દરેક ધર્મને માટે શારીરિકવૃત્તિના અનુશીલનની પણ અનિવાર્ય જરૂર છે. અલબત્ત, શારીરિકી વૃત્તિઓને પૂર્ણ કેળવવી એવો મુખ્ય અને ખુલ્લો ઉપદેશ કોઈ ધર્મમાં નથી, છતાં ધર્મમાં જે વિઘ્નો નડે તે વિઘ્નોનો નાશ કરવા અર્થે તેની પણ ઘણીજ જરૂર છે, એમ તને લાગ્યા વિના રહેશે નહિ. આ વાત કોઈ ધર્મવેત્તાએ કદાપિ સ્પષ્ટરૂપે ઉપદેશી નથી; પરંતુ અત્યારનો કાળ એવો છે કે હવે તે વાત ખાસ કરીને સ્પષ્ટરીતે કહ્યા સિવાય ચાલતું નથી.

શિષ્ય:—ધર્મમાં વિઘ્ન હોઇજ કેમ શકે ? અને કદાચ વિઘ્ન આવતું હોય તો શારીરિકી વૃત્તિનું અનુશીલન તેને કેવી રીતે દૂર કરી શકે તે સમજાવો.

ગુરુ:—દાખલાતરીકે પ્રથમ રોગનેજ લે. રોગ એ ધર્મમાં મોટામાં મોટું વિઘ્ન છે. જે શ્રદ્ધાળુ હિન્દુ રોગના પંજામાં સપડાઇ જાય તે મનુષ્ય યાગયજ્ઞ, વ્રત-નિયમ કે તીર્થદર્શન વિગેરે કાંઇ કરી શકે નહિ એ તો સ્પષ્ટજ છે. જે શ્રદ્ધાળુ હિન્દુ પરોપકારાદિ સદનુષ્ઠાનોને ધર્મ માનતો હોય તેને માટે પણ રોગ એ મહાન વિઘ્નરૂપ છે. મતલબ કે રોગને લીધે જે મનુષ્ય પોતેજ અશક્ત હોય તે બીજાને કેવી રીતે ઉપયોગી થઈ શકે ? જે મનુષ્યો એમ માનતા હોય કે ધર્મને માટે હાથ-પગ હલાવવાની કશી જરૂર નથી- માત્ર ઇશ્વરનું ધ્યાનજ કર્યા કરવું તેજ યથાર્થ ધર્મ છે તેને માટે પણ રોગ એ ધર્મમાં અંતરાયરૂપ છે. કારણ કે રોગી મનુષ્ય ઇશ્વરસંબંધી જેવું જોઇએ તેવું ધ્યાન કરી શકતો નથી. રોગની વેદનાને લીધે તેનું મન એકાગ્ર થઇ શકતું નથી. શારીરિક વેદનાનું પ્રાબલ્ય એટલું બધું છે કે ચિત્તને તે વિચલિત કે પરાજીત કર્યા વિના રહેતું નથી. રોગ એ કર્મયોગીઓના કર્મમાં મહાન વિઘ્નરૂપ છે. જ્ઞાનયોગીઓના જ્ઞાનયોગમાં વિઘ્નરૂપ છે, અને ભક્તોની ભક્તિમાં પણ વિઘ્નરૂપ છે. ટુંકમાં રોગ એ ધર્મનું પરમ વિઘ્ન છે.

સમસ્ત શારીરિકી વૃત્તિઓને બરાબર ખીલવવામાં ન આવે તોજ રોગ થાય, એ વિષય, હું ધારૂં છું કે તને વિશેષ વિસ્તારપૂર્વક સમજાવવાની જરૂર નથી.

શિષ્ય:—આ વિષયની શરૂઆતમાંજ શરીરને વિશેષ શરદી લાગવા દેવી એને આપે અધર્મ કહ્યો હતો. શરદી લાગવા દેવી એને પણ શું અનુશીલનનો અભાવ કહી શકાય ?

ગુરુ:—શારીરિક તત્ત્વોનો તેં અભ્યાસ કર્યો હશે તો તું સમજી શકશે કે શરદી એ ત્વચા ઇન્દ્રિયના સ્વાસ્થ્યકર અનુશીલનમાં એક વિઘ્ન અથવા વ્યાઘાત સમાન છે.

શિષ્ય:—આપના કહેવા ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે જ્ઞાનાર્જની વૃત્તિનું જ્યાંસુધી બરાબર અનુશીલન થાય નહિ ત્યાંસુધી શારિરીક વૃત્તિનું પણ યથાયોગ્ય અનુશીલન થઈ શકે નહિ.

ગુરુઃ—ના. તેમ નથી. સમસ્ત વૃત્તિઓના યથાયોગ્ય અનુશીલનને પરસ્પરના અનુશીલન સાથે ઘણો ગાઢ સંબંધ રહેલો છે. કેવળ માત્ર જ્ઞાનાર્જની વૃત્તિઓનું યોગ્ય અનુશીલન થયું હોય તોજ શારીરિક વૃત્તિનું અનુશીલન થઈ શકે એવું તો છેજ નહિ. એની સાથે કાર્યકારિણી વૃત્તિઓનું પણ યોગ્ય પ્રમાણમાં અનુશીલન થવું જોઇએ. કયું કાર્ય કેવી રીતે કરવા યોગ્ય છે, કઇ વૃત્તિનું કેવી રીતે અનુશીલન થઇ શકે, તેમજ અનુશીલનની આડે આવતા વ્યાઘાતો કેવી રીતે દૂર કરી શકાય વિગેરે વિષયોનું જ્ઞાન મેળવવા માટે જ્ઞાનાર્જની વૃત્તિની પણ આવશ્યકતા છે. જ્ઞાન વિના તો તું ઇશ્વરને પણ ન ઓળખી શકે, પરંતુ એ વાત હમણાં રહેવા દે.

શિષ્યઃ—નહિ, એ વાતને એટલેથીજ મૂકી દઇ શકાય નહિ. કારણ કે એક પ્રકારની વૃત્તિનું અનુશીલન બીજી વૃત્તિના અનુશીલન સાથે ઘણો ગાઢ સંબંધ ધરાવે છે. તો પછી સૌ પ્રથમ કઇ વૃત્તિનું અનુશીલન કરવું તેનો નિર્ણય કેવી રીતે કરવો?

ગુરુઃ—સઘળી વૃત્તિઓનું યથાસાધ્ય અનુશીલન એકી સાથે એકજ વખતે શરૂ કરી દેવું જોઇએ. અર્થાત્–શૈશવાવસ્થામાં.

શિષ્યઃ—એ તો બહુ નવાઈની વાત! કઈ વૃત્તિનું કેવી રીતે અનુશીલન કરવું તેની તો શૈશવાવસ્થામાં કોઇને ખબર પણ ન હોય! તો પછી એકી સાથે સમગ્ર વૃત્તિઓનું અનુશીલન કેવી રીતે કોઇ કરી શકે?

ગુરુઃ—એટલાજ માટે શિક્ષકની સહાયતા ઘેરી જરૂરની છે. શિક્ષક અને શિક્ષણ વિના કોઈ મનુષ્ય યથાર્થ મનુષ્યત્વ પ્રાપ્ત કરવા માટે ભાગ્યશાળી થઈ શકે નહિ. શિક્ષકનો આશ્રય લેવો એ તો સર્વનું મુખ્ય કર્તવ્ય છે. માત્ર બાલ્યાવસ્થામાંજ નહિ પણ ચિરકાળને માટે આપણે અન્યની પાસેથી શિક્ષણ લેવા તૈયાર રહેવું જોઇએ. હિંદુધર્મમાં ગુરુની પદવીને માટે જે બહુ મહત્ત્વ આપવામાં આવ્યું છે તે છેક નિરર્થક નથી, એટલુંજ નહિ પણ બહુ રહસ્યાત્મક છે, એમ કહું તો પણ વધારે પડતું નથી. આજે આપણી મધ્યમાં જેવા જોઇએ તેવા ગુરુઓ મળી આવતા નથી, તેમજ જેવું જોઈએ તેવું ગુરુનું સન્માન થતું નથી તેટલાજ માટે આજે આપણા સમાજની આટલી બધી અવનતિ થઇ છે. ભક્તિવૃત્તિના અનુશીલનવિષે જ્યારે હું ઉપદેશ કરીશ તે વખતે આ વિષય યાદ કરજે. હમણાં તો મૂળ વાત ઉપરજ આવીશું.

પ્રત્યેક વૃત્તિને અન્ય પ્રકારની વૃત્તિ સાથે બહુ નજીકનો સંબંધ હોવાથી શારીરિક વૃત્તિના અનુશીલનની બહુજ અગત્ય છે. જો શારીરિક વૃત્તિને યોગ્ય પ્રમાણમાં કેળવવામાં ન આવે તો કેમનાપાદિ. વિગેરે ધર્મકાર્યમાં નડ્યા વિના ન રહે એ વાત હું તને સમજાવી ગયો છું. જ્ઞાનાર્જની વૃત્તિને પણ શારીરિક વૃત્તિની સહાય સ્વીકાર્યા વિના ચાલતું નથી. કારણ કે જો શરીર જેવું જોઇએ તેવું સુદૃઢ ન હોય

તો જ્ઞાનાર્જની વૃત્તિને યોગ્ય પોષણ મળી શકે નહિ. સર્વ કોઇ સારી રીતે જાણે છે કે જો શારીરિક શક્તિઓ બળવાન અને પુષ્ટ ન હોય તો માનસિક શક્તિઓ પણ બળવાન અને પુષ્ટ થઇ શકે નહિ—અથવા તો સંપૂર્ણ વિકાસ પામી શકે નહિ. જેવી રીતે શારીરિક આરોગ્ય સુરક્ષિત રાખવાને માટે માનસિક આરોગ્યની જરૂર છે, તેવીજ રીતે માનસિક સ્વાસ્થ્યના રક્ષણને માટે શારીરિક સ્વાસ્થ્યની જરૂર છે. યૂરોપિયન વિદ્વાનોએ અને વિજ્ઞાનવાદીઓએ શરીર તથા મનનો આ સંબંધ બહુ ઉત્તમ રીતે સિદ્ધ કર્યો છે. આપણી કૉલેજોમાં અને શાળાઓમાં અત્યારે જે શિક્ષણ અપાય છે તેમાં જો કોઇ મુખ્ય અને મહાન્ દોષ હોય તો તે એજ છે કે ત્યાં વિદ્યાર્થીઓની શારીરિક ખીલવણી તરફ ઘટતું લક્ષ અપાતું નથી. એ દોષને લીધે જનસમાજની શારીરિક અવસ્થા શોચનીય બનતી જાય છે, તેની સાથે માનસિક અધ:પતન પણ શરૂ થાય છે, અને ધર્મનો આધાર માનસિક શકિત ઉપર રહેલો હોવાથી ક્રમે ક્રમે ધર્મની પણ અધોગતિ થવા લાગે છે.

ત્રીજું વિઘ્ન તો ઉકત વિઘ્ન કરતાં પણ અધિક મહત્ત્વનું છે. જેની શારીરિક વૃત્તિઓ બરાબર કેળવાતી નથી તે મનુષ્ય પોતાની આત્મરક્ષા કરી શકતો નથી. હવે તું વિચાર કરી જો કે જે મનુષ્ય પોતાની આત્મરક્ષા બરાબર ન કરી શકે તે મનુષ્ય નિર્વિઘ્ને ધર્માચરણ કેવી રીતે કરી શકે? પ્રત્યેક વસ્તુની પાછળ શત્રુઓ તથા લૂંટારાઓ તો લાગેલાજ હોય છે, અને તેઓ પ્રસંગોપાત ધર્માચરણમાં હરકત કર્યા વિના રહેતા નથી. તે ઉપરાંત જેઓ પોતાના બાહુ-બળથી દુષ્ટોનું દમન કરી શકતા નથી તેઓને નિર્બળતાને લઇને આત્મરક્ષા અર્થે અધર્મનું અવલંબન પણ લીધા વિના ચાલતું નથી. આત્મરક્ષા મનુષ્યને એવી તો પ્રિય હોય છે કે પરમ ધાર્મિક મનુષ્ય પણ સીધી નહિ તો આડકતરી રીતે પણ કટોકટીના વખતમાં અધર્મનું અવલંબન લીધા વિના રહેતોજ નથી. મહાભારતકારે "**अश्वत्थामा हत इति गजः**" એ વાતમાં તેનું બહુ ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું છે.* બાહુબળવડે દ્રોણાચાર્યનો પરાભવ કરવામાં અસમર્થ નીવડયા એટલે યુધિષ્ઠિર જેવા પરમ ધાર્મિક પુરુષને પણ મિથ્યા વાત કહીને તેમને છેતરવાની જરૂર પડી.

શિષ્ય:—પ્રાચીનકાળમાં એવા પ્રસંગો આવતા હોય, પરંતુ અત્યારના જમાનામાં તો રાજા પોતે સર્વનું રક્ષણ કરવાને બંધાયેલ છે. આત્મરક્ષા માટે અત્યારે સર્વ કોઇને બળવાન્ બનવાની શું જરૂર છે?

ગુરુ:—રાજા સર્વની રક્ષા કરે એવો નિયમ છે ખરો, પરંતુ વસ્તુતઃ કાર્યમાં

* "अश्वत्थामा हत इति गजः" એવા શબ્દો મહાભારતમાં નથી. "हतः कुंजरः" એ પ્રમાણે છે.

તેમ બનતું જણાતું નથી. જો તેનાથી તેમ કંઈ થતું હોત તો અદાલતો રોજ જે ઝઘડાઓ-મારામારીઓ-ધાડો-ચોરીઓ અને ખૂનો થાય છે તે થવા પામત નહિ. પોલીસના રિપોર્ટ વાંચવાથી જણાય છે કે જેઓ પોતાની આત્મરક્ષા કરવાને અસમર્થ હોય છે તેઓના ઉપરજ સર્વત્ર જુલમ ગુજરવામાં આવેલા હોય છે. બળવાન મનુષ્ય ઉપર કોઈ હુમલો કરી શકતું નથી, પરંતુ મારી આ વાતનો ખોટો અર્થ ન થાય તેટલા માટે મારે એ પણ સ્પષ્ટ કહી દેવું જોઈએ કે આત્મ-રક્ષાનો અર્થ એવો નથી કે પ્રત્યેક મનુષ્યે પોતાનાજ શરીરની અને પોતાનાજ ધનની રક્ષા કરીને બેસી રહેવું. હું જ્યારે તને ઓનિર્ગના અનુશીલનવિષે કહીશ ત્યારે તું જોઈ શકીશ કે આત્મરક્ષા એ જેમ આપણું મહત્ત્વનું કર્તવ્ય છે, તેમ આપણાં સ્ત્રી-પુત્રો, પરિવાર, સ્વજન, કુટુંબ, પાડોશી વિગેરેની રક્ષા કરવી એ પણ આપણું પ્રધાન કર્તવ્ય છે. પોતાની આત્મરક્ષા સાથે જે બીજાં મનુષ્યોની રક્ષા ન કરે તેને પરમ અધાર્મિક સમજવો; અને એટલાજ માટે મેં કહ્યું છે કે તેની રક્ષાને માટે જે બળ અથવા શારીરિક શિક્ષણ જરૂરનું છે તે બળ અને શિક્ષણ જેનામાં ન હોય તેને પણ અધાર્મિક સમજવો.

આત્મરક્ષા અને સ્વજનરક્ષા કરતાં પણ બીજી એક વાત અધિક મહત્ત્વની છે, એટલુંજ નહિ પણ ધર્મના એક પ્રધાન અંશરૂપ છે. અનેક મહાત્માઓએ આ ધર્મનું પાલન કરવા જતાં પોતાના પ્રાણનો ભોગ આપ્યો છે અને અનેક પવિત્ર પુરુષોએ સર્વસુખનો પરિત્યાગ કરી આપત્તિમાંજ જીવન ગાળવાનું પસંદ કર્યું છે. હું અહીંઆં હવે સ્વદેશરક્ષાવિષે બોલવા ઇચ્છું છું.

આત્મરક્ષા અને સ્વજનરક્ષા એ જો ધર્મ હોય તો પછી સ્વદેશરક્ષા પણ ધર્મમાંજ સમાઈ જાય છે એમ કહેવાની જરૂર નથી. એક મનુષ્ય જેમ બીજા મનુષ્ય ઉપર હુમલો કરી તેનું સર્વસ્વ પડાવી લેવાનો પ્રયત્ન કરે છે તેમ એક સમાજ અથવા દેશ પણ બીજા સમાજ અથવા દેશ ઉપર હુમલો કરી તેનું સર્વસ્વ લુંટી જવાનો યત્ન કરે છે. જ્યાંસુધી મનુષ્યોને રાજાના હુકમથી કિંવા ધર્મની આજ્ઞાથી અંકુશમાં રાખવામાં ન આવે ત્યાંસુધી મનુષ્યો પરસ્પર—એક બીજા ઉપર હુમલાઓ કર્યા વિના રહેતાં નથી. જે સમાજમાં રાજાની આજ્ઞાનું પાલન થતું નથી તે સમાજનાં મનુષ્યો પોતાની મરજીમાં આવે તેને હેરાન કરી શકે છે, અને મરજી મુજબ ત્રાસ વર્તાવી શકે છે. મનુષ્યોના સંબંધમાં જેમ આ વાત ખરી છે તેમ સમાજોના સંબંધમાં પણ તેટલીજ ખરી છે. જો વિવિધ મનુષ્ય-સમાજો ઉપર એક રાજા અથવા એક શાસનકર્તા ન હોય તો એક બળવાન સમાજ બીજા નિર્બળ સમાજને હેરાન કરી તેનું સર્વસ્વ લુંટી જાય, એ સ્વાભાવિક છે. હું અહીંઆં જંગલી—અસભ્ય સમાજોના વિષયમાં બોલતો નથી, સુધરેલા ગણાતા

તો જ્ઞાનાર્જની વૃત્તિને ગેગ્ય પોષણ મળી શકે નહિ. સર્વ કોઇ સારી રીતે જાણે છે કે જો શારીરિક શક્તિઓ બળવાન અને પુષ્ટ ન હોય તો માનસિક શક્તિઓ પણ બળવાન અને પુષ્ટ થઇ શકે નહિ—અથવા તો સંપૂર્ણ વિકાસ પામી શકે નહિ. જેવી રીતે શારીરિક આરોગ્ય સુરક્ષિત રાખવાને માટે માનસિક આરોગ્યની જરૂર છે, તેવીજ રીતે માનસિક સ્વાસ્થ્યના રક્ષણને માટે શારીરિક સ્વાસ્થ્યની જરૂર છે. યૂરોપિયન વિદ્વાનોએ અને વિજ્ઞાનવાદીઓએ શરીર તથા મનનો આ સંબંધ બહુ ઉત્તમ રીતે સિદ્ધ કર્યો છે. આપણી કૉલેજોમાં અને શાળાઓમાં અત્યારે જે શિક્ષણ અપાય છે તેમાં જો કોઇ મુખ્ય અને મહાન્ દોષ હોય તો તે એજ છે કે ત્યાં વિદ્યાર્થીઓની શારીરિક ખીલવણી તરફ ઘટતું લક્ષ અપાતું નથી. એ દોષને લીધે જનસમાજની શારીરિક અવસ્થા શોચનીય બનતી જાય છે, તેની સાથે માનસિક અધઃપતન પણ શરૂ થાય છે, અને ધર્મનો આધાર માનસિક શક્તિ ઉપર રહેલો હોવાથી ક્રમે ક્રમે ધર્મની પણ અધોગતિ થવા લાગે છે.

ત્રીજું વિઘ્ન તો ઉક્ત વિઘ્ન કરતાં પણ અધિક મહત્ત્વનું છે. જેની શારીરિક વૃત્તિઓ બરાબર કેળવાતી નથી તે મનુષ્ય પોતાની આત્મરક્ષા કરી શકતો નથી. હવે તું વિચાર કરી જો કે જે મનુષ્ય પોતાની આત્મરક્ષા બરાબર ન કરી શકે તે મનુષ્ય નિર્વિઘ્ને ધર્માચરણ કેવી રીતે કરી શકે? પ્રત્યેક વસ્તુની પાછળ શત્રુઓ તથા લૂંટારાઓ તો લાગેલાજ હોય છે, અને તેઓ પ્રસંગોપાત ધર્માચરણમાં હરકત કર્યા વિના રહેતા નથી. તે ઉપરાંત જેઓ પોતાના બાહુબળથી દુષ્ટોનું દમન કરી શકતા નથી તેઓને નિર્બળતાને લઇને આત્મરક્ષા અર્થે અધર્મનું અવલંબન પણ લીધા વિના ચાલતું નથી. આત્મરક્ષા મનુષ્યને એવી તો પ્રિય હોય છે કે પરમ ધાર્મિક મનુષ્ય પણ સીધી નહિ તો આડકતરી રીતે પણ કટોકટીના વખતમાં અધર્મનું અવલંબન લીધા વિના રહેતોજ નથી. મહાભારતકારે " अश्वत्थामा हत इति गजः" એ વાતમાં તેનું બહુ ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું છે.* બાહુબળવડે દ્રોણાચાર્યનો પરાભવ કરવામાં અસમર્થ નીવડયા એટલે યુધિષ્ઠિર જેવા પરમ ધાર્મિક પુરુષને પણ મિથ્યા વાત કહીને તેમને છેતરવાની જરૂર પડી.

શિષ્ય:—પ્રાચીનકાળમાં એવા પ્રસંગો આવતા હોય, પરંતુ અત્યારના જમાનામાં તો રાજા પોતે સર્વનું રક્ષણ કરવાને બંધાયેલ છે. આત્મરક્ષા માટે અત્યારે સર્વ કોઇને બળવાન્ બનવાની શું જરૂર છે?

ગુરુ:—રાજા સર્વની રક્ષા કરે એવો નિયમ છે ખરો, પરંતુ વસ્તુતઃ કાર્યમાં

* " अश्वत्थामा हत इति गजः" એવા શબ્દો મહાભારતમાં નથી. "हतः कुंजरः" એ પ્રમાણે છે.

તેમ બનતું જણાતું નથી, જો તેનાથી તેમ થઇ શકતું હોત તો અત્યારે રોજ જે ઠગો-મારામારીઓ-ખુંટાઓ-ચોરીઓ અને ખુનો થાય છે તે થવા પામત નહિ. પોલીસના રીપોર્ટો વાંચવાથી જણાય છે કે જેઓ પોતાની આત્મરક્ષા કરવાને અસમર્થ હોય છે તેઓના ઉપરજ સર્વત્ર જુલમ ગુજરવામાં આવ્યો હોય છે. બળવાન મનુષ્ય ઉપર કોઇ હુમલો કરી શકતું નથી, પરંતુ મારી આ વાતનો ખોટો અર્થ ન થાય તેટલા માટે મારે એ પણ સ્પષ્ટ કહી દેવું જોઇએ કે આત્મ-રક્ષાનો અર્થ એવો નથી કે પ્રત્યેક મનુષ્યે પોતાનાજ શરીરની અને પોતાનાજ ધનની રક્ષા કરીને બેસી રહેવું. હું જ્યારે તને મોનિટરના અનુશીલનવિષે કહીશ ત્યારે તું જોઇ શકીશ કે આત્મરક્ષા એ જેમ આપણું મહત્ત્વનું કર્તવ્ય છે, તેમ આપણાં સ્ત્રી-પુત્રો, પરિવાર, સ્વજન, કુટુંબ, પાડોશી વિગેરેની રક્ષા કરવી એ પણ આપણું પ્રધાન કર્તવ્ય છે. પોતાની આત્મરક્ષા સાથે જે બીજાં મનુષ્યોની રક્ષા ન કરે તેને પરમ અધાર્મિક સમજવો; અને એટલાજ માટે મેં કહ્યું છે કે તેની રક્ષાને માટે જે બળ અથવા શારીરિક શિક્ષણ જરૂરનું છે તે બળ અને શિક્ષણ જેનામાં ન હોય તેને પણ અધાર્મિક સમજવો.

આત્મરક્ષા અને સ્વજનરક્ષા કરતાં પણ બીજી એક વાત અધિક મહત્ત્વની છે, એટલુંજ નહિ પણ ધર્મના એક પ્રધાન અંશરૂપ છે. અનેક મહાત્માઓએ આ ધર્મનું પાલન કરવા જતાં પોતાના પ્રાણનો ભોગ આપ્યો છે અને અનેક પવિત્ર પુરુષોએ સર્વસુખનો પરિત્યાગ કરી આપત્તિમાંજ જીવન ગાળવાનું પસંદ કર્યું છે. હું અહીંઆં હવે સ્વદેશરક્ષાવિષે બોલવા ઇચ્છું છું.

આત્મરક્ષા અને સ્વજનરક્ષા એ જો ધર્મ હોય તો પછી સ્વદેશરક્ષા પણ ધર્મમાંજ સમાઈ જાય છે એમ કહેવાની જરૂર નથી. એક મનુષ્ય જેમ બીજા મનુષ્ય ઉપર હુમલો કરી તેનું સર્વસ્વ પડાવી લેવાનો પ્રયત્ન કરે છે તેમ એક સમાજ અથવા દેશ પણ બીજા સમાજ અથવા દેશ ઉપર હુમલો કરી તેનું સર્વસ્વ લુંટી જવાનો યત્ન કરે છે. જ્યાંસુધી મનુષ્યોને રાજાના હુકમથી કિંવા ધર્મની આજ્ઞાથી અંકુશમાં રાખવામાં ન આવે ત્યાંસુધી મનુષ્યો પરસ્પર-એક બીજા ઉપર હુમલાઓ કર્યા વિના રહેતાં નથી. જે સમાજમાં રાજાની આજ્ઞાનું પાલન થતું નથી તે સમાજનાં મનુષ્યો પોતાની મરજીમાં આવે તેને હેરાન કરી શકે છે, અને મરજી મુજબ ત્રાસ વર્તાવી શકે છે. મનુષ્યોના સંબંધમાં જેમ આ વાત ખરી છે તેમ સમાજોના સંબંધમાં પણ તેટલીજ ખરી છે. જો વિવિધ મનુષ્ય-સમાજો ઉપર એક રાજા અથવા એક શાસનકર્તા ન હોય તો એક બળવાન સમાજ બીજા નિર્બળ સમાજને હેરાન કરી તેનું સર્વસ્વ લુંટી જાય, એ સ્વાભાવિક છે. હું અહીંઆં જંગલી-અસભ્ય સમાજોના વિષયમાં બોલતો નથી, સુધરેલા ગણાતા

[illegible] પણ એ પ્રમાણે બનતું આપણે જોઈએ છીએ. જ્યારે [illegible] [illegible] ઉપર હુમલો કરે છે તો ફ્રાંસે જર્મની ફ્રાન્સને જમીન દોસ્ત કરવા આગળ [illegible] ઉપર ચડાઈ લઈ જાય છે તો ફ્રાંસે રશીઆ સુધી તે [illegible] રીતે જ્યારે પોલાંડનો વારો તો ફ્રાંસે [illegible] [illegible] પણ કૂતરાની માફક પરસ્પર [illegible] જે મળે તે ગોમાં નાખીને નાસી જાય છે [illegible] જાતિ પણ બીજી જાતિ પાસેથી પડાવી લઈ [illegible] સમાજને પગતળે કચડી નાખવા [illegible] માટે કરવું પડે છે કે [illegible] [illegible]. આત્મરક્ષા અને સ્વજનરક્ષા [illegible] [illegible] છે, એટલુંજ નહિ પણ તેથી આગળ [illegible] [illegible] કારણ કે જો દેશરક્ષા થઈ શકે તોજ [illegible] [illegible], અને તોજ ધર્મોન્નતિનો માર્ગ નિષ્કંટક બની [illegible] [illegible] નથી.

[illegible] માટે ઉપયોગી છે તો કેટલીક [illegible] [illegible] સમસ્ત વૃત્તિઓના અનુશીલનને માટે [illegible] [illegible] પણ હોય છે. અનેક [illegible] [illegible] હોય છે. [illegible] [illegible] આવતા હતા. [illegible] [illegible] પણ તેના ઉદાહરણરૂપે [illegible] [illegible]

[illegible]

બળવાન બનવું જોઈએ. નાનાં રાજ્યોએ પણ પોતાના રાજ્યમાં જુવાન પુરુષોને યુદ્ધનું શિક્ષણ મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ. જો તેઓ તેમ ન કરે તો બીજું મોટું રાજ્ય અનાયાસે નાના રાજ્યોને ચગદી નાંખ્યા વિના રહે નહિ. પ્રાચીન ગ્રીક પ્રજાના પ્રાયઃ સઘળા મનુષ્યો યુદ્ધને માટે સર્વદા તૈયાર રહેતા. મહાન રાજ્યોમાં અથવા મહાન સમાજોમાં યુદ્ધનો ધંધો અમુક માણસો કરતા આવ્યા છે. પ્રાચીન ભારતવર્ષમાં પ્રજાની વતી ક્ષત્રિયો યુદ્ધ કરતા, અને મધ્યકાલીન ભારતવર્ષમાં પણ રાજપુતો દેશના પ્રતિનિધિરૂપે લડતા એ વાત સર્વ કોઈના જાણવામાં છે; પરંતુ એ રિવાજનું પરિણામ એવું આવતું કે જો પ્રજાનો એ એકજ ભાગ શત્રુની સાથે લડતાં પરાભવ પામતો, તો સમસ્ત દેશને શત્રુના પંજામાં સપડાવું પડતું. ભારતવર્ષના રાજપૂતો જેવા પરાજિત થયા કે તુરતજ મુસલમાનોએ ભારતવર્ષને કબજામાં લીધો. હવે રાજપુત સિવાયની ભારતવર્ષની અન્ય અન્ય પ્રજાઓ પણ જો યુદ્ધને માટે તૈયાર હોત તો ભારતવર્ષની એવી દુર્દશા કોઈ કાળે થવા પામત નહિ. ઇ. સ. ના અઢારમા સૈકાના અંતભાગમાં ફ્રાન્સના સમગ્ર યુવકોએ નેપોલિયન બોનાપાર્ટની આગેવાની નીચે અસ્ત્ર ધારણ કરીને એકસપાટે યૂરોપને ધ્રૂજાવ્યું હતું.

શિષ્યઃ—શરીરને કેવી રીતે કેળવ્યું હોય તો આપે કહ્યો તે ધર્મ બરાબર પાળી શકે?

ગુરુઃ—કેવળ બળનીજ જરૂર નથી. જંગલી માણસો સાથે લડવામાં શારીરિક બળ ઉપયોગી થાય તેટલુંજ. બાકી આ વીસમી સદીમાં તો શારીરિક બળ કરતાં શારીરિક કવાયતજ બહુ જરૂરની છે. અત્યારના સમયમાં સૌ પ્રથમ શારીરિક બળની અને અસ્થિ તથા માંસપેશીની પરિપુષ્ટિને માટે વ્યાયામ જોઈએ. આ દેશમાં પહેલાં દંડ-કુસ્તી તથા મગદળ વિગેરે અનેક પ્રકારની કસરતો પ્રચલિત હતી; પરંતુ અંગ્રેજી સુધારાએ એ સર્વ આપણા હાથમાંથી લઈ લીધું છે. આપણે આપણી પૂર્વની કસરતો અને રમતોને શા માટે તિલાંજલિ આપી દેવી તેનું એકે યથેષ્ટ કારણ મારા જાણવામાં નથી. આપણી અનુકરણપ્રિયતા અથવા તો બુદ્ધિભ્રમનુંજ એ એક ઉદાહરણ છે.

બીજું—અસ્ત્રશસ્ત્રને પ્રધાનપદ આપવું જોઈએ. આપણામાંના પ્રત્યેક અસ્ત્ર-શસ્ત્રના પ્રયોગોમાં પક્વ બનવું જોઈએ.

શિષ્યઃ—પરંતુ અત્યારનો કાયદો અસ્ત્ર ધારણ કરવાની આપણને મનાઈ કરે છે, તેનું કેમ કરવું?

ગુરુઃ—એ તો કાયદા બાંધનારાઓની ભૂલ છે. કાયદાની એ ભૂલ વખત જતાં સુધરી શકશે.

ત્રીજું—અસ્ત્રશિક્ષા ઉપરાંત કેટલીક શારીરિક કવાયતો પણ શીખવી જોઈએ, કારણ કે શારીરિક ધર્મનું સંપૂર્ણ પાલન કરવા માટે કેટલીક કવાયતો બહુજ જરૂરની છે. દાખલા તરીકે અશ્વારોહણ. યુરોપમાં જે મનુષ્ય અશ્વારોહણ કરી શકતો

નથી, અને અસ્ત્રવિદ્યા પ્રાપ્ત કરતો નથી તે મનુષ્ય ત્યાં બહુ ઉપહાસપાત્ર લેખાય છે. વિલાયતની સ્ત્રીઓ પણ અશ્વારોહણ તથા અસ્ત્રધારણ કરવાને શક્તિવાન હોય છે. આપણે હાથે કરીને કેવી દુર્દશાએ પહોંચ્યા છીએ ?

જેવી રીતે અશ્વારોહણ શારીરિક ધર્મનું એક પ્રકારનું અનુશીલન છે, તેવીજ રીતે પગે ચાલીને દૂર ફરવા જવું, તથા તરતાં શીખવું એ પણ એક અનુશીલન છે. જે મનુષ્ય પગે ચાલીને અમુક મજલ કાપી શકે નહિ, તેમજ નદી–નાળું તરી શકે નહિ તે યથાર્થ યોદ્ધો બની શકે નહિ. મેં કહ્યું તે શિક્ષણ કેવળ યોદ્ધાઓનેજ માટે જરૂરનું છે એમ માની લઈશ નહિ. જે મનુષ્યને તરતાં ન આવડે તે મનુષ્ય પાણીમાં પોતાનું કે બીજાનું કદાપિ રક્ષણ કરી શકે નહિ. યુદ્ધના પ્રસંગે લડવૈયાઓને આત્મરક્ષા અથવા પરરક્ષા કરવી પડે એટલાજ માટે તરતાં શીખવું જોઇએ એવો સિદ્ધાંત કરીને બેસી રહીશ નહિ. સામા પક્ષ ઉપર હલ્લો લઇ જવાને તેમજ શત્રુના પંજામાંથી બચવાને માટે પણ આપણે અનેક પ્રસંગે પાણીમાં તરતા તરતા જવું પડે છે. પગે ચાલીને પણ કોસોના કોસો સુધી દોડવું પડે છે, માટે મનુષ્યમાત્રે આ સર્વ કવાયતો શીખવી જોઇએ.

શિષ્ય:—મતલબ કે શરીર પુષ્ટ અને બળશાળી બને તેટલાથીજ શારીરિકવૃત્તિનું અનુશીલન સંપૂર્ણ થયું ન ગણાય, પરંતુ તેની સાથે કસરત—કવાયત વિગેરે-

ગુરુ:—કસરત કિંવા વ્યાયામમાં મલ્લયુદ્ધનો પણ સમાવેશ કરી દેવો જોઇએ. કારણ કે તે બહુ બળદાયક છે. તેમજ આત્મરક્ષા તથા પરોપકારને માટે પણ તેની ઘણી જરૂર પડે છે.

શિષ્ય:—સમજ્યો. ટુંકામાં શરીરની પુષ્ટતા, વ્યાયામ, મલ્લયુદ્ધ, અસ્ત્રશિક્ષા, અશ્વારોહણ, સંતરણ તથા પગે ચાલતાં દૂર સુધી જવાની પણ ટેવ પાડવી જોઇએ.

ગુરુ:—એટલુંજ નહિ સહનશક્તિ પણ જોઇએ. ટાઢ–તડકો તથા ક્ષુધા–તૃ[ષા] સહન કરતાં શીખવું જોઇએ. ગમે તેટલો પરિશ્રમ થયો હોય તોપણ ચિત્ત[માં] ખેદ કે ગ્લાનિ ન થાય તે માટે અભ્યાસ પાડવો જોઇએ. તે સિવાય એક લડવૈ[યા] માટે બીજા પણ કેટલાક અભ્યાસો કરવા જોઇએ. દાખલા તરીકે જરૂરના પ્રસં[ગે] માટી ખોદતાં આવડવું જોઇએ, ઘર બાંધતાં શીખવું જોઇએ, વજન ઉંચકી જવા[ની] ટેવ પાડવી જોઇએ, વિગેરે અનેક સમયે યોદ્ધાઓને દશ–બાર દિવસ ચાલે તેટ[લો] અન્નનો જથ્થો પીઠ ઉપર ઉંચકીને લઇ જવો પડે છે. ટુંકામાં એક કારીગર પોતા[નાં] ઉપયોગી અસ્ત્રો પોતાની પાસે રાખી તેને બરાબર ધારવાળાં બનાવીને સાથે [રાખે] છે તેવીજ રીતે આપણે આપણું દેહરૂપી શસ્ત્ર તીક્ષ્ણ ધારવાળા શસ્ત્ર [જેવું] મારું હમેશાં તૈયાર રાખવું જોઇએ. કારીગર જેમ પોતાનાં સજાવી રાખે[લાં] અસ્ત્રોથી સર્વ દ્રવ્યોને તોડી–ફોડી તથા સાંધી શકે છે, તેવીજ રીતે આ દેહ

સર્વ ક્રમો કરી શકે તેવો સક્ષમ બનાવવો જોઈએ.

શિષ્યઃ—પણ એ કેમ બની શકે તેનો ઉપાય તો આપે કાંઈ બતાવ્યો નહિ.

ગુરુઃ—તેના ઉપાયો (૧) વ્યાયામ, (૨) શિક્ષણ, (૩) આહાર, (૪) ઇન્દ્રિય-સંયમ. એ ચાર ઉપાયો શારીરિક અનુશીલનને માટે પૂરતા છે.

શિષ્યઃ—તેમાં આપે વ્યાયામ તથા શિક્ષણ સંબંધે જે કાંઈ કહ્યું તે મેં ધ્યાન-પૂર્વક સાંભળ્યું છે; પરંતુ આહાર સંબંધે કાંઈ ખુલાસો થયો નથી. શરૂઆતમાંજ વાચસ્પતિ મહાશયના ખાનપાનસંબંધે જે પ્રશ્ન ઉઠાવ્યો હતો તે હવે મને યાદ આવે છે. વાચસ્પતિ મહાશય કેવળ ભાત-દાળ ઉપરજ જીંદગીનો નિર્વાહ કરતા. શું માત્ર એટલું ખાઈને બેસી રહેવું તે ધર્માનુકૂળ છે? તેનાથી વિશેષ પ્રકારનાં દ્રવ્યો આહા-રમાં લેવાં એ શું અધર્મ છે? હું ન ભૂલતો હોઉં તો આપનો કહેવાનો આશય તે વખતે કાંઈક એવાજ પ્રકારનો હતો.

ગુરુઃ—મેં કહ્યું હતું કે શરીરની રક્ષા તથા પુષ્ટિને માટે જો એટલોજ ખોરાક યથેષ્ટ હોય તો તેથી અધિક આહારની લાલસા રાખવી એ અધર્મ છે. શરીરની રક્ષા તથા પોષણને માટે કેવા પ્રકારના આહારની જરૂર છે એ વિષય તો વૈજ્ઞાનિક પંડિતોના હાથમાંજ રહેવા દેવો જોઈએ. ધર્મના ઉપદેશકોનું તે કામ નથી. હું માનું છું કે વૈજ્ઞાનિક પંડિતો દાળ-ભાતને શરીરરક્ષા તથા પુષ્ટિને માટે યથેષ્ટ લેખશે નહિ; પરંતુ તેની સાથે વાચસ્પતિ મહાશયના સંયોગોને વિચારણામાં લઈએ તો તેમના જેવા શરીરશ્રમ વિનાના માણસો માટે એવા સાદા ખોરાક યથેષ્ટ પણ લેખાવા જોઈએ. આપણે તે ચર્ચામાં માથું મારવાની અત્યારે કશી જરૂર નથી. વૈજ્ઞાનિકોનું કામ વૈજ્ઞાનિકો કરે એજ ઇચ્છવાયોગ્ય છે. આહારસંબંધીનો એક મહત્ત્વનો ઉપદેશ, કે જે સ્વયં શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળ્યો છે, તે ગીતામાંથી હું તને સંભળાવું છું, એટલાથીજ સંતોષ માની લેજે:—

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्द्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥

અર્થાત્—જે આહાર આયુષ્યમાં, ઉત્સાહમાં, બળમાં, સ્વાસ્થ્યમાં, સુખમાં અને ચિત્તના આનંદમાં વૃદ્ધિ કરે, રુચિને પ્રદીપ્ત કરે, જે આહાર રસયુક્ત હોય, સ્નિગ્ધ હોય, અને જેનો તાત્ત્વિક અંશ શરીરમાં પાચન થાય તેવો અર્થાત્ "ન્યુટ્રીશીઅસ" હોય, એટલુંજ નહિ પણ જેના દર્શનમાત્રથી ખાવાની ઇચ્છા થાય તેજ આહાર સાત્ત્વિકોને પ્રિય થઈ પડે છે.

શિષ્યઃ—પણ એમાં મદ્ય-માંસ આહારાર્થે લેવા જોઈએ કે નહિ તે તો કાંઈ આવ્યુંજ નહિ.

ગુરુઃ—તે કામ વૈજ્ઞાનિકોનું છે. શારીરતત્ત્વવેત્તાઓને અથવા તો વૈદ્યોને પૂછી

નથી, અને [illegible] પ્રાપ્ત કરતો નથી તે મનુષ્ય ત્યાં બહુ ઉપહાસપાત્ર લેખાય છે. [illegible] પણ અશ્વારોહણ તથા અસ્ત્રધારણ કરવાને શક્તિવાન હોય છે. [illegible] કરીને કેવી દુર્દશાએ પહોંચ્યા છીએ?

[illegible] અશ્વારોહણ શારીરિક ધર્મનું એક પ્રકારનું અનુશીલન છે, તેવી [illegible] દૂર ફરવા જવું, તથા તરતાં શીખવું એ પણ એક અનુશીલન [illegible] અમુક મજલ કાપી શકે નહિ, તેમજ નદી–નાળું તરી [illegible] સારો બની શકે નહિ. મેં કહ્યું તે શિક્ષણ કેવળ યોદ્ધાઓને [illegible] કરીશ નહિ. જે મનુષ્યને તરતાં ન આવડે તે મનુષ્ય [illegible] કદાપિ રક્ષણ કરી શકે નહિ. યુદ્ધના પ્રસંગે લડવૈયાઓને [illegible] કરવી પડે એટલાજ માટે તરતાં શીખવું જોઈએ એમ [illegible] નહિ. સામા પક્ષ ઉપર હલ્લો લઈ જવાને તેમજ શત્રુ [illegible] માટે પણ આપણે અનેક પ્રસંગે પાણીમાં તરતા તરતા જવું પડે [illegible] કોસો સુધી દોડવું પડે છે, માટે મનુષ્યમાત્રે આ સર્વ [illegible]

[illegible] બળશાળી બને તેટલાથીજ શારીરિક [illegible] પરંતુ તેની સાથે કસરત—કવાયત વિગેરે [illegible]

[illegible] મલ્લયુદ્ધનો પણ સમાવેશ કરી દેવો જોઈએ. [illegible] છે. તેમજ આત્મરક્ષા તથા પરોપકારને માટે પણ [illegible]

[illegible] પુષ્ટતા, વ્યાયામ, મલ્લયુદ્ધ, [illegible] દૂર સુધી જવાની પણ ટેવ પાડવી [illegible]

[illegible] જોઈએ. ટાઢ–તડકો તથા [illegible] પરિશ્રમ થયો હોય તોપણ [illegible] જોઈએ. તે સિવાય એક [illegible] કરવા જોઈએ. દાખલા તરીકે [illegible] જોઈએ, વજન [illegible] દિવસ [illegible] છે. [illegible]

સર્વ કર્મો કરી શકે તેવો સક્ષમ બનાવવો જોઈએ.

શિષ્યઃ—પણ એ કેમ બની શકે તેનો ઉપાય તો આપે કાંઈ બતાવ્યો નહિ.

ગુરુઃ—તેના ઉપાયો (૧) વ્યાયામ, (૨) શિક્ષણ, (૩) આહાર, (૪) ઇન્દ્રિય-સંયમ. એ ચાર ઉપાયો શારીરિક અનુશીલનને માટે પૂરતા છે.

શિષ્યઃ—તેમાં આપે વ્યાયામ તથા શિક્ષણ સંબંધે જે કાંઇ કહ્યું તે મેં ધ્યાન-પૂર્વક સાંભળ્યું છે; પરંતુ આહાર સંબંધે કાંઈ ખુલાસો થયો નથી. શરૂઆતમાંજ વાચસ્પતિ મહાશયના ખાનપાનસંબંધે જે પ્રશ્ન ઉઠયો હતો તે હવે મને યાદ આવે છે. વાચસ્પતિ મહાશય કેવળ ભાત–દાળ ઉપરજ જીંદગીનો નિર્વાહ કરતા. શું માત્ર એટલું ખાઈને બેસી રહેવું તે ધર્માનુકૂળ છે? તેનાથી વિશેષ પ્રકારનાં દ્રવ્યો આહા-રમાં લેવાં એ શું અધર્મ છે! હું ન ભૂલતો હોઉં તો આપનો કહેવાનો આશય તે વખતે કાંઈક એવાજ પ્રકારનો હતો.

ગુરુઃ—મેં કહ્યું હતું કે શરીરની રક્ષા તથા પુષ્ટિને માટે જો એટલોજ ખોરાક યથેષ્ટ હોય તો તેથી અધિક આહારની લાલસા રાખવી એ અધર્મ છે. શરીરની રક્ષા તથા પોષણને માટે કેવા પ્રકારના આહારની જરૂર છે એ વિષય તો વૈજ્ઞાનિક પંડિતોના હાથમાંજ રહેવા દેવો જોઈએ. ધર્મના ઉપદેશકોનું તે કામ નથી. હું માનું છું કે વૈજ્ઞાનિક પંડિતો દાળ–ભાતને શરીરરક્ષા તથા પુષ્ટિને માટે યથેષ્ટ લેખશે નહિ; પરંતુ તેની સાથે વાચસ્પતિ મહાશયના સંયોગોને વિચારણામાં લઈએ તો તેમના જેવા શરીરશ્રમ વિનાના માણસો માટે એવા સાદા ખોરાક યથેષ્ટ પણ લેખાવા જોઈએ. આપણે તે ચર્ચામાં માથું મારવાની અત્યારે કશી જરૂર નથી. વૈજ્ઞાનિકોનું કામ વૈજ્ઞાનિકો કરે એજ ઇચ્છવાયોગ્ય છે. આહારસંબંધેનો એક મહત્ત્વનો ઉપદેશ, કે જે સ્વયં શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળ્યો છે, તે ગીતામાંથી હું તને સંભળાવું છું, એટલાથીજ સંતોષ માની લેજે:—

आयुःसत्त्वबलारोग्य सुखप्रीतिविवर्द्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः॥

અર્થાત્—જે આહાર આયુષ્યમાં, ઉત્સાહમાં, બળમાં, સ્વાસ્થ્યમાં, સુખમાં અને ચિત્તના આનંદમાં વૃદ્ધિ કરે, રુચિને પ્રદીપ્ત કરે, જે આહાર રસયુક્ત હોય, સ્નિગ્ધ હોય, અને જેનો તાત્ત્વિક અંશ શરીરમાં પાચન થાય તેવો અર્થાત્ "ન્યુટ્રીશીઅસ" હોય, એટલુંજ નહિ પણ જેના દર્શનમાત્રથી ખાવાની ઇચ્છા થાય તેજ આહાર સાત્ત્વિકોને પ્રિય લાગે છે.

શિષ્યઃ—પણ એમાં મદ્ય–માંસ આહારાર્થે લેવા જોઈએ કે નહિ તે તો કાંઇ આવ્યુંજ નહિ.

ગુરુઃ—તે કામ વૈજ્ઞાનિકોનું છે. શરીરતત્ત્વવેત્તાઓને અથવા તો વૈદોને પૂછી

જો કે મદ્ય–માંસ વિગેરે આયુષ્ય, સત્ત્વ, બળ, આરોગ્ય, સુખ, તથા પ્રીતિવૃત્તિમાં વૃદ્ધિ કરે છે કે નહિ? મદ્ય–માંસમાં શા શા ગુણો તથા અવગુણો રહેલા છે તેનો ખુલાસો તેમની પાસેથી મેળવી લે.

શિષ્ય:—હિંદુ શાસ્ત્રકારોએ તો તેનો નિષેધ કર્યો છે.

ગુરુ:—મારા વિચાર પ્રમાણે હિંદુ શાસ્ત્રકારોએ મદ્ય–માંસનો નિષેધ કરવામાં ખોટું કર્યું નથી. "અનુશીલન" તત્ત્વ એજ તેમના ધર્મોપદેશનું મૂળ હતું; કારણ કે મદ્ય–માંસ અનિષ્ટકારી, અનુશીલનને હાનિકર તથા જેને તમે ધર્મ કહો છો તેને વિઘ્નકર હોવાથી એનો નિષેધ કરવામાં તેઓએ વાજબીજ કર્યું છે.

શિષ્ય:—કોઇ પણ અવસ્થામાં શું મદ્યનો વ્યવહાર નજ કરવો?

ગુરુ:—જે પીડિત વ્યક્તિની પીડા મદ્ય સિવાય બીજા કશાથી શાંત ન થાય એમ હાય, તેને માટેજ તેનો ઉપયોગ કરી શકાય. તથાપિ એક અવસ્થા એવી પણ છે કે જે સમયે ચિકિત્સકો કે વૈજ્ઞાનિકોની આજ્ઞાની રાહ ન જોતાં પરિમિત મદ્યપાન કર્તવ્ય છે.

શિષ્ય:—એવી કયી અવસ્થા છે?

ગુરુ:—યુદ્ધ સમયની અવસ્થા એજ મારો કહેવાનો આશય છે. યુદ્ધકાળે મદ્યપાન ધર્માનુકૂળ લેખાય છે તેનું કારણ માત્ર એટલુંજ છે કે જે જે વૃત્તિઓના બળથી યુદ્ધક્ષેત્રમાં વિજય મળી શકે તે તે વૃત્તિ પરિમિત મદ્યપાનથી વિશેષ બળવાન બને છે. આ સિદ્ધાંતને હિંદુશાસ્ત્ર પણ યોગ્ય માન આપે છે. મહાભારતમાં લખ્યું છે કે જયદ્રથવધના દિવસે એકલો અર્જુન શત્રુની સેનાને ભેદીને શત્રુઓની મધ્યમાં જઇને ઉભો રહ્યો હતો. યુધિષ્ઠિરને આખા દિવસમાં અર્જુનસંબંધી કાંઇ સમાચાર મળ્યા નહિ તેથી તેઓ વ્યાકુળ ચિત્તે બેસી રહ્યા હતા. તે સમયે પાંડવ સેનામાં સાત્યકિ સિવાય બીજો એકકે એવો વીર યોદ્ધો નહોતો કે જે શત્રુઓની મધ્યમાં જઇ અર્જુનના સાચા સમાચાર લઇ આવે. યુધિષ્ઠિરે સાત્યકિને આ દુષ્કર કાર્ય કરવાની રજા આપી. તેના ઉત્તરમાં સાત્યકિએ ઉત્તમ પ્રકારના મદ્યની પ્રાર્થના કરી. યુધિષ્ઠિરે પોતે તેને ઉત્તમ પ્રકારનો મદ્ય આણી આપ્યો. માર્કંડેય પુરાણમાં પણ જણાવ્યું છે કે સ્વયં કાલિકાને અસુરોનો વધ કરતાં પહેલાં સુરાપાન કરવું પડ્યું હતું.

૧૮૫૭ નો મહાન્ બળવો થયો તે વખતે ચિનહોરના યુદ્ધમાં અંગ્રેજી સેનાને હિંદુ તથા મુસલમાનોની સેનાએ પરાજિત કરી હતી. સ્વયં સર હેનરી લૉરેન્સ તે યુદ્ધમાં અંગ્રેજ સેનાનો નાયક હતો, છતાં તેમને હાર ખાવી પડી હતી. અંગ્રેજી ઇતિહાસલેખક સર જોન કે તેના કારણો આપતાં એક કારણ એવું પણ બતાવ્યું છે કે તે દિવસે અંગ્રેજ સેનાને જરૂરજોગો મદ્ય મળી શક્યો નહોતો. એ કારણ છેક અસંભવિત નથી.

તે મને તેમ કે. માંસભક્ષણના સંબંધમાં મારો મત ટુંકમાં આ પ્રમાણે છેઃ— (૧) યુદ્ધકાળે પરિમિત માંસભક્ષણ થઈ શકે. (૨) યુરોપની ચિકિત્સાની શાસ્ત્રાનુસાર રોગાદિમાં તેનો ઉપયોગ કરી શકાય, (૩) તે સિવાય માંસભક્ષણ કરવું અનુચિત છે.

શિષ્ય:—માંસાહારસંબંધે આપનો શું મત છે?

ગુરુ:—મત્સ્ય-માંસ શરીરને ઉપકારી છે કે અપકારી છે તેનો નિર્ણય કરવો તે વૈજ્ઞાનિકોનું કામ છે. × ધર્મવેત્તા તો માત્ર એટલુંજ કહી શકે કે મત્સ્ય-માંસનો આહાર કરવાથી મનુષ્યની પ્રીતિવૃત્તિના અનુશીલનને ધક્કો પહોંચે છે, તેથી તે નિષિદ્ધ છે. ભૂતમાત્રમાં પ્રીતિ રાખવી એ હિંદુધર્મનો મુખ્ય સિદ્ધાંત છે. અમારો અનુશીલનવાદ પણ તે સિદ્ધાંતનો સ્વીકાર કરે છે, પણ આમ કહેવા ઉપરથી અનુશીલનવાદ હિંદુધર્મથી કોઈ જુદોજ મતવાદ છે, એમ માની લઈશ નહિ. અનુશીલનવાદ પણ હિંદુધર્મનોજ એક વિભાગ છે.

શારીરિક વૃત્તિના અનુશીલનસંબંધે વિવેચન કરતાં (૧) વ્યાયામ (૨) શિક્ષણ તથા (૩) આહારના વિષયમાં મેં મારા વિચારો જણાવ્યા. હવે (૪) ઇન્દ્રિયસંયમના સંબંધમાં મારે બે બોલ કહેવા જોઈએ. શારીરિક વૃત્તિના અનુશીલનને માટે ઇન્દ્રિય-સંયમની અત્યંત જરૂર છે, એ વાત તને વિસ્તારપૂર્વક સમજાવવાની અગત્ય હું જોતો નથી. ઇન્દ્રિયસંયમના અભાવે શરીર યોગ્ય પ્રમાણમાં પરિપુષ્ટ થઈ શકતું નથી, વ્યાયામ કરવા જેટલી ધીરજ રહેતી નથી, શિક્ષણની સાર્થકતા થઈ શકતી નથી, એટલુંજ નહિ પણ જે આહાર હોજરીમાં જાય તે આહાર પણ સંપૂર્ણરીતે પચી શકતો નથી, અને તેને લીધે શરીરમાં જેવું જોઈએ તેવું બળ આવતું નથી. તે સિવાય ઇંદ્રિયોને સંયમમાં રાખવી એજ ઇન્દ્રિયોનું યોગ્ય અનુશીલન છે, એ વાત હું ન ભૂલતો હોઉં તો તને આગળ સમજાવી ગયો પણ છું. આટલે દૂર આવ્યા પછી મારે તને યાદ આપવું જોઈએ કે ઇન્દ્રિયસંયમ એ માનસિક વૃત્તિના અનુશીલનને સંપૂર્ણ આધીન છે; કારણ કે જો માનસિક વૃત્તિ નિર્બળ હોય તો શરીર ઉપર જેવો જોઈએ તેવો અંકુશ રહી શકે નહિ. સારાંશરૂપે મારે કહેવું જોઈએ કે હું આગળ જણાવી ગયો તેમ માનસિક વૃત્તિનું ઉચિત અનુશીલન, શારીરિક વૃત્તિના અનુશીલનના ઉપર આધાર રાખે છે; તેવીજ રીતે હવે તું જોઈ શકશે કે શારીરિક વૃત્તિનું ઉચિત અનુશીલન પણ માનસિકવૃત્તિ ઉપર આધાર રાખે છે. આ પ્રમાણે શરીર તથા મન એકબીજા સાથે બહુજ ગાઢ સંબંધથી જોડાયેલા છે. એકના અનુશીલન સિવાય અન્યનું અનુશીલન કોઈ કાળે સંભવે નહિ. જે ધર્મોપદેશકો કેવળ માત્ર માનસિક વૃત્તિના અનુશીલન ઉપરજ ભાર મૂકીને બેસી રહે છે, તેઓને

× આ મૂળ પુસ્તક ઘણા વર્ષપર લખાયલું હોઈને તે પછી ઘણાખરા વૈજ્ઞાનિકોએ માંસાહાર નુકશાનકારક હોવાનુંજ જાહેર કરેલું છે. સંપાદક

ઉપદેશ અસંપૂર્ણ છે. જ્ઞાનજ પ્રાપ્ત કરીને બેસી રહેવું એવો ઉપદેશ અસંપૂર્ણ હોવાના કારણે ધર્મવિરુદ્ધ છે. કોલેજના શિક્ષણ માત્રથી વિદ્યાર્થીઓ જેમ યથાર્થ મનુષ્ય બની શકતા નથી, તેમ થોડાં ઘણાં પુસ્તકો કંઠસ્થ કરવાથી પણ વિદ્યાર્થીઓ યોગ્ય પંડિત બની શકતા નથી. આ બન્ને માર્ગો અપૂર્ણ અને તેથી અનિષ્ટકારી છે.

અધ્યાય ૯ મો–જ્ઞાનાર્જની વૃત્તિ

શિષ્યઃ—શારીરિક વૃત્તિઓના સંબંધમાં તો આપનો ઉપદેશ સાંભળ્યો. હવે જ્ઞાનાર્જની (જ્ઞાન મેળવનારી) વૃત્તિઓના અનુશીલનસંબંધે કાંઇક કહો તો સાંભળવાની ઇચ્છા છે. મારા સમજવા પ્રમાણે બીજા પ્રકારની વૃત્તિઓના અનુશીલનથી જે સુખ મળી શકે તે સુખ આ વૃત્તિના અનુશીલનથી પણ પ્રાપ્ત થવુંજ જોઇએ, અને જ્યાં સુખ ત્યાં ધર્મ પણ હોયજ. એટલા માટે જ્ઞાનાર્જની વૃત્તિઓનું અનુશીલન અથવા તો જ્ઞાન પ્રાપ્ત કરવું એ પણ કર્તવ્ય છે.

ગુરુઃ—અલબત્ત તે આવશ્યક કર્તવ્ય છે, કારણ કે જ્ઞાન વિના અન્ય વૃત્તિઓનું યથાર્થ અનુશીલન થઇ શકે નહિ, એ વાત શારીરિક વૃત્તિના અનુશીલન સમયે હું તને બરાબર સમજાવી ચૂક્યો છું. તે સિવાય બીજી એક બાબતને માટે પણ જ્ઞાનની જરૂર છે, અને તે બાબત ઘણી મહત્ત્વની છે અને તે એ કે જ્ઞાન સિવાય ઇશ્વરને ઓળખી શકાય નહિ, તેમજ વિધિપૂર્વક ઇશ્વરની ઉપાસના પણ થઇ શકે નહિ.

શિષ્યઃ—જ્ઞાન હોય તોજ ઇશ્વરોપાસના થઇ શકે, એમ જો આપ કહેવા માગતા હો તો પછી મૂર્ખ મનુષ્યો ઇશ્વરની ઉપાસના કેવી રીતે કરી શકે? ઇશ્વર શું કેવળ પંડિત પુરુષોને માટેજ છે?

ગુરુઃ—મૂર્ખ મનુષ્યો માટે ઇશ્વરોપાસના નથી. મૂર્ખને માટે તો ધર્મ જેવી કોઇ વસ્તુજ નથી એમ કહું તોપણ ખોટું નથી. જગતમાં જ્ઞાનપૂર્વક જેટલાં પાપો થાય છે તેમનાં ઘણાંખરાં પાપો પ્રાયઃ મૂર્ખ મનુષ્યો દ્વારાજ થાય છે. અત્રે મારે એક સ્પષ્ટીકરણ કરવું જોઇએ. જેને લખતાં વાંચતાં આવડતું ન હોય તેનેજ મૂર્ખ મનુષ્ય માની લઇશ નહિ, તેમજ જેને લખતાં-વાંચતાં આવડતું હોય તેજ જ્ઞાની એમ પણ માની લેવાનું નથી. પુસ્તકો વાંચ્યા વિના પણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે છે. પાઠશાળાઓ અને નિશાળોમાં ભણ્યા વિના પણ જ્ઞાની બની શકે છે. આપણા દેશની પ્રાચીન સ્ત્રીઓએ તેનાં ઉત્તમ દૃષ્ટાંતો આપણને પૂરાં પાડ્યાં છે. તે સન્નારીઓમાં પ્રાયઃ કોઇને પણ લખતાં વાંચતાં આવડતું નહોતું છતાં તેમના જેવી ધાર્મિક વ્યક્તિઓ પૃથ્વીમાં વિરલજ થઇ હશે. તે આદર્શ નારીઓને [illegible] શિક્ષણ મળ્યું નહોતું તેથી તે સર્વ મૂર્ખ હતી, એમ કહેવાનું કોઇની

ચાલુ થઇ ગયો નહિ. આપણા દેશમાં પૂર્વે જ્ઞાન પ્રાપ્ત કરવાના જે કેટલાક સાધનો હતાં, તે સર્વ આજે લુપ્તપ્રાય થઇ ગયા છે. "કથા" અને હરિકીર્તન એ પૂર્વકાળે જ્ઞાનપ્રાપ્તિનો એક મુખ્ય ઉપાય હતો. પ્રાચીન સન્નારીઓ કથાકારોના મુખથી પુરાણ તથા ઇતિહાસની વાતો સાંભળતી અને એથી કરીને પુરાણ-ઇતિહાસમાં જ્ઞાનનો જે ઉત્તમ ભંડાર ભરેલો છે, તે તેમની આગળ ખુલ્લો થઇ જતો. કથાઓના શ્રવણથી તેમની જ્ઞાનાર્જનની વૃત્તિઓ બહુ સારી રીતે સ્વચ્છ તથા પરિપુષ્ટ થઇ શકતી હતી. તે સિવાય હિંદુધર્મના પ્રતાપે આપણા દેશમાં પરંપરાએ જે જ્ઞાનપ્રવાહ સતત વહ્યા કરતો તે પ્રવાહ ઉપર પણ સન્નારીઓનો અધિકાર રહેતો હતો. આ સર્વ કારણોને લઇને અત્યારના આપણા સુશિક્ષિત ગણાતા પુરુષો કરતાં પણ અનેક વિષયો પૂર્વકાળની સન્નારીઓ બહુ સારી રીતે સમજી શકતી હતી. દાખલાતરીકે અતિથિસત્કારનું માહાત્મ્ય જ્ઞાનવિના કોઇ કાળે સમજી શકાય નહિ, તેમજ વિશ્વવ્યાપી સત્યની સાથે અતિથિ-સત્કારને કેવા પ્રકારનો સંબંધ છે, તે પણ જ્ઞાનદૃષ્ટિ વિના જોઇ શકાય નહિ. અત્યારનો આપણો સુધરેલો વર્ગ અતિથિનું નામ સાંભળીને પણ બળી જાય છે! અત્યારના શિક્ષિત વર્ગને જે જ્ઞાન નથી તે જ્ઞાન પૂર્વની અશિક્ષિત સન્નારીઓને હતું, એજ વાત હું કહેવા માગું છું. તે સ્ત્રીઓ અતિથિ-સત્કારનું માહાત્મ્ય બહુ સારી રીતે સમજી શકતી હતી. આ પ્રકારનાં એક નહિ પણ સેંકડો ઉદાહરણો આપી શકાય તેમ છે. એ દૃષ્ટિથી જોઇએ તો પ્રાચીન કાળની નિરક્ષર સ્ત્રીઓનેજ જ્ઞાની લેખવી જોઇએ, અને અત્યારના આપણા સુશિક્ષિત વર્ગને અજ્ઞાની લેખવો જોઇએ.

શિષ્યઃ—એમાં શિક્ષિત વર્ગનો શો દોષ ! ઇંગ્રેજી-શિક્ષાની પદ્ધતિજ એવી એમાં કોઇ શું કરે !

ગુરુઃ—અલબત્ત, એ વાત ખરી છે. મેં જે અનુશીલનવાદ તને સમજાવ્યો, અર્થાત્ સમસ્ત વૃત્તિઓનું યથાયોગ્ય અનુશીલન થવું જોઇએ, એમ મેં જે કહ્યું તે વાત અત્યારના શિક્ષણમાં યોજાયલી નથી, અને તેને લઇનેજ વર્તમાન શિક્ષણપદ્ધતિ દૂષિત ગણાય છે. અંગ્રેજી રાજ્યના અધિકારીઓએ સિદ્ધાંત કર્યો કે પાઠશાળામાં તો એક ચોક્કસ પ્રકારની વૃત્તિનુંજ અનુશીલન થવું જોઇએ, અને એ પ્રમાણે કાર્યની શરૂઆત થઇ ગઇ! મતલબ કે વર્તમાન શિક્ષણપદ્ધતિ તેમના અમુક ઉદ્દેશો અને આવશ્યકતાઓનેજ આભારી છે, અને તેથીજ તે સદોષ રહી ગઇ છે. આજકાલની શિક્ષણપ્રણાલીમાં ત્રણ મહાન્ દોષો ઉંડો વિચાર કરવાથી સહેજે તરી આવે છે.

શિષ્યઃ—એ દોષો કયા કયા ?

ગુરુઃ—પ્રથમ દોષ તો એજ છે કે જ્ઞાનાર્જનની વૃત્તિઓપ્રત્યે બહુજ વધારે લક્ષ આપવામાં આવે છે, અને કાર્યકારિણી અથવા ચિત્તરંજની વૃત્તિની ખીલવણી

[illegible] તેથી કરીને કેળવણીનું ઓછાપણું તેનું [illegible] [illegible] તેઓના પણ થઈ જાય છે. [illegible] [illegible] પ્રશ્ન તેઓ આની [illegible] [illegible] વિદ્યાભ્યાસ તથા [illegible] [illegible] ભાગની પ્રમ [illegible] [illegible] વિજ્ઞાનપદ્ધતિના [illegible] [illegible] થાય છે તે આથી [illegible] [illegible] પ્રકારની [illegible] [illegible] આંખથી થાય છે [illegible] [illegible] ઉપાસનાનિ [illegible]

[illegible]

તો દર્શન પણ ભાગ્યેજ તમને થવાનું ! એક મનુષ્ય વિજ્ઞાનશાસ્ત્રમાં કુશળ હોય, પણ જો તે શાસ્ત્રાદિના આચારવિચારથી અનભિજ્ઞ હોય તો તે અર્ધો મનુષ્ય છે, એમ કહેવું જોઈએ. એવીજ રીતે જે મનુષ્ય સૌંદર્યપ્રિય હોય અને સર્વ શોધખોળોમાંથી પોતાની રહેણીને પોષણ આપી શકતો હોય, પરંતુ જગતનાં અપૂર્વ નૈતિક તત્ત્વોથી અજ્ઞાન હોય તો તે પણ અર્ધો મનુષ્ય છે. ઉપર કહ્યા તે ઉભય પ્રકારના મનુષ્યો મનુષ્યત્વરહિત છે, અને તેઓ ખરેખર ધર્મભ્રષ્ટ છે. જો ક્ષત્રિય-પુત્ર પોતે યુદ્ધવિશારદ હોય છતાં રાજધર્મથી અનભિજ્ઞ હોય, અથવા તો રાજધર્મ જાણવા છતાં ઋજુવિદ્યામાં અજ્ઞાન હોય તો તે હિંદુધર્માનુસાર ધર્મભ્રષ્ટ છે. હિંદુ-શાસ્ત્રનો યથાર્થ મર્મ એજ પ્રમાણે છે.

શિષ્યઃ—આપની ધર્મવ્યાખ્યા અનુસારે તો સર્વ મનુષ્યોએ સર્વ પ્રકારના વિષયોમાં કુશળતા પ્રાપ્ત કરવીજ જોઈએ.

ગુરુઃ—નહિ, સર્વ મનુષ્યોએ તેમજ કરવું જોઈએ એવો મારો આગ્રહ નથી. અલબત્ત, એટલું છે કે પ્રત્યેક મનુષ્યે પોતાની સમસ્ત મનોવૃત્તિઓની કસોટી તેમજ ખીલવણી તો કરવીજ જોઈએ.

શિષ્યઃ—તે બરાબર છે, પરંતુ સર્વ મનુષ્યોથી તેમ બની શકે એવું આપને લાગે છે ખરું ! સર્વ મનુષ્યોની સર્વ વૃત્તિઓ એકસરખી તેજસ્વી હોતી નથી. કોઈની મનોવૃત્તિ વિજ્ઞાનના અભ્યાસમાં વધારે તેજસ્વી હોય છે તો કોઈની વૃત્તિ સાહિત્યના ક્ષેત્રમાં અદ્ભુત કાર્ય કરી શકે તેવી હોય છે. સાહિત્યની વૃત્તિવાળો મનુષ્ય વિજ્ઞાનની શાખામાં જાય તો તેને પ્રાયઃ નિષ્ફળજ થવું પડે; તેને બદલે વિજ્ઞાનની વૃત્તિવાળો મનુષ્ય બીજા કોઇ ક્ષેત્રમાં પ્રવેશ કરવાનું સાહસ ન કરતાં વિજ્ઞાનની પાછળજ સતત મંડ્યો રહે તો વખત જતાં તે એક મહાન્ વૈજ્ઞાનિક બની શકે. એકજ મનુષ્ય સાહિત્યમાં અને વિજ્ઞાનમાં–ઉભયમાં કેવી રીતે પારંગત બની શકે ?

ગુરુઃ—તે ન બની શકે; પરંતુ "પ્રતિમા[1]" વિષે સ્પષ્ટીકરણ કરતાં મેં જે વિચારો તને અગાઉ જણાવ્યા હતા તે પુનઃ યાદ કર. તારા આ પ્રશ્નના ઉત્તરરૂપે મારે જે કાંઈ કહેવું જોઈએ તે સર્વ તેજ વખતે જણાવી ગયો છું. પુનરુક્તિની અત્રે જરૂર નથી. હવે ત્રીજો દોષ સાંભળ.

વર્તમાન શિક્ષણપદ્ધતિનો એક સાધારણ દોષ એ પણ છે કે તેમાં પાત્રા-પાત્રનો લેશ પણ વિચાર કરવામાં નથી આવતો. અર્થાત્ અમુક વિષય વિદ્યાર્થી-ઓના અંતઃકરણમાં વિકાસ પામે છે કે નહિ, તે જોવાની કોઇ તસ્દી લેતું નથી.

૧ આ વિષય પાંચમા અધ્યાયમાં શિષ્યના ચોથા પ્રશ્નમાં મળશે.

એક વૈદ્ય રોગીને ક્ષુધાતુર જોઇ ખાવાની છૂટ આપે, પણ તે દર્દી ખાધેલું અન્ન પાચન કરી શકે તેમ છે કે નહિ તેનો બિલકુલ વિચાર ન કરે તો તેને સુયોગ્ય ચિકિત્સક કહેવાય નહિ. તેવીજ રીતે જે શિક્ષક વિદ્યાર્થીની શક્તિનો તોલ કર્યા સિવાય મગજમાં બોજોજ ભર્યા કરે તેને પણ સુયોગ્ય શિક્ષક લેખી શકાય નહિ. દર્દીને બહુ અનાજ ખાવા બદલ જેમ અજીર્ણનું દર્દ ભોગવવું પડે છે તેમ દર્દ ઉપરાંત બોજો વિદ્યાર્થીઓના મગજમાં ભરવાથી વિદ્યાર્થીઓને પણ માનસિક અજીર્ણને આધીન થવું પડે છે. આથી કરીને ક્રમે ક્રમે વિદ્યાર્થીની જ્ઞાનાર્જની વૃત્તિઓની અવનતિ થતી જાય છે. "મુખસ્થ કરો, યાદ કરો, ગોખી નાખો, કોઇ કાંઇ પૂછે તો પોપટની માફક એકદમ ઉત્તર આપતાં શીખો." એજ પ્રકારનું શિક્ષણ આજકાલ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે; પરંતુ આવા શિક્ષણથી વિદ્યાર્થીની બુદ્ધિ તીક્ષ્ણ થતી જાય છે કે બુઠ્ઠી થતી જાય છે, સ્વશક્તિ યુક્ત થતી જાય છે, કે પ્રાચીન પુસ્તકોનો પાલવ પકડી પાછળ પાછળ ચાલનારી થતી જાય છે, તેનો તો કોઇ ભૂલે ચૂકે પણ વિચાર કરતું નથી. અર્થાત્ વિદ્યાર્થીઓને જે માનસિક આહાર આપવામાં આવે છે તે તેમનાથી પાચન થઈ શકે છે કે નહિ તે તરફ તો કોઇ નજર પણ કરતું નથી. બિચારા શિક્ષિત ગર્દભો જ્ઞાનનો ભાર વહન કરી સંસારમાં ચોતરફ ભટકીને આયુષ્ય પૂરૂં કરે છે. છેવટે વિસ્મૃતિ નામની કરુણામયી દેવી આવીને તેમનો ભાર લઇ લે છે, એટલે પછી તેઓ ટોળામાં ભળી જઇ સ્વચ્છંદતાપૂર્વક ઘાસ ખાવા લાગે છે.

શિષ્યઃ—અમારા દેશના શિક્ષિત વર્ગ પ્રત્યે આપની એટલી બધી કોપદષ્ટિ કેમ છે?

ગુરુઃ—હું માત્ર આપણા દેશનાજ શિક્ષિત વર્ગવિષે બોલતો નથી. અહીંના અંગ્રેજો પણ એક યા બીજા પ્રકારે એવાજ છે. આપણે તેમને મહાપ્રભુ માની તેમનું અનુકરણ કરવા લલચાઇએ છીએ, અને તેમના અનુકરણ માત્રથી મનુષ્ય જન્મ સાર્થક થયો માની લઇએ છીએ. તેઓ પણ સંકીર્ણ બુદ્ધિના છે, તેમનું જ્ઞાન પણ પીડાદાયક છે.

શિષ્યઃ—અંગ્રેજોની બુદ્ધિ સંકીર્ણ છે?

ગુરુઃ—શનૈઃ શનૈઃ સર્વ સમજાશે. જે જાતિ દોઢસો વર્ષથી ભારતવર્ષ ઉપર આધિપત્ય ભોગવે છે છતાં ભારતવાસીઓસંબંધી એક વાત પણ હજુ સુધી સમજી શકી નથી, તેમનામાં બીજા લાખો ગુણો હશે, તોપણ તેમનામાં વિશાળ બુદ્ધિ હોય એમ તો હું કહી શકીશ નહિ, પણ બીજી તરફ અંગ્રેજોના કરતાં પણ આપણા હિંદીઓની બુદ્ધિ વિશેષ સંકીર્ણ માર્ગે પ્રવર્તે છે, એમ કહ્યા વિના ચાલતું નથી. અંગ્રેજોના શિક્ષણ કરતાં આપણું શિક્ષણ વિશેષ હલકા પ્રકારનું છે,

એમ પણ સ્વીકારવું જોઇએ; પરંતુ આપણે એ કુસંસ્કારોનું મૂળ જોવા જઇએ તો યૂરોપના અનુકરણ સિવાય ભાગ્યેજ બીજું કાંઈ હશે. કેમ, તારી પહેલી શંકા દૂર થઇને ?

શિષ્ય:—પણ આપે જ્ઞાનને પીડાદાયક કહ્યું તેનો અર્થ શું સમજવો ?

ગુરુ:—જેવી રીતે આહાર, સ્વાસ્થ્યકર હોવા છતાં અજીર્ણ થવાથી પીડાદાયક થાય છે તેવીજ રીતે જ્ઞાન સ્વાસ્થ્યકર હોવા છતાં જો તેનો દુરુપયોગ થાય તો તે પણ પીડાદાયક થયા વિના રહે નહિ. જ્ઞાનનું અજીર્ણ પીડાદાયક છે, અર્થાત અમુક અમુક વાતો જાણી લીધા પછી તે પ્રત્યેકને પરસ્પર કેવો સંબંધ છે, અથવા તો એ જ્ઞાનનું પરિણામ શું છે તેનો વિચાર કરવામાં ન આવે ત્યાંસુધી તે નિરર્થકજ છે. કોઇ કહે કે ગૃહમાં તો ખૂબ પ્રકાશ છે, માત્ર સીડી ઉપરજ અંધારું છે, તો તેનો અર્થ શું ? કશુંજ ન સૂઝે ! ક્યાં થઇને ક્યાં જવું તેની કશી આદિતીજ ન મળે ! જ્ઞાનની પીડામાં ફસાયલા માણસો અમુક જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેનો કેવી રીતે ઉપયોગ કરવો તેજ જાણતા નથી. એક સમયે એક અંગ્રેજ ઈંગ્લાંડથી હિંદમાં આવી એક બગીચો ખરીદ કર્યો. તેને આ હીન્દુસ્તાનનું બીલકુલ જ્ઞાન નહોતું. એક દિવસે માળીએ આવીને તેને એક તાજું નાળીએર ભેટદાખલ અર્પણ કર્યું. સાહેબે તો નાળીએરના છાલ ઉતારી લીધી અને અંદરનો ગોટો ફેંકી દીધો ! માળીને આ વાતની ખબર પડી એટલે તરત પાસે ગયો અને કહ્યું કે "સાહેબ ! છાલ નહિ પણ તેનો તો અંદરનો ભાગ ખાવામાં વપરાય છે." ત્યાર પછી માળીએ તેજ સાહેબને કેટલીક કેરીઓ બગીચામાંથી લાવીને અર્પણ કરી. સાહેબ માળીનો ઉપદેશ ભૂલી ગયો નહોતો, તેથી તેણે કેરીના છાલ-ગર્ભ વિગેરે ફેંકી દીધું, અને ગોટલીઓ ખાવા માટે લઈ ગયો ! સાહેબને ખાત્રી થઇ આ હિંદુસ્તાની ફળોમાં કાંઇ સ્વાદ હોતો નથી ! માળીએ પુનઃ આવીને સાહેબને કહ્યું કે—"સાહેબ, તેને તો ચૂસીને અથવા ચીરીને ખવાય, અને ગોટલી તો ફેંકીજ દેવી જોઇએ." સાહેબે માળીનો ઉપદેશ લક્ષમાં રાખી લીધો. ફરીને માળીએ એક દિવસે તડબુચી એક મોકલી. સાહેબ પેલા માળીનુ શિક્ષણ વિસરી ગયો નહોતો. તેથી તે તડબુચી ચીરીને ખાઇને ખાઇ ગયો. પણ તડબુચે પેટમાં જઇને એવું તો દર્દ કર્યું કે સાહેબ ગભરાઇ, હાય-પીટ કરી ગયા. અને માળીને મારી-મારીને કાઢીમૂકી દીધો. આવા દુઃખદાયક બગીચો પણ નહિ જોઇએ, એમ કહીને આખો બગીચો પણ વેચી નાખ્યો. આવો અનુભવોના જ્ઞાનનો આવી રીતે અનર્થનો માત્ર કષ્ટ-પીડાકારી પરિણામ હોય છે, પરંતુ તેનો કેવી રીતે ઉપયોગ કરવો તેનું

તેમને ખબર ન હોવાથી બિચારાઓ ટોપરાને બદલે કાચલી અને રસને બદલે ગોટલી ખાઇને હેરાન થાય છે. અમુક પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેનો ક્યાં અને કેવી રીતે ઉપયોગ કરવો તેની સૂચના ન મળે તો એવું જ્ઞાન પણ દુઃખદાયક થઇ પડે છે.

શિષ્યઃ—ત્યારે શું જ્ઞાનાર્જની વૃત્તિઓના અનુશીલનમાટે જ્ઞાનની કશી જરૂરજ નથી?

ગુરુઃ—એવકૂફ! એક અસ્ત્ર સજાવવું હોય તો શું ખાલી જગ્યામાં ફેરવવાથીજ તે હેતુ સિદ્ધ થઇ જાય? જ્ઞેય વસ્તુ સિવાય જ્ઞાનની ખીલવણી થઇજ કેવી રીતે શકે! છતાં એટલું લક્ષમાં રાખવું જોઇએ કે જ્ઞાન પ્રાપ્ત કરવાની સાથે આપણી જ્ઞાનેચ્છા પણ વિકાસ પામવીજ જોઇએ. અત્યારે જે શિક્ષણપદ્ધતિ આપણામાં પ્રચલિત છે તે તો આપણા પેટમાં ઠાંસી ઠાંસીને ખોરાકજ ભર્યા કરે છે! આપણે તે ખોરાકને પચાવી શકીએ છીએ કે નહિ, અને પછી ક્ષુધા જાગૃત થાય છે કે નહિ, પેટમાં વધારે અન્ન રહી શકે તેમ છે કે નહિ, તેનો કાંઇ પણ વિચાર નહિ કરતાં, બસ, ઠાંસી ઠાંસીને ખોરાકજ ભર્યા કરે છે! કેટલીક મૂર્ખ માતાઓ બાળકને ખૂબ ખવરાવી ખવરાવીને બાળકના શરીરનું સત્યાનાશ વાળે છે; તેવીજ રીતે અત્યારના પિતાઓ તથા શિક્ષકો પણ પુત્રોની તથા વિદ્યાર્થીઓની ઉન્નતિને બદલે અવનતિજ કરે છે!

જ્ઞાન પ્રાપ્ત કરવું તે ધર્મનો એક પ્રધાન અંશ છે, પરન્તુ એને બદલે અત્યારે તો જ્યાં જોઇએ ત્યાં ફક્ત ત્રણ દોષો પ્રવર્તી રહ્યા છે! ધર્મનો યથાર્થ મર્મ જ્યારે લોકો સમજવા લાગશે ત્યારેજ આ કુશિક્ષારૂપી પાપ પણ સમાજમાંથી દૂર થઇ શકશે.

अध्याय १० मो—मनुष्यभक्ति

શિષ્યઃ—વૃત્તિઓનું પોષણ કરવું, નાશ કરવો નહિ. એમ કરવાથીજ સુખ અને એજ મનુષ્યત્વ એ વાત બરાબર સમજાઇ. વૃત્તિઓ ત્રણ પ્રકારની છે તે પણ સમજાયું; જેમકે (૧) શારીરિક, (૨) જ્ઞાનાર્જની અને (૩) કાર્યકારિણી અથવા ચિત્તરંજની. તેમાં શારીરિકી વૃત્તિ તથા જ્ઞાનાર્જની વૃત્તિના અનુશીલનમાટે આપે જે ઉપદેશ કર્યો તે મેં બરાબર સાંભળ્યો છે. વિશિષ્ટ કાર્યકારિણી વૃત્તિઓના અનુશીલનની શું જરૂર છે, તે [illegible] ભક્તિ-પ્રીતિ-દયા વગેરે [illegible] કહી સંભળાવો. હવે વિશિષ્ટ કાર્યકારિણી [illegible] વિષે [illegible] નહિ. વિશિષ્ટ વૃત્તિઓના અનુશીલનમાટે આપને કાંઇ કહેવાનું હોય તો કહો.

ગુરુઃ—હવે કાર્યકારિણી વૃત્તિઓમાં [illegible] વિશિષ્ટ વૃત્તિઓ આવે છે તે



વૃત્તિવિષે વિવેચન કરું તે લક્ષપૂર્વક સાંભળ. જે અર્થમાં વૃત્તિને નિકૃષ્ટ કહેવામાં આવે છે, તેથી ઊલટા જુદાજ અર્થમાં અમુક વૃત્તિઓને ઉત્કૃષ્ટવૃત્તિ કહેવામાં આવે છે. દાખલાતરીકે ભક્તિ–પ્રીતિ વગેરે.

શિષ્યઃ—ભક્તિ અને પ્રીતિ એ ઉભય વૃત્તિઓ શું જુદી જુદી છે? ઈશ્વરમાં જે પ્રીતિનો આરોપ થાય તેને ભક્તિ કહેવાય એમજ હું તો માનું છું.

ગુરુઃ—તારી એ માનીનતાવિષે મારે વાંધો ઉઠાવવાની જરૂર નથી; પરન્તુ અનુશીલનતત્ત્વ સમજતી વખતે તેને પૃથક્ પૃથક્ ઓળખવાથી બહુ સરળતા થાય તેમ છે. વળી પૂછે તો ઈશ્વરમાં જે પ્રીતિનું આરોપણ થાય તેનેજ ભક્તિ કહેવાય એવું પણ નથી. મનુષ્યો-અર્થાત્ રાજા, ગુરુ, પિતા, માતા તથા સ્વામી વિગેરે પણ ભક્તિને પાત્ર છે. તે સિવાય એમ પણ બનતું દેખીએ છીએ કે ઘણાને ઈશ્વર અને પ્રભુપ્રત્યે ભક્તિભાવ નથી હોતો, છતાં પ્રીતિ તો હોય છેજ.

ઈશ્વરભક્તિની વાતને હાલ મુલતવી રહેવા દે પ્રથમ મનુષ્યભક્તિવિષે જે કહું તે સાંભળી લે. આપણા કરતાં જે ઉત્કૃષ્ટ હોય અને જેની ઉત્કૃષ્ટતા આપણને ઉપકારક થઈ શકે તેજ આપણી ભક્તિને પાત્ર બની શકે છે, એવો ભક્તિનો એક સામાન્ય નિયમ છે. ભક્તિની સામાજિક વ્યવસ્થાના મુખ્ય બે કારણોને આભારી છે. (૧) ભક્તિ સિવાય નિકૃષ્ટ મનુષ્ય ઉત્કૃષ્ટ મનુષ્યનું અનુકરણ કરી શકે નહિ. અને (૨) જો નિકૃષ્ટ મનુષ્ય ઉત્કૃષ્ટ મનુષ્યને અનુસરી શકે નહિ તો સમાજમાં ઐક્ય રહી શકે નહિ. સમાજનાં બંધનો તૂટી જાય તો સમાજની ઉન્નતિ થઇ શકે નહિ, એ વાત સહેલાઈથી સમજાય તેમ છે.

હવે મનુષ્યોમાં કોણ કોણ ભક્તિને પાત્ર હોઈ શકે તેવિષે વિચાર કરીએ. (૧) પિતામાતા આપણી ભક્તિને પાત્ર છે. તેઓ આપણા કરતાં શ્રેષ્ઠ છે, એ વાત સમજાવવાને બહુ સમય ગાળવાની જરૂર નથી. ગુરુ આપણા કરતાં જ્ઞાનમાં શ્રેષ્ઠ છે, અર્થાત્ આપણને જ્ઞાન આપનાર છે, અને તેથી તેઓ પણ ભક્તિને પાત્ર છે. વસ્તુતઃ જો ગુરુ ન હોય તો મનુષ્યો મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકે નહિ. કાર્યસિદ્ધિ વૃત્તિના વિષય વર્ણનમાં પ્રસંગોપાત એ વાત હું તને કહી ગયો છું. એટલા માટે ગુરુ તો ખાસ કરીને ભક્તિને પાત્ર છે, એમ વિસ્તારપૂર્વક સમજાવવાની જરૂર નથી. હિંદુધર્મ સર્વાંગસંપન્ન છે. એથી કરીને ગુરુભક્તિ ઉપર વધારે ભાર મૂકવામાં હિંદુધર્મે જેટલું અભિમાન લઈ શકે તેટલું અભિમાન બીજો કોઈ ધર્મ લઈ શકે તેમ નથી. પુરોહિત-ધર્મોપદેશક આપણા કલ્યાણને અર્થે ઈશ્વરની પાસે જે નિત્ય પ્રાર્થના કરે, આપણા હિતને માટે સર્વદા [illegible] અને આપણા કરતાં બહુજ અધિક પવિત્ર તથા ધર્મ [illegible] હોય તે પણ ભક્તિને પાત્ર છે. જો મનુષ્ય કેવળ [illegible] પુરોહિતનો વેશ ધારણ કરે તે ભક્તિને પાત્ર નથી. ભક્તિ કરવી સ્વાભાવિક [illegible]

રીતે ઈષ્ટ છે, એટલા માટે સ્વામી પણ ભક્તિને પાત્ર છે. હિંદુધર્મ એમ પણ કહે છે કે સ્ત્રીઓએ પણ સ્વામીની ભક્તિને પાત્ર બનવું જોઇએ; કારણ કે હિંદુધર્મ સ્પષ્ટ રીતે જાહેર કરે છે કે સ્ત્રીને સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપા માનવી જોઇએ. પરંતુ મનુષ્યો, જે ભક્તિને યોગ્ય એવા વડીલોની ભક્તિ ન કરે, અર્થાત્ પુત્ર-કન્યા અથવા વધૂ જો પોતાના માતા-પિતાની ભક્તિ ન કરે, જો સ્ત્રી પોતાના સ્વામીપ્રત્યે ભક્તિભાવ ન રાખે, જો સ્ત્રી પોતાના સ્વામીનો તિરસ્કાર કર્યા કરે, વિદ્યાર્થીઓ જો ગુરુનું અપમાન કર્યા કરે તો તે ગૃહ કોઇ કાળે ઉન્નતિ પ્રાપ્ત કરી શકે નહિ; એવા ગૃહને ગૃહ કહેવા કરતાં નરકજ કહેવું એ વધારે યોગ્ય છે. આ વાત એવી તો સ્વતઃસિદ્ધ છે કે કષ્ટપૂર્વક સમજાવવાની જરૂર પડે તેમ નથી. આવી રીતે ભક્તિને પાત્ર એવાં વડીલોપ્રત્યે યોગ્ય ભક્તિભાવ વર્તાવા દેવો એ પણ અનુશીલનવાદનો એક મુખ્ય સિદ્ધાંત છે. હિંદુધર્મનો પણ તેજ ઉદ્દેશ છે; એટલુંજ નહિ પણ અન્યાન્ય ધર્મો કરતાં હિંદુધર્મ એ વિષયને ઘણુંજ અગત્યનું સ્થાન આપે છે. હિંદુધર્મ જગતનો સર્વશ્રેષ્ઠ ધર્મ લેખાય છે તેનું એ પણ એક કારણ છે.

(૨) ગૃહના જેવુંજ સમાજનું પણ બંધારણ સમજી લેવું. ગૃહના સ્વામીની માફક અથવા પિતામાતાની માફક રાજા આપણા સમાજનો અધિપતિ છે. તેના ગુણના પ્રતાપે કિંવા તેના દંડના પ્રતાપે સમાજ સર્વદા પોતાનું રક્ષણ કરી શકે છે. સંતાનોને પિતા જેવી રીતે ભક્તિપાત્ર છે તેવીજ રીતે રાજા પણ પ્રજા તરફની ભક્તિને પાત્ર છે. ખરી રીતે તો પ્રજાની ભક્તિજ રાજાને બળવાન તથા શક્તિમાન બનાવે છે. નહિ તર એક રાજાના બે બાહુમાં તે કેટલુંક બળ હોઇ શકે ?

શિષ્ય:—તો પછી બીજા ફીલીપ જેવા તથા ઓરંગઝેબ જેવા રાજાઓના વિરુદ્ધમાં હસ્ત ઉઠાવવો એ પાપરૂપ લેખાય કે નહિ ?

ગુરુ:—કદાપિ નહિ. રાજા જ્યાંસુધી પ્રજાપાલક હોય ત્યાંસુધીજ તે રાજા છે. જ્યારે તે પ્રજાપીડક બને ત્યારે તે રાજા નથી, અને તેથી, તે આપણી ભક્તિને પાત્ર નથી. આવા રાજાની ભક્તિ કરવાને બદલે તેને પોતાને સારી રીતે રાજ્ય ચલાવવાની ફરજ પડે તેવી રીતનું વર્તન ચલાવવું એજ દેશવાસીઓનું કર્તવ્ય છે; કારણ કે રાજા સ્વચ્છંદી હોય તો તેથી પ્રજાનું કેમ કરી કલ્યાણ થાય નહિ; પરંતુ આ સર્વ તો ભક્તિના વિષય સાથે સંબંધ ધરાવતું નથી, તેથી તે વિષે અહીં વધારે ચર્ચા કરવી અનુચિત છે. પ્રીતિનો વિષય નીકળશે ત્યારે તે વિષે વિસ્તારપૂર્વક હું બોલીશ. અત્યારે તો માત્ર એટલોજ ઉલ્લેખ કરી રાજભક્તિનો વિષય સમાપ્ત કરું છું. રાજા જેવી રીતે આપણી ભક્તિને પાત્ર છે તેવીજ રીતે સમાજના [illegible] [illegible] ભક્તિને પાત્ર છે [illegible] [illegible]

નને પાત્ર છે. તેમ ન હોય ત્યારે તો તેઓને પણ એક સાધારણ મનુષ્યજ લેખવા જોઇએ.

રાજપુરુષોપ્રત્યે યોગ્ય ભક્તિ દર્શાવવી એ ઠીક છે, પરંતુ કોઇ પણ બાબતમાં હદ ઓળંગી જવી એ ઠીક નથી; કારણ કે ભક્તિની માત્રા વધી જાય તો બીજી વ્યક્તિઓને હાનિ સહન કરવી પડે એ વાત હું તને પ્રથમ કહી ચૂક્યો છું. રાજાઓ સમાજના પ્રતિનિધિ સમાન છે અને રાજપુરુષો સમાજના નોકરો છે એ વાત કોઇએ વિસરી જવી જોઇતી નથી. આપણા દેશી લોકો એ વાતને ભૂલી જઇ, રાજપુરુષોની અપરિમિત ખુશામત કરે છે, તે અનુચિત છે.

(૩) રાજાના કરતાં પણ સમાજના શિક્ષકો અધિક ભક્તિને પાત્ર છે. જેઓ વિદ્વાન અને બુદ્ધિમાન હોવાની સાથે સમાજને પણ પરિશ્રમપૂર્વક શિક્ષણ આપવાના નિરંતર પ્રયત્નો કરે છે તેઓજ સમાજના યથાર્થ નેતા છે–તેઓજ સમાજના યથાર્થ રાજાઓ છે. મતલબ કે ધર્મવેત્તાઓ, વિજ્ઞાનવેત્તાઓ, નીતિવેત્તાઓ, દાર્શનિકો, પુરાણવેત્તાઓ, સાહિત્યકારો, તથા કવિઓપ્રત્યે યથોચિત ભક્તિ દર્શાવવી એ પણ પ્રત્યેકનું કર્તવ્ય છે. અત્યારસુધીમાં પૃથ્વીની જે કાંઈ ઉન્નતિ થઇ છે તે આજ મહાપુરુષોને આભારી છે. તેઓ જે માર્ગે પૃથ્વીને લઇ જવા માગે તેજ માર્ગે પૃથ્વી ગતિ કરવા લાગે છે. તેઓ રાજાઓના પણ ગુરુ છે; કારણ કે રાજાઓ જ્યારે તેમની પાસેથી યોગ્ય શિક્ષણ લે છે, ત્યારેજ તેઓ સારી રીતે રાજ્ય ચલાવવાને યોગ્ય બને છે. ભારતવર્ષમાં ભારતીય ઋષિ–મહર્ષિઓની જે કીર્તિ હજી સુધી ગવાઇ રહી છે, અને વ્યાસ, વાલ્મીકિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, મનુ, યાજ્ઞવલ્ક્ય, કપિલ, તથા ગૌતમ આદિ ભારતવર્ષના પૂજ્યપાદ મહર્ષિઓના જે કીર્તિસ્તંભો અમર રહી ગયા છે, તે તેમના સામાજીક ગુરુપદનેજ આભારી છે. યૂરોપમાં પણ ગેલિલીઓ, ન્યૂટન, કોમ્ટ, ડેન્ટે તથા શેકસપીઅર વિગેરેએ એ મહત્ત્વનાં આસનો એક કાળે શોભાવ્યાં હતાં.

શિષ્યઃ—જેનો જેટલા પ્રમાણમાં આપણાપર ઉપકાર થાય તેનાપ્રત્યે તેટલોજ ભક્તિભાવ ધરાવવો, એવો આપનો કહેવાનો આશય છે શું ?

ગુરુઃ—નહિ. ઉપકારીપ્રત્યે પ્રીતિભાવ રાખવો તેને ભક્તિ નહિ, પણ કૃતજ્ઞતાજ લેખવી જોઇએ. અનેક સમયે નિકૃષ્ટ મનુષ્યો પણ આપણાપર ઉપકાર કરી શકે છે. ભક્તિ આપણી પોતાની ઉન્નતિને અર્થે છે. જેનામાં ભક્તિભાવ નથી હોતો તે પોતાના ચરિત્રની ઉન્નતિ કરી શકતો નથી. લોકગુરુપ્રત્યે ભક્તિભાવ રાખવા વિષે મેં જે હમણાં તને ઉપદેશ કર્યો તે પુનઃ યાદ કર. દાખલાતરીકે તું કોઇ એક ગ્રંથકારનો ગ્રંથ વાંચવા બેઠો છે. હવે જો તને તે લેખક કિંવા ગ્રંથકારપ્રત્યે ભક્તિભાવ ન હોય તો તે ગ્રંથ તારા ઉપર કોઇ પ્રકારનો ઉપકાર કરી શકે નહિ. ગ્રંથમાંનો ઉપદેશ તારા ચરિત્ર ઉપર કશી અસર ઉપજાવી શકે નહિ. એટલુંજ નહિ પણ

[illegible] યથાર્થ રીતે સમજવાને [illegible] તેનાં કર્મો [illegible] થઈ પડે છે. [illegible]

[illegible] નથી.

[illegible]

ો દઇને જે એકજ માર્ગ ખુલ્લો રાખ્યો તે કયો માર્ગ? માત્ર ભિક્ષા. ભિક્ષાના ો દુઃખદાયક અને દરિદ્ર માર્ગ બ્રાહ્મણોજ બીજો કોઇ કરો. આવા નિઃસ્વાર્થ અને ારક્ષિત મનુષ્યોને ભારતમાતા સિવાય બીજી કયી માતા જન્મ આપી શકે? ઓએ પોતાની બહાદુરી બતાવવા અથવા તો પુણ્યનો સંચય કરવાના હેતુથી ભિક્ષાવૃત્તિનો માર્ગ સ્વીકાર્યો નહોતો; પરંતુ તેઓ સમજતા હતા કે જો ઐશ્વર્ય-પ્તિમાં મન જશે તો પછી જ્ઞાનપ્રાપ્તિમાં વિઘ્ન નડયા વિના રહેશે નહિ. મજ સમાજને પણ જેવું જોઇએ તેવું શિક્ષણ મળી શકશે નહિ. એકાગ્ર મનથી મ્ય જ્ઞાન પ્રાપ્ત કરવું અને એકનિષ્ઠાપૂર્વક લોકશિક્ષણ આપવું એજ ઉદ્દેશથી ઓએ સર્વસ્વનો ત્યાગ કરી ભિક્ષાવૃત્તિનો એક માત્ર માર્ગ પોતાને માટે ખુલ્લો ખ્યો હતો. યથાર્થ નિષ્કામ ધર્મ જેમના હાડોહાડમાં વ્યાપ્ત થઇ ગયો ાય તેઓજ આમ પરહિતવ્રતની પ્રતિજ્ઞા લઇ સર્વત્યાગી બનવાની હિંમત કરી શકે. તેઓએ પોતાના પ્રત્યે અચળ ભક્તિ રાખવાનું લોકોને ઉપદેશ્યું ું તે પણ કાંઇ તેમના પોતાના સ્વાર્થને માટે નહોતું. તેઓ સમજતા હતા કે ા સામાજિક શિક્ષકો પ્રત્યે લોકોનો ભક્તિભાવ ન હોય તો સમાજની કોઇ કાળે ન્નતિ થાય નહિ, અને એટલાજ માટે તેમણે બ્રાહ્મણભક્તિનો ભારતવર્ષમાં ચાર કર્યો હતો. આવી રીતે તેમણે જે એક સમાજ તથા સભ્યતાની સૃષ્ટિ કરી ી તે આજે પણ જગતમાં અતુલનીય લેખાય છે. હજીસુધી યૂરોપ પણ એ ાદર્શનું અનુકરણ કરી શક્યો નથી; કારણ કે હજીસુધી પણ યૂરોપમાં યુદ્ધને ક સામાજિક આવશ્યકતા સમજવામાં આવે છે. આ દેશના બ્રાહ્મણોએજ યુદ્ધનું યંકર દુઃખ, યુદ્ધની ભયંકર ખાનાખરાબી તથા યુદ્ધનો સામાજિક ઉત્પાત પોતાના ારિત્રબળથી દૂર કર્યો હતો. બ્રાહ્મણની નીતિનું અવલંબન લેવાથી સમાજને દ્ધ કરવાની કશી જરૂર રહેતી નથી. પૂર્વના બ્રાહ્મણોના કીર્તિસ્તંભોમાંથી હજી એક કરી પણ ખરવા પામી નથી, એજ તેમની અક્ષય કીર્તિનું જ્વલંત ઉદાહરણ છે. ગતમાં જે જે ઉન્નત જાતિઓ અત્યારસુધીમાં થઇ ગઇ છે તેમાં બ્રાહ્મ-ણના જેવી પ્રતિભાશાળી, શક્તિશાળી, જ્ઞાની તથા ધાર્મિક જાતિ બીજી ાઇ થઇ નથી. પ્રાચીન એથેન્સમાં અથવા રોમમાં, મધ્યકાલીન ઇટાલીમાં અથવા ર્તમાન કાલીન જર્મનીમાં કે ઇંગ્લાંડમાં બ્રાહ્મણ જેવી એક પણ ઉન્નત, પ્રતિભા-ાળી તથા ક્ષમતાશાળી જાતિ થઇ નથી. રોમના પુરોહિતો, કે બાદ્ધના ભિક્ષુઓ અન્ય કોઈ સંપ્રદાયના ધર્મોપદેશકોમાં પણ બ્રાહ્મણોના જેવા જ્ઞાની કે ધાર્મિક હજી ુધી થયા નથી.

શિષ્ય.—પરન્તુ અત્યારે તો બ્રાહ્મણો ખુલ્લી રીતે વેપાર-ધંધો કરવા લાગી ાયા છે, એટલુંજ નહિ પણ કાલી માતાના નામથી કસાઇનો પણ ધંધો કરવા લાગ્યા

છે. શું તેમની પણ ભક્તિ અમારે કરવી જોઇએ ?

ગુરુઃ—કદાપિ નહિ. જે ગુણને માટે આપણે જેની ભક્તિ કરીએ તે ગુણજ તેનામાં ન હોય તો પછી આપણે શામાટે ભક્તિ કરવી ? ગુણવિના ભક્તિ કરવી એ તો અધર્મજ છે. ભારતવર્ષના મનુષ્યો આ છેલ્લી વાત ન સમજી શકયા તેથીજ તેમની અવનતિ થઇ. જે ગુણના પ્રતાપે બ્રાહ્મણો એકવાર ભક્તિને પાત્ર હતા તે ગુણજ જો તેમનામાં ન રહ્યો તો પછી તેમની ભક્તિ કરવાની જરૂરજ શું હોય ? દુર્ગુણી અને દુરાચારી બ્રાહ્મણોની ભક્તિ કરવાથી લોકો ધીમે ધીમે કુશિક્ષાનાજ સંસ્કારો પ્રાપ્ત કરવા લાગ્યા અને એ રીતે સમાજની અધોગતિનો આરંભ થયો. હવે આપણે સમજ્યા. પછી તો એ રસ્તેથી પાછુંજ ફરવું જોઇએ.

શિષ્યઃ—અર્થાત્ હવે બ્રાહ્મણોની ભક્તિ ન કરવી, એમજ ને ?

ગુરુઃ—નહિ, તેમ નહિ. જે બ્રાહ્મણમાં સદ્ગુણ હોય, અર્થાત્ જે ધાર્મિક, વિદ્વાન્, નિષ્કામ અને લોકસેવક હોય તેની ભક્તિ કરવી, અને જેનામાં એવા ગુણ ન હોય તેની ભક્તિ ન કરવી. તેને બદલે જે શૂદ્રમાં બ્રાહ્મણોના જેવા ગુણો હોય, અર્થાત્ જે વ્યક્તિ જન્મથી શૂદ્ર હોવા છતાં પણ જે વિદ્વાન્, ધાર્મિક, નિષ્કામ અને લોકસેવક હોય તો તેની ભક્તિ કરવામાં હવે કોઇએ સંકોચ રાખવો નહિ.

શિષ્યઃ—આપના સિદ્ધાંત સાથે કોઇ હિંદુધર્માવલંબી એકમત થાય એમ મને તો લાગતું નથી.

ગુરુઃ—ભલે ન થાય, તેથી શું થયું ? પરન્તુ હિંદુધર્મનો યથાર્થ મર્મ તો તેજ છે. મહાભારતના વનપર્વમાં માર્કંડેય સમસ્યા–પૂર્વાધ્યાય ૨૧૫ માં આ પ્રમાણે ઋષિવાક્ય છેઃ—" પાતિત્યજનક, કુક્રિયાસક્ત, અને દાંભિક બ્રાહ્મણ વિદ્વાન હોય તોપણ તે શૂદ્ર સમાન છે. અને જે શૂદ્ર સત્ય, દમ અને ધર્મમાં સતત અનુરક્ત હોય તેને બ્રાહ્મણ સમાન હું લેખું છું. કારણ કે મનુષ્ય માત્ર વ્યવહારથીજ મનુષ્ય કે શૂદ્ર બની શકે છે." પુનઃ વનપર્વમાં અજગર પર્વાધ્યાય ૧૮૦ માં રાજર્ષિ નહુષ આ પ્રમાણે પ્રશ્ન કરે છેઃ—" વેદમાં કહેલા ધર્મો જેવા કેઃ—સત્ય, દાન, ક્ષમા, અહિંસા અને કરુણા વિગેરે શૂદ્રમાં પણ જોવામાં આવે છે. સત્યાદિ બ્રાહ્મણોચિત ધર્મ જો શૂદ્રમાં જોવામાં આવે તો તે શૂદ્ર પણ શું બ્રાહ્મણજ ગણાય ?" તેના ઉત્તરમાં યુધિષ્ઠિર કહે છે કેઃ—" અનેક શૂદ્રોમાં બ્રાહ્મણોના જેવાં લક્ષણો અને અનેક દ્વિજોમાં શૂદ્રોના જેવાં લક્ષણો જોવામાં આવે છે. માટે બ્રાહ્મણકુલમાં જન્મેલો બ્રાહ્મણજ ગણાય અને શૂદ્ર કુળમાં જન્મેલો શૂદ્રજ ગણાય એમ કહેવાય નહિ. જે વ્યક્તિઓમાં વૈદિક વ્યવહારો જોવામાં આવે તેઓજ બ્રાહ્મણ નામને યોગ્ય છે, અને જેમનામાં એ લક્ષણો જોવામાં ન આવે તેઓ શૂદ્ર નામને યોગ્ય છે." એવાં

એવાં અન્ય અનેક દાખલા ઉદ્ધૃત કરી શકાય. ૭૬ ગૌતમ સંહિતાના ૨૧ મા અધ્યાયમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કેઃ—

क्षान्तं दान्तं जितक्रोधं जितात्मानं जितेन्द्रियम् ।
तमेव ब्राह्मणं मन्ये शेषाः शूद्राः इति स्मृताः ॥
अग्निहोत्रव्रतपरान् स्वाध्यायनिरतान् शुचीन् ।
उपवासरतान् दान्तांस्तान् देवा ब्राह्मणान् विदुः ॥
न जातिः पूज्यते राजन् गुणाः कल्याणकारकाः ।
चण्डालमपि वृत्तस्थं तं देवा ब्राह्मणं विदुः ॥

અર્થાત્—ક્ષમાવાન્, દમશીલ, જિતક્રોધ, અને જીતાત્મા તથા જીતેંદ્રિયનેજ બ્રાહ્મણ કહેવાય. તે સિવાયના સર્વને શૂદ્રજ જાણવા. જેઓ અગ્નિહોત્ર વ્રતને વિષે તત્પર હોય, સ્વાધ્યાયમાં તલ્લીન રહેતા હોય, પવિત્ર હોય, ઉપવાસરત અર્થાત્ સંયમી હોય તેઓનેજ દેવતાઓ બ્રાહ્મણના નામથી ઓળખે છે. હે રાજન્! જાતિ પૂજ્ય નથી, ગુણજ કલ્યાણકારક છે. જન્મથી ચંડાલ છતાં પણ જો વ્રતશીલ હોય તો દેવતાઓ પણ તેને બ્રાહ્મણ સમાનજ માને છે.

શિષ્યઃ—અસ્તુ. મનુષ્ય-સમાજમાં ત્રણ વર્ગના મનુષ્યો પ્રતિ ભક્તિભાવ પ્રકટ કરવો એજ આપનું કહેવાનું તાત્પર્ય છે ને? (પ્રથમ) ગૃહમાં વસતા મુરબ્બીઓ પ્રતિ, (દ્વિતીય) રાજા પ્રતિ અને (તૃતીય) સમાજ શિક્ષકો પ્રતિ. તે સિવાય બીજો કોઇ વર્ગ છે?

ગુરુઃ—(૪) જે વ્યક્તિ ધાર્મિક અથવા જ્ઞાની હોય તેનો ઉક્ત ત્રણ વર્ગમાંના એકે વર્ગમાં ઉલ્લેખ કર્યો નથી, છતાં તે ભક્તિને પાત્ર છે. ધાર્મિક મનુષ્ય ગમે તેટલો નીચ જાતિનો હોય તોપણ તે ભક્તિપાત્ર છે.

(૫) તે સિવાય પણ કેટલાક એવા માણસો છે કે જે કેવળ વ્યક્તિવિશેષરૂપેજ ભક્તિને પાત્ર હોઇ શકે, અથવા તો અવસ્થા વિશેષમાં તેમના પ્રત્યે ભક્તિ દર્શાવી શકાય. આ પ્રકારની ભક્તિને આજ્ઞાંકિતપણું અથવા સન્માન કહીએ તોપણ ચાલી શકે. કોઇ એક ખાસ કામ પાર પાડવા માટે આપણે બીજા કોઇ મનુષ્યની આજ્ઞા પાળવી પડે તેમ હોય તો તે વ્યક્તિ પ્રત્યે આપણે આપણી ભક્તિ કિંવા સન્માન પ્રદર્શિત કરવું જોઇએ. અંગ્રેજીમાં તેનું એક બહુ સુંદર નામ છે, અને તે એજ કે 'સબૉર્ડિનેશન' એ શબ્દ યાદ આવતાની સાથેજ મને "ઑફીશીયલ સબૉર્ડિનેશન" નું સ્મરણ થઇ આવે છે. આપણા દેશમાં એ વસ્તુ છેક નહોતી એમ કહી શકાય નહિ, પરંતુ તે ઇચ્છવાયોગ્ય તો નહોતીજ. આપણા દેશમાં ભક્તિને બદલે પ્રથમ ભય હતો. ભક્તિ એ મનુષ્યની શ્રેષ્ઠ વૃત્તિ છે, જ્યારે ભય એ નિકૃષ્ટ વૃત્તિ છે. ભક્તિશૂન્ય ભય જેવું માનસિક અવનતિનું મહાન્ કારણ ભાગ્યેજ બીજું કોઇ

હશે. દરેક માણસે પોતાના ઉપરિની આજ્ઞાનું પાલન કરવું, તેનું સન્માન કરવું, અને તેની ભક્તિ કરવી, પરંતુ કારણ વિના તેનાથી કોઇ પણ પ્રકારે ડરવું નહિ. એક બીજા પ્રકારની આજ્ઞાંકિતતા પણ આપણા દેશમાં જરૂરની છે. આપણા ધર્મ–કર્મો તથા આચાર–વ્યવહારો પ્રાયઃ સમાજના હિતાર્થેજ હોય છે. સમાજનું કામ માણસોએ એકસંપીથી એકત્ર થઇને ચલાવવું જોઇએ. પાંચ માણસોમાં જો એકતા ન હોય તો તેમનાથી સામાજીક હિતનું કોઇ કામ થઈ શકે નહિ. એટલા માટે પાંચ જણમાંથી એક મનુષ્યે નાયક બનવું જોઇએ; અને બાકીનાઓએ તેની આજ્ઞાનું પાલન કરી પોતાનું કર્તવ્ય બજાવવું જોઇએ. આ સ્થળે પણ આજ્ઞાંકિતતા (સબૉર્ડીનેશન) ની જરૂર છે. કમનસીબે આપણામાં અત્યારે એવું આજ્ઞાંકિતપણું રહ્યું નથી. જે કાર્ય પ્રથમ દશ માણસો એકત્ર થઇને કરતાં તે કાર્ય આજે પ્રત્યેક મનુષ્ય પોતે એકલોજ પાર પાડવા પ્રયત્ન કરે છે. આજે કોઇ કોઇની આજ્ઞાને માન આપતું નથી તેથી અનેકોના પ્રયત્નો નિષ્ફળ થાય છે. અનેક સમયે એમ પણ બને છે કે એક નિકૃષ્ટ વ્યક્તિ આગેવાનતરીકે નીમાય છે, અને કેટલાક શ્રેષ્ઠ મનુષ્યોને તેની આજ્ઞા પ્રમાણે ચાલવું પડે છે. આવી રીતે સમાજના હિતને અર્થે શ્રેષ્ઠ મનુષ્યોએ નીચ આગેવાનનું સન્માન સાચવવું એ કર્તવ્ય છે, કારણ કે જો તે તે ન કરે તો કાર્યનો ઉદ્દેશ સફળ થાય નહિ, અને સમાજને હાનિ સહન કરવી પડે. આપણા દેશમાં આવી ઉદારતા બતાવવામાં આવતી નથી, તેથી આપણી સામાજીક ઉન્નતિ સંપૂર્ણરીતે સિદ્ધ થઇ શકતી નથી.

(૬) એક મનુષ્ય જે વિષયમાં બહુ નિપુણતા ધરાવતો હોય તે વિષયમાં તેનું ખૂબ સન્માન કરવું એ પણ ભક્તિના વિષયમાં આવી જાય છે. ઉંમરમાં જેઓ મોટા હોય તેમને વયોવૃદ્ધરૂપે ભક્તિપાત્ર લેખવા.

(૭) સમાજપ્રત્યે ભક્તિભાવ રાખવો. મનુષ્યમાં જેટલા ગુણો હોય તે સર્વ ગુણો સમાજમાં પણ હોયજ, એ વાત બહુ લક્ષમાં રાખવાયોગ્ય છે. સમાજ આપણને યોગ્ય શિક્ષણ આપી આપણું ભરણપોષણ કરી આપણી રક્ષા કરે છે, એટલુંજ નહિ પણ પ્રસંગોપાત દંડ કરીને આપણને અયોગ્ય માર્ગે જતા રોકે છે. એટલા માટે સમાજ આપણા ગુરુ સમાન પણ છે અને આપણા રાજા સમાન પણ છે. જે રીતે સમાજનું કલ્યાણ થાય તે રીતે સંપૂર્ણ ભક્તિપૂર્વક આપણે વર્તવું જોઇએ. આ શિક્ષણનો વિશેષ પ્રચાર કરવા માટે કોમ્ટધર્મે "માનવ–દેવી" ની પૂજા કરવાનો જે ઉપદેશ કર્યો છે, તે બહુ યોગ્ય છે.

આજકાલ ભક્તિના અભાવે આપણા દેશની કેટલી દુર્દશા થઈ છે ! કેટલી બધી ઉચ્છૃંખલતા આવી ગઇ છે ! પૂર્વે હિંદી પુત્રોમાં ભક્તિનો લેશમાત્ર અભાવ જોવામાં આવતો નહોતો. હિંદુધર્મમાં અથવા હિંદુશાસ્ત્રમાં ભક્તિ ઉપરજ મુખ્ય

બાદ મૂકવામાં આવ્યાં છે, [illegible] અનુચિત નથી [illegible] આપણા સુશિક્ષિત ગણાતા વર્ગમાં [illegible] પણ રહ્યો નથી. પાશ્ચાત્ય [illegible] ([illegible]) નો [illegible] અર્થ નહિ [illegible] ભાષાને લીધે હિંદી યુવકોના મગજમાં [illegible] ઘર કરી બેઠો છે. અત્યારના સુધારક યુવકો એમ માને છે કે અનુકરણ માત્ર [illegible] નીકળેલો એક પ્રકાર [illegible] છે, અને તેમાં જે [illegible] કરવાની કશી જરૂર નથી. મનુષ્યની [illegible], જે [illegible], તેને [illegible] યુવકો નવલકથાનું [illegible] છે, ને [illegible] છે. પિતાને આજકાલ "માય ડીયર ફાધર" કહેવામાં કોઈને કશો સંકોચ થતો નથી, પણ એનો ખરો અર્થ તો એટલોજ થાય છે કે "જુનો ડોસલો." આજકાલ માતાને "[illegible]" નહિ [illegible] પરિવાર તરીકે ઓળખવામાં આવે છે, અને મોટા ભાઈને તો પોતાની જાતિનો એક મનુષ્ય લેખવામાં આવે છે. ગુરૂને એક સાધારણ માસ્તરતરીકે ગણી કાઢવામાં આવે છે. પુરોહિતો તો જાણે કાંઈ કામનાજ નથી ! જે સ્વામીની એક કાળે દેવના સમાન પૂજા કરી તે સ્વામીને આજકાલ એક સાધારણ જંતુ સમાન લેખવામાં આવે છે, એટલુંજ નહિ પણ ક્વચિત્ કદાચિત્ તેની પાસેથી નોકરનું પણ કામ કરાવવામાં આવે છે. સ્ત્રીને આપણે લક્ષ્મીસ્વરૂપ માનવી જોઈએ એવું તો કોઈના મનમાં પણ આવતું નથી; કારણ કે લક્ષ્મીને માને છેજ કોણ ! આ તો જાણે આપણા ગૃહની વાત થઇ ! ગૃહની બહાર જઈને જોઈશું તો જણાશે કે ચાકરો અનેક માણસો પોતાના કદ્દા શત્રુ સમાન માનવા લાગી ગયા છે. રાજપુરુષ એ જાણે કે કોઈ જુલમી રાક્ષસ હોય એમજ સૌ કોઈને લાગી ગયું છે. સમાજના ગુરુઓ તો આપણી પાસે ઉપહાસપાત્ર સ્પદજ બની ગયા છે, અને આપણી સમાલોચના શક્તિ કેટલી તીક્ષ્ણ છે તે પ્રકટ કરવા માટે સમાજશિક્ષકના વિષય સિવાય બીજો કોઈ વિષયજ આપણને મળતો નથી. જગતમાં કોઈ ધાર્મિક કે જ્ઞાની હોય એમ તો આપણા સ્વપ્નમાં પણ આવતું નથી. જો કોઈ ધાર્મિક પુરુષનાં અનાયાસે દર્શન થઈ જાય છે તો આપણને ભક્તિભાવ સ્ફુરવાને બદલે તેના પ્રત્યે દયા કિંવા તિરસ્કારજ સ્ફુરે છે ! કોઈ જ્ઞાની પુરુષ મળ્યો તો તેને પરાજિત કેવી રીતે કરવો તેનાજ ખ્યાલો આપણા મનમાં રમ્યા કરે છે ! હું કોઇના કરતાં નિકૃષ્ટ છું અથવા મારા કરતાં અમુક મહાન્ છે, એમ માનવું એ આ કાળે એક મહાન્ મૂર્ખતા ગણાય છે. આથી કરીને આપણા જીવનને ઉચ્ચ લક્ષ્યપ્રતિ દોરી શકે એવો કોઇ આદર્શ આપણને મળી શકતો નથી. આ સર્વનું પરિણામ એ આવ્યું છે કે એકપપૂર્વક આપણાથી જે સામાજીક હિતનાં કાર્યો થવાં જોઇએ તે આપણાથી બની શકતાં નથી. વિદ્વાન

તથા વૃદ્ધ પુરુષોની મશ્કરી કરતાં આપણને સહેજે સંકોચ થતો નથી. સમાજના ભયથી ડરી ડરીને ચાલીએ છીએ; પરંતુ સમાજ પ્રત્યે જે ભક્તિ જોઇએ તે આપણામાં રહી નથી. આ સર્વના પરિણામરૂપે આજે આપણું ગૃહ નંદનવન બનવાને બદલે નરકાવાસ સમાન થઇ પડયું છે ! શિક્ષણ અથવા કેળવણી પણ એવી છે કે તે આપણું હિત કરવાને બદલે અહિતજ કરી રહી છે ! રાજનૈતિક પુરુષોમાં પણ અનેક પ્રકારના મતભેદો પડવા લાગ્યા છે ! સમાજમાં અધોગતિ તથા ઉચ્છૃંખલતાએ પ્રવેશ કર્યો છે. આપણા ચિત્તમાં મલિનતાએ તથા મગજમાં અભિમાને ઉંડાં મૂળ નાખ્યાં છે.

શિષ્યઃ—ઉન્નતિને માટે ભક્તિની આટલી બધી જરૂર હોય એમ તો મેં કદાપિ ધાર્યું નહોતું.

ગુરુઃ—એટલાજ માટે ભક્તિને હું સર્વશ્રેષ્ઠ વૃત્તિ કહેતો હતો. હજી તો મેં મનુષ્યભક્તિનીજ તને વાત કરી છે. હવે પછી ઇશ્વરભક્તિવિષે વિવેચન કરીશ ત્યાર પછી ભક્તિની શ્રેષ્ઠતા વિશેષરૂપે તું સમજી શકશે.

अध्याय ११ मो--ईश्वरभक्ति

શિષ્યઃ—આજે ઇશ્વરભક્તિવિષે કાંઇક ઉપદેશ આપો, એવી મારી પ્રાર્થના છે.

ગુરુઃ—અત્યાર સુધીમાં તેં જે કાંઇ મારી પાસેથી સાંભળ્યું છે અને હવે પછી જે કાંઇ સાંભળશે તે સિવાય ઇશ્વરભક્તિસંબંધે બીજો કાંઇ ખાસ ઉપદેશ નથી. અલબત્ત, સમજાવવા માટે તે વિષયનું અન્ય પ્રકારે વિવેચન કરવું પડે એ જૂદી વાત છે. હિંદુધર્મમાં "ભક્તિ" શબ્દ મહાન્ અર્થસૂચક લેખાય છે, અને તે શબ્દ આપણામાં એટલો બધો પ્રસિદ્ધ છે કે તેને માટે વિશેષ બોલવું અનાવશ્યક છે. ભિન્ન ભિન્ન ધર્મવેત્તાઓએ તેની વિવિધ પ્રકારે વ્યાખ્યાઓ કરી છે. ક્રિશ્ચિયન ધર્મ જેવો આર્યેતર ધર્મ પણ ભક્તિને પ્રધાનપદ આપે છે, તે તું જાણતો હઇશ. સર્વ ધર્મોના સિદ્ધાંતોનું મનન કર્યા પછી અને અતિ ઉન્નત ભક્તોનાં જીવનચરિત્રોનો અભ્યાસ કર્યા પછી ભક્તિના સ્વરૂપવિષે મેં જે નિર્ણય કર્યો છે, તે હું તને આજે જણાવવા ઇચ્છું છું. બહુ ધ્યાનપૂર્વક એકાગ્ર મનથી મારી વાત નહિ સાંભળે તો તારો અને મારો ઉભયનો પરિશ્રમ નિરર્થક જશે.

શિષ્યઃ—ફરમાવો.

ગુરુઃ—મનુષ્યની સઘળી વૃત્તિઓ ઇશ્વરાભિમુખી થાય અર્થાત સકળ વૃત્તિઓ ઇશ્વર તરફ વળે તેને ભક્તિ કહેવામાં આવે છે.

શિષ્યઃ—બરાબર સમજાયું નહિ.

ગુરુઃ—અર્થાત્ જ્યારે આપણી જ્ઞાનાર્જનની વૃત્તિઓ ઈશ્વરસંબંધી અધ્યયન કરવામાંજ પ્રવૃત્ત રહ્યા કરે, કાર્યકારિણી વૃત્તિઓ જ્યારે ઈશ્વરનેજ સમર્પિત થાય, ચિત્તરંજની વૃત્તિઓ જ્યારે ઈશ્વરના સૌંદર્યનોજ ઉપભોગ કરે, અને શારીરિકી વૃત્તિઓ જ્યારે ઈશ્વરનાં કાર્યો બજાવવામાંજ તલ્લીન રહ્યા કરે, અથવા ઈશ્વરની આજ્ઞાનુંજ પાલન કરવા લાગે, ત્યારે તે અવસ્થાને ભક્તિ કહેવામાં આવે છે. જેનું જ્ઞાન પણ ઈશ્વરમાંજ સમાઈ જાય, જેનું કર્મ પણ ઈશ્વરમાંજ સમાઈ જાય, આનંદ પણ ઈશ્વરમાંજ સમાઈ જાય અને જેનો દેહ પણ ઈશ્વરનેજ આધીન રહે તેનામાં ઈશ્વરભક્તિ છે, એમ સમજવું. ઈશ્વરભક્તિનું યોગ્ય સ્ફુરણ તથા ખીલવણી પણ ત્યારેજ થયાં ગણાય.

શિષ્યઃ—આપના આ કથન સામે મારો પ્રથમ વાંધો તો એજ છે કે આપે અત્યારસુધી ભક્તિને અન્ય અન્ય વૃત્તિઓ પૈકીની એક વૃત્તિમાત્રજ જણાવી હતી, અને હવે સઘળી વૃત્તિની સમષ્ટિને—એકત્રતાને ભક્તિ કહો છો. એનો અર્થ શું સમજવો?

ગુરુઃ—ભક્તિ નામની એકજ વૃત્તિ છે. મારો કહેવાનો આશય એવો હતો કે જ્યારે મનુષ્યની સઘળી વૃત્તિઓ એક માત્ર ભક્તિવૃત્તિનેજ અનુસરે ત્યારેજ ભક્તિનું યોગ્ય સ્ફુરણ થયું ગણાય. અનેક પ્રકારની વૃત્તિઓમાં ભક્તિ વૃત્તિની મેં શ્રેષ્ઠતા તને જણાવી તેનું કારણ પણ એજ છે. ભક્તિ જ્યારે ઈશ્વરમાં સમાર્પિત થાય ત્યારે બીજી વૃત્તિઓએ તેને આધીન થવુંજ જોઈએ, ઈશ્વ-રાર્પિત ભક્તિ જે માર્ગ દર્શાવે તે માર્ગે અન્યાન્ય વૃત્તિઓએ જવુંજ જોઈએ, એજ મારો કહેવાનો આશય છે. ભક્તિ એટલે સઘળી વૃત્તિઓની સમષ્ટિયુક્ત એક શક્તિ; એવો અર્થ કરવો તદ્દન અયોગ્ય છે.

શિષ્યઃ—તો પછી સામંજસ્ય ક્યાં રહ્યું? આપ અગાઉ કહી ગયા છો કે સઘળી વૃત્તિઓની યથાયોગ્ય સ્ફુર્તિ તેનુંજ નામ મનુષ્યત્વ. યથાયોગ્ય સ્ફુર્તિનો તે સ્થળે આપે એવો અર્થ કર્યો હતો કે કોઈપણ વૃત્તિને એટલી બધી આગળ વધવા ન દેવી કે જેથી કરીને બીજી વૃત્તિઓની સ્ફુર્તિને હાનિ પહોંચે. હવે જો સઘળી વૃત્તિઓ એક માત્ર ભક્તિવૃત્તિનેજ આધીન રહે તો પછી બીજી વૃત્તિઓને આજ્ઞાધીન રહેવુંજ પડે, એ સ્વાભાવિક છે, અને જો એમ થાય તો વૃત્તિઓનું પરસ્પરનું સામંજસ્ય ક્યાં રહ્યું?

ગુરુઃ—ભક્તિને અનુસરવાથી કોઈપણ વૃત્તિની ઉત્કૃષ્ટ સ્ફુર્તિને વિઘ્ન નડતું નથી. મનુષ્યની વૃત્તિને એક ચોક્કસ પ્રકારનો ઉદ્દેશ હોવોજ જોઈએ. તેમાં ઈશ્વર સંબંધી ઉદ્દેશ સર્વથી મહાન્ છે, એમ કહેવાની જરૂર નથી. જે વૃત્તિ પોતે આગળ વધવાની શક્તિ ધરાવતી હોય તે વૃત્તિ જો ઈશ્વરાનુવર્તી થાય તો તેના આગળ વધવામાં કોઈ

જાતનું વિઘ્ન નડે નહિ. ઈશ્વરજ જો વૃત્તિનો ઉદ્દેશ હોય, અર્થાત્ અનંત મંગળ, અનંત જ્ઞાન, અનંત ધર્મ, અનંતસૌંદર્ય, અને અનંત શક્તિ જે વૃત્તિનો ઉદ્દેશ હોય, તેને આગળ વધતી કોણ અટકાવી શકે? માટે ભક્તિવૃત્તિને આધીન રહેવું એજ સર્વ વૃત્તિઓનું યથાર્થ સામંજસ્ય છે.

શિષ્યઃ—આપે જે મનુષ્યતત્ત્વ અને અનુશીલન ધર્મ સમજાવ્યો તેનું સ્થૂળ તાત્પર્ય, મારા સમજવા પ્રમાણે, એવું નીકળે કે ઈશ્વરભક્તિ, એજ સંપૂર્ણ મનુષ્યત્વ, એટલુંજ નહિ પણ ભક્તિ એજ અનુશીલનનો એક માત્ર ઉદ્દેશ હોવાયોગ્ય છે.

ગુરુઃ—અનુશીલન ધર્મનો એવો આશય છે, એ વાત ખરી. વસ્તુતઃ જ્યાંસુધી સઘળી વૃત્તિઓ ઈશ્વરમાં સમર્પિત ન થાય ત્યાંસુધી સંપૂર્ણ મનુષ્યત્વજ પ્રાપ્ત ન થઈ શકે. વૃત્તિઓનું ઈશ્વરને અર્પણ કરવું તેજ સાચું કૃષ્ણાર્પણ! એજ સાચો નિષ્કામ ધર્મ! અને એજ સાચું સુખ! પ્રકારાંતરે કહીએ તો ચિત્તશુદ્ધિ પણ એનુંજ નામ! ધર્મ પણ એજ! અને ભક્તિ, પ્રીતિ, શાંતિ વિગેરે જે લક્ષણો કહ્યાં છે તે પણ તેજ ધર્મનાં! મેં ઉપર કહ્યો તે સિવાય બીજો કોઈ યથાર્થ ધર્મ નથી. મારે જે કાંઈ કહેવાનું છે તેનુ મૂળ હું તનેજ સમજાવી ગયો; પણ એટલા ઉપરથી તું એમ માની લઈશ નહિ કે એટલી વાત સમજવા માત્રથીજ અનુશીલનધર્મનું સંપૂર્ણ રહસ્ય તું સમજી ગયો!

શિષ્યઃ—વસ્તુતઃ હું કાંઈજ સમજ્યો નથી. એ વાતનો હું પોતેજ સ્વીકાર કરું છું. અનુશીલન ધર્મમાં ભક્તિનું સ્થાન ક્યાં છે તેવિષે હું હજી તદ્દન અજ્ઞાન છું. શારીરિક અનુશીલનની વ્યાખ્યા આપે કહી સંભળાવી ત્યારે મારી ખાત્રી થઇ હતી કે શારીરિક બળમાં વૃદ્ધિ કરવી અથવા તો શરીરની માંસપેશીઓને મજબૂત બનાવવી એ કર્તવ્ય છે. હવે, ધારો કે કોઈ મનુષ્ય રોગ, દારિદ્રય કે એવાજ બીજા કોઈ કારણથી પોતાની શારીરિક વૃત્તિઓને સંપૂર્ણ પ્રમાણમાં કેળવી ન શકે તો શું તેનાથી ઈશ્વરભક્તિ ન થઇ શકે?

ગુરુઃ—મારે કહેવાનું માત્ર એટલુંજ છે કે જે અવસ્થામાં મનુષ્યની સઘળી વૃત્તિઓ ઈશ્વરાભિમુખી થાય તે અવસ્થાને ભક્તિ કહેવાય. અમુક વ્યક્તિનું શારીરિક બળ અધિક ન્યૂન અથવા ગમે તેટલું હોય પણ જો તે વ્યક્તિ ઈશ્વરાભિમુખ રહે, અર્થાત્ પોતાના શારીરિક બળનો ઉપયોગ ઈશ્વરાનુમત કાર્યમાં કરે, તેમજ તેની સાથે પોતાની બીજી વૃત્તિઓને પણ સંયુક્ત કરે તો તેનામાં ઈશ્વરભક્તિ છે, એમ કહી શકાય. જે મનુષ્યમાં જેટલું બળ ન્યૂન હોય તેટલે અંશે તેની કર્તવ્યપાલનતામાં ખામી આવે એ વાત તો ખુલીજ છે. અનુશીલનની જરૂર એટલીજ છે કે શરીરને કિંવા મનને બરાબર કેળવી તેનો ઈશ્વરાનુમત (ઈશ્વરે ઉપદેશેલા) કાર્યમાં અંતઃકરણપૂર્વક ઉપયોગ કરવો. દાખલાતરીકે એક લૂંટારો એક ભલા—નિર્દોષ માણસને

હેરાન કરે છે. આ દેખાવ બે માણસો જુવે છે. ધારો કે આ બન્ને પ્રેક્ષકો ઈશ્વર પ્રત્યે ભક્તિભાવયુક્ત છે; પરંતુ તેમાં એક જણ બળવાન અને બીજો નિર્બળ છે. બળવાન માણસે બહાર આવી પેલા લુંટારાના હાથમાંથી પેલા નિર્દોષ માણસને મુક્ત કર્યો; પરંતુ બીજો દુર્બળ મનુષ્ય પ્રયત્ન કરવા છતાં પણ તે કાર્યમાં વિજયી થઇ શક્યો નહિ. આવા પ્રસંગે વૃત્તિવિશેષના અનુશીલનના અભાવે દુર્બળ મનુષ્યમાં મનુષ્યત્વની ખામી હતી, એમ આપણે કહી શકીએ; પરંતુ તેનામાં ઈશ્વરભક્તિનો કિંવા મનુષ્યભક્તિનો અભાવ હતો, એમ કહેવું છાજે નહિ. શારીરિક વિગેરે વૃત્તિઓનું જ્યાંસુધી યોગ્ય પ્રમાણમાં અનુશીલન થાય નહિ ત્યાંસુધી કોઇ પણ વ્યક્તિ સંપૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકે નહિ, તેની સાથે મનુષ્ય પોતાની વૃત્તિઓના સામર્થ્યને જ્યાંસુધી ઈશ્વર-ભક્તિ પ્રતિ વહેતું ન કરે ત્યાંસુધી તેણે મનુષ્યત્વ મેળવેલું હોય તોપણ તે નિષ્ફળ છે, એમ કહેવું જોઇએ. માટે એ ઉભય યોગ્યતાઓનો સમાવેશ એજ સંપૂર્ણ મનુષ્યત્વ. મનુષ્યત્વની પ્રાપ્તિ અર્થે જેમ વૃત્તિઓનું સ્વાતંત્ર્ય સુરક્ષિત રહેવું જોઇએ તેમ તેની સાથે ભક્તિનું પણ પ્રાધાન્ય રહેવું જોઇએ. એટલાજ માટે મેં કહ્યું હતું કે વૃત્તિઓ ઈશ્વરને સમર્પિત કરવા માત્રથીજ સંપૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત થતું નથી, પરંતુ તેની સાથે વૃત્તિઓનું સમુચિત અનુશીલન પણ અત્યાવશ્યક છે.

શિષ્યઃ—હજી એક બીજો વાંધો છે. જે ઉપદેશ પ્રમાણે કાર્ય થઇ શકે એવું ન હોય, તેને હું ઉપદેશજ કહેતો નથી. હું પૂછું છું કે આપના ઉપદેશ પ્રમાણે શું સર્વ વૃત્તિઓને ઈશ્વરાભિમુખી કરી શકાય? ક્રોધ પણ એક પ્રકારની વૃત્તિ છે. હવે ક્રોધને ઇશ્વરાનુગામી કેવી રીતે કરી શકાય?

ગુરુઃ—જગતની તે અતુલ મહાકોધવાણીનું તને સ્મરણ છે?

क्रोधं प्रभो संहर संहरेति यावद्गिरः खे मरुतां चरन्ति ।
तावत् स वह्निर्भवनेत्रजन्मा भस्मावशेषं मदनं चकार ॥

આ ક્રોધ મહા પવિત્ર ક્રોધ ગણાય; કારણ કે યોગમાં ભંગ કરનારી મદનની કુપ્રવૃત્તિ ને ક્રોધના પ્રતાપે વિનષ્ટ થઇ ગઇ! આવો ક્રોધને સ્વયં પ્રભુનોજ ક્રોધ કહી શકાય. આવીજ એક નીચ વૃત્તિ કે જેને ઈશ્વરાભિમુખી કરવાથી વ્યાસદેવ મહાભારત જેવો અદ્વિતીય કાવ્યગ્રંથ જગતને આપતા ગયા! પણ હું ભૂલું છું. તારા જેવા નવા જમાનાની કેળવણી પામેલા-વીસમી સદીના યુવકોને આ વાત એકાએક ગળે ઉતરશે નહિ. એટલા માટે મારૂં વિશેષ કથન તારા જેવાને માટે નિરર્થક છે.

શિષ્યઃ—બીજો પણ એક વાંધો છે-

ગુરુઃ—તે સ્વાભાવિક છે. જે અવસ્થામાં મનુષ્યની સઘળી વૃત્તિઓ ઇશ્વરમુખી

અથવા ઈશ્વરાનુવર્તી હોય તેને ભક્તિ કહેવાય. આ વાત એટલી બધી ગંભીર છે, અને તેની અંદર એટલી બધી મહત્ત્વની વાતોનો સમાવેશ થઇ જાય છે કે એક વાર કહેવા માત્રથીજ તું તે સમજી શકે એવી બિલકુલ સંભાવના નથી. અનેક શંકાઓ થવ, અનેક વાંધાઓ જણાય, અનેક છિદ્રો જણાય, એટલુંજ નહિ પણ છેવટે આ ઉપ દેશ તને અર્થશૂન્ય પ્રલાપ જેવો ભાસે તો તે પણ સંભવિત છે; પરંતુ મારી તને પુનઃ પુનઃ એટલીજ ભલામણ છે કે એટલેથીજ નિરાશ ન થઇ જવું. પ્રતિદિન, પ્રતિમાસ, અને પ્રતિવર્ષ એજ એક તત્ત્વસંબંધી વિચારો કર્યા કરવા અને એજ એક તત્ત્વને ક્રિયામાં મૂકવાના હૃદયપૂર્વક યત્નો કરી જોવા. એથી ક્રમશઃ એ તત્ત્વ તારી દૃષ્ટિ સન્મુખ દીપકની માફક સંપૂર્ણ તેજથી પ્રકાશવા લાગશે, અને જ્યારે એમ થાય ત્યારે સમજજે કે તારૂં જીવન સાર્થક થયું! તારો મનુષ્યજન્મ સફળ થયો! ઉક્ત ગંભીર તત્ત્વ સિવાય અન્ય એકકે વાત મનુષ્યે લક્ષપૂર્વક શીખવાની નથી. એક મનુષ્ય પોતાનું સમસ્ત જીવન સદ્‌વિચાર અને ઉચ્ચ ભાવનાઓમાંજ વ્યતીત કરે અને છેવટે ઉક્ત તત્ત્વ સમજી, તેને ક્રિયામાં મૂકવાનો પ્રયત્ન કરે તોજ તેનું જીવન સફળ થયું ગણાય.

શિષ્યઃ—આવું દુષ્પ્રાપ્ય જ્ઞાન આપને કેવી રીતે પ્રાપ્ત થયું?

ગુરુઃ—અતિ તરુણ અવસ્થામાંથીજ મારા મનમાં આ એક પ્રશ્ન સદા ઉદ્‌ભવ્યા કરતો કેઃ–"આ જીવન કેવી રીતે સાર્થક થાય? આ જીવનમાં એવું શું કર્તવ્ય કરવું જોઇએ કે મનુષ્યભવ સફળ થાય?" **સમસ્ત જીવન આ એકજ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર મેળવવા અર્થે મેં વ્યતીત કર્યું** છે; અને તેના ઉત્તરની શોધમાંજ જીવન પ્રાયઃ પૂરૂં થવા આવ્યું છે. અનેક પ્રકારના લોકપ્રચલિત ઉત્તરો અત્યાર સુધીમાં મને મળી ચૂકયા છે. તેની સત્યતા કિંવા અસત્યતાનો નિર્ણય કરવા માટે હું અનેક ભોગો પણ આપી ચૂકયો છું, અનેક કષ્ટો સહન કર્યાં છે, યથાશક્તિ વાંચવામાં અને વિચારવામાં પણ પ્રમાદ કર્યો નથી, અનેક પ્રકારના લેખો પણ લખી વાળ્યા છે, અનેક લોકોની સાથે વાર્તાલાપો અને ચર્ચાઓ કરવામાં પણ કચાશ રાખી નથી, એટલુંજ નહિ પણ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ પણ કરી ચૂકયો છું. સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ, દર્શન તથા દેશી–વિદેશી શાસ્ત્રો પણ ઉથલાવી જોયાં છે. ટુંકામાં, જીવન સફળ કરવા અર્થે પ્રાણાંત પરિશ્રમ કરી ચૂકયો છું. આ સર્વ પરિશ્રમો અને કષ્ટોના પરિણામે હું એટલું સમજી શકયો છું કે સઘળી વૃત્તિઓને ઈશ્વરાનુવર્તી કરવી તેજ યથાર્થ ભક્તિ, અને એવી ભક્તિ વિના યથાર્થ મનુષ્યત્વ કોઇ કાળે પ્રાપ્ત થઇ શકે નહિ. "આ જીવન કેવી રીતે સાર્થક કરવું" એ પ્રશ્નના ઉત્તરમાં એ એકજ ઉત્તર મને યથાર્થ અને સંતોષકારક લાગ્યો છે. બાકી સર્વ ઉત્તરો મને નિરર્થક જેવાજ જણાયા છે. વસ્તુતાએ મનુષ્યના સમસ્ત જીવનનું:—સમસ્ત પરિ-

અમુક એક [illegible] અનિયમ હતા, [illegible] કરો [illegible]
કેવી રીતે પ્રાપ્ત કર્યું ? તેના ઉત્તરમાં મારે એટલું [illegible] જીવન [illegible]
સમસ્ત જીવન એ એક [illegible] ઉત્તર [illegible] ભક્તિ [illegible]
છે, અને તેનો જે ઉત્તર આપવા [illegible] અને [illegible] તેજ હું તને
સંભળાવવા માગું છું. મારા સમસ્ત જીવનના પરિણામરૂપ [illegible] એક વિષયમાં
કેવી રીતે સમજી શકો ?

શિષ્ય:—આપના કહેવા ઉપરથી મને એમ લાગે છે કે ભક્તિનું રહસ્ય સંબંધી આપે મને જે ઉપદેશ આપ્યો તે આપનો પોતાનોજ એક ખાસ સિદ્ધાંત છે. આર્ય ઋષિઓ તે તત્ત્વ જાણતા નહોતા.

ગુરુ:—મૂર્ખ ! મારા જેવા ક્ષુદ્ર મનુષ્યોમાં તે એવી શું શક્તિ છે કે આર્ય મહર્ષિઓ જે વાત ન જાણી શક્યા તે વાત હું જાણું ? કેટલી વાત ! મારા કથનનો સારાંશ માત્ર એટલોજ છે કે સમસ્ત જીવન પર્યંત તેમના સિદ્ધાંતો અભ્યાસ કરવાથીજ હું તેમના આશયો સમજી શક્યો છું. હા, એટલું છે કે જે ભાષામાં હું તને આજે ભક્તિ તત્ત્વ સમજાવું છું તે ભાષામાં તેઓએ તે વાત સમજાવી નથી. તમારા જેવા વીસમી સદીના નવયુવકોને માટે વીસમી સદીની ભાષામાંજ આ વાત સમજાવવાની જરૂર પડી છે. ભાષામાં ભલે ભેદ પ્રભેદ પડી જાય તોપણ સત્ય વસ્તુમાં કોઇ કાળે ફેરફાર થવા પામતો નથી. સત્ય વસ્તુ નિત્ય છે. તેમાં વિકાર કે પ્રભેદ કદાપિ થતો નથી. શાંડિલ્યના સમયમાં ભક્તિનું જે સ્વરૂપ હતું તેજ સ્વરૂપ હજી આ કાળે પણ વર્તમાન છે. ભક્તિનું યથાર્થ સ્વરૂપ હજી પણ આર્ય મહર્ષિઓના કથનોમાં અને ઉપદેશોમાં મળી આવે છે. જેવી રીતે સમુદ્રમાં ડુબકી માર્યા વિના રત્નનું યથાર્થ સ્વરૂપ જણાતું નથી; તેવીજ રીતે હિન્દુશાસ્ત્રરૂપી અગાધ સમુદ્રમાં નિમજ્જન કર્યા વિના શાસ્ત્રીય તત્ત્વરત્નોની યથાર્થ પ્રાપ્તિ થઇ શકતી નથી.

શિષ્ય:—આર્ય મહર્ષિઓએ ભક્તિની જે વ્યાખ્યા કરી છે તેજ વ્યાખ્યા આપની પાસેથી સાંભળવાની મારી જિજ્ઞાસા છે.

ગુરુ:—એવી જિજ્ઞાસા ખરેખર અવકાશદાયક છે. ભક્તિ ઉપર હિંદુઓનીજ માલેકી છે, કારણ કે ભક્તિ એ વસ્તુજ હિંદુઓની છે. ક્રિશ્ચિયન ધર્મમાં પણ જો કે ભક્તિવાદ છે, પણ હિંદુધર્મમાં જે ખુબીથી ભક્તિની સાર્થકતા દર્શાવવામાં આવી છે,તેવી ખુબી બીજા કોઇ ધર્મમાં નથી. ખેદ માત્ર એટલોજ છે કે આર્ય મહર્ષિઓએ ભક્તિની જે વ્યાખ્યા કરી છે તે વિસ્તારપૂર્વક સાંભળવાને તથા સંભળાવવાને જોઇએ તેટલો આપણને અવકાશ નથી. આપણો મૂળ ઉદ્દેશ અનુશીલન ધર્મ સમજાવવાનો હતો, તે તને સ્મરણમાં હશે. છતાં ભક્તિસંબંધી સ્થૂળ વ્યાખ્યા હું તને પ્રસંગોપાત સંભળાવીશ.

શિષ્ય:—પહેલાં મને એ વાત કહો કે શું ચિરકાળથીજ ભક્તિવાદને હિંદુધર્મના એક અંશરૂપે માનવામાં આવ્યો છે?

ગુરુ:—ના, તેમ નથી. વૈદિક ધર્મમાં ભક્તિ નથી. હું ધારું છું કે વૈદિક ધર્મથી તું પરિચિત હોઇશજ. સાધારણ ઉપાસકોની સાથે ઉપાસ્ય દેવોનો જે સંબંધ આજ-કાલ આપણી નજરે પડે છે તેવોજ સંબંધ વૈદિક યુગમાં હતો. "હે પ્રભુ! મારા અર્પણ કરેલા આ સોમરસનું આપ પાન કરો, હવિ ભોજન કરો અને મને ધન આપો, સંપત્તિ આપો, પુત્ર આપો, ગાય આપો, ધાન્ય આપો, તથા મારા શત્રુઓનો પરાભવ કરો." વિગેરે. આગળ વધીને બહુ બહુ તો તેઓ એટલે સુધી પ્રાર્થના કરતા કે—"હે પ્રભુ! મારાં પાપોનો ધ્વંસ કરો." આ પ્રમાણે દેવોને પ્રસન્ન કરવાની ઇચ્છાથી વૈદિક યુગમાં લોકો યજ્ઞો વિગેરે કરતા. એવી રીતે કામ્ય વસ્તુની પ્રાપ્તિઅર્થે જે યજ્ઞાદિ કરવા તેને કામ્ય કર્મ કહેવામાં આવે છે. જે ઉપાસનામાં કામ્ય કર્મોની મુખ્યતા હોય તેને સાધારણ રીતે "કર્મ" કહેવામાં આવે છે. "તમે અમુક કામ કરશો તો તમને અમુક ફળ મળશે, માટે તમારે અમુકજ કર્મ કરવું," એવી રીતની ધર્મ કરવાની પદ્ધતિને કર્મ કહેવાય. વૈદિક યુગના છેલ્લા સમયમાં આવી રીતના કર્માત્મક ધર્મનું બળ બહુ વધી પડયું હતું. યાગયજ્ઞોની પ્રબળતા એટલે સુધી વધી પડી હતી કે ધર્મના યથાર્થ મર્મનો છેક લોપ થઈ જાય એવો પ્રસંગ આવી પહોંચ્યો હતો. બરાબર એજ સમયે કેટલાક પ્રતિભાશાળી પવિત્ર પુરુષોને વિચાર થયો, કે આ કર્માત્મક ધર્મ એજ યથાર્થ ધર્મ હોય એમ બને નહિ. તેઓએ વિચાર કર્યો કે વૈદિક દેવ–દેવીઓની કલ્પનામાત્રથીજ આ જગતનું અસ્તિત્વ બરાબર સમજાય નહિ. આ સર્વ કલ્પનાઓની પાછળ એક અનંત અને અજ્ઞેય કારણ અવશ્ય હોવું જોઇએ. આ કારણની તપાસ કરવા તેમણે પ્રયત્નો શરૂ કર્યા. લોકોની શ્રદ્ધા પણ ધીમે ધીમે કર્મ ઉપરથી ખસવા લાગી. છેવટે ત્રણ પ્રકારના વિપ્લવ (રૂપાંતર—અથવા ઉથલપાથલ) આ દેશમાં ઉપસ્થિત થયા, કે જે વિપ્લવોની સત્તા હજી પણ આપણા દેશમાં પ્રચલિત છે. એ ત્રણ પ્રકારના વિપ્લવોમાં એક વિપ્લવ ચાર્વાકોદ્વારા ઉપસ્થિત થયો. તેમણે એવા ઉપદેશની શરૂઆત કરી કે સઘળા કર્મકાંડો મિથ્યા છે. બસ, ખાઓ, પીઓ અને મોજ–મજા ભોગવો. બીજો સંપ્રદાય બુદ્ધ અથવા શાક્યસિંહે ઉત્પન્ન કર્યો. તેણે કહ્યું કે:—કર્મનું ફળ અલબત્ત માનવા યોગ્ય છે, પરંતુ કર્મ એજ દુઃખના કારણભૂત છે. કર્મને લીધેજ પુનર્જન્મો લેવા પડે છે, માટે કર્મનોજ નાશ કરો. વિવિધ તૃષ્ણાઓને શાંત કરી ચિત્તસંયમપૂર્વક અષ્ટાંગધર્મના માર્ગે પ્રવૃત્તિ કરી નિર્વાણ પ્રાપ્ત કરો. ત્રીજો વિપ્લવ દાર્શનિકોદ્વારા ઉપસ્થિત થયો. તેઓ પ્રાયઃ બ્રહ્મવાદી હતા. તેમને જણાયું કે તેઓએ જગતના અનંત કારણભૂત જે ચૈતન્યની શોધ કરવા માંડી હતી તે તત્ત્વ અતિશય દુર્જ્ઞેય છે.

આ બ્રહ્મવસ્તુ જો બરાબર સમજાય તો તે પરમાત્મા સાથે કિંવા જગતના તે અંતરાત્મા સાથે આપણો કેવો સંબંધ છે, તેમજ આ જગતની સાથે પરમાત્માનો અને આપણો શું સંબંધ છે, વિગેરે રહસ્યો સમજી શકાય. આ રહસ્યો સમજ્યા પછી "આ જીવન કેવી રીતે સાર્થક થાય" તે કઠિન પ્રશ્નનો ઉત્તર આપોઆપજ મળી જાય છે. એટલા માટે બ્રહ્મનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું કઠિન છે તોપણ યથાર્થ ધર્મ તેજ છે. મતલબ કે જ્ઞાન એજ ધર્મ અને જ્ઞાન એજ નિઃશ્રેયસ્ અથવા પરમ મંગળ છે. વેદના જે અંશને "ઉપનિષદ્" એવું નામ આપવામાં આવ્યું છે તે આ જ્ઞાનવાદીઓનીજ શોધનું પરિણામ છે. ઉપનિષદમાં આપણા મહર્ષિઓની જ્ઞાનકીર્તિ પૂર્ણ પ્રભાથી પ્રકાશી રહી છે. બ્રહ્મનિરૂપણ, અથવા આત્મજ્ઞાન એજ ઉપનિષદોનો ઉદ્દેશ છે. ત્યાર પછી ૭ દર્શનોમાં આ જ્ઞાનવાદ વિશેષ વૃદ્ધિ પામતો ગયો અને તેનો પ્રચાર પણ વૃદ્ધિંગત થતો ગયો. કપિલના સાંખ્યમતમાં જો કે બ્રહ્મનો ત્યાગ કરવામાં આવ્યો છે તોપણ તે દર્શનશાસ્ત્ર જ્ઞાનવાદાત્મક ગણાય છે. દર્શનોમાં કેવળ પૂર્વમીમાંસાજ કર્મવાદી છે. બાકીનાં સર્વ દર્શનો જ્ઞાનવાદી છે.

શિષ્ય:—જ્ઞાનવાદ તો બહુ અપૂર્ણ હોય એમ મને લાગે છે. જ્ઞાનથી ઈશ્વરને જાણી શકાય પરંતુ જ્ઞાનથી ઈશ્વરની પ્રાપ્તિ કેવી રીતે થાય તે સમજાતું નથી. જાણવામાત્રથી કોઈ વસ્તુની કાંઈ થોડીજ પ્રાપ્તિ થાય ? ધારો કે ઈશ્વરની સાથે આપણા આત્માનું એકત્વ છે એ વાતનો મને નિશ્ચય થયો, પણ તેટલાથીજ ઈશ્વરની પ્રાપ્તિ થઈ જાય એ કેવી રીતે બને ! આત્મા અને પરમાત્માને—ઉભયને એકત્ર કરનાર કોઈ એક વસ્તુ જોઈએ કે નહિ ?

ગુરુ:—જ્ઞાનવડે જે ઐક્ય નથી પ્રાપ્ત થતું તે ભક્તિથી પ્રાપ્ત થઈ શકે છે. ભક્તિવાદીઓ પણ એમજ કહે છે કે જ્ઞાનથી તો માત્ર ઈશ્વરને ઓળખી શકાય પણ જાણવા માત્રથીજ ઈશ્વરની પ્રાપ્તિ થઈ જતી નથી. જગતમાંની અનેક વસ્તુઓને આપણે જાણીએ છીએ, પણ તે જાણવામાત્રથી શું આપણી પાસે આવી જાય છે ? આપણે જેના પ્રત્યે દ્વેષ ધરાવતા હોઈએ તેને પણ ઓળખીએ તો છીએજ, પરંતુ શું તેથી તેની સાથે આપણે આપણું ઐક્ય સ્થાપી શકીએ છીએ ? નહિજ. તેવીજ રીતે જો આપણે ઈશ્વરને જાણીએ અને છતાં તેનાપ્રત્યે દ્વેષ રાખીએ તો તે આપણને કેવી રીતે પ્રાપ્ત થાય ? એથી ઉલટી રીતે જોઈએ તો જેના પ્રત્યે આપણી ચાહના—પ્રીતિ હોય તેને અનાયાસે આપણે મળી શકીએ છીએ. એક શરીરધારી મનુષ્ય પણ જો આપણી અંતઃકરણની પ્રીતિ વિના આપણી સાથે હળીમળી શકતો નથી તો પછી જે અશરીરી છે, અને જે કેવળ અંતઃકરણદ્વારાજ પ્રાપ્ત થઈ શકે તેમ છે તે પ્રીતિ કે ભક્તિ વિના કેવી રીતે પ્રાપ્ત થાય ? મતલબ કે જો આપણો ઈશ્વર પ્રતિ ગાઢ અનુરાગ હોય તોજ આપણે તેનું સત્ય સ્વરૂપ પામી શકીએ. આ પ્રકારનો ગાઢ અનુરાગ

તેનુંજ બીજુંનામ ભક્તિ છે. શાંડિલસૂત્રના બીજા સૂત્રમાં કહ્યું છે કેઃ—

सा (भक्तिः) परानुरक्तिरीश्वरे ॥

શિષ્યઃ—આ પ્રમાણે ભક્તિવાદની ઉત્પત્તિનો ઇતિહાસ સાંભળવાથી મને બહુ લાભ થયો. આપે જો આટલી પ્રસ્તાવના કરી ન હોત તો હું ભક્તિવાદ યથાર્થ રીતે સમજી શકત નહિ. આપની વાત સાંભળ્યા પછી મારા અંતઃકરણના ઉદ્‌ગાર આપની પાસે પ્રકટ કર્યા વિના રહી શકતો નથી. યૂરોપીય વિદ્વાનો તથા સ્વામી દયાનંદ સરસ્વતી વિગેરે આ દેશના વિદ્વાનો વૈદિક ધર્મને શ્રેષ્ઠતમ ધર્મ કહી તેની પ્રશંસા કરે છે, પરંતુ તેઓ પૌરાણિક ધર્મને અથવા તો આધુનિક હિંદુધર્મને બહુજ નિકૃષ્ટ ગણી કાઢે છે, તે ઠીક નથી, એમ મને હવે સ્પષ્ટ રીતે જણાય છે. વૈદિક ધર્મમાં ભક્તિ નથી, એટલા માટે તેને અસંપૂર્ણ કિંવા નિકૃષ્ટ ગણી શકાય પરંતુ પૌરાણિક અથવા આધુનિક વૈષ્ણવાદિ ધર્મ કે જેમાં ભક્તિની પ્રધાનતા છે તેને અપૂર્ણ કોઇ રીતે કહી શકાય નહિ. જેઓ પૌરાણિક ધર્મનો લોપ કરી વૈદિક ધર્મને પુનરુજ્જીવન આપવા માગે છે તેઓ ગંભીર ભૂલ કરે છે, એમ મારાથી કહ્યા વિના રહેવાતું નથી.

ગુરુઃ—તું જે કહે છે તે એક રીતે ઠીક છે, પરન્તુ વેદમાં ક્યાંઇ ભક્તિવાદ નથી, એમ આપણાથી કહી-શકાય નહિ. શાંડિલ્ય સૂત્રના ટીકાકાર સ્વપ્નેશ્વરે છાંદોગ્ય ઉપનિષદ્‌માંથી એક વચન ઉદ્ધૃત કરી આ વાત સિદ્ધ કરી છે કે વેદમાં ભક્તિ શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ નહિ હોવા છતાં ભક્તિવાદનો સારાંશ તો કેટલેક અંશે આવી ગયો છેજ. તે વચન આ પ્રમાણે છેઃ—

" आत्मैवेदं सर्वमिति स वा एष एव पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरति-रात्मक्रीड आत्मामिथुन आत्मानन्द स स्वराड्भवतीति ॥ "

અર્થાત—(પૂર્વે જે કાંઈ કહેવામાં આવ્યું છે તે) સર્વ આત્મામાંજ છે. જે તેને નિહાળી, વિચારી અને સમજીને આત્મામાં તલ્લીન થાય, આત્માની સાથેજ ક્રીડા કરે, આત્માની સાથેજ મિથુન (મૈત્રી) કરે અને આત્મામાંજ જે આનંદ મેળવે તે સ્વરાજ (પોતે પોતાનો રાજા અથવા પોતે પોતાનામાંજ આનંદ અનુભવનાર) થાય." યથાર્થ ભક્તિવાદ તે એનુંજ નામ.

अध्याय १२ मो--ईश्वरभक्ति--शांडिल्य

ગુરુઃ—ભકિતને માટે શ્રીમદ્ ભગવદ્‌ગીતા એ પ્રધાન ગ્રંથ છે. છતાં ગીતામાં પ્રબોધાયેલો ભકિતવાદ તને કહું તે પહેલાં ઐતિહાસિક પ્રથાને અનુસરી વેદમાં ભકિતસંબંધે જે કાંઇ કહ્યું હોય તે ટુંકામાં મારે તારી પાસે રજુ કરવું જોઇએ

એમ ધારી અત્યારસુધી તે વિષયની ચર્ચા કરી, તોપણ કેટલુંક કહેવાનું બાકી રહ્યું છે તે આજે સંપૂર્ણ કરીશ. વેદમાં ભક્તિસંબંધી ઉલ્લેખ મળી આવતો નથી એ વાત હું તને અગાઉ જણાવી ગયો છું. છાંદોગ્ય ઉપનિષદ્માં તે સંબંધી ઇસારો છે, એમ પણ મેં કહ્યું છે. છાંદોગ્ય ઉપનિષદ્માં જે ઉલ્લેખ છે તેની સાથે શાંડિલ્ય મહર્ષિનું નામ જોડાએલું છે.

શિષ્ય:—ભક્તિસૂત્રના પ્રણેતા શાંડિલ્ય મહર્ષિ કહેવાય છે તે એજ કે ?

ગુરુ:—શાંડિલ્ય નામના બે મહર્ષિઓ પૂર્વે થઇ ગયા છે, એમ મારે તને પ્રથમજ કહી દેવું જોઇએ. તેમાં પ્રથમ શાંડિલ્યનું નામ ઉપનિષદ્ની સાથે જોડાએલું છે, અને બીજા શાંડિલ્યનું નામ ભક્તિસૂત્રના પ્રણેતાતરીકે પ્રસિદ્ધ છે. ઉપનિષદ્વાળા શાંડિલ્ય મહર્ષિ જેટલા પ્રાચીન છે તેટલા ભક્તિસૂત્રના પ્રણેતા શાંડિલ્યઋષિ પ્રાચીન નથી. ભક્તિસૂત્રના ત્રીજા સૂત્રમાં પ્રાચીન શાંડિલ્યના નામનો ઉલ્લેખ છે.

શિષ્ય:—કોઇ આધુનિક સૂત્રકારે પ્રાચીન મહર્ષિનું નામ આપી પોતાનો ગ્રંથ જગતમાં પ્રસિદ્ધ કર્યો હોય તો તે શું સંભવિત નથી? હાલ તુર્ત તો પ્રાચીન શાંડિલ્યના મતનીજ વ્યાખ્યા કરો.

ગુરુ:—કમનસીબે તે પ્રાચીન ઋષિપ્રણીત કોઇ ગ્રંથ અત્યારે મળી આવતો નથી. શ્રીશંકરાચાર્યે વેદાન્તસૂત્રનું જે ભાષ્ય રચ્યું છે તેમાંના કોઇ એક સૂત્રના ભાષ્યના ભાવાર્થ ઉપરથી કોલબ્રુક સાહેબે એવું અનુમાન કર્યું છે કે પ્રાચીન ઋષિ શાંડિલ્યે પંચરાત્રની રચના કરેલી હોવી જોઇએ. કોલબ્રુક સાહેબનું આ અનુમાન કદાચ સત્ય હોય અને ન પણ હોય. પંચરાત્રમાં, બેશક ભાગવત ધર્મનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે, તથાપિ એવા એક સામાન્ય મુદ્દા ઉપર વિશ્વાસ રાખી શાંડિલ્ય મહર્ષિનેજ પંચરાત્રના પ્રણેતાતરીકે માની લેવા એ ઠીક નથી. તથાપિ પ્રાચીન ઋષિ શાંડિલ્ય ભક્તિધર્મના એક પ્રધાન પ્રવર્તક હતા તેમ માનવાને આપણી પાસે પૂરતાં કારણો છે. જ્ઞાનવાદી શંકરાચાર્યે પોતાના ભાષ્યમાં ભક્તિવાદી શાંડિલ્યની નિંદા કરતાં કહ્યું છે કે:—

" वेद प्रतिषेधश्च भवति चतुर्षु वेदेषु परम श्रेयोऽलब्ध्वा शांडिल्य इदम् शास्त्रमधिगतवान् इत्यादि वेदनिन्दादर्शनात् ॥ तस्मादसंगता एषा कल्पना इति सिद्धम् ।"

અર્થાત્—આથી કરીને વેદનો પ્રતિનિષેધ થાય છે. ચાર વેદથી શાંડિલ્યને પરમશ્રેયની પ્રાપ્તિ ન થઇ તેટલા માટે તેણે આ શાસ્ત્રની રચના કરી. તેણે વેદની જે નિંદા કરેલી છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે તેની કલ્પનાઓ બિલકુલ અસંગત છે."

શિષ્ય:—પરંતુ એ પ્રાચીન ઋષિ શાંડિલ્ય ભક્તિવાદમાં કેટલી હદસુધી આગળ

વધ્યા હતા તે જાણવાનું કાંઈ સાધન મળી શકશે ?

ગુરુઃ—હા, છે. છાંદોગ્ય ઉપનિષદ્‌ના તૃતીય પ્રપાઠકના ચૌદમા અધ્યાયમાંથી સહેજ તને વાંચી સંભળાવું છું તે શ્રવણ કર.

"सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादर एष मम आत्मान्तर्हृदय एतद् ब्रह्मैतमितः प्रेत्याभिसंभावितास्मीति यस्य स्यादद्धा न विचिकित्सास्तीतिह स्माह शांडिल्यः"

અર્થાત્—સર્વકર્મવાળો (દોષ રહિત), સર્વ કામવાળો–(સુખકર) સર્વ ગંધવાળો, સર્વ રસવાળો, સર્વ પ્રતિ અભિવ્યાપ્ત, વાણીરહિત, સંભ્રમરહિત આ મારો આત્મા હૃદયની અંદર છે, આ બ્રહ્મને આ શરીરથી વિયોગ પામીને હું અવશ્ય પ્રાપ્ત થનારો છું; એવો જેનો નિશ્ચય હોય અને તેમાં (એ નિશ્ચયના એવા ફળના સંબંધમાં) સંશય ન હોય (તે વિદ્વાન્ ઈશ્વરભાવને પામે છે.) એવી રીતે પ્રસિદ્ધ શાંડિલ્ય કહેતા હવા.

જો કે આ વાત બહુ મહત્ત્વની નથી. કારણ કે ઉપનિષદ્‌ના જ્ઞાનવાદીઓ પણ એજ વાત કહેતા આવ્યા છે. શ્રદ્ધા શબ્દ ભક્તિવાચક નથી, છતાં જ્યાં શ્રદ્ધા હોય ત્યાં સંશય ન રહે એ વાત માનવા જેવી છે, અને એથી શ્રદ્ધા શબ્દ ભક્તિને ઉદ્દેશીને લખાએલો હોય તો તે બનવાયોગ્ય છે. છતાં મૂળ વાતની શોધ કરવી હોય તો આપણે વેદાન્તસાર ગ્રંથનું મનન કરવું જોઇએ. વેદાન્તસારના કર્તા સદાનંદાચાર્ય ઉપાસના શબ્દની વ્યાખ્યા કરતાં કહે છે કે—

"उपासनानि सगुणब्रह्मविषयकमानसव्यापाररूपाणि शान्डिल्यविद्यादीनि"

હવે બરાબર વિચાર કરી જો. હિંદુધર્મમાં ઇશ્વરસંબંધી વિવિધ કલ્પનાઓ કરવામાં આવી છે. હિંદુઓએ ઈશ્વરનાં મુખ્યત્વે બે સ્વરૂપો કલ્પ્યાં છે. એક નિર્ગુણ ઇશ્વર અને બીજો સગુણ ઇશ્વર. અંગ્રેજીમાં જેને 'એબ્સોલ્યુટ' અથવા 'અનકન્ડીશનલ' કહેવામાં આવે છે તેજ નિર્ગુણ ઇશ્વર. જો ઈશ્વર નિર્ગુણ હોય તેની કોઇ પણ પ્રકારે આપણે ઉપાસના કરી શકીએ નહિ. નિર્ગુણ ઇશ્વરની તો સ્તુતિ પણ આપણાથી થઇ શકે નહિ. કારણ કે જે નિર્ગુણ છે, જેની 'કન્ડીશન્સ ઑફ એક્ઝીસ્ટન્સ' જ નથી તેને સંબોધનજ કેવી રીતે થઇ શકે ? તેની પ્રાર્થના તથા તેનું સ્મરણ કેવી રીતે કરવું તે પણ આપણે જાણી શકીએ નહિ. એટલા માટે ઉપાસના અર્થે તો સગુણ ઇશ્વરજ ઉપયોગી છે, નિર્ગુણવાદમાં ઉપાસનાને સ્થાન મળતું નથી. સગુણવાદીઓ અથવા તો ભક્તિવાદીઓનેજ અર્થાત્ શાંડિલ્ય આદિ પુરુષોનેજ ઉપાસના કરવાનો અધિકાર છે. વેદાન્તસારનું જે વાક્ય મેં હમણાં ઉદ્ધૃત કર્યું, તેમાંથી બે મુખ્ય વાતો સિદ્ધ થઈ શકે છે. પ્રથમ તો એજ કે

સગુણવાદનો પ્રથમ પ્રવર્તક જો કોઈ હોય તો તે શાંડિલ્યજ હોવા યોગ્ય છે, અને બીજી વાત એ કે ઉપાસનાનો પ્રથમ પ્રવર્તક જો કોઈ હોય તો તે પણ શાંડિલ્યજ હોવા જોઈએ. ભક્તિ સગુણવાદ વિના ટકી શકે નહિ, એ વાત તો બહુ સરળતાથી સમજાય તેવી છે.

શિષ્યઃ—તો શું સમસ્ત ઉપનિષદો નિર્ગુણવાદી નથી ?

ગુરુઃ—ઈશ્વરવાદીઓમાં કોઈ યથાર્થ નિર્ગુણવાદી હશે કે નહિ, તે માટે શંકા છે. વસ્તુતઃ યથાર્થ નિર્ગુણવાદીઓને નાસ્તિક કહીએ તોપણ ખોટું નથી. જ્ઞાનવાદીઓએ માયાત્મક એક ઈશ્વરી શક્તિ હોવાની કલ્પના કરી છે, અને જગતની ઉત્પત્તિમાં તેનેજ કારણભૂત માની છે. તેઓ કહે છે કે આ માયાને [illegible] આપણે બ્રહ્મને જાણી શકતા નથી, માયાથી મુક્ત થઈ શકાય તોજ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય અને બ્રહ્મમાં તલ્લીન બની શકાય. મતલબ કે જ્ઞાનવાદીઓ પણ ઈશ્વર એક માત્ર જ્ઞેય—જાણવાયોગ્ય વસ્તુજ બની રહે છે. [illegible] જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સાધનાની આવશ્યકતા તેઓએ સ્વીકારી છે. શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ રીતે છ પ્રકારની સાધના * તેઓએ બતાવી છે. ઈશ્વર સંબંધી શ્રવણ, મનન અને નિદિધ્યાસન સિવાય અન્ય વિષયોનું ચિંતન ત્યજી દઈ અન્તરિન્દ્રિયોનો નિગ્રહ કરવો તેને શમ કહેવામાં આવે છે. ત્યાર પછી બાહ્ય ઇન્દ્રિયોના નિગ્રહને દમ કહેવામાં આવે છે. [illegible] વિધિપૂર્વક અને વિધિપુરઃસર [illegible] કરવું તેને ઉપરતિ કહેવામાં આવે છે, શીતોષ્ણાદિ દ્વન્દ્વો [illegible] સહન કરવાં તેને તિતિક્ષા કહેવામાં આવે છે. ચિત્તની એકાગ્રતાને સમાધાન અને ગુરુવાક્યોમાં વિશ્વાસ રાખવો તેને શ્રદ્ધા કહેવામાં આવે છે. [illegible] નથી. [illegible] કે જ્ઞાનવાદીઓ પણ ઉપાસનાનો સ્વીકાર કર્યા વિના રહી શક્યા નહિ. [illegible] ઉપાસના કહેવામાં આવે છે [illegible] નથી; પરંતુ તે ઉપાસનાને [illegible] [illegible] વિસ્તૃત [illegible] વિષય બની શકશે તેટલા સ્પષ્ટ કરીશ.

* [illegible]

વધ્યા હતા તે જાણવાનું કાંઈ સાધન મળી શકશે ?

ગુરુ:—હા, છે. છાંદોગ્ય ઉપનિષદ્‌ના તૃતીય પ્રપાઠકના ચૌદમા અધ્યાયમાંથી સહેજ તને વાંચી સંભળાવું છું તે શ્રવણ કર.

" सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादर एष मम आत्मान्तर्हृदय एतद् ब्रह्मैतमितः प्रेत्याभिसंभावितास्मीति यस्य स्यादद्धा न विचिकित्सास्तीतिह स्माह शांडिल्यः "

અર્થાત્—સર્વકર્મવાળો (દોષ રહિત), સર્વ કામનાવાળો–(સુખકર) સર્વ ગંધવાળો, સર્વ રસવાળો, સર્વ પ્રતિ અભિવ્યાપ્ત, વાણીરહિત, સંભ્રમરહિત આ મારો આત્મા હૃદયની અંદર છે, આ બ્રહ્મને આ શરીરથી વિયોગ પામીને હું અવશ્ય પ્રાપ્ત થનારો છું; એવો જેનો નિશ્ચય હોય અને તેમાં (એ નિશ્ચયના એવા ફળના સંબંધમાં) સંશય ન હોય (તે વિદ્વાન્ ઇશ્વરભાવને પામે છે.) એવી રીતે પ્રસિદ્ધ શાંડિલ્ય કહેતા હવા.

જો કે આ વાત બહુ મહત્ત્વની નથી. કારણ કે ઉપનિષદ્‌ના જ્ઞાનવાદીઓ પણ એજ વાત કહેતા આવ્યા છે. શ્રદ્ધા શબ્દ ભક્તિવાચક નથી, છતાં જ્યાં શ્રદ્ધા હોય ત્યાં સંશય ન રહે એ વાત માનવા જેવી છે, અને એથી શ્રદ્ધા શબ્દ ભક્તિને ઉદ્દેશીને લખાએલો હોય તો તે બનવાયોગ્ય છે. છતાં મૂળ વાતની શોધ કરવી હોય તો આપણે વેદાન્તસાર ગ્રંથનું મનન કરવું જોઇએ. વેદાન્તસારના કર્તા સદાનંદાચાર્ય ઉપાસના શબ્દની વ્યાખ્યા કરતાં કહે છે કે—

" उपासनानि सगुणब्रह्मविषयकमानसव्यापाररूपाणि शान्डिल्यविद्यादीनि "

હવે બરાબર વિચાર કરી જો. હિંદુધર્મમાં ઇશ્વરસંબંધી વિવિધ કલ્પનાઓ કરવામાં આવી છે. હિંદુઓએ ઈશ્વરનાં મુખ્યત્વે બે સ્વરૂપો કલ્પ્યાં છે. એક નિર્ગુણ ઇશ્વર અને બીજો સગુણ ઇશ્વર. અંગ્રેજીમાં જેને ' એબ્સોલ્યુટ ' અથવા ' અનકન્ડીશનલ ' કહેવામાં આવે છે તેજ નિર્ગુણ ઇશ્વર. જો ઈશ્વર નિર્ગુણ હોય તેની કોઇ પણ પ્રકારે આપણે ઉપાસના કરી શકીએ નહિ. નિર્ગુણ ઇશ્વરની તો સ્તુતિ પણ આપણાથી થઇ શકે નહિ. કારણ કે જે નિર્ગુણ છે, જેની ' કન્ડીશન્સ ઑફ ઍકઝીસ્ટન્સ ' જ નથી તેને સંબોધનજ કેવી રીતે થઇ શકે ? તેની પ્રાર્થના તથા તેનું સ્મરણ કેવી રીતે કરવું તે પણ આપણે જાણી શકીએ નહિ. એટલા માટે ઉપાસના અર્થે તો સગુણ ઇશ્વરજ ઉપયોગી છે, નિર્ગુણવાદમાં ઉપાસનાને સ્થાન મળતું નથી. સગુણવાદીઓ અથવા તો ભક્તિવાદીઓનેજ અર્થાત્ શાંડિલ્ય આદિ પુરુષોનેજ ઉપાસના કરવાનો અધિકાર છે. વેદાન્તસારનું જે વાકય મેં હમણાં ઉદ્ધૃત કર્યું, તેમાંથી બે મુખ્ય વાતો સિદ્ધ થઈ શકે છે. પ્રથમ તો એજ કે

કરવામાં આવે તેનેજ કર્મ એવું નામ આપવામાં આવતું. મતલબ કે કર્મ એટલે કામ્ય-કર્મ. પ્રધાન વૈદિક કર્મની સાથે કૃષ્ણોક્ત ધર્મની ભિન્નતા તથા ઉત્કૃષ્ટતા અહિંયાંથીજ શરૂ થાય છે. વૈદિક કામ્યકર્મના અનુષ્ઠાનોની નિંદા કરતાં શ્રીકૃષ્ણ કહે છે કે:-

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते (२-४२-४४)

ભાવાર્થ:—હે પાર્થ ! વેદના વાદમાંજ મગ્ન રહેનારા અને ભોગ તથા ઐશ્વર્ય વિના બીજું કાંઈ મેળવવાનુંજ નથી એવું બોલનારા અજ્ઞાનીઓ માત્ર પુષ્પના જેવી સુશોભિત વાણીને બોલે છે, અને વિષયોનીજ કામનાવાળા તથા સ્વર્ગનેજ સર્વથી શ્રેષ્ઠ માનનારા તે મનુષ્યો ભોગ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ કરવાને માટે જન્મ તથા કર્મના ફળને આપનારી એવી અનેક પ્રકારની બહોળી ક્રિયાઓ કરવાનું કહે છે. એવી વાણી સાંભળીને જેઓનું ચિત્ત તે તરફ ખેંચાઈ ગયું હોય એવા ભોગ અને ઐશ્વર્યમાં અતિ આસક્તિવાળા મનુષ્યો એવી ક્રિયાઓ કરે તોપણ કાર્યની સિદ્ધિ—અસિદ્ધિ પ્રત્યે રાખવો જોઈતો સમભાવ તેઓની વ્યવસાયવાળી બુદ્ધિમાં ઉપજતો નથી.

અર્થાત્ વૈદિક કર્મ અથવા કામ્યકર્મનું અનુષ્ઠાન એ કાંઈ ધર્મ નથી. છતાં કર્મ તો કરવાંજ જોઈએ. તો પછી કેવાં કર્મો કરવાં એવો સ્વાભાવિક રીતેજ પ્રશ્ન ઉદ્ભવે છે. તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છે કે જે કર્મ કામનારહિત હોય તેને નિષ્કામ કર્મ કહેવાય, અને એવાં નિષ્કામ કર્મ કરવાં તેજ સત્ય ધર્મમાર્ગ છે, તેજ સત્ય કર્મનું અનુષ્ઠાન છે.

શિષ્ય:—નિષ્કામ કર્મ કોને કહેવાય ?

ગુરુ:—ભગવાન્ પોતેજ નિષ્કામ કર્મનું આ પ્રમાણે લક્ષણ બોધે છે :—

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥ (२-४७)

અર્થાત્—કર્મમાંજ તારો અધિકાર છે, કર્મના ફળમાં નહિ. કર્મના ફળની આશા છોડ દે. કર્મનો ત્યાગ કરી દઈશ નહિ.

સારાંશ કે કર્મ કરવાને આપણે બંધાયેલાજ છીએ, પરંતુ કર્મના ફળસંબંધી લેશ પણ આકાંક્ષા ન રાખવી જોઈએ.

શિષ્ય:—ફળની આકાંક્ષા ન રહે તો પછી કર્મ કરવાની પ્રવૃત્તિજ કોણ કરે ?

ગુરુ:—એ પ્રમાણે શંકા થવી સ્વાભાવિક છે એમ ધારીને ભગવાન્ પોતેજ

બીજા શ્લોકમાં તેનું સ્પષ્ટીકરણ કરે છેઃ-

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।

અર્થાત્ હે ધનંજય ! સંગનો ત્યાગ કરીને અને યોગમાં સ્થિર થઇને કર્મ કર.

શિષ્યઃ—કાંઇજ સમજાયું નહિ. સંગ એટલે શું ?

ગુરુઃ—સંગ એટલે આસક્તિ. કર્મમાં આપણને કોઇ પણ પ્રકારનો અનુરાગ કે આસક્તિ ન હોવી જોઇએ.

શિષ્યઃ—અને યોગસ્થ એટલે શું ?

ગુરુઃ—બીજા ચરણમાં તેનું પણ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છેઃ-

सिद्धयसिद्धयोः समो भूत्वा समत्वं योगं उच्यते ॥

અર્થાત્—કર્મ તો કરવાંજ, પરંતુ કર્મ સિદ્ધ થાય કે અસિદ્ધ થાય તેમાં સમાન બુદ્ધિ રાખવી. તમારાથી બની શકે તેટલાં કર્તવ્યો કરો પરંતુ તેમાં સફળતા કે નિષ્ફળતા પ્રાપ્ત થાય તેને માટે હર્ષ કે શોક કરશો નહિ. આવી રીતે સિદ્ધિ-અસિદ્ધિમાં સમાન બુદ્ધિ રાખવી તેને ભગવાને "યોગ" કહ્યો છે. આ પ્રમાણે યોગમાં સ્થિર થઇને, કર્મમાં આસક્તિશૂન્ય બનીને કર્મનું જે અનુષ્ઠાન કરવું તેને નિષ્કામ કર્માનુષ્ઠાન કહેવામાં આવે છે.

શિષ્યઃ—હજી બરાબર સમજાયું નહિ. ધારો કે હું હાથમાં ખાતરીયું લઇને તમારે ત્યાં ખાતર પાડવા (ચોરી કરવા) આવ્યો છું. તમે તે વખતે જાગતા હો છો. આથી કરીને હું ચોરી શક્યો નહિ, તેમજ તે માટે મને કાંઇ દુઃખ પણ ન થયું. મેં વિચાર કર્યો કે—"ભલા, ચોરી થઈ તો ઠીક છે, નહિતર કાંઇ નહિ." તે સ્થળે મેં નિષ્કામ ધર્મનું અનુષ્ઠાન કર્યું એમ કહેવાય ?

ગુરુઃ—તેં વિચાર કર્યો કે "ચોરી થઇ શકી તો ઠીક છે, નહિતર કાંઇ નહિ." એ વાત બોલવામાં તો ઠીક લાગે છે, પરંતુ જો તું ચોરી કરવાના ખાસ ઉદ્દેશથીજ આવ્યો હો તો તારા મનમાં એવો વિચાર કદાપિ આવવા પામે નહિ; કારણ કે ચોરી કરવાની આકાંક્ષા રાખીને તું ન આવ્યો હો, અર્થાત્ ધનરૂપી ફળ પ્રાપ્ત કરવાની આસક્તિ તારા હૃદયમાં ન હોય તો ચોરી કરવાનો વિચારજ તારાથી ન થઈ શકે. જેને "કર્મ" કહેવામાં આવે છે તેમાં ચોરી વિગેરેનો સમાવેશ નથી થતો, એ વાત પણ તારે લક્ષમાં રાખવી જોઇએ. "કર્મ" એટલે શું એ વાત તને હવે પછી હું સમજાવીશ. છતાં એક ક્ષણભરને માટે માની લઇએ કે ચોરીનો પણ કર્મમાં સમાવેશ થઇ જાય છે, તોપણ એટલી વાત તો ચોક્કસજ છે કે તું અનાસક્તિપૂર્વક ચોરી કરવાને આવ્યો ન હતો. એટલા માટે એવાં કર્માનુષ્ઠાનને સત્ અથવા નિષ્કામ કર્માનુષ્ઠાન કહી શકાય નહિ.

શિષ્યઃ—પણ મારી શંકાનું નિવારણ ન થયું. ધારો કે એક બીલાડીની

માફક હું બાજી ચાલવા બેઠો છું અથવા તો ગ્રીરમ ધી આયર્લેંડની માફક દેશનો ઉદ્ધાર કરવા બેઠો છું. આ બન્ને ક્રિયાઓમાં ફળની આકાંક્ષા રહે તે સ્વાભાવિકજ છે.

ગુરુઃ—જે જે કર્મ આપણે માટે કર્તવ્યરૂપ હોય તે તે કર્મ, કર્તવ્યપાલન કરવાની બુદ્ધિથીજ થવું જોઇએ. આહાર તેમજ રોજગાર એ તમારો કર્તવ્યધર્મ છે. એટલા માટે તે ધર્મનું તમારે પાલન કરવુંજ જોઇએ. ચોરી એ કાંઇ કર્તવ્ય ધર્મ નથી.

શિષ્યઃ—તો પછી કયું કર્મ કર્તવ્ય છે અને કયું નહિ, તે કેવી રીતે જાણી શકાય ? જ્યાંસુધી એ વાતનું જ્ઞાન ન થાય ત્યાંસુધી નિષ્કામ ધર્મનું મહત્વજ ન સમજાય.

ગુરુઃ—એ અપૂર્વ ધર્મપ્રણેતાએ કોઈ વાત બાકી રાખી નથી, અનુષ્ઠેય કર્મના સંબંધમાં તેણે કહ્યું છે કે–

यज्ञार्थात् कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर ॥

આ સ્થળે યજ્ઞ શબ્દથી ઇશ્વરનું સૂચન થાય છે. મારી વાત ઉપર તને વિશ્વાસ ન બેસતો હોય તો શંકરાચાર્યના પોતાનાજ શબ્દો શું કહે છે તે લક્ષમાં લે. ઉક્ત શ્લોકના ભાષ્યમાં તેઓ કહે છે કેઃ–"यज्ञो वै विष्णुरिति श्रुतेर्यज्ञ ईश्वरस्तदर्थम् ॥"

હવે ઉક્ત શ્લોકનો નિઃસંશય એવો અર્થ થઇ શકે કેઃ–" ઇશ્વરાર્થે અથવા ઇશ્વરને ઉદ્દેશીને જે કર્મ–તે કર્મ, સિવાયનાં સમસ્ત કર્મોને, બન્ધનમાત્રજ સમજવાં–અર્થાત્ બાકીનાં કર્મો અનુષ્ઠેય (કરવા યોગ્ય) નથી. " સારાંશ એજ છે કે આપણે કેવળ ઇશ્વરનેજ ઉદ્દેશીને કર્મો કરવાં જોઇએ. આમ કરવાનું પરિણામ શું આવે તેની કાંઇ કલ્પના તું કરી શકે છે ? એથી કરીને તો સઘળી વૃત્તિઓને ઇશ્વરાભિમુખી થયા વિના ચાલેજ નહિ, કારણ કે જો વૃત્તિઓ ઇશ્વરમુખી ન થાય તો ઇશ્વરોદ્દિષ્ટ કર્મજ ન થઇ શકે. આ નિષ્કામ ધર્મને ભક્તિ કહેવામાં કોઇ જાતની હરકત નથી, કારણ કે ભક્તિ એ નિષ્કામ ધર્મનું નામાંતરમાત્ર છે. આ રીતે આપણે ભક્તિ અને કર્મ વચ્ચેનું સામંજસ્ય તપાસી ગયા. કર્મની સાથે ભક્તિને જે ઐક્ય છે તે અન્ય સ્થાને એથી પણ વિશેષ સ્પષ્ટ છે.–मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा । निराशीर्निर्ममो भूत्वा युद्धयस्व विगतज्वरः ॥ અર્થાત્ વિવેકબુદ્ધિથી સકળ કર્મો મને અર્પણ કર અને નિષ્કામ તેમજ મમતા તથા વિકારશૂન્ય બની યુદ્ધ કરવાને તૈયાર થા.

શિષ્યઃ—ઇશ્વરને કેવી રીતે કર્મો અર્પણ થઇ શકે ?

ગુરુઃ—" अध्यात्मचेतसा " એ વાક્યની સાથે " संन्यस्य " શબ્દનો અર્થ સમજી લેવો જોઇએ. " अध्यात्मचेतसा " શબ્દની વ્યાખ્યા કરતાં ભગવાન્

શ્રીશંકરાચાર્યે લખ્યું છે કે:–" अहं कर्तेश्वराय भृत्यवत् करोमीत्यनया बुद्धया " અર્થાત્ કર્તા એટલે ઈશ્વરની ખાતર તેના નોકરતરીકે આ કામ કરું છું, એવી બુદ્ધિપૂર્વક જે કર્મ થાય તેજ કર્મ કૃષ્ણને અર્પણ થયેલું ગણાય.

આટલા વિસ્તાર પછી કર્મયોગનું રહસ્ય તું સમજી શક્યો હોઈશ, એમ હું ધારું છું. તોપણ સારાંશરૂપે એકવાર પુનઃ કહી જઈશ. પ્રથમ વાત તો એજ કે કર્મ કર્યા વિના કોઈથી રહી શકાય તેમજ નથી; પરંતુ કર્મ શબ્દથી અનુષ્ઠેય કર્મજ સમજવાં જોઈએ. જે કર્મ ઈશ્વરોદ્દિષ્ટ (ઈશ્વરાર્પણ બુદ્ધિયુક્ત) કિંવા ઈશ્વરાભિપ્રેત (ઈશ્વરે ઉપદેશેલાં) હોય તેજ કર્મ અનુષ્ઠેય અથવા કર્તવ્ય લેખાય. તે કર્મ પણ આસક્તિરહિતપણે કરવાં જોઈએ; તેની સિદ્ધિ તથા અસિદ્ધિમાં સમાન બુદ્ધિ રાખવી જોઈએ; અને તે કર્મો ઈશ્વરને અર્પણ કરવાં જોઈએ; અર્થાત મારા સ્વામીની વતી એક નોકરતરીકે હું આ કામ કરું છું એવી બુદ્ધિથી કર્મ કરવાં જોઈએ. જ્યારે આ પ્રમાણે કર્તવ્ય–કર્મો થવા લાગે ત્યારે કર્મયોગ સિદ્ધ થયો, એમ સમજી લેવું.

જ્યારે ઈશ્વરાર્થે કર્મો કરવા લાગીએ ત્યારે આપણે આપણી શારીરિક વૃત્તિઓને પણ ઈશ્વર પ્રત્યે વાળવી જોઈએ, એ સ્વાભાવિક છે; અને તેથી આ પ્રમાણેનો કર્મયોગ તે પ્રકારાંતરે ભક્તિયોગજ બની રહે છે, એમ કહીએ તો અત્યુક્તિ નથી. કર્મની સાથે ભક્તિને કેટલું ઐક્ય છે તે વિચાર કરવાથી બહુજ સ્પષ્ટ થવા યોગ્ય છે. આવો અપૂર્વ ધર્મ, આવું અપૂર્વ ઐક્ય કેવળ ગીતામાંજ દૃષ્ટિગોચર થાય છે. આવી અદ્‌ભુત ધર્મવ્યાખ્યા કોઈ પણ દેશમાં, કોઈ કાળે, કોઈએ કરી હોય એમ મારા જાણવામાં નથી. ગીતોક્ત ધર્મની વ્યાખ્યા હજી પૂર્ણ થઈ નથી; કારણ કે કર્મયોગમાંજ ધર્મની સમાપ્તિ નથી. કર્મ એ તો ધર્મનું પ્રથમજ પગથિયું છે. આવતી કાલે હું તને જ્ઞાનયોગનું રહસ્ય સમજાવવાનો પ્રયત્ન કરીશ.

अध्याय १५ मो–भगवद्गीतानुं ज्ञान

ગુરુ:—હવે જ્ઞાન સંબંધી ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશોનો સારાંશ કહું તે શ્રવણ કર. કર્મનો વિષય સંપૂર્ણ કરી, ચતુર્થ અધ્યાયમાં પોતાના અવતારવિષયક કથન કર્યો તેઓ કહે છે કે:—

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥

ભાવાર્થ:—રાગ, ભય અને ક્રોધ જેના ટળી ગયા છે એવા મારારૂપ થયેલા, મારે આશ્રયે રહેલા અને જ્ઞાનરૂપી તપથી શુદ્ધ થયેલા બહુ મનુષ્યો મારા ઇશ્વર સ્વરૂપને પામ્યા છે.

શિષ્ય:—એ જ્ઞાન કેવા પ્રકારનું ?

ગુરુ:—જે જ્ઞાનના પ્રતાપે જીવ સમસ્ત ભૂતમાત્રને પોતાના આત્મામાં અથવા ઇશ્વરમાં જોઇ શકે તે. જેમકે:—

येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ।

અર્થાત્ જે જ્ઞાન સમગ્ર ભૂતમાત્ર મારામાં (ઇશ્વરમાં) તેમજ પોતાના આત્મામાં રહેલાં સમજાય તે જ્ઞાન.

શિષ્ય:—તે જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું ?

ગુરુ:—ભગવાને પોતે તેનો ઉપાય આ પ્રમાણે બતાવ્યો છે:—

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

અર્થાત્—પ્રણિપાત, પ્રશ્ન, અને સેવાદ્વારા જ્ઞાની–તત્ત્વદર્શીઓ પાસેથી તે શીખવું જોઇએ.

શિષ્ય:—હું આપને સેવાદ્વારા પરિતુષ્ટ કરી પ્રણિપાત તેમજ પરિપ્રશ્નસહિત પ્રાર્થના કરું છું કે મને તે જ્ઞાનનો ઉપદેશ આપો.

ગુરુ:—મારાથી તે બની શકે નહિ; કારણ કે હું જ્ઞાની નથી તેમજ તત્ત્વદર્શી પણ નથી. છતાં સ્થૂળ વાત કહેવામાં હરકત નથી. હું તને પૂછું છું કે "જ્ઞાનદ્વારા સમસ્ત ભૂત માત્રને પોતાનામાં તેમજ ઇશ્વરમાં જોઇશ" તે વાક્યમાં કયા કયા પદાર્થોનો પરસ્પર સંબંધ છે.

શિષ્ય:—ભૂત, હું, અને ઇશ્વર.

ગુરુ:—ભૂતને જાણવાનું શું સાધન છે ?

શિષ્ય:—ભૌતવિજ્ઞાનશાસ્ત્ર.

ગુરુ:—અર્થાત્ આ વીસમી સદીમાં ગણિત, જ્યોતિષ, પદાર્થતત્ત્વ અને રસાયણ. ('મેથમેટીક્સ, એસ્ટ્રોનોમી, ફીઝીક્સ, કેમીસ્ટ્રી.') આદિ શાસ્ત્રો જાણવાં આવશ્યક છે. એવા શાસ્ત્રીય જ્ઞાન માટે આપણે પાશ્ચાત્ય વિદ્વાનોને ગુરુપદે સ્થાપવા જોઇએ. ત્યાર પછી હવે કહે જોઇએ કે "આપણને–પોતાને" જાણવાનું શું સાધન છે!

શિષ્ય.—બહિર્વિજ્ઞાન અને અંતર્વિજ્ઞાન.

ગુરુ:—અર્થાત્ છેલ્લાં બે શાસ્ત્રો (બાયોલોજી, સોશીયોલોજી) પ્રાણિવિજ્ઞાન તથા સમાજવિજ્ઞાનનું જ્ઞાન આવશ્યક છે. આ જ્ઞાન પણ આપણને પાશ્ચાત્ય ગુરુઓ પ્રસંગોપાત્ત મળી શકે તેમ છે.

શિષ્ય:—હવે, ઇશ્વરને જાણવાનું શું સાધન છે?

ગુરુ:—હિંદુશાસ્ત્ર. ઉપનિષદો, દર્શનશાસ્ત્રો, પુરાણો, ઇતિહાસગ્રંથો તથા મુખ્યતઃ ગીતા.

શિષ્ય:—એટલે કે જગતમાં જે જે જ્ઞેય પદાર્થો છે તે સર્વ આપણે જાણવાં જોઇએ. આજપર્યંત પૃથ્વીમાં જેટલા પ્રકારનું જ્ઞાન પ્રચલિત થયું છે તે સર્વ જ્ઞાન આપણે સંપાદિત કરવું જોઇએ. ત્યારે શું જ્ઞાન શબ્દનો અહીંઆં બહુ સાધારણ અર્થમાં વ્યવહાર થયો છે?

ગુરુ:—હું પૂર્વે કહી ગયો છું તેનું પુનઃસ્મરણ કર. મેં કહ્યું હતું કે જ્ઞાનાર્જની વૃત્તિઓની બરાબર સ્ફુર્તિ તથા ઉન્નતિ થવી જોઇએ. જ્યાંસુધી સર્વ પ્રકારનાં જ્ઞાનોની આપણે ચર્ચા ન કરીએ અથવા રસપૂર્વક તેમાં ભાગ ન લઇએ, ત્યાંસુધી જ્ઞાનાર્જની વૃત્તિઓનું સંપૂર્ણ અનુશીલન અથવા ખીલવણી થાય નહિ. હવે જ્ઞાનાર્જની વૃત્તિનું યોગ્ય સ્ફુરણ થયા પછી જો અનુશીલન–ધર્મની વ્યવસ્થાને અનુસરી તે જ્ઞાનાર્જની વૃત્તિઓ ભક્તિને આધીન થઇ ઇશ્વરમુખી થાય તોજ તે ગીતોક્ત જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે. કર્મયોગ જેવી રીતે અનુશીલનધર્મમાં સમાઇ જાય છે તેવીજ રીતે જ્ઞાનયોગ પણ અનુશીલનધર્મમાંજ સમાઇ જાય છે.

શિષ્ય:—અનુશીલનધર્મનું રહસ્ય હવે કાંઇક સમજાય છે. અત્યારસુધી અનુશીલનવાદને હું જૂદાજ રૂપમાં સમજ્યો હતો.

ગુરુ:—હમણાં વિષયાંતરને રહેવા દે. આપણે આજે જ્ઞાનયોગ સમજવાનોજ પ્રયત્ન કરવો જોઇએ.

શિષ્ય:—જ્ઞાનમાંજ ધર્મની સંપૂર્ણતા જો આવી જતી હોય તો તો પછી પંડિતોનેજ ધાર્મિક પુરુષો માની લેવા જોઇએ.

ગુરુ:—પાંડિત્યમાં અને જ્ઞાનમાં જમીન આસમાન જેટલો તફાવત છે એ વાત હું તને પૂર્વે કહી ગયો છું. જે વ્યક્તિ ઇશ્વરનું સ્વરૂપ સમજે છે તથા ઇશ્વર અને જગત્‌ની સાથે પોતાને કેવો સંબંધ છે તે જાણે છે, તે વ્યક્તિ કેવળ પંડિતજ નથી, પરન્તુ જ્ઞાની પણ છે.પાંડિત્ય વિના અનેક સત્પુરુષો જ્ઞાનીનું પવિત્ર પદ શોભાવી ગયા છે. કેવળ જ્ઞાનવડેજ તેને પોતાને (ઇશ્વરને) પામી શકાય છે, એમ શ્રીકૃષ્ણે પોતે પણ ક્યાંઇ કહ્યું નથી. તેઓ ખુલ્લા રીતે જાહેર કરે છે કે:—

वीतरागभयक्रोधाः मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥

અર્થાત્—જેઓએ પોતાના ચિત્ત ઉપર સંયમ કર્યો છે, ઇશ્વરપરાયણ છે, તેઓ જ્ઞાનદ્વારા પવિત્ર બનીને મારા ભાવને પ્રાપ્ત કરી શકે છે. મતલબ કે કેવળ જ્ઞાનદ્વારાજ તેની પ્રાપ્તિ થઇ શકે છે, એવો કૃષ્ણોક્ત ધર્મનો મુદ્દલ આશય નથી.

જ્ઞાન અને કર્મ ઉભયનો સંયોગ જોઇએ. એકલું જ્ઞાન જેમ ઉપયોગી નથી તેમ એકલું કર્મ પણ ઉપયોગી નથી.* કર્મદ્વારાજ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, એટલાજ માટે સ્વયં ભગવાન કહે છે કે:—

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।

અર્થાત્:—જ્ઞાનયોગમાં આરૂઢ થવા ઇચ્છનારને માટે કર્મજ ઉપયોગી-કારણભૂત છે. મતલબ કે કર્માનુષ્ઠાનદ્વારા જ્ઞાનપ્રાપ્તિ કરવી જોઇએ. આ સ્થળે ભગવદ્વાક્યનો અર્થ એવો કરવાનો છે કે કર્મયોગ સિવાય ચિત્તશુદ્ધિ થઇ શકે નહિ; અને ચિત્તશુદ્ધિ ન થઇ હોય ત્યાંસુધી જ્ઞાનયોગપ્રતિ ગતિ થઇ શકે નહિ.

શિષ્ય:—તો શું કર્મદ્વારા જ્ઞાનની પ્રાપ્તિ કર્યા પછી કર્મનો ત્યાગ કરી દેવો જોઇએ?

ગુરુ:—નહિ, બન્નેનો સંયોગ તથા બન્નેની યથાયોગ્યતા સમજવી જોઇએ. ગીતામાં કહ્યું છે કે:-

योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवंतं न कर्माणि निबध्नन्ति धनंजय ॥

અર્થાત્:—હે ધનંજય! જેણે યોગવડે કર્મોનો સંન્યાસ (ત્યાગ) કર્યો છે તેને, અને જ્ઞાનવડે જેના સંશયો છેદાઈ ગયા છે તેને તથા આત્મામાં નિષ્ઠાવાળા પુરુષને કર્મો બાંધી શકતાં નથી.

એટલાજ માટે મુખ્યતઃ બે વસ્તુઓ જરૂરની છે. (૧) કર્મનો સંન્યાસ અથવા ઇશ્વરાર્પણ, અને (૨) જ્ઞાનદ્વારા સંશયછેદન. આ પ્રમાણે જ્ઞાનવાદ અને કર્મવાદના વિવાદનો નિવેડો આણી શકાય તેમ છે; તેમજ ધર્મની વ્યાખ્યા પણ તેથી સંપૂર્ણ થાય છે. ગીતાકારે સઘળા વિવાદોના નિર્ણયપૂર્વક જે અપૂર્વ—નૂતન ધર્મ પ્રબોધ્યો છે તેનું યથાર્થ માહાત્મ્ય આવાજ સ્થળે સ્પષ્ટ થાય છે. તમારાં કર્મો ઇશ્વરને અર્પણ કરો, અને કર્મદ્વારા જ્ઞાનપ્રાપ્તિ કરી પરમાર્થ—તત્ત્વસંબંધી તમારા સંશયોને છેદી નાંખો; એ પ્રમાણેના ઉપદેશમાં જ્ઞાન અને ભક્તિ ઉભયનો સંયોગ થઇ જાય છે, એમ કહેવાની જરૂર નથી.

---

* આ સિદ્ધાંત જ્ઞાનવાદી શ્રીશંકરાચાર્યના મતથી વિરુદ્ધ છે એમ કહેવાની જરૂર નથી. તેમના મતાનુસાર જ્ઞાનમાં કર્મને તિલમાત્ર સ્થાન નથી. ઉદાર વિચારવાળા સુશિક્ષિત વર્ગો સિવાય, શ્રીશંકરાચાર્યના મતથી વિરુદ્ધ જણાતું અમારું આ કથન વર્તમાનકાળે કોઇ સાંભળશે નહિ, એ અમારા લક્ષ બહાર નથી. શ્રીધર સ્વામી જેવા ભક્તિવાદીઓ શ્રીશંકરાચાર્યના અનુવર્તી નથી, એટલુંજ નહિ પણ પોતાના પૂર્વગામી આચાર્યોના મતનું ખંડન કરવા કિંવા પોતાના પક્ષનું સમર્થન કરવા શ્રીશંકરાચાર્યને પોતાના ભાષ્યમાં અનેક સ્થળે વિસ્તાર કરવો પડ્યો છે, એ વાત પણ પ્રસંગોપાત અમારે કહી દેવી જોઇએ.

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छंत्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥

ભાવાર્થ:-ઇશ્વરમાંજ જેમની બુદ્ધિ છે, ઇશ્વરમાંજ જેમનો આત્મા છે, ઇશ્વરમાંજ જેમની નિષ્ઠા છે, અને જેઓ ઇશ્વરપરાયણજ છે, તેમનાં પાપો જ્ઞાનવડે ધોવાઇ જાય છે અને તેઓ પુનર્જન્મરહિત મોક્ષપદને પામે છે.

શિષ્ય:---જ્ઞાન અને કર્મની સાથે-સમવાયપણેજ ભક્તિ રહેલી છે, એ વાત હવે મારાથી સમજાય છે. કર્મને માટે કાર્યકારિણી અને શારીરિક વૃત્તિઓની ઉપયુક્ત સ્ફુર્તિ તથા પરિણુતિ જરૂરની છે. તેની સાથે તે વૃત્તિઓને ઇશ્વરાનુગામી બનાવવાની પણ તેટલીજ જરૂર છે. જ્ઞાનને માટે પણ જ્ઞાનાર્જની વૃત્તિઓની તેજ પ્રમાણે સ્ફુર્તિ તથા પરિણુતિ જેટલી જરૂરની છે, તેટલીજ તેને ઇશ્વરમુખી બનાવવાની જરૂર છે. આ બને વિષયો બહુજ સ્પષ્ટ થયા. પણ ચિત્તરંજિની વૃત્તિનું શું કરવું?

ગુરુ:---તેનું પણ તેજ પ્રમાણે સમજી લેવું. પરંતુ તે વિષે વિસ્તારથી બોલવાનું હજી બાકી છે. હાલ તુરત તો મેં ઉપર કહ્યું તેજ ચિત્તરંજિની વૃત્તિસંબંધે પણ સમજી લેવું.

શિષ્ય:---આપણી સમસ્ત વૃત્તિઓને યથાયોગ્ય સ્ફુર્તિ તથા પરિણુતિયુક્ત કરી તેમને ઇશ્વરમુખી કરવી, એજ ગીતોક્ત જ્ઞાનયોગ અને કર્મયોગ એ વાત હવે સ્પષ્ટ જણાય છે. અને જ્ઞાન તથા કર્મનો સંયોગ તેજ ભક્તિ. મનુષ્યત્વ અને અનુશીલનધર્મ-સંબંધે પૂર્વે મને જે આપે ઉપદેશ કર્યો હતો તે આ ગીતોક્ત ધર્મનીજ નૂતન વ્યાખ્યા હોય એમ મને લાગે છે.

ગુરુ:---ક્રમે ક્રમે એ વાત વધારે સ્પષ્ટ થતી જશે.

अध्याय १६ मो--भगवद्गीतानो संन्यास

ગુરુ:—ત્યાર પછીની એક વાત સાંભળી લે. યુવાવસ્થામાં જ્ઞાનાર્જન કરવું અને મધ્યવયે ગૃહસ્થાશ્રમમાં રહી કર્મ કરવાં એવી હિંદુશાસ્ત્રની આજ્ઞા છે; પરંતુ ગીતોક્ત ધર્મમાં તેવી ખાસ આજ્ઞા નથી. ગીતોક્ત ધર્મ તો કર્મદ્વારા જ્ઞાનની પ્રાપ્તિ કરવી એજ ઉપદેશ આપી રહ્યો છે. અને એ વાત સત્ય પણ લાગે છે; કારણ કે કેવળ અધ્યયનવડે જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નથી. તે ગમે તેમ હો. મનુષ્યને માટે જીવનમાં એક સમય એવો આવે છે કે જે સમયે તેને જ્ઞાનની પ્રાપ્તિ થઇ ચૂકી હોય છે, અને કર્મ કરવાનો અવકાશ અથવા તો શક્તિ કે આવશ્યકતા તેને હોતી નથી. આવી અવસ્થામાંજ તૃતીય અથવા ચતુર્થ આશ્રમનો સ્વીકાર કરવાનું હિંદુશાસ્ત્રો

કહે છે. સાધારણ રીતે તેને સંન્યાસ કહેવામાં આવે છે. "કર્મનો ત્યાગ કરવો" એ સંન્યાસીઓનું સ્થૂલ કર્તવ્ય છે. મુક્તિના ઉપાય તરીકે સ્વયં ભગવાને પણ તેજ માર્ગનો ઉપદેશ કર્યો છે. તે સિવાય તેમણે એમ પણ કહ્યું છે કે "જો તમારે જ્ઞાનયોગમાં આરૂઢ થવું હોય તો 'કર્મ' એજ તમારે માટે આવશ્યક છે; પરંતુ જો જ્ઞાનયોગમાં આરૂઢ થઇ ચૂક્યા હો તો 'કર્મત્યાગ' એજ સહાયરૂપ છે."

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥

અર્થાત્—યોગની ઇચ્છાવાળા મુનિને માટે નિષ્કામ કર્મજ સાધન કહેવાય છે, અને યોગમાં આરૂઢ થયેલા મુનિને માટે શમ–સંકલ્પનો ત્યાગ–એજ સાધન કહેવાય છે.

શિષ્યઃ—પરંતુ કર્મત્યાગ અને સંસારત્યાગ એ બન્ને શું એકજ અર્થનું સૂચન કરે છે? જો તેમજ હોય તો તો સંસારત્યાગ પણ એક પ્રકારનો ધર્મજ ગણાય! જ્ઞાનીને માટે શું તેજ કર્તવ્ય છે?

ગુરુઃ—પૂર્વગામી શાસ્ત્રોનો સિદ્ધાંત તો તેજ છે. જ્ઞાનીની સાધનામાં તેનો પોતાનો કર્મત્યાગ સહાયભૂત બને છે એ વાત સત્ય પણ છે. સ્વયં ભગવદ્વાક્ય તેને ટેકો આપે છે; પરંતુ કર્મયોગવડે ચિત્તશુદ્ધિરૂપ યોગ્યતા મેળવ્યા વિનાજ કદાકોઇએ કર્મનો ત્યાગ કરી દેવો અથવા સંસારને તિલાંજલિ આપી દેવી, એવી કૃષ્ણોક્ત પુણ્યમય ધર્મની શિક્ષા નથી. ભગવાને કર્મયોગ અને કર્મત્યાગ એ ઉભયને મુક્તિનાં સાધન કહ્યાં છે. પરંતુ તેમાં શ્રેષ્ઠતા તો કર્મયોગનેજ આપવામાં આવી છે.

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात् कर्मयोगो विशिष्यते ॥

ભાવાર્થઃ—કર્મસંન્યાસ અને કર્મયોગ એ બન્ને માર્ગો નિશ્ચય કલ્યાણને કરનારા છે, પણ તેમાં કર્મસંન્યાસથી કર્મયોગ–કર્મ કરવાં તેજ શ્રેષ્ઠ છે.

શિષ્યઃ—એવું તો કોઈ કાળે બને નહિ. રોગને દૂર કરવો એ જો ઇચ્છવા યોગ્ય હોય તો રોગનો હુમલો કદાપિ આવકારદાયક લેખી શકાય નહિ. કર્મત્યાગનો માર્ગ જો ઠીક મનાતો હોય તો પછી કર્મયોગનો માર્ગ કદાપિ શ્રેષ્ઠ હોઇ શકે નહિ.

ગુરુઃ—કર્મ કરવા છતાં જો કર્મત્યાગનું ફળ મળી શકતું હોય તો?

શિષ્યઃ—તો તો પછી કર્મયોગજ શ્રેષ્ઠ; કારણ કે તેમ કરવાથી તો કર્મયોગ અને કર્મત્યાગ ઉભયનું એકીસાથે ફળ મળી જાય.

ગુરુઃ—ત્યારે યથાર્થ વસ્તુ પણ તેજ છે. પૂર્વગામી હિંદુધર્મનો ઉપદેશ એવો છે કે કર્મત્યાગપૂર્વક સંન્યાસ ગ્રહણ કરો. ગીતા એવો પ્રબોધ કરે છે કે કર્મ એવા નિર્લિપ્તપણે કરો કે કર્મ કરવા છતાં સંન્યાસનું ફળ મળી શકે. નિષ્કામ કર્મ કરવાં એજ યથાર્થ સંન્યાસ છે.

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥
सांख्ययोगौ पृथग् बालाः प्रवदंति न पंडिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम् ॥
यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥
संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥ (અ. ૫–૩થી૬.)

અર્થાત્ જે મનુષ્ય દ્વેષ કરતો નથી તેમજ ઈચ્છાયે કરતો નથી તેને સદાએ સંન્યાસીજ જાણવો; કેમકે હે મહાબાહો ! એવો રાગદ્વેષરહિત નિર્દ્વંદ્વ પુરુષ સુખપૂર્વક બંધથી મુક્ત થાય છે. (સાંખ્ય) સંન્યાસ અને (કર્મ) કર્મયોગ એ બંને જૂદા જૂદા છે એવું તો બાળકો એટલે અજ્ઞાની મનુષ્યોજ કહે છે– પંડિતો નહિ; કારણ કે એ બેમાંથી કોઇ પણ એક માર્ગને યથાર્થ રીતે આચરનારો મનુષ્ય બંને માર્ગના ફળને પામે છે. જે મોક્ષસ્થાન× સાંખ્ય–સંન્યાસ–વડે પમાય છે તે સ્થાન યોગથી (કર્મયોગથી) પણ પમાય છે; માટે સાંખ્યને અને યોગને જે એક જાણે છે તેજ યથાર્થ જાણે છે; છતાં હે મહાબાહો ! **કર્મયોગ વિનાનો સંન્યાસ તો દુઃખ પામવાને માટેજ છે.** કેમકે કર્મયોગવાળો સંન્યાસી થોડા વખતમાંજ બ્રહ્મને પામે છે. મતલબ કે જે મનુષ્ય અનુષ્ઠેય કર્મો કરવા છતાં ચિત્તથી નિષ્કામ રહે છે, અથવા તો હૃદયમાં કર્મસંબંધે સંન્યાસી બની રહે છે તેજ યથાર્થ ધાર્મિક મનુષ્ય છે.

શિષ્યઃ—આવો પરમ પવિત્ર વૈષ્ણવ ધર્મ ત્યજી દઇને લંગોટીવાળા બાવાઓ શામાટે આમ તેમ રખડવા બહાર નીકળી પડ્યા હશે તે સમજાતું નથી. પાશ્ચાત્યો જેને 'એસેટીસીઝમ' કહે છે તેવો અર્થ વૈરાગ્ય શબ્દમાંથી નીકળતો નથી એ વાત હવે મને સમજાવવાની જરૂર નથી. ગીતોક્ત પરમ પવિત્ર ધર્મમાં વેરાગી આચાર્યના જુલમને સ્થાન નથી, તેમજ તેના જેવો પવિત્ર, સર્વવ્યાપી અને ઉન્નતિશીલ વૈરાગ્યધર્મ જગતમાં અન્ય કોઇ નથી એવો હવે મારો વિશ્વાસ બંધાયો છે. ગીતોક્ત પવિત્ર વૈરાગ્ય પાસે કિંવા સત્કર્મ વૈરાગ્ય પાસે ધર્માચાર્યોની જુલમી સત્તા નભી શકતી નથી. ગીતા જેવા સરળ–અપૂર્વ ધર્મશાસ્ત્રને એક બાજુએ મૂકી દઇને લોકો વેદમાં, સ્મૃતિમાં, બાઇબલમાં તથા કુરાનમાં શા.માટે ધર્મની શોધ કરતા હશે તે મારાથી સમજાતું નથી. ગીતોક્ત ધર્મના પ્રચારક જેવા ધર્મવેત્તા પુરુષ પાસે બીજો કોઇ ધર્મવેત્તા ઉભો રહી શકે નહિ. ભલા, એ દૈવીધર્મપ્રણેતા કોણ હશે ?

× "સાંખ્ય" એ શબ્દના અર્થ માટે જેને શંકા હોય તેણે શાંકરભાષ્ય જોવું- મૂળ લેખક

ગુરુ:—કુરુક્ષેત્રના યુદ્ધ સમયે શ્રીકૃષ્ણે અર્જુનના રથ ઉપર બેસી આવો ઉપદેશ કર્યો હતો, એમ જે કહેવાય છે તે ઉપર મને વિશ્વાસ નથી; કારણ કે વિશ્વાસ નહિ રાખવાના અનેક સબળ હેતુઓ મળી આવે છે. ગીતા એ મહાભારતમાં પ્રક્ષિપ્ત અંશ છે, એમ મારું માનવું છે, પણ ગીતોક્તધર્મના કર્તા શ્રીકૃષ્ણ છે એ સંબંધી મને લેશમાત્ર શંકા નથી. તેનાં અનેક સબળ કારણો પણ છે. અત્યારે તું જોઈ શકશે કે એ પવિત્ર-પુણ્યમય ઉપદેશના પ્રતાપે નિષ્કામ ધર્મનો જગતમાં વિશાળ પ્રચાર થતો જાય છે. માનવ-જીવન નિષ્કામધર્મની આરાધનાવડે સફળ કરવાની પવિત્ર ભાવનાઓ પ્રસરતી જાય છે, એટલુંજ નહિ પણ નીતિ અને ધર્મમાં પણ એજ નિષ્કામ ધર્મના પવિત્ર અંશો પ્રવેશ કરી ચૂક્યા છે. વસ્તુતઃ કામ્ય કર્મનો ત્યાગ એજ સંન્યાસ અથવા તો નિષ્કામ કર્મ કરવાં તેનુંજ બીજું નામ સંન્યાસ. નિષ્કામ કર્મનો પણ ત્યાગ કરવો એને સંન્યાસ કહી શકાય નહિ.

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥

અર્થાત્ વિદ્વાનો સકામ કર્મોના ત્યાગને સંન્યાસ જાણે છે; અને વિચક્ષણ પુરુષો સર્વ કર્મના ફળના ત્યાગને સંન્યાસ કહે છે.

જે દિવસે યુરોપીય વિજ્ઞાન અને શિલ્પ, તથા ભારતવર્ષનો આ નિષ્કામધર્મ એ બન્ને એકત્ર થશે ત્યારે આ સંસાર સ્વર્ગ સમાન બનશે, અને મનુષ્યો દેવ સમાન બનશે. ત્યાર પછી વિજ્ઞાન અને શિલ્પના નિષ્કામ પ્રયોગો થવા લાગશે, અને વિજ્ઞાનાદિ વિદ્યાઓનો સકામ વ્યવહાર કેવી રીતે કરવો તેની કોઈને કલ્પના પણ આવશે નહિ.

શિષ્ય:—મનુષ્યોના ભાગ્યમાં એવો દિવસ કોઈ કાળે આવશે ખરો ?

ગુરુ:—તમે લોકો આર્યપુત્રો છો, તે કેમ ભૂલી જાઓ છો ? તમારાથી શું અસાધ્ય છે ? તમે જે કાંઈ ધારો તે કરી શકો તેમ છો. તમે દૃઢ ધારણા કરો તો સમસ્ત પૃથ્વીના દોરનાર બની શકો. જો તમારા હૃદયમાં આવી મહત્ત્વાકાંક્ષા તથા આત્મબળ ન હોય તો મારો આ સર્વ બકવાદ નિષ્ફળ છે. અસ્તુ. હવે, ગીતોક્ત સંન્યાસવાદનું યથાર્થ તાત્પર્ય તું શું સમજ્યો ? કર્મરહિત સંન્યાસ એ હલકી કોટીનો સંન્યાસ છે, એજ આજની આપણી ધર્મવ્યાખ્યાનો નિષ્કર્ષ છે. ભક્તિયુક્ત કિંવા ભક્ત્યાત્મક કર્મો આપણે કરવાં જોઈએ એ વાત હું તને પૂર્વે કહી ગયો છું. એટલા માટે ગીતોક્ત સંન્યાસનું પણ અંતિમ તાત્પર્ય તો એજ નીકળી શકે કે ભક્ત્યાત્મક કર્મયુક્ત સંન્યાસ એજ યથાર્થ સંન્યાસ છે.

अध्याय १७ मो–भक्ति–ध्यान–विज्ञानादि

ગુરુઃ—ભગવદ્‌ગીતાના પ્રથમ પાંચ અધ્યાયોવિષે હું વિવેચન કરી ચૂક્યો છું.પ્રથમ અધ્યાયમાં સૈન્યદર્શન,બીજા અધ્યાયમાં જ્ઞાનયોગનો સ્થૂલ આભાસ, અથવા તો સાંખ્ય યોગ. ત્રીજા અધ્યાયમાં કર્મયોગ, ચોથા અધ્યાયમાં જ્ઞાન–કર્મસંન્યાસયોગ, અને પાંચમા અધ્યાયમાં સંન્યાસયોગ વિગેરે વિષયો આવી જાય છે. છટ્ઠો અધ્યાય ધ્યાનયોગનો છે. ધ્યાન એ જ્ઞાનવાદીઓનું અનુષ્ઠાન છે, તેથી તેનું જૂદું વિવેચન કરવાની જરૂર રહેતી નથી. આ અધ્યાયમાં યોગ કોને કહેવાય તેનાં લક્ષણો આપવામાં આવ્યાં છે. જે અવસ્થામાં યોગાનુષ્ઠાનદ્વારા ચિત્તનો નિરોધ થાય, જે અવસ્થામાં વિશુદ્ધ અંતઃકરણદ્વારા આત્મદર્શન થવાથી, આત્મામાંજ પરિતૃપ્તિ અનુભવાય અને જે અવસ્થામાં કેવળ બુદ્ધિવડેજ પ્રાપ્ત થઇ શકે એવું અતીન્દ્રિય–આત્યંતિક સુખ પ્રાપ્ત થાય, એટલુંજ નહિ પણ જે અવસ્થામાં એક સમય સ્થિતિ થયા પછી પાછું ફરવાપણું રહેતું નથી અને જે અવસ્થામાં પ્રાપ્ત થતા સુખની તુલના કોઇ પણ વસ્તુની સાથે થઇ શકતી નથી, તેમજ ગમે તેવું ભારે દુઃખ પણ જે અવસ્થામાંથી મનુષ્યને વિચલિત કરી શકતું નથી, તે અવસ્થાને “ યોગ ” એવું નામ આપવામાં આવ્યું છે. કેવળ નેતી–ધોતી, મુદ્રા, આસન, કે પ્રાણાયામ જેવાં સ્થૂળ સાધનોથીજ યોગદશા પ્રાપ્ત થતી નથી; પરંતુ

योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥

અર્થાત્ જે યોગી મારામાંજ મન રાખીને શ્રદ્ધાપૂર્વક મને ભજે છે તેને મેં યોગયુક્ત વ્યક્તિઓમાં સર્વોત્તમ યોગી માનેલો છે. આ ભગવદુક્તિ સાંભળ્યા પછી હવે તને ખાત્રી થઇ હશે કે ગીતોક્ત જ્ઞાન, કર્મ, ધ્યાન કે સંન્યાસ વિગેરે ધર્મોમાંનો એકકે ધર્મ ભક્તિવિના સંપૂર્ણતા પ્રાપ્ત કરી શકે નહિ. ભક્તિ એજ સર્વ રહસ્યોનો અને સર્વ તત્ત્વોનો એકમાત્ર નિષ્કર્ષ છે.

સાતમો અધ્યાય વિજ્ઞાનયોગસંબંધી છે. તેમાં ઇશ્વર પોતે પોતાના સ્વરૂપનું સ્પષ્ટીકરણ કરી બતાવે છે. જો કે તે સ્થળે ભગવાન્ પોતે પોતાના નિર્ગુણ અને સગુણ ભાવનું વર્ણન કરે છે, તથાપિ તેની સાથે એટલું પણ ખુલ્લી રીતે કહી દે છે કે ભક્તિ સિવાય મને પ્રાપ્ત કરવાનો એકકે ઉપાય નથી. મતલબ કે ભક્તિ બ્રહ્મજ્ઞાનમાં પણ સહાયક છે.

આઠમા અધ્યાયમાં તારકબ્રહ્મયોગ આવે છે. એ પણ એક પ્રકારનો સંપૂર્ણ ભક્તિયોગ છે. આ અધ્યાયમાં મુખ્યત્વે ઇશ્વરપ્રાપ્તિના સ્થૂલ ઉપાયોનું વર્ણન છે.

તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે ભક્તિ સિવાય તેને પ્રાપ્ત કરવાનો બીજો એકે ઉત્તમ માર્ગ નથી.

નવમા અધ્યાયમાં વિખ્યાત રાજગુહ્યયોગને સ્થાન આપવામાં આવ્યું છે. આ અધ્યાયમાં ઘણીખરી વાતો અતિશય મનોહારિણી છે. અત્યાર પૂર્વે જગદીશ્વર એક અતિશય મનોહર ઉપમાદ્વારા, જગતની સાથેનો પોતાનો સંબંધ દર્શાવી ચૂક્યા છે. અર્થાત્–એક સૂત્રના દોરામાં જેવી રીતે અનેક મણિઓ ગુંથાયલા હોય છે, તેવીજ રીતે આ સમસ્ત વિશ્વ એક મારાવડેજ ગ્રથિત થયેલું છે એમ કહ્યું છે. પ્રસ્તુત નવમા અધ્યાયમાં એક બહુજ સુંદર ઉપમા આપવામાં આવી છે. જેમઃ–

"સર્વ ભૂતમાત્રનું પાલન તથા ધારણ મારો આત્માજ કરી રહ્યો છે, છતાં મારો આત્મા કોઇ ભૂતોમાંજ આવી રહેલો નથી. જેમ મહાન્ અને સર્વત્ર ગતિ કરનારો વાયુ તેથી પણ મહાન્ એવા આકાશમાં નિત્ય રહેલો છે તે રીતે સર્વ ભૂતો મારામાં સમાઇ રહેલાં છે; પણ હું ભૂતોમાં સમાઇ રહેલો નથી." હર્બર્ટ સ્પેન્સરની નદી ઉપરના પાણીના પરપોટાઓની ઉપમા કરતાં આ ઉપમા કેટલી બધી શ્રેષ્ઠ છે?

શિષ્યઃ—મારી આંખ ઉપરના પાટાઓ ધીમે ધીમે દૂર થતા જાય છે. નિર્ગુણબ્રહ્મવાદ એક પ્રકારનો 'પાન્થેઇઝ' માત્ર છે, એવી મારી આજપર્યંત માન્યતા હતી. હવે મારી એ માન્યતામાં મોટો ફેર પડી ગયો છે.

ગુરુઃ—એકવાર અંગ્રેજી સંસ્કારો પ્રાપ્ત કર્યા, એટલે પછી આર્યશાસ્ત્રોનું અવલોકન કરવા છતાં પણ યથાર્થ સત્યની પ્રાપ્તિ થતી નથી, એમ જે કહેવાય છે તે સત્ય છે, અને તારાં આ વાક્યો પણ એજ વાતને સિદ્ધ કરે છે. આપણામાં અનેક માણસો એવાં મળી આવે તેમ છે કે જેઓને કાચના ગ્લાસમાં પાણી ભરીને ન આપીએ તો તેમને તે પાણી પીવાની ઇચ્છાજ ન થાય! અત્યારનો સુધરેલો વર્ગ મલિન પાણી પણ કાચના ગ્લાસમાં ગટગટાવી જાય છે! તમે લોકો તો એમજ માની બેઠા છો કે સામ્યવાદ અથવા સમાનભાવના સિદ્ધાંતો બુદ્ધધર્મ કે ક્રીશ્ચિયન ધર્મ સિવાય બીજે કયાંઇ છેજ નહિ.! એક માત્ર શાક્યસિંહ કિંવા ઇસુખ્રિસ્તજ જગતના મનુષ્યોનો ઉદ્ધાર કરવાનેજ સમર્થ છે, એવું ભૂત તમારા મનમાં ભરાઇ પેઠું છે! તમને એવા સંસ્કારો વળગી ગયા છે કે હિન્દુધર્મમાં વર્ણભેદ સિવાય બીજી કોઇ મહત્ત્વની વાતજ નથી, અને એટલા માટે મૂર્ખ તથા જ્ઞાની, ધની તથા દરિદ્ર પુરુષ તથા સ્ત્રી, અને વૃદ્ધ તથા બાળક વિગેરેનો 'સમાનભાવે ઉદ્ધાર' કરવાને બુદ્ધધર્મ કે ક્રિશ્ચિયન ધર્મ સિવાય હિંદુધર્મ કોઇ રીતે ઉપકારક થઇ શકે નહિ, પરંતુ પ્રસ્તુત અધ્યાયના માત્ર બેજ શ્લોકોનું શ્રવણ કરઃ—

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः।
ये भजंति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्॥

\+ + + + +

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यांति परां गतिम् ॥ (૯–૩૨)

અર્થાત્ યદ્યપિ હું સર્વ પ્રાણીઓમાં સમાન રહ્યો છું, ને મારે કોઈ પ્રિય કે અપ્રિય નથી; તોપણ જેઓ મને ભકિતથી ભજે છે તેઓ મારામાં અને હું તેઓનામાં વિશેષ ભાવે રહેલા છીએ. × × × × જેઓ પાપકર્મથી નીચ યોનિમાં જન્મેલા હોય, તેમજ સ્ત્રીઓ, વૈશ્યો કે શૂદ્રો હોય તોપણ તેઓ મારો આશ્રય કરવાથી પરમ ગતિ (મોક્ષ) ને પામે છે.

શિષ્ય:—ઘણું કરીને આ આશય તો બૌદ્ધ ધર્મમાંથીજ ગ્રહણ કરવામાં આવ્યો હશે.

ગુરુ:—અત્યારના ભણેલા ગણાતા વર્ગમાં એજ એક મોટામાં મોટી બેવકુફી પ્રચલિત છે. યૂરોપીયન પંડિતો તમને શીખવે છે કે ઇ. સ. પૂર્વે ૫૪૩ વર્ષે શાક્યસિંહ મૃત્યુ પામ્યો હતો. એટલા ઉપરથી તમે આંખો મીંચીને એવો સિદ્ધાંત કરી બેઠા છો કે ભારતવર્ષમાં જે કાંઇ સારૂં તત્ત્વ જોવામાં આવે તે સર્વ બુદ્ધધર્મનુંજ હોવું જોઇએ. તમને એવો દૃઢ નિશ્ચય થઇ ગયો છે કે હિંદુધર્મ એવો નિકૃષ્ટ છે કે તેમાંથી કોઇ સારી વસ્તુ કોઇ કાળે ઉત્પન્નજ થઇ શકે નહિ; પરંતુ બૌદ્ધધર્મ પોતેજ હિંદુધર્મનો એક ફાંટો છે, એ વાત અત્યારનો ભણેલો વર્ગ ભૂલી જાય છે. હિંદુધર્મમાંથી બુદ્ધધર્મ જેવો એક પ્રબળ ધર્મ ઉત્પન્ન થવા પામ્યો તો પછી તેજ હિંદુધર્મમાં બીજા કેટલાયે મહત્ત્વના સિદ્ધાંતો ભર્યા હશે, તેનો કાંઇ વિચાર કરી શકો છો ?

શિષ્ય:—આપનું કહેવું યોગ્ય છે. જો આપને ઠીક લાગે તો હવે રાજગુહ્યયોગની વ્યાખ્યા સંભળાવવા કૃપા કરો.

ગુરુ:—રાજગુહ્યયોગને સર્વપ્રધાન સાધન માનવામાં આવ્યું છે. તેનો સ્થૂલ આશય એવો છે કેઃ– જો કે ઇશ્વરની પ્રાપ્તિ સર્વને માટે સંભવિત છે, તથાપિ જે મનુષ્ય જે ભાવે તેનું ધ્યાન કરે તેને તેવાજ રૂપે તે પ્રાપ્ત થાય, એવો પણ એક સામાન્ય નિયમ છે. જેઓ દેવ–દેવીઓની સકામ ઉપાસના કરે છે, અને તે દ્વારા ઈશ્વરાનુગ્રહ પ્રાપ્ત કરે છે તેઓ સ્વર્ગે જઈ શકે છે, પરંતુ તેમને ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી. જેઓ નિષ્કામપણે દેવ–દેવીઓની ઉપાસના કરે છે, તેઓની ઉપાસના નિષ્કામ હોવાથી એક રીતે તેઓ ઇશ્વરનીજ ઉપાસના કરે છે, એમ કહી શકાય, કારણ કે ઇશ્વર સિવાય બીજો દેવજ કયો છે ? અને તેથી તેઓ નિષ્કામ ઉપાસનાના ફળરૂપે સાક્ષાત્ ઇશ્વરત્વને પ્રાપ્ત કરે છે. અહીંઆં એવી શંકા થવી સંભવિત છે કે જો દેવ–દેવીઓમાં પણ ઇશ્વર વ્યાપ્ત છે, તો પછી સકામ ઉપાસનાદ્વારા તે

કેમ પ્રાપ્ત થતો નથી ? તો તેનું સમાધાન માત્ર એટલુંજ છે કે સકામ ઉપાસના એ ઈશ્વરની આરાધનાનો સત્ય માર્ગ નથી. જો કે દેવ–દેવીઓની ઉપાસના કરનારાઓ પણ પ્રકારાંતરે તો ઈશ્વરનીજ ઉપાસના કરે છે; તોપણ વસ્તુતઃ ઈશ્વરની નિષ્કામ ઉપાસના એજ મુખ્ય ઉપાસના છે. તે સિવાય ઈશ્વરપ્રાપ્તિનો એકે રાજમાર્ગ નથી. એટલાજ માટે સર્વ કામનાઓનો ત્યાગ કરી, ઈશ્વરનેજ સર્વ કર્મો અર્પણ કરવાં અને ઈશ્વરમાં દૃઢ ભક્તિભાવ રાખવો એજ ધર્મ અને એજ મોક્ષનો ઉપાય છે. આ રાજગુહ્યયોગ ભક્તિરસથીજ પરિપૂર્ણ છે.

સાતમા અધ્યાયમાં ઈશ્વરનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે, અને દશમા અધ્યાયમાં તેની વિભૂતિઓનું વર્ણન છે. આ વિભૂતિયોગ બહુ વિચિત્ર છે; પરંતુ અત્યારે તે વિષયમાં ઉતરવાની જરૂર નથી. દશમા અધ્યાયમાં વિભૂતિઓનું વિવરણ કરી તેનું પ્રત્યક્ષ સ્વરૂપ વિશ્વરૂપ દર્શનના આકારમાં અર્જુનને અગીઆરમા અધ્યાયમાં ભગવાન્ દર્શાવે છે. ત્યાર પછી બારમા અધ્યાયમાં ભક્તિનો પ્રસંગ નીકળે છે આવતી કાલે હું તને એ ભક્તિયોગ સંભળાવીશ.

अध्याय १८ मो–भगवद्गीतानो भक्तियोग

શિષ્યઃ—ભક્તિયોગ વિષયક વ્યાખ્યા કરવા પહેલાં મને એક વાત સમજાવો. ઈશ્વર એક છે તો પછી તેની પ્રાપ્તિનાં સાધનોમાં આટલો બધો વિવાદ કેમ ? સીધો માર્ગ તો સર્વદા એકજ હોવો ઘટે છે. એક ગામમાં જવાને માટે સીધા પાંચ માર્ગ હોય એમ બનેજ નહિ.

ગુરુઃ—સીધા માર્ગ પાંચ ન હોય, પરંતુ એકજ હોય એ વાત સત્ય છે. પરંતુ પ્રત્યેક માણસને સીધો માર્ગજ પ્રાપ્ત થાય એમ બનતું નથી. એક પહાડના શિખરે પહોંચવા માટે જે એક સીધો માર્ગ હોય તે માર્ગે થઈને કેવળ એક–બે બળવાન્ વ્યક્તિઓ સિવાય ભાગ્યેજ બીજું કોઈ ઉપર ચઢી શકે. સાધારણ માણસોને માટે એવાં સ્થળોએ ધીમે ધીમે ચડતાં ફાવે એવા લાંબા માર્ગે થઈને ધીમે ધીમે ચડવું એજ વધારે માફક હોય છે. આ સંસારમાં અનેક પ્રકારનાં મનુષ્યો વસે છે. તેઓનું શિક્ષણ, તેઓના સંસ્કાર તથા તેઓની પ્રકૃતિ પણ અનેક પ્રકારે ભિન્ન ભિન્ન હોય છે. કેટલાકો સંસારી હોય છે, તો કેટલાકોએ સંસારક્ષેત્રમાં પ્રવેશ પણ કર્યો હોતો નથી; કેટલાઓ સંસાર ભોગવીને તેથી વિરક્ત બની ગયા હોય છે, તો કેટલાકો સંસારમાંજ રહેવાનું પસંદ કરે છે. સંસારીઓને માટે કર્મ, તેમજ અસંસારીઓને માટે સંન્યાસ એજ ઉપયુક્ત છે. જે મનુષ્ય

જ્ઞાની હોવા છતાં સંસારમાંજ રહ્યો હોય તેને માટે જ્ઞાન તથા વિજ્ઞાનયોગ એજ પ્રશસ્ત છે. તેવીજ રીતે જે મનુષ્ય જ્ઞાની હોવાની સાથે સંસારનો ત્યાગ કરી ચૂક્યો હોય, તેને માટે અર્થાત્ જ્ઞાની યોગીને માટે ધ્યાનયોગ એજ ઉત્તમ છે. તે સિવાયના પામરથી લઇને ઉચ્ચ કોટી સુધીના સર્વ મનુષ્યોને માટે સર્વ શ્રેષ્ઠ એવો રાજગુહ્યયોગજ ઠીક છે. સારાંશ કે સર્વ પ્રકારના મનુષ્યો ઉન્નતિ પ્રાપ્ત કરી શકે તેટલાજ માટે સ્વયં જગદીશ્વરેજ આવા આશ્ચર્યમય અપૂર્વ ધર્મનો પ્રચાર કર્યો છે. પરમાત્મા પોતે અનંત કરુણામય છે, તેથીજ તેમણે સર્વને અનુકૂળ આવે એવા ઉદ્દેશથી આવા સીધા માર્ગો દર્શાવ્યા છે.

શિષ્ય:—પરંતુ આપની ધર્મવ્યાખ્યા જો સત્ય હોય તો તો પછી ભક્તિજ સર્વ સાધનાઓનું મૂળ છે, અને જો પ્રત્યેકને માટે ભક્તિયોગજ ઉત્તમ હોય તો તેનેજ એક સીધા માર્ગરૂપે શામાટે ન લેખી શકાય ?

ગુરુ:—ભક્તિનું અનુશીલન અત્યાવશ્યક છે, એટનાજ માટે અનેક પ્રકારની સાધનાઓ તથા અનુશીલનપદ્ધતિઓ પ્રચલિત થઇ છે. મારો અનુશીલનવાદ જો તું બરાબર સમજી શકશે તો પછી તેં ઉપર કહી તેની શંકાનું તું પોતેજ સમાધાન કરી શકશે. ભિન્ન ભિન્ન પ્રકૃતિના મનુષ્યોને માટે ભિન્ન ભિન્ન અનુશીલન પદ્ધતિઓ જરૂરની છે. યોગ એ કેવળ અનુશીલનપદ્ધતિનું નામાંતર માત્રજ છે.

શિષ્ય:—પરંતુ સકળ યોગોનું જે પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે તે ઉપરથી પાઠકવર્ગને સ્વાભાવિકરીતેજ એક પ્રશ્ન ઉદ્દભવવા યોગ્ય છે. નિર્ગુણબ્રહ્મની ઉપાસનાને–અર્થાત્ જ્ઞાનને એક પ્રકારનું સાધન ગણાવવામાં આવ્યું છે, તેવીજ રીતે સગુણબ્રહ્મની ઉપાસનાને–અર્થાત્ ભક્તિને પણ એક પ્રકારના સાધનરૂપે ગણાવવામાં આવી છે. અનેક મનુષ્યોને માટે આ બન્ને સાધનો ઉપયોગી તેમજ સાધ્ય હોવાયોગ્ય છે. તો જેમને માટે બન્ને માર્ગો એકસરખા ઉપયોગી હોય તેમણે એમાંના કયા માર્ગનું અવલંબન લેવું ? બન્ને સાધનાઓમાં ભક્તિ તો રહેલીજ છે, એ વાત મારા લક્ષબહાર નથી; તથાપિ પ્રશ્ન એ છે કે જ્ઞાનમયી ભક્તિ અને કર્મમયી ભક્તિ એ બેમાં શ્રેષ્ઠ કોણ ?

ગુરુ:—બારમા અધ્યાયની શરૂઆત થતાંની સાથેજ અર્જુને એ પ્રશ્ન શ્રીકૃષ્ણને પૂછ્યો હતો–શ્રીકૃષ્ણ પરમાત્માએ તેનો જે ઉત્તર આપ્યો હતો, તેજ આ બારમા અધ્યાયના ભક્તિયોગરૂપે આપણી પાસે પ્રગટ છે. અર્જુનના પ્રશ્નનું અને તેના ઉત્તરનું રહસ્ય તું બરાબર સમજી શકે તેટલાજ માટે ગીતાના પૂર્વગામી અગીઆર અધ્યાયો હું તને ટુંકામાં સમજાવી ગયો: કારણ કે જ્યાંસુધી પ્રશ્નનું સ્વરૂપ ન સમજાય ત્યાંસુધી ઉત્તર પણ બરાબર બુદ્ધિમાં ન ઉતરી શકે એ સ્વાભાવિક છે.

શિષ્ય:—શ્રીકૃષ્ણે તેનો શું ઉત્તર આપ્યો ?

ગુરુઃ—તેમણે સ્પષ્ટ રીતે કહી દીધું કે નિર્ગુણબ્રહ્મના ઉપાસકો તથા સગુણ ઇશ્વરભક્તો ઉભય ઇશ્વરને પ્રાપ્ત કરી શકે છે, પરંતુ તેઓમાં તફાવત માત્ર એટલોજ છે કે બ્રહ્મના ઉપાસકોને અનેકાનેક કષ્ટો તથા દુઃખો સહન કરવાં પડે છે, જ્યારે ભક્તો અદુન્જ સહેલાઇથી ઉદ્ધાર પામી જાય છે.

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥
ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥

અર્થાત—જેઓ અવ્યક્તમાં (જ્ઞાનોપાસનામાં) આસક્તચિત્તવાળા છે તેમને અતિ ઘણો ક્લેશ થાય છે, કારણ કે દેહધારીઓ અવ્યક્તની ગતિને બહુ દુઃખથી પ્રાપ્ત કરી શકે છે; પરંતુ જેઓ સર્વ કર્મો મને અર્પણ કરીને મત્પરાયણ થઇ અનન્ય યોગવડે મારું ધ્યાન કરે છે, અને મનેજ ઉપાસે છે, તેવા મારામાંજ આવેશયુક્ત ચિત્તવાળાઓનો આ મૃત્યુયુક્ત સંસારસમુદ્રમાંથી હું સત્વર અને રૂડી રીતે ઉદ્ધાર કરું છું.

શિષ્યઃ—ભલા, તે ભક્તો કેવા હશે!

ગુરુઃ—સ્વયં ભગવાન્ તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે કરે છેઃ—

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥
तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येनकेनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥

જ્ઞાની હોવા છતાં સંસારમાંજ રહ્યો હોય તેને માટે જ્ઞાન તથા વિ
પ્રશસ્ત છે. તેવીજ રીતે જે મનુષ્ય જ્ઞાની હોવાની સાથે સંસારનો
ચૂકયો હોય, તેને માટે અર્થાત્ જ્ઞાની યોગીને માટે ધ્યાનયોગ એજ
સિવાયના પામરથી લઇને ઉચ્ચ કોટી સુધીના સર્વ મનુષ્યોને માટે સ
રાજગુહ્યયોગજ ઠીક છે. સારાંશ કે સર્વ પ્રકારના મનુષ્યો ઉન્નતિ પ્રાપ્ત
તેટલાજ માટે સ્વયં જગદીશ્વરેજ આવા આશ્ચર્યમય અપૂર્વ
છે. પરમાત્મા પોતે અનંત કરુણામય છે, તેથીજ તેમણે સર્વને અનુકૂળ આવ
એવા ઉદ્દેશથી આવા સીધા માર્ગો દર્શાવ્યા છે.

શિષ્યઃ—પરંતુ આપની ધર્મવ્યાખ્યા જો સત્ય હોય તો તો પછી ભક્તિજ સર્વ સાધનાઓનું મૂળ છે, અને જો પ્રત્યેકને માટે ભક્તિયોગજ ઉત્તમ હોય તો તેનેજ એક સીધા માર્ગરૂપે શામાટે ન લેખી શકાય ?

ગુરુઃ—ભક્તિનું અનુશીલન અત્યાવશ્યક છે, એટલાજ માટે અનેક પ્રકારની સાધનાઓ તથા અનુશીલનપદ્ધતિઓ પ્રચલિત થઇ છે. મારો અનુશીલનવાદ જો તું બરાબર સમજી શકશે તો પછી તેં ઉપર કહી તેવી શંકાનું તું પોતેજ સમાધાન કરી શકશે. ભિન્ન ભિન્ન પ્રકૃતિના મનુષ્યોને માટે ભિન્ન ભિન્ન અનુશીલન પદ્ધતિઓ જરૂરની છે. યોગ એ કેવળ અનુશીલનપદ્ધતિનું નામાંતર માત્રજ છે.

શિષ્યઃ—પરંતુ સકળ યોગોનું જે પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે તે ઉપરથી પાઠકવર્ગને સ્વાભાવિકરીતેજ એક પ્રશ્ન ઉદ્‌ભવવા યોગ્ય છે. નિર્ગુણબ્રહ્મની ઉપાસનાને—અર્થાત્ જ્ઞાનને એક પ્રકારનું સાધન ગણાવવામાં આવ્યું છે, તેવીજ રીતે સગુણબ્રહ્મની ઉપાસનાને—અર્થાત્ ભક્તિને પણ એક પ્રકારના સાધનરૂપે ગણાવવામાં આવી છે. અનેક મનુષ્યોને માટે આ બન્ને સાધનો ઉપયોગી તેમજ સાધ્ય હોવા યોગ્ય છે. તો જેમને માટે બન્ને માર્ગો એકસરખા ઉપયોગી હોય તેમણે એમાંના કયા માર્ગનું અવલંબન લેવું ? બન્ને સાધનાઓમાં ભક્તિ તો રહેલીજ છે, એ વાત મારા લક્ષબહાર નથી; તથાપિ પ્રશ્ન એ છે કે જ્ઞાનમયી ભક્તિ અને કર્મમયી ભક્તિ એ બેમાં શ્રેષ્ઠ કોણ ?

ગુરુઃ—બારમા અધ્યાયની શરૂઆત થતાંની સાથેજ અર્જુને એ પ્રશ્ન શ્રીકૃષ્ણને પૂછયો હતો—શ્રીકૃષ્ણ પરમાત્માએ તેનો જે ઉત્તર આપ્યો હતો, તેજ આ બારમા અધ્યાયના ભક્તિયોગરૂપે આપણી પાસે પ્રગટ છે. અર્જુનના પ્રશ્નનું અને તેના ઉત્તરનું રહસ્ય તું બરાબર સમજી શકે તેટલાજ માટે ગીતાના પૂર્વગામી અગીઆર અધ્યાયો હું તને ટુંકામાં સમજાવી ગયો; કારણ કે જ્યાંસુધી પ્રશ્નનું સ્વરૂપ ન સમજાય ત્યાંસુધી ઉત્તર પણ બરાબર બુદ્ધિમાં ન ઉતરી શકે એ સ્વાભાવિક છે.

શિષ્યઃ—શ્રીકૃષ્ણે તેનો શું ઉત્તર આપ્યો ?

ગીતોક્ત ભક્તિયોગનો એજ સ્થૂલ આશય છે, શ્રીમદ્ ભગવદ્ગીતાને જગતનો સર્વશ્રેષ્ઠ ધર્મગ્રંથ કહેવામાં આવે છે તેનું કારણ એ છે કે આવો ઉદાર અને ઉત્તમ ભક્તિવાન્ જગત્માં બીજો ક્યાંય નથી.

अध्याय १९ मो–ईश्वरभक्ति–विष्णुपुराण

ગુરુઃ—ભગવદ્ગીતાના બાકી રહેલા અંશનું વિવેચન કરવાની હવે જરૂર નથી. અત્યાર પૂર્વે જે કાંઇ હું કહી ચૂક્યો છું તેને વિશેષ સ્પષ્ટ કરવાને માટે, હવે વિષ્ણુપુરાણમાંથી પ્રહ્લાદચરિત્ર લઇ તેનીજ સમાલોચના કરીશ. વિષ્ણુપુરાણમાં પ્રહ્લાદ અને ધ્રુવ એ બે જગપ્રસિદ્ધ ભક્તાત્માઓનાં જીવનચરિત્ર છે. આ બન્ને ભક્તાત્માઓની ભક્તિ છેક ભિન્ન ભિન્ન પ્રકારની હતી. હવે તું એટલું તો સમજી શક્યો હોઇશ કે ભક્તિ મુખ્યત્વે બે પ્રકારની છેઃ–(૧) સકામ, અને (૨) નિષ્કામ. સકામ ઉપાસનાને કામ્યકર્મ કહેવામાં આવે છે અને નિષ્કામ ઉપાસનાને ભક્તિ કહેવામાં આવે છે. ધ્રુવની ઉપાસના સકામ હતી; કારણ કે તેણે ઉચ્ચ પદની પ્રાપ્તિઅર્થે વિષ્ણુની આરાધના કરી હતી. એટલા માટે તેની ઉપાસનાને યથાર્થ ભક્તિ કહી શકાય નહિ. જો કે ઇશ્વરમાં તેને દૃઢ વિશ્વાસ હતો, એટલુંજ નહિ પણ પોતાના મનબુદ્ધિ પણ તેણે ઇશ્વરનેજ અર્પણ કરી દીધાં હતાં, છતાં તેની ઉપાસનાને ભક્તની ઉપાસના કહી શકાય નહિ. પ્રહ્લાદની ઉપાસના નિષ્કામ હતી, કારણ કે તેણે કાંઇ પણ પ્રાપ્ત કરવાની અભિલાષાથી ઇશ્વરની ભક્તિ કરી નહોતી. બલ્કે ઇશ્વરપ્રત્યે ભક્તિભાવ રાખવા માટે તેને અનેક પ્રકારની આપત્તિઓમાંથી પસાર થવું પડ્યું હતું, છતાં તેણે ઇશ્વરભક્તિમાં સહેજ પણ સંકોચ સેવ્યો નહોતો. તે જાણતો હતો કે કેવળ ભક્તિની ખાતરજ તેને આ સર્વ આપત્તિઓ સહન કરવી પડે છે, તે છતાં તેણે ભક્તિનો છેક છેવટી ઘડી સુધી ત્યાગ કર્યો નહોતો. આવો નિષ્કામ પ્રેમ તેજ યથાર્થ ભક્તિ છે, તેમજ પ્રહ્લાદ જેવો નિષ્કામ પ્રેમીજ સાચા ભક્તના પવિત્ર નામને સંપૂર્ણ યોગ્ય છે. વિષ્ણુપુરાણના ગ્રંથકર્તાએ સકામ ઉપાસના અને નિષ્કામ ઉપાસનાનાં ઉદાહરણો પૂરાં પાડવાઅર્થે તેમજ એક-બીજા જીવનચરિત્રની પરસ્પર તુલના કરવાઅર્થેજ આવાં બે ચરિત્રોની–ધ્રુવ તથા પ્રહ્લાદનાં ઉપાખ્યાનોની–રચના કરેલી હોવી જોઇએ. ભગવદ્ગીતાના રાજયોગસંબંધે મેં જે કાંઇ કહ્યું હતું, તે જો તને યાદ હશે તો તું સમજી શકશે કે સકામ ઉપાસના પણ છેક નિષ્ફળ તો નથીજ જે મનુષ્ય જેવી કામનાપૂર્વક ઇશ્વરની ઉપાસના કરે છે તેને તે

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः॥

અર્થાત્—જેને મારૂં-તારૂં એવી મમત્વબુદ્ધિ નથી, જે નિરહંકાર છે, જેને સુખ
અને દુઃખ ઉભય સમાન છે, જે ક્ષમાવાન છે, જે કોઇનો પણ દ્વેષ કરતો નથી, જે
સર્વભૂતોનો મિત્ર છે, જે દયાળુ છે, જે સર્વદા સંતુષ્ટ છે, જે સ્થિરચિત્તવાળો (યોગી)
છે, જેણે પોતાના મનનો સંયમ કર્યો છે, જે બળવાન્ નિશ્ચયવાળો છે, અને જેણે
પોતાનું મન તથા બુદ્ધિ મને અર્પણ કર્યાં છે, એવો જે મારો ભક્ત તેજ મને
પ્રિય લાગે છે. જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી, અને લોકોથી જેને સંતાપ થતો
નથી તેમજ જે હર્ષ-ક્રોધ તથા ભય-ત્રાસથી મુક્ત હોય છે તેજ મને પ્રિય લાગે છે.
મારો જે ભક્ત નિસ્પૃહ, પવિત્ર, દક્ષ, ઉદાસીન, દુઃખરહિત, અને સર્વ આરંભોનો
પરિત્યાગ કરવાને શક્તિમાન હોય છે તેજ મને પ્રિય થઇ પડે છે. જેને કોઈ પણ
વસ્તુપ્રત્યે દ્વેષ નથી તેમજ આસક્તિ પણ નથી, જે કદાપિ શોક કે આકાંક્ષા કરતો
નથી, અને જે શુભ કે અશુભનો ત્યાગ કરવાને સમર્થ હોય છે તેજ મને પ્રિય હોય
છે. જે શત્રુ અને મિત્ર પ્રત્યે એકસરખોજ વ્યવહાર રાખે છે, માન અને અપમાનમાં
સમાન ભાવ રાખે છે, ટાઢ-તડકો કે સુખ-દુઃખને પણ સમાન ગણે છે, જે કોઈ
પણ વસ્તુપર આસક્તિ ધરાવતો નથી, જેને નિંદા અને સ્તુતિ સમાન છે, જેણે પોતાની
વાણી ઉપર કાબૂ મેળવ્યો છે, યદચ્છયા જે પ્રાપ્ત થાય તેથીજ જે સંતુષ્ટ રહે છે,
જેનું કોઇ નિશ્ચિત સ્થાન નથી, જેની બુદ્ધિ સ્થિર છે, અને જે મારી ભક્તિ કરે
છે, તેજ મને પ્રિય થઇ પડે છે. મારાપર શ્રદ્ધા રાખી મત્પરાયણ થઈ મારા જે
ભક્તો ઉપર વર્ણવેલા ધર્મામૃતનું સેવન કરે છે તે મને અતિશય પ્રિય છે.

હવે ભક્તિનું સ્વરૂપ સમજાયું ને? દેવપૂજાનો ડોળ કરવામાત્રથીજ કોઇ સાચો
ભક્ત બની શકતો નથી. માત્ર માળાના મણકા ફેરવવાથી કે માત્ર હરિ! હરિ!
શબ્દોના ઉચ્ચારથી ભક્ત થવાતું નથી. હા ઇશ્વર! અરે પ્રભુ! એવી બીજા-
ઓને સંભળાવવા માટે ખાલી બૂમો પાડવાથીજ સત્ય ભક્તનું બીરદ પ્રાપ્ત
થતું નથી. જેણે પોતાની ઇંદ્રિયો ઉપર વિજય મેળવ્યો હોય, જેનું ચિત્ત સંય-
મમાં રહી શકતું હોય, જે સમદર્શી હોય, અને જે પરહિત કરવાને સદા તત્પર
રહેતો હોય, તેજ યથાર્થ ભક્ત પુરુષ છે. પોતાના તેમજ સર્વના અંતઃકરણમાં
સર્વદા ઇશ્વર વિરાજી રહ્યો છે એમ દ્દઢતાપૂર્વક વિશ્વાસ રાખી, પોતાના ચરિત્રને
સંપૂર્ણ નિર્દોષ બનાવવાનો જે પ્રયત્ન કરે તેમજ પોતાની સમસ્ત વૃત્તિઓને ઇશ્વરા-
ભિમુખી કરે છે, તેજ યથાર્થ સંતપુરુષ કે ભક્ત મહર્ષિ છે. જેના ચરિત્ર ઉપ
ભક્તિનો પ્રભાવ નથી, તે કદાપિ ભક્તના પદને માટે યોગ્ય નથી. જેની સમસ્ત
વૃત્તિઓ ઇશ્વરાભિમુખી નથી, તે પણ પોતે ભક્ત હોવાનો કદિ દાવો કરી શકે નહિ

ગીતોક્ત ભક્તિયોગનો એજ સ્થૂલ આશય છે, શ્રીમદ્ ભગવદ્ગીતાને જગતનો સર્વશ્રેષ્ઠ ધર્મગ્રંથ કહેવામાં આવે છે તેનું કારણ એ છે કે આવો ઉદાર અને ઉત્તમ ભક્તિવાન્ જગત્માં બીજે ક્યાંય નથી.

अध्याय १९ मो–ईश्वरभक्ति–विष्णुपुराण

ગુરુઃ—ભગવદ્ગીતાના બાકી રહેલા અંશનું વિવેચન કરવાની હવે જરૂર નથી. અત્યાર પૂર્વે જે કાંઇ હું કહી ચૂક્યો છું તેને વિશેષ સ્પષ્ટ કરવાને માટે, હવે વિષ્ણુપુરાણમાંથી પ્રલ્હાદચરિત્ર લઇ તેનીજ સમાલોચના કરીશ. વિષ્ણુપુરાણમાં પ્રલ્હાદ અને ધ્રુવ એ બે જગપ્રસિદ્ધ ભક્તાત્માઓનાં જીવનચરિત્ર છે. આ બન્ને ભક્તાત્માઓની ભક્તિ ઠેઠ ભિન્ન ભિન્ન પ્રકારની હતી. હવે તું એટલું તો સમજી શક્યો હોઇશ કે ભક્તિ મુખ્યત્વે બે પ્રકારની છેઃ–(૧) સકામ, અને (૨) નિષ્કામ. સકામ ઉપાસનાને કામ્યકર્મ કહેવામાં આવે છે અને નિષ્કામ ઉપાસનાને ભક્તિ કહેવામાં આવે છે. ધ્રુવની ઉપાસના સકામ હતી; કારણ કે તેણે ઉચ્ચ પદની પ્રાપ્તિઅર્થે વિષ્ણુની આરાધના કરી હતી. એટલા માટે તેની ઉપાસનાને યથાર્થ ભક્તિ કહી શકાય નહિ. જો કે ઇશ્વરમાં તેને દૃઢ વિશ્વાસ હતો, એટલુંજ નહિ પણ પોતાનાં મનબુદ્ધિ પણ તેણે ઇશ્વરનેજ અર્પણ કરી દીધાં હતાં, છતાં તેની ઉપાસનાને ભક્તની ઉપાસના કહી શકાય નહિ. પ્રલ્હાદની ઉપાસના નિષ્કામ હતી, કારણ કે તેણે કાંઇ પણ પ્રાપ્ત કરવાની અભિલાષાથી ઇશ્વરની ભક્તિ કરી નહોતી. બલ્કે ઇશ્વરપ્રત્યે ભક્તિભાવ રાખવા માટે તેને અનેક પ્રકારની આપત્તિઓમાંથી પસાર થવું પડ્યું હતું, છતાં તેણે ઇશ્વરભક્તિમાં સહેજ પણ સંકોચ સેવ્યો નહોતો. તે જાણતો હતો કે કેવળ ભક્તિની ખાતરજ તેને આ સર્વ આપત્તિઓ સહન કરવી પડે છે, તે છતાં તેણે ભક્તિનો છેક છેલ્લી ઘડી સુધી ત્યાગ કર્યો નહોતો. આવો નિષ્કામ પ્રેમ તેજ યથાર્થ ભક્તિ છે, તેમજ પ્રલ્હાદ જેવો નિષ્કામ પ્રેમીજ સાચા ભક્તના પવિત્ર નામને સંપૂર્ણ યોગ્ય છે. વિષ્ણુપુરાણના ગ્રંથકર્તાએ સકામ ઉપાસના અને નિષ્કામ ઉપાસનાનાં ઉદાહરણો પૂરાં પાડવાઅર્થે તેમજ એક-બીજા જીવનચરિત્રની પરસ્પર તુલના કરવાઅર્થેજ આવાં બે ચરિત્રોની–ધ્રુવ તથા પ્રલ્હાદનાં ઉપાખ્યાનોની–રચના કરેલી હોવી જોઇએ. ભગવદ્ગીતાના રાજયોગસંબંધે મેં જે કાંઇ કહ્યું હતું, તે જો તને યાદ હશે તો તું સમજી શકશે કે સકામ ઉપાસના પણ છેક નિષ્ફળ તો નથીજ હોતી. જે મનુષ્ય જેવી કામનાપૂર્વક ઇશ્વરની ઉપાસના કરે છે તેને તે કામનાઅનુસારજ

ફળની પ્રાપ્તિ થાય છે, પણ ખુદ ઇશ્વરની પ્રાપ્તિ થતી નથી. ધ્રુવે ઉચ્ચપદની કામના રાખી ઇશ્વરની ઉપાસના કરી હતી તેથી તેને પણ તેવુંજ ફળ મળ્યું. તેની ઉપાસનાને નીચલી શ્રેણીની ઉપાસના કહી શકાય, પરંતુ તેને ભક્તિ તો નજ કહી શકાય. પ્રલ્હાદની ઉપાસના સંપૂર્ણ ભક્તિમય હતી, તેથી તેને મુક્તિ મળી.

શિષ્યઃ—કેટલાકો તો એમ કહે છે કે ખરો લાભ તો તેમાં ધ્રુવનેજ થયો. મુક્તિ એક પ્રકારનો પારલૌકિક લાભ છે, અને તેની સત્યતા કે યથાર્થતા માટે પણ અનેક સંશયો છે. આવા ભક્તિમય ધર્મની લોકો કદર કરે એવી મને તો સંભાવના જણાતી નથી.

ગુરુઃ—મુક્તિનું સત્ય સ્વરૂપ તું ભૂલી ગયો જણાય છે. આજ લોકમાં અનેક મનુષ્યો મુક્તિ પ્રાપ્ત કરીચૂકયા છે અને કરી પણ શકે છે. જેનું ચિત્ત શુદ્ધ હોય અને દુઃખનો જેને સ્પર્શ થતો ન હોય તે આ લોકમાં પણ મુક્તાત્માજ છે. એક મહાન્ ચક્રવર્તી રાજા પાસે અતુલ સત્તાસંપત્તિ હોય છે તોપણ તે દુઃખથી મુક્ત રહી શકતો નથી, પરંતુ એક મુક્ત જીવ પાસે એક કોડી ન હોવા છતાં પણ તે સુખી રહી શકે છે; કારણ એનું સ્પષ્ટ તેમજ બુદ્ધિમાં ઉતરી શકે તેવું છે. જે મનુષ્ય પોતાના આત્મા ઉપર વિજય મેળવે તે મનુષ્ય વિશ્વ ઉપર વિજય મેળવી શકે એમાં આશ્ચર્ય જેવુંજ શું છે ? ચક્રવર્તી રાજાને કેવા પ્રકારનું સુખ હોય તે કોઇથી કહી શકાય નહિ, અથવા તો તે બહુ સુખીજ હોય એ બનવાયોગ્ય નથી; પરંતુ મુક્તાત્મા અર્થાત્ સંયમી–વિશુદ્ધ ચિત્ત મહાત્મા પોતાના હૃદયમાં કેવું અને કેટલું સુખ ભોગવે છે તેનું વાણીથી વર્ણન થઇ શકે નહિ. મુક્તાત્મા આ જગતમાં પણ સુખપૂર્વક રહી શકે છે. એટલાજ માટે મેં તને એક પ્રસંગે કહ્યું પણ હતું કે ધર્મ સિવાય સુખ પ્રાપ્તિનો અન્ય એકકે ઉત્તમ માર્ગ નથી. મુક્તાત્માની સકળ વૃત્તિઓ સંપૂર્ણ સ્ફુર્તિ પામી ચૂકી હોય છે, અને તેની સાથે તેનું સામંજસ્ય પણ સુરક્ષિત રહેલું હોય છે, તેથીજ તેને મુક્ત કહેવામાં આવે છે. જેની વૃત્તિઓ સંપૂર્ણ સ્ફુર્તિ નથી પામી હોતી તે કાં તો અજ્ઞાન હોય છે, કાં તો અસમર્થ હોય છે અને કાં તો મલિન ચિત્તવાળો હોય છે. તેથી તે મુક્ત થઇ શકતો નથી.

શિષ્યઃ—મને તો એમ લાગે છે કે એવી જીવન્મુક્તિની કામનાએજ ભારતવર્ષને અધોગતિની ઉંડી ખાઇમાં ફેંકી દીધું છે, કારણ કે જેઓ જીવન્મુક્ત બને છે અથવા તો જીવન્મુક્ત બનવાની સાધનાઓ કરે છે તેઓ સાંસારિક બાબતોમાં જેવું જોઇએ તેવું લક્ષ આપી શકતા નથી, અને તેથી પરિણામે દેશની અવનતિ થાય છે. ભારતવર્ષની અવનતિનું પણ તેજ કારણ હોય એમ મને લાગે છે.

ગુરુઃ—મુક્તિનું યથાર્થ તાત્પર્ય નહિ સમજી શકવાને લીધેજ એવા ભૂલભરેલા ખ્યાલો તમારામાં ભરાઈ પેઠા છે. જેઓ મુક્તાત્મા હોય છે, અથવા તો જેઓ

મુક્તિમાર્ગના મુસાફરો હોય છે, તેઓ સંસારમાં નિર્લેપભાવથી રહે છે, એ વાત સત્ય છે, પરંતુ તેઓ નિષ્કામભાવથી પણ પોતાનાં કર્તવ્યો કર્યા વિના તો રહેતા નથીજ, એ વાત ખાત્રીપૂર્વક માની લેજે. મહાત્માઓનાં નિષ્કામ કર્મો સ્વદેશનું તથા જગતનું જેટલું કલ્યાણ કરી શકે છે તેટલું સકામ કર્મ કરનારાઓનાં કામોથી દેશનું કે જગતનું મંગળ થઈ શકતું નથી. નિષ્કામ કર્મવીરોની સમસ્ત વૃત્તિઓ વિકસિત તેમજ સ્ફુર્તિયુક્ત બની ચૂકી હોય છે તેથી તેઓ જેટલા દક્ષ તથા પ્રબળ પરિશ્રમી હોય છે તેટલા બીજા કોઈ હોઈ શકે નહિ. અગાઉ શ્રીમદ્ ભગવદ્ગીતાનું એક વાક્ય ઉધૃત કરીને મેં તને બતાવી આપ્યું છે કે દક્ષતા એજ ખરાં ભગવદ્ભક્તોનું એક લક્ષણ છે. અને જેઓ દક્ષ હોવાની સાથે નિષ્કામ કર્મયોગી હોય તેઓ સ્વજાતિનું તથા જગતનું જેટલું હિત કરી શકે તેટલું અન્ય કોઇથી કોઇ કાળે નજ થઈ શકે, એમ કહેવાની જરૂર નથી. આ દેશનાં સમસ્ત મનુષ્યો જ્યારે મુક્તિમાર્ગનું અવલંબન લેશે ત્યારેજ ભારતવર્ષીય પ્રજા જગતમાં શ્રેષ્ઠ પ્રજાતરીકેનું ઉચ્ચ પદ દીપાવશે. મુક્તિતત્ત્વનો યથાર્થ ભાવ આજકાલ આપણામાં વિલુપ્ત થઈ ગયો છે, તેટલાજ માટે આ અનુશીલનવાદદ્વારા તેનો પુનરુદ્ધાર કરી તારા જેવા યુવકોના હૃદયમાં તેનો અભિષેક કરવા માગું છું.

શિષ્યઃ—પ્રહ્લાદચરિત્રની જે સમાલોચના આપ કરવાના હતા, તે તો એક બાજુએજ રહી ગઇ !

ગુરુઃ—પ્રહ્લાદચરિત્ર વિષે વિસ્તારથી બોલવાની મને ઈચ્છા નથી, તેમજ તેટલી જરૂર પણ નથી. માત્ર પ્રહ્લાદના જીવનની એક વાત બહુ લક્ષમાં લેવા જેવી છે, તેજ કહીશ. મેં કહ્યું છે કે–" હે ઈશ્વર, અરે પ્રભુ ! " એવી માત્ર મોઢાની બૂમો પાડવાથીજ ઈશ્વરની પ્રાપ્તિ થઇ જતી નથી. જે આત્મજયી પુરુષ સર્વ ભૂતમાત્રને પોતાનાજ આત્મા સમાન લેખે અને સર્વજનના હિતાર્થે તલ્લીન રહ્યા કરે, એટલુંજ નહિ પણ શત્રુ તથા મિત્રમાં સમાનભાવ રાખી શકે, તેજ નિષ્કામકર્મી અને યથાર્થ ભક્ત પુરુષ છે. ભગવદ્ગીતામાં પણ એજ મહત્ત્વની વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રહ્લાદચરિત્ર તેનુંજ એક જ્વલંત ઉદાહરણ છે. બીજા શબ્દોમાં કહું તો ભગવદ્ગીતામાં જે વાત ઉપદેશના રૂપમાં છે તેજ વાત વિષ્ણુ-પુરાણમાં વાર્તાના રૂપમાં છે. + શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભક્તાત્માનાં જે લક્ષણો કહ્યાં છે તે તું ભૂલી ગયો હોઇશ એમ ધારી પુનઃ એકવાર તારી પાસે કહી જાઉં છું. નીચેનાં લક્ષણો તારી યાદશક્તિમાં બરાબર સંઘરી લે:—

+ અહીં આ વાત પણ વાચક બંધુઓના ખાસ લક્ષપર લાવવા જેવી છે કે શ્રીમ.ભાગવતમાં તો વળી ભગવદ્ગીતાના ઉપદેશનેજ અમલમાં આવેલો દર્શાવી આપ-

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।
निर्ममो निरहंकारः समदुःसुखः क्षमी॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः॥
यस्मान्नोद्विजते लोको लोकोन्नोद्विजते च यः।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः।
सर्वारंभ परित्यागी योमद्भक्तः स मे प्रियः॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः॥
तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येनकेनचित्।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः॥
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते।
श्रद्दधानामत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः॥ (૧૨ ૧૩થી૨૦)×

પ્રારંભમાંજ પ્રલ્હાદને સર્વત્ર સમદર્શી અર્થાત્ સમાન દૃષ્ટિવાળો જણાવવામાં આવ્યો છે. પ્રલ્હાદના ગુણોવિષે ચરિત્રકાર આ પ્રમાણે લખે છે:—

समचेत्ता जगत्यस्मिन् यः सर्वेष्वेव जन्तुषु।
यथात्मनि तथान्यत्र परं मैत्रगुणान्वितः॥
धर्मात्मा सत्यशौचादिगुणानामाकरस्तथा।
उपमानमशेषानां साधूनां यः सदाभवत्॥

અર્થાત્—ગ્રંથકારે પ્રલ્હાદને સર્વ ભૂતમાત્રમાં સમાનબુદ્ધિ રાખનાર, પોતાના સમાન અન્ય પ્રાણીઓને ગણનાર તથા સત્ય-શૌચાદિ અનેક ગુણગણાલંકૃત બતાવ્યો છે; પરંતુ કેવળ ગુણાનુવાદ કરવાથી શું વળે? જેની સ્તુતિ કરવામાં આવે તેના જીવન ચરિત્રમાં તેવા ગુણો સ્પષ્ટ ન થાય તો તે ગુણાનુવાદ કશી અસર કરી શકતો નથી. પ્રલ્હાદનો સૌથી પ્રથમ ગુણ તેના જીવન ચરિત્રમાં એ જોવામાં આવે છે કે પ્રાણ જવાની હદે પણ સત્ય બોલવાના સંબંધમાં તે એટલો બધો દૃઢ હતો કે

ભક્તો વિષે અનેક વાતો આવેલી છે. ભાગવતનો એકાદશ સ્કંધ તો એવી જ વાતોથી ભરેલો છે; ઉપરાંત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની એકાદ ઉત્તમ ટીકા જોવાજોગ છે.
અનુવાદક

× આ શ્લોકોનો ભાવાર્થ પૂર્વના અધ્યાયમાં જ આવી ગયો છે.

તેવા દુઃખના પંજામાં સપડાવા છતાં તેણે સત્યનો લેશમાત્ર પરિત્યાગ કર્યો નહિ. ગુરુ પાસેથી પ્રહ્લાદને જ્યારે તેના પિતા–હિરણ્યકશિપુ પાસે લઇ જવામાં આવ્યો ત્યારે તેના પિતાએ તેને પૂછયું કે: " બોલ, તું અત્યારસુધીમાં શું શીખ્યો ? કહે જોઇએ ! "

પ્રહ્લાદે ઉત્તરમાં જણાવ્યું કે: " હું જે કાંઇ શીખ્યો છું તેનો સારાંશ એટલોજ છે કે જેને આદિ નથી, અંત નથી, મધ્ય નથી, વૃદ્ધિ નથી, અને ક્ષય નથી અર્થાત્ જે અચ્યુત છે, જે મહાત્મા છે, અને જે સર્વકારણોનું પણ કારણ છે, તેને નમસ્કાર હો. "

આ શબ્દો પુત્રના મુખથી સાંભળી હિરણ્યકશિપુ ક્રોધથી લાલચોળ જેવો બની ગયો. તેનાં નેત્રોમાંથી અગ્નિની ચીણગારીઓ બહાર નીકળવા લાગી ! તેણે ધ્રૂજતા અવાજે પ્રહ્લાદના ગુરુનો સખ્ત તિરસ્કાર કર્યો. ગુરુએ કહ્યું કે: " એમાં મારો લેશ પણ દોષ નથી. મેં તેમાંની એક પણ વાત તેને શીખવી નથી. "

ત્યારબાદ હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પ્રશ્ન કર્યો કે:—" તો પછી બોલ ! પ્રહ્લાદ! તને આ સર્વ વાતો કોણે શીખવી ?"

પ્રહ્લાદ બોલી ઉઠયો કે: " પિતા ! જે વિષ્ણુ ભગવાન્ આ અનંત જગત્ ઉપર પોતાનો અધિકાર વર્તાવી રહ્યા છે, અને જે મારા હૃદયને વિષે પણ વિરાજી રહ્યા છે તેના સિવાય બીજું કોણ શીખવી શકે તેમ છે ? "

હિરણ્યકશિપુએ કહ્યું કે: " અરે બેવકૂફ ! આ જગત્નો ઈશ્વર તો હુંજ છું ! વિષ્ણુ તે વળી કોણ ?"

પ્રહ્લાદે જવાબ આપ્યો કે: " જેના પરમપદને વ્યક્ત કરવાને વાણી અશક્ત બની રહે છે, યોગીઓ જેના પરમપદનું નિત્ય ધ્યાન કરે છે, જેનાવડે આ સમસ્ત વિશ્વ ઉત્પન્ન થયું છે, અથવા જે પોતેજ વિશ્વસ્વરૂપ છે, તે વિષ્ણુજ પરમેશ્વરના નામને યોગ્ય છે."

હિરણ્યકશિપુનો ક્રોધ હવે અતિશય વેગથી વધવા લાગ્યો. તેણે કહ્યું કે: " પુનરપિ એજ વાત ! તારા માથા ઉપર મોતજ ભમતું જણાય છે ! પરમેશ્વર કોને કહેવાય તે તું જાણે છે ? મારી હૈયાતિમાં તારો પરમેશ્વર મારા સિવાય બીજો કોણ હોઇ શકે ! "

પ્રહ્લાદે નિડરતાપૂર્વક જણાવ્યું કે: " પિતા ! તે શું કેવળ મારો એકલાનોજ પરમેશ્વર છે, એમ આપ માનો છો ! જગતનાં સર્વ પ્રાણીમાત્રનો તેજ એક પરમ ઈશ્વર છે. આપનો પણ તેજ ઇશ્વર છે. ધાતા કહો, વિધાતા કહો, ગમે તે કહો; તે સર્વ એક માત્ર તેજ પરમેશ્વરમાં આવી જાય છે! પિતાજી ક્રોધ કરશો નહિ. પ્રસન્ન થાઓ!

હિરણ્યકશિપુએ કહ્યું કે: " કોઈ પાપાત્માએજ આ બેવકૂફ બાળકના હૃદયમાં

[illegible] હોય તેમ [illegible] છે."

[illegible] ઉત્તર આપ્યો કે— "નહિ પિતાજી! આપ ભૂલો છો. તે કેવળ મારા [illegible] નથી, પરંતુ તે સર્વ લોકમાં વ્યાપી રહ્યો છે. તેજ એક [illegible] મને, આપને તથા સર્વને સર્વ કર્મોમાં નિયુક્ત [illegible] છે."

[illegible] *यतात्मा दृढनिश्चयः એમાં ભક્તને [illegible] આવ્યો તેનો ભેદ અહીંઆં સ્પષ્ટ થાય છે. "[illegible] स मे प्रियः" એ વાક્યનું પણ સ્મરણ કર. [illegible] એમ શામાટે કહેવું પડયું તેનો [illegible] થી મુક્ત, તથા દૃઢ નિશ્ચયવાળો [illegible] વિશેષ કહેવાની જરૂર રહી છે? मय्यर्पितमनो [illegible] એક ભક્તાત્માનાં યથાર્થ લક્ષણો આ [illegible] કહ્યાં છે, એમ કહેવાની જરૂર નથી.

[illegible] તિરસ્કાર કર્યો અને તેને [illegible] કઢાવ્યો. [illegible] સમય વીત્યા બાદ પુનઃ તેના અભ્યાસની પરીક્ષા [illegible] મંગાવ્યો. પ્રહ્લાદે પ્રથમ પ્રશ્નનાજ ઉત્તરમાં [illegible] નિશ્ચય [illegible] પ્રગલ્ભતાથી પ્રકટ કર્યો, અને તે નિશ્ચ[illegible] તેજ એટલે [illegible]

[illegible] नो विष्णुः प्रसीदतु ।

[illegible] ईश्वरार्पितमनोबुद्धिः [illegible]

[illegible]

* [illegible] यतात्मा दृढनिश्चयः ।
[illegible] स मे प्रियः ॥

બની શકે એમ હું માની શકતો નથી. એક મનુષ્ય ગમે તેટલો ઈશ્વરભક્ત હોય તો પણ કુદરતી નિયમો તેની પાસે નિષ્ફળ હોય એમ માનવું યોગ્ય નથી. પરમ ભક્ત પુરુષોને પણ જો એક તલવારનો ઘા લાગે તો રુધિર નીકળવું જોઈએ.

ગુરુઃ—અર્થાત્ તું ' મીરેકલને ' (અદ્‌ભુત વ્યાપારોને)માનતો નથી, એજ વાત તારે કહેવાની છેને ! વિષ્ણુપુરાણવાળી ઘટના અદ્ભુત પુરાતન છે. ઈશ્વરની શક્તિને તું જેવી સીમાબદ્ધ માને છે તેવી હું માની શકતો નથી. વિષ્ણુપુરાણમાં પ્રહ્લાદની જેવી રીતે રક્ષા થયાનું જણાવવામાં આવ્યું છે, તેવી રીતની રક્ષા આજકાલ આપણી દૃષ્ટિ સન્મુખ કોઈની થતી નથી; એટલુંજ નહિ પણ એવી રક્ષા એક માત્ર નવલકથામાંજ શોભા પામે એ વાતનો હું સ્વીકાર કરું છું; પરંતુ ઈશ્વરકૃપાના પ્રતાપે કોઈ એક ખાસ કુદરતી નિયમદ્વારા બીજા કુદરતી નિયમોમાં ફેરફાર નજ થઈ શકે એમ તો તારાથી કહી શકાય નહિ. એકાદ અસ્ત્રના આઘાતથી પરમ ભક્તના શરીરમાંથી રુધિર વહેવા લાગે એ ખરું, પણ ભક્તપુરુષ ઈશ્વરકૃપાપ્રતાપે પોતાની શક્તિ તથા બુદ્ધિનો એવો સરસ ઉપયોગ કરે કે અસ્ત્રના આઘાતો પણ નિષ્ફળ થાય, તો તે શું બનવાયોગ્ય નથી ? ભક્તાત્મા ખાસ કરીને " દક્ષ " પુરુષ હોવો જોઈએ એ વાત હું તને સૌ પ્રથમજ કહી ગયો છું. જે પુરુષ દક્ષ હોય તેની સર્વ પ્રકારની વૃત્તિઓ સંપૂર્ણ અનુશીલિત થઈ હોય છે, અને તેથી તે અતિશય કાર્યક્ષમ હોય છે. તે ઉપરાંત તેના ઉપર ઈશ્વરનો પણ સંપૂર્ણ અનુગ્રહ હોય છે. ઈશ્વરાનુગ્રહ હોય તો ગમે તેવા દુઃખના પ્રસંગોમાં પણ મનુષ્ય કુદરતી ઉપાયોવડેજ પોતાની આત્મરક્ષા કરી શકે એમાં તને અસંભવિતતા જેવું શું જણાય છે ? પણ તે વાતને હમણાં જવા દે. અત્યારે એ વાતને ચર્ચવાની કાંઈ જરૂર નથી; કારણ કે હું અત્યારે ભક્તિનું સ્વરૂપ સમજાવવા માગું છું. ભક્ત ઈશ્વરાનુગ્રહ કેવી રીતે પ્રાપ્ત કરી શકે અથવા પ્રાપ્ત કરી શકે કે નહિ તેવિષે હું અત્રે બોલવા માગતો નથી. ભક્તાત્માએ કોઈ પણ પ્રકારના ફળની કામના રાખવી ન જોઈએ; કારણ કે કામનાયુક્ત ભક્તિને નિષ્કામ ભક્તિ કહેવાય નહિ.

શિષ્યઃ—પરંતુ પ્રહ્લાદે તો તે સમયે પોતાની રક્ષા થાય એવી કામના રાખેલી—

ગુરુઃ—નહિ. તેણે એવી લેશમાત્ર ઇચ્છા રાખી નહોતી. માત્ર એવો દૃઢ સંકલ્પ તેણે કર્યો હતો કે જો મારા આરાધ્ય વિષ્ણુભગવાન મારા પોતાનામાં વાસ કરી રહ્યા છે તો પછી તેઓ આ અસ્ત્રમાં પણ હોવાજ જોઈએ. એથી કરીને આ અસ્ત્ર વિગેરે મને કશી હાનિ કરવાને સમર્થ નથી. તેનો આ પ્રકારનો દૃઢ નિશ્ચય ધીમે ધીમે અધિક સ્પષ્ટ અને બળવત્તર થતો ગયો છે, એજ એક વાત મારે ભાર મૂકીને કહેવાની છે.

હવે મૂળ કથા ઉપર આવીએ. અસ્ત્ર–શસ્ત્રના આઘાતોથી પણ જ્યારે પ્રહ્લાદના

શરીરને કાંઇ ક્ષતિ ન થઇ ત્યારે હિરણ્યકશિપુએ પ્રલ્હાદને કહ્યું કે:–" અરે દુર્બુદ્ધિ! હજી પણ શત્રુની સ્તુતિ કરવી ત્યજી દે. મૂર્ખાઇની પણ હદ હોય છે. જો મારા શત્રુનાં ગુણગાન કરવાં ત્યજી દે તો હું તારા સર્વ અપરાધોની ક્ષમા આપવા તૈયાર છું."

ક્ષમાની વાર્તા સાંભળી પ્રલ્હાદ બોલી ઉઠ્યો કે:–" જેઓ સર્વના ભયોને હરવાને સમર્થ છે, જેઓનું સ્મરણમાત્ર કરવાથી જન્મ–જરા–મૃત્યુના ભયો નાશ પામે છે, તે અનંત ઈશ્વરને હૃદયમાં સ્થાન આપ્યા પછી મને કોઇ જાતનો ભય લાગતો નથી–હું નિર્ભય–નિડર છું. "

ગીતાની " **भयोद्वेगैर्मुक्तः** " વાળી વાણી યાદ કર. ત્યાર પછી હિરણ્યકશિપુએ તેના ઉપર સર્પો છોડી મૂકાવ્યા પરંતુ સર્પદંશથી પ્રલ્હાદ મૃત્યુ પામ્યો નહિ. આ વાત ઉપર તને શ્રદ્ધા ઉપજતી ન હોય તો મને તેથી કશી હાનિ નથી; પરંતુ પુરાણકારને આ સર્પદંશવાળી વિગત શામાટે લખવી પડી તેનો આપણે વિચાર કરવો જોઇએ:–

सत्त्वासक्तमतिः कृष्णे दश्यमानो महोरगैः।
न विवेदात्मनो गात्रं तत् स्मृत्याल्हादसंस्थितः॥

તે સમયે પ્રલ્હાદનું મન કૃષ્ણમાં એટલું બધું આસક્ત હતું કે અનેક મહા ભયંકર સર્પોએ તેને ડંસ માર્યા તથાપિ કૃષ્ણ–સ્મરણના આનંદમાં તેને તેની કશી વ્યથા જણાઇ નહિ. આવો ભક્તિપૂર્ણ આનંદ, નિર્મળ આલ્હાદ, હૃદયમાં જાગૃત થાય છે ત્યારે સુખ–દુઃખમાં કાંઈ ભેદ જણાતો નથી. પેલું ભગવદ્વાક્ય પુનઃ સ્મૃતિમાં લાવ:–" **समदुःखसुखः क्षमी.**" **ક્ષમી** એટલે શું એ વાત હું હવે પછી કહીશ. હાલ તુર્ત તો " **समदुःखसुखः** " એ કથનનું રહસ્ય સમજી લે.

શિષ્ય:—સમજ્યો. ભક્તાત્માના મનમાં રાત્રિદિન એક એવું મહાન્ સુખ રહ્યા કરે છે કે જેથી અન્ય પ્રકારનાં સુખ–દુઃખોને તે ગણતરીમાં લેખતો નથી.

ગુરુ:—હા. સર્પદંશથી પણ જ્યારે પ્રલ્હાદનું મૃત્યુ ન થયું, ત્યારે હિરણ્યકશિપુએ તેનાપર મદોન્મત્ત હસ્તિઓને છોડી મૂકાવ્યા. હસ્તિઓના દાંત ભાંગી ગયા, પણ પ્રલ્હાદને કશી હાનિ થઇ નહિ. તે પ્રસંગે પ્રલ્હાદ પોતાના પિતાને શું કહે છે તે એક વખત સાંભળી લે:–

दन्ता गजानां कुलिशाग्रनिष्ठुराः शीर्णायदेते न बलं ममैतत् ।
महाविपत् पापविनाशनोऽयम् जनार्दनानुस्मरणानुभावः ॥

અર્થાત્—વજ્રના અગ્રભાગ જેવા કઠિન ગજદંતો ભાંગીને તૂટી પડ્યા એ કાંઇ મારા બળથી થયું નથી. જેઓ મહા વિપદ્ અને મહાપાપથી રક્ષણ કરવાને સમર્થ છે તે એક જનાર્દન પ્રભુના સ્મરણનાજ પ્રતાપે તેમ બન્યું છે.

પુનઃ પેલું ભગવદ્‌વાક્ય યાદ કર. " निर्ममो निरहंकारः " + ઇત્યાદિ ભગવદુક્તિમાં જે નિરહંકાર શબ્દ વાપરવામાં આવ્યો છે તે આવા સ્થળે સાર્થક થાય છે. ભક્તાત્મા આ વાત બહુ સારી સમજે છે કે વિશ્વમાં જે કાંઇ બને છે તે કેવળ પરમાત્માની ઇચ્છાથીજ બને છે, અને તેથી તે ભક્ત પુરુષ હમેશાં અહંકાર રહિત રહે છે.

હસ્તિઓ પણ પ્રલ્હાદના અંગને કશી હાનિ કરી ન શક્યા, ત્યારે હિરણ્યકશિપુએ તેને આગમાં બાળીને ભસ્મ કરવાનો હુકમ કર્યો. પ્રલ્હાદને ધમધમતા અગ્નિમાં નાખવામાં આવ્યો, પરંતુ ત્યાંથી પણ તે જેવોને તેવોજ બહાર નીકળ્યો. ભક્તાત્મા ચઢ-તડકામાં તથા સુખ-દુઃખમાં સમાનભાવવાળો હોય છે, એ વાત અગાઉ કહી ચૂક્યો છું. પ્રલ્હાદને તે અગ્નિકુંડ પણ કમળપત્રના જેવો શીતળ જણાયો.

ત્યારબાદ દૈત્યપુરોહિત ભાર્ગવોએ દૈત્યપતિને જણાવ્યું કે: " આપ ક્રોધને શાંત કરી પ્રલ્હાદને અમારે હવાલે કરી દ્યો. અમારી પાસે રહ્યા પછી પણ જો તે વિષ્ણુભક્તિનો પરિત્યાગ નહિ કરે તો અમે અમારા જાદુઇબળથી તેનો વધ કરી નાખીશું. અમારા રાક્ષસી પ્રયત્નો કદાપિ નિષ્ફળ થતા નથી. "

દૈત્યેશ્વર આ પ્રસ્તાવને સમ્મત થયો. ભાર્ગવો પ્રલ્હાદને પોતાની સાથે લઇ ગયા અને દૈત્યપુત્રો જ્યાં ભણતા હતા ત્યાં પ્રલ્હાદને પણ ભણવા બેસવાનું કહ્યું. પ્રલ્હાદ આ દૈત્યશાળામાં બેઠો તો ખરો, પણ ત્યાંયે એક જૂદો વર્ગ ખોલી, દૈત્યપુત્રોને એકત્રિત કરી, તેમને વિષ્ણુભક્તિસંબંધી ઉપદેશ આપવા મંડી ગયો. પ્રલ્હાદની વિષ્ણુભક્તિ એ માત્ર તેનું પરહિતવ્રત હતું એમ કહીએ તોપણ ચાલે:-

विस्तारः सर्वभूतस्य विष्णोर्विश्वमिदं जगत् ।
द्रष्टव्यमात्मवत्तस्मादभेदेन विचक्षणैः ॥
सर्वत्र दैत्याः समतामुपेत्य समत्वमाराधनमच्युतस्य ॥

અર્થાત્ આ સમગ્ર જગત્ એ સર્વ ભૂતસ્વરૂપ વિષ્ણુનો વિસ્તારમાત્ર છે. એટલા માટે વિચક્ષણ વ્યક્તિએ સર્વને પોતાની સાથે અભેદભાવવાળા માનવા જોઇએ. × × × × હે દૈત્યગણ! તમે સર્વત્ર સમાન બુદ્ધિ રાખતા જાઓ. આનું સમાનત્વ-એટલે કે-સર્વ ભૂતમાત્રને પોતાના આત્મવત્ લેખવા-એજ ઇશ્વરની આરાધના-પ્રભુની ભક્તિ છે.

પ્રલ્હાદના પોતાના શબ્દો ખાસ કરીને વિષ્ણુપુરાણમાંથી વાંચી લેવાની હું તને ભલામણ કરું છું. નમુનાતરીકે અહિંઆં બે-ત્રે શ્લોકો આપ્યાવિના રહી શકતો નથી:-

अथ भद्राणि भूतानि हीनशक्तिरहं परम् ।
मुदं तथापि कुर्वीत हानिर्द्वेषफलम् यतः ॥

+" निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ।"

यद्वैराणि भूतानि द्वेषं कुर्वन्ति चेत्ततः।
शोच्यान्यहोऽतिमोहेन व्याप्तानीति मनीषिणः॥

અર્થાત્—જેથી કરીને આપણે શક્તિરહિત બનતા હોઈએ, પરંતુ બીજાનું મંગળ થતું હોય તો તેથી આપણે આનંદિત થવું જોઈએ. કોઈના પ્રત્યે કદિ દ્વેષભાવ રાખવો નહિ; કારણ કે—દ્વેષ એ અનિષ્ટનું મૂળ છે. જેઓ પોતાના શત્રુઓ પ્રત્યે દ્વેષ રાખે છે તેઓ મોહથી વ્યાપ્ત થઈ ગયેલા હોય છે, એમ ધારી જ્ઞાની પુરુષો તે માટે દુઃખી થાય છે.

હવે પેલું ભગવદ્વચન યાદ કર. ભક્તાત્માનાં લક્ષણો ગણાવતાં પ્રભુ પોતેજ કહે છે કેઃ—

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः।
यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति॥

એમાંના "ન દ્વેષ્ટિ" શબ્દ ઉપર વિચાર કરી જો. ઉક્ત ભગવદ્વાક્યમાંનો પુરાણકાર આ પ્રમાણે સ્પષ્ટીકરણ કરે છેઃ—

પ્રહ્લાદે વિષ્ણુભક્તિનો ઉપદ્રવ પુનઃ ચાલુ કર્યો છે એમ હિરણ્યકશિપુના જાણવામાં આવતાં તેણે તેને ઝેર આપવાનો હુકમ ફરમાવ્યો. વિષપાનથી પણ પ્રહ્લાદ મૃત્યુ પામ્યો નહિ. ત્યાર બાદ દૈત્યેશ્વરે પોતાના પુરોહિતોને બોલાવી કોઈ પણ મંત્ર—તંત્ર કે અદ્ભુત પ્રયોગથી પ્રહ્લાદને મારી નાખવાની આજ્ઞા કરી. તે પુરોહિતો પ્રહ્લાદને પોતાની સાથે લઈ ગયા અને એકાંતમાં કેટલોક ઉપદેશ આપ્યો. તેઓએ પ્રહ્લાદને કહ્યું કેઃ "તારો પિતા પોતે જગતનો ઈશ્વર છે, તો પછી અનંત [illegible] આવા અનેકોનાં ગુણગાન કરવાથી તારું શું કલ્યાણ થવાનું હતું?" પ્રહ્લાદના વિચારોમાં કે વિશ્વાસમાં એથી લેશ પણ ફેર ન પડ્યો. [illegible] "* [illegible]" [illegible] અને પુરોહિતોના ઉપરના શબ્દો સાંભળીને માત્ર [illegible] પુરોહિતોએ અભિચાર ક્રિયા [illegible] આરંભ કર્યો. [illegible] પ્રહ્લાદના હૃદયમાં [illegible], પણ પ્રહ્લાદને તેથી [illegible] [illegible]

---

* [illegible] मे [illegible] नरः ।

સ્વરૂપ! હે જગત્ કર્તા! હે જનાર્દન! આ બ્રાહ્મણોને આવા અસહ્ય દુઃખમાંથી મુક્ત કરો. સકળ ભૂતમાત્રમાં આપજ એક સર્વત્ર વ્યાપક છો એવી મારી દૃઢ માન્યતા હોવાથી એ બ્રાહ્મણો મારા શત્રુ બનીને મને મારવા આવ્યા હતા, પરંતુ તેમને હું શત્રુરૂપે માની શક્યો નથી. તેમની રક્ષા કરો! જેઓ મને વિષપાન કરાવવા માગતા હતા, જેઓ મને હાથી નીચે ચગદી નાખવા માગતા હતા, અને જેઓ મને બાળીને ભસ્મ કરવા ચાહતા હતા, તેઓ પણ મારા મિત્રોજ છે! તેઓપ્રત્યે જો મને અત્યારપર્યંત દ્વેષભાવ ઉત્પન્ન થયો ન હોય અને મારો મૈત્રીભાવ આદિથી અંતપર્યંત તેઓને તેવોજ જળવાઇ રહ્યો હોય તો હે પ્રભો! મારા એ સાધના બળથી એ બ્રાહ્મણોનો ઉદ્ધાર કરો." તે પછી ઇશ્વરકૃપાથી બ્રાહ્મણો જીવતા થયા અને પ્રહ્લાદને આશીર્વાદ આપી પોતાના ગૃહ તરફ વિદાય થયા.

આવી ઉદારતા બીજા કોઇ ધર્મસાહિત્યમાં મળવી અશક્ય છે. આવો ઉન્નત ભક્તિવાદ આર્યધર્મ સિવાય બીજે કોઈ પણ સ્થળે શું બતાવી શકશે! આવા ઉન્નત ધર્મનો અન્ય કોઇ પણ દેશમાં કોઇ પણ કાળે પ્રચાર થયો હોય, એમ હજી સુધી મારા જાણવામાં નથી. *

શિષ્યઃ—આપનું કહેવું યથાર્થ છે. સ્વધર્મના ગ્રન્થોનો ત્યાગ કરીને શૈશવ પહેલાં અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરવાથી અમારૂં વિશેષ અનિષ્ટ થયું છે, એ વાતનો હું સ્વીકાર કરું છું.

ગુરુઃ—ભગવદ્ગીતામાં જે ભક્તાત્માને ક્ષમાશીલ-તેમજ-શત્રુમિત્રમાં તુલ્ય તાની જણાવવામાં આવ્યો છે તે ભક્તાત્મા વસ્તુતઃ કેવા પ્રકારનો હોવો જોઇએ, તેનો તને કાંઇક ખ્યાલ આવી ગયો હશે.

હિરણ્યકશિપુ પોતાના પુત્રનો આવો અપૂર્વ પ્રભાવ જોઇને અતૃપ્ત ચકિત થયો, અને તેણે પ્રહ્લાદને પૂછ્યું કેઃ "તારામાં આવો પ્રભાવ કેવી રીતે આવી શક્યો?" તેના ઉત્તરમાં પ્રહ્લાદે જણાવ્યું કેઃ-"જેઓના હૃદયમાં અચ્યુત હરિ વિશેષરૂપે અવસ્થાન કરે છે તેમનામાં સ્વભાવિકરીતેજ એવા પ્રભાવનો પ્રવેશ થાય છે. જે મનુષ્ય બીજાનું અનિષ્ટ કરવાનો સ્વપ્ને પણ વિચાર કરતો નથી, તેનું કદાપિ કોઇ

* સુપ્રસિદ્ધ વિદ્વાન્ બાબુ પ્રતાપચંદ્ર મજુમદાર પોતાના 'ઓરિએન્ટલ ક્રાઇસ્ટ' નામના ઉત્કૃષ્ટ ગ્રન્થમાં એવા ભાવનું લખે છે કેઃ " જેઓ પોતાના પ્રાણ લેવા માગતા હતા, તેઓપ્રત્યે દયા કરી ઇસુખ્રિસ્તે પ્રભુને પ્રાર્થના કરી કેઃ " પિતા! તેઓને ક્ષમા આપો; કારણ કે તેઓ પોતે શું કરે છે, તેનું તેમને ભાન નથી. આવી આદર્શ ક્ષમા બીજે ક્યાં હોઇ શકે!" પરંતુ ઇસુખ્રિસ્તની ક્ષમા કરતાં પ્રહ્લાદની [illegible] નથી ઉચ્ચ આદર્શસ્વરૂપ છે. એનો તોલ કોઇ [illegible] ઉપરથી વાચકોએ કરી લેવો.

અનિષ્ટ કરી શકતું નથી; કારણ કે ત્યાં મૂળ કારણનોજ અભાવ હોય છે. જે મનુષ્ય પોતાનાં કર્મોદ્વારા, અથવા તો મન કે વાણીદ્વારા બીજાને પીડા આપે છે તે મનુષ્ય હાથે કરીને પોતાનાજ વિનાશનાં બીજ વાવે છે, એમ સમજવું."

"જે કેશવ મારામાં વ્યાપ્ત છે તેજ કેશવ સર્વ ભૂતમાત્રમાં રહેલો છે, એમ માની હું કોઇનું બુરું ઇચ્છતો નથી, તેમજ કોઇનું અનિષ્ટ કરતો નથી. પ્રત્યેક પ્રાણીનું કલ્યાણ કેવી રીતે થાય તેજ સંબંધી વિચારો હું રાત્રીદિન સેવ્યા કરૂં છું. તો પછી કોઇ પણ શક્તિ મારૂં શારીરિક કે માનસિક અથવા ભૌતિક કે દૈવી અશુભ કેવી રીતે કરી શકે ? પરમાત્મા સર્વમય છે, એમ માની ભૂતમાત્રની અવ્યભિચારિણી ભક્તિ કરવી તે પંડિતોનું કર્તવ્ય છે.

આથી અધિક ઉન્નત ઉપદેશ બીજો કયો હોઇ શકે ? આપણાં વિદ્યાલયોમાં કિંવા કૉલેજોમાં આવા ઉપદેશનાં મૂળતત્ત્વો પણ સમજાવવામાં આવતાં નથી. આપણી ઉદાર ધર્મકથાઓને ત્યજી દઈ મેકૉલેકૃત વૉર્ન હેસ્ટીંગ્સ કે લૉર્ડ ક્લાઇવના પાપપૂર્ણ ઉપન્યાસોજ આપણી સન્મુખ ધરવામાં આવે છે, અને જાણે કે એ ઉપન્યાસોજ આપણામાં ઉચ્ચ સંસ્કારો પ્રેરી શકે છે, એમ માની આપણા શિક્ષકો અભિમાન લે છે, એ કેટલું બધું શોચનીય છે ?

પ્રલ્હાદના ઉપલા શબ્દો સાંભળી દૈત્યપતિ અત્યંત ક્રુદ્ધ થયો અને તેણે પ્રલ્હાદને અગાસીએથી નાખી દઈને મારી નાખવાનો આદેશ કર્યો; એટલુંજ નહિ પણ વાયુદ્વારા, માયાદ્વારા તથા બીજા અનેક ઉપાયોદ્વારા તેનો જીવ લેવાનો હિરણ્યકશિપુએ પ્રયત્ન કરી જોયો; પરંતુ પ્રલ્હાદને કશી હાનિ થઇ નહિ. દૈત્યપતિએ વિચાર કર્યો કે જો પુનઃ પ્રલ્હાદને વિદ્યાલયમાં મોકલી તેના હૃદય ઉપર અન્ય પ્રકારના સંસ્કારોની છાપ પાડવામાં આવે તોજ તે કદાચિત સુધરી શકે. બાકી આવી શિક્ષાઓથી તેને કાંઇ અસર થાય તેમ લાગતું નથી. છેવટે તેને નીતિશિક્ષણ આપવા પુનઃ ગુરુ-ગૃહે મોકલવામાં આવ્યો. નીતિનું શિક્ષણ સંપૂર્ણ થયું એટલે દૈત્યગુરુ પોતે પ્રલ્હાદને સાથે લઇ દૈત્યેશ્વરની પાસે આવ્યા. દૈત્યેશ્વરે પ્રલ્હાદની પરીક્ષા કરવા પ્રશ્ન કર્યો કે:-

"હે પ્રલ્હાદ ! મિત્રો તથા શત્રુઓપ્રત્યે રાજાઓએ કેવા પ્રકારનો વ્યવહાર કરવો જોઇએ ? યુદ્ધક્ષેત્રમાં રાજાઓએ કેવી રીતે વર્તવું ઉચિત છે ? પોતાના પ્રધાન મંત્રીઓ તથા અમાત્યોપ્રત્યે કુશળ રાજાઓએ કેવા પ્રકારનું વર્તન રાખવું જોઇએ ? ચોરો, આરોપીઓ, ગુન્હેગારો તથા રાજ્યના શત્રુઓપ્રતિ રાજાએ કેવી દૃષ્ટિથી જોવું જોઇએ ? સંધિસમયે, વિગ્રહસમયે તેમજ રાજ્યના રિપુઓના દમન સમયે રાજાનું શું કર્તવ્ય છે ? મારા આ પ્રશ્નોના ઉત્તરો આપ ! "

પ્રલ્હાદે સૌ પ્રથમ પિતૃદેવને પ્રણામ કર્યા અને કહ્યું કે: " ગુરુદેવે મને એ સર્વ

પ્રશ્નોના ઉત્તરો શીખવ્યા છે, અને હું તે શીખ્યો પણ છું–પરંતુ તેમણે શીખવેલી રાજનીતિ મને સંતોષપ્રદ જણાઈ નથી. શત્રુઓ તથા મિત્રોપ્રત્યે પ્રસંગોપાત સામ–દામ–દંડ–ભેદ વિગેરે ઉપાયો અજમાવવા એમ મને કહેવામાં આવ્યું છે, પરન્તુ, પિતાજી ! મારાથી જો કોઈ અપરાધ કે અવિનય થતો હોય તો તેની ક્ષમા યાચીને મારે કહેવું જોઈએ કે હું તો શત્રુઓ અથવા મિત્રોમાં કશો ભિન્નભાવજ નિહાળી શક્તો નથી–મારી દૃષ્ટિએ તો ઉભય એકસમાન છે. મને કાંઈ કરવાપણું હોય એમજ હું તો માની શકતો નથી, અને તેથી રાજનીતિ જેવાં સાધનોની મને સહાય લેવાની જરૂર પડે એમ માનતો નથી. જો જગન્મય જગન્નાથ પરમાત્મા ગોવિન્દ પોતેજ સર્વભૂતોના અંતઃકરણમાં નિવાસ કરીને રહેલા છે તો પછી શત્રુ–મિત્ર જેવા ભેદો પાડવા એ એક જાતની મૂર્ખતા નહિ તો બીજું શું છે ? આપનામાં જે ભગવાન વ્યાપ્ત છે તેજ વિભૂતિ મારામાં અને સર્વ પ્રાણીમાત્રમાં વ્યાપ્ત છે. વસ્તુતઃ શત્રુ અથવા મિત્ર એવા ભેદો આપણે શામાટે પોષવા, તેજ હું તો સમજી શકતો નથી, અને એથી કરીને દુષ્ટ વિધિ–વિધાનવાળી નીતિશિક્ષા મને લેશ માત્ર આવશ્યક નથી."

હિરણ્યકશિપુની ક્રોધજ્વાળા નખથી શિખાપર્યંત ભભૂકી નીકળી. તેણે એકદમ ઉભા થઈ પ્રહ્લાદની છાતીમાં લાત મારી અને પોતાના અનુચરોને ફરમાવ્યું "જાઓ, આ દુષ્ટને નાગપાશથી બાંધી સમુદ્રમાં ફેંકી દો." અનુચરોએ તુરતજ દૈત્યપતિની આજ્ઞાનું પાલન કર્યું અને પ્રહ્લાદને નાગપાશથી બદ્ધ કરી, સમુદ્રમાં ફેંકી તેના ઉપર પત્થરો દાબી દીધા. તે વખતે પ્રહ્લાદ ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યો. કારણ કે અંતિમકાળે ઈશ્વરસ્તુતિ કરવી એ પ્રત્યેક મનુષ્યની પવિત્ર ફરજ છે. પ્રહ્લાદે આવા કષ્ટના સમયમાં પણ પોતાની આત્મરક્ષા કરવા પ્રભુને પ્રાર્થના કરી નહિ. ઈશ્વરમાં તલ્લીન થવું એજ આપણું કર્તવ્ય છે, એમ માની તે ધ્યાન કરતો કરતો ઈશ્વરસ્તુતિમાં એકાગ્ર થઈ ગયો. આ દૃષ્ટિએ જોઈએ તો પ્રહ્લાદ એક યોગી હતો, એમ કહીએ તોપણ કાંઈ દોષ નથી. × અંતે તેનાં બંધનો શિથિલ થઈ ગયાં, સમુદ્રનું પાણી સુકાઈ ગયું, અને તેના શિર ઉપરના પત્થરો એક બાજુ ખસી ગયા. પ્રહ્લાદ વિષ્ણુસ્તવન કરતો કરતો ત્યાંથી ઉભો થયો. આ સર્વ સમયે પ્રહ્લાદ જે સ્તુતિ કરતો હતો તે તેના પોતાના આત્મરક્ષણ અર્થે કરતો હતો તેમ માનવાનું એકે કારણ આપણને મળી આવતું નથી. નિષ્કામપણે ઈશ્વરનું ભજન કરવું તે પ્રત્યેકનું કર્તવ્ય છે, એ વાત તે પોતે બહુ સારી રીતે સમજતો હતો. વિષ્ણુ પરમાત્માએ તેને આખરે પોતાનાં દર્શન આપી કૃતાર્થ કર્યો. પરમાત્માએ તેના ઉપર પ્રસન્ન થઈ વર માગવાનો આદેશ કર્યો. પ્રહ્લાદ હંમેશાં સંતુષ્ટજ હતો.

× संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।

તેથી તેને કાંઇ માગવાપણું હતુંજ નહિ. છતાં પ્રભુની આજ્ઞાને માન આપી પ્રહ્લાદે એટલીજ યાચના કરી કે:—" જે હજારો યોનિઓમાં મારે પરિભ્રમણ કરવું પડે તે સર્વ જન્મોમાં આપના પ્રત્યેની મારી ભક્તિ અચળ રહે એવી મને આશિષ આપો." ભક્તાત્મા ભક્તિ સિવાય બીજા કોઇ પણ વસ્તુની કામના કરતો નથી.

ભગવાને કહ્યું: " જે વસ્તુ તારામાં છે, તે તો સર્વદા રહેવાનીજ છે. તો પછી ભક્તિ સિવાય બીજી કોઇ વસ્તુની માગણી કર."

પ્રહ્લાદે બીજી વાર પ્રાર્થના કરી કે:—" હું આપની ભક્તિ કરૂં છું તેથી મારા પિતાજીએ દ્વેષ અને ક્રોધથી જે પાપનો ભાર સંચિત કર્યો છે, તે પાપભાર તેમના શિરેથી દૂર થાય, એવી કૃપા કરો."

ભગવાને તે યાચનાનો સ્વીકાર કર્યો, અને તૃતીય વર માટે પ્રાર્થના કરવાનો આદેશ કર્યો; પરંતુ નિષ્કામ પ્રહ્લાદ માટે તૃતીય પ્રાર્થના કરવા જેવી કોઇ પણ વસ્તુ જગતમાં નહોતી; કારણ કે તે सर्वारंभपरित्यागी–હર્ષ–શોક–દ્વેષ–તથા રાગથી સંપૂર્ણ મુક્ત હતો, એટલુંજ નહિ પણ शुभाशुभपरित्यागी × પણ હતો. છેવટે તેણે પ્રભુની પાસે એવી યાચના કરી કે: " પ્રભુ, આપના પ્રત્યેની મારી ભક્તિ સર્વદા અવ્યભિચારિણી રહે એવો આશીર્વાદ આપો."

શ્રીવિષ્ણુ ભગવાન્ દેવદત્ત વર પ્રદાન કરી ત્યાંથી અંતર્હિત થયા. ત્યાર પછી હિરણ્યકશિપુએ પણ પ્રહ્લાદ ઉપર અત્યાચાર કરવો ત્યજી દીધો.

શિષ્ય:—હું ધારૂં છું કે ત્રાજવાના એક પલ્લામાં વેદ, બાઇબલ, કુરાન તથા જગતનાં સર્વ ધર્મશાસ્ત્રોને મૂકીએ અને બીજા પલ્લામાં જો પ્રહ્લાદચરિત્ર મૂકીએ તો એ બેમાં પ્રહ્લાદચરિત્રજ વધી જાય.

ગુરુ:—ખરૂં છે કે પ્રહ્લાદકથિત આર્ય ધર્મ સકળ ધર્મોમાં એક શ્રેષ્ઠ ધર્મ છે. આર્ય ધર્મ એ સર્વ ધર્મોનો એક માત્ર નિષ્કર્ષ (સારાંશ) છે, અને તેથીજ તે સર્વ વિશુદ્ધ ધર્મોમાં વ્યાપ્ત છે. જે ધર્મ જેટલે અંશે વિશુદ્ધ જણાય તેટલે અંશે તે આર્ય ધર્મ છે એમજ આપણે તો સમજવું જોઇએ. ક્રિશ્ચિઅન ધર્મ કહો કે મહમ્મદીધર્મ કહો કે બીજો ગમે તે ધર્મ કહો, પરંતુ તે સર્વ એક આર્યધર્મમાંજ પરિસમાપ્ત થઇ જાય છે. " ગૉડ "ના નામથી ઈશ્વરની પ્રાર્થના કરનાર, "અલ્લાહ"ના નામથી પ્રભુને સંબોધનાર અથવા "બ્રહ્મ" શબ્દથી ઉદ્દેશીને [illegible] તું આરાધન કરનાર એકમાત્ર જગન્નાથનેજ બોલાવે છે. સર્વ જગતના અંતરાત્મા રૂપે [illegible] કોઇ [illegible] છે, તથા કોઇ આનંદમય ચૈતન્યને ભજવાનો પ્રયત્ન કરે

× सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति,
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ।

છે, અથવા તો કરે છે, અને જે સર્વ ભૂતોમાં પોતાના આત્મા જેવી અભેદ બુદ્ધિ રાખે છે, તે પુરુષ ગમે તે દેશમાં જન્મ્યો હોય કે ગમે તે ધર્મ પાળતો હોય તો પણ તે હિંદુ—આર્ય તથા વૈષ્ણવ છે, એમ કહેવામાં કંઈ અત્યુક્તિ નથી. જેઓ મહાક્લેશ તથા દ્વેષ—પ્રપંચમાં અહોનિશ તલ્લીન રહેતા હોય, પોતાના માનવબંધુઓનું જ ગળું કાપવા તૈયાર હોય અને જનસમાજનું અનિષ્ટ કરવામાં જેમને લેશ પણ સંકોચ રહેતો ન હોય, તેઓ ગળામાં સુતરનો તાંતણો તથા કંઠમાં રુદ્રાક્ષમાળા રાખવા છતાં પણ હિંદુ—આર્યના નામને યોગ્ય નથી. એકબીજાનો દ્વેષ કરનાર તથા માનવબંધુઓપ્રત્યે ક્રૂરતાથી વર્તનાર મનુષ્યો મ્લેચ્છથી પણ અધમ છે, અને તેથી તેઓનો સ્પર્શ કરનાર પવિત્ર મનુષ્ય પણ દૂષિત થાય છે.

अध्याय २० मो—भक्तिनुं साधन

શિષ્ય:—હવે મારો પ્રશ્ન માત્ર એટલોજ છે કે આપે ભક્તિની જે વ્યાખ્યા કહી તે ભક્તિને મારે સાધનરૂપે માનવી કે સાધ્યરૂપે માનવી ?

ગુરુ:—ભક્તિને સાધનરૂપે તેમજ સાધ્યરૂપે પણ માની શકાય. ભક્તિથી મુક્તિની પ્રાપ્તિ થાય છે, એટલા માટે ત્યાં ભક્તિ સાધનરૂપે છે. વળી, ભક્તિ મુક્તિપ્રદ હોવા છતાં તે પોતે મુક્તિની કે બીજી કોઈ પ્રકારની કામના રાખતી નથી, એટલા માટે તે સાધ્ય પણ છે.

શિષ્ય:—ભક્તિને જો સાધ્યરૂપે લેખીએ તો પછી તેનાં સાધનો પણ હોવાં જોઈએ. આપે કહી તે અનુશીલનપદ્ધતિને શું તેના સાધનરૂપે માની શકાય ? ઉપાસનાને ભક્તિના સાધનરૂપે ઘણા કાળથી સ્વીકારવામાં આવી છે, પરંતુ આપે હમણાં જે વ્યાખ્યા કરી બતાવી તેને લક્ષમાં લેતાં ભક્તિમાં કયાંય ઉપાસનાને સ્થાન હોય તેમ હું જોઈ શકયો નથી.

ગુરુ:—ભક્તિમાં પણ ઉપાસનાને યોગ્ય સ્થાન છેજ; પરન્તુ ઉપાસના શબ્દ વિવિધ અર્થોમાં વપરાતો હોવાથી અસગત ગેરસમજ ઉત્પન્ન થવાનો ભય રહે છે. સકળ ચિત્તવૃત્તિઓને તેમજ શારીરિક વૃત્તિઓને ઈશ્વરાભિમુખી કરવી તે સિવાય બીજી એકે ઉત્તમ ઉપાસના નથી. તું જ્યાંસુધી તારાં નિત્ય—નૈમિત્તિક કાર્યો કરતાં અંતઃકરણ પૂર્વક ઇશ્વરનું સ્મરણ ન કરે ત્યાંસુધી તારાથી એ ઉપાસના થઈ શકે નહિ.

શિષ્ય.—તથાપિ હિંદુશાસ્ત્રમાં ભક્તિની અનુશીલનપદ્ધતિવિષે જે કાંઈ વિશેષ ભેદ બતાવ્યા હોય તે વિષે હું આપની પાસેથી યત્કિંચિત સાંભળવા ઇચ્છું છું.

[illegible] ભક્તિતત્ત્વ મને સમજાવ્યું તે હિંદુશાસ્ત્રને અનુકૂળ તો છે, પરંતુ વર્તમાન [illegible] એવો પ્રચાર નથી. એટલે કે અત્યારે હિંદુઓમાં ભક્તિભાવ તો છેજ, પરંતુ તેનું સ્વરૂપ [illegible] પ્રકારનું જણાઈ આવે છે. આજકાલ તો એક પ્રતિમાની [illegible], તેની પાસે બે હાથ જોડી, ગદ્ગદ્ભાવે અનુમોદન કરતાં "હે પ્રભુ! [illegible]!" ઇત્યાદિ શબ્દોનો ઉચ્ચસ્વરે ઉચ્ચાર કરવો અને પ્રતિમાની [illegible], પ્રતિમાનું ચરણામૃત માથે-મુખે-કાને-નાકે આંખે લગાડી-[illegible]

ગુરુ—તું જે કાંઈ કહેવા માગે છે તે હું સમજી ગયો છું. પ્રતિમા પાસે [illegible] તે પણ ચિત્તની એક પ્રકારની ઉન્નત અવસ્થા છે. માટે મશ્કરી કરીને [illegible] નહિ. [illegible] મશ્કરી અથવા ટીકા કરતાં એવા ભક્તોમાં [illegible] હું [illegible] દૃષ્ટિથી જોઉં છું, પરંતુ તેં જે વાત કરી તે ગૌણ [illegible] છે.

શિષ્ય—[illegible] સાંભળવાથી તો મને એમજ લાગ્યું કે [illegible] ભક્તિને ભક્તિરૂપેજ નહિ સ્વીકારતા હો.

ગુરુ—[illegible], એ ભક્તિને હું મુખ્ય ભક્તિરૂપે સ્વીકારતો નથી, તોપણ તે [illegible] ભક્તિ તો છેજ. આધુનિક હિંદુશાસ્ત્રોમાં પ્રાયઃ એવી ભક્તિને [illegible] આપવામાં આવ્યું છે, તે પણ મારા ધ્યાન બહાર નથી.

શિષ્ય—[illegible] પ્રાચીન શાસ્ત્રમાં મુખ્ય ભક્તિતત્ત્વના સિદ્ધાંતો [illegible] આધુનિક શાસ્ત્રોમાં [illegible] એટલું બધું મહત્ત્વ શામાટે આપવામાં આવ્યું હશે?

ગુરુ—[illegible] જ્ઞાનાત્મક અને કર્માત્મક એવી રીતે ભક્તિના બે પ્રકાર [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પોતાની કર્મેન્દ્રિયો કેવી રીતે ઇશ્વરને અર્પણ કરવા માગતા હતા, તેનું ઉદાહરણ શ્રીમદ્ ભાગવત પુરાણમાંથી અને કેટલાક શ્લોકો આપું છું. ભગવત્કીર્તન અર્થે તેમાં જણાવવામાં આવ્યું છે કે:—

बिले बतोरुक्रमविक्रमान् ये न शृण्वतः कर्णपुटे नरस्य।
जिह्वासती दार्दुरिकेव सूत, न चोपगायत्युरुगायगाथाः॥
भारः परं पट्टकिरीटजुष्टमप्युत्तमांगं न नमेन्मुकुन्दम्।
शावौ करौ नो कुरुतः सपर्यां हरेर्लसत्काञ्चनकंकणौ वा॥
बर्हायिते ते नयने नराणां लिङ्गानि विष्णोर्न निरीक्षतो यत्।
पादौ नृणां तौ द्रुमजन्मभाजौ क्षेत्राणि नानुव्रजतो हरेर्यौ॥
जीवञ्छवो भागवताङ्घ्रिरेणुं न जातु मर्त्योऽभिलभेत यस्तु।
श्रीविष्णुपद्या मनुजस्तुलस्याः श्वसञ्छवो यस्तु न वेद गन्धम्॥
तदश्मसारं हृदयं बतेदं यद्गृह्यमाणैर्हरिनामधेयैः।
न विक्रियेताथ यदा विकारो नेत्रे जलं गात्ररुहेषु हर्षः॥

અર્થાત્—જે મનુષ્ય કર્ણવડે શ્રીહરિના ગુણાનુવાદનું શ્રવણ ન કરે, તેનાં બન્ને કાનો વૃથા ગર્ત (ખાડા) માત્ર છે. હે સૂત ! જે હરિકીર્તન કરે નહિ તેની અશુભ જીહ્વા દેડકાની જીહ્વા સમાન છે. મસ્તકવડે જે મુકુન્દને નમસ્કાર નથી કરતો તેનું મસ્તક મુગટવડે ભલે સુશોભિત હોય તોપણ તે નિષ્ફળ ભારરૂપ છે. જે પોતાના હસ્તદ્વયવડે હરિની પૂજા ન કરે તેના હાથ કનક-કંકણથી શોભતા છતાં પણ મુડદાના હાથ સમાન છે. જે ચક્ષુઓવડે વિષ્ણુમૂર્તિનું દર્શન ન થાય તે ચક્ષુઓને ચક્ષુ નહિ સમજતાં મોરના પીંછામાંના ડાઘ સમાન સમજવા. જેના ચરણો હરિતીર્થમાં પર્યટન ન કરે તે ચરણો નિષ્ફળ છે. પ્રભુની ચરણરજ જે મનુષ્ય ધારણ કરતો નથી તે જીવવા છતાં પણ શબસમાન છે. વિષ્ણુના ચરણમાં અર્પણ કરેલી તુલસીની ગંધ જે મનુષ્ય નથી લેતો, તેના શ્વાસોચ્છવાસ ચાલતા હોય તોપણ તે મૃતવત્ છે. હરિના નામનું કીર્તન સાંભળી જેનું હૃદય ઉન્મત્ત ન થાય અને જેની આંખમાં પાણી ન આવે તથા જેનું અંગ રોમાંચિત ન થાય તેનું હૃદય લોહમય છે, એમ સમજવું.

આ પ્રમાણે એક શ્રેણીના ભક્તો ઇશ્વરને પોતાની બાહ્યેન્દ્રિયો સમર્પણ કરવાનો માર્ગ દર્શાવતા ગયા છે; પરન્તુ એ ઉપાસના મૂર્તિની અપેક્ષાવાળી છે. નિરાકાર પ્રભુ પ્રત્યે ઉપર કહ્યો તેવો બાહ્ય-કાનનો નિયોગ થઇ શકવો અસંભવિત છે.

શિષ્યઃ—પરન્તુ મારા પ્રશ્નનો ઉત્તર હજી મને મળ્યો નહિ. ભક્તિનું યથાર્થ સાધન શું ?

ગુરુ:—ભગવાન્ પોતે ગીતાના બારમા અધ્યાયમાં આ પ્રમાણે કહે છે:—

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसार सागरात्।
भवामि न चिरात् पार्थ मय्यावेशितचेतसाम्॥
मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः॥ (૬-૭-૮)

અર્થાત્—હે અર્જુન ! સર્વ કર્મો મારેવિષે અર્પણ કરીને, મત્પરાયણ રહીને, અને મારા સિવાય અન્ય આલંબન નથી એમ માનીને જેઓ ભક્તિયોગ સેવે છે, અર્થાત્ મારૂં ધ્યાન અને ઉપાસના કરે છે, તેવા મુમુક્ષુઓનો—મારેવિષે જેઓનું ચિત્ત છે એવા ભકતોનો—આ મૃત્યુયુકત સંસારમાંથી હું સત્વર ઉદ્ધાર કરૂં છું. મારેજવિષે તું તારા મનની સ્થિરતા કર, અને બુદ્ધિને પણ મારેજ વિષે તું સ્થાપન કર. એમ કહેવાથી દેહ છૂટયા પછી પણ તું મારા વિષેજ વસીશ. ”

શિષ્ય:—બહુ કઠિન વાત જણાય છે. એવી રીતે કેટલાં માણસો ઇશ્વરને વિષે પોતાનું ચિત્ત સ્થિર કરી શકે ?

ગુરુ:—ધારે તો સર્વ કોઇ કરી શકે. પ્રયત્ન કરવો જોઇએ.

શિષ્ય:—પણ એવો પ્રયત્ન કરવો કેવી રીતે ?

ગુરુ:—શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતેજ તે વાતનો ખુલાસો કર્યો છે. સાંભળ:—

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम्।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय॥

અર્થાત્—“ હે અર્જુન ! મારેવિષે ચિત્તને સ્થિર કરવા જેટલું તારામાં સામર્થ્ય ન હોય તો યોગાભ્યાસવડે મને પામવાની ઇચ્છા કર. ” મતલબ કે ઇશ્વરને વિષે ચિત્તની સ્થિરતા ન થાય તો પુનઃ પુનઃ પ્રયત્નોદ્વારા તેવો અભ્યાસ કરવો જોઇએ.

શિષ્ય:—અભ્યાસમાત્ર કઠિન છે, અને તેમાં પણ આવો અભ્યાસ તો બહુ કઠિન લાગે છે. મન: ધારવા પ્રમાણે આવો અભ્યાસ સર્વ કોઇથી થઇ શકે નહિ. જેમનાથી આવો અભ્યાસ ન થઇ શકે તેમણે શું કરવું ?

ગુરુ:—જેઓ કર્મ કરવાને શક્તિમાન્ છે તેમણે ઇશ્વરોદ્દિષ્ટ કર્મ અથવા ઇશ્વરાનુમોદિત કર્મો કરવાનો અભ્યાસ કરવો. આ પ્રમાણે સર્વદા કર્મો કરતાં રહેવાથી ક્રમે ક્રમે ઇશ્વરમાં મનની સ્થિરતા થશે. એટલા માટે ભગવાન્ પોતે કહી ગયા છે કે:—

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि॥ (૧૨ અ. ૧૦ શ્લો.)

અર્થાત્—જો અભ્યાસ કરવા જેટલું તારામાં સામર્થ્ય ન હોય તો મારે વાસ્તેજ સર્વ કર્મ કરવા લાગ-અર્થાત્ મત્પરાયણ થઈ ને કર્મો કરવા લાગ. મારે વાસ્તે કર્મ કરતેયો પણ તું સિદ્ધિને પામશે.

શિષ્યઃ—પરંતુ કેટલાએકથી તો કર્મ પણ થઇ શકતાં નથી અને છેક અકર્મણ્ય બેસી રહે છે, તેમને માટે કાંઇ ઉપાય ખરો ?

ગુરુઃ—એવા પ્રશ્નની આશંકા કરી ભગવાન્ પોતેજ કહે છે કેઃ—

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥

અર્થાત્-જો એ પ્રકારે મને ઉદ્દેશીને કર્મ કરવાનું તારામાં સામર્થ્ય ન હોય તો નિયત ચિત્તવાળો થઇ સર્વ કર્મના ફળનો ત્યાગ કર.

શિષ્યઃ—એમ કેવી રીતે બની શકે ? જે કર્મ કરવાને અશક્ત છે, તેમજ જેને માટે કાંઇ કર્મ નથી, તે પોતે કર્મના ફળનો ત્યાગ કેવી રીતે કરી શકે ?

ગુરુઃ—કોઇ પણ જીવ તદ્દન કર્મશૂન્ય હોઇ શકે નહિ. જો સ્વતઃપ્રવૃત્ત થઇને કર્મ ન કરે, તેને પણ કંઇક ને કંઇક તો કરવુંજ પડે. આ સંબંધી ભગવદ્વચન હું તને પૂર્વે કહી ચૂક્યો છું. એક મનુષ્ય પોતે જે કર્મ કરે, તે કર્મના ફળની આકાંક્ષા ન રાખે તો તેથી અન્ય કામનાના અભાવે ઇશ્વર પોતેજ તેનો એકમાત્ર કામ્ય પદાર્થ બની રહે; અને જો એમ બને તો અનાયાસેજ ચિત્ત ઇશ્વરમાં સ્થિર થઇ જાય.

શિષ્યઃ—એ ચતુર્વિધ સાધનો તો બહુ કઠિન હોય તેમ મને લાગે છે. એટલુંજ નહિ પણ તેથી ઉપાસનાનો કોઇ હેતુ સિદ્ધ થતો હોય એમ પણ મને લાગતું નથી.

ગુરુઃ—એ ચતુર્વિધ સાધનજ એક પ્રકારની ઉપાસના છે. જે સાધકો એવી સાધના અથવા ઉપાસના કરી શકે તેમને માટે અન્ય પ્રકારની સાધનાની કે ઉપાસનાની કશી જરૂર નથી.

શિષ્યઃ—પરંતુ અજ્ઞાની, દુરાચારી, તથા બાળકો માટે આપે કહી તે સાધના કંઇ ઉપયોગી થઇ પડે એમ હું ધારતો નથી. શું તેઓને ભક્તિ કરવાનો અધિકાર નથી ?

ગુરુઃ—મેં કહ્યું તેવાં મનુષ્યોને માટે ઉપાસનાત્મક ગૌણભક્તિ ઉપયોગી થઇ શકે. ગીતામાં કહ્યું પણ છે કેઃ-

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।

અર્થાત્- જે પ્રકારે જે મારો આશ્રય લે છે, તેને હું તેજ પ્રકારે કામ થઉં છું. વળી બીજે સ્થળે તેઓ કહે છે કેઃ-

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।

तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

અર્થાત્—પત્ર, પુષ્પ, ફળ, જળ ઈત્યાદિ વસ્તુઓ ભક્તિવડે જે પુરુષ મને આપે છે, તે શુદ્ધ વૃત્તિવાળા પુરુષે ભક્તિભાવવડે આપેલું તે સર્વ હું ગ્રહણ કરું છું.

શિષ્ય:—ત્યારે શું ગીતામાં પણ સાકાર મૂર્તિની ઉપાસના કરવાનું વિધાન છે?

ગુરુઃ—ફળ-પુષ્પાદિ અર્પણ કરવા યોગ્ય સ્થૂળ પદાર્થો, કેવળ પ્રતિમાનેજ અર્પણ થઇ શકે એવો કોઇ નિયમ નથી. ઈશ્વર સર્વત્ર છે એટલે જ્યાં આપણે અર્પણ કરીશું ત્યાં તે પોતે તે સ્વીકારી લેશે.

શિષ્ય:—પ્રતિમા આદિની પૂજાવિષે વિશુદ્ધ હિંદુધર્મમાં નિષેધ હશે કે વિધાન હશે?

ગુરુઃ—અધિકારીભેદે તે નિષિદ્ધ તેમજ વિહિત પણ છે. તે સંબંધી ભગવાન કપિલનું કથન હું ભાગવત-પુરાણમાંથી અહીં ઉધ્ધૃત કરું છું. ભાગવત-પુરાણમાં કપિલને ઈશ્વરનો અવતાર માનવામાં આવ્યા છે. તેઓ પોતાની માતા-દેવહૂતિને નિર્ગુણ ભક્તિયોગનાં સાધનો કહી બતાવે છે. તેમાં તેઓ એક રીતે સર્વભૂતમાત્રપ્રત્યે પ્રીતિભાવ રાખવાનું તથા દયા-મૈત્રી અને યમ-નિયમ પાળવાનું કહે છે, તો બીજી રીતે પ્રતિમાની પૂજા-દર્શન કરવાનું પણ કહે છે. પરંતુ વિશેષમાં તેઓ કહે છે કેઃ—

अहं सर्वेषु भूतेषु भूतात्मावस्थितः सदा ।
तमवज्ञाय मां मर्त्यः कुरुतेऽर्चाविडम्बनम् ॥
यो मां सर्वेषु भूतेषु सन्तमात्मानमीश्वरम् ।
हित्वार्चाम् भजते मौढ्याद् भस्मन्येव जुहोति सः ॥ ३ स्कं. १७

અર્થાત્—હું સર્વભૂતમાત્રમાં તેમના આત્મસ્વરૂપે રહેલો છું. મારી અવજ્ઞા કરીને-અર્થાત્ ભૂતમાત્રની અવજ્ઞા કરીને જેઓ પ્રતિમાપૂજા કરે છે, તેઓ વ્યર્થ વિડંબના પામે છે. સર્વ ભૂતોના આત્મસ્વરૂપ જે હું ઇશ્વર તેનો પરિત્યાગ કરીને જે મનુષ્યો પ્રતિમાને ભજે છે, તેઓ ભસ્મમાં વ્યર્થ ઘી હોમે છે.

વળી,

अर्च्चादावर्च्चयेत्तावदीश्वरम् मां स्वकर्मकृत् ।
यावन्न वेद स्वहृदि सर्वभूतेष्ववस्थितम् ॥

" જે વ્યક્તિ પોતાના કર્મોમાંજ તલ્લીન રહે અને સર્વ ભૂતમાત્રમાં ઈશ્વર રહેલો છે એવી શ્રદ્ધા પ્રાપ્ત ન કરે, ત્યાંસુધી તેણે પ્રતિમાની પૂજા કરવી જોઇએ."

હવે તારી ખાત્રી થઇ હશે કે **શાસ્ત્રોમાં પ્રતિમા પૂજાની જેમ વિધિ છે તેમ નિષેધ પણ છે.** જ્યાંસુધી મનુષ્યોપ્રત્યે પ્રેમભાવ ન ઉદ્‌ભવે અને ઇશ્વરસંબંધી જ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી પ્રતિમાની પૂજા એ એક પ્રકારના સાધનરૂપ છે જેના હૃદયમાં સર્વ જનપ્રત્યે પ્રીતિભાવ રહ્યા કરતો હોય, અને જેને ઇશ્વરજ્ઞાન પ્રાપ્ત થયું હોય તેને માટે પ્રતિમાપૂજા આવશ્યક નથી. જ્યાંસુધી ઉપર કહ્યું તેવું

જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાંસુધી વિષયી લોકો માટે પ્રતિમાપૂજા જરૂરની છે; કારણ કે તેથી કરીને ક્રમે ક્રમે ચિત્તની શુદ્ધિ થતી ચાલે એવો સંભવ છે. પ્રતિમાપૂજાને ગૌણભક્તિમાં મૂકવી જોઇએ.

શિષ્યઃ—ગૌણભક્તિ કોને કહેવી તેજ હું તો બરાબર સમજતો નથી.

ગુરુઃ—મુખ્યભક્તિમાં અનેક વિઘ્નો રહેલાં છે. આ વિઘ્નોનો જેવડે નાશ થાય તેને શાંડિલ્યસૂત્રના પ્રણેતાએ "ગૌણભક્તિ" એવું નામ આપ્યું છે. ઇશ્વરનું નામકીર્તન, ફલ-પુષ્પાદિદ્વારા તેની પૂજા-અર્ચના, વંદના અને પ્રતિમાપૂજન, વિગેરેને ગૌણભક્તિનાં લક્ષણો ગણાવવામાં આવ્યાં છે. સૂત્રના ટીકાકારે પોતે પણ એટલી વાત તો સ્વીકારી છે કે ઉક્ત અનુષ્ઠાનો ભક્તિભાવ ઉત્પન્ન કરવામાં સાધનભૂત છે, અને તેટલા માટે તેને ભક્તિજનક સાધનો કહીએ તો તે અયોગ્ય નથી. ઉક્ત અનુષ્ઠાનોનું તે સિવાય બીજું કાંઇ ફળ નથી. *

શિષ્યઃ—તો હું ધારૂં છું કે પૂજા–હોમ–યજ્ઞ–નામકીર્તન તથા સંધ્યાવંદનાદિ, વિશુદ્ધ હિંદુ–ધર્મથી વિરુદ્ધ નથી, એવો આપનો મત છે. તેની સાથે આપનો એવો પણ આશય છે કે એ સર્વની માત્ર ભક્તિના સાધનોતરીકે જેટલી કિંમત આંકી શકીએ તેટલીજ આંકી શકાય.

ગુરુઃ—તે સાધન તો છે, પણ નિકૃષ્ટ સાધન છે, એમ પણ મારે કહી દેવું જોઇએ. ઉત્કૃષ્ટ સાધન કોને કહેવાય તે વાત પણ કૃષ્ણવાક્ય ઉધ્ધૃત કરી તને જણાવી ગયો છું. જેઓ ઉત્કૃષ્ટ સાધનો પ્રાપ્ત કરવાને અશક્ત હોય તેમને માટેજ પૂજાદિનું વિધાન છે. છતાં સ્તુતિ વિગેરે માટે મને થોડું બોલવાનું પ્રાપ્ત થાય છે, તે ખાસ લક્ષપૂર્વક સાંભળી લે. જ્યારે ઇશ્વરસ્મરણના ઉદ્દેશપૂર્વક પૂજા–હોમ વગેરે થાય ત્યારે તેને ગૌણભક્તિના લક્ષણરૂપે નહિ સ્વીકારતાં મુખ્ય ભક્તિનુંજ લક્ષણ માનવું જોઇએ. દાખલાતરીકે જીવન્મુક્ત પ્રહ્લાદે જે વિષ્ણુસ્તુતિ કરી હતી તેને મુખ્યભક્તિજ કહેવી જોઇએ; પરંતુ અમારાં પાપોનો ધ્વંસ થાઓ, અમારું જીવન સુખમાં પસાર થાઓ, એવી રીતની સકામ પ્રાર્થનાઓ તથા સંધ્યા–વંદનાદિ ક્રિયાઓ ગૌણભક્તિમાંજ ગણાવાયોગ્ય છે. મારી તો તને એટલીજ ભલામણ છે કે કૃષ્ણવાક્યને હૃદયમાં ધારણ કરી, ઈશ્વરાભિમુખી વૃત્તિઓદ્વારા બની શકે તેટલાં કર્મો કરવાનો તારે પ્રયત્ન કરવો.

શિષ્યઃ—પૂજા–હોમ–યાગ–યજ્ઞ વિગેરે પણ ઇશ્વરને અર્પણ.—

ગુરુઃ—એ તારી ભૂલ છે. પૂજા–હોમ વિગેરે કર્મો ઇશ્વરાર્થે નથી હોતાં, પણ સાધકના પોતાના કલ્યાણને માટે હોય છે. કોઇ એમ કહે કે એ સર્વ કર્મો કેવળ

* भक्त्या कीर्तनेन भक्त्या दानेन परा भक्तिः साध्यत इति × × × न फलान्तरार्थम् गौरवादिति ॥

ભક્તિની વૃદ્ધિ અર્થે થાય છે તો તેને 'ઇશ્વરાર્થ કર્મો' કેમ ન કહેવાય ? તેનો ઉત્તર માત્ર એટલોજ છે કે સાધક પોતે પોતાની ભક્તિમાં વૃદ્ધિ કરવા સારૂ જે કર્મ કરે તે કર્મ પણ સાધકના પોતાના કલ્યાણને અર્થે થતું હોવાથી તેને ઇશ્વરોદ્દિષ્ટ કર્મ કહી શકાય નહિ. ઇશ્વર જગત્મય છે, અને તેથી જગતનું જે કાર્ય, તેજ તેનું કાર્ય, એમ આપણે દૃઢ વિશ્વાસ પૂર્વક માનવું જોઇએ. જે કાર્ય કરવાથી જગતનું કલ્યાણ થાય તેજ કાર્યને કૃષ્ણોક્ત સત્કર્મ કહી શકાય. એવા જગત્હિતના કાર્યો કરવાને તત્પર થા, અને સમસ્ત વૃત્તિઓને સુંદરરૂપે કેળવી તે દ્વારા જગતનું કલ્યાણ કરવાને યોગ્ય થા. જગતનું કલ્યાણ કરવું તેજ ઇશ્વરનો ઉદ્દેશ છે. જો આપણે પણ એવા ઉદ્દેશપૂર્વક કર્મો કરવા લાગીએ તો સ્વાભાવિક રીતેજ આપણું મન ઇશ્વરી સ્વરૂપમાં સ્થિર થાય અને ક્રમે ક્રમે જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત કરી શકીએ.

જેઓ એમ કરવાને અશક્ત હોય તેઓ ગૌણ ઉપાસના અર્થાત્ પૂજા-નામકીર્તન તથા સંધ્યાવંદનાદિદ્વારા ભક્તિના નિકૃષ્ટ અનુશીલનમાં પ્રવૃત્ત થાય, તે પણ પ્રશંસાયોગ્ય છે; તોપણ એટલું લક્ષમાં રાખવું જોઇએ કે જે કાંઇ સાધના કરવી તે અંતઃકરણપૂર્વક કરવી જોઇએ. શુદ્ધ હૃદયપૂર્વક જ્યાંસુધી કોઇ અનુષ્ઠાન થાય નહિ ત્યાંસુધી ભક્તિનું લેશમાત્ર અનુશીલન થતું નથી. કેવળ બાહ્ય આડંબરોથી અનેક મનુષ્યો હિતને બદલે અહિતજ કરી બેસે છે. ઘણીવાર બાહ્ય આડંબરો ભક્તિના સાધનરૂપ બનવાને બદલે ઢોંગના સાધનરૂપ બની જાય છે, એ વાત પણ [illegible] [illegible] નથી. આવી સાધના કરવા કરતાં તો કાંઇ કરવું નહિ એજ બહેતર છે. કેમકે જેઓ કોઇ પણ પ્રકારનું અનુષ્ઠાન અથવા ભક્તિનું સાધન કરતા નથી, તેઓ [illegible] [illegible] કરતાં [illegible] છે, તોપણ તેમનામાં અને પશુઓમાં કાંઇ ભેદ હોય એમ હું માનતો નથી.

શિષ્યઃ— તો પછી [illegible] અનેક હિંદુઓને આપણે [illegible], [illegible] અને પશુ સમાનજ લેખવા પડે.

ગુરુઃ— હિંદુધર્મની અવનતિનું એજ એક મુખ્ય કારણ છે; પરંતુ [illegible] [illegible] છે કે જ્યારે હિંદુઓમાં વિશુદ્ધભક્તિનો પ્રચાર થશે ત્યારે તેઓ [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિના રહેશે નહિ; અને એ સ્થિતિ પણ હવે બહુ દૂર નથી.

શિષ્યઃ— [illegible]

[illegible]

अध्याय २१ मो-प्रीति

શિષ્ય:—હવે ભિન્ન ભિન્ન હિંદુગ્રન્થોમાં ભક્તિની કેવી રીતે વ્યાખ્યા કરવામાં આવી છે તે સાંભળવાની મારી ઇચ્છા છે.

ગુરુ:—હું જે અનુશીલનધર્મની વ્યાખ્યા કરવામાં પ્રવૃત્ત છું, તેમાં તે વિષય અગત્યનો નથી. ભાગવત-પુરાણમાં પણ ભક્તિતત્ત્વ સંબંધે અનેક કથાઓ છે. છતાં તે સર્વમાં શ્રીમદ્ ભગવદ્ગીતાજ એક માત્ર મૂળસ્વરૂપ છે. અન્યાન્ય ગ્રન્થોમાં પણ ભક્તિતત્ત્વવિષે જે કથન મળી આવે છે તેને હું તો ગીતામૂલકજ સમજું છું. એટલામાટે સર્વ ગ્રન્થોની અને કથાઓની પર્યાલોચના કરી કાળક્ષેપ કરવો તે હું ઉચિત સમજતો નથી. માત્ર ચૈતન્યદેવનો ભક્તિવાદ કાંઇક જૂદા પ્રકારનો જણાય છે; પરંતુ આપણા અનુશીલનધર્મ સાથે તે ભક્તિવાદને સંબંધ નથી. ઉલટો સહેજ વિરોધ આવે છે, અને એ કારણને લીધે હું તે ભક્તિવાદની આલોચનામાં ઉતરવા માગતો નથી.

શિષ્ય:—તો પછી હવે પ્રીતિવૃત્તિના અનુશીલનસંબંધે ઉપદેશ આપવાની કૃપાકરો.

ગુરુ:—ભક્તિવૃત્તિના સંબંધે બોલતાં પ્રીતિના મૂળતત્ત્વવિષે પણ હું બોલી ગયો છું. મનુષ્યોપ્રત્યે પ્રીતિભાવ ન ઉદ્ભવે ત્યાંસુધી ઇશ્વરપ્રત્યે ભક્તિભાવ સ્ફુરતો નથી. પ્રહ્લાદચરિત્રની આલોચના સમયે પ્રહ્લાદના પોતાના શબ્દોમાં આ સિદ્ધાંતની અમરકારકતાવિષે હું વિવેચન કરી ચૂક્યો છું. અન્ય ધર્મો મનુષ્યપ્રીતિ ઉપર આટલું વજન મૂકે છે કે નહિ તે હું જાણતો નથી, પરંતુ હિંદુધર્મ તો તેના ઉપર ખાસ ભાર મૂકે છે. પ્રીતિના અનુશીલનમાટે બે માર્ગો છે. એક તો પ્રાકૃતિક માર્ગ અથવા યૂરોપીય માર્ગ અને બીજો આધ્યાત્મિક અથવા ભારતવર્ષીય માર્ગ. આધ્યાત્મિક માર્ગની ચર્ચાને હમણાં આપણે મુલતવી રાખીશું, અને પ્રાકૃતિક માર્ગવિષે હું જે કાંઇ સમજ્યો છું, તેજ હું તને સમજાવવાનો પ્રયત્ન કરીશ.

પ્રીતિ બે પ્રકારની છે. (૧) સહજ અને (૨) સંસર્ગજ. કેટલાએક મનુષ્યોપ્રત્યે આપણી પ્રીતિ સ્વભાવસિદ્ધ હોય છે. દાખલાતરીકે માતાપિતાની પોતાનાં સંતાન પ્રત્યેની પ્રીતિ, અથવા સંતાનની માતાપિતાપ્રત્યેની પ્રીતિ. આ પ્રીતિને સહજ પ્રીતિનું નામ આપવામાં આવે છે. બાકી કેટલીક પ્રીતિવૃત્તિ સંસર્ગજ હોય છે. ઉદાહરણતરીકે સ્વામીની સ્ત્રીપ્રત્યેની પ્રીતિ અથવા સ્ત્રીની સ્વામી પ્રત્યેની પ્રીતિ. બન્ધુઓની પરસ્પરની પ્રીતિ તથા શેઠ અને નોકરની પરસ્પરની પ્રીતિ, વિગેરેને પણ એજ પેટામાં મૂકી શકાય. આ સહજ અને સંસર્ગજ પ્રીતિ ધીમે ધીમે પારિવારિક બંધનમાં પરિણમે છે, કિંવા એ ઉભય પ્રીતિને લીધેજ આપણાં પારિવારિ

જીવનો બંધાય છે, એમ કહું તો અયોગ્ય નથી. આ પરિવાર એજ આપણી પ્રીતિવૃત્તિને કેળવવાનું પ્રથમ અને યોગ્ય શિક્ષાસ્થળ છે; કારણ કે જે ભાવને આપણે વશીભૂત થઇ અન્યની ખાતર આત્મત્યાગ કરવાને તૈયાર થઇએ તેનું નામજ પ્રીતિ. એવી પ્રીતિની સામાન્ય વ્યાખ્યા છે. પુત્રાદિને અર્થે આપણે આત્મત્યાગ કરવા નિત્ય તૈયાર રહીએ છીએ, એટલામાટે સંસારમાં આપણી પ્રીતિવૃત્તિને ખીલવાનો પ્રથમ પ્રસંગ ત્યાંજ પ્રાપ્ત થાય છે. ધાર્મિક પુરુષો પારિવારિક જીવનની મહત્તા ગાય છે, તેનું પણ એજ કારણ છે. હિંદુશાસ્ત્રકારોએ વિદ્યાર્થી અવસ્થામાંથી પસાર થયા પછી ગૃહસ્થાશ્રમમાં જોડાવાનું ફરમાવ્યું છે, તેનું પણ એજ કારણ છે.

જો પારિવારિક જીવનમાં યોગ્ય અંશે પ્રીતિવૃત્તિનું અનુશીલન (ખીલવણી) થાય છે તો તે પ્રીતિવૃત્તિ પરિવારની સીમાબહાર વિસ્તરવાનો સ્વાભાવિક રીતે પ્રયત્ન કરે છે. હું પૂર્વે કહી ગયો છું કે અન્યાયશ્રેષ્ઠ વૃત્તિઓની માફક પ્રીતિવૃત્તિ પણ અતિશય સ્ફુરણક્ષમ એટલે કે અધિક વિસ્તાર પામવાના સ્વભાવવાળી હોય છે, અને તેથી તે ગૃહ અથવા પરિવારની નાની નાની દીવાલોને તોડી નાંખી બહાર નીકળવાનો પ્રબળ પ્રયત્ન કરે છે. આવી રીતે આ પ્રીતવૃત્તિ જ્યારે વિશેષ વિકસીત થતી જાય છે, ત્યારે તે ક્રમે ક્રમે બંધુવર્ગ, સ્નેહીવર્ગ, અનુચરવર્ગ તથા આશ્રિતવર્ગ પ્રત્યે પણ ગતિમાન થાય છે અને તે પ્રસંગે પણ જો તેનું બરાબર અનુશીલન (ખીલવણી) થાય તો તે સ્વાભાવિક રીતે ગામનાં મનુષ્યો, પ્રાંતનાં મનુષ્યો અને છેવટે દેશનાં મનુષ્યો ઉપર પણ ફરી વળે છે. આ પ્રમાણે પ્રીતિવૃત્તિ જ્યારે સમસ્ત દેશનાં મનુષ્યો ઉપર વિસ્તાર પામે છે, ત્યારે તેને “ દેશવાત્સલ્ય ” ના નામથી ઓળખવામાં આવે છે. આ અવસ્થામાં એ પ્રીતિ બહુજ બળવાન્ બને છે, અને બનવી પણ જોઇએજ. આ પ્રીતિવડે દેશની પ્રજાનાં અનેક માંગલિક તથા કલ્યાણકારક કાર્યો થયાં છે તથા થાય છે. યૂરોપિયન પ્રજામાં આ પ્રીતિવૃત્તિનું બહુજ પ્રાબલ્ય જોવામાં આવે છે, અને એજ પ્રબળતાને લીધે તે પ્રજા આજે ઉન્નતિના શિખરે પહોંચી છે.

શિષ્યઃ—યૂરોપમાં એવી પ્રબળ સ્વદેશપ્રીતિ જોવામાં આવે છે અને આપણા દેશમાં નથી જોવામાં આવતી તેનું શું કારણ હશે ?

ગુરુઃ—મેં એ વિષે બહુ ગંભીરતાપૂર્વક વિચારો કરી જોયા છે. યૂરોપનો ધર્મ વિશેષે કરીને આધુનિક યૂરોપનો ધર્મ—આપણા હિંદુધર્મ જેટલો ઉન્નત નથી; એમ મને વિચાર કરતાં લાગ્યું છે. આ વાત તારી બુદ્ધિમાં ઉતરે તેટલા માટે મારે જરા વિસ્તારથી બોલવું પડે તેમ છે.

પ્રીતિવૃત્તિની સ્ફુર્તિ (ખીલવણી) દેશવાત્સલ્યપર્યંત પહોંચે એટલે તેને પ્રીતિની અંતિમ સીમારૂપે માની લેવી એ એક ગંભીર ભૂલ છે. દેશવાત્સલ્યની ઉપર પણ પ્રીતિને માટે એક પગથીઉં ચડવાનું બાકી હોય છે. સમસ્ત જગત્ ઉપર પ્રીતિ-

માત્ર ઉપજાવે એજ પ્રીતિશક્તિની ઉંચામાં ઉંચી સીમા છે, અને યથાર્થ ધર્મ પણ તેજ છે. જ્યાંસુધી સમસ્ત જગત્પ્રત્યે આપણી પ્રીતિ સમાનભાવે ન સ્ફુરે ત્યાં સુધી એ પ્રીતિ અપૂર્ણ રહે છે, અને તેથી ધર્મ પણ અપૂર્ણજ રહી જાય છે.

અત્યારે આપણે એટલું સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ કે યુરોપીય પ્રજાની પ્રીતિવૃત્તિ પોતાના સ્વદેશથી એક પણ પગલું આગળ વધી શકતી નથી. જે પ્રીતિએ સમસ્ત જગત્ અને સમસ્ત મનુષ્યો ઉપર ફરી વળવું જોઇએ, તે પ્રીતિ તેમનામાં માત્ર સ્વદેશની સંકુચિત સીમામાંજ અટકી ગઇ છે. પોતાના દેશનાં મનુષ્યો ઉપર પ્રેમ રાખવો અને અન્ય દેશનાં મનુષ્યોનો તિરસ્કાર કરવો, એવો પાશ્ચાત્ય પ્રજાનો સામાન્ય સ્વભાવ બંધાઇ ગયો છે. તે સિવાય બીજી કેટલીએક પ્રજાએ એવી પણ છે કે જે પોતાના સ્વધર્મીઓને પ્રેમપૂર્વક ચાહે છે, પરંતુ વિધર્મીઓપ્રત્યે સ્નેહભરી નજરથી જોઇ શકતી નથી, દાખલાતરીકે મુસલમાન પ્રજા. એક મનુષ્ય જો મુસલમાન ધર્મ પાળતો હોય તો પછી તે કયા દેશનો છે, તે જાણવાની પરવા નહિ રાખતાં મુસલમાનો તેને પ્રેમપૂર્વક ચાહવા લાગશે. મતલબ કે ધર્મની એકતા જોયા પછી તેઓ જાતિને માટે દ્વેષભાવ રાખતા નથી. મુસલમાન દૃષ્ટિ સર્વ મુસલમાન પ્રજાને એકસમાન લેખે છે, પરંતુ અંગ્રેજ-ક્રિશ્ચીયનો અને રૂસ-ક્રિશ્ચીયનોમાં ભારે વિરોધભાવ જોવામાં આવે છે.

શિષ્યઃ—આપે કહ્યું તે રીતે તો જેમ મુસલમાન પ્રજાની પ્રીતિ * જાગતિક નથી તેમ યૂરોપીયન પ્રજાની પ્રીતિ પણ જાગતિક નથી.

ગુરુઃ—મુસલમાનોના પ્રીતિ-વિસ્તારમાં પણ અંતરાય કરનાર તેમની અમુક માન્યતા છે ખરી; પરંતુ જો સમસ્ત જગત્ મુસલમાન ધર્મનો અંગીકાર કરે તો મુસલમાન પ્રજા પણ સમસ્ત જગત્ને પ્રેમથી ચાહવા લાગે. × પરંતુ ક્રિશ્ચિયનોથી

* સમસ્ત જગત્ અથવા સમસ્ત મનુષ્યોપ્રત્યેની પ્રીતિને જાગતિક પ્રીતિ કહેવામાં આવે છે. અનુવાદક.

× દિલગીરી સાથે જણાવવું પડે છે કે છેલ્લા મહાયુદ્ધમાં સ્વાર્થી ખ્રિસ્તી પ્રજાઓની હલકી અસર મુસલમાનો ઉપર પણ પહોંચી ગઇ; અને લાખો મુસલમાનોએ સામા પક્ષમાંના પોતાના ધર્મબંધુઓ ઉપર હથીઆર ચલાવ્યાં. હિંદુઓની તો આ વિષયમાં અવદશા સેંકડો વર્ષથીજ ચાલુ થઇ ચૂકેલી છે. પરદેશીઓનાં ઘર ભરવા સારૂ ભારતવર્ષની અજ્ઞોની સંપત્તિ લૂંટી આપવા માટેના કાપડ વગેરેના ધંધા કરીને પોતાનાં પાપી પેટ ભરવાનું અધમ કાર્ય કરવાવાળા, મોટાં મોટાં ટીલાંવાળા અને ધર્માત્મામાં ગણાયે જતા લાખો હિંદુઓ મુંબઇ અને બીજાં શહેરો તેમજ ગામોમાં આજે પણ પડેલાજ છે ને! કરોડો લૂંટી આપી તેમાંથી લાખોની મજીતર મેળવવી અને તેમાંથી થોડા સો કે થોડા હજારનું દાન કરી પોતાને ધર્માત્મા માની

તેવું બની શકે એમ નથી. સમસ્ત જગત્ જો ક્રિશ્ચિયનધર્માવલંબી થાય તો પણ જર્મનો જર્મનક્રિશ્ચિયનને અને ફ્રેંચો ફ્રેંચક્રિશ્ચિયન સિવાય અન્ય કોઇને ચાહી શકવાના નહિ. હવે પ્રશ્ન એ છે કે યુરોપીય પ્રીતિ દેશવ્યાપક બનવા છતાં શામાટે વિશેષ આગળ ગતિ કરી શકતી નથી?

આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે આ પ્રથમ પ્રીતિસ્ફુર્તિમાં મુખ્ય વિરોધી વસ્તુ કયી છે તેનો આપણે વિચાર કરવો જોઇએ. મને વિચાર કરતાં એમ જણાયું છે કે આત્મપ્રીતિ એ તેમની પ્રીતિસ્ફુર્તિમાં મુખ્ય વિઘ્નસ્વરૂપ છે. પશુ-પક્ષીઓની માફક મનુષ્યોમાં પણ આત્મપ્રીતિની અતિશય પ્રબળતા જોવામાં આવે છે. તેમનામાં કુદ-રતી રીતેજ પરપ્રીતિ કરતાં આત્મપ્રીતિ બહુજ બળવાન્ હોય છે. એટલા માટે **જો ઉન્નત ધર્મદ્વારા આપણા સ્વાર્થી જીવનને અંકુશમાં ન રાખીએ તો પ્રીતિનો વિસ્તાર આત્મપ્રીતિની સીમા બહાર એક પગલું પણ આગળ વધી શકતો નથી.** જ્યાંસુધી પોતાના સ્વાર્થને ધક્કો ન લાગતો હોય અને આગળ પાછળ કાંઇ બદલો મળ્યો હોય કે મળવા સંભવ હોય ત્યાંસુધી જ આત્મપ્રીતિની ખીલવણી માણસથી થઈ શકે છે, એથી લેશ પણ તે આગળ વધી શકતો નથી. આપણી પારિવારિક પ્રીતિને આત્મપ્રીતિ સાથે બિલકુલ વિરોધ આવતો નથી; કારણ કે આ મારો પુત્ર, આ મારી ભાર્યા, અને આ સર્વ મારા સુખનાં સાધનો છે, એમ માની તેમને ચાહવાનો આપણને સ્વભાવ પડી ગયો હોય છે. તેથી આપણાં કુટુંબ, મિત્રમંડળ, આશ્રિતવર્ગ તથા અનુચરવર્ગને આપણે પ્રેમથી ચાહીએ છીએ. એજ પ્રમાણે ગામ, નગર કે દેશને પણ આપણા સુખને માટે આપણે ચાહી શકીએ છીએ; પરંતુ જગતની સાથે આપણો કશો સંબંધ હોય એમ આ-પણને સમજાતું નથી અને તેથી સમસ્ત જગતને આપણે પ્રેમપૂર્વક ચાહી શકતા નથી. આ પૃથ્વી ઉપર લાખો અને કરોડો મનુષ્યો વસે છે, તેમનો દેશ-પ્રાંત અલ-

---

લેનારા ઓ બગભગતો! તમારા જેવાઓના પ્રતાપેજ દેશ નિર્ધન બની જઇને દર-વરસે લાખો અને કરોડો માણસો ભુખમરાથી, દુષ્કાળોથી અને વ્યાધિઓથી મરે છે એ શું ચોખ્ખીને ચટ્ટ વાત નથી? શું એ બધાઓના ખુની તમે નથી? આ મહા ઘોર ગુન્હાથી બચવા માટે શું ઇશ્વરની આંખોમાં પણ તમે ધૂળ નાખી શકશો? જ્યાંસુધી ગાંધી જેવો ગુરુ આવી બાબતો ચોકખી રીતે સમજાવનારો તમને નહોતો મળ્યો, ત્યાંસુધી તો અજાણપણનો પણ બચાવ કદાચ ચાલી શકે, પણ હવે તો ચોકખા-ઇરાદાપૂર્વકનાજ ખુનીઓ તમે ખરા કે નહિ? જાગો, અને તમારૂં ભલું તાકીને એવા ધંધાથી છેટા રહો! ચાર દહાડાનું ચાંદરણું તો કાલે ટળી જશે અને પછી દીર્ઘકાળ સુધી ઘોર નર્કમાં સડવાનું અને નીચ યોનિઓમાં રવડવાનું આવશે

સંપાદક

[illegible] ભિન્ન હોય છે, પરંતુ તેઓ જો પૃથ્વી ઉપર આપણી પૃથ્વીથી ભિન્ન હોતી નથી, પરંતુ તે છતાં પણ આપણી પોતાની માની શકતા નથી, અને તેથી પૃથ્વીપરના આપણે ચાહી શકતા નથી.

પ્ર૦—એવી માનિનતા બાધ કરવાનું શું કારણ હશે? તેનો ઉત્તર શું છે?

[illegible]

—યુરોપમાં એ પ્રશ્નના અનેક પ્રકારે ઉત્તરો આપવામાં આવે છે. યુરોપમાં [illegible]નવાદની બહુજ પ્રબળતા છે. તેઓનો મુખ્ય સિદ્ધાંત જનસમાજના મોટા ભાગનું અધિક કલ્યાણ થવા દેવું, એવા પ્રકારનો છે. તે ઉપરાંત પ્રભુ ખ્રિસ્તનો જાગતિક પ્રીતિવાદ પણ એવું કહે છે કે સર્વ મનુષ્યમાત્ર ઇશ્વરના પુત્રસ્વરૂપ છે, તેથી સર્વે મનુષ્યો પ્રતિ ભાઇ સમાન આચરણ રાખવું જોઇએ.

શિષ્ય:—આવા સંતોષકારક ઉત્તરો વર્તમાન હોવા છતાં, અને તે ઉપરાંત ક્રાઇસ્ટ ધર્મનો ઉન્નત નીતિવાદ પ્રચલિત હોવા છતાં, યુરોપીયન પ્રજાની પ્રીતિ પોતાના દેશની બહાર કેમ વિસ્તાર નહિ પામી શકતી હોય?

ગુરુ:—તેનાં કારણોની તપાસ કરવા આપણે પ્રાચીન કાળના ગ્રીસ તથા રોમ તરફ જવું પડશે. પ્રાચીન ગ્રીસ તથા રોમમાં પ્રથમ કોઇ પ્રકારનો ઉન્નત ધર્મ નહોતો. જે કોઇ સુંદર અને શક્તિમાન હોય તેની મૂર્તિપૂજા સિવાય તેઓ કોઇ વિશેષ જાણતા નહોતા, અને તેથી તેઓ ઉચ્ચ ધર્મના સિદ્ધાંતોથી છેક વિમુખ હતા. જગતના મનુષ્યો પ્રતિ શામાટે પ્રેમ રાખવો તે પ્રશ્નનો તેઓની પાસે એકે ઉત્તર નહોતો. એટલા માટે તેમનો પ્રીતિભાવ દેશની સીમાને ઓળંગી બહાર જઇ શક્યો નહોતો; પરંતુ મેં જે બે જાતિઓનો ઉલ્લેખ કર્યો તે બન્ને જાતિઓ ઉન્નતસ્વભાવવાળી આર્યવંશમાંથી ઉદ્ભવેલી હતી, તેથી તેમનામાં સ્વાભાવિક રીતેજ મહત્ત્વના ગુણો રહેલા હતા. આ મહત્તાને લઇને તેમની પ્રીતિ સ્વદેશની સીમાપર્યંત વિસ્તરવા પામી હતી, અને એ દેશપ્રીતિએ બહુજ મનોહર તથા આદર્શક સ્વરૂપ પકડ્યું હતું. દેશવાત્સલ્યના ગુણમાં ફક્ત બન્ને જાતિઓ પૃથ્વીમાં અમર કીર્તિ પ્રાપ્ત કરી ગઇ છે.

આધુનિક યુરોપમાં વર્તમાન કાળે, એક મનુષ્ય પોતે ક્રિશ્ચિયન હોય કે ગમે તે હોય તોપણ તેને મુખ્યત્વે પ્રાચીન ગ્રીસ અને રોમમાંથી ઉતરી આવેલું શિક્ષણ આપવામાં આવે છે. ટુંકામાં, પ્રાચીન ગ્રીસ અને રોમ આધુનિક યુરોપને માટે આદર્શ સ્વરૂપ બની ગયા છે. આ આદર્શોએ આધુનિક યુરોપમાં એટલું બધું આધિપત્ય મેળવ્યું છે કે તેની પાસે મહાત્મા ક્રાઇસ્ટની નીતિ પણ ઝાંખી પડી ગઇ છે. તે સિવાય આધુનિક યુરોપ ઉપર એક ત્રીજી જાતિની પણ [illegible] અસર [illegible] થાય છે. હું યાહુદીજાતિ વિષે બોલવા માગું છું તે તું સમજી ગયો હોઇશ. યાહુદી

પ્રજા ખાસ કરીને બહુજ દેશવત્સલ હોય છે; પરંતુ દેશવાત્સલ્ય અને જગત્ વાત્સલ્યને અતિશય છેટું છે, એ વાત પુનઃ કહેવાની જરૂર નથી. જે દેશવત્સલ હોય તે જગતવત્સલ પણ હોય એમ ભાગ્યેજ બનતું જોવામાં આવે છે. આ પ્રમાણે ત્રણ પ્રકારની અસરો પ્રધાનતઃ યૂરોપીય પ્રજા ઉપર થઇ છે, અને તેથી તે લોકવત્સલ બનવાને બદલે દેશવત્સલ બનવા પામી છે. તેમાં પણ ખૂબી તો એજ છે કે આટલું છતાં યૂરોપનો ધર્મ ક્રિશ્ચિયન ધર્મ ગણાય છે. બિચારો ક્રિશ્ચિયન ધર્મ પણ ઉક્ત ત્રણ અસરોને લીધે એટલો બધો નિર્બળ થઇ ગયો છે કે હવે તે માત્ર વાણીમાંજ રહી ગયો છે. તેના જગત્ હિતના સિદ્ધાંતો તરફ કોઇનું લક્ષ ખેંચાતું નથી. યૂરોપીય પ્રજા મોઢેથી તો પોતાને જગતવત્સલ બતાવવાનો ડોળ કરે છે; પરંતુ તેઓનાં અંતઃકરણોમાં જો ઉંડા ઉતરીને તપાસીએ તો દેશવાત્સલ્ય સિવાય બીજું કાંઇ દેખાશે નહિ. મારા કથનનો આશય સમજાય છે ને ?

શિષ્યઃ—પ્રીતિવૃત્તિનું પ્રાકૃતિક અથવા યૂરોપીય અનુશીલન તો જાણે મારા સમજવામાં આવ્યું. આત્મપ્રીતિરૂપી અંતરાય નડવાથી યૂરોપીયન પ્રજાની પ્રીતિવૃત્તિ દેશવાત્સલ્યથી વિશેષ આગળ વધી શકતી નથી, અને તેથી તેઓ પ્રીતિની સંપૂર્ણ ખિલવણી કરી શકતા નથી, એ વાતમાં મને હવે કાંઇ શંકા રહી નથી. જે પ્રજા જગત્ની સાથે પોતાનો અમુક સંબંધ છે, એ વાત શ્રદ્ધાપૂર્વક ન સ્વીકારે, તે પ્રજા જગત્ના મનુષ્યોનું હિત સાધવાને તત્પર ન થાય, એમાં હવે મને કાંઇ આશ્ચર્ય જેવું જણાતું નથી. હવે પ્રીતિનો પારમાર્થિક અથવા ભારતવર્ષીય અનુશીલનનો મર્મ સમજાવવાની કૃપા કરશો ?

ગુરુઃ—પરંતુ તે પહેલાં તારે ભારતવર્ષીય દૃષ્ટિએ ઇશ્વરનું સ્વરૂપ વિચારી લેવું જોઇએ. ક્રિશ્ચિયનોનો ઇશ્વર જગત્થી તદ્દન સ્વતંત્ર છે. અલબત્ત તે જગત્નો ઇશ્વર છે, એમ મનાય છે, પરંતુ જર્મની અથવા રુશીયાનો રાજા જેવી રીતે સમસ્ત જર્મન પ્રજા અથવા રુશીઅન પ્રજાથી એક સ્વતંત્ર વ્યક્તિ છે, તેવીજ રીતે ક્રિશ્ચિયનોનો ઇશ્વર પણ જગત્થી એક પૃથક્–જૂદીજ વ્યક્તિ ગણાય છે. આ પૃથ્વીના રાજાઓની માફક તે ઇશ્વર પણ જગત્થી ભિન્ન રહી રાજ્યપાલન તથા રાજ્યશાસન ચલાવે છે, અર્થાત્ દુષ્ટોનું દમન, શિષ્ટોનું પાલન, તથા લોકોની સાર સંભાળ પણ તે લે છે. તેમનો ઇશ્વર પોલીસની માફક મનુષ્યો ઉપર દેખરેખ રાખે છે. પૃથ્વીના રાજાની કૃપા પ્રાપ્ત કરવા જેવી રીતે આપણે પ્રયત્ન કરીએ છીએ તેવીજ રીતે તે જગત્ના ઇશ્વરની કૃપા પ્રાપ્ત કરવા માટે મનુષ્યોએ તેના પ્રતિ પ્રીતિ તથા ભક્તિભાવ દર્શાવવો જોઇએ.

હિંદુઓનો ઇશ્વર તેવો નથી. તે તો સર્વ ભૂતમય–સર્વ પ્રાણીમાત્રના અંતરાત્મા સ્વરૂપ છે. તે જડ જગતમય નથી–પણ જગત્થી પૃથક્ છે, છતાં તેના વડેજ આ

જગતની સ્થિતિ તથા ગતિ છે. જેવી રીતે એક સૂત્રના આધારે મણિનો હાર શોભે છે, અને જેવી રીતે આકાશને વિષે વાયુ ગતિ કરે છે તેવીજ રીતે આ જગત્ ઈશ્વરનાજ આધારે ટકી રહ્યું છે. કોઈ પણ મનુષ્ય એવો નથી કે જેનામાં ઈશ્વરનો વાસ ન હોય. તે પ્રત્યેક પ્રાણીમાત્રમાં વિદ્યમાન છે. મારામાં પણ તેનોજ નિવાસ છે. મને પ્રેમથી ચાહનાર મનુષ્ય ઈશ્વરનેજ ચાહે છે. ઈશ્વરને નહિ ચાહનાર મનુષ્ય મને પણ ચાહી શકતો નથી, અને ઈશ્વરને ચાહનાર મનુષ્ય સકળ મનુષ્ય જાતિને પણ પ્રેમથી ચાહી શકે છે. જે કોઈ, ઈશ્વરને ચાહી શકતું નથી તે ઈશ્વરને કે પોતાને પણ ચાહી શકતો નથી. અર્થાત્ સમસ્ત જગત્ જ્યાંસુધી પ્રીતિની અંતર્ગત થઈ ન જાય ત્યાંસુધી પ્રીતિનું અસ્તિત્વજ સ્વીકારી શકાય નહિ. આ સમસ્ત જગત્ ઈશ્વરમય અથવા મારા પોતામયજ છે—હું પોતેજ છું એમ જ્યાં સુધી આપણે સમજી શકીએ નહિ, ત્યાંસુધી આપણે આપણને સંપૂર્ણ જ્ઞાન, નિર્મળ બુદ્ધિ, પવિત્ર ભક્તિ કે મનોહર પ્રીતિભાવ પ્રાપ્ત થવાની આશા રાખવી નિષ્ફળ છે. આ પ્રકારની જાગતિક પ્રીતિ એજ હિંદુધર્મનું મૂળ છે. આવી અદ્વૈત અને અભિન્ન જાગતિક પ્રીતિ સિવાય હિન્દુત્વ પણ સંભવતું નથી.

શ્રીકૃષ્ણ પરમાત્માના તે મહામહિમામય વાક્યોનું પુનઃ સ્મરણ કરઃ—

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥
यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥ *

અર્થાત્—જે યોગયુક્ત આત્મા સર્વ પ્રાણીમાત્રમાં પોતાનેજ રહેલો સમજે છે અને પોતાનામાંજ સર્વભૂતોનો વાસ છે, એમ માને છે; તથા જે મને સર્વત્ર વ્યાપક સમજે છે અને મારામાંજ સર્વને રહેલાં જુવે છે તેનાથી હું અદૃશ્ય રહેતો નથી તેમજ તે પણ મારાથી અદૃશ્ય રહેતો નથી.

ટુંકામાં એટલુંજ કહેવું બસ થશે કે હિન્દુશાસ્ત્ર અનુસારે મનુષ્યપ્રીતિ એ ઈશ્વરભક્તિની અંદરજ સમાવેશ પામી જાય છે. મનુષ્યપ્રીતિ ન હોય તો ઈશ્વરભક્તિ પણ અસંભવિત છે. ભક્તિ અને પ્રીતિ, હિન્દુશાસ્ત્રની દૃષ્ટિએ તદ્દન અભિન્ન

* વૈદિક ધર્મ પણ તેજ છે. વાજસનેય સંહિતોપનિષદમાં કહ્યું છે કેઃ—

यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥
यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥

અને અચ્છેદ્ય છે-ભકિત વિના પ્રીતિ રહીજ ન શકે. તેમ પ્રીતિ વિના ભકિત પણ રહી શકે નહિ. ભકિતતત્ત્વનું સ્પષ્ટીકરણ કરતી વેળા આ વાત હું તને કહી ગયો છું. ભગવદ્‌ગીતા તેમજ વિષ્ણુપુરાણવાળા પ્રલ્હાદચરિત્રમાંથી મેં જે વાકયો તારી પાસે ઉધ્ધૃત કર્યાં હતાં, તે ઉપરથી પણ તું જોઇ શકયો હોઇશ કે ભકિત અને મનુષ્ય પ્રીતિને બહુજ નિકટનો સંબંધ છે.

જ્યારે હિરણ્યકશિપુએ પ્રલ્હાદને પ્રશ્ન કર્યો કે:-" શત્રુની સાથે રાજાએ કેવી રીતે વર્તવું જોઇએ ?" ત્યારે પ્રલ્હાદે ઉત્તરમાં કહ્યું કે:-" શત્રુ હોઇજ કેમ શકે ? પ્રાણીમાત્ર વિષ્ણુમય-ઇશ્વરમય છે. શત્રુ અને મિત્ર એવા ભેદો કેવી રીતે પાડવા તેજ હું તો સમજતો નથી." પ્રીતિતત્ત્વ સંબંધે આપણે જે વિચાર કરવાનો હતો, તેનો થોડો અંશ તો અહિંજ સમાપ્ત થાય છે. વસ્તુતઃ પ્રલ્હાદના છેલ્લા શબ્દો એવા મહત્ત્વના છે કે એટલા શબ્દો ઉપરથીજ હિંદુધર્મની શ્રેષ્ઠતા તથા મહત્તાનું સંપૂર્ણ માપ કાઢી શકાય છે. પ્રલ્હાદના સકળ ઉત્તરો તથા ભગવદ્‌ગીતામાંથી ચુંટી કહાડેલાં વાકયોનું આ સ્થળે એકવાર પુનઃ સ્મરણ કરી લે. જો તે વાકયો તારા સ્મરણમાં ન રહ્યાં હોય તો તેનું ઉકત ગ્રન્થોમાંથી પુનઃ અધ્યયન કરી લે. જ્યાં સુધી એ વાકયોનું મહત્ત્વ તારા હૃદયમાં અંકિત નહિ થાય ત્યાંસુધી હિંદુધર્મનું પ્રીતિતત્ત્વ તું સંપૂર્ણ રીતે સમજી શકશે નહિ. આ પ્રીતિવડેજ જગત્ ટકી રહ્યું છે. જો આવી પ્રીતિ આપણામાં સ્વાભાવિક રીતેજ ન હોત તો જગત્ કયારનુંયે અવ્યવસ્થિત અને છિન્નભિન્ન થઇ ગયું હોત. પ્રીતિ વિના આ જગત્ કેવળ જડપિંડ જેવુંજ બની ગયું હોત. મનુષ્યોમાં પ્રીતિતત્ત્વનો છેક અભાવ હોત તો એ વિદ્વેષી મનુષ્યો આ જગત્ ઉપર એક ક્ષણ માત્ર પણ જીવી શકત નહિ. પ્રીતિના અભાવે આ સંસાર કયારનો મનુષ્યશૂન્ય બની ગયો હોત, અને કદાચ તેમ ન બન્યું હોત તો આ મનુષ્યલોકે અસલ નરકનું ભયંકર રૂપ ધારણ કર્યું હોત. ભકિત પછી પ્રીતિની આગળ બીજી એકે ઉચ્ચવૃત્તિ નથી. જેવી રીતે ઇશ્વરને વિષે આ જગત્ ગુંથાયેલું છે, તેવીજ રીતે પ્રીતિવડે આ જગત્ ગતિમાન થઇ રહ્યું છે. ઇશ્વર પોતેજ પ્રીતિ અને ઇશ્વર પોતેજ ભકિત સ્વરૂપે જગતનો એક માત્ર આધાર છે. પ્રાણીમાત્રના હૃદયમાં જે પ્રીતિ તથા ભકિત રહેલી છે તે ઇશ્વરરૂપજ છે. અજ્ઞાનને લીધે આપણે ઇશ્વરને ઓળખી શકતા નથી, તેમજ અજ્ઞાનને લીધે આપણે પ્રીતિ તથા ભકિતનું સંપૂર્ણ માહાત્મ્ય સમજી શકતા નથી. એટલાજ માટે મેં કહ્યું છે કે ભકિત તથા પ્રીતિના યોગ્ય અનુશીલન અર્થે મનુષ્ય માત્રે પોતાની જ્ઞાનાર્જની વૃત્તિઓને યથા-યોગ્ય પ્રમાણમાં કેળવવી જોઇએ. જ્ઞાનાર્જની વૃત્તિ જો કેળવાય નહિ તો ભકિત પ્રીતિ આદિ વૃત્તિઓ પણ વિકસિત થઇ શકે નહિ. પ્રત્યેક વૃત્તિનું યોગ્ય પ્રમાણમાં અનુશીલન અથવા ખીલવણી કરવી એ મનુષ્ય માત્રની પવિત્ર ફરજ છે, એમ હું

કહ્યું તે એટલાજ માટે કે સમસ્ત વૃત્તિઓની યથાયોગ્ય સ્ફુર્તિ ન થાય તો ધર્મની પ્રાપ્તિ પણ થઇ શકે નહિ.

શિષ્ય:—પ્રીતિવૃત્તિની ભારતવર્ષીય અથવા પારમાર્થિક અનુશીલન પદ્ધતિ મારા સમજવામાં આવી ગઇ. જ્ઞાનદ્વારા ઇશ્વરનું સ્વરૂપ સમજી જગતની સાથે તેની તથા આપણી અભિન્નતા છે, એવી ક્રમે ક્રમે આપણે દૃઢ શ્રદ્ધા પ્રાપ્ત કરવી જોઇએ. છેવટે જ્યારે સર્વ લોકને આપણે આપણા આત્મા સમાન લેખતાં શીખીએ ત્યારેજ પ્રીતિવૃત્તિની સંપૂર્ણ સ્ફુર્તિ થઇ એમ ગણાય. આત્મપ્રીતિ (સ્વાર્થવૃત્તિ) પણ એ જાગતિક પ્રીતિની વચમાં વિઘ્ન નાંખી શકતી નથી. કારણ કે સમસ્ત જગત્ જો પ્રભુમય અથવા આત્મમય જણાવા લાગે તો પછી આત્મપ્રીતિ કોઇ હાનિ કરી શકે એવો સંભવ રહેતો નથી. આવી પ્રીતિસ્ફુર્તિનું પરિણામ છેવટે માત્ર દેશવાત્સલ્યમાંજ આવીને નહિ અટકતાં જગત્ વાત્સલ્યમાંજ પરિણામ પામે છે. પ્રાકૃતિક (ભૌતિક અથવા સ્થૂલ) ઉન્નતિના પરિણામે યૂરોપમાં તો દેશવાત્સલ્યનો જન્મ થયો છે, પરન્તુ હું જાણવા માગું છું કે આપણા ભારતવર્ષમાં જગત્ વાત્સલ્યે ક્યાંય જન્મ લીધો છે?

ગુરુ:—આજકાલ એવું બનતું જોવામાં આવતું નથી. પાશ્ચાત્ય શિક્ષણના સંસ્કારોએ આપણા ઉપર એવી તો સજ્જડ અસર કરી છે કે હવે આપણે જગત્વત્સલ થવાને બદલે દેશવત્સલ થવા લાગ્યા છીએ. અત્યારે આપણને અન્ય પ્રજાઓ ઉપર તિરસ્કાર આવવા લાગ્યો છે, પરંતુ અત્યાર સુધી આ દેશમાં એવું કાંઇજ નહોતું. "દેશવાત્સલ્ય" એવી વસ્તુજ આ દેશમાં નહોતી. અન્ય પ્રજાપ્રતિ ભેદભાવે વર્તવું, એવો કોઇને કદાપિ ખ્યાલ પણ આવતો નહોતો. હિંદુ રાજાઓની પછી મુસલમાન રાજાઓ થયા તોપણ હિંદુઓએ તેમની સામે કદી વાંધો ઉઠાવ્યો નહિ. હિંદુઓને મન હિંદુ તથા મુસલમાન એક સમાન હતા. મુસલમાન પછી અંગ્રેજો આવ્યા, તો પણ હિંદુઓએ એકકે શબ્દ ઉચ્ચાર્યો નહિ, એટલુંજ નહિ પણ હિંદુઓએજ અંગ્રેજોને બોલાવી રાજ્ય ઉપર બેસાર્યા. હિંદુ સીપાહીઓ અંગ્રેજોની તરફથી લડ્યા અને હિંદુઓનું રાજ્ય તેમનેજ અર્પણ કર્યું. કારણ કે અંગ્રેજો પોતાનાથી ભિન્ન જાતિના છે, એવો ખ્યાલજ હિંદુ પ્રજાને આવી શક્યો નહોતો. અંગ્રેજો પ્રત્યે તેમને મુદ્દલ દ્વેષભાવ નહોતો. આજે પણ ભારતવર્ષ અંગ્રેજ રાજ્યપ્રત્યે સંપૂર્ણ વફાદાર છે. અંગ્રેજ પ્રજા હિંદુજાતિની આવી પ્રભુભક્તિ–રાજભક્તિ સમજીરૂપે સમજી શકતી નથી, અને તેથી તે હિંદુજાતિને દુર્બળ માની કૃત્રિમ પ્રભુભક્ત જાતિ માને છે. પરંતુ અંગ્રેજ પ્રજાની તે એક ગંભીર ભૂલ છે, એમ કહેવાની જરૂર નથી.*

* અંગ્રેજ પ્રજાની એ ભૂલ, અને તે લોકોને એક માની લેવાની હિંદીઓની ભૂલ, એ બન્ને ભૂલો અથવા ભ્રમણાઓનો ઘટસ્ફોટ હવે કેવી રીતે થવા માંડ્યો છે તે પણ હવે પ્રસિદ્ધજ છે.

શિષ્ય:—પરંતુ હિંદુ પ્રજા અથવા અંગ્રેજોના હિંદુ સીપાઇઓ "ઇશ્વર સર્વ ભૂતમાત્રમાં છે, સર્વત્ર આત્મતત્ત્વ છે." એમ માનીનેજ અંગ્રેજો તરફથી લડ્યા હોય એમ હું તો માની શકતો નથી.

ગુરુ:—સાધારણ જનસમાજ એવી તાત્ત્વિક વાતોને સમજી ન શકે. એ વાત તો તદ્દન સ્પષ્ટજ છે. પરંતુ જાતીય ચરિત્ર સર્વદા જાતીય ધર્મનેજ અવલંબી રહ્યું હોય છે, એ સિદ્ધાંત વિસરી જવો જોઇતો નથી. જેઓ પોતાનો જાતીય ધર્મ સમજતા નથી તેઓને પણ જાતીય ધર્મને અધીન રહ્યા સિવાય ચાલતું નથી. અર્થાત્ જાતીયધર્મદ્વારાજ જાતીય ચરિત્ર ઘડાય છે. ધર્મનો ગૂઢ મર્મ તો બહુજ અલ્પ મનુષ્યો સમજી શકે છે; પરંતુ જેઓ તે ગૂઢ મર્મ સમજી શકે છે તેમની આજ્ઞાથી અને તેમના અનુકરણદ્વારા તે દેશનું જાતીય (સામાજિક) ચરિત્ર પણ ક્રમે ક્રમે ગઠિત તથા શાસિત થતું ચાલે છે. હું તને જે અનુશીલન ધર્મ આજે સમજાવવા બેઠો છું. તે ધર્મ પણ સર્વ સાધારણ હિંદુ પ્રજાને માટે સહજે સમજાય એમ હું માનતો નથી; પરંતુ એટલું તો નિશ્ચિતજ છે કે જો વિદ્વાન્ પુરુષો આ ધર્મના રહસ્યને બરાબર સમજીને ગ્રહણ કરે તો તેમની આજ્ઞા અને અનુકરણદ્વારા સમસ્ત હિંદુજાતીનું જાતીય ચરિત્ર પણ ગઠિત થયા વના રહે નહિ. જાતીય ધર્મનું મુખ્ય ફળ બહુજ અલ્પ મનુષ્યોને પ્રાપ્ત થાય છે. પરંતુ તેનું ગૌણ ફળ તો સૌ કોઇને અવશ્યજ પ્રાપ્ત થાય છે.

શિષ્ય:—એક વાત હજી બરાબર સમજાઇ નહિ. આપે પ્રીતિની જે પારમાર્થિક અનુશીલનપદ્ધતિ દર્શાવી તેના પરિણામે જગત્ વાત્સલ્યમાં દેશવાત્સલ્ય સમાઇ જાય, એ વાત તો હું સમજી ગયો. પણ દેશવાત્સલ્યના અભાવે આ ભારતવર્ષ સાતસેં વર્ષથી પરાધીનપણે અવનતિ પામતો જાય છે, તેનો કાંઇ વિચાર કર્યો? આપે કહી તે પારમાર્થિક પ્રીતિ સાથે જાતીય ઉન્નતિને કાંઇ સંબંધ છે ખરો?

ગુરુ:—નિષ્કામ કર્મયોગદ્વારાજ જાતીય ઉન્નતિ થઈ શકે. પોતાનાં સર્વ કર્તવ્ય-કર્મ નિષ્કામપણે કરવાં જોઇએ. જે કર્મો ઇશ્વરાનુમોદિત એટલે કે શાસ્ત્રસંમત હોય તેજ કર્મો અનુષ્ઠેય છે, એ વાત તો પૂર્વે હું કહીજ ગયો છું. આત્મરક્ષા, દેશરક્ષા, પરપીડિતની રક્ષા, અને પતિતોનો ઉદ્ધાર—એ સર્વ ઇશ્વરાનુમોદિત કર્મો છે; અને તેથી તે આચરવા યોગ્ય છે. અર્થાત્ નિષ્કામ ચિત્તે આત્મરક્ષા, દેશરક્ષા, પીડિત બન્ધુઓની રક્ષા તથા દેશીય લોકોની ઉન્નતિ કરવાના પ્રયત્નો અંતઃકરણ પૂર્વક કરવા જોઇએ.

શિષ્ય:—નિષ્કામપણે આત્મરક્ષા કેમ થઇ શકે, તે સમજાતું નથી. આત્મરક્ષા પોતેજ સકામ છે.

ગુરુ:—તે પ્રશ્નનો ઉત્તર હવે પછી આપીશ.

अध्याय २२ मो–आत्मप्रीति

શિષ્ય:—નિષ્કામ આત્મરક્ષા કેવી રીતે થઈ શકે એ પ્રશ્નનો ઉત્તર આપે આજે આપવાનું કહ્યું છે. કૃપા કરીને તેનું સમાધાન કરો તો સાંભળવાની ઈચ્છા છે.

ગુરુ:—આપણા ભક્તિવાદના સમર્થન માટે કોઈ પાશ્ચાત્ય પંડિત પ્રમાણો આપે એવી આશા હું રાખતો નથી. છતાં હર્બર્ટસ્પેન્સરની એક યુક્તિનો ભાવાર્થ હું તને કહું તે સાંભળ:—

"ઈશ્વરની સૃષ્ટિની રક્ષામાટે પ્રત્યેક પ્રાણીએ પોતાની આત્મરક્ષા કરવી જોઈએ. સૃષ્ટિ રક્ષા અર્થે આત્મરક્ષા અત્યંત પ્રયોજનીય છે, અને તેથી તે ઈશ્વરોદ્દિષ્ટ કર્મ છે. એ ઈશ્વરાનુમોદિત કર્મ સર્વદા નિષ્કામપણે કરવું જોઈએ. આત્મરક્ષા પણ નિષ્કામપણે થઈ શકે છે, અને તેમ કરવું એ પ્રાણીમાત્રની ફરજ છે."

હવે, પરહિત અને પરરક્ષાની સાથે આ આત્મરક્ષાની સરખામણી કરી જો. પરહિત ધર્મ કરતાં પણ આત્મરક્ષાધર્મનું ગૌરવ અધિક છે. જો જગતના લોકો પરસ્પરનું હિત ન કરે, અથવા પરસ્પરની રક્ષા ન કરે તો તેથી જગત્ મનુષ્ય-રહિત થઈ જાય એવો સંભવ નથી. ઉદાહરણ તરીકે અસભ્ય કિંવા જંગલી મનુષ્યો પરહિત ધર્મને લેશ પણ સમજતા નથી. છતાં પણ જગતમાંથી જંગલી જાતિઓ હજી નષ્ટ થઈ નથી, અને થઈ શકે પણ નહિ; પરંતુ કોઈ પણ સભ્ય અથવા અસભ્ય સમાજ જો આત્મરક્ષામાં બેદરકાર રહે તો તેનો નાશ તો વહેલો મોડો થયા વિના રહેજ નહિ. જો પ્રત્યેક મનુષ્ય અથવા પ્રત્યેક પ્રાણી પોતાની આત્મરક્ષા અર્થે સર્વદા તત્પર ન રહે તો જગતમાં એક પણ મનુષ્ય કે એક પણ પ્રાણી બચી શકે નહિ. મતલબ કે પરહિત કરતાં પણ પોતાના પ્રાણની રક્ષા કરવી એ અત્યંત પ્રયોજનીય છે.

શિષ્ય:—આપના આ સિદ્ધાંતો મને તો નાસ્તિક જેવા જણાય છે. કેમકે હું કોઈને કાંઈ પણ આપ્યા વિના મારૂં પેટજ ભર્યાં કરૂં તો તેનું પરિણામ શું આવે ?

ગુરુ:—તું તારા માટે જે કાંઈ ખાવાની સામગ્રી એકત્ર કરી શકે, તે સર્વ સામગ્રી જો તું દરરોજ અન્યને વહેંચી દે તો, બહુ બહુ તો સાત–આઠ દિવસે તારા દાનધર્મનો અંત આવ્યા વિના રહે નહિ; કારણ કે તું પોતે ખાઈ ન શકે તો તારો દેહ પણ ટકી શકે નહિ. પરાર્થે કાંઈ પણ વાપરવું નહિ, એમ હું કહેવા માગતો નથી, પરંતુ પોતાની આત્મરક્ષાઅર્થે પણ પ્રત્યેકે ખાવું તો જોઈએ, એજ હું કહેવા માગું છું. પરાર્થે કાંઈ પણ વાપરી શકે એવી જેની સ્થિતિ ન હોય, તેણે પરને આપ્યા વિના પોતેજ પોતાનો નિર્વાહ ચલાવી લેવો જોઈએ. અહીંઆં કેટ-

લીધે ગેરસમજ ઉત્પન્ન થવાનો ભય છે ખરો. જેઓ પોતાના મોજશોખની ખાતર
લખલૂટ ખર્ચ કર્યા કરતા હોય, તેઓ પરાર્થે કાંઇ પણ દાન આપી શકે નહિ, તો તે
તેમને માટે કોઇ પણ રીતે ક્ષંતવ્ય લેખી શકાય નહિ. જેઓ ભૂતમાત્રમાં આત્મ-
બુદ્ધિ રાખતા હોય, તેમણે તો પોતાના આહારમાં અને પરના આહારમાં
કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવો ઉચિત નથી; કારણ કે પોતાનામાં અને
અન્યમાં સમાન બુદ્ધિ રાખવી એજ શ્રેષ્ઠ ધર્મ છે.

શિષ્યઃ—ઉદાહરણ આપવામાંજ મારી ભૂલ થઇ ગઇ. પરોપકારાર્થે પોતાના
પ્રાણનો ભોગ આપવો એ શું આપણું કર્તવ્ય નથી?

ગુરુઃ—અનેક સમયે તેમ કરવું એ પણ આવશ્યક કર્તવ્ય છે, અને તેવે સમયે
તે કર્તવ્ય નહિ બજાવવું એ અધર્મ છે.

શિષ્યઃ—એ વિષે કૃપા કરીને એક બે દૃષ્ટાંતો આપો તો સાંભળવાની ઇચ્છા છે.

ગુરુઃ—જે માતાપિતાના પ્રતાપે તને આ દેહ પ્રાપ્ત થયો છે, અને જેમના
પ્રતાપે તું કર્મ તથા ધર્મ કરવાને યોગ્ય બન્યો છે, તે માતાપિતાની રક્ષાર્થે પ્રસંગો-
પાત પ્રાણ અર્પણ કરવો પડે તો કરવો એ ધર્મ છે, અને તેવે પ્રસંગે તે કર્તવ્ય
ન બજાવવું તે અધર્મ છે.

તેવીજ રીતે તને પ્રાણદાન આપવાનો જો અન્ય કોઇએ પ્રયત્ન કર્યો હોય, તો
તેમને માટે પણ તારે પ્રાણનું બલિદાન આપવાને તત્પર રહેવું જોઇએ.

તેજ પ્રમાણે જેઓના રક્ષકતરીકે તારે તારૂં કર્તવ્ય બજાવવાનું હોય, તેમને માટે
પણ પ્રાણ આપવો એ પણ તારૂં આવશ્યક કર્તવ્ય છે. હવે, તું કોનો કોનો રક્ષક
છે, તે વિષે વિચાર કરી જો. એક તો તારાં સ્ત્રી-પુત્રાદિનો અને તારા પરિવાર
વર્ગનો, (૨) સ્વદેશનો, (૩) તારા સ્વામીનો—અર્થાત્ જેઓ તને પગાર આપી પોતાના
કાર્યમાં યોજે છે તે શેઠનો, અને (૪) શરણાગતનો. એટલા માટે સ્ત્રીપુત્રાદિ પરિ-
વાર, સ્વદેશ, સ્વામી તથા શરણાગત વિગેરેની રક્ષાઅર્થે તારે તારા પ્રાણની આહુતી
આપવી એ તારો ધર્મ છે.

જેઓ પોતાની રક્ષા કરવાને અશક્ત હોય, તેમની રક્ષા મનુષ્યમાત્રે કરવી
જોઇએ. સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, રોગીઓ તથા આંધળા-અપંગો વિગેરે પોતાની
રક્ષા કરી શકતા નથી. આવા મનુષ્યોની રક્ષાઅર્થે પણ આપણે પ્રાણનો ત્યાગ
કરવો પડે તો તે કરવો એ ધર્મ છે.

એ સિવાય પણ પ્રાણપરિત્યાગ કરવાના અનેક પ્રસંગો આવે છે, કે જેની
અત્યારે ગણત્રી થવી અશક્ય છે, તેમજ તેની એટલી બધી આ પ્રસંગે જરૂર પણ
નથી. જેની જ્ઞાનાર્જન તથા કાર્યકારિણી વૃત્તિઓ યથાયોગ્ય વિકાસ પામી હોય છે,
તેઓ કેવે પ્રસંગે પ્રાણપરિત્યાગ કરવો તે ધર્મ છે, અને કેવે પ્રસંગે તેમ કરવું એ

અર્થમાં મેં તે વાત બહુ સારી રીતે સમજી લીધી છે.

શિષ્યઃ—આપનો કહેવાનો આશય એવો છે કે આત્મપ્રીતિ એ અન્ય પ્રત્યેની પ્રીતિવૃત્તિની વિરોધી હોવા છતાં તે તિરસ્કારને પાત્ર તો નથીજ; પરંતુ આત્મપ્રીતિને યોગ્ય નિયમોથી સીમાબદ્ધ કરીનેજ તેનું ઉચિત અનુસરણ તથા વિકાસ કરવો જોઇએ. એમજને ?

ગુરુઃ–વસ્તુતઃ જો સ્વ–પરમાં કોઇ ભેદ ન લાગતો હોય અને સર્વ કોઇ સમાન છે, એવી વૃત્તિ સતત રહ્યા કરતી હોય, તો તો પછી સ્વ અને પર એવા ભેદો પાડવા એજ અનુચિત છે. આત્મપ્રીતિને યોગ્યરૂપે કેળવવાથી તથા તેને વ્યવસ્થિત બનાવવાથી ક્રમે ક્રમે તેનો સમાવેશ જાગતિક પ્રીતિમાં થઇ જાય છે; કારણ કે આપણે કંઇ આ જગતની બહાર નથી. ધર્મનું, અને તેમાં પણ ખાસ કરીને હિંદુધર્મનું મૂળ એક માત્ર ઇશ્વર છે. ઇશ્વર સર્વ ભૂતમાં વ્યાપ્ત છે, અને તેથી પ્રાણીમાત્રનું હિત સાધવું એજ આપણો ધર્મ છે. હું પૂર્વેજ કહી ગયો છું કે સર્વ વૃત્તિઓને ઇશ્વરમુખી કરવી એ મનુષ્યજન્મનો અંતિમ ઉદ્દેશ છે. જો પ્રાણીમાત્રનાં હિતસાધનમાં ધર્મ હોય તો પછી પરનું હિતસાધન કરવું એ પણ ધર્મકર્તવ્ય છે, એમ કહેવાની જરૂર રહેતી નથી. તેવીજ રીતે પોતાનું હિત સાધવું એ પણ આપણું ધર્મકર્તવ્ય છે; કારણ કે આપણે પણ સર્વ ભૂતના અંતર્ગતજ છીએ. જેવી રીતે અન્ય પ્રાણીઓમાં ઇશ્વરનું અસ્તિત્વ છે, તેવીજ રીતે આપણામાં પણ છે, એ વાતનો અસ્વીકાર કેવી રીતે થઇ શકે ? સારાંશ કે પરપ્રાણીની રક્ષા કરવી એ જેમ આપણો ધર્મ છે, તેવીજ રીતે પોતાની રક્ષા કરવી એ પણ આપણો ધર્મ છે.

શિષ્યઃ—પણ મૂળ વાતમાંજ મોટો વાંધો આવે છે, તેનું કેમ ? જે સ્થળે આત્મહિત અને પરહિત વચ્ચે પરસ્પર વિરુદ્ધતા ઉપસ્થિત થાય ત્યારે આત્મહિત સાધવું કે પરહિત સાધવું તેનો નિર્ણય કેવી રીતે કરવો ? અત્યાર પૂર્વેના ધર્મવેત્તાઓ એમજ કહી ગયા છે કે જ્યાં આવો વિરોધ ઉત્પન્ન થાય ત્યાં પરહિત સાધવું એજ ધર્મ છે. તે વિષે આપનો શું અભિપ્રાય છે ?

ગુરુઃ—તેં જે ઉક્ત વાત કહી તેવી વાત કોઇ ધર્મમાં હોય એમ મારા જાણવામાં નથી. ક્રિશ્ચિયન ધર્મ કહે છે કે બીજાઓ તરફથી જે પ્રકારના વર્તનની ઇચ્છા તમે રાખતા હો તેવા પ્રકારનું વર્તન તમે તેમના પ્રત્યે કરો. આ વચન ઉપરથી એટલું તો સમજી શકાય છે કે તેમાં પરહિતને પ્રાધાન્ય આપવાને બદલે સ્વહિત તથા પરહિત એ ઉભયને એકસરખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરંતુ એ વાતને આપણે હમણાં રહેવા દઇએ; કારણ કે આપણે પણ આ અનુશીલન તત્ત્વની વ્યાખ્યામાં, ખાસ પ્રસંગે પરહિતનેજ અગત્યનું સ્થાન આપવું પડશે; પરંતુ તારા પ્રશ્નનો નિર્ણય તો બહુજ સરળ રીતે થઇ શકે તેમ છે. તારા પ્રશ્નના ઉત્તરમાં

સર્વથી પ્રથમ મારે એટલું કહી દેવું જોઇએ કે પરનું અનિષ્ટ થાય એ તો સદા અધર્મજ છે. એટલે કે અન્યનું અનિષ્ટ કરી પોતાનું હિત સાધવાનો કોઇને પણ અધિકાર નથી. હિંદુધર્મ તથા ક્રિશ્ચિયનધર્મ તથા બીજા ધર્મો પણ આમાં સમ્મત થયા વિના રહેશે નહિ. વર્તમાન દાર્શનિકો તથા નીતિવેત્તાઓ પણ તેથી જૂદા પડી શકે તેમ નથી. અનુશીલન તત્ત્વ તું જો બરાબર સમજી શક્યો હોઇશ તો તારા લક્ષમાં આટલી વાત તો ખાસ કરીને આવીજ હશે કે પરનું અનિષ્ટ ચિંતવવું એ પણ ભકિત, પ્રીતિ આદિ શ્રેષ્ઠ વૃત્તિઓના અનુશીલનમાં મહાન્ વિઘ્નરૂપ છે, એટલુંજ નહિ પણ સમાનભાવ કે જેને ભક્તિ તથા પ્રીતિના લક્ષણરૂપ માનવામાં આવે છે, તે સમાનભાવનો પણ એ દુષ્ટવૃત્તિ ઉચ્છેદ કરે છે. પરનું અનિષ્ટ કરવાની ભાવનાથી ભક્તિ–પ્રીતિ–દયા આદિ શ્રેષ્ઠ વૃત્તિઓ લુપ્ત થઇ જાય છે, એટલા માટે અન્યનું અહિત કરીને પણ પોતાનું હિત સાધી લેવું એ તો છેકજ અનુચિત છે. હિંદુશાસ્ત્રની તથા આપણા અનુશીલન ધર્મની પણ એજ આજ્ઞા છે. આત્મપ્રીતિનો ઉપર કહ્યો તે એક મુખ્ય નિયમ છે.

શિષ્ય:—આ નિયમનો અમલ કેવી રીતે કરવો, તે સમજાવો. દાખલાતરીકે એક માણસ ચોર છે, અને તેનાં સ્ત્રીપુત્રાદિ કુટુંબીઓ ભુખથી ટળવળી રહ્યાં છે. ચોરી કરનારા મનુષ્યો ઘણું કરીને એવી અવસ્થાજ ભોગવતા હોય છે, એમ કહેવાની જરૂર નથી. એવો કોઇ ચોર, ધારો કે મારે ત્યાં રાત્રે ખાતર પાડવા આવે, અને તાળાં તોડવા માંડે તો તે વખતે મારે શું તેને ન પકડવો? ચોરી કરવાનો તેનો ઉદ્દેશ પોતાના પરિવાર વર્ગને અન્ન–વસ્ત્ર આપવા સિવાય બીજો કાંઇજ નથી, એ વાતનો હું અસ્વીકાર નથી કરતો; પરંતુ એવા ચોરને જતો કરવો, અથવા તો તેને ઇનામ આપીને વિદાય કરવો, એને આપ શું યોગ્ય ધારો છો?

ગુરુ:—નહિ, એવાઓને તો પકડી યોગ્ય સજા અપાવવી જોઇએ.

શિષ્ય:—એમ કરવાથી મારી સંપત્તિની તો રક્ષા કરી શકું અને મારૂં પોતાનું હિત સાધી શકું, પણ પેલા ચોરનું તથા તેનાં કુટુંબીઓનું ભયંકર અનિષ્ટ થાય તેનું શું કરવું? આપનો પ્રથમ નિયમ હવે ક્યાં ગયો?

ગુરુ:—ચોરનાં નિરપરાધી સ્ત્રીપુત્રાદિ જો ભુખથી રીબાતાં હોય અને તેમને ખાવા માટે તું કાંઇ આપે તો તે કાર્ય અયોગ્ય નજ કહેવાય. ચોર પોતે પણ ક્ષુધા–તૃષાથી પીડાતો હોય તો તેને પણ અન્ન–પાણી આપવું જોઇએ; પરંતુ તેને તેની ચોરીના અપરાધ માટે તો અવશ્ય દંડ મળવોજ જોઇએ; કારણ કે ચોર વિગેરેને જો ઉચિત શિક્ષા ન કરવામાં આવે તો તેથી આપણું એકલાનુંજ નહિ પણ સમસ્ત મનુષ્યજાતિનું અનિષ્ટ થાય છે. ચોરોને આશ્રય આપવાથી ચૌર્યવૃત્તિને ઉત્તેજન મળે છે અને તેથી એકંદરે સમાજનું અહિતજ થાય છે.

શિષ્ય:—આ તો આપે વિશાળની હિતવાદનો સિદ્ધાંત રજૂ કર્યો. જનસમાજના મોટા ભાગનું મોટું હિત થાય એ મૂળનું આવા પ્રસંગે આલંબન લેવું જોઈએ, એમજ આપ કહેવા માગો છો ને !

ગુરુ:—હિતવાદનો સિદ્ધાંત મશ્કરીમાં ઉડાવી મૂકવા જેવો નથી. હિતવાદીઓની એક મહાન્ ભૂલ છે તે આપણે સુધારી લેવી જોઈએ. તેઓ એમ કહે છે કે હિતવાદની અંદરજ સમસ્ત ધર્મોનું રહસ્ય સમાઈ જાય છે; પણ તે તેમનો ભ્રમ છે. હિતવાદ તો ધર્મતત્ત્વનો એક સામાન્ય અંશમાત્ર છે. મેં હિતવાદને ઉપર જે મહત્ત્વ આપ્યું તેને તો આપણા અનુશીલનવાદના એક ખુણામાંજ હું સ્થાન આપું છું. હિતવાદનો સિદ્ધાંત સત્ય છે, પણ તે ધર્મતત્ત્વના સમસ્ત ક્ષેત્ર ઉપર પ્રસરી જાય એટલો બળવાન નથી. ધર્મ જોઈએ તો ભક્તિમાં અથવા સર્વભૂતમાત્રમાં સમદૃષ્ટિ રાખવામાં છે. એ ભક્તિ કિંવા સમદૃષ્ટિરૂપી મહાશિખરમાંથી જે હજારો નદીઓ તથા ઝરાઓ વહે છે તે પૈકી હિતવાદ તો એક નજીવામાં નજીવો ઝરો માત્ર છે. પરંતુ તે ઝરાનું જળ પવિત્ર છે. હિતવાદ પણ ધર્મનો છેજ. હિતવાદને અધર્મ કહેવાનું સાહસ કરવું એ મૂર્ખતા છે.

વિશેષ સ્પષ્ટ રીતે કહું તો અનુશીલન ધર્મમાં "જનસમાજના મોટા ભાગનું મોટું હિત થાય" તે સિવાય અન્ય કોઈ વાત કહેવાની નથી. દાખલાતરીક ભૂતમાત્રનું હિતસાધન કરવું એ જો ધર્મ હોય તો પછી એક જણનું હિતસાધન કરવું એ પણ ધર્મજ છે. એક જણને બદલે જો દશ જણનું એક સરખું હિત થતું હોય તો તે વળી એકના હિતની અપેક્ષાએ દશ ગણો ધર્મ છે. જો એક તરફ એકજ વ્યક્તિનું હિત સધાતું હોય અને બીજી તરફ દશ જણનું તેટલુંજ હિત સધાતું હોય તો એક જણના હિતના ભોગે પણ બીજા દશ જણનું હિત સાધવું એ ધર્મ-કર્તવ્ય છે. આવા સ્થળે દશ જણના હિતના ભોગે એક વ્યક્તિનું હિત થવા દેવું એ અધર્મ છે.* મોટા ભાગના હિતનો સિદ્ધાંત આવા સ્થળે સફળ થાય છે.

બીજી રીતે કહીએ તો એક તરફ એક જણનું સ્વલ્પ હિત સધાતું હોય અને બીજી તરફ એક જણનું વિશેષ હિતસધાતું હોય તો આવા સ્થળે અલ્પ હિતનો પરિત્યાગ કરી વિશેષ હિતસાધન થવા દેવું એજ ધર્મ છે, અને તેથી વિરુદ્ધ વર્તવું એ અધર્મ છે. મહાન્ હિતનો સિદ્ધાંત આવા સ્થળે સ્પષ્ટ થાય છે.

શિષ્ય:—આ વાતો તો બહુજ સરળ અને સ્પષ્ટ છે.

ગુરુ:—આ વાતો અત્યારે જેટલી સ્પષ્ટ જણાય છે તેટલી કાર્ય કરતી વેળા

* દશ જણના હિતાર્થે એક જણનું અનિષ્ટ કરવું, એવો અર્થ મહેરબાની કરીને આ ઉપદેશમાંથી કોઈએ કહાડવો નહિ; કારણ કે એવો અર્થ યથાર્થ ધર્મથી વિરુદ્ધ છે, એમ કહેવાની જરૂર નથી.

સ્પષ્ટ જણાતી નથી. દષ્ટાંતતરીકે એક તરફ એક કુલીન બ્રાહ્મણ ગરીબાઇને લીધે પોતાની કન્યા મોટી વયની થઇ જવા છતાં પરણાવી શકતો ન હોય અને બીજી તરફ એકાદ ગરીબનું કુટુંબ ભુખમરાથી અધમુવા જેવી અવસ્થા ભોગવતું હોય, એવા પ્રસંગે મોટું હિત પેલા ગરીબના પક્ષમાં હોવા છતાં તેને પૂરો - એક આનો પણ તું આપી શકશે નહિ અને પેલા બ્રાહ્મણને પાંચ રૂપીયા આપવા છતાં પણ તને તે રકમ નજીવી જણાશે. આ પ્રમાણે અનેક પ્રસંગોએ બને છે. વિશેષ હિત કોના પક્ષમાં છે, તેનો યથાવત્ તોલ અથવા વિવેક બહુજ ઓછાં મનુષ્યો કરી શકે છે.

શિષ્યઃ—એ વાતને જવા દ્યો. થોડા મનુષ્યો કરતાં વધારે મનુષ્યોનું હિત-સાધન એ ધર્મ છે, તેમજ એક મનુષ્યના અલ્પહિતને બદલે બીજા મનુષ્યોનું તેથી વધારે હિત થતું હોય તો તે વિશેષ હિત કરવું એ ધર્મ છે, એ વાત સમજાઇ; પરંતુ જે સ્થળે એક મનુષ્યનું વધારે હિત સધાતું હોય અને બીજી તરફ દશ મનુષ્યોનું અલ્પ હિત સધાતું હોય ત્યાં શું કરવું ?

ગુરુઃ—એવે સ્થળે માર્ક મૂકવા, અર્થાત્ આંકડાની ગણત્રીથી કામ કરવું જોઇએ. ઉદાહરણતરીકે કલ્પના કર કે એક તરફ એક મનુષ્યનું જેટલું હિત સધાતું હોય તેના ચોથા ભાગ જેટલું હિત જો સો મનુષ્યોનું–પ્રત્યેકનું સધાતું હોય તો એકંદરે પચીશ મનુષ્યોનું હિતસાધન એક મનુષ્યના હિતસાધન કરતાં ઘણુંજ વધી જાય. આવા પ્રસંગે એક જણનું વિશેષ હિતસાધન રહેવા દઇ સો જણનું અલ્પ હિતસાધન કરવું, એ ધર્મ છે. બીજી રીતે જોતાં એક મનુષ્યનું જેટલું હિત સધાતું હોય તેના હજારમા ભાગ જેટલું હિતસાધન જો સો મનુષ્યોનું સધાતું હોય તો તેવે સ્થળે સો જણના હિતને રહેવા દઇ એક મનુષ્યનું સંપૂર્ણ હિત સધાવા દેવું એ કર્તવ્ય છે. કારણ કે સો મનુષ્યોનાં હિતની પેલા એક મનુષ્યના સુખની સાથે તુલના કરીએ તો માત્ર એક દશાંશજ થાય.

શિષ્યઃ—હિતાહિતનું એવી રીતે માપ થઇ શકે એ સંભવિત નથી. પ્રત્યેક પ્રસંગે જો એમ હિસાબ કરવા બેસીએ તો હિસાબમાં ને હિસાબમાંજ સમય નીકળી જાય.

ગુરુઃ—અનુશીલનતત્ત્વના અભ્યાસીઓને માટે એ કાર્ય બહુ સરળ છે. જેઓની સર્વ પ્રકારની વૃત્તિઓ અને તેમાં પણ વિશેષે કરીને જેઓની જ્ઞાનાર્જની વૃત્તિઓ સારી રીતે કેળવાઇને સ્ફુર્તિપાત્ર (સૂક્ષ્મ) થઇ હોય તેઓ હિતાહિતનો નિર્ણય બહુ સારી રીતે કરી શકે છે. જેઓ અનુશીલનપદ્ધતિથી વિમુખ છે તેઓનેજ એ કામ કઠિન જેવું જણાય છે. વસ્તુતઃ એવાં મનુષ્યોને માટે સર્વ પ્રકારનો ધર્મ દુઃસાધ્ય છે, એ વાત હું તને પૂર્વે જણાવી ગયો છું. યૂરોપીય હિત-વાદીઓ એ વિષે બહુજ સ્પષ્ટ રીતે પોતાના સિદ્ધાંતો પ્રતિપાદન કરે છે, તેથી મારે તે વિષયપરત્વે વિશેષ વિસ્તારથી બોલવાની જરૂર નથી. અનુશીલનવાદ તથા હિત-

બંનેનાં સ્થાનો તારાથી નિશ્ચિત થઇ શકે તેટલા માટેજ મેં હિતવાદમંડળી અને બતાવેલ કહી છે.

શિષ્યઃ—એ સ્થાનોનું જરા સ્પષ્ટીકરણ કરો.

ગુરુઃ—હિતવાદ તથા અનુશીલનવાદ, બંનેનો પ્રીતિવૃત્તિના સામંજસ્યમાં સમાવેશ થઇ જાય છે. સર્વ જનપ્રત્યે સમાન ભાવ રાખવો જોઇએ; પરંતુ જે સમયે વ્યક્તિ-વિશેષનું હિત પરસ્પર વિરોધી જણાય તે સમયે આગ્રહ મૂકીને તથા નિષ્પક્ષપાત બુદ્ધિએ તુલના કરીને જનસમાજના મોટા ભાગનું વિશેષ હિત શેમાં સમાયેલું છે, તેનો નિર્ણય કરવો જોઇએ. તટસ્થપણે રહી બે વ્યક્તિઓના હિતાહિતનો નિર્ણય કરવો એ કાર્ય બહુ કઠિન નથી, પરંતુ જ્યારે આત્મહિત અને પરહિત વચ્ચે વિરોધ ઉત્પન્ન થાય છે, ત્યારે મનુષ્ય પોતાની સમતોલન વૃત્તિને ગુમાવી બેસે છે. એટલા માટે એવે સ્થળે નીચેના નિયમો સદા સ્મરણમાં લાવવા જોઇએઃ—

(૧) જ્યારે એક તરફ તારૂં પોતાનું હિત સમાયેલું હોય અને બીજી તરફ એક કરતાં વધારે મનુષ્યોનું સરખું હિત રહેલું હોય, ત્યારે તારે આત્મહિત ત્યજી દઇ પરહિત કરવું એ ધર્મ છે.

(૨) જ્યારે એક તરફ તારૂં પોતાનું હિત સમાયેલું હોય અને બીજી તરફ બીજા કોઇએક મનુષ્યનું અધિક હિત સમાયેલું હોય, તો તે સ્થળે પણ તારે પરહિતજ કરવા તત્પર થવું જોઇએ.

(૩) જ્યારે એક તરફ તારૂં વિશેષ હિત સમાયેલું હોય અને બીજી તરફ બીજાનું અલ્પહિત સમાયેલું હોય તે સ્થળે જે તરફની હિતની માત્રા એકંદરે વિશેષ જણાય તે તરફનું હિતસાધન કરવું એજ કર્તવ્ય છે. જો સામા પક્ષના હિતની માત્રા એકંદરે વિશેષ પ્રમાણમાં જાય તો સામા પક્ષનું હિત થવા દેવું અને જો તારા પક્ષનું હિત વિશેષ પ્રમાણમાં થતું હોય તો તારે પોતાનું હિત સાધવું.

શિષ્યઃ—પણ (૪) જે સ્થળે બન્ને પક્ષનું હિત સમાનભાવે રહેલું હોય ત્યાં શું કરવું ?

ગુરુઃ—તે સ્થળે પરહિત થવા દેવું એજ ધર્મ અથવા કર્તવ્ય છે.

શિષ્યઃ—કેમ ? જો સર્વ ભૂતમાત્ર સમાનજ હોય તો પછી ઉક્ત પ્રસંગે પણ સ્વ તથા પર પ્રત્યે સમાન ભાવ કેમ ન રાખવો ?

ગુરુઃ—તેનો ઉત્તર અનુશીલનવાદ બહુ યોગ્ય પ્રકારે આપે છે. પ્રીતિવૃત્તિ પરાનુરાગિણી હોય છે. કેવળ આત્માનુરાગિણી (સ્વાર્થી) પ્રીતિને પ્રીતિ કહી શકાય નહિ. પોતાનુંજ હિત સાધીને બેસી રહેવાથી પ્રીતિનું અનુશીલન, સ્ફુરણ તથા સાર્થક્ય થતું નથી. પરહિત સાધનાર્થે જો પ્રીતિનો ઉપયોગ થાય તોજ તે પ્રીતિવૃત્તિ વિશેષ ઉન્નત તથા દિવ્ય બની શકે. એટલા માટે જ્યારે સ્વાર્થ તથા

પરાર્થ વચ્ચે ખેંચાખેંચી થાય તે સમયે પરપક્ષનું હિતસાધન કરવું;
પણ આત્મહિત થયા વિના રહેતું નથી; કારણ કે પરહિત કરવામાં
ણસની પ્રીતિવૃત્તિ યોજાય છે ત્યારે તેની પોતાની પ્રીતિનું
સ્ફુરણ તથા સાર્થક્ય થયા વિના રહેતું નથી; અને એવી ર્‍ ..
કરવામાં પણ તેનું પોતાનું હિત તો સમાયેલુંજ રહે છે. મતલબ
તર પરપક્ષનું હિત કરવા ઉદ્યમશીલ રહેવું.

મેં જે ત્રણ નિયમોનો ઉલ્લેખ કર્યો તેમાંનો પ્રથમ નિયમ બહુજ
અર્થાત્ જ્યાં અન્યનું અનિષ્ટ થતું હોય ત્યાં પોતાના સ્વાર્થને તિલાંજલિ
આ નિયમની સીમા નક્કી કરવા હિતવાદીઓએ દ્વિતીય નિયમનો સ્વીકાર કર્યો

તે સિવાય એક બીજો નિયમ પણ લક્ષમાં રાખવા યોગ્ય છે. અનેક
આપણું આત્મહિત જેટલું આપણા હાથમાં હોય છે તેટલું અન્યનું હિત આપણા
હાથમાં હોતું નથી. ઉદાહરણતરીકે આપણે આપણી માનસિક ઉન્નતિ જેટલી ધારીએ
તેટલી સાધી શકીએ, પણ અન્ય કોઇ વ્યક્તિની માનસિક ઉન્નતિ કરવાનું કાર્ય
આપણા હાથમાં તેટલે અંશે હોતું નથી. આવા પ્રસંગે સૌ પ્રથમ આપણે આપણી
માનસિક ઉન્નતિ સાધી લેવી એજ આપણું પ્રથમ કર્તવ્ય છે; કારણ કે તેમાં સિદ્ધિ-
ની-સફળતાની સંભાવના વિશેષ રહેલી છે. વળી અનેક સ્થળે એવું પણ બને છે કે
જો સૌ પ્રથમ આપણે આપણું હિત ન સાધી શકીએ તો પરહિતનું એક પણ
કાર્ય આપણાથી થઇ શકે નહિ. એવે સ્થળે પરહિત પૂર્વે આત્મહિતજ સાધી લેવું
જોઇએ. દૃષ્ટાંતરૂપે જો હું મારી માનસિક ઉન્નતિ પ્રાપ્ત ન કરું તો તારી
માનસિક ઉન્નતિ કરવાને કદાપિ સશક્ત બની શકું નહિ. મતલબ કે આવા
સંયોગોમાં સૌ પ્રથમ આપણે આપણું હિત સાધવા તરફજ દૃષ્ટિ કરવી જોઇએ. વૈદ્ય
પોતેજ માંદગીની પથારીએ પડ્યો હોય તો તે પોતે આરોગ્ય થવા પહેલાં અનેક
દરદીઓને આરામ આપવાનું કર્તવ્ય બજાવી શકે નહિ. માટે એવા સંયોગોમાં
પ્રથમ આત્મહિતજ સાધી લેવું, એ આવશ્યક કર્તવ્ય છે.

અત્યાર પૂર્વે જે કાંઇ હું તને કહી ગયો તેનો સંક્ષિપ્ત સાર પુનઃ કહી સંભળાવું
છું તે સારીપેઠે ધ્યાનમાં રાખજે.

પ્રથમ—આત્મ તથા પરનું અભેદ જ્ઞાન એજ પ્રીતિવૃત્તિનું યથાર્થ અનુશીલન છે.

દ્વિતીય—પરન્તુ તેથી કરીને આત્મપ્રીતિનો છેક નિષેધ થાય છે, એમ સમજવાનું
નથી. અમુક સીમામાં યોગ્ય પ્રકારે આત્મહિત પણ કર્તવ્ય છે, કારણ કે સર્વ ભૂતમાં
પોતાનો પણ સમાવેશ છે.

તૃતીય—વૃત્તિઓના અનુશીલનનો છેલ્લો ઉદ્દેશ એજ હોવો જોઇએ કે ક્રમે ક્રમે
સર્વ વૃત્તિઓ ઈશ્વરોન્મુખી થઇ શકે. ઈશ્વરોદ્દિષ્ટ કર્મોજ નિરંતર કર્યા કરવાં કરવા

યોગ્ય કર્મોમાં સંયોગોને અનુસરીને તથા ખૂબ વિચાર કર્યા પછી યોગ્ય લાગે ત્યારે આત્મહિતને તથા પરહિતને પણ પ્રાધાન્ય આપવું જોઇએ.'

ઉક્ત નિયમોના પાલનથી હિંદુધર્મમાં કહેલા સમભાવને કશું વિઘ્ન થતું નથી. જે સ્થળે આત્મરક્ષા કરવાનો એક માણસને અધિકાર હોય છે તે સ્થળે અન્ય માણસને પણ આત્મરક્ષા કરવાનો તેટલોજ અધિકાર છે. જે સ્થળે પરહિતાર્થે આત્મભોગ આપવાને તું બંધાયેલો હોય છે. તે સ્થળે અન્ય પણ તારે માટે આત્મવિસર્જન કરવાને બંધાએલો છે. આ પ્રકારનું જ્ઞાન એજ સમત્વ જ્ઞાન છે. મેં અનેક વાતો જ્યારથી હારી અહીં બંધબેસતી કરી છે તેથી ગીતોક્ત સામ્યજ્ઞાનને કેશી હાનિ થતી હોય એમ માનીશ નહિ.

શિષ્યઃ—પરન્તુ મેં પૂર્વે જે એક પ્રશ્ન કર્યો હતો તેનો તો યોગ્ય ઉત્તર મળ્યો નહિ. મેં જિજ્ઞાસાપૂર્વક એમ પૂછ્યું હતું કે હિંદુઓની પારમાર્થિક પ્રીતિની સાથે જાતીય ઉન્નતિને કેવા પ્રકારનો સંબંધ રહેલો છે ?

ગુરુઃ—તે પ્રશ્નના ઉત્તરનું પ્રથમ સૂત્ર નક્કી થઇ ગયું; હવે, ધીમે ધીમે એજ પ્રશ્નનો ઉત્તર આપવાનો પ્રયત્ન કરીશ.

अध्याय २३ मो-स्वजनप्रीति

ગુરુઃ—હવે હર્બર્ટસ્પેન્સરનું પેલું વચન પુનઃ યાદ કર. તેણે કહ્યું છે કેઃ-

"પ્રત્યેક પ્રાણી જો પોતાની સંભાળ ન લે તો બીજાની સંભાળ લેવા નીકળવાનું પરિણામ પોતાના મૃત્યુમાંજ આવે; અને પ્રત્યેક પ્રાણી જો આ પ્રમાણે પોતાનું જીવન ગુમાવે તો પછી સંભાળ લઇ શકે એવો કોઇ પ્રાણી જગત્‌માં રહે નહિ."

જગદીશ્વરે જે સૃષ્ટિ ઉત્પન્ન કરી છે તે સૃષ્ટિની રક્ષા કરવી, એવો ઇશ્વરનો ઉદ્દેશ હોવો જોઇએ. આ સિદ્ધાંત સ્વીકારવામાં આવે તો આત્મરક્ષા કરવી એ પણ ધર્મોદ્દિષ્ટ કર્મ છે, એ વાતમાં લેશ પણ સંશય રહેતો નથી; કારણ કે તે સિવાય સૃષ્ટિરક્ષા અસંભવિત છે; પરંતુ એટલા ઉપરથી એમ સમજી લેવાનું નથી કે મને તે પ્રકારે આત્મરક્ષા કરવી એજ કર્તવ્ય છે. જેઓ પોતાની આત્મરક્ષા કરવાને અશક્ત હોય, અને જેઓની આત્મરક્ષા કરવાની જવાબદારી આપણા ઉપર રહેલી હોય તેઓની રક્ષા પણ આત્મરક્ષા જેટલીજ પ્રયોજનીય છે; કારણ કે તે સિવાય જગત્‌રક્ષા પણ સંભવે નહિ.

શિષ્યઃ—આપ આત્મરક્ષા વગેરેને ઉદ્દેશીને એ વાત કહો છો ?

ગુરુઃ—હા. હું પ્રથમ એ વિષય ઉપર કહું છું. [illegible]

પાલન કરવાને શક્તિવાન હોતાં નથી. જો તેઓની રક્ષા તથા લાલન–પાલન કરવાનો બોજો બીજાઓ પોતાના માથે ન લે તો તે બાળકો જીવી શકે નહિ. જો સમસ્ત બાલકો પાલન અને રક્ષા વગર રહે તો તેઓને માટે મુવા સિવાય બીજો રસ્તો રહે નહિ, અને એથી પરિણામે જગત જીવ શૂન્ય બની જાય. એટલા માટે આત્મરક્ષા કરવાની જેટલી ગંભીર જવાબદારી આપણા શિરે રહેલી છે, તેટલીજ ગંભીર જવાબદારી સંતાનાદિના પાલન માટે આપણા શિરે રહેલી છે. આત્મરક્ષાની માફક સંતાનરક્ષા પણ ઈશ્વરોદિષ્ટ (ઈશ્વરનાઉદ્દેશાનુસાર) કર્તવ્ય છે. તેથી તે કર્મને પણ નિષ્કામકર્મમાં પરિણત કરી શકાય; એટલુંજ નહિ પણ આત્મરક્ષાની અપેક્ષાએ સંતાનાદિનું પાલન તથા રક્ષણ વિશેષ જવાબદારીવાળું છે, એમ કહું તોપણ અતિશયોક્તિ નથી; કારણ કે જો સમસ્ત જગત્ આત્મરક્ષા માટે છેક ઉદાસીન બની જાય, અને કેવળ સંતાનાદિની રક્ષામાંજ સંપૂર્ણ લક્ષ્ય આપે તો તેથી પણ સૃષ્ટિ સુરક્ષિત રહી શકે; પરન્તુ જો સમસ્ત જીવો સંતાનાદિની રક્ષા નહિ કરતાં પોતાની આત્મરક્ષાજ કર્યા કરે તો તો સંતાનાદિના અભાવે જીવસૃષ્ટિનો લોપજ થઇ જાય. મારો કહેવાનો આશય એટલોજ છે કે આત્મરક્ષા કરતાં પણ સંતાનરક્ષા એ વધારે મહત્ત્વનું ધર્મકર્તવ્ય છે.

આ સ્થળે એક મહત્ત્વની વાત પ્રત્યે તારૂં લક્ષ ખેંચવું જોઇએ, અને તે એજ કે સંતાનાદિની રક્ષા અર્થે પોતાનો પ્રાણ આપવાનો પ્રસંગ આવે તોપણ તે ધર્મસંગત હોઇ કર્તવ્ય છે. આ વાત હું તને પૂર્વે કહી ગયો છું; પરન્તુ આ સ્થળે પુનઃ કહેવાનો પ્રસંગ લીધો તેનું કારણ એટલુંજ છે કે આ વાત આ સમયે પ્રમાણપૂર્વક રજુ થાય છે.

પશુ–પક્ષીઓ પણ પોતાનાં સંતાનોની રક્ષા કરે છે. ધાર્મિક જ્ઞાનને લીધે તેઓ એમ કરે છે, એમ કહી શકાય નહિ; પણ અપત્યપ્રીતિ એ એક સાધારણ વૃત્તિ છે, અને તે વૃત્તિને વશીભૂત થઇ તેઓ તેમ કરે છે. પુત્રપ્રેમ જો સ્વતંત્ર સ્વાભાવિક વૃત્તિ હોય તો તે સાધારણ પ્રીતિવૃત્તિની વિરોધી થાય એ બનવાજોગ છે, અને ઘણીવાર તેમ બનતુ જોવામા પણ આવે છે. કેટલીક વાર આપણે જોઇએ છીએ કે અનેક પ્રાણીઓ સંતાનસ્નેહને વશીભૂત થઇ અન્યનું અનિષ્ટ કરતાં અચકાતાં નથી. [illegible] અને [illegible] વચ્ચે વિરોધ ઉત્પન્ન થવાનો ભય મેં પૂર્વે દર્શાવ્યો હતો [illegible] અને અપત્યપ્રીતિ વચ્ચે પણ [illegible] નથી [illegible] છે.

[illegible] અને [illegible] વચ્ચે વિરોધ ઉત્પન્ન થવાનો [illegible] છે, એટલુંજ નહિ [illegible] [illegible] છે, એમ [illegible]

પક્ષીઓ પણ સઘળે પણ તેને આપવું એવી ભાવના મનુષ્યોને તથા પ્રાણીઓને રક્ષા કરે છે. પુત્રના હિતમાં માતપિતાઓ પોતાનું જ હિત માને છે, અને તેથી ગમે તે રીતે પુત્રનું હિત સાધવા તૈયાર રહે છે. અનેક મનુષ્ય તથા પ્રાણીઓ આવીજ વૃત્તિથી પ્રેરાઇને કામ કરે છે એમ કહેવાની જરૂર નથી. એટલા માટે અપત્યપ્રીતિની મર્યાદાઓ સાચવવા સર્વદા સાવચેત રહેવાની જરૂર છે.

શિષ્યઃ—એવી સાવચેતી કેવી રીતે રાખવી?

ગુરુઃ—હિંદુધર્મનું કિંવા પ્રીતિતત્વનું પેલું મૂળ સૂત્ર યાદ કર. 'સર્વભૂત પ્રત્યે સમાનભાવ' સમાનપ્રીતિનો સમાવેશ જાગતિકપ્રીતિમાં કરી દઇ અપત્યપાલન તથા રક્ષણ એ ઇશ્વરોદ્દિષ્ટ કર્મ છે માટેજ તે આચરવા યોગ્ય છે એમ માનીને "જગદીશ્વરની સેવા બજાવવા ખાતર આ કર્મ—કર્તવ્ય કરૂં છું, મને તેમાં ઇષ્ટ કે અનિષ્ટ જેવું કંઇજ નથી" એવી બુદ્ધિ રાખીને કરવાયોગ્ય કર્મો કરવાં જોઇએ. જો આમ બની શકે તો સંતાનના પાલન તથા રક્ષણનો ધર્મ પણ નિષ્કામધર્મમાં પરિણત થઇ શકે. આવી રીતે નિષ્કામ ધર્મમાં યોજાવાથી મનુષ્ય એક તરફ પોતાનાં કર્તવ્યકર્મોને સુંદરભાવે કરી શકે તેમ બીજી તરફ શોક–મોહાદિથી નિર્લિપ્ત રહી પાપ તથા દુષ્ટ વાસનાઓના પંજામાંથી પણ મુક્ત રહી શકે.

શિષ્યઃ—આપ શું આ સંતાનસ્નેહરૂપી વૃત્તિનો ઉચ્છેદ કરી તે સ્થળે જાગતિક પ્રીતિને સ્થાપવાનો ઉપદેશ કરો છો?

ગુરુઃ—નહિ. હું કોઇ પણ વૃત્તિનો ઉચ્છેદ કરવાનો ઉપદેશ કરતો નથી, એ વાત મારે પુનઃ પુનઃ ભાર મૂકીને જણાવવી જોઇએ. છતાં 'પાશવવૃત્તિ સંબંધે મેં જે કાંઇ કહ્યું છે તેનું ફરી સ્મરણ કર. પાશવવૃત્તિઓનું દમન કરવાનો ઉપદેશ તારા સ્મરણમાં હોવો જોઇએ. સંતાનસ્નેહરૂપીવૃત્તિ એક પ્રકારની પરમ રમણીય તથા પવિત્ર વૃત્તિ છે. પાશવવૃત્તિ સાથે તેની સરખામણી કરીએ તો માત્ર એટલુંજ મળતાપણું મળી આવે કે તે વૃત્તિ જેમ મનુષ્યોમાં દષ્ટિગોચર થાય છે તેજ પ્રમાણે પશુઓમાં પણ દષ્ટિગોચર થાય છે. આવી વૃત્તિઓ સ્વતઃસ્ફુર્ત (પોતાની મેળેજ સ્ફુરવાવાળી) દેખાય છે, એ વાત પુનઃ જણાવવાની જરૂર નથી. એટલા માટે સંતાનસ્નેહરૂપી પ્રીતિવૃત્તિ પણ સ્વતઃસ્ફુર્ત છે, અને તેથી સમસ્ત માનસિક વૃત્તિઓ કરતાં તેનું બળ અતિ દુર્દમનીય છે, એમ પણ કહી દેવું જોઇએ. સંતાનપ્રીતિ ગમે તેટલી રમણીય તથા પવિત્ર હોય તોપણ તેની અનુચિત સ્ફુર્તિ ઘણીવાર વિઘ્નરૂપ થઇ પડે છે. સ્વતઃસ્ફુર્ત વૃત્તિને સંયમમાં રાખવામાં ન આવે તો તે એકદમ અનુચિતપણે બળવાન થઇ બેસે છે, એટલા માટે તેના ઉપર અંકુશ રાખવાની જરૂર છે. જો તેના ઉપર અંકુશ ન રહે તો તે વૃત્તિના પ્રવાહમાં ઇશ્વરભક્તિ તથા મનુષ્યપ્રીતિ પણ તણાઇ જાય છે. હું પૂર્વેજ કહી ગયો છું કે ઇશ્વરપ્રત્યે ભક્તિ તથા મનુષ્યોપ્રત્યે

અન્ય કોઇ ધર્મ હોય એ સંભવિત નથી.

મનુષ્યો ધર્માચરણ કરી શકે તેટલા માટે સમાજની આવશ્યકતા છે. સમાજની સ્થાપના કરવા પહેલાં વિવાહપ્રથા સુદૃઢ થવી જોઇએ. સ્ત્રી અને પુરુષ એકત્ર થઇ સાંસારિક વ્યવહાર પોતપોતાની જવાબદારી પ્રમાણે ચલાવે એ માટે વિવાહપ્રથા ચાલુ કરવાની સમાજને જરૂર જણાય છે. વિવાહ કર્યા પછી પુરુષે સ્ત્રીના પાલન તથા રક્ષણની જવાબદારી પોતાના શિરે રાખવી. સ્ત્રી પોતે પાલન તથા રક્ષણ માટે ગમે તેટલી સશક્ત હોય તોપણ તેણે તે કાર્યથી વિમુખ રહેવું એજ યોગ્ય છે. કારણ કે સ્ત્રીને બીજાં વિવિધ કર્તવ્યો બજાવવાનાં હોય છે. અત્યારે આપણે જોઇએ છીએ કે લાંબા કાળથી જે પદ્ધતિ ચાલી આવે છે તેને લઇને સ્ત્રીઓ પોતાનું રક્ષણ પોષણ કરવાની શક્તિ ધરાવતી હોતી નથી. આવા સંયોગોમાં જો પુરુષવર્ગ સ્ત્રીઓનું પાલન–પોષણ ન કરે તો સ્ત્રીવર્ગનું અસ્તિત્વ વિનાશ પામવાની હદ આવ્યા વિના રહે નહિ. આ સ્થળે જો કોઇ એવી શંકા કરે કે સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે અને લાંબા કાળથી પરાધીન રહેવાનો જે અભ્યાસ તેમને પડી ગયો છે તે દૂર કરવામાં આવે તો શું તેઓ પોતાનું પાલન–પોષણ ન કરી શકે? આ સંબંધે મારૂં કહેવું માત્ર એટલુંજ છે કે વિવાહપ્રથાનો નાશ કર્યા વિના અથવા તો સમાજના બંધારણને છિન્નભિન્ન કર્યા વિના એ વ્યવહાર નભી શકે નહિ; અર્થાત્ સ્ત્રીઓને સ્વતંત્રતા અર્પવાની સાથેજ સમાજનો નાશ પણ અવશ્યંભાવી છે.

શિષ્ય:—પાશ્ચાત્ય પ્રજા કે જે સ્ત્રી અને પુરુષો વચ્ચે સમાનતા સ્થાપવાનો પ્રયત્ન કરે છે તે શું વ્યર્થ વિડંબનામાત્ર છે?

ગુરુ:—બીજું શું? પુરુષો શું કોઇ કાળે પુત્ર પ્રસવ કરી શકે? અથવા શું શિશુઓને સ્તનપાન કરાવી શકે! બીજી રીતે શું સ્ત્રીઓ પલટનમાં દાખલ થઇ યુદ્ધક્ષેત્રમાં લડાઈ કરી શકે? ×

શિષ્ય:—આપનું કથન મને પરસ્પર વિરુદ્ધતાવાળું જણાય છે. આપ પૂર્વેજ કહી ચૂક્યા છો કે પ્રત્યેક પુરુષે તથા સ્ત્રીએ પોતાની શારીરિકવૃત્તિ યોગ્ય પ્રકારે ખીલવવી જોઇએ. હવે જો આપ સ્ત્રીઓને યુદ્ધમાં મોકલવાની વિરુદ્ધમાં હો તો શું સ્ત્રીઓએ પોતાની શારીરિકવૃત્તિને બને તેટલે અંશે ન ખીલવવી?

ગુરુ:—શામાટે ન ખીલવવી! જેની જેટલી શક્તિ હોય તેણે તે શક્તિ બહાર આણવાનો પ્રયત્ન કરવોજ જોઇએ. સ્ત્રીઓમાં યુદ્ધ કરવાની શક્તિ હોય તો ભલે તે શક્તિને યોગ્ય પ્રકારે ખીલવે, અને પુરુષોમાં સ્તનપાન કરાવવાની શક્તિ હોય

× અપવાદરૂપે કોઇ કોઇ સ્ત્રીઓ તેમ પણ કરી શકે, પરંતુ આ તો સામાન્ય ધોરણની વાત છે.

તો ભલે તેઓ પણ તે શક્તિ ખીલવે !

શિષ્યઃ—યૂરોપમાં અનેક સ્ત્રીઓ અશ્વારોહણ કરી નિશાનબાજી ચલાવતાં શીખે છે, અને પુરુષોના જેટલીજ પ્રવીણતા પ્રાપ્ત કરે છે, તે સંબંધે આપ શું ખુલાસો આપો છો ?

ગુરુઃ—અભ્યાસજનિત એવાં વિકૃત દૃષ્ટાંતો સમસ્ત મનુષ્યસમાજને માટે બંધ બેસતાં થઇ શકતાં નથી. અભ્યાસમાં અને અનુશીલનમાં મેં જે ભેદ દર્શાવ્યો છે, તેનું સ્મરણ કર. વિકૃત દૃષ્ટાંતોની ઉપેક્ષા કરવામાંજ લાભ છે. જેટલી જરૂરની વાત હતી તેટલી તને આ પ્રસંગે કહી દીધી. હવે, સંતાનપ્રીતિ તથા દંપતિપ્રીતિસંબંધે બે બોલ કહી આ વિષય સમાપ્ત કરીશ.

પ્રથમ કહી ગયો છું કે સંતાનપ્રીતિ સ્વતઃસ્ફુર્ત છે. દંપતિપ્રીતિ સ્વતઃસ્ફુર્ત નથી; તોપણ ઇન્દ્રિયવાસના કે જે સ્વતઃસ્ફુર્ત હોય છે તેની તૃપ્તિની લાલસા દંપતિપ્રીતિની સાથે સંયુક્ત હોવાથી એ દંપતિપ્રીતિ પણ સ્વતઃસ્ફુર્ત વૃત્તિની માફક બળવતી જોવામાં આવે છે. આને લઇને એ ઉભય વૃત્તિઓ અતિ દુર્દમનીય બનવા પામે છે. અપત્યપ્રીતિ જેવી દુર્દમનીય વેગવાળી વૃત્તિ મનુષ્યોમાં અન્ય કોઇ હોય એમ હું ધારતો નથી.

બીજું—એ બન્ને વૃત્તિઓ અતિશય રમણીય છે. એ વૃત્તિઓના જેટલું બળ અથવા વેગ બીજી કોઇ વૃત્તિમાં હોય તો તે બનવાયોગ્ય છે, પરંતુ તેના જેવી પરમ રમણીય વૃત્તિ તો બીજી નથી, એમ સ્પષ્ટતાથી કહી દેવું જોઇએ. પોતાની સ્વાભાવિક રમણીયતાને લીધે આ ઉભય વૃત્તિઓએ મનુષ્યની શેષ વૃત્તિઓ ઉપર એટલો બધો કાબૂમાં મેળવ્યો છે કે સંસારની સમસ્ત પ્રજાના કાવ્યસાહિત્યમાં એ બન્ને વૃત્તિઓને–તેમાં પણ વિશેષે કરીને દંપતિપ્રીતિને–બહુજ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થયું છે. દંપતિપ્રીતિ અથવા સંતાનપ્રીતિ સિવાય જગતનું કોઇ પણ કાવ્ય ખાલી રહ્યું હોય એમ ભાગ્યેજ કોઈ કહી શકશે.

ત્રીજું—સાધારણ મનુષ્યોને માટે એ બે વૃત્તિઓ જેટલી બીજી કોઇ વૃત્તિ સુખદાયી થતી નથી. અલબત્ત, ભક્તિ અને જાગતિકપ્રીતિનું સુખ સૌથી વિશેષ તીવ્ર તથા ઉચ્ચ છે, તોપણ અનુશીલનાવના તે સુખની પ્રાપ્તિ અસંભવિત છે. એ અનુશીલન પણ કઠિન જ્ઞાનનું સહયોગી છે. સંતાનપ્રીતિનું જે સુખ છે તેને માટે અનુશીલનની જરૂર રહેતી નથી. દંપતિપ્રીતિનું સુખ જો કે કેટલે અંશે અનુશીલનની અપેક્ષા રાખે છે, તો પણ તે અનુશીલન બહુ સહજ અને સુખકર હોવાથી તેમાં વિશેષ શ્રમ પડતો નથી.

ઉપર જણાવેલાં કારણોને લીધે અનેક સમયે ઉક્ત બન્ને વૃત્તિઓ મનુષ્યના ધર્મપાલનમાં વિઘ્નભૂત થાય છે. ઉક્ત વૃત્તિઓ પરમ રમણીય અને સુખદાયક

હોવાથી મનુષ્યો તેની અપરિમિત ખીલવણી કરવા પ્રયત્ન કરે છે, અને એ વૃત્તિઓનો પોતાનો વેગ સ્વાભાવિકરીતેજ બહુ પ્રબળ હોવાના કારણે તે દુર્દમનીય થઇ પડે છે. આથી એનું પરિણામ એવું આવે છે કે એ બે વૃત્તિઓ અન્ય સર્વ વૃત્તિઓ ઉપર કાબૂ મેળવી જાય છે, અને કોઇને આગળ વધવા દેતી નથી. પછી ભક્તિ, પ્રીતિ અને અન્ય સમસ્ત ધર્મો તેનાજ વેગમાં સપડાઇ જઇ પોતાની સત્તા ગુમાવી બેસે છે. અનેક મનુષ્યો સ્ત્રી–પુત્રાદિની પાછળ ગાંડા જેવા બની જાય છે અને ધર્મકર્મને તિલાંજલિ આપી બેસે છે, તેનું પણ એજ કારણ છે. આપણી હિંદી પ્રજા ઉપર આ કલંક ખાસ કરીને બળવાન થયેલું જણાવવામાં આવે છે, તે અસત્ય નથી.

સંન્યાસ ધર્મના પ્રવર્તકો અથવા ઉપદેશકો અપત્યપ્રીતિ તથા દંપતિપ્રીતિ પ્રત્યે તિરસ્કારની દૃષ્ટિથી નીહાળે છે, તેનું પણ એજ કારણ છે. સંન્યાસીઓ સ્ત્રીમાત્રને પિશાચીરૂપે માને છે; પરંતુ હું તને આગળ કહી ગયો છું કે જો સંતાનપ્રીતિ તથા દંપતિપ્રીતિને તેની યોગ્ય સીમામાં કેળવવામાં આવે તો તે પરમ ધર્મ છે. તેમ કરવાને બદલે સ્ત્રી–પુત્રાદિનો નિર્દયપણે ત્યાગ કરી દેવો એ પરમ અધર્મ છે. તે ઉપરાંત જાગતિક પ્રીતિ સંબંધે વિવેચન કરતી વેળા હું તને કહી ગયો છું કે જાગતિક પ્રીતિપર્યંત પહોંચવાને માટે પારિવારિક પ્રીતિ એક પગથીઆ સમાન છે. જેઓ પારિવારિક પ્રીતિરૂપી પ્રથમ પગથીઆનો ત્યાગ કરી જગત્ સાથે પ્રીતિ જોડવાનો દેખાવ કરે છે તેઓ તેમાં અનેકવાર નિષ્ફળ થયા વિના રહેતા નથી.

શિષ્યઃ—પ્રભુના સંબંધમાં એ કથન કેવી રીતે લાગુ પાડશો ?

ગુરુઃ—પ્રભુ અથવા શાક્યસિંહની બાબત જેઓ એવું પરાક્રમ દાખવી શકે તેઓને હું ઇશ્વરથી લેખું છું. તે સાથે એટલું પણ કહેવું જોઇએ કે પ્રભુ અથવા શાક્યસિંહ જેવા મનુષ્યો સિવાય એ નિયમનું ઉલ્લંઘન કરી આગળ વધવાને આજ્ઞાની કોઇ સમર્થ થઇ શકે છે. હું એમ માનું છું કે જો પ્રભુ અથવા શાક્યસિંહે ગૃહસ્થાવસ્થામાં રહી ધર્મ પ્રવર્તાવ્યો હોત તો તેઓની ધાર્મિકતા અત્યારે છે તેના કરતા પણ અધિકતાયુક્ત થઇ હોત, એમાં શક નથી. શ્રીકૃષ્ણ જેવા આદર્શ પુરુષો ગૃહસ્થાશ્રમમાંજ રહ્યા હતા. કંઇ બધા શાક્યસિંહ જેવા સંન્યાસીઓ હતા—આદર્શ પુરુષો નહોતા.

સંતાનપ્રીતિ અને દંપતિપ્રીતિ સિવાય સ્વજનપ્રીતિના સંબંધમાં પણ કંઇ બોલવાનું રહી જાય છે ? (૧) જેઓ વડીલ આપણા સગાં ન હોય પણ સંબંધના સ્થાને હોય તેઓ પણ આપણી સ્વજનપ્રીતિના હકદાર છે. (૨) જેઓ આપણી સાથે એક મકાન કે શેરીમાં [illegible]

વિગેરે પણ આપણાં પ્રીતિપાત્ર છે. સંસર્ગને લઇને હોય કે આત્મપ્રીતિની ઉદારતાને લઇને હોય, પણ તેઓના પ્રત્યે પ્રીતિભાવ રાખવો એ આપણું કર્તવ્ય છે. (૩) આ પ્રમાણે પ્રીતિનો વિસ્તાર થતાંની સાથેજ આપણા કુટુંબ તથા આડોશીપાડોશીપ્રત્યે પણ પ્રીતિભાવનો નિર્મળ ઝરો વહેવા લાગે છે. પ્રીતિનો સ્વાભાવિક વિકાસ કેવી રીતે થતો જાય છે, તે વાત હું તને પૂર્વે જણાવી ગયો છું. (૪) અનેક સમયે આપણે એવા મનુષ્યોના સમાગમમાં આવીએ છીએ કે તેઓ આપણાં સ્વજન ન હોય તોપણ તેમના ગુણોપ્રત્યે મુગ્ધ થઇને તેમના પ્રત્યે ખાસ પ્રીતિભાવ રાખ્યા વિના આપણે રહી શકતા નથી. આવી રીતની બન્ધુપ્રીતિ પણ કેટલીક વાર બહુ બળવતી થયેલી અનુભવવામાં આવે છે.

ઇશ્વરપ્રીતિની પણ યોગ્ય પ્રકારે ખીલવણી થવી જોઇએ, કારણ કે તે મનુષ્યોનો ઉત્કૃષ્ટ ધર્મ છે. ક્યાં કઇ પ્રીતિને બળવાન બનાવવી તેનો શુદ્ધ હૃદયથી નિર્ણય કરીને, અથવા ઉપર જણાવ્યા તે સાધારણ નિયમોને લક્ષમાં રાખીને પ્રીતિવૃત્તિનું અનુશીલન કરવું એજ યોગ્ય અને ઉત્તમ છે.

अध्याय २४ मो–स्वदेशप्रीति

ગુરુ:—સમસ્ત વૃત્તિઓને જાગૃત તથા ઉન્નત કરી ઇશ્વરમુખી કરવી એ અનુશીલનનો ઉદ્દેશ છે, અને તેને માટે સાધકે ઇશ્વરોદ્દિષ્ટ કર્મો કરવાં જોઇએ. ઇશ્વર પ્રાણીમાત્રમાં વ્યાપક છે, તેથી સમસ્ત જગતને પોતાના આત્માસમાન લેખી તેને ચાહતાં શીખવું જોઇએ. જગત્‌ને આત્મવત્ લેખવામાં આવે તોજ મનુષ્યના હૃદયમાં જાગતિક (સમગ્ર જગત્ ઉપરની) પ્રીતિનો ઉદય થાય. કોઇ એમ પૂછે કે સમસ્ત જગત્‌ને આત્મવત્ શામાટે માનવું? તો તેનો એજ ઉત્તર આપી શકાય કે તેમ કરવું એ ઇશ્વરોદ્દિષ્ટ કર્તવ્ય છે, અને તેથી તે ધર્મકાર્ય છે. છતાં એવી શંકા કરવામાં આવે કે જો કોઇપણ ઇશ્વરોદ્દિષ્ટ કર્મ જાગતિક પ્રીતિથી વિરુદ્ધ જતું હોય તો ત્યાં શું કરવું? આવા સ્થળે બે દિશાઓની સંપૂર્ણ રક્ષા થવી અશક્ય છે. તો પછી ત્યાં કઇ દિશામાં કર્તવ્ય કરવું?

શિષ્ય:—તે સ્થળે નિષ્પક્ષપાતપણે વિચાર કરી બે વાતમાં જે સારું નમતું જણાય, તેજ દિશાનું અવલંબન લેવું જોઇએ, એમ મને લાગે છે.

ગુરુ:—એ વાત ખરી છે. તોપણ એ સંબંધે હું કહું તે ધ્યાનપૂર્વક શ્રવણ કર. દંપતિપ્રીતિનો વિષય સમજાવતી વેળા મેં તને કહ્યું હતું કે કેટલાક સમાજની અંદર હોય છે તેમાંનું ઉત્તમ પ્રવૃત્ત હોય છે. દામ્પત્યનીતિ જેવી મનુષ્યના સમાજમાં

હોતાં નથી, તેથી તેમનું જીવન લગભગ પશુ જેવુંજ હોય છે. સમાજ સિવાય મનુષ્ય યથાયોગ્ય પ્રકારે ધાર્મિક જીવન ગાળી શકે નહિ, એટલુંજ નહિ પણ સમાજ સિવાય મનુષ્ય કોઇપણ પ્રકારનું મંગળ અથવા આત્મશ્રેય સાધી શકે નહિ, એમ કહું તોપણ અત્યુક્તિ નથી. હવે જો સમાજનો ધ્વંસ થાય તો મનુષ્યના ધર્મનો પણ ધ્વંસ થયા વિના રહે નહિ, અને ધર્મનો ધ્વંસ થાય તો પછી સર્વ પ્રકારનાં મંગળ કાર્યોનો ધ્વંસ પણ તેની સાથેજ થાય, એ સ્વાભાવિક છે. આ વિષે વધારે વિસ્તારથી તારા જેવા સમજુને સમજાવવાની જરૂર નથી.

શિષ્યઃ—વાચસ્પતિ મહાશય જો આ પ્રસંગે હાજર હોત તો તેઓ એ દલીલની સામે વાંધો ઉઠાવત, પણ મને તેમાં કાંઇ સંશય નથી.

ગુરુઃ—અસ્તુ. જો એમજ હોય, એટલે કે જો સમાજના ધ્વંસની સાથે ધર્મ-ધ્વંસ જોડાયેલો હોય અને ધર્મધ્વંસની સાથે સર્વ મંગળ કાર્યોનો ધ્વંસ અનિવાર્ય હોય તો એટલું તો ચોક્કસ છે કે ગમે તે પ્રકારે સમાજની રક્ષા કરવી એ આપણું ગંભીર કર્તવ્ય છે. હર્બર્ટ સ્પેન્સર પણ કહે છે કે "આત્મરક્ષા કરતાં પણ દેશરક્ષા એ શ્રેષ્ઠ ધર્મ છે. અને એટલા માટે હજારો તથા લાખો મનુષ્યો પોતાના આત્માનો ભોગ આપીને પણ દેશની રક્ષા કરવાનો પ્રયત્ન કરે છે."

આત્મરક્ષા જે કારણે ધર્મ લેખાય છે તેજ કારણે દેશરક્ષા પણ શ્રેષ્ઠ ધર્મ લેખાય છે. સ્વજનરક્ષાને પણ ધર્મનું અંગ લેખવામાં આવ્યું છે, તેનું એજ કારણ છે; કારણ કે આપણો પરિવાર એ પણ સમાજનું એક અંગ છે; પરંતુ સમુદાયના હિતની ખાતર પારિવારિક હિતની પણ ઉપેક્ષા કરવી એ કર્તવ્ય છે.

આત્મરક્ષા અને સ્વજનરક્ષાની પેઠે સ્વદેશરક્ષા એ પણ ઇશ્વરોદ્દિષ્ટ કર્મ છે; કારણ કે તેમાં સમસ્ત જગતના હિતનો સમાવેશ થઇ જાય છે. સામાજીક મનુષ્યો અથવા દેશનાં મનુષ્યો આંતરવિગ્રહથી લડી મરતાં હોય તે સમયે જો કોઇ પાપિષ્ટ જાતિનો આગેવાન આવીને દેશજનોને દબાવી દે તો પૃથ્વીમાંથી ધર્મ તથા ઉન્નતિનો ઉચ્છેદ થયા વિના રહે નહિ. એટલા માટે ભૂતમાત્રના હિતની ખાતર સ્વદેશ-રક્ષણ કરવું એ પણ ધર્મ છે.

સ્વદેશરક્ષાને જો આત્મરક્ષા તથા સ્વજનરક્ષાની પેઠે ઇશ્વરોદ્દિષ્ટ કર્મ માનવામાં આવે તો તેને પણ નિષ્કામ કર્મ બનાવી શકાય. આત્મરક્ષા તથા સ્વજનરક્ષા કરતાં સ્વદેશરક્ષાના કર્મને વિશેષ સહેલાઇથી નિષ્કામ કર્મ બનાવી શકાય, એ વાત હવે તને બહુ સમયપૂર્વક સમજાવવાની જરૂર હું ધારતો નથી.

શિષ્ય.—આ પ્રકારની શંકાઓનાં સમાધાન આપે કર્યું છતું કે "વિચાર કરીને નિર્ણય કરવ." તો હવે હું જાણવા ઇચ્છું છું કે આટલા વિચારના અંતે આપણે શા નિર્ણય ઉપર આવ્યા!

ગુરુ:—એજ કે સર્વ ભૂતપ્રત્યે સમદષ્ટિ રાખવી એ જેમ આપણું કર્તવ્ય કર્મ છે, તેજ પ્રકારે આત્મરક્ષા, સ્વજનરક્ષા તથા દેશરક્ષા પણ આપણાં કર્તવ્ય કર્મો છે. એ ઉભયની અંદર જ્યારે પરસ્પર વિરોધ ઉત્પન્ન થાય ત્યારે કયી તરફનું ત્રાજવું ભારે છે, તે બારીકીથી–નિષ્પક્ષપાતપણે જોઇ જવું. આત્મરક્ષા તથા સ્વજનરક્ષાની જરૂર એટલા માટે છે કે તેનાથી દેશરક્ષામાં તથા જગતરક્ષામાં બહુ મોટી સહાય મળે છે; માટે બની શકે ત્યાંસુધી દેશરક્ષા કિંવા જગતરક્ષા તરફજ વિશેષ લક્ષ આપવું.

વસ્તુત: જાગતિક પ્રીતિની સાથે આત્મપ્રીતિ, સ્વજનપ્રીતિ તથા દેશપ્રીતિને વિરોધ ઉત્પન્ન થાય એવો સંભવજ લાગતો નથી. દૃષ્ટાંતતરીકે ધારો કે કોઇ એક મનુષ્ય આપણા ઉપર હલ્લો કરે, તો તેનાથી આપણે આપણું આત્મરક્ષણ કરવું. પરન્તુ તેની સામે નિર્દયતા કિંવા દ્વેષ દાખવવાની જરૂરજ શું છે? ક્ષુધાતુર ચોરના સંબંધમાં જ્યારે આપણે પ્રસંગ નીકળ્યો ત્યારે આ વાત હું તને સમજાવી ચૂક્યો છું. તે વખતે મેં તને એવા આશયનું કહ્યું પણ હતું કે જાગતિક પ્રીતિ અથવા સર્વત્ર સમાનભાવનો અર્થ એવો નથી કે આપણે મૂંગે મોઢે મારજ ખાધા કરવો. મારૂં કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે જો સર્વ પ્રાણીમાત્ર આપણા પોતાના આત્મા સમાનજ છે, તો પછી આપણે કોઇનું કદાપિ અનિષ્ટ ન કરવું. કોઇ મનુષ્યનું તો શું પણ કોઇ સમાજનું પણ કદાપિ અનિષ્ટ કરવા તૈયાર થવું નહિ. આપણા સમાજનું જેવી રીતે યથાશક્તિ ઇષ્ટસાધન કરવું, તેવીજ રીતે બની શકે તો પરસમાજનું પણ ઇષ્ટ કરવા ચૂકવું નહિ. શક્તિ પ્રમાણે ઇષ્ટ કરવું તેનો અર્થ માત્ર એટલોજ કરવાનો છે કે કોઇ સમાજનું અનિષ્ટ કરી અન્ય સમાજનું ઇષ્ટ કરવું એ બીલકુલ ઉચિત નથી. પરસમાજનું અનિષ્ટ કરી આપણા સમાજનું ઇષ્ટ ન સાધવું તેજ રીતે આપણા સમાજનું અનિષ્ટ કરી પરસમાજનું ઇષ્ટ સાધવું એ પણ યોગ્ય નથી. આમ થાય તોજ યથાર્થ સમાનભાવ, જાગતિકપ્રીતિ તથા સ્વદેશપ્રીતિની યથાયોગ્યતા સચવાય.

કેટલાએક દિવસો ઉપર તેં એક પ્રશ્ન પૂછ્યો હતો, તેનો ઉત્તર આપવાનો હવે યોગ્ય પ્રસંગ આવી લાગ્યો છે. હું ધારૂં છું કે તારા મનમાં યૂરોપીય "પૅટ્રીયોટીઝમ" (સ્વદેશવાત્સલ્ય) ના સંસ્કારો બહુ દૃઢ થઇ ગયેલા હોવા જોઇએ, અને તેનેજ લીધે તેં એવો પ્રશ્ન મૂક્યો હશે. મેં તને આજે જે સ્વદેશપ્રીતિસંબંધે ઉપદેશ કર્યો છે, તેને યૂરોપની સ્વદેશવાત્સલ્યતા સાથે લેશ પણ સંબંધ નથી. યૂરોપીય પૅટ્રીયોટીઝમ (સ્વદેશવાત્સલ્ય) ને એક પ્રકારના મહાઘોર પૈશાચિક પાપરૂપેજ હું તો ઓળખું છું. પાશ્ચાત્ય સ્વદેશવત્સલતાનો અર્થ માત્ર એટલોજ છે કે પરસમાજની પાસેથી જે કાંઇ હોય તે છીનવી લ્યો અને પોતાના સમાજમાં લાવો. અન્ય સમસ્ત જાતિઓનું સત્યાનાશ કાઢીને પણ તે પૅટ્રીયોટીઝમ ધર્મ કહે છે કે

દેશોની શોભા વધારી. આવા ઉત્કૃષ્ટ કર્મકૌશલ્ય ધર્મને હમણાં ભારતીય એટલી જાતિઓ આજે પૃથ્વીમાંથી લગભગ લુપ્ત થઈ ગઈ છે. આનો દેશ-સમાજ ધર્મ ભારતવર્ષીય પ્રજાના હૃદયમાં કેમ કરીને સ્થાન ન પામ્યો, એટલું મારી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના છે. એમ, પ્રીતિતત્ત્વનો સ્થૂળ આશય હવે સમજ્યો ને ?

શિષ્ય:—હા જી. મનુષ્યની સર્વ વૃત્તિઓ ખીલે અને તે ઉત્તરોત્તરવર્તિની થાય તે અવસ્થાને ભક્તિ કહેવાય, એ નિયમ હવે હું બરાબર સમજી ગયો છું. આ અવસ્થાનું પરિણામ જાગતિક પ્રીતિરૂપેજ હોય; કારણ કે ભૂતમાત્રમાં ઈશ્વર વ્યાપી રહ્યો છે, એ વાત પણ આપથી સમજી શકાય છે. તેની સાથે એટલી વાત પણ મારી સમજમાં ગઈ કે જાગતિકપ્રીતિ સાથે સ્વજનપ્રીતિ અથવા સ્વદેશપ્રીતિને વિરોધ આવવાનો ભય પણ અસ્થાને છે. જો કંઈ વિરોધ ક્વચિત્ જોવામાં આવે છે, તે તો આપણી સકામવૃત્તિનેજ આભારી હોય છે. જો નિષ્કામપણે કર્તવ્યો બજાવવામાં આવે તો એવો વિરોધ કદાપિ ઉત્પન્ન થાય નહિ.

તે સાથે એટલું પણ સમજી શક્યો છું કે આત્મરક્ષા કરતાં સ્વજનરક્ષાનું કર્તવ્ય વધારે મહત્ત્વનું છે, અને સ્વજનરક્ષા કરતાં પણ સ્વદેશરક્ષાનું કર્તવ્ય વિશેષ મહત્ત્વનું છે. જ્યારે અંતઃકરણમાં ઈશ્વરભક્તિ તથા સર્વ લોકપ્રીતિના સંસ્કારો દૃઢ થાય, ત્યારે તો દેશપ્રીતિ એ માત્ર ઈશ્વરભક્તિ કરતાંજ ઉતરતું અને અન્ય સર્વ કરતાં અધિક મહત્ત્વનું કર્તવ્ય બની રહે છે.

ગુરુ:—ભારતવર્ષીય પ્રજાની સામાજીક તથા ધાર્મિક અવનતિનું કારણ હવે સ્પષ્ટ થઈ શકશે. ભારતવર્ષની આર્યપ્રજામાં ઈશ્વરપ્રીતિ તથા સર્વલોક પ્રત્યે સમદૃષ્ટિ હતી, પરંતુ તેઓએ દેશપ્રીતિને સાર્વલૌકિક પ્રીતિની અંદરજ ડુબાડી દીધી.

આથી પ્રીતિવૃત્તિની ક્રમે ક્રમે જે ખીલવણી થવી જોઈએ તેવી થઈ શકી નહિ. દેશપ્રીતિ તથા સાર્વલૌકિક પ્રીતિ એ બન્ને યથાસ્થાને યોગ્ય ખીલવણી થવી જોઈએ જ્યારે આ વાત આર્ય પ્રજાના હૃદયમાં ઉતરવા પામશે ત્યારે ભારતવર્ષ પુનઃ પૃથ્વીની શ્રેષ્ઠ જાતિના ઉચ્ચ સિંહાસને વિરાજશે એમાં મને જરા પણ સંશય નથી.

શિષ્ય:—આપે જે ધર્મતત્ત્વની વ્યાખ્યા કરી છે, તે ધર્મતત્ત્વ જો આર્યપ્રજા સમજી શકે અને તેને કાર્યમાં પરિણત કરી શકે તો કેટલો બધો લાભ થાય !

---

*આ વાક્યને સ્થાને આવું વાક્ય ઠીક ગણાત કે 'કાળે કરીને ભારતવર્ષની આર્ય પ્રજાના આચરણોમાંથી ઈશ્વરપ્રીતિ તથા સર્વ લોકપ્રત્યેની સમદૃષ્ટિ નીકળી ગઈ અને દેશપ્રીતિનું સ્થાન પણ સ્વાર્થ અને વિષયલોલુપતાએ લીધું'.

अध्याय २५ मो–पशुप्रीति

ગુરુઃ—પ્રીતિતત્ત્વ સંબંધી હજી એક વાત કહેવાની બાકી છે. અન્ય સર્વ ધર્મોની અપેક્ષાએ હિંદુ ધર્મ શ્રેષ્ઠ ગણાય છે, તેનાં હજારો ઉદાહરણો આપી શકાય તેમ છે. પ્રીતિતત્ત્વ સમજાવતી વેળા હિંદુધર્મની શ્રેષ્ઠતા હું પ્રસંગોપાત સિદ્ધ કરી ચૂક્યો છું. હિંદુધર્મ જાગતિકપ્રીતિનો જેવો ઉપદેશ કરે છે તેવો ઉપદેશ અન્ય કોઇ ધર્મમાં નથી. ન્યાયની ખાતર મારે આ સ્થળે કહેવું જોઇએ કે અલબત્ત અન્યાન્ય ધર્મો પણ સર્વ લોકપ્રત્યે પ્રીતિભાવ રાખવાની ભલામણ તો કરે છે; પરંતુ તેમ કરવાનું જે યથાયોગ્ય મૂળ કારણ દર્શાવવું જોઇએ તે તેઓ દર્શાવી શક્યા નથી, અને તેથી તેમની તે ભલામણ સાર્થક થઇ શકી નથી. ત્યારે ઈશ્વર સર્વવ્યાપક હોવાથી સર્વભૂતપ્રત્યે સમાનભાવ રાખવાનો હિંદુધર્મનો ઉપદેશ તરતજ હૃદયમાં ઉતરી જાય છે. હિંદુધર્મે ઉપદેશેલી દંપતિપ્રીતિ પણ અન્ય જાતિઓમાટે આદર્શરૂપ છે તેમજ વિવાહપ્રથા પણ કોઇ રીતે ઓછી અનુકરણીય નથી. આ ઉપરાંત હિંદુધર્મના પ્રીતિતત્ત્વનું એક વિશેષ ઉદાહરણ–પ્રમાણ આપું છું તે લક્ષ પૂર્વક સાંભળ.

ભૂતમાત્રમાં ઇશ્વરનો નિવાસ છે, એટલા માટે પ્રાણીમાત્રપ્રત્યે સમદૃષ્ટિ રાખવી એ કર્તવ્ય છે; પરંતુ જેઓ એમ સમજતા હોય કે "ભૂતમાત્ર" કહેવાથી કેવળ મનુષ્યોનોજ તેમાં સમાવેશ થાય છે તો તે ભૂલ છે. ભૂતમાત્ર કહેવાથી જગતનાં સર્વ પ્રાણીઓ તેમાં આવી જાય છે. અર્થાત્ પશુઓ પણ મનુષ્યોની પ્રીતિને પાત્ર છે. મનુષ્યોપ્રત્યે જેમ પ્રીતિભાવ રાખવાનો છે, તેજ પ્રકારે પશુઓપ્રત્યે પણ પ્રીતિભાવ રાખવો જોઇએ. આવો અભેદભાવ હિંદુધર્મ અથવા તો હિંદુધર્મમાંથી ઉત્પન્ન થએલ બૌદ્ધધર્મ સિવાય અન્ય સ્થળે નથી.

શિષ્યઃ—એ અભેદભાવ બૌદ્ધધર્મે હિંદુધર્મ પાસેથી લીધો હશે કે બૌદ્ધધર્મ પાસેથી હિંદુધર્મે લીધો હશે?

ગુરુઃ—અર્થાત્ તું એમ પૂછવા માગે છે કે પિતાની મીલકતનો વારસદાર પુત્ર થયો કે પુત્રની મીલકતનો વારસદાર પિતા થયો?

શિષ્યઃ—પિતાને પણ કેટલીકવાર પુત્રની સંપત્તિ મળે છે.

ગુરુઃ—કુદરતી નિયમથી વિરુદ્ધ વાત જો કોઇ સિદ્ધ કરવા ઇચ્છે, તેણે પુરાવો રજુ કરવો જોઇએ. બૌદ્ધધર્મ પાસેથી હિંદુધર્મે ઉક્ત અભેદજ્ઞાન લીધું, એમ કહેવામાં તું શું પ્રમાણ આપી શકશે?

શિષ્યઃ—મારી પાસે તો એવું કાંઇ પ્રમાણ નથી, પણ બુદ્ધધર્મે હિંદુધર્મ પાસેથી એ અભેદજ્ઞાન લીધું એમ આપ કેવી રીતે પુરવાર કરો છો?

ગુરુઃ—ભિન્નની માંસ-ભોજન [illegible] એ એટલુંજ પ્રમાણ આપે માટે [illegible] છે. તે સિવાય [illegible] ઉદ્ધૃત કરી એ તને બતાવી આપું [illegible] સર્વ પ્રાણી પ્રત્યે સમાનભાવ રાખવો એજ પ્રાચીન વૈદિક ધર્મ છે.

શિષ્યઃ—પરંતુ વેદમાં તો અશ્વમેધાદિની જણ વિધિ મળી આવે છે તેનું કેમ?

ગુરુઃ—વેદ એ ગ્રંથ લોકજ અહિંસાવિરોધી હોય એમ હોય તો અસંગતિ દોષનો આરોપ તેના ઉપર મૂકી શકાય. રામ્સે મેકડોનાલ્ડના કથનની સાથે હર્બર્ટ સ્પેન્સરના સિદ્ધાંતનું મળતાપણું નથામતું એ જેમ વિચિત્ર છે, તેજ પ્રકારે વેદના ભિન્ન ભિન્ન અંગોનું પરસ્પર મળતાપણું શોધવું એ વિચિત્ર છે. એટલુંજ નહિ પણ અસંભવિત છે. હિંસામાંથીજ અહિંસાની ઉત્પત્તિ છે; પરંતુ તે વાતને હમણાં રહેવા દઇશું. "પશુઓ પ્રત્યે દયા કરવી" એ હિંદુધર્મનો ઉપદેશ પરમ રમણીય છે, એમાં તો કાંઈજ શક નથી. હિંદુઓ આ ઉપદેશનું ઘણા કાળથી પાલન કરતા આવ્યા છે. જેઓ હિંદુઓ નથી તેઓ પણ અહિંસાધર્મનું અનુસરણ યથાશક્તિ કરે છે. કેવળ ખેતી અર્થે અથવા સ્વારી કરવા માટે પશુઓનું પાલન કરે છે, તેમનેજ ઉદ્દેશીને હું આ વાત કહેતો નથી. કુતરાનું માંસ કાંઇ ઉપયોગમાં આવતું નથી, છતાં કેટલાકો કુતરાને બહુ પ્રેમથી ઉછેરે છે; કારણ કે તેમાંથી જે આનંદ-સુખ તથા પ્રેમનો બદલો મળે છે, તે તેઓ બહુ સારી રીતે જાણતા હોય છે. આપણા દેશમાં કેટલીએક બાઇઓ બિલાડી પાળી સંતાનહીનતાના દુઃખને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે. મેં એક અંગ્રેજી પુસ્તકમાં વાંચ્યું છે કે "જે ઘરમાં પાંજરામાં પક્ષી આનંદથી નાચતું હોય તે ગૃહમાં કોઇ પ્રેમી અથવા સુજ્ઞ મનુષ્ય રહે છે, એમ સમજવુ." આ પુસ્તકનું નામ મને અત્યારે સ્મરણમાં નથી, પણ વાત ઘણીજ મહત્ત્વની છે.

હિંદુઓમાં ખાસ કરીને ગાયને સર્વથી વિશેષ પ્રીતિપાત્ર માનવામાં આવે છે. હિંદુઓને માટે ગાયના જેવી અન્ય એકે પરોપકારી વસ્તુ નથી. ગાયનું દૂધ હિંદુઓના જીવનસ્વરૂપ છે. આપણે હિંદુઓ માંસભોજન કરતા નથી. જે અન્નભોજન આપણે આહારમાં લઇએ છીએ તેમાં પુષ્ટિકર દ્રવ્ય બહુ અલ્પ પ્રમાણમાં હોય છે, તેથી જો ગાયનું દૂધ ન વાપરીએ તો એ દ્રવ્યની ખોટ કોઈ રીતે પૂરી થાય નહિ. ગાય કેવળ દૂધ આપીને આપણને ઉછેરે છે, એટલુંજ નથી, પણ જે ધાન્ય ઉપર આપણો સંપૂર્ણ આધાર છે તે ધાન્ય પણ એક રીતે ગાય–માતાનેજ આભારી છે, અને એટલા માટે ગાયને અન્નદાતા કહેવામાં અતિશયોક્તિ નથી. બળદોદ્વારા ખેતરો ખેડાય છે, અને ભારે બોજાઓ એક ગામથી બીજે ગામ લઇ જવામાં આવે છે. જો ગાયોનું રક્ષણ ન થાય તો કેટલાં બધાં ખેતરો ખેડાયા વિના પડયાં રહે ગાડાં ભરી ભરીને જે માલ પરગામ મોકલવામાં આવે છે, તે કોણ વહન કરી શકે?

ટુંકામાં, ભારતવર્ષમાં ઘણુંખરૂં કામ ગાય અને તેની સંતતિ ઉપરજ નિર્ભર રહે ગાય અને બળદો મૃત્યુ પામ્યા પછી પણ દધીચિની માફક પોતાનાં હાડ, ચામ ત શીંગડાંદ્વારા આપણા ઉપર ઉપકાર કરતાં જાય છે. કેટલાએક મૂર્ખ મનુષ્યો કહે છે કે "ગાય તો હિંદુઓનો એક દેવતા છે." વસ્તુતઃ તે દેવતા નથી, પણ દેવતા જેટ ઉપકાર આપણા ઉપર કરે છે, એટલાજ માટે તેને દેવતાસમાન લેખવામાં આ છે. વૃષ્ટિદેવતા આપણા ઉપર જેટલો ઉપકાર કરે છે તેના કરતાં પણ ગાય વિશે ઉપકાર કરે છે. ઇન્દ્ર જો પૂજ્ય હોય તો ગાય પણ પૂજવાયોગ્ય છે. જો આપણ દેશમાંથી ગાયનો લોપ થઇ જાય તો હિંદુપ્રજા પણ તેની સાથેજ લોપ થઇ જાય એમાં શક નથી. મુસલમાનોની દેખાદેખીથી જો હિંદુઓ પણ ગોમાંસ ભક્ષણ કરવ લાગ્યા હોત તો અત્યાર પૂર્વે હિન્દુ નામનો ક્યારનોયે લોપ થઇ ગયો હોત, અથવ તો હિંદુઓ અત્યંત દુર્દશા ભોગવતા હોત, એમ વિચાર કરવાથી સ્પષ્ટ થયા વિન રહેશે નહિ. હિંદુઓના અહિંસાધર્મેજ હિંદુઓની રક્ષા કરી છે. અનુશીલનનું પ્રત્યક્ષ ફળ જોવું હોય તો પશુપ્રીતિના સાક્ષાત્ ઉપકારોપ્રત્યે એકવાર દ્દષ્ટિપાત કરી જા પશુપ્રીતિના અનુસરણના પ્રતાપેજ હિંદુપ્રજા આજે જીવતી રહી ગઇ છે.

શિષ્યઃ—ઘણા મુસલમાનો પણ ગોમાંસ નથી ખાતા.

ગુરુઃ—એ પ્રતાપ હિંદુઓના સહવાસનો છે. જેઓ હિંદુ વંશમાં જન્મવા છતાં ગોમાંસ ભક્ષણ કરતા હોય તેઓ કુલાંગાર છે—નરાધમ છે. એથી વધારે સખ્ત શબ્દો મારી પાસે નથી.

શિષ્યઃ—કેટલાક પાશ્ચાત્ય પંડિતો કહે છે કેઃ "હિંદુઓ જન્માંતર માને છે. તેથી રખેને આપણો કોઇ પૂર્વપુરુષ દેહાંતર પ્રાપ્ત કરીને પશુરૂપે આપણે ત્યાં આવ્યો હોય તો ? એવા ભયથી હિંદુઓ પશુઓપ્રતિ દયાવાન્ રહે છે."

ગુરુઃ—પાશ્ચાત્ય પંડિતો અને પાશ્ચાત્ય ગર્દભો વચ્ચેનો ભેદ ભૂલવો જોઇએ નહિ. હિંદુધર્મનો યથાર્થ મર્મ મેં તને કહી દીધો છે. હજી પણ તું શું ગર્દભ કોને કહેવાય અને પંડિત કોને કહેવાય તેનો નિર્ણય કરી શકયો નહિ ? ગર્દભ તો એના અવાજ ઉપરથીજ પકડાઇ જાય. ઉક્ત કથન કોઇ પાશ્ચાત્ય પંડિતનું હોવા સંભવ નથી.

अध्याय २६ मो—दया

ગુરુઃ—ભક્તિ અને પ્રીતિ પછી દયાનું સ્થાન આવે છે. આર્ત અથવા દુઃખી પ્રાણીપ્રત્યે જે વિશેષ પ્રીતિભાવ તેને દયા કહેવામાં આવે છે. ભક્તિના પેટામાં જેમ

પ્રીતિનો સમાવેશ છે, તેવીજ રીતે દયા પણ પ્રીતિનો એક ખાસ પેટા ભાગ છે. સર્વ ભૂતમાત્રમાં જે પોતાનાજ આત્માને જોતો હોય અથવા સર્વ ભૂતમાત્રનો પોતાનામાંજ અનુભવ કરતો હોય તે મનુષ્ય નિરંતર દયામયજ હોય છે. એટલા માટે ભક્તિના અનુશીલન (અનુસરણ અને વિકાસ) થી જેમ પ્રીતિનું અનાયાસે અનુશીલન થાય છે તેવીજ રીતે પ્રીતિના અનુશીલનની સાથે દયાનું અનુશીલન પણ રહેલુંજ હોય છે. ભક્તિ, પ્રીત અને દયાને હિંદુ ધર્મે એવા સૂત્રથી એક બીજા સાથે ગુંથેલી છે કે તેને જૂદી પાડી બતાવવાનું કામ સહજ નથી. હિંદુધર્મ જેવો સર્વાંગસંપન્ન ધર્મ અન્ય કોઇ નથી, એવા ઉદ્‌ગારો આવા પ્રસંગે બળપૂર્વક બહાર આવ્યા વિના રહેતા નથી.

શિષ્યઃ—છતાં દયાનું અનુશીલન પૃથક્ રીતે કરવાનું હિંદુધર્મમાં કહેલું છે.

ગુરુઃ—એકવાર નહિ પણ હજારવાર પુનઃ પુનઃ દયાના વિષય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. વસ્તુતઃ જેનામાં દયા નથી તેને હિંદુ એવું નામજ આપી શકાય નહિ. તોપણ એટલું છે કે હિંદુધર્મમાં દાન શબ્દનો જેટલો છૂટથી ઉપયોગ થયેલો આપણા જોવામાં આવે છે તેટલો દયા શબ્દનો વ્યવહાર થએલો જોવામાં આવતો નથી. ખરી રીતે તો દાનમાંજ દયાનું સત્ય અનુશીલન રહેલું છે; પરન્તુ "દાન" શબ્દના અર્થ તરફ બરાબર લક્ષ આપવામાં આવતું નથી. "દાન" કહેવાથી માત્ર અન્નદાન, વસ્ત્રદાન અથવા ધનદાનજ સર્વત્ર સમજવામાં આવે છે; પરંતુ એ અર્થ તો બહુજ સાંકડો છે. દાનનો ખરો અર્થ ત્યાગ છે. ત્યાગ અને દાન એક બીજાના માત્ર પ્રતિશબ્દોજ છે. દયાના અનુશીલનાર્થે ત્યાગ શબ્દનો પણ અનેક સ્થળે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ત્યાગ શબ્દથી કેવળ ધનત્યાગજ સમજવો, એ યોગ્ય નથી. ત્યાગ શબ્દથી સર્વ પ્રકારના ત્યાગોનું સૂચન થાય છે, અને તેમાં પ્રાણત્યાગ પણ સમાઈ જાય છે. મતલબ કે જ્યાં દાનધર્મનો આદેશ કરવામાં આવ્યો હોય ત્યાં આત્મત્યાગ કરવાનો ઉપદેશ પણ સાથેજ રહેલો છે એમ સમજી લેવું. આ પ્રકારનું દાન કરવું તેમાંજ યથાર્થ દયાના અનુશીલનનો માર્ગ રહેલો છે. એક માણસ પાસે પુષ્કળ ધન-સંપત્તિ હોય, અને તે સંપત્તિનો અમુક અંશ કોઈ દીન-દરિદ્રીને અર્પણ કરે તો તેથી તેણે દયા કરી એમ કહી શકાય નહિ; કારણ કે એક તળાવમાંથી કોઇ પ્રવાસી ખોબો ભરીને પાણી પીવે તેથી તળાવને કાંઇ ખોટ જતી નથી, તેમ તારા ઉક્ત પ્રકારના દાનથી તને કાંઇ કષ્ટ થતું નથી. તેણે જેવો સ્વાર્થત્યાગ કરવો જોઇએ તેવો સ્વાર્થત્યાગ એથી થતો નથી. આ ઉપરથી એવા દાનની પણ જરૂર નથી એમ માની લઈશ નહિ. જેઓ એવું નજીવું દાન પણ કરી શકતા નથી તેઓ ઘોરતર નરાધમથી કોઈ રીતે

છે, એ પણ લક્ષમાં રાખવાયોગ્ય છે. અનેક લોકોમાં અનુચિત દાન કર
પ્રવૃત્તિ વધી પડેલી હોવાથી, જે મનુષ્યો પૃથ્વીમાં સત્કાર્યપરાયણ રહીને ગુ
ગાળી શકે તેવાં હોય તેવાંઓ પણ ભિક્ષુક અથવા પ્રપંચકનો વેશ ધારણ કરે
અનુચિત દાન કરવાની પ્રવૃત્તિને લીધે સંસારના પ્રપંચોમાં ઘટાડો થવાને બ
ઉલટી વૃદ્ધિ થાય છે. સશક્ત ભિખારીઓને દાન આપવાથી આળસને ઉત્તે
મળે છે, એમ માનીને પણ કેટલાંકો દાન કરતાં અચકાય છે. આ પ્રમાણે બ
બાજુઓ તપાસીને યોગ્ય પાત્રે યોગ્ય દાન આપવું એજ ઉત્તમ છે. જેઓ
જ્ઞાનાર્જની અથવા કાર્યકારિણી વૃત્તિઓ યોગ્ય પ્રમાણમાં વિકસિત થએલી હે
છે, તેમને પાત્રાપાત્રનો વિચાર બહુ મુશ્કેલીભર્યો નથી લાગતો; કારણ કે તેઓ
દયાશીલ હોવાની સાથે વિચારવાન્ પણ હોય છે. મતલબ કે મનુષ્યની સર્વવૃત્તિએ
સુંદર રીતે વિકસિત ન થાય ત્યાંસુધી તેની કોઇ એક વૃત્તિ સંપૂર્ણતા પ્રાપ્ત ક
શકતી નથી.

ગીતાના સપ્તદશ અધ્યાયમાં દાનસંબંધે ભગવાનનું જે કથન છે, તેનું તાત્પ
પણ એવું જ છે.

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥२०॥
यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥२१॥
अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥२२॥

અર્થાત્—" આપવું એજ કર્તવ્ય " છે. એમ માનીને જે દાન આપવામ
આવે, જેના બદલાનો હેતુ ન રાખવામાં આવે, અને જે દાન દેશ, કાળ, પાત્રને
વિચાર કર્યા પછીજ આપવામાં આવે, તેજ યથાર્થ—સાત્ત્વિક—દાન છે. બદલાની
આશાથી જે દાન આપવામાં આવે, અમુક ફળની આશાપૂર્વક જે દાન આપ-
વામાં આવે, અથવા અપ્રસન્ન થઇને જે આપવામાં આવે તે રાજસ દાન છે. દેશ-
કાળ-પાત્રનો વિચાર કર્યા વિના, અથવા અનાદર અને અવજ્ઞાપૂર્વક જે દાન આપ-
વામાં આવે તે તામસદાન છે.

શિષ્યઃ—દાન આપતી વેળા દેશ-કાળ-પાત્રનો કેવી રીતે વિચાર કરવો, તે
વિષે ગીતામાં કાંઇ ઉપદેશ કરવામાં આવ્યો છે ?

ગુરુઃ—ગીતામાં નથી, પણ ટીકાકારોએ તે વિષય ચર્ચ્યો છે; પણ અત્યારે
તેની લંબાણ ચર્ચામાં ઉતરવાની જરૂર નથી. કોઇ પણ કર્મ એવું નથી કે જેમાં
દેશ-કાળ-પાત્રનો વિચાર કરવાની આવશ્યકતા ન હોય. દાનને માટે પણ તેમજ છે.

દેશ કાળ પાત્રનો વિચાર કર્યા વિના જે દાન કરવામાં આવે તેને સાત્વિક નહિ, પણ તામસ દાન કહેવામાં આવ્યું છે. આમ કહેવાનું કારણ એટલું બધું સ્પષ્ટ છે કે તે સમજવાને માટે હિંદુધર્મની કોઈ વિશેષ વિધિ શોધી કાઢવાની જરૂર રહેતી નથી. દાખલાતરીકે આપણા ગુજરાત પ્રાંતમાં દુષ્કાળ પડયો હોય અને તેજ વખતે માંચેસ્ટરની કાપડની મીલો પણ બંધ પડી ગઇ હોય, અર્થાત્ બન્ને જગ્યાએ કારીગરો અને મજુરો દુઃખી સ્થિતિમાં આવી પડયા હોય તે પ્રસંગે આપણે કાંઇ પણ આપી શકીએ એવી અવસ્થામાં હોઇએ તો આપણી પ્રથમ ફરજ છે કે સૌ પહેલાં આપણે આપણા પ્રાંતના કષ્ટનિવારણાર્થેંજ હાથ લંબાવવો. બની શકે તો બન્ને સ્થાનોમાં અમુક અમુક સહાયતા આપવી એ પણ ઉત્તમ છે, પરંતુ જો ગુજરાતનાં મનુષ્યોને સહાય આપવાને બદલે માંચેસ્ટર તરફજ પક્ષપાત રાખીએ તો દેશનો વિચાર આપણે રાખ્યો છે, એમ ન કહેવાય. કારણ કે માંચેસ્ટરનાં દુઃખી મનુષ્યોને મદદ કરે એવા અનેક પુરૂષો બહાર આવે એવો સંભવ છે, પણ ગુજરાતનાં મનુષ્યો તરફ કોઈની દ્રષ્ટિ પડવાનો સંભવ નથી. કાળનો પણ તેજ પ્રકારે વિચાર કરવાનો છે, આજે જે વ્યક્તિને તેં તારા પ્રાણના ભોગે બચાવ્યો હોય તેજ વ્યક્તિને કદાચ આવતી કાલે સજા કરવાની ફરજ તારે શિરે આવી પડે તો તેને તું કોઈ પણ રીતે પ્રાણદાન આપી શકે નહિ. પાત્રાપાત્રનો વિચાર પણ સ્પષ્ટજ છે-પ્રાયઃ સર્વ તેનો વિચાર કરી શકે છે. એક દુઃખી મનુષ્યને દાન આપવા અનેક માણસો તૈયાર થાય છે, પણ કોઇ ચોર કે જુગારીને આપવાને તત્પર થતું નથી. એટલા માટે देशे काले च पात्रे च એની સૂક્ષ્મ વ્યાખ્યામાં ખાસ કરીને ઉતરવાની જરૂર નથી. જે ઉદાર જાગતિક મહાનીતિ સર્વના હૃદયમાં રહેલી છે, તેને અનુસરીનેજ દેશ કાળ પાત્રના ભેદો દર્શાવવામાં આવ્યા છે; પરંતુ વિવિધ ભાષ્યકારોએ એ સ્પષ્ટ અને સરળ વાતના પણ કેવા વિચિત્ર અર્થો કર્યા છે, તે પણ જોવા હોય તો એક નમુનો આપું. શ્રીશંકરાચાર્ય તથા શ્રીધરસ્વામી કહે છે કે દેશ એટલે કુરુક્ષેત્ર આદિ તીર્થસ્થાનોમાં જે દાન થાય તેજ દાન યોગ્ય દેશે થયેલું ગણાય. કાળનો કેવો વિચિત્ર અર્થ કર્યો છે, તે જુઓ. શંકરાચાર્ય કહે છે કે સંક્રાન્તિ આદિ પર્વને વિષે જે દાન થાય તેજ યોગ્ય દાન કહેવાય, તથા શ્રીધર સ્વામી કહે છે કે ગ્રહણ પ્રસંગે જે દાન કરવામાં આવે તેજ શ્રેષ્ઠ છે. પાત્ર એટલે શ્રી શંકરાચાર્ય કહે છે કે જે વેદમાં પારંગત હોય, ૭ અંગોનો સારી રીતે જાણકાર હોય, તથા આચારમાં નિષ્ઠાવાળો હોય તેને યોગ્ય પાત્ર સમજવો. તેજ સંબંધે શ્રીધર સ્વામી કહે છે કે જે તપ જપ વ્રત આદિ કરતો હોય એવા બ્રાહ્મણનેજ યોગ્ય પાત્ર માનવો જોઇએ. સર્વનાશ ! હું માગ દેશમાં રહી દીનદુઃખી પીડિત મનુષ્યોની સેવા પહેલી તારીખથી ૨૧ મી તારીખપર્યંત કર્યા કરું તો,

તેમના અભિપ્રાય પ્રમાણે ભગવદભિપ્રેત દાન થયું એમ નજ ગણાય ! ભાષ્યકારોના વિચાર પ્રમાણે તો ગરીબ, રોગી કે દુઃખીને સહાય કરવી એ યોગ્ય દાન ન લેખાય. આ પ્રમાણે કોઈ કોઇ ભાષ્યકારે અતિ ઉન્નત ઉદાર તથા સાર્વલૌકિક હિન્દુધર્મને એવો તો સંકીર્ણ, અનુદાર તથા ઉપધર્મ બનાવી દીધો છે કે તે ભાષ્યકારોના વિચારોને યથાર્થ હિંદુધર્મના વિચારો કહેવાની હિંમત કોઇથી થઇ શકે નહિ. મને એમ લાગે છે કે સ્મૃતિને અનુમોદન આપવા માટેજ ભાષ્યકારોએ ભગવાનના ઉદાર વાકયને એટલું બધું સંકીર્ણ રૂપ આપી દીધું હશે. જો કે ઉક્ત સર્વ અને મહા પ્રતિભાસંપન્ન, સર્વશાસ્ત્રવિત્ ભાષ્યકારોની પાસે હું કશીજ બિસાતમાં નથી, તોપણ મારે એટલું તો કહેવું જોઇએ કે,—

केवलं शास्त्रमाश्रित्य न कर्तव्यो विनिर्णयः।
युक्तिहीनविचारे तु धर्महानिः प्रजायते ॥*

અર્થાત્ માત્ર શાસ્ત્રના આધારેજ કર્તવ્યનો નિર્ણય કરવો યોગ્ય નથી. યુક્તિહીન-વિચારશૂન્ય બનીને કર્તવ્ય કરવાથી તો ધર્મહાનિજ થાય છે. વિચાર કર્યા વિના, આંખો મીચીને ધર્મગ્રંથોનું અનુસરણ કરવા જતાં આજકાલ આપણે કેવી દુર્દશા-અધર્મ અથવા વિશૃંખલાવાળી સ્થિતિએ પહોંચ્યા છીએ તેનો વિચાર કરતાં ત્રાસ થયા વિના રહેતો નથી. હજી પણ વિના વિચારે એવુંજ કર્યા કરીએ તો એ ઉચિત નથી. પોતપોતાની બુદ્ધિ પ્રમાણે સર્વેએ વિચાર કરવો જોઇએ, નહિતર ચંદનવાહી ગર્દભ જેવીજ આપણી સ્થિતિ રહી જવાની-અર્થાત્ ચંદનનો મહિમા સમજવાને બદલે ચંદનનો ભાર વહન કરીનેજ જીવન વીતાવી દઇશું.

શિષ્યઃ—તો પછી ભાષ્યકારોના પંજામાંથી યથાર્થ હિંદુધર્મનો ઉદ્ધાર કરવો એ આપણું પ્રધાન કર્તવ્ય નથી શું ?

ગુરુ:—પ્રાચીન ઋષિ-મહર્ષિ તથા પંડિતો અતિશય પ્રતિભાસંપન્ન તથા મહા જ્ઞાની હતા. તેમનાપ્રત્યે વિશેષ ભક્તિભાવ રાખવો, અને તેમનો અનાદર અથવા અમર્યાદા કદાપિ ન થાય તેનું સતત લક્ષ રાખવું એ આપણો ધર્મ છે. છતાં જે સ્થળે તેમનું વાકય ઇશ્વરના અભિપ્રાયથી વિરુદ્ધતાવાળું જણાય તે સ્થળે તે વાકયનો પરિત્યાગ કરી ઇશ્વરાભિપ્રાયનુંજ અનુસરણ કરવું, એજ મારો કહેવાનો મર્મ છે.

---

* મનુ ૧૨ મો અધ્યાય, ૧૧૩ મા શ્લોકની ટીકામાં બૃહસ્પતિનું વચન.

अध्याय २७ मो–चित्तरंजिनी वृत्ति

શિષ્ય:—હવે અન્યાન્ય કાર્યકારિણી વૃત્તિઓની અનુશીલન-પદ્ધતિ સાંભળવાની ઈચ્છા રાખું છું.

ગુરુ:—એ વિષય શિક્ષણશાસ્ત્રનો છે, તેથી તેવિષે અત્ર વિસ્તારથી બોલવાનો પ્રસંગ નથી. શારીરિક વૃત્તિ તથા જ્ઞાનાર્જની વૃત્તિસંબંધે હું કેવળ સાધારણ અનુશીલન પદ્ધતિ તને કહી ગયો છું–વૃત્તિવિશેષને ખાસ કરીને કેવી રીતે કેળવવી તે વિષે મેં કાંઇ કહ્યું નથી. બીજા શબ્દોમાં કહું તો શરીરને કેવી રીતે બળવાન બનાવવું, કેવી રીતે અસ્ત્રશસ્ત્ર ચલાવવાં, કેવી રીતે બુદ્ધિને તીક્ષ્ણ બનાવવી તથા મગજને ગણિતશાસ્ત્ર સમજી શકે એવી યોગ્યતાવાળું કેવી રીતે બનાવવું; એ સર્વ વિષયોને મેં સ્પર્શ કર્યા વિનાજ રહેવા દીધા છે; કારણ કે એ વિષય કેળવણીશાસ્ત્રનો છે. અનુશીલન તત્ત્વનો સ્થૂલ મર્મ સમજવાને માટે કેવળ સાધારણ વિધિનું જ્ઞાનજ બસ છે. એટલા માટે શારીરિક તથા જ્ઞાનાર્જનીવૃત્તિના અનુશીલનસંબંધે મેં સાધારણ વિધિજ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે; પરંતુ કાર્યકારિણી વૃત્તિની અનુશીલન પદ્ધતિ–સાધારણ વિધિ–ભક્તિના વિષયમાં સમાવેશ પામી જાય છે. પ્રીતિતત્ત્વ ભક્તિતત્ત્વની અંદર સમાવેશ પામે છે તથા દયાતત્ત્વ પ્રીતિતત્ત્વની અંદર સમાવેશ પામી જાય છે, એ વાત હું તને પૂર્વે કહી ગયો છું. સમસ્ત ધર્મો ઉક્ત ત્રણ તત્ત્વોની અંદરજ સમાવેશ પામે છે, એમ કહું તોપણ અતિશયોક્તિ નથી. એટલા માટે મેં ભક્તિ, પ્રીતિ તથા દયાનો વિષય બની શકે તેટલા વિસ્તારથી ચર્ચ્યો છે. નહિતર ઉક્ત સર્વ વૃત્તિઓની ગણના કરાવવી તેમજ તેની અનુશીલનપદ્ધતિનો નિર્ણય કરવો એ મારો ઉદ્દેશ નથી, તેમજ તેટલી શક્તિ પણ નથી. શારીરિક, જ્ઞાનાર્જની અને કાર્યકારિણી વૃત્તિસંબંધે મારે જે કાંઇ બોલવા યોગ્ય હતું તે બોલી ગયો છું. હવે, ચિત્તરંજિની વૃત્તિસંબંધે સંક્ષેપમાં કહું તે સાંભળ.

જગતના સર્વ ધર્મોમાં એક અપૂર્ણતા રહી ગઇ હોય, એમ મને લાગે છે, અને તે એજ કે ચિત્તરંજિની વૃત્તિઓના અનુશીલનમાટે ખાસ કરીને કોઇએ ભાર મૂક્યો નથી; પરંતુ એ ઉપરથી એવો સિદ્ધાંત કરી લેવો યોગ્ય નથી કે પ્રાચીન ધર્મવેત્તાઓ તેની આવશ્યકતા બરાબર સમજી શક્યા નહિ હોય, અથવા તો તેઓએ એ વિષયનો બીલકુલ ઉપદેશ નહિ કર્યો હોય. હિંદુઓની પૂજાના સામગ્રી–પુષ્પ, ચંદન, ધૂપ, દીપ, નૃત્ય, ગીત તથા વાદ્ય આદિનો ઉદ્દેશ ભક્તિના અનુશીલનપૂર્વક ચિત્તરંજિની વૃત્તિના અનુશીલનનો પણ હોવો જોઇએ, અથ।।

તો ઉક્ત સાધનોદ્વારા ભક્તિનેજ જાગૃત કરવાનો હોવો જોઇએ, એમ વિચાર કરતાં લાગ્યા વિના રહેતું નથી. પ્રાચીન ગ્રીક પ્રજાના ધર્મમાં તથા મધ્યકાળના યૂરોપીય રોમન ક્રિશ્ચીઅન ધર્મમાં ઉપાસનાની સાથે ચિત્તરંજિની વૃત્તિઓની સ્ફુર્તિ અર્થે ખાસ પ્રયત્નો કરવામાં આવતા હતા. આપિલીસ અથવા રાફેલેનાં ચિત્રો, અને જર્મનીના વિખ્યાત સંગીતશાસ્ત્રીઓનું સંગીત એ સર્વની ઉપાસના સમયે સહાયતા લેવામાં આવતી; એટલુંજ નહિ પણ ચિત્ર–શિલ્પ તથા સંગીત આદિ લલિત કળાઓ ધર્મના ચરણ પાસે મસ્તક નમાવીને ઉભી રહેતી. ભારતવર્ષમાં પણ ચિત્રકળા, શિલ્પકળા,તથા સંગીત વિદ્યાને ઉપાસના અર્થે સહાયક સામગ્રી માનવામાં આવે છે.

શિષ્ય:—ઉપાસનાની સાથે ચિત્તરંજિની વૃત્તિને તૃપ્ત કરવા માટેજ મૂર્તિપૂજા વિગેરેનો શાસ્ત્રમાં ઉપદેશ કરવામાં આવ્યો હોય; એમ મને લાગે છે.

ગુરુ:—એ વાત કેટલેક અંશે સત્ય છે, પણ તે સિવાય મૂર્તિપૂજાની ઉપયોગિતા અન્ય કોઇ કારણે સિદ્ધ થતી નથી, એમ કહી શકાય નહિ. મૂર્તિપૂજાની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે વિષે વિચાર કરવાનો અત્રે અવકાશ નથી. ચિત્રવિદ્યા, શિલ્પવિદ્યા તથા સંગીત વિદ્યા વિગેરે ચિત્તરંજિની વૃત્તિને તૃપ્તિ તથા સ્ફુર્તિ અર્પી શકે છે, એ વાત સત્ય છે, પરંતુ **કાવ્યના જેવો ચિત્તરંજિની વૃત્તિને ખીલવવાનો અન્ય એકકે શ્રેષ્ઠ ઉપાય નથી.** ગ્રીક અને રોમન ધર્મોએ પણ કાવ્યની સહાય લીધી હતી; કિન્તુ હિંદુધર્મે કાવ્યનો જે પ્રભાવ સ્વીકાર્યો છે, તે તો ઇતિહાસમાં અપૂર્વજ છે. રામાયણ અને મહાભારત જેવા કાવ્ય ગ્રંથો એજ હિંદુઓના પ્રધાન ધર્મગ્રંથો મનાય છે. વિષ્ણુપુરાણ તથા ભાગવતાદિ ગ્રંથોમાં એવાં એવાં વાક્યો મળી આવે છે કે અન્ય કોઈ દેશના ધર્મસાહિત્ય સાથે તેની તુલના થઇ શકે નહિ. આ ઉપરથી એમ જણાય છે કે ચિત્તરંજિની વૃત્તિની ખીલવણી સંબંધે હિંદુધર્મે કાંઇજ લક્ષ આપ્યું નથી, એમ તો આપણાથી કહી શકાય નહિ. છતાં એટલું છે કે પૂર્વે જે શુભ પ્રવૃત્તિ વિધિરૂપે નહિ પણ લોકાચારરૂપે ચાલતી હતી, તે પ્રવૃત્તિને આ કાળે આપણે વિધિબદ્ધ કરવી જોઇએ, અને શારીરિક તથા જ્ઞાનાર્જની વૃત્તિના અનુશીલન ઉપર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે તેટલોજ ભાર ચિત્તરંજિની વૃત્તિના અનુશીલન ઉપર પણ મૂકાવો જોઇએ.

શિષ્ય:—અર્થાત્ આપ એમ કહેવા માગો છો કે શાસ્ત્રમાં જેવી રીતે ગુરુજનની ભક્તિ કરવાનું, દયા રાખવાનું, દાન કરવાનું તથા શાસ્ત્રાધ્યયન કરવાનું કહેવામાં આવ્યું છે, તેજ પ્રકારે ચિત્રવિદ્યા–શિલ્પવિદ્યા–નૃત્યગીત–તથા કાવ્ય આદિ લલિતકળાઓની પણ ખીલવણી કરવા શાસ્ત્રદ્વારા લોકોને પ્રેરણા કરવી જોઇએ ?

ગુરુ:—હા, નહિતર મનુષ્યોનો ધર્મ અપૂર્ણજ રહી જાય.

શિષ્ય:—તે કેવી રીતે ?

ગુરુઃ—આપણે પ્રત્યક્ષ જે કાંઈ જોઇ શકીએ છીએ તે ઉપરથી તો જગત એટલે જડ શરીરો અને બીજી વસ્તુઓની સમષ્ટિ, એટલુંજ કહી શકાય; પરંતુ આ જગતમાં આપણે જે વિવિધ પ્રકારની, વિવિધ પ્રકૃતિવાળી તથા વિવિધ ગુણોવાળી વસ્તુઓ નિત્ય અનુભવીએ છીએ, તે સર્વ અનેકતાની અંદર તને કાંઇ ઐક્ય જેવું જણાય છે? વિશૃંખલતી મધ્યમાં કાંઇ શૃંખલા જેવું જણાય છે?

શિષ્યઃ—હા.

ગુરુઃ—કેવી રીતે, કહે જોઇએ.

શિષ્યઃ—એક અનંત સત્ય અથવા અનિર્વચનીય શક્તિ–જેને હર્બર્ટ સ્પેન્સર 'ઇન્સ્ક્રુટેબલ પાવર ઇન નેચર' કહે છે, તેમાંથીજ સર્વ વસ્તુઓ જન્મે છે, જીવે છે અને છેવટે તેમાંજ વિલીન થઇ જાય છે.

ગુરુઃ—એ સર્વોપરિ તત્ત્વને અથવા શક્તિને આપણે વિશ્વવ્યાપી ચૈતન્યના નામથી ઓળખીશું. તે ચૈતન્યરૂપિણી શક્તિને ચિત્શક્તિ કહીશું તો તે યોગ્ય થઇ પડશે. હવે, કહે જોઇએ એ સતમાં ચિત્ના અવસ્થાનનું ફળ શું ?

શિષ્યઃ—ફળ તો આપે હમણાંજ સ્પષ્ટ દર્શાવ્યું, અને તે એજ કે આ જાગતિક શૃંખલા–વ્યવસ્થા; કિંવા અનિર્વચનીય ઐક્ય.

ગુરુઃ—હવે જરા વિચાર કરીને જવાબ આપ કે જીવના સંબંધે આ અનિર્વચનીય શૃંખલાનું પરિણામ શું ?

શિષ્યઃ—જીવનની ઉપયોગિતા અથવા જીવનું સુખ.

ગુરુઃ—તેનુંજ નામ આનંદ. એ સચ્ચિદાનંદનું જ્ઞાન થાય એટલે જગતનું પણ સાચેજ જ્ઞાન થયું; પરંતુ પ્રશ્ન એ છે કે તેને જાણવું શી રીતે ? હવે ક્રમે ક્રમે આપણે તેનો વિચાર કરીશું. પ્રથમ તો એ સત અર્થાત્ જે જિજ્ઞાસાપ્ય છે, તેનું અસ્તિત્વ કેવી રીતે જાણવું ?

શિષ્યઃ—એ સતની સાથે સતના ગુણો પણ આવી જાયને ?

ગુરુઃ—હાજ તો.

શિષ્યઃ—તો પછી સત્ અથવા સત્વને પ્રમાણદ્વારા જાણવું જોઇએ.

ગુરુઃ—પ્રમાણ કેટલાં છે ?

શિષ્યઃ—મુખ્યત્વે તો પ્રત્યક્ષ અને અનુમાન બાકીનાં પ્રમાણોનો સમાવેશ અનુમાનમાંજ સમજીને તેને પૃથકરૂપે ગણાવ્યાં નથી.

ગુરુઃ—ઠીક. અનુમાનનું મૂળ પણ પ્રત્યક્ષપ્રમાણ છે, અથવા તો અનુમાન પણ ઘણીવાર પ્રત્યક્ષમૂલક હોવા યોગ્ય છે, એ વાત સ્મરણમાં રાખજે. હવે ઇન્દ્રિયદ્વારા કોઇ પણ વસ્તુ પ્રત્યક્ષ થઇ શકે છે. એટલા માટે પ્રથમ તો યથાર્થ પ્રત્યક્ષજ્ઞાનની પ્રાપ્તિ અર્થે ઇન્દ્રિયોની–અર્થાત્ શારીરિક શક્તિઓની ખીલવણી કરવી જોઇએ; અને અને

પ્રમાણે અનુમાનજ્ઞાનની પ્રાપ્તિ અર્થે જ્ઞાનાર્જનીવૃત્તિઓની યોગ્ય સ્ફુર્તિ તથા ખીલવણી થવી જોઇએ. જેને આપણે જ્ઞાનાર્જનીવૃત્તિ કહીએ છીએ તેમાંની કેટલીક વૃત્તિને મન એવું નામ આપણા દર્શનશાસ્ત્રમાં આપવામાં આવ્યું છે, તથા કેટલીક વૃત્તિઓને બુદ્ધિ એવું પણ નામ આપવામાં આવ્યું છે. સંકલ્પવિકલ્પની એટલે કે વિચારક વૃત્તિઓને 'મન' એવું નામ અપાયલું છે અને નિર્ણયાત્મક વૃત્તિ 'બુદ્ધિ' નામથી ઓળખાય છે. એ પૈકી અનુમાનજ્ઞાનને માટે મનોમય વૃત્તિઓનીજ સ્ફુર્તિ ખાસ કરીને જરૂરની છે. હવે કહે જોઇએ એ સર્વવ્યાપી ચિદ્‌ને—ચૈતન્યને—કેવી રીતે જાણી શકાય?

શિષ્ય:—અનુમાનપ્રમાણદ્વારા.

ગુરુ:—એમ કહેવું તે ઠીક નથી. જેને બુદ્ધિ અથવા વિચારકવૃત્તિ એવું નામ આપવામાં આવ્યું છે તેદ્વારા—અર્થાત્ જ્ઞાનદ્વારાજ સત્‌ને જાણવું જોઇએ; અને ધ્યાનદ્વારા 'ચિત્'ને જાણવું જોઇએ; પરન્તુ ત્યારબાદ આનંદને કેવી રીતે જાણવો?

શિષ્ય:—'આનંદ, એ તો અનુમાનગમ્ય નથી, પણ અનુભવગમ્ય છે. આપણે આનંદને અનુમાનથી જાણી શકતા નથી, પણ અનુભવથી—ભોગથી—જાણી શકીએ છીએ. એ આનંદનો અનુભવ જ્ઞાનાર્જનીવૃત્તિથી થવો અશક્ય છે. આનંદની પ્રાપ્તિ અર્થે તો કોઇ એક ખાસ પ્રકારની વૃત્તિ જોઇએ.

ગુરુ:—જે વૃત્તિની હું વાત કરવા માગું છું તેજ તે વૃત્તિ, અર્થાત 'ચિત્તરંજિની' વૃત્તિ. તેના સમ્યક્ અનુશીલનથીજ આ સચ્ચિદાનંદમય જગત્ અથવા જગત્મય સચ્ચિદાનંદનો સ્વરૂપાનુભવ થઈ શકે છે. જ્યાંસુધી તેવો અનુભવ ન થાય ત્યાંસુધી ધર્મ અપૂર્ણ લેખાય છે. ચિત્તરંજિની વૃત્તિની ખીલવણી ન થાય ત્યાંસુધી સંપૂર્ણ ધર્મની પ્રાપ્તિ થઇ, એમ કહેવાય નહિ. આપણા સર્વાંગસંપન્ન હિન્દુધર્મનો ઇતિહાસ જો તું બરાબર લક્ષમાં લેશે તો આ વાત તું બહુ સારી રીતે સમજી શકશે. આપણા ધર્મમાં જેટલા જેટલા ફેરફારો થયા છે તે સર્વ હિંદુધર્મને સંપૂર્ણ બતાવવા માટેજ થયા છે, એમ તને લાગ્યા વિના રહેશે નહિ. આપણી પ્રથમાવસ્થામાં ઋગ્વેદસંહિતાનો ધર્મ બહુ પ્રબળ હતો. તે ધર્મની આલોચના કરવાથી તને જણાશે કે જે કાંઇ શક્તિમાન્, જે કાંઈ ઉપકારી અથવા જે કાંઇ સુંદર હોય તેનીજ ઉપાસના કરવી એ આદિ વૈદિક ધર્મ હતો. તેમાં અસભ્યત્ત આનંદનો ભાગ યથેષ્ટ પ્રમાણમાં હતો, પરંતુ સત્ તથા ચિત્‌ની ઉપાસનાનો કિંવા જ્ઞાન તથા ધ્યાનનો પ્રાય: અભાવ હતો. એટલાજ માટે ઉપનિષદોએ તેમાં સુધારો કર્યો. ઉપનિષદ્‌નો ધર્મ પરબ્રહ્મની ઉપાસનાની વિધિ દર્શાવે છે. એટલામાટે તેમાં જ્ઞાન અથવા ધ્યાનનો અભાવ નથી, પરંતુ આનંદનો અભાવ છે, × એમ તો મારે કહેવું જોઇએ.

× આ બંને કથન યોગ્ય જણાતાં નથી. પરમાત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે, તો પછી આનંદ તો એના પેટામાંજ આવી ગયો. એ સચ્ચિદાનંદની નિત્યપ્રાપ્તિ

સર્વ ઉપનિષદોનો ઉદ્દેશ બ્રહ્માનંદની પ્રાપ્તિનો છે, એ વાતનો હું અસ્વીકાર નથી કરતો; પરંતુ તે જ્ઞાન તથા ધ્યાનમય ધર્મમાં ચિત્તરંજિનીવૃત્તિને ખીલવવાની કાંઇ વ્યવસ્થા દર્શાવવામાં આવી હોય એમ મારા જાણવામાં નથી. + બૌદ્ધોમાં ઉપાસના નથી. બૌદ્ધો સત્‌નેજ માનતા નથી, તો પછી તેમના ધર્મમાં આનંદ હોયજ ક્યાંથી? ઋગ્વેદ, ઉપનિષદ્ તથા બૌદ્ધ એ ત્રણે ધર્મોમાંથી એકકે ધર્મ સચ્ચિદાનંદપ્રચારી હિંદુજાતમાં સંપૂર્ણ સ્થાયીરૂપે નભી શક્યો નહિ, પરિણામે એ ત્રણે ધર્મનો સારભાગ ગ્રહણ કરી પૌરાણિક હિન્દુધર્મ બહાર આવ્યો. આ પૌરાણિક ધર્મમાં સત્‌ની ઉપાસના, ચિત્‌ની ઉપાસના તથા આનંદની ઉપાસના બહોળા પ્રમાણમાં છે. તેમાં પણ ખાસ કરીને આનંદભાગ વિશેષરૂપે સ્ફુર્તિ પામ્યો છે, અને એટલાજ માટે તે જાતીય ધર્મતરીકેનું અચળ સ્થાન હજી પણ સાચવી રહ્યો છે. કોઇ પણ વિજાતીય અસંપૂર્ણ ધર્મ તેના ઉપર હુમલો કરીને હજીસુધી ફાવી ગયો નથી. આજકાલ જેઓ ધર્મસંસ્કાર અર્થે પ્રયત્ન કરી રહ્યા છે તેઓએ આ એક વાતનું નિરંતર સ્મરણ રાખવું જોઇએ કે ઈશ્વર જેવી રીતે સત્‌રૂપ છે, જેવી રીતે ચિત્‌રૂપ છે તેવીજ રીતે આનંદસ્વરૂપ પણ છે. માટે જ્યાંસુધી ચિત્તરંજિનીવૃત્તિઓના અનુશીલનની વિધિ તથા ઉપાય દર્શાવવામાં ન આવે ત્યાંસુધી સંસ્કાર પામેલો ધર્મ પણ કદાપિ સ્થાયીરૂપે ટકી શકે નહિ.

શિષ્ય:—પરન્તુ પૌરાણિક હિંદુધર્મમાં આનંદનો ભાગ હદ કરતાં વધારે છે, અને તેથી આનંદની યથાયોગ્યતા સચવાઇ નથી, એ સંબંધે આપનો શું અભિપ્રાય છે?

ગુરુ:—એ વાત સત્ય છે. હિંદુધર્મમાં અનેક જાળાં-ઝાંખરાં બાઝી ગયાં છે

માટે અને દુ:ખમાત્રની આત્યંતિકી નિવૃત્તિને માટે તો કર્મ ઉપાસનાદિ સાધનો કહેલાં છે. સાધન એજ સાધ્ય નથી, મુંબઇની ટીકીટ લઇ રેલ્વેના ડબામાં બેઠા, તે એજ મુંબઇ નથી કે તેમાં મુંબઇનો અનુભવ થાય. એમાં તો ઉલટું ઘરમાં સુખ સગવડ હશે તેટલાં પણ નહિ મળતાં કેટલુંક કષ્ટ પણ વેઠવું પડશે; અને મુંબઇ તો તે સમયે માત્ર ઉદ્દેશમાં સમાયલું રહીને તેનો સાક્ષાત્કાર તો એ પ્રયત્નની છેવટે-ફળરૂપેજ થવાનો. આંબાના થડ, ડાળ, પાંદડાં, વગેરેમાં કેરીનો સ્વાદ નજ હોય, પણ ઉલટી તુરાશજ હોય. એ બધાંથી આગળ વધી ડાળની છેવટે પહોંચવાથીજ કેરી અને તેનો ઉમદા સ્વાદ મેળવી શકાય. આવી રીતે વિચાર કરવાથી સમજાશે કે ઉપનિષદે ઉપાસના ધર્મમાં આનંદનો અભાવ નથી પણ આનંદ તો (કેવળ આનંદજ નહિ પણ અનંત પ્રકારની અનુપમ અનુભવ ઘટનાઓ) તેના ઉદ્દેશમાં અને ફળમાં રહેલાંજ છે; અને એ સચ્ચિદાનંદને પ્રાપ્ત કરવાના સાધનરૂપેજ ગીતા ઉપનિષદ ભરપૂર છે. બાહ્ય પદાર્થોદ્વારા મેળવી શકાતા આભાસમાત્ર વિષયાનંદ કે જેની સ્વભાવ..નો બ્રહ્મવિદ્યામાં અધિકારજ નથી એમ એ વિદ્યાના ગ્રંથો પ્રથમ..જ કહી દે છે. તેમાં-ગીતા ઉપનિષદાદિમાં વિષયાનંદનું શિક્ષણ કે વ્યવસ્થા ન હોય એ તો સ્વાભાવિકજ છે.

સંપાદક.

[illegible] તેને ઓળખવાની પણ તેટલીજ જરૂર છે, એ [illegible] હિંદુધર્મના યથાર્થ મર્મ જેઓ સમજી શકશે તેઓ ધર્મ [illegible] અનાવશ્યક અંશોને પણ બહુ સારી રીતે સમજી શકશે. તેથી તે [illegible] અનાવશ્યક અંશોનો પરિહાર બહુજ સહેલાઈ [illegible] નહિ થાય ત્યાંસુધી હિંદુજાતિની ઉન્નતિ થ [illegible] જે કાંઈ વિચારવાનું છે, તે એજ છે કે ઈશ્વર અનંત સૌંદર્યમય હોય ને ઈશ્વર જો સગુણ હોય તો તેનામાં સકળ ગુણોનો સમાવેશ હોય એ તદ્દન સ્વાભાવિક છે. કારણ કે તે સર્વમય છે, એટલું નહિ પણ તેના સઘળા ગુણો પણ અનંત છે. જે અનંત હોય તેના ગુણ અંતવાળા કે પરિમાણવાળા હોઈ શકે નહિ. મતલબ કે ઈશ્વર અનંત સૌંદર્યવિશિષ્ટ હોઈને મહાન, પવિત્ર, પ્રેમમય, વિચિત્ર છતાં એક, સર્વાંગસંપન્ન તથા નિર્વિકાર પણ છે. તેના ગુણો અમાપ હોવાથી એ સકલ ગુણોનું સમવાય સ્વરૂપ જે સૌંદર્ય તે પણ અનંત હોવા યોગ્ય છે. આપણી જે વૃત્તિઓદ્વારા સૌંદર્યનો ઉપભોગ કરી શકીએ તે વૃત્તિઓને જો આપણે યોગ્ય પ્રકારે ન કેળવીએ તો તે સૌંદર્ય કેવી રીતે અનુભવી શકીએ? તેટલાજ માટે હું કહું છું કે જેમ બુદ્ધિ આદિ જ્ઞાનાર્જનીવૃત્તિઓને અને ભક્તિ આદિ કાર્યકારિણીવૃત્તિઓને કેળવવાની, ધર્મપ્રાપ્તિ અર્થે જરૂર છે, તેજ પ્રમાણે ચિત્તરંજિનીવૃત્તિને પણ કેળવવાની તથા ખીલવવાની જરૂર છે. જ્યાંસુધી પરમાત્માના સૌંદર્યનો સમુચિત અનુભવ ન થાય ત્યાંસુધી તે પરમાત્માપ્રત્યે આપણો સમ્યક્‌પ્રેમ અથવા સમ્યક્‌ભક્તિ સ્ફુરી શકે નહિ. આધુનિક વૈષ્ણવધર્મે કૃષ્ણોપાસનાની સાથે વ્રજલીલા–કીર્તનનો સંયોગ કર્યો છે, તેનું કારણ હવે તું સમજી શકશે.

શિષ્ય:—પણ એ વ્રજલીલાનું ફળ શું સારૂં આવ્યું છે, એમ આપ કહી શકશો?

ગુરુ:—જેઓ આ વ્રજલીલાનું યથાર્થ તાત્પર્ય સમજી શકયા છે, અને જેઓનું ચિત્ત શુદ્ધ થયું હોય છે, તેમને માટે એ વ્રજલીલાનું પરિણામ બહુ ઉત્તમ થયું છે, એમ કહેવામાં દોષ નથી; પરન્તુ જેઓ અજ્ઞાન હોય, વ્રજલીલાનો યથાર્થ આશય સમજવાને જેઓ અશક્ત હોય, અથવા જેઓની ચિત્તવૃત્તિ મૂળથીજ કલુષિત હોય તેમને માટે એનું પરિણામ ખરાબજ આવે છે. ચિત્તશુદ્ધિ સિવાય, કિંવા જ્ઞાનાર્જની, કાર્યકારિણી અને ચિત્તરંજિની વૃત્તિના ઉચિત અનુશીલન સિવાય કોઈપણ મનુષ્ય યથાર્થ વૈષ્ણવ થઈ શકે નહિ. વૈષ્ણવ ધર્મ અજ્ઞાન અથવા પાપાત્માઓ માટે નથી. **જેઓ રાધાકૃષ્ણને ઇન્દ્રિયસુખમાં તલ્લીન માની તેમને ઉપાસે છે, તેઓ યથાર્થ વૈષ્ણવ નથી–પણ પિશાચ છે.**

ઘણાખરા લોકો તો એમજ માને છે કે રાસલીલા એ એક પ્રકારનો અત્યંત

[illegible]

શિષ્ય—ત્યારે, એ ચિત્તરંજિની વૃત્તિના અનુશીલનસંબંધી કંઈક ઉપદેશ આપો.

ગુરુ—મનના સૌંદર્ય પ્રત્યે ચિત્તને આકર્ષવું અને જોડવું, એમ ચિત્તરંજિની વૃત્તિને કેળવવાનું પ્રધાન સાધન છે. જગત્ સૌંદર્યમય છે, બાહ્ય પ્રકૃતિ જેમ સૌંદર્યમય છે તેવી જ રીતે આન્તરપ્રકૃતિ પણ સૌંદર્યમય છે. બાહ્ય પ્રકૃતિ વિષેનો ખુલાસો પહેલાંથી આપેલો જ છે. એ આદર્શરૂપે વર્તમાન રસ સૌંદર્યમયી વૃત્તિઓના અનુશીલનમાં (તે વૃત્તિઓને જગાડવા અને ખીલવવામાં) ચિત્ત તત્પર રહેવું. એ વૃત્તિઓ જેમ જેમ વિકાસ પામતી જશે તેમ તેમ અંતરપ્રકૃતિના સૌંદર્યનો પણ અનુભવ થતો જાશે, એટલુંજ નહિ પણ જગદીશ્વરના અનંત સૌંદર્યનો આભાસ સુદ્ધાં આવશે. સૌંદર્ય ગ્રહણ કરવાની વૃત્તિઓનો એક એવો સ્વભાવ છે કે તે દ્વારા પ્રીતિ, દયા અને ભક્તિ આદિ કેટલીક વૃત્તિઓ પણ સાથે સાથે જાગૃત તથા પરિપુષ્ટ થયા વિના રહેતી નથી. છતાં એક વાતમાં બહુ સાવચેતી રાખવાની જરૂર છે. ચિત્તરંજિની વૃત્તિઓના અનુચિત અનુશીલન તથા સ્ફૂર્તિથી અન્ય કેટલીક કાર્યકારિણી વૃત્તિઓ દુર્બળ થઇ જાય છે. એટલા માટે ઘણાખરા મનુષ્યોનો એવો દૃઢ વિશ્વાસ બંધાઇ ગયો છે કે કવિઓ વિગેરે કાવ્યો સિવાય અન્ય વિષયોમાં ઘણે ભાગે નિરુપયોગી જેવા થઇ જાય છે. એક રીતે આ વાત સત્ય પણ છે, જેઓ ચિત્તરંજિનીવૃત્તિનું અયોગ્ય અનુશીલન કરે છે, અને અન્ય વૃત્તિઓ સાથે તેની યથાયોગ્યતા કિંવા સામંજસ્ય સાચવવાની કાળજી રાખતા નથી, અથવા "હું પ્રતિભાશાળી હોવાથી કવિતા લખવા સિવાય બીજું કામ મારાથી કરાયજ નહિ" એમ માની જેઓ વૃથા ગર્વથી ફૂલી જાય છે, તેઓ સંસારમાં પ્રાયઃ નિરુપયોગી થઇ પડે છે, એ વાત સત્ય છે. પરંતુ જે શ્રેષ્ઠ કવિઓ પોતાની અન્ય વૃત્તિઓ કેળવવાની સાથે સાથે ચિત્તરંજિનીવૃત્તિને પણ કેળવતા રહે છે તેઓ તો નિરુપયોગી થવાને બદલે સામાન્ય મનુષ્યો કરતાં પણ અધિક કુશળતા દાખવી શકે છે. યૂરોપના કવિઓ—શેક્સપીઅર, મિલ્ટન, ડ્રે, ગેટે વિગેરે એક રસિકાત્માઓ સંસારવ્યવહારમાં પણ અતિ નિપુણ હતા, એમ કહેવાય છે. કાલદાસે કાશ્મીરનું રાજતંત્ર પોતાના હાથમાં લીધું હતું, તે શું વ્યવહારદક્ષતા સિવાય? લૉર્ડ ટેનીસનની કુકીર્તિ પણ શું સિદ્ધ કરે છે? ચાર્લ્સ ડીકન્સ વિગેરેનાં જીવનચરિત્રો પણ એની એજ વાત કહે છે.

શિષ્ય:—કેવળ નૈસર્ગિક સૌંદર્યપ્રત્યે ચિત્તને સંયુક્ત કરવાથી, ચિત્તરંજિની

વૃત્તિઓની શું સમુચિત સ્ફુર્તિ થઇ શકે?

ગુરુઃ—એ વિષયમાં તો મનુષ્યોજ મનુષ્યોને ઉત્તમ સહાય આપી શકે છે. શિલ્પવિદ્યા
ચિત્રવિદ્યા, સંગીતવિદ્યા, તથા નૃત્યવિદ્યા વિગેરે વિદ્યાઓ મનુષ્યદ્વારાજ ઉદ્ભવી છે,
અને તે વિદ્યાઓ ચિત્તરંજિનીવૃત્તિને કેળવવામાં અમૂલ્ય સહાય આપી શકે છે. ઉકત
વિદ્યાઓના અભ્યાસથી બાહ્ય સૌંદર્યનો અનુભવ કરવાની શક્તિ ખાસ કરીને સતેજ
થયા વિના રહેતી નથી. વસ્તુતઃ કાવ્ય એ એક અતિઉપયોગી સાધન છે. કાવ્યથી
ચિત્ત વિશુદ્ધ થાય છે, અને હૃદય આંતર પ્રકૃતિના સૌંદર્યમાં રસ લેતાં શીખે છે.
કવિને ધર્મનો પ્રધાન સહાયક લેખવામાં આવ્યો છે, તે પણ એટલાજ માટે. મનુ-
ષ્યત્વની ખીલવણી માટે વિજ્ઞાન અથવા ધર્મોપદેશ જેટલો જરૂરનો છે, તેટલુંજ કાવ્ય
પણ જરૂરનું છે. જેઓ ઉકત ત્રણ વસ્તુઓમાંની એક વસ્તુ ઉપર હદ કરતાં વધારે
ભાર મૂકી દે છે તેઓજ મનુષ્યત્વ અથવા ધર્મનો યથાર્થ લહાવો લઇ શકતા નથી.

શિષ્યઃ—પરંતુ કાવ્યમાં તો કેટલાંક કુવાકયો પણ હોય છે.

ગુરુઃ—ખરી વાત, પણ એથી કરીને તેનો ત્યાગ કરવો, તેના કરતાં વિશેષ
સાવચેતીપૂર્વક કાવ્યોનો અભ્યાસ કરવો એજ હિતકારક છે. જેઓ કુકાવ્યો રચી જન-
સમાજની વૃત્તિને કલુષિત કરવાનો પ્રયત્ન કરતા હોય તેઓ ચોર અને લુંટારાઓની
પેઠે મનુષ્યજાતિના શત્રુઓ છે એમ ગણી એવા કુકવિઓને પણ શિક્ષા કરવી જોઇએ.

अध्याय २८ मो–उपसंहार

ગુરુઃ—અનુશીલનસંબંધી મારૂં વક્તવ્ય હવે સમાપ્ત થાય છે. મારે જે કંઇ
કહેવા યોગ્ય હતું તે સર્વે કહી ચૂકયો છું. એમાં કેટલીક વાતો અપૂર્ણ તેમજ
અસ્પષ્ટ રહી ગઇ હશે, તોપણ મેં મારી શક્તિ પ્રમાણે એ વિષય ચર્ચ્યો છે, એમ
કહેવાની જરૂર નથી. જો પ્રત્યેક વાતનો નિર્ણય કરવા બેસીએ તો મૂળ વાતનો કોઇ
દિવસે ઉકેલ આવે નહિ. એટલા માટે ન છૂટકે કેટલીક વાતો અસ્પષ્ટ તથા અપૂર્ણ
રાખીને આગળ ચાલવાની મને જરૂર પડી છે. હું આશા રાખું છું કે અત્યાર
સુધીમાં મેં જે કાંઇ કહ્યું છે તે સર્વ તું યથાયોગ્ય રીતે સમજી શકયો હોઇશ,
અને જે વાત બરાબર સમજવામાં આવી ન હોય તે સમજવાનો પ્રયત્ન ભવિષ્યમાં
ચાલુ રાખીશ. મને વિશ્વાસ છે કે એમ કરવાથી કાળક્રમે તે વાત તારા સમજ-
વામાં આવ્યા વિના રહેશે નહિ. ઘણું કરીને સ્થૂલ વાતો તો તારા સમજવામાં
બરાબર આવી ગઇજ હશે.

શિષ્યઃ—કેટલીક મર્મકથાઓ સંક્ષિપ્તમાં બોલી જઉં છું, તે કૃપા કરીને એકવાર

માગણી જાણો:-

(૧) મનુષ્યમાં કેટલીક શક્તિઓ હોય છે, તેને આપે "વૃત્તિ" એવું નામ આપ્યું તે વૃત્તિઓનું અનુશીલન-એટલે કે તેની જાગૃતિ, સ્ફુરણ અને ઉન્નતિ કરીને તે શક્તિઓ અથવા વૃત્તિઓને ચરિતાર્થ કરવી તેજ મનુષ્યત્વ, એમ આપ સિદ્ધ કરી ગયા છો.

(૨) મનુષ્યત્વની પ્રાપ્તિ એજ ધર્મ છે.

(૩) તે અનુશીલનની સીમા; અને વૃત્તિઓનું પરસ્પરનું સામંજસ્ય સાચવવું જોઇએ.

(૪) વૃત્તિઓનું સામંજસ્ય તથા સ્ફુરણ એજ સુખ.

(૫) સમસ્ત વૃત્તિઓનું યથાયોગ્ય અનુશીલન કરી, તેને ઇશ્વરમુખી કરવી જોઇએ, અને વૃત્તિઓને ઇશ્વરમુખી કરવી એજ યથાર્થ અનુશીલન છે. એ અવસ્થાને ભક્તિ પણ કહી શકાય.

(૬) ઇશ્વર સર્વ ભૂતમાત્રમાં છે, એટલા માટે સર્વ પ્રાણીપદાર્થ પ્રત્યે ભક્તિ તથા પ્રીતિ રાખવી એ અત્યાવશ્યક છે. ભૂતમાત્રપ્રત્યે ભક્તિભાવ ન જન્મે ત્યાં સુધી ઇશ્વરપ્રતિ પણ ભક્તિભાવ ઉદ્‌ભવે નહિ, એટલુંજ નહિ પણ મનુષ્યત્વ તથા ધર્મ પણ અપૂર્ણજ રહી જાય.

(૭) આત્મપ્રીતિ, સ્વજનપ્રીતિ, સ્વદેશપ્રીતિ, પશુપ્રીતિ તથા દયા એ સર્વ પ્રીતિની અંદર સમાવેશ પામે છે. તેમાં પણ મનુષ્યની અવસ્થાનો વિચાર કરતાં સ્વદેશપ્રીતિ એ સર્વ શ્રેષ્ઠ ધર્મ છે, એમ કહી શકાય. બસ, આપના કથનનો એટલો સ્થૂળ મર્મ મારા હૃદયમાં સુવર્ણાક્ષરે કોતરાઇ ગયો છે.

ગુરુ:—પણ શારીરિક વૃત્તિ, જ્ઞાનાર્જની વૃત્તિ, કાર્યકારિણી વૃત્તિ તથા ચિત્તરંજિની વૃત્તિ વિગેરેનું તો તેં નામ પણ ન લીધું ?

શિષ્ય:—એની કાંઇ જરૂર નથી. અનુશીલનતત્ત્વના સ્થૂલમર્મનું વર્ણન કરતાં એવા વિભાગો પાડવા અનાવશ્યક છે. હવે હું બરાબર જોઇ શકું છું કે કેવળ મને સમજાવવા માટેજ આપે એવા વિભાગો પાડયા હતા.

ગુરુ:—હવે તું અનુશીલનતત્ત્વ સમજ્યો છે. તારી ઇશ્વરભક્તિ દૃઢ થાય તથા તારો સ્વદેશપ્રેમ અતિશય પવિત્ર થાય એવી મારી આશિષ છે.

અનુશીલન અથવા તત્ત્વની સાથે જાતિભેદ અને કર્મનો સંબંધ

આપણે આપણી તમામ વૃત્તિઓદ્વારા શું કરીએ છીએ ? કેટલીક વૃત્તિઓ વડે કેટલાંક કર્મ કરીએ છીએ, અને કેટલીક વૃત્તિઓવડે કેટલુંક જાણીએ છીએ, મનુ-

બ્યના જીવનમાં વૃત્તિ માત્રનું કર્મ અને જ્ઞાન સિવાય બીજું પરિણામ અથવા ફલ નથી; એટલા માટેજ જ્ઞાન અને કર્મ મનુષ્યોનો સ્વધર્મ છે. જો સર્વ મનુષ્યો પોતપોતાની સમગ્ર વૃત્તિઓને વિહિત માર્ગમાં અભ્યાસવાળી કરે તો જ્ઞાન અને કર્મ બંને સર્વ મનુષ્યોના સ્વભાવરૂપજ થઇ જાય; પરંતુ મનુષ્યસમાજની અપરિપક્વ દશામાં સાધારણ રીતે તેમ બનવું સંભવતું નથી. કેટલાક કેવળ જ્ઞાનનેજ પ્રધાન ગણી સ્વધર્મરૂપ માને છે, અને કેટલાક કેવળ કર્મનેજ પ્રધાન ગણી લઇ સ્વધર્મરૂપે સ્વીકારે છે.

જ્ઞાનનો ઉદ્દેશ બ્રહ્મસાક્ષાત્કાર છે. સમસ્ત જગત્ બ્રહ્મમાં છે; એટલા માટેજ જ્ઞાનપ્રાપ્તિ કરવી એ જેમનો સ્વધર્મ છે, તેમને બ્રાહ્મણ કહેવામાં આવે છે. બ્રાહ્મણ શબ્દ બ્રહ્મન્ શબ્દમાંથી થયેલો છે.

કર્મને ચાર શ્રેણીમાં વિભક્ત કરી શકાય; પરંતુ તે સમજવા પૂર્વે કર્મના વિષયને સારી રીતે જાણી લેવો જોઇએ. જગતમાં આંતરિક વિષય અને બાહ્ય વિષય એમ બે પ્રકારના વિષય છે. અંતર્વિષયને કર્મો વિષય કરી શકે નહિ. બાહ્ય વિષયજ કર્મોનો વિષય છે. તે બાહ્ય વિષયોમાંના કેટલાક સર્વભોગ્ય છે. મનુષ્યોનાં કર્મ મનુષ્યોના ભોગ્ય વિષયનોજ આશ્રય કરી શકે છે. તે આશ્રય ચાર પ્રકારનો છે. (૧) ઉત્પન્ન કરવું અથવા બનાવવું; (૨) યોજના કરવી અથવા સંગ્રહ કરવો; (૩) રક્ષા કરવી; અને (૪) સેવા કરવી.

(૧) એમાં જેઓ ઉત્પન્ન કરે તેઓ કૃષિધર્મી ખેડુત, (૨) જેઓ સંયોજન અથવા સંગ્રહ કરે તેઓ શિલ્પી અથવા વ્યાપારી, (૩)જેઓ રક્ષા કરે તેઓ યુદ્ધધર્મી અને જેઓ સેવા ચાકરી કરે તે સેવાધર્મી (૪) જ્યારે જ્ઞાનધર્મવાળા, યુદ્ધધર્મવાળા અને વાણિજ્ય અથવા કૃષિધર્મવાળાઓને પોતપોતાનાં કાર્યો એટલાં વધી પડે, કે જેથી તેઓ પોતાના દેહવ્યવહાર આદિ અગત્યનાં કાર્યોને ન પહોંચી વળે, ત્યારે કેટલાક લોકો તેમની સેવામાં નિયુક્ત થાય છે. તેમને શૂદ્ર કહે છે. આમ હોઇનેજ (૧) જ્ઞાનપ્રાપ્તિ અથવા લોકશિક્ષણ, (૨) યુદ્ધ અથવા સમાજ રક્ષણ, (૩) શિલ્પ અથવા વ્યાપાર, (૪) ઉત્પાદન અથવા ખેતી અને (૫) પરિચર્યા–સેવા. આ પાંચ પ્રકારનાં કર્મો છે. હિંદુધર્મશાસ્ત્રમાં એમાંની પહેલી બાબત તે બ્રાહ્મણના સ્વધર્મરૂપ કહી છે. બીજી બાબતને ક્ષત્રીયના સ્વધર્મરૂપ, ત્રીજી અને ચોથી બાબતને વૈશ્યના સ્વધર્મરૂપ અને ચોથી બાબતને શૂદ્રના સ્વધર્મરૂપ કહેલી છે.

ભગવદ્ગીતાની ટીકામાં મેં જે લખ્યું છે, તેમાંથી આ કેટલીક વિગત લીધેલી છે. અહિં એ સ્મરણમાં રાખવું અગત્યનું છે, કે સર્વ પ્રકારનાં કર્માનુષ્ઠાન માટે અભ્યાસનો ઉપયોગ કરવો જરૂરનો છે. જેનો જે સ્વધર્મ છે, તેને અનુસરતો અભ્યાસ કર્યા વિના તેનાથી તે સ્વધર્મનું સારી રીતે પાલન થઇ શકતું નથી.

સ્વધર્મને અનુસરતો અભ્યાસ જોઈએ, એમ કહેવાનો અર્થ એ છે, કે સ્વધર્મની આવશ્યકતાને અનુસરીને કેઈ કર્મનો અથવા શક્તિનો અમુક સમય સુધી વિશેષ અભ્યાસ કરવો જોઈએ.

યોગ્યતાની વૃદ્ધ્યર્થ અમુક કર્મ અથવા શક્તિનો વિશેષ અભ્યાસ શી રીતે થઈ શકે તે મારા લખેલા 'શિક્ષણતત્ત્વ' માં આવી ગયેલું છે એથી આ ગ્રંથમાં તે વિષયના વિશેષ અભ્યાસની વાત લખવામાં આવી નથી. મેં આ ગ્રંથમાં સાધારણ અભ્યાસનીજ વાત કહી છે; કેમકે તેનોજ ધર્મતત્ત્વમાં સમાવેશ થઈ શકે એમ છે. વિશેષ અભ્યાસની વાત કહી નથી; કેમકે તે શિક્ષણતત્ત્વનો વિષય છે. બંનેમાં કાંઈ પણ વિરોધ નથી, અને કોઈ પણ ન શકે; એટલું મારે અહિં કહેવું અગત્યનું છે.



વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો પૂરાં પાડનારી, આખા હિંદમાં
સર્વથી સસ્તી અને ૧૫ વર્ષથી ૫૦૦૦ પ્રતમાં નીકળતી

વિવિધ ગ્રંથમાળા-ચાલુ વર્ગ

આ વર્ગમાં દરવર્ષે ૫।।×૮ના કદનાં ૧૫૦૦ પૃષ્ઠનાં વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો માત્ર રૂ. ૪ માં અને પાકાં પૂંઠાં સાથે રૂ. ૫ માં મળે છે. પો૦માફ.

"વિવિધ ગ્રંથમાળા"નાં સં. ૧૯૮૧ નાં પુસ્તકો:-સ્વામી રામતીર્થ ભાગ ૧૨-૧૩ મો, સત્યાગ્રહ અને અસહકાર, યોગી રામચરકનું આરોગ્ય વિષેનું ઉત્તમ પુસ્તક, ટુંકી વાર્તાનો નવો ભાગ, દૃષ્ટાંતસંગ્રહ, ટાગોરકૃત ભારતધર્મ, જેમ્સ એલનનાં પુસ્તકો, ભારતીય નીતિકથાઓ, સ્વામી વિવેકાનંદનો જ્ઞાનયોગ, એમાંથી તેમજ વધુ પસંદગી જારી રહી તેમાંથી પણ નીકળશે.

સૂચના ૧-ગમે તે માસમાં ગ્રાહક થનારને પુસ્તકો આખા વર્ષનાંજ અપાઇ લવાજમ પણ પૂરું વર્ષનુંજ લેવાય છે. ૨ વર્ષ પૂરું થતાં સુધીજ પોસ્ટેજ માફ હોઇ તે પછી જૂદું ચડે છે.૩-આ માળાનાં બંને વર્ગનાં પુસ્તકો મહિને મહિને નથી નીકળતાં, પણ મોટે ભાગે ૩૦૦થી ૫૦૦ પૃષ્ઠનાં પુસ્તકો નીકળે છે; અને તે તૈયાર થાય ત્યારે ત્યારે મોકલાતાં રહીને વર્ષ પૂરું થતા સુધીમાં બધાં પુસ્તક અપાઇ જાય છે. ૪-વર્ષે પ્રથમથી ખબરઆપીને દરેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને નવા વર્ષનું લવાજમ મંગાવાશે. ૫—માળા ઉપરાંતના જે નાનામોટા ગ્રંથો નીકળે છે, તેની ખબર માળાનાં પુસ્તકોમાં છપાઇ તરતમાં લેનારને ખાસ કિફાયતે અપાય છે.

આ માળાના આગલાં વર્ષોના હજી મળતા સેટ

સંવત ૧૯૭૬ નાં ત્રણ પુસ્તક-(કદ ૫×૬।।, પૃષ્ઠ ૧૫૦૦, રૂ. ૨।।) સ્વામી વિવેકાનંદ ભાગ ૬-૭ મો, ભાગ્યના સૃષ્ટાઓ, ટુંકી વાર્તાઓ ભાગ ૬ ઠ્ઠો.

સંવત ૧૯૭૯ નાં ત્રણ પુસ્તક-(કદ ૫×૬।।, પૃષ્ઠ ૧૫૦૦, રૂ. ૩।। પાકાં ૪।।) ટુંકી વાર્તાઓ ભાગ ૭ મો, કાઉન્ટ ટૉલ્સ્ટૉય, સ્વામી વિવેકાનંદનો રાજયોગ.

સંવત ૧૯૮૦ નાં ત્રણ પુસ્તક-(કદ ૫।।×૮, પૃષ્ઠ ૧૬૦૦, રૂ. ૪, પાકાં પૂંઠાં સાથે રૂ. ૫)--સ્વામી રામતીર્થ ભાગ ૧૦-૧૧-પૃષ્ઠ ૫૨૮, નેપોલિયન બોનાપાર્ટનું વિસ્તૃત ચરિત્ર પૃષ્ઠ ૮૪૦, ધર્મતત્ત્વ-પૃષ્ઠ ૨૪૮.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદમાં—ત્રણદરવાજા બહાર, નદીને રસ્તે, સેશનકોર્ટ પાસે.
મુંબઇમાં-કાલબાદેવીરોડ, હનુમાનગલીને નાકે, કાલબાદેવીના મંદીરસામે

સંતમહાત્માઓની બોધપ્રદ વાણી, તથા મહાન સ્ત્રીપુરુષોનાં
ઉત્તમ જીવનચરિત્ર સ્વલ્પ મૂલ્યે આપવાની યોજના

विविध ग्रंथमाळा-नवीन वर्ग

આ વર્ગમાં દરવર્ષે સંતમહાત્માઓ ઇ૦ની બોધપ્રદ વાણીનાં,
તથા ઉત્તમજીવન ચરિત્રનાં ૫×૯ ના કદનાં ૧૫૦૦ પૃષ્ઠનાં
પુસ્તકો માત્ર રૂ ૪)માં–અને પાકાં પૂંઠાં સાથે
રૂ. ૫) માં મળશે. પો૦ માફ.

આ વિભાગ સંવત ૧૯૮૧થી શરૂ થઇ તેનાદ્વારા નીચે જણાવેલાંમાંથી તેમજ બીજાં નક્કી થશે તે તે પુસ્તકો નીકળશે.

જીવનચરિત્રો:—સુપ્રસિદ્ધ સ્વામી ભાસ્કરાનંદસરસ્વતી, મહાન ગૌરાંગનું વિસ્તૃત ચરિત્ર, મુસલમાન મહાત્માઓનાં બોધપ્રદ વૃત્તાંત, જગપ્રસિદ્ધ ઉદારાત્મા કારનેગી.

સંત મહાત્માઓની વાણી:–આ વાણીનાં પુસ્તકોમાં નીચે જણાવેલા તેમજ બીજા અનેક સંત મહાત્માઓનાં ધોળ, ભજન, ગરબી, છપ્પા, મહિના, સાખીઓ, રેખતા, આખ્યાન વગેરે નીકળશે. જેમકે પ્રીતમ, ભોજો, ધીરો, નરસિંહ, મીરાંબાઇ, નીરાંત, બાપુ, નિષ્કુળાનંદ,રવીદાસ,ભાણદાસ,દયાળભક્ત, ઓપાગ, સુરીગો, મોરાર, લાલદાસ, નરહરિ, શામળ, ગિરધર, દયારામ, વગેરે. વળી આગળ જતાં દલપતરામ, કેશવ, કલાપિ, મણિલાલ, નાનાલાલ, કાન્ત, ભોળાનાથ, ખબરદાર, મૈથિલિશરણ, નૃસિંહાચાર્ય, ઇ૦ વર્તમાન કવિયુગના હિન્દી તથા ગુજરાતી કવિઓની કવિતાઓ પણ ચુટી કહાડીને અપાશે. અખાની વાણી તો નીકળી ઉચ.

वंने वर्गमां ग्राहक थवाथी खास लाभ

જેઓ વિવિધ ગ્રંથમાળાના ચાલુ વિભાગમાં ગ્રાહક હોવા
(અથવા થવા) ઉપરાંત નવીન વિભાગમાં પણ ગ્રાહક
થશે, તેમની પાસેથી રૂ. ૧) કમી એટલે કે રૂ.૮ ને
બદલે ૭ અને પાકાં પૂંઠાં સાથે ૧૦ ને
બદલે ૯ લેવાશે. પો. જ્ઞ૪.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ અને મુંબઇ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફના

ઉત્તમ અને સસ્તા ગ્રંથો

અતિ ઉત્તમ ધાર્મિક ગ્રંથો

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદઈંચ	મૂલ્ય	પોસ્ટેજ
ગિરધરકૃત શુદ્ધ રામાયણ	૭૫૦...	પાાા×૯	...રાા	...ાા
ધર્મતત્ત્વ-બંકિમચરિત્ર સાથે... ...	૨૫૯...	પાાા×૮	...ાા	...૦)॥
અખાની વાણી...	૫૦૦...	૫×૮	...૧ાા	...૦।॥
શ્રીવાલ્મિકી રામાયણ-મોટા બે ભાગમાં...	૧૪૦૦...	૬ાાા×૧૦	...૬)	...૧।॥
મહાભારતનાં આદિ અને સભાપર્વ ...	૬૦૦...	,,	...૨)	...ાા॥
શ્રીદાસબોધ—નવી આવૃત્તિ...	૬૨૦...	પાા×૮	...રાા	...૦।॥
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા-નવી આવૃત્તિ...	૭૦૦...	પાા×૮ાાા	...રાાા	...ાા
શ્રીમદ્‌ભાગવત—ઉત્તમ ભાષાંતર	૭૦૦...	૮×૧૧	...૫)	...૧)
શ્રીરામકૃષ્ણકથામૃત-બંને ભાગ ભેગા......	૬૫૦...	પાા×૮	...રાા	...૦।॥
સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો. ભા ૧થી ૫...	૫૦૦...	પાા×૮	...૨)	...૦।॥
,, ,, ગ્રંથ ૨ જો ભા. ૬ થી ૯...	નવી આવૃત્તિ સત્વર પ્રસિદ્ધ થશે.			
,, ,, ગ્રંથ ૩ જો ભા. ૧૦-૧૧...	૫૦૦...	પાા×૮	...૨)	...૦।॥
,, ,, ગ્રંથ ૪ થો. ભા. ૧૨–૧૪	થોડા માસ પછી છપાશે.			
,, ,,		,,	...૨ા	...૦।॥
સ્વામી વિવેકાનંદ ગ્રંથ૧લો.ભા. ૧–૨–૩...	૫૭૫...	,,	...૨ા	...૦।॥
,, ,, ગ્રંથ ૨ જો ભા. ૪–૫ ...	૬૦૦...	,,	...૨ા	...૦।॥
,, ,, ભાગ ૬–૭–૮ નોખા નોખા	૧૦૦૦...	૫×૬ાાા	...૩	...૦।॥
,, ,, ભાગ ૯ મો—સંપૂર્ણચરિત્ર ...	૧૯૪૦...	,,	...૩ાા	...૦।॥
,, ,, ભાગ ૧૦ મો રાજયોગ.....	૩૦૦...	,,	...૧ાા	...૦
શ્રીભજનસાગર—નવી આવૃત્તિ......	૨૦૦...	૫×૮	...ાા॥	...

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

	૫૮૪...	૫×૬ાાા	...૧	
આગળ ધસો...	૭૬૦...	,,	...૨	
ભાવના મૂર્તિઓ...	૫૫૨...	,,	...	
સુખ સામર્થ્ય અને સમૃદ્ધિ...	૨૧૬...	,,		
પ્રભુમય જીવન...	...			
બંકિમનિબંધમાળા—ધર્મતત્ત્વ તથા ચરિત્ર સાથે	૬૦૦...	૫ાા×૮		

વૈદક સંબંધી ઉપયોગી પુસ્તકો

આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ......	૧૦૦૦...	૫ાા×૮		
આરોગ્યવિષે સામાન્યજ્ઞાન—ગાંધીજીકૃત ...	૧૫૦...	૫×		

હવે પછી બહાર પડનારા ગ્રંથો

નીચલામાંના ઘણાખરા ગ્રંથો ચાલુ તેમજ આવતા—૧૯૮૨ના વર્ષમાં [illegible] ગ્રંથમાળાદ્વારા તેમજ છુટા નીકળશે અને તરતમાં લેનારને કિફાયતે મળશે.

રામતીર્થ—ભાગ ૧૨ થી ૧૪.
મહાન અકબર.
પશ્ચિમના સ્વર્ગનાં પુસ્તકો.
દુઃખી વાર્તાના નહિ મળતા ભાગો.
ભારતના સંતપુરૂષો.
શ્રીગૌરાંગ મહાપ્રભુનું મોટું ચરિત્ર.
સંતવાણીસંગ્રહ—અનેક ભાગોમાં.
તુલસીકૃત રામાયણ—મૂળ તથા ટીકા
રાજસ્થાનનો ઇતિહાસ—બંને ભાગ
યોગવાસિષ્ઠ બંને ભાગ—નવી આવૃત્તિ
ભગવતી ભાગવત—નવી આવૃત્તિ.
મહાભારતનાં અઢારે પર્વ.

સંપૂર્ણ મહાભારત

આ ગ્રંથ કઢાવવાની યોજના અગાઉ આ સંસ્થાએ પડતી મૂકેલી. તે [illegible] નવેસરથી શરૂ કરવાની તૈયારી ચાલે છે. ઈશ્વરેચ્છા તો આવતા વર્ષમાં તેની [illegible] [illegible] આખો ગ્રંથ રૂ. [illegible] મ. [illegible] પડી [illegible] કરાવને [illegible] સુધી એકાદ વરસમાંજ [illegible]

પુસ્તકો મંગાવનારને ખાસ સૂચના

૧—પોસ્ટેજ ઉપરાંત રજીસ્ટર તથા વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦ સુધીનું [illegible] [illegible] અમદાવાદથી મંગાવવું [illegible] [illegible] લાગે છે. ૨—મુંબઈમાં પણ [illegible] [illegible] ૩—મ [illegible] [illegible] [illegible] [illegible] અમદાવાદથી મંગાવનારે અમદાવાદજ લખવું. ૪—રૂ. ૧) [illegible] [illegible] પુસ્તક ન આવે તે [illegible] સમજવું. ૫—[illegible] [illegible] વી. પી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

[illegible]